| (२९-३१) | तत्त्वज्ञानमेव मुक्तिकारणं न कर्म इति मतं तत्खण्डनञ्च । | १११ |
| (३२-३३) | कर्म आरादुपकारकम्, ज्ञानं सन्निपत्योपकारकम् । इति केचित्तुकारमतं तत्खण्डनञ्च । | ११४ |
| (३४-३५) | मुक्तौ कर्मणः स्वतन्त्रकारणता इत्याशङ्का तत्समाधानञ्च । | ११६ |
| (३६-३७) | स्वमतेन तत्त्वज्ञानस्य कारणताव्यवस्थापनम् । | ११७ |
| (३८-३९) | तत्त्वज्ञानात्कर्मक्षयो भोगाद्वा इत्याशङ्कायां नाभुक्तं क्षीयते कर्म इति समर्थनम् । | ११९ |
| (४०-४२) | श्रुतेरर्थघटनम्, अत्रैव यत्तुकारमतम्, तन्मीमांसा च । | १२० |
| (४३) | ज्ञानस्य कर्मनाशकत्वमिति स्वमतोपस्थापनम् । | १२१ |
| ३. | मुक्तिवादः (न्यायालोकगतः) — उपा.श्रीयशोवि. गणिवर — अनुवादः श्रीयशोवि. गणिवर | १२५-१६६ |
| (१) | मङ्गलाचरणम् । | १२६ |
| (२) | नैयायिकाभिमतमुक्तिलक्षणम् । | १२८ |

| | | |
|---|---|---|
| ( ३ ) | मुक्तौ अनुमानप्रमाणम् । | १३०-१३४ |
| ( ४-५ ) | संसारित्वेन मोक्षकारणता इति मतं तत्खण्डनं च । | १३४ |
| ( ६ ) | विशिष्टदुःखसाधनध्वंसो मुक्तिः इति मतं तन्निराकरणं च । | १३५ |
| ( ७ ) | प्रभाकरमतनिराकरणम् । | १३६ |
| ( ८ ) | 'दुःखात्यन्ताभावो मुक्तिः' इति मतनिराकरणम् । | १३७ |
| ( ९ ) | 'दुःखध्वंसस्तोमो मुक्तिः' इति मतनिराकरणम् । | १३७ |
| ( १० ) | त्रिदण्डिमतनिराकरणम् । | १३८ |
| ( ११ ) | विज्ञानवादिमतनिराकरणम् । | १४० |
| ( १२ ) | 'स्वातन्त्र्यं मुक्तिः' इति मतनिराकरणम् । | १४० |
| ( १३ ) | साङ्ख्यमतनिराकरणम् । | १४१ |
| ( १४ ) | बौद्धमतनिराकरणम् । | १४२ |
| ( १५ ) | चार्वाकमतनिराकरणम् । | १४२ |
| ( १६ ) | मीमांसकमतनिराकरणम् । | १४९ |
| ( १७ ) | जैनमतस्थापनम् । | १५० |
| ( १८ ) | परमानन्दरूपा मुक्तिः । | १५२ |
| ( १९ ) | कस्यचिद् विदुषो मतं तन्निराकरणं च । | १५४ |
| ( २० ) | दुःखाभावस्य पुरुषार्थत्वविषये नैयायिकमतखण्डनम् । | १५५ |
| ( २१-२२ ) | तत्त्वचिन्तामणिकारमतनिराकरणम् । | १५५ |
| ( २३ ) | शरीरं विनापि मुक्तौ सुखसिद्धिः । | १५७ |
| ( २४-२५ ) | नैयायिकमतसमीक्षा । | १६२ |
| ( २६ ) | ऋजुसूत्रनयाभिमता मुक्तिः । | १६३ |
| ( २७ ) | सङ्ग्रहनयाभिमता मुक्तिः । | १६५ |
| ४. | मुक्तिद्वात्रिंशिका — उपा.श्रीयशोवि. गणिवर<br>— अनुवादः पू.आ.श्रीवि.चन्द्रगुप्तसू.म. | १६७-१९९ |
| ( १-३ ) | आत्यंतिकदुःखध्वसो मुक्तिः इति नैयायिकमतम् । | १६९ |
| ( ३-७ ) | नैयायिकमतखण्डनम् । | १७५ |
| ( ८ ) | त्रिदण्डिमतं तत्खण्डनञ्च । | १८१ |
| ( ९-१० ) | बौद्धमतं तत्खण्डनञ्च । | १८१ |
| ( ११ ) | स्वातन्त्र्यं मुक्तिरिति केषाञ्चिन्मतं तत्खण्डनञ्च । | १८३ |
| ( १२ ) | साङ्ख्यमतखण्डनम् । | १८४ |
| ( १३ ) | बौद्धविशेषमतं तत्खण्डनञ्च । | १८४ |
| ( १४ ) | चार्वाकमतं तत्खण्डनञ्च । | १८५ |
| ( १५-१६ ) | तौतातितमतं तत्खण्डनञ्च । | १८६ |
| ( १७ ) | वेदान्तिमतं तत्खण्डनञ्च । | १८७ |

| | | |
|---|---|---|
| ( १८ ) | स्याद्वादिजैनमतम् । | १८८ |
| ( १९ ) | मुक्तौ नयाभिव्यक्तिः । | |
| | सङ्ग्रहनयाभिमता पर्यायार्थिनयाभिमता च मुक्तिः । | १८८ |
| ( २० ) | व्यवहारनयाभिमता मुक्तिः । | १८९ |
| ( २१-२३ ) | दुःखसाधनध्वंसस्यापुरुषार्थत्वमिति शङ्का तत्समाधानञ्च । | १९० |
| ( २४-२८ ) | पुरुषार्थत्वे तज्ज्ञानमप्रयोजकमिति तत्त्वचिन्तामणिकारमतखण्डनम् । | १९३ |
| ( २९-३१ ) | मुक्तौ सुखस्य समर्थनम् । | १९६ |
| ( ३२ ) | उपसंहारः । | १९८ |
| ५. | प्राचीन-नवीनमुक्तिवादसङ्क्षेपः । — अनु. मुनिवैराग्यरतिविजयः | २००-२०७ |
| ( १ ) | सालोक्यादिपञ्चविधमुक्तिः । | २०० |
| ( २ ) | प्राचीननैयायिकानां मुक्तिः । | २०० |
| ( ३ ) | नवीनन्यायमतमुक्तितत्त्वम् । | २०२ |
| ( ४ ) | वेदान्तिमतमुक्तिः । | २०३ |
| ( ५ ) | त्रिदण्डिमतमुक्तिः । | २०४ |
| ( ६ ) | प्राभाकरमतमुक्तिः । | २०४ |
| ( ७ ) | चार्वाकमुक्तिः । | २०६ |
| ( ८ ) | माध्यमिकमुक्तिः । | २०६ |
| ( ९ ) | विज्ञानवादमुक्तिः । | २०६ |
| ( १० ) | आर्हत्-मुक्तिः । | २०६ |
| ( ११ ) | रामानुजमुक्तिस्वरूपम् । | २०६ |
| ( १२ ) | माध्वमुक्तिः । | २०६ |
| ( १३ ) | वल्लभीया मुक्तिः । | २०६ |
| ( १४ ) | कापालिकमुक्तिः । | २०७ |
| ( १५ ) | अभिनवगुप्ताचार्यमता मुक्तिः । | २०७ |
| ( १६ ) | वैद्यकाभिमतमुक्तिः । | २०७ |
| ( १७ ) | वैयाकरणमुक्तिः । | २०७ |
| ( १८ ) | साङ्ख्यमुक्तिः । | २०७ |
| ( १९ ) | पातञ्जलमुक्तिः । | २०७ |

| | |
|---|---|
| परिशिष्टाणि । | २०९-२५० |
| प्रथमम् - महो० गदाधरभट्टाचार्यकृतमुक्तिवादस्य चन्द्रिका टीका ( कर्ता-ढुण्ढिराज शास्त्री ) | २०९ |
| द्वितीयम् - पारिभाषिकशब्दकोशः | २३८ |
| तृतीयम् - सन्दर्भग्रन्थसूची | २५४ |

# मुक्तिवादः

कर्ता : गदाधरभट्टाचार्यः
अनुवादः मुनिवैराग्यरतिवि.

॥ गदाधरभट्टाचार्यकृतः ॥

# मुक्तिवादः

**( १ ) प्रयोजनमुद्दिश्यैव पुमांसस्तदुपाये प्रवर्त्तन्ते, अतः शास्त्रस्य प्रयोजनं प्रथमतः प्रदर्शयन्ति शास्त्रकृतः ।**

---

**(૧) શબ્દાર્થ :** પુરુષો પ્રયોજનને ઉદ્દેશીને જ તેના ઉપાયમાં પ્રવૃત્તિ કરે છે. તેથી શાસ્ત્રકારો પહેલાં જ શાસ્ત્રનું પ્રયોજન દર્શાવે છે.

---

**(૧) વિવરણ :** શાસ્ત્રની રચના કરનારા મુનિઓ શાસ્ત્રની શરૂઆતમાં 'શાસ્ત્રનું પરમ પ્રયોજન મુક્તિ છે' તે દર્શાવે છે. દરેક શાસ્ત્રકારો મંગલ ઉપરાંત અનુબંધ ચતુષ્ટયનું નિરૂપણ કરે છે. વિષય, અધિકારી, સંબંધ અને પ્રયોજન આ ચાર અનુબંધ છે. તેના જ્ઞાનથી શાસ્ત્રમાં શ્રોતાની પ્રવૃત્તિ થાય છે. ન્યાયમતે ઈષ્ટસાધનતાનું જ્ઞાન ('इदं मदिष्टसाधनम्') અને કૃતિસાધ્યતાનું જ્ઞાન (इदं मत्कृतिसाध्यम्) પ્રવૃત્તિનું કારણ છે. અનુબંધનું જ્ઞાન ઈષ્ટસાધનતા અને કૃતિસાધ્યતાનું જ્ઞાન કરાવીને શ્રોતાને શાસ્ત્રમાં પ્રવૃત્ત કરે છે. પ્રયોજન રૂપ અનુબંધ ઈષ્ટસાધનતા જ્ઞાનનો હેતુ છે. પ્રયોજન એટલે ઈષ્ટ. ઈષ્ટને ઉદ્દેશીને જ તેના ઉપાયમાં પ્રવૃત્તિ કરવાનો મનુષ્યનો સ્વભાવ છે. પ્રસ્તુત શાસ્ત્ર પોતાના ઈષ્ટને સિદ્ધ કરવાનો ઉપાય છે એવું જ્ઞાન થવાથી શ્રોતાને શાસ્ત્રમાં રુચિ ઉત્પન્ન થાય છે. માટે જ શાસ્ત્રકારો શાસ્ત્રની શરૂઆતમાં પ્રયોજન દર્શાવે છે. પ્રયોજન બે પ્રકારના હોય છે. અનંતર પ્રયોજન અને પરંપર પ્રયોજન. અનંતર એટલે તાત્કાલિક પ્રયોજન-શાસ્ત્રનું જ્ઞાન છે. પરંપર પ્રયોજન મુક્તિ છે. શાસ્ત્રથી તત્ત્વજ્ઞાન થાય છે. અને તત્ત્વજ્ઞાન મુક્તિનું કારણ છે. શાસ્ત્રના પરમ પ્રયોજન રૂપ મુક્તિનું સ્વરૂપ શું છે ? તે વિષે ન્યાયદર્શનનો મત સ્પષ્ટ કરવા ગદાધરે મુક્તિવાદની રચના કરી છે. શાસ્ત્ર રચનાના મુખ્ય પ્રયોજન તરીકે મુક્તિનો વિચાર મુક્તિવાદનું પ્રધાન વિષયવસ્તુ છે.

સાધારણતઃ પ્રયોજન બે પ્રકારના છે. મુખ્ય પ્રયોજન અને ગૌણ પ્રયોજન. ન્યાયમતે પ્રવૃત્તિનું કારણ ઈચ્છા છે. આ ઈચ્છાનો વિષય બે બાબત બને છે. ફળ અને સાધન અથવા ઉપાય. ઉપાયની ઈચ્છા પ્રત્યે ફળની ઈચ્છા કારણ છે. તૃષાશાંતિને ઉદ્દેશીને જ જલની ઈચ્છા થાય છે. ફળ, ઈચ્છાનો મુખ્ય વિષય છે માટે મુખ્ય પ્રયોજન કહેવાય છે. ઉપાય, ફળની ઈચ્છાને આધીન હોવાથી ગૌણ છે માટે ગૌણ પ્રયોજન કહેવાય છે. ફળની ઈચ્છા સ્વતંત્ર હોય છે. ઉપાયની ઈચ્છા ફળની ઈચ્છાને પરતંત્ર હોય છે.

શાસ્ત્રરચનાનું મુખ્ય પ્રયોજન મુક્તિ છે. મુખ્ય પ્રયોજન કોને કહેવાય ? આ પ્રશ્નનું સમાધાન કરતા ગ્રંથકાર મુક્તિમાં મુખ્ય પ્રયોજનની યથાર્થ વ્યાખ્યા સંગત કરી બતાવે છે. तत्र ઈત્યાદિ દ્વારા.

**(२) तत्र स्वतःप्रयोजनं सुखं तद्भोगो सुखज्ञानं दुःखाभावश्च । तत्त्वञ्चाऽन्येच्छानधीनेच्छाविषयत्वम्, न तु प्रयोजनान्तराजनकत्वे सति प्रयोजनत्वम्, सुखसाक्षात्काररूपभोगं प्रति विषयतया जनके सुखेऽव्याप्तेः । गौणप्रयोजनञ्चान्येच्छा-**

---

(૨) **શબ્દાર્થ :–**બે પ્રકારના પ્રયોજનમાં સુખ, સુખનો ભોગ એટલે સાક્ષાત્કાર અને દુઃખાભાવને સ્વતઃ પ્રયોજન કહેવાય છે. અન્ય ઈચ્છાને આધીન ન હોય તેવી ઈચ્છાનો વિષય બને તે સ્વતઃ પ્રયોજન કહેવાય. 'જે બીજા પ્રયોજનનું કારણ ન બને અને સ્વયંપ્રયોજનરૂપ હોય તેને સ્વતઃ-પ્રયોજન કહેવાય' આ વ્યાખ્યા ખોટી છે. કારણ કે તે વ્યાખ્યા મુજબ સુખના સાક્ષાત્કારરૂપ ભોગના વિષયરૂપે જનક બનતા સુખમાં અવ્યાપ્તિ થાય છે.

અન્ય ઈચ્છાને આધીન એવી ઈચ્છાના વિષય બનતા ભોજનાદિ ગૌણ પ્રયોજન છે. કારણ કે ભોજનાદિમાં સુખાદિ રૂપ ફળનું અનુસંધાન થયા પછી જ ઈચ્છા થાય છે.

---

(૨) **વિવરણ :–**અન્ય ઈચ્છાને આધીન ન હોય તેવી ઈચ્છાનો વિષય બનતો પદાર્થ સ્વતઃ પ્રયોજન હોય છે. ફળની ઈચ્છા, ઉપાયની ઈચ્છાને આધીન હોતી નથી. ઉપાયની ઈચ્છા ફળની ઈચ્છાને આધીન હોય છે. તૃષાશાંતિની ઈચ્છા જલની ઈચ્છાને આધીન નથી. જલની ઈચ્છા તૃષાશાંતિની ઈચ્છાને આધીન છે. આથી ફળની ઈચ્છા સ્વતંત્ર હોવાથી સ્વતઃ પ્રયોજન છે. આમ, 'अन्येच्छानधीनेच्छाविषयत्वम्' સ્વતઃ પ્રયોજનનું લક્ષણ છે. તેનાં લક્ષ્ય ત્રણ છે. સુખ, સુખનો ભોગ અને દુઃખાભાવ. સુખની ઈચ્છા અન્યની ઈચ્છાને આધીન નથી. તે જ રીતે સુખના જ્ઞાનની ઈચ્છા પણ અન્ય ઈચ્છા (ઉપાયેચ્છા)ને આધીન નથી. તે જ પ્રમાણે દુઃખાભાવની ઈચ્છા પણ અન્ય ઈચ્છાને આધીન નથી માટે આ ત્રણે સ્વતઃ પ્રયોજન છે.

'अन्येच्छानधीनेच्छाविषयत्वम्' આ જ સ્વતઃ પ્રયોજનનું સાચું લક્ષણ છે. 'प्रयोजनान्तराजनकत्वे सति प्रयोजनत्वम्' આ સ્વતઃ પ્રયોજનનું નિર્દુષ્ટ લક્ષણ નથી. આ લક્ષણ પ્રમાણે જે પ્રયોજન બીજા પ્રયોજનનું કારણ ન બને તેને સ્વતઃ પ્રયોજન કહેવાય. તૃષાશાંતિ રૂપ પ્રયોજન બીજા પ્રયોજનનું કારણ નથી માટે સ્વતઃ પ્રયોજન છે. જલ રૂપ પ્રયોજન તૃષાશાંતિરૂપ અન્ય પ્રયોજનનું કારણ છે માટે ગૌણ પ્રયોજન છે. 'ઉપાયની ઈચ્છા ફળની ઈચ્છાની જનિકા હોય છે. ફળની ઈચ્છા અન્ય ઈચ્છાની જનિકા નથી' આ સિદ્ધાંત ઉપરોક્ત લક્ષણનું મૂળ છે.

અન્યત્ર આ લક્ષણ સંગત થતું હોય તો પણ સુખરૂપ લક્ષ્યમાં તેની સંગતિ થતી નથી માટે આ લક્ષણ અવ્યાપ્તિ દોષથી દુષ્ટ છે. સુખનો ભોગ એટલે સુખનો સાક્ષાત્કાર. સાક્ષાત્કાર પ્રત્યક્ષ જ્ઞાન સ્વરૂપ છે. 'પ્રત્યક્ષની પ્રત્યે વિષય કારણ છે' આ નિયમના આધારે સુખના સાક્ષાત્કાર પ્રત્યે સુખ કારણ છે. અભિપ્રેત લક્ષણ મુજબ સુખ જો પ્રયોજનાંતરનું જનક ન હોય તો જ સ્વતઃ પ્રયોજન બને. પ્રસ્તુત સ્થળે સુખ, સુખભોગરૂપ સાક્ષાત્કારનું વિષયરૂપે જનક છે માટે સ્વતઃ પ્રયોજન બનશે નહીં. આ રીતે સુખમાં અવ્યાપ્ત હોવાથી આ લક્ષણ દુષ્ટ છે. આ અવ્યાપ્તિ નવ્યમત અનુસાર દર્શાવવામાં આવી છે. પ્રાચીન મત મુજબ સુખસાક્ષાત્કાર પ્રયોજન નથી. તેથી વિષયતયા તજ્જનકત્વેન અવ્યાપ્તિ પણ નથી. તત્ત્વચિંતામણિગત મુક્તિવાદમાં આ વાત સ્પષ્ટ કરવામાં આવી છે.

અન્ય ઈચ્છાને આધીન એવી ઈચ્છાના વિષયને ગૌણપ્રયોજન કહેવાય છે. ઉપાયની ઈચ્છા ફળની ઈચ્છાને આધીન છે માટે ગૌણ પ્રયોજન કહેવાય. ભોજનની ઈચ્છા ક્ષુધાશાંતિની ઈચ્છાને આધીન છે માટે

**धीनेच्छाविषयो भोजनादिः, तत्र सुखादिरूपफलानुसन्धानादेवेच्छोत्पत्तेः । दुःखासम्भिन्नसुखरूपतया स्वर्गस्येवाऽऽन्वीक्षिक्यादिशास्त्रफलस्याप्यपवर्गस्यात्यन्तिकदुःखनिवृत्तिरूपस्य स्वत एव प्रयोजनत्वम् ।**

**( ३ ) मुक्तौ प्रमाणन्तु-दुःखत्वं देवदत्तदुःखत्वं वा स्वाश्रयाऽसमानकालीनध्वंसप्रतियोगिवृत्ति कार्यमात्रवृत्तित्वात् सन्ततित्वाद्वा एतत्प्रदीपत्ववत् । सन्ततित्वं च**

---

જેમ દુઃખના મિશ્રણ વિનાનાં સુખરૂપ સ્વર્ગને યાગનું મુખ્ય પ્રયોજન કહેવાય છે. તેમ આત્યંતિક દુઃખનિવૃત્તિરૂપ અપવર્ગ—જે આન્વીક્ષિકી વગેરે શાસ્ત્રનું ફળ છે—પણ સ્વતઃ પ્રયોજન જ કહેવાય છે.

(૩) **શબ્દાર્થ :**—મુક્તિમાં પ્રમાણ આ છે કે—દુઃખત્વ અથવા દેવદત્તદુઃખત્વ (વ્યક્તિવિશેષના દુઃખમાં રહેનારું દુઃખત્વ) પોતાના આશ્રય એવા દુઃખના અસમાનકાલીન ધ્વંસના પ્રતિયોગિમાં વૃત્તિ છે. કારણ કે દુઃખત્વ માત્ર કાર્યમાં જ રહે છે, અથવા તો દુઃખ સંતતિરૂપ છે

---

ગૌણ પ્રયોજન કહેવાય. ક્ષુધાશાંતિ કે તૃપ્તિ સુખ છે. સુખના અનુસંધાનથી જ ભોજનાદિ ઉપાયમાં ઇચ્છા ઉત્પન્ન થાય છે. આમ ભોજનની ઇચ્છા ગૌણ છે.

શાસ્ત્રનું પરમ પ્રયોજન મુક્તિ છે. તેની ઇચ્છા સ્વતંત્ર છે. માટે તે સ્વતઃ પ્રયોજન છે. ત્રણ પ્રકારના પ્રયોજનમાં તે દુઃખાભાવ રૂપ તૃતીય પ્રયોજન સ્વરૂપ છે. યાગનું ફળ સ્વર્ગ છે. સ્વર્ગ સ્વતઃ પ્રયોજન છે. યાગ ગૌણ પ્રયોજન છે.

**यन्न दुःखेन सम्भिन्नं न च ग्रस्तमनन्तरम् ।**
**अभिलाषोपनीतं च तत्सुखं स्वःपदास्पदम् ॥**

આ શ્લોક દ્વારા સ્વર્ગના ત્રણ લક્ષણ જણાવ્યા છે. જે સુખ દુઃખમિશ્રિત નથી (જે સુખ પછી દુઃખ નથી આવતું તેવું સુખ) તે સ્વર્ગ કહેવાય છે. જે આવ્યા પછી તરત નાશ પામતું નથી તે સ્વર્ગ કહેવાય છે. જેને અભિલાષા દ્વારા પ્રાપ્ત કરી શકાય તે સ્વર્ગ કહેવાય છે. આમ સ્વર્ગ વિશિષ્ટ સુખરૂપ હોવાથી સ્વતઃ પ્રયોજન છે. તેમ મુક્તિ પણ વિશિષ્ટ દુઃખાભાવ રૂપ હોવાથી સ્વતઃ પ્રયોજન છે. આત્યંતિકી દુઃખનિવૃત્તિ મુક્તિનું લક્ષણ આગળ દર્શાવવામાં આવશે. આન્વીક્ષિકી (=ન્યાયશાસ્ત્ર)વગેરે દ્વારા ઉત્પન્ન થતું તત્ત્વજ્ઞાન તેનું કારણ છે. આમ મુક્તિ સ્વતઃ પ્રયોજન છે અને તત્ત્વજ્ઞાન ગૌણ પ્રયોજન છે.

આત્યંતિક દુઃખાભાવ રૂપ મુક્તિ પ્રમાણસિદ્ધ નથી માટે પ્રયોજન કેવી રીતે બની શકે ? આ પ્રશ્નના ઉત્તરમાં મુક્તિનું સાધક પ્રમાણ દર્શાવે છે—मुक्तौ प्रमाणं तु ઇત્યાદિ દ્વારા

(૩) **વિવરણ :**—સંસારી આત્માઓને મુક્તિ પ્રત્યક્ષસિદ્ધ નથી તેથી મુક્તિની સિદ્ધિ માટે પ્રત્યક્ષ સિવાયનું પ્રમાણ દર્શાવવું જરૂરી છે. જો કે શ્રુતિમાં મુક્તિનું પ્રતિપાદન કર્યું છે. છતાં જે શ્રુતિને પ્રમાણ નથી માનતા તેમને પણ મુક્તિમાં પ્રમાણ દર્શાવવું જોઈએ. આથી અનુમાન પ્રમાણ દ્વારા મુક્તિમાં પ્રમાણ દર્શાવે છે. ગંગેશ ઉપાધ્યાયે તત્ત્વચિંતામણિમાં રજૂ કરેલ અનુમાનને જ ગદાધરે અહીં ઉદ્ધૃત કર્યું છે. આ અનુમાનનો આકાર આ પ્રમાણે થશે.

**नानाकालीनकार्यमात्रवृत्तित्वम् । ''आत्मा ज्ञातव्यो न स पुनरावर्तत'' इति श्रुतिश्च प्रमाणम् । आवर्तते शरीरीभवति इत्यर्थः ।**

---

માટે. ઉદાહરણ છે—કોઈ એક પ્રદીપ. સંતતિનો અર્થ છે—અનેક કાલમાં રહેતા કાર્યમાં જ રહેવું. 'आत्मा ज्ञातव्यो न स पुनरावर्तते' આ શ્રુતિ પણ મુક્તિમાં પ્રમાણ છે. आवर्ततेનો અર્થ છે—શરીરી થાય છે.

---

| | |
|---|---|
| दुःखत्वं | स्वाश्रयासमानकालीनध्वंसप्रतियोगिवृत्ति, कार्यमात्रवृत्तित्वात्, एतत्प्रदीपत्ववत् । |
| दुःखत्वं | स्वाश्रयासमानकालीनध्वंसप्रतियोगिवृत्ति, सन्ततित्वात्, एतत्प्रदीपत्ववत् । |
| देवदत्तदुःखत्वं | स्वाश्रयासमानकालीनध्वंसप्रतियोगिवृत्ति, कार्यमात्रवृत्तित्वात्, एतत्प्रदीपत्ववत् । |
| देवदत्तदुःखत्वं | स्वाश्रयासमानकालीनध्वंसप्रतियोगिवृत्ति सन्ततित्वात्, एतत्प्रदीपत्ववत् । |

બે પક્ષ અને બે હેતુને કારણે ચાર અનુમાન થાય છે.

દુઃખની આત્યન્તિકી નિવૃત્તિ મોક્ષ છે. સંસારી દશામાં યત્કિંચિત્ દુઃખની નિવૃત્તિ છે જ. ભોગ-પ્રાયશ્ચિત્તાદિ દ્વારા કેટલાક દુઃખોની નિવૃત્તિ દેખાય છે. આ દશામાં તમામ દુઃખોની નિવૃત્તિ નથી. સંસારદશામાં કેટલાક દુઃખોની નિવૃત્તિ થાય છે. બહુતર દુઃખો શેષ રહે છે. એટલે આ નિવૃત્તિ દુઃખ સમાનકાલીન છે. અર્થાત્ જે ક્ષણે દુઃખધ્વંસ થાય છે તે ક્ષણે અન્ય દુઃખોનું અસ્તિત્વ હોય છે. આમ તે દુઃખો પણ દુઃખધ્વંસ સમકાલીન છે. ઉદાહરણ તરીકે પ્રાયશ્ચિત્ત દ્વારા માનસિક દુઃખનો ધ્વંસ થયો તે સમયે શિરોવેદના રૂપ શારીરિક દુઃખ છે. માનસિક દુઃખધ્વંસ અને શિરોવેદના રૂપ દુઃખ સમાનકાલીન છે. માનસિકદુઃખનો ધ્વંસ જે આત્મામાં થયો તે જ આત્મામાં શિરોવેદના રૂપ દુઃખ છે. માટે બન્ને સમાનાધિકરણ પણ છે. (શિરોવેદના રૂપ દુઃખનો સમાનાધિકરણ સમાનકાલીન ધ્વંસ માનસિકદુઃખધ્વંસ છે. તેનો પ્રતિયોગી માનસિક દુઃખ છે) મુક્તિમાં આત્યંતિક દુઃખધ્વંસ હોય છે. તેનો અર્થ એ કે—તે દુઃખધ્વંસના સમયે બીજું કોઈ દુઃખ હોતું નથી. મુક્તિની ક્ષણે થતો દુઃખધ્વંસ દુઃખોનો અસમાનકાલીન છે. અર્થાત્ ચરમ દુઃખધ્વંસ દુઃખઅસમાનકાલીન હોવાથી આત્યંતિક છે માટે તે જ મુક્તિ છે.

પ્રદર્શિત અનુમાનમાં દુઃખત્વને પક્ષ બનાવી આવા દુઃખધ્વંસને સાધ્ય રૂપે સ્થાપિત કરવામાં આવ્યો છે. સ્વ એટલે દુઃખત્વ, તેના આશ્રય બનતા દુઃખનો અસમાનકાલીન ધ્વંસ ચરમદુઃખનો ધ્વંસ છે. તેનો પ્રતિયોગી ચરમદુઃખ છે તેમાં દુઃખત્વ રહે છે. આમ દુઃખત્વ સ્વાશ્રયાસમાનકાલીનધ્વંસપ્રતિયોગિવૃત્તિ છે. અહીં દુઃખત્વેન સકલ દુઃખોનો (સકલ આત્માના) ધ્વંસ થવાનો નથી માટે દુઃખત્વને સ્થાને દેવદત્તદુઃખત્વને પક્ષ તરીકે રજૂ કર્યું છે. પ્રસ્તુત સાધ્યની સિદ્ધિ માટે હેતુ છે—कार्यमात्रवृत्तित्व. તેનો અર્થ છે कार्येतरावृत्तित्वे सति कार्यवृत्तित्वम् દુઃખ માત્ર જન્ય છે અને જન્ય ભાવમાત્ર વિનાશી હોય છે તેથી ધ્વંસપ્રતિયોગી હોય છે. જે ધર્મ માત્ર કાર્ય બનતા પદાર્થોમાં જ રહેતો હોય તે ધર્મ પોતાના આશ્રયના અસમાનકાલીન ધ્વંસના પ્રતિયોગીમાં વૃત્તિ હોય છે. ઉદાહરણ તરીકે પ્રદીપત્વ નામનો ધર્મ કાર્યભૂત પ્રદીપમાં રહે છે. અને તે પોતાના આશ્રય પ્રદીપના અસમાનકાલીન પ્રદીપધ્વંસના પ્રતિયોગીમાં વૃત્તિ છે. દીવાની જ્યોત જન્ય છે અને જ્યારે તે બુઝાય છે ત્યારે જ્યોત શેષ રહેતી નથી. આમ જ્યોત પોતાના અસમાનકાલીન જ્યોતના નાશની પ્રતિયોગી છે. આવી જ્યોતિમાં રહેતો एतत्प्रदीपत्व ધર્મ ઉદાહરણ તરીકે અભિપ્રેત છે.

**( ४ ) न चापवर्गस्योक्तरूपस्य सुखविरोधितया न पुरुषार्थत्वसम्भवः, सुखाभावनियतत्वेऽपि दुःखाभावत्वेनात्यन्तिकत्वाविशेषितेन च तद्विशेषितेन च तत्रेच्छोत्पत्तौ बाधकाभावेन प्रयोजनत्वोपपत्तेः । *न च* सुखाभावनियतत्वेन द्वेषसम्भवात् तत्र नेच्छासम्भव इति *वाच्यम्* । स्वतःप्रयोजनस्य द्वेषविषयत्वा-**

---

(૪) **શબ્દાર્થ :**—'દુઃખાભાવ રૂપ અપવર્ગ સુખવિરોધી છે તેથી પુરુષાર્થ બની શકે નહીં' આ વાત ખોટી છે. મોક્ષમાં સુખાભાવ નિયત હોવા છતાં દુઃખાભાવને લીધે વિષયક ઇચ્છા ઉત્પન્ન થવામાં બાધ નથી. તેથી આત્યંતિક વિશેષણથી વિશિષ્ટ દુઃખાભાવ રૂપે કે આત્યંતિક વિશેષણથી અવિશેષિત દુઃખાભાવરૂપે મુક્તિ વિષયક ઇચ્છા ઉત્પન્ન થવામાં કોઈ બાધક નથી. તેથી દુઃખાભાવ પ્રયોજન બની શકે છે.

---

કાર્યમાત્રવૃત્તિત્વ રૂપ હેતુ ઘટત્વ વગેરેમાં છે. ઘટત્વ રૂપ ધર્મમાં સાધ્યનો સંદેહ થઈ શકે છે. ઘટ અને ઘટધ્વંસ સમાનકાલીન છે કે નહીં ? આવો સંદેહ થઈ શકે છે. ચરમઘટનો ધ્વંસ સંદેહાસ્પદ છે. સાધ્યનો સંદેહ વ્યભિચાર સંદેહનું કારણ બને છે. વ્યભિચારનો સંદેહ હોય તો વ્યાપ્તિનું ગ્રહણ કેવી રીતે થઈ શકે ? આથી કાર્યમાત્રવૃત્તિત્વને બદલે સંતતિત્વને હેતુરૂપે ગ્રહણ કર્યું છે. જે કાર્યો સતત ચાલે છે તેને સંતતિ કહેવાય. જે ધર્મ સતત ચાલતા કાર્યોમાં જ રહેતો હોય તે ધર્મ પોતાના આશ્રયભૂત પદાર્થના અસમાનકાલીન એવા ધ્વંસના પ્રતિયોગીમાં વૃત્તિ હોય છે. ઘટત્વ ધર્મ સંતતિરૂપ કાર્યવૃત્તિ નથી તેથી તેને લઈને વ્યભિચાર સંદેહની આપત્તિ નથી. સંતતિરૂપ ધર્મ એતત્પ્રદીપત્વ વગેરે છે. તેમને લઈને વ્યાપ્તિનો ગ્રહ થઈ શકે છે. સંતતિરૂપ કાર્યો ક્યારેય ચિરકાલ સુધી ચાલતા નથી. તેમનો જો પૂર્ણપણે નાશ ન થાય તો ચિરકાલ સુધી તેમની ઉત્પત્તિ થયા જ કરે—આ તર્ક ઉપરોક્ત અનુમાનનો પ્રયોજક છે. જેમ પોતાના પ્રધાન કારણ દીવાના નાશથી જ્યોતનો અત્યંત નાશ થાય છે તેમ પોતાના (=દુઃખના) પ્રધાન કારણ વાસના વગેરેનો તત્ત્વજ્ઞાન દ્વારા નાશ થતા દુઃખનો પણ અત્યંત ઉચ્છેદ થાય છે.

અનુમાનની જેમ શ્રુતિ પણ મુક્તિમાં પ્રમાણ છે. 'आत्मा ज्ञातव्यः' અહીં ज्ञा ધાતુને વિધ્યર્થમાં तव्य પ્રત્યય થયો છે. વિધિ ઇષ્ટસાધનતાને જણાવે છે. આ વાક્યમાં જ 'न स पुनरावर्तते' આ શબ્દો દ્વારા શરીરના સંબંધનો આત્યંતિક અભાવ જણાય છે. વિધિબોધક તવ્ય પ્રત્યય દ્વારા તેનો જ ઇષ્ટ સાધન તરીકે બોધ થાય છે. આમ 'અત્યંત શરીર સંબંધાભાવરૂપ ઇષ્ટ-સાધનતા જ્ઞાનનો વિષય આત્મા છે' આવો આ શ્રુતિનો અર્થ થાય. તે અત્યંત દુઃખાભાવરૂપ મુક્તિમાં પ્રમાણ છે.

(૪) **વિવરણ :**—न च ઇત્યાદિ શંકાગ્રંથનો આ આશય છે—'ન્યાય મતે સુખ અને દુઃખ પરસ્પર વિરોધી પદાર્થ નથી. કારણ કે બન્ને પરસ્પર અભાવ રૂપ નથી. દુઃખ અને દુઃખાભાવ વચ્ચે વિરોધ છે. સુખ અને સુખાભાવ વચ્ચે વિરોધ છે. દુઃખાભાવરૂપ મુક્તિમાં દુઃખ નથી તેમ સુખ પણ નથી. આમ દુઃખ અને દુઃખાભાવ વિરુદ્ધ છે. અને દુઃખાભાવ અને સુખાભાવ સમકાલીન છે. તેથી દુઃખ સુખાભાવનું પણ વિરોધી રહેશે. દુઃખાભાવ સુખાભાવનો વ્યાપ્ય બનશે. આ રીતે દુઃખાભાવ દુઃખની જેમ સુખનો પણ વિરોધી બનશે. સુખના વિરોધનું જ્ઞાન પ્રવૃત્તિજનક ઇચ્છાનું પ્રતિબંધક છે તેથી સુખવિરોધી દુઃખાભાવરૂપ મુક્તિ, પુરુષની ઇચ્છાનો વિષય નહીં બને અર્થાત્ પુરુષાર્થ નહીં બને.' (સુખના વિરોધી પદાર્થમાં પ્રવૃત્તિ કરવાની ઇચ્છા થતી નથી. જેમ ગુરુજન સાથે સંભાષણ કામિનીસંભોગજન્ય સુખનું વિરોધી છે તેથી તે સુખના કાળમાં ગુરુજનસંભાષણમાં પ્રવૃત્તિ કરવાની ઇચ્છા થતી નથી તેમ અપવર્ગ સુખનો વિરોધી છે તેથી

**योग्यत्वात् । *ननु* धर्मादिनाशकतत्त्वज्ञानद्वारा सुखनिवृत्तिसाधकत्वेन मोक्षोपाये योगाभ्यासादौ द्वेषसम्भवाद्विशेषदर्शिनां प्रवृत्त्यनुपपत्तिरिति *चेत्* । सुखेषूत्कटरागवतां विषयिणां सुखाभावे उत्कटद्वेषोदयेन मोक्षोपाये न भवत्येव प्रवृत्तिः ।**

---

**શંકા :—**મુક્તિ સુખાભાવની નિયત (વ્યાપ્ય) છે. તેથી તેમાં દ્વેષ થવાથી (મુક્તિમાં) ઇચ્છાનો સંભવ નથી.

**સમાધાન :—**સ્વતઃ પ્રયોજન દ્વેષનો વિષય બનવા માટે (સ્વરૂપથી) અયોગ્ય છે.

---

તેમાં પણ ઇચ્છા થવી શક્ય નથી.) આ શંકાનું સમાધાન કરે છે કે—અપવર્ગ ભલે સુખાભાવ વ્યાપ્ય હોવાથી સુખ વિરોધી હોય પણ દુઃખાભાવરૂપે તેમાં ઇચ્છા થવામાં કોઈ બાધક નથી. સુખાભાવ અને દુઃખાભાવ સમનિયત છે, એક નથી. તેથી અપવર્ગમાં સુખાભાવની બુદ્ધિ થવા છતાં દુઃખાભાવત્વેન ઇચ્છા થવામાં કોઈ બાધ નથી.

અપવર્ગ દુઃખાભાવત્વેન ઇચ્છાનો વિષય બને છે. અપવર્ગમાં દુઃખાભાવ અને સુખાભાવ બન્ને છે. પરંતુ અપવર્ગ જ્યારે દુઃખાભાવત્વેન ઇચ્છાનો વિષય બને ત્યારે જ તેમાં પ્રવૃત્તિ થાય છે. એટલે અપવર્ગમાં સુખાભાવત્વ અને દુઃખાભાવત્વ નામના ધર્મો છે. તેમાંથી દુઃખાભાવત્વ ધર્મનું અનુસંધાન થાય ત્યારે જ પુરુષને તેમાં પ્રવૃત્તિની ઇચ્છા થાય છે. અપવર્ગમાં દુઃખાભાવત્વ ધર્મનું અનુસંધાન કેવા પ્રકારે થાય છે એ વિષે બે મત છે. સાંખ્યોના મતે—અપવર્ગમાં આત્યંતિકત્વવિશિષ્ટ દુઃખાભાવત્વ ધર્મનું અનુસંધાન થાય છે. એટલે અપવર્ગ આત્યંતિક દુઃખાભાવત્વેન ઇચ્છાનો વિષય બને છે. નૈયાયિકોના મતે- અપવર્ગ આત્યંતિક દુઃખાભાવરૂપ છે. છતાં ઇચ્છાવિષયત્વેન અનુસંધાન કરતી વખતે દુઃખાભાવને આત્યંતિકત્વથી વિશેષિત કરવાની જરૂર નથી. આ બે મતનો ગદાધરે ઉલ્લેખ કર્યો છે.

**પ્રશ્ન :—**સુખાભાવનું જ્ઞાન અપવર્ગમાં ઇચ્છાનો પ્રતિબંધ નથી કરતું. એ વાત સાચી પણ જેમાં સુખાભાવનું જ્ઞાન થાય તેમાં દ્વેષ થાય છે. અને જેમાં દ્વેષ થાય છે તેમાં ઇચ્છા થઈ શકતી નથી. અપવર્ગમાં 'સુખ નથી' એવું જ્ઞાન દ્વેષ ઉત્પન્ન કરશે તેથી અપવર્ગમાં ઇચ્છા થવાનો સંભવ નથી.

**જવાબ :—**સ્વતઃ પ્રયોજન બનનારો પદાર્થ સ્વભાવથી જ દ્વેષનો વિષય હોતો નથી. જે દ્વેષનો વિષય હોય તે ઇચ્છાનો વિષય નથી બનતો અને ઇચ્છાનો વિષય બને તેમાં દ્વેષ હોતો નથી. સ્વતઃ પ્રયોજનમાં દ્વિષ્ટસાધનતા ઘટિત સામગ્રી જ હોતી નથી. કેમકે સ્વતઃ પ્રયોજન સ્વતંત્ર ઇચ્છાનો વિષય બને છે. અને સ્વતંત્ર ઇચ્છા અનુકૂળતા જ્ઞાન ઘટિત જ હોય છે. સાધનમાં દ્વેષ થઈ શકે છે. સાધ્યમાં દ્વેષ હોઈ શકતો નથી.

**પ્રશ્ન :—**સાધ્યમાં દ્વેષ ન હોય. સાધનમાં હોઈ શકે છે. મોક્ષ સાધ્ય છે. યોગાભ્યાસાદિ તેનાં સાધન છે. યોગાભ્યાસ તત્ત્વજ્ઞાનનું કારણ છે. તત્ત્વજ્ઞાનથી ધર્મ (પુણ્યરૂપ અદૃષ્ટ)નો નાશ થાય છે. ધર્મના નાશથી સુખનો નાશ થાય છે. આમ 'યોગાભ્યાસ પરંપરાએ સુખનો નાશક છે' એવું વિશેષ દર્શન જેમને થશે તેમને યોગાભ્યાસ પર દ્વેષ થશે અને તેઓ તેમાં પ્રવૃત્તિ નહીં કરે.

**જવાબ :—**(નનુ ઇત્યાદિથી ઉપસ્થિત થયેલી શંકાનો ગદાધર વિસ્તૃત જવાબ આપે છે.) બે પ્રકારના આત્માઓ છે. વિષયી અને વિવેકી. વિષયી આત્માને સુખમાં ઉત્કટ રાગ હોય છે. તેથી જ જેમાં સુખ ન હોય તેમાં ઉત્કટ દ્વેષ હોય છે. સુખમાં ઉત્કટ રાગ હોય તો સુખાભાવમાં ઉત્કટ દ્વેષ ઉત્પન્ન થાય.

तदुक्तं मणिकृता-''तस्मादविवेकिनः सुखमात्रलिप्सवो बहुतरदुःखानुविद्धं सुखमुद्दिश्य 'शिरो मदीयं यदि याति यातु' इति कृत्वा परदारादिषु प्रवर्तमाना-

वरं वृन्दावने शून्ये (रम्ये) शृगालत्वं वृणोम्यहम् ।
न तु वैशेषिकीं मुक्तिं प्रार्थयामि कदाचन ॥

इत्यादि वदन्तो नाऽत्राऽधिकारिणः । ये च विवेकिनोऽस्मिन् संसारकान्तारे कियन्ति दुःखदुर्दिनानि कियती वा सुखखद्योतिका इति कुपितफणिफणामण्डलच्छाय-

---

**શંકા :**—તત્ત્વજ્ઞાન દ્વારા ધર્માદિનો નાશ થાય છે. તેનાથી સુખની નિવૃત્તિ થાય છે. આમ યોગાભ્યાસ વગેરે મોક્ષના ઉપાય સુખનિવૃત્તિના સાધક હોવાથી તેમના વિષે દ્વેષ જન્મે છે. માટે વિશેષદર્શી જીવોની તેમાં પ્રવૃત્તિ થશે નહીં.

**સમાધાન :**—જેમને સુખનો ઉત્કટ રાગ છે તેવા વિષયી જીવોને જેમાં સુખ ન હોય તેમાં દ્વેષ થાય છે. તેથી મોક્ષના ઉપાયમાં તેમની પ્રવૃત્તિ નથી જ થતી. (આ બાબત) તત્ત્વચિંતામણિકારે પણ કહી છે, ''તેથી અવિવેકી અને માત્ર સુખના લાભની ઇચ્છા ધરાવનારા આત્માઓ ઘણા દુઃખથી યુક્ત સુખને ઉદ્દેશીને 'शिरो मदीयं यदि यातु यातु' (મારું માથું જતું હોય તો ભલે જતું) એવું વિચારી પરસ્ત્રી વગેરે પાપમાં પ્રવૃત્તિ કરે છે. તેઓ કહે છે—'વસતિશૂન્ય વૃંદાવનમાં શિયાળ

---

યોગાભ્યાસ વગેરેમાં વિષયી જીવોને સુખાભાવનું જ્ઞાન થવાથી ઉત્કટ દ્વેષ થાય છે. તેથી તેમની મોક્ષના ઉપાયમાં પ્રવૃત્તિ થતી નથી.

આ બાબતમાં તત્ત્વચિંતામણિકારની સંમતિ દર્શાવે છે. તેમણે લખ્યું છે કે—''અવિવેકી જીવોને એક માત્ર સુખ પ્રાપ્ત કરી લેવાની ઇચ્છા હોય છે. તેઓ થોડા સુખની પાછળ ઘણું દુઃખ જોઈ શકતા નથી. તેથી તેવા બહુદુઃખફલક અલ્પસુખને માટે તેઓ પ્રવૃત્તિ કરે છે. આવા સુખને માટે તેઓ માથું આપવા પણ તૈયાર થઈ જાય છે. 'રાવણે સીતા માટે દસ માથા આપ્યા હતા તો પરસ્ત્રી માટે એક માથું આપવામાં મને શું તકલીફ છે ?' આવી તેમની વિચારણા હોય છે. આ વિચારણાથી જ તેઓ પરસ્ત્રીગમન વગેરે પ્રવૃત્તિ કરે છે. મોક્ષ ઉપર તેમને ઉત્કટ દ્વેષ હોય છે. મોક્ષમાં જવા કરતાં વૃંદાવનના જંગલમાં શિયાળ થવું સારું આ તેમની વિચારસરણી હોય છે. આવા અવિવેકી વિષયી જીવો આ શાસ્ત્રના અધિકારી નથી (એવું તત્ત્વચિંતામણિકાર કહે છે.)

વિવેકી જીવો સુખ-દુઃખનું વિભાજન કરી શકે છે. તેમને સંસાર જંગલ જેવો લાગે છે. જંગલમાં સૂર્યનો પ્રકાશ અલ્પ અને ખજૂઆનો પ્રકાશ વધુ હોય છે તેમ સંસારમાં દુઃખો વધુ અને સુખો થોડા છે. પ્રાપ્ત થયેલા સુખ પણ અલ્પ સમય માટે જ હોય છે માટે આવા સુખને તેઓ છોડવા તૈયાર થાય છે. આવા વિવેકી જીવો અહીં અધિકારી છે.''

અવિવેકી જીવોને સુખના ઉત્કટ રાગને કારણે મોક્ષના ઉપાય પર દ્વેષ થાય છે. પરંતુ વિવેકી જીવોને સુખ બહુતર દુઃખથી અનુવિદ્ધ જણાય છે તેથી સુખ ઉપર ઉત્કટ રાગ થતો નથી. જે વિષયમાં ઉત્કટ રાગ ન હોય તેની વિરુદ્ધના વિષયમાં ઉત્કટ દ્વેષ પણ ન હોય. સુખ ઉપર ઉત્કટ રાગ ન હોય તો

**प्रतिममिदमिति मन्यमानाः सुखमपि हातुमिच्छन्ति तेऽत्राधिकारिणः'' इति । विवेकिनान्तु बहुतरदुःखानुविद्धतया सुखे नोत्कटराग इति तदभावेऽपि नोत्कटद्वेष इति बलवद्-द्वेषविषयसाधनत्वस्यैव प्रवृत्तिविरोधितया मोक्षोपाये न प्रवृत्त्यनुपपत्तिः । स्वर्गेऽपि पातभयादिजन्यदुःखानुविद्धतया क्षयितया च न विवेकिनामुत्कटो रागः । राग-द्वेषयोरुत्कटत्वं जातिविशेषः प्रवृत्तिनिवृत्तिभ्यां कल्पनीयः । तन्नियामिका च सामग्री तत्तज्ज्ञानव्यक्त्यादिघटिताऽननुगतैव, तुल्येऽपि बहुतरदुःखानुविद्धत्वादिज्ञाने सुख-तदभावयोर्विषयिणामुत्कटरागोत्कटद्वेषोदयाद् विवेकिनान्तदनुदयात् ।**

---

થવું સારું પણ વૈશેષિકોની મુક્તિ ક્યારેય ઈચ્છું નહીં' આવા જીવો આ શાસ્ત્રના અધિકારી નથી. જે વિવેકી જીવો એવું વિચારે છે કે—'આ સંસારવનમાં દુઃખો કેટલા દુર્દિન જેટલા (ઘણા) છે અને સુખો કેવા ખજૂઆના પ્રકાશ જેટલા (અલ્પ) છે. ગુસ્સે થયેલા નાગની ફણાની છાયા જેવું અસ્થિર આ સુખ છે' એવું માનતા, સુખને પણ છોડવાની ઈચ્છા ધરાવતા જીવો આ શાસ્ત્રના અધિકારી છે'' વિવેકી જીવોને તો ઘણા દુઃખોથી વિંધાયેલા સુખમાં ઉત્કટરાગ થતો નથી અને અને તેથી મુક્તિમાં સુખનો અભાવ હોવા છતાં તેમાં ઉત્કટ દ્વેષ થતો નથી. જે વિષયમાં બળવાન દ્વેષ થાય તે વિષયનું સાધન જ પ્રવૃત્તિનું વિરોધી હોય છે. મોક્ષના ઉપાયમાં (બલવદ્દ્વેષવિષયસાધનત્વ નથી તેથી તેમાં) પ્રવૃત્તિ ન થવાનું કોઈ કારણ નથી. સ્વર્ગનું સુખ જતા રહેવાના ભયથી જન્ય દુઃખયુક્ત હોવાથી અને ક્ષય પામનાર હોવાથી તેથી વિવેકીઓને સ્વર્ગના સુખમાં ઉત્કટ રાગ થતો નથી.

---

સુખાભાવ પર ઉત્કટ દ્વેષ પણ ન હોય. ઉત્કટ દ્વેષ જ પ્રવૃત્તિનો પ્રતિબંધક છે. યોગાભ્યાસ વગેરે મોક્ષના ઉપાયમાં વિવેકી જીવોને બળવાન્ દ્વિષ્ટ સાધનતાનું જ્ઞાન નથી માટે પ્રવૃત્તિમાં કોઈ બાધક નથી.

**પ્રશ્ન :** ઈહલૌકિક સુખો દુઃખબહુલ હોવાથી તેમાં વિવેકી આત્મા પ્રવૃત્તિ ન કરે તે સમજાય. સ્વર્ગનું સુખ દુઃખબહુલ નથી તેથી તેમાં વિવેકી આત્માની પ્રવૃત્તિ થવામાં કોઈ બાધક નથી. વિવેકી જીવો સ્વર્ગ માટે પ્રવૃત્તિ કરે, મોક્ષ માટે નહીં એ આશય છે.

**જવાબ :**—વિવેકી જીવોને સ્વર્ગમાં પણ ઉત્કટ રાગ થતો નથી. સ્વર્ગનું સુખ છિનવાઈ જવાનો ભય છે. તેમ જ સ્વર્ગનું સુખ પુણ્યાધીન હોવાથી ક્ષીણ થાય છે. આમ સ્વર્ગના સુખમાં પણ દુઃખબહુલતાનું જ્ઞાન થવાથી વિવેકી આત્માને ઉત્કટ રાગ થતો નથી.

**પ્રશ્ન :**—ઉત્કટ રાગ પ્રવૃત્તિનું કારણ છે. ઉત્કટ દ્વેષ નિવૃત્તિનું કારણ છે. રાગ અને દ્વેષમાં રાગત્વ-દ્વેષત્વ વિ. જાતિ છે. પણ રાગદ્વેષગત ઉત્કટત્વ જાતિ ક્યા પ્રમાણથી સિદ્ધ છે ?

**જવાબ :**—રાગ અને દ્વેષમાં ઉત્કટત્વ જાતિની સિદ્ધિ અનુમાન પ્રમાણથી થાય છે. અનુમાન આ પ્રમાણે છે रागनिष्ठप्रवृत्तिजनकत्वं किञ्चिद्धर्मावच्छिन्नं जनकतात्वात् घटजनकतावत्। રાગમાં રહેલી જનકતાનો અવચ્છેદક ધર્મ કેવળ ઈચ્છાત્વ બની શકે નહીં. કારણ કે ઈચ્છાત્વ અનુત્કટ ઈચ્છામાં પણ છે. આથી રાગત્વની ઉત્કટત્વ નામની અવાંતર જાતિ કલ્પવામાં આવે છે.

**પ્રશ્ન :**—આ રાગ ઉત્કટ કહેવાય અને આ રાગ અનુત્કટ કહેવાય તેનું નિયામક કોણ છે ?

**( ५ )** ***अथ* दुःखाभावोऽपि नावेद्यः पुरुषार्थतयेष्यते ।**
**नहि मूर्च्छाद्यवस्थायां प्रवृत्तो दृश्यते सुधीः ॥ इति**
**न मुक्तिज्ञानं सम्भवतीति *चेन्न* । न हि दुःखाभावं जानीयामित्युद्दिश्य प्रवृत्तिः**

---

રાગ અને દ્વેષમાં ઉત્કટત્વ જાતિની કલ્પના પ્રવૃત્તિ અને નિવૃત્તિ દ્વારા થાય છે. ઉત્કટ રાગ અને દ્વેષની નિયામિકા સામગ્રી તે તે જ્ઞાનવ્યક્તિ વગેરેથી (બહુતરદુઃખાનુવિદ્ધત્વજ્ઞાન) ઘટિત હોવાથી અનુગત નથી. કારણ કે વિષયીને અને વિવેકીને બહુતરદુઃખાનુવિદ્ધત્વ વગેરેનું જ્ઞાન સમાન હોય છે. છતાં વિષયી વ્યક્તિને સુખમાં ઉત્કટ રાગનો ઉદય થાય છે. દુઃખમાં ઉત્કટ દ્વેષનો ઉદય થાય છે. પણ વિવેકી વ્યક્તિને ઉત્કટ રાગદ્વેષનો ઉદય થતો નથી.

**(૫) શબ્દાર્થ :—પ્રશ્ન :—**અવેદ્ય દુઃખાભાવ પુરુષાર્થ તરીકે ઈષ્ટ નથી. બુદ્ધિમાન માણસ મૂર્ચ્છાદિ અવસ્થા માટે પ્રવૃત્તિ કરતો હોય તેવું દેખાતું નથી. દુઃખાભાવ રૂપ મુક્તિનું જ્ઞાન જ સંભવતું નથી.

**જવાબ :—**(કોઈ પણ વ્યક્તિ) 'મારે દુઃખાભાવને જાણવો છે' એ ઉદ્દેશથી પ્રવૃત્તિ કરતી

---

**જવાબ :—**રાગની જનક સામગ્રી જ ઉત્કટત્વાનુત્કટત્વની નિયામિકા છે. કાર્ય માત્ર પ્રત્યે પ્રતિબંધકાભાવ કારણ છે. પ્રવૃત્તિ રૂપ કાર્ય પ્રત્યે બહુતરદુઃખાનુવિદ્ધત્વનું જ્ઞાન પ્રતિબંધક છે. દરેક પ્રવૃત્તિમાં પ્રતિબંધકો અલગ અલગ રહેવાના. તેથી તદ્ઘટિત અભાવરૂપ સામગ્રી પણ અલગ અલગ રહેશે. આમ, તે તે જ્ઞાનવ્યક્તિઘટિત સામગ્રી જ ઉત્કટત્વ કે અનુત્કટત્વની નિયામિકા બનશે. પ્રત્યેક જ્ઞાનવ્યક્તિ ભિન્ન ભિન્ન હોવાથી આ સામગ્રી અનનુગત રહેશે.

**પ્રશ્ન :—**ઉત્કટત્વ અનુત્કટત્વની સામગ્રી અનુગત કેમ ન થઈ શકે ? બહુતરદુઃખાનુવિદ્ધત્વ-જ્ઞાનઘટિત સામગ્રી અનુત્કટત્વની નિયામિકા અને બહુતરદુઃખાનુવિદ્ધત્વજ્ઞાનાભાવ ઘટિત સામગ્રી ઉત્કટત્વની નિયામિકા બની શકે છે.

**જવાબ :—**વિષયી વ્યક્તિને ઉપભોગમાં દુઃખાનુવિદ્ધત્વનું જ્ઞાન હોવા છતાં રાગ થાય છે. અને વિવેકી વ્યક્તિને દુઃખાનુવિદ્ધત્વનું જ્ઞાન થતા ઉત્કટ રાગ થતો નથી. તે જ રીતે દ્વેષનું પણ સમજી લેવું. આમ દુઃખાનુવિદ્ધત્વનું જ્ઞાન સમાન હોવા છતાં વિષયી અને વિવેકી આત્માની પ્રવૃત્તિમાં અંતર પડે છે તે દર્શાવે છે કે એકલું દુઃખાનુવિદ્ધત્વનું જ્ઞાન ઉત્કટત્વ કે અનુત્કટત્વનું નિયામક નથી. તેથી તે તે જ્ઞાનવ્યક્તિને સ્વતંત્રરૂપે જ ઉત્કટત્વ-અનુત્કટત્વની નિયામિકા માનવી રહી. તેમ કરવામાં તે અનુગત ન રહે તો પણ બાધ નથી.

**(૫) વિવરણ :—**ન્યાયમતે મુક્તિમાં જ્ઞાન નથી. મુક્તિ દુઃખાભાવરૂપ હોય તો પણ તેનું જ્ઞાન થવાનું નથી એટલે મુક્તિની દુઃખરહિત અવસ્થા મૂર્ચ્છિત વ્યકિત જેવી છે. કોઈ બુદ્ધિમાન આવી મુક્તિ પામવાનો પ્રયત્ન ન કરે. મુક્તિમાં દુઃખ ન હોય પણ 'મને દુઃખ નથી' એ સંવેદન પણ ન હોય તે ઈષ્ટ નથી. તાત્પર્ય કે—મુક્તિ કેવળ દુઃખાભાવરૂપ ન હોતા દુઃખાભાવજ્ઞાન રૂપ હોવી જોઈએ. દુઃખાભાવના જ્ઞાનને ઉદ્દેશીને જ મુક્તિમાં પ્રવૃત્તિ થશે. આ શંકા ગ્રંથનો આશય છે.

સમાધાન ગ્રંથનું તાત્પર્ય એ છે કે—પુરુષની પ્રવૃત્તિનું ઉદ્દેશ્ય દુઃખાભાવ હોય છે. દુઃખાભાવનું જ્ઞાન

**किन्तु दुःखं मे माभूदित्युद्दिश्य स्वत एव बहुतरदुःखजर्जरकलेवरा दुःखाभावमुद्दिश्य मरणे प्रवर्तमाना दृश्यन्ते ।**

**( ६ ) *अथ* दुःखनिवृत्तिः दुःखस्य ध्वंसरूपोऽभावः, न तु प्रागभावात्यन्ताभावौ नित्यत्वेनाऽसाध्यत्वात्, ध्वंसस्य चाऽनन्तरोत्पन्नविशेषगुणादेव सम्भवेन न तत्त्व-ज्ञानाद्युपयोगः । *ननु* स्वसमानाधिकरणदुःखप्रागभावाऽसमानकालीनत्वरूपात्यन्तिकत्वाविशेषितदुःखध्वंसत्वरूपापवर्गत्वावच्छिन्नत्वस्य तत्त्वज्ञाननिरपेक्षकारणान्तरान्न**

---

નથી. પરંતુ 'મને દુઃખ ન થાય' એ ઉદ્દેશથી પ્રવૃત્તિ કરે છે. (એ માટે) ઘણા દુઃખોથી જર્જરિત શરીરવાળા લોકો દુઃખાભાવને ઉદ્દેશીને જાતે જ મરણમાં પ્રવૃત્તિ કરતા દેખાય છે.

**(૬) શબ્દાર્થ :—પૂર્વપક્ષ :—**દુઃખનિવૃત્તિ એટલે દુઃખનો ધ્વંસરૂપ અભાવ. દુઃખનો પ્રાગભાવ કે દુઃખનો અત્યંતાભાવ દુઃખનિવૃત્તિ હોઈ ન શકે, કારણ કે તે બન્ને નિત્ય હોવાથી સાધ્ય નથી. દુઃખનો ધ્વંસ પોતાની પછી ઉત્પન્ન થનારા વિશેષ ગુણથી જ થાય છે તેથી દુઃખધ્વંસ માટે તત્ત્વજ્ઞાન ઉપયોગી નથી.

---

નહીં. શરીરની પીડાથી કંટાળીને આત્મહત્યા કરવા પ્રવૃત્ત થતી વ્યક્તિની અપેક્ષા એ નથી હોતી કે 'મને મારા દુઃખોની મુક્તિનું જ્ઞાન થાય.' તેનું ઉદ્દેશ્ય કેવળ દુઃખાભાવ જ હોય છે. આમ દુઃખાભાવનું જ્ઞાન ઉદ્દેશ્ય બની શકતું નથી. દુઃખાભાવ જ પ્રવૃત્તિનું ઉદ્દેશ્ય છે. માટે મુક્તિ પણ દુઃખાભાવ રૂપ જ હોવી ઘટે.

**(૬) વિવરણ :—**દુઃખનિવૃત્તિ એટલે દુઃખનો અભાવ. ચાર પ્રકારના અભાવમાંથી અન્યોન્યાભાવ સિવાયના ત્રણ અભાવો પૈકી એક પ્રકારનો અભાવ દુઃખપ્રતિયોગિક કહી શકાશે. મુક્તિ; દુઃખપ્રાગભાવરૂપ, દુઃખધ્વંસરૂપ કે દુઃખાત્યંતાભાવરૂપ માની શકાય. તેમાં દુઃખનો પ્રાગભાવ કે અત્યંતાભાવ મુક્તિ બની શકે નહીં, કેમ કે—આ બંને અભાવ અજન્ય છે; જ્યારે મુક્તિ જન્ય છે. અજન્ય વસ્તુ કાર્ય કે સાધ્ય હોતી નથી. આથી દુઃખધ્વંસને જ મુક્તિ કહેવી રહી. દુઃખ આત્માનો વિશેષ ગુણ છે. યોગ્ય વિભુના વિશેષ ગુણ સ્વાનંતરોત્પન્ન વિશેષગુણથી જ નાશ પામે છે. તેથી દુઃખધ્વંસ માટે તત્ત્વજ્ઞાન ઉપયોગી નથી.

નનુ ઇત્યાદિ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ શંકા ગ્રંથનું તાત્પર્ય એ છે કે—અચરમ દુઃખનો ધ્વંસ સ્વાનંતરોત્પન્ન દુઃખ દ્વારા થાય, પણ ચરમ દુઃખમાં ઉપરોક્ત નિયમ લાગુ પાડી શકાતો નથી. તે માટે તત્ત્વજ્ઞાન આવશ્યક છે. જે દુઃખધ્વંસ પછી બીજું દુઃખ ઉત્પન્ન થવાનું નથી. તેવા દુઃખધ્વંસને આત્યંતિક દુઃખધ્વંસ કહેવાય છે.

આત્યંતિકત્વની પરિભાષા આ પ્રકારે છે—'स्वसमानाधिकरणदुःखप्रागभावासमानकालीनत्वम्' દુઃખ આત્મામાં રહે છે. દુઃખધ્વંસનું અધિકરણ પણ આત્મા છે. ભવિષ્યમાં જે દુઃખ ઉત્પન્ન થવાનું હોય તેનો પ્રાગભાવ આત્મામાં રહે. આત્મામાં દુઃખધ્વંસ અને દુઃખપ્રાગભાવ સમાન કાલે રહે તે દુઃખધ્વંસ આંશિક અથવા અનાત્યંતિક હોય છે. દુઃખધ્વંસ અને દુઃખપ્રાગભાવ સમાન કાળે ન રહે એટલે ભવિષ્યમાં એક પણ દુઃખ ઉત્પન્ન થવાનું ન હોય તેવો દુઃખધ્વંસ આત્યંતિક કહેવાય. આત્યંતિક દુઃખધ્વંસ પછી દુઃખાંતર હોતું

**निर्वाह इति *चेत्*, एवमपि न तादृशधर्मस्य तत्त्वज्ञानजन्यतावच्छेदकत्वसम्भवः । चरमदुःखध्वंसदशायां तद्वृत्यात्मनि दुःखजनकाधर्मरूपकारणविरहेण दुःखानुत्पत्त्याऽर्थवशादेव तस्य स्वसमानाधिकरणदुःखाऽसमानकालीनत्वनिर्वाहात् । अर्थसमाज-**

---

**અવાંતર પૂર્વપક્ષ :—**દુઃખધ્વંસના અધિકરણમાં રહેતા દુઃખપ્રાગભાવનું અસમાનકાલીનત્વ રૂપ આત્યંતિકત્વથી વિશેષિત દુઃખધ્વંસત્વ અપવર્ગત્વરૂપ છે. તદવચ્છિન્ન અપવર્ગનો તત્ત્વજ્ઞાન સિવાયના કારણથી નિર્વાહ થતો નથી માટે તત્ત્વજ્ઞાન જરૂરી છે.

(અવાં.પૂ.પ.ને) **જવાબ :—**તેમ છતાં તે વિશેષણથી વિશેષિત અપવર્ગત્વ નામક ધર્મ તત્ત્વજ્ઞાનનિરૂપિત જન્યતાનો અવચ્છેદક બની શકતો નથી. કારણ કે જ્યારે આત્મામાં ચરમ દુઃખનો ધ્વંસ થાય છે ત્યારે દુઃખનું જનક અધર્મરૂપ કારણ હોતું નથી. આમ કારણાભાવથી જ દુઃખની ઉત્પત્તિ થતી નથી. આ રીતે દુઃખધ્વંસસમાનાધિકરણ દુઃખના અસમાનકાલીનત્વનો નિર્વાહ થઈ જાય છે. અર્થસમાજરૂપ બાધકગ્રસ્ત ધર્મ કાર્યતાનો અવચ્છેદક બની શકે નહીં. તેમ ન માનીએ

---

નથી તેથી સ્વાનંતરોત્પન્ન દુઃખથી તે નાશ્ય હોય છે તે કહી શકાતું નથી. આત્યંતિક દુઃખધ્વંસનું કારણ તત્ત્વજ્ઞાન સિવાય કોઈ નથી. એ માન્યા વિના છૂટકો નથી.

પૂર્વપક્ષ અવાંતર શંકા ગ્રંથનો ઉત્તર આપે છે કે—ઉપર કહ્યું તેમ દુઃખધ્વંસત્વને આત્યંતિકત્વથી વિશેષિત કરવા છતાં પણ તે તત્ત્વજ્ઞાનનિષ્ઠકારણતા નિરૂપિત કાર્યતાનો અવચ્છેદક ધર્મ થઈ શકતો નથી. અર્થસમાજ રૂપ દોષ તેમાં બાધક બને છે. અર્થસમાજ નામના બાધકથી ગ્રસ્ત ધર્મ કાર્યતાનો અવચ્છેદક બની શકતો નથી. કાર્યતાવચ્છેદક ધર્મ વિશિષ્ટ હોય તે સ્થળે તદ્ઘટક વિશેષણ ભાગ અભિપ્રેત કારણસામગ્રીથી અન્ય ક્લૃપ્ત કારણ સામગ્રી દ્વારા સિદ્ધ હોય તો અર્થસમાજ બાધક બને છે. આવા સ્થળે કારણસામગ્રી અર્થસમાજસિદ્ધ કારણસામગ્રી કહેવાય છે. સ્પષ્ટ છે કે કાર્યતાવચ્છેદકઘટક વિશેષણ જો પ્રથમતઃ જ અન્ય સામગ્રી દ્વારા સિદ્ધ હોય તો પ્રસ્તુત કારણ સામગ્રી તેની ઉત્પાદક કેવી રીતે બની શકે ? દાખલા તરીકે પટવિશિષ્ટઘટત્વ કાર્યતાવચ્છેદક છે. તેમાં પટરૂપ વિશેષણની સામગ્રી ઘટની દંડાદિ સામગ્રીથી ભિન્ન (અન્ય) છે. તે સામગ્રીની કારણતા પૂર્વક્લૃપ્ત છે. તેથી પટવિશિષ્ટઘટરૂપ કાર્ય માટે દંડાદિ કાર્યસામગ્રી અર્થસમાજગ્રસ્ત બને છે, આ કારણે દંડાદિનિષ્ઠ કારણતા નિરૂપિત કાર્યતાનો અવચ્છેદક ધર્મ પટવિશિષ્ટઘટત્વ બની શકતો નથી. પ્રસ્તુત સ્થળે કાર્યતાવચ્છેદક દુઃખધ્વંસત્વ ધર્મ આત્યંતિકત્વથી વિશેષિત છે. સ્વસમાનાધિકરણ દુઃખપ્રાગભાવ-અસમાનકાલીનત્વ આત્યંતિકત્વ છે. તાદૃશ અસમાનકાલીનત્વ રૂપ વિશેષણ પ્રસ્તુત (દુઃખધ્વંસ) કાર્યની સામગ્રીથી ભિન્ન સામગ્રી દ્વારા સિદ્ધ છે. આત્મામાં જ્યારે છેલ્લા દુઃખનો ધ્વંસ થાય છે તે વખતે અધર્મ હોતો નથી. અધર્મ દુઃખનું કારણ છે. એથી અધર્માભાવ દુઃખાભાવનું કારણ છે. ચરમદુઃખધ્વંસ રૂપ દુઃખાભાવની કારણતા અધર્માભાવમાં પૂર્વક્લૃપ્ત છે. આમ સ્વસમાનાધિકરણદુઃખ-અસમાનકાલીનત્વનો નિર્વાહ અધર્માભાવથી જ થઈ જાય છે. તેથી તત્ત્વજ્ઞાનનિષ્ઠકારણતા અર્થસમાજગ્રસ્ત છે. આથી આત્યંતિકત્વથી વિશેષિત દુઃખધ્વંસત્વ કાર્યતાવચ્છેદક બની શકશે નહીં.

**પ્રશ્ન :—**અર્થસમાજગ્રસ્ત ધર્મને કાર્યતાવચ્છેદક માનવામાં શું આપત્તિ છે ?

**જવાબ :—**બીજા પુરુષનું દુઃખ પોતાના દુઃખનું સમાનકાલીન ન હોય ત્યારે સ્વકીય- દુઃખધ્વંસ

**रूपबाधकग्रस्तस्य कार्यतानवच्छेदकत्वात् । अन्यथा पुरुषान्तरीयदुःखासमान-कालीनदुःखध्वंसत्वादेरपि किञ्चित्कारणकार्यतावच्छेदकत्वापातात् ।**

**( ७ ) *<u>मैवम्</u>* । अर्थसमाजस्थले हि साधकाभाव एव कार्यतावच्छेदकत्वबाधकः उपदर्शितमुक्तित्वावच्छिन्नं प्रति तत्त्वज्ञानहेतुतायाः श्रुतिस्मृत्यादिसाक्षिकतया न बाधः ।**

---

તો બીજા પુરુષના દુઃખના અસમાનકાલીન દુઃખધ્વંસત્વ વગેરે ધર્મો કોઈક કારણની કાર્યતાના અવચ્છેદક બની જશે.

**(૭) શબ્દાર્થ :—ઉત્તરપક્ષ :** આ વાત ખોટી છે. અર્થસમાજસ્થળે કાર્યતાવચ્છેદકનો બાધક સાધકાભાવ જ છે. ઉપર્યુક્ત (વિશેષણવિશિષ્ટ) મુક્તિત્વાવચ્છિન્ન (મુક્તિ) પ્રત્યે તત્ત્વજ્ઞાન કારણ છે, તેમાં શ્રુતિ અને સ્મૃતિ સાક્ષી છે. તેથી બાધ નથી.

---

પુરુષાંતરીય દુઃખઅસમાનકાલીન બને. તાદૃશ આત્યંતિકત્વ વિશેષિત દુઃખધ્વંસત્વ કાર્યતાવચ્છેદક બની શકે નહીં એ સ્પષ્ટ છે. તેમાં પ્રતીતિવિરોધ છે. અર્થસમાજગ્રસ્ત સામગ્રીને બાધક નહીં માનીએ તો પ્રતીતિવિરુદ્ધ પુરુષાંતરીયદુઃખાસમાનકાલીનદુઃખધ્વંસત્વ પણ કાર્યતાવચ્છેદક બની શકે. આ આપત્તિ છે માટે જ અર્થસમાજગ્રસ્ત ધર્મને કાર્યતાવચ્છેદક માનતા નથી.

**(૭) વિવરણ :—**અથ ઇત્યાદિ પૂર્વપક્ષ સામે સિદ્ધાંતપક્ષની રજૂઆત કરે છે. મૈવમ્ ઇત્યાદિ દ્વારા. અર્થસમાજ રૂપ બાધકથી ગ્રસ્ત ધર્મ કાર્યતાવચ્છેદક ન બની શકે આ પૂર્વપક્ષની દલીલ છે. અર્થસમાજગ્રસ્ત ધર્મ કાર્યતાવચ્છેદક ન બની શકે. પણ ક્યારે ? જ્યારે પ્રસ્તુત કારણસામગ્રી કાર્યતાવચ્છેદકઘટક વિશેષણની સાધક ન હોય ત્યારે. કારણસામગ્રી જો કાર્યતાવચ્છેદકઘટક વિશેષણની સાધક હોય તો અર્થસમાજ બાધક નથી. દંડાદિ સામગ્રી કાર્યતાવચ્છેદકઘટક પટરૂપ વિશેષણની સાધક નથી માટે પટવિશિષ્ટઘટત્વ અર્થસમાજગ્રસ્ત છે. પ્રસ્તુત સ્થળે તત્ત્વજ્ઞાન પોતાના કાર્યતાવચ્છેદકઘટક વિશેષણનું અસાધક નથી, પણ સાધક છે. તત્ત્વજ્ઞાન આત્યંતિકત્વવિશિષ્ટ દુઃખધ્વંસનું કારણ છે. આ કારણતા શ્રુતિ અને સ્મૃતિ દ્વારા સિદ્ધ છે. 'दुःखेनात्यन्तं विमुक्तश्चरति' ઇત્યાદિ વચનો આત્યંતિકત્વ-વિશિષ્ટ-દુઃખધ્વંસત્વાવચ્છિન્ન પ્રત્યે તત્ત્વજ્ઞાનની કારણતા સિદ્ધ કરે છે. આમ તત્ત્વજ્ઞાન કાર્યતાવચ્છેદકઘટક વિશેષણનું સાધક છે. તેથી અર્થસમાજ દોષ બાધક બનતો નથી.

**પ્રશ્ન :—**તત્ત્વજ્ઞાનની કારણતામાં અર્થસમાજગ્રસ્તત્વ નામનો દોષ ભલે ન હોય પણ નિષ્પ્રયોજનત્વ અને ગૌરવરૂપ બાધક તો છે જ. ઉપર કહ્યું તેમ ચરમદુઃખધ્વંસ દશામાં અસમાનકાલીનત્વનો નિર્વાહ અધર્મરૂપ કારણના અભાવે જ થઈ જાય છે માટે કાર્યતાવચ્છેદકઘટક વિશેષણ નિષ્પ્રયોજન બને છે. બીજું, તાદૃશ અસમાનકાલીનત્વ ગુરુ ધર્મ છે. તે અવચ્છેદક બનવામાં બાધક છે.

**જવાબ :—**બાધકને કારણે તત્ત્વજ્ઞાન આત્યંતિકત્વવિશિષ્ટ મુક્તિત્વાવચ્છિન્નનું કારણ ભલે ન કહી શકાય પણ પ્રયોજક બનવામાં કોઈ બાધક નથી. જે અન્યથાસિદ્ધ ન હોય અને કાર્યનિયતપૂર્વવૃત્તિ હોય તેને કારણ કહેવાય. જેની નિયતપૂર્વવર્તિતા સિદ્ધ ન થઈ શકતી હોય છતાં જે અન્યથાસિદ્ધ પણ ન હોય તે પ્રયોજક કહેવાય. બીજા શબ્દોમાં કહીએ તો જે કારણ તરીકે સાબિત ભલે ન થતું હોય પણ જેના વિના કાર્યનો નિર્વાહ ન થઈ શકે તે પ્રયોજક કહેવાય. પ્રસ્તુત સ્થળે તત્ત્વજ્ઞાન મુક્તિનું નિયતપૂર્વવર્તિ નથી પણ

**माभूद्वा तादृशमुक्तित्वावच्छिन्नं प्रति कारणता तथापि तदवच्छिन्ने तत्त्वज्ञानस्य प्रयोजकत्वं दुर्वारमेव, तत्त्वज्ञानं विना पापप्रवाहविच्छेदस्यासम्भवेन दुःखानुवृत्तेरावश्यकतया दुःखध्वंसे दुःखासमानकालीनत्वानिर्वाहात् । येन विना यद्धर्मावच्छिन्नानिर्वाहस्तस्यैव तदवच्छिन्नप्रयोजकत्वात् । प्रयोजकत्वञ्च स्वरूपसम्बन्धविशेषः । इष्टप्रयोजकत्वज्ञानमेवोपायेच्छाहेतुरिति मुमुक्षया तत्त्वज्ञानेच्छानिर्वाहः । ''दुःखेनात्यन्तं**

---

અથવા તો તેવી આત્યંતિકત્વ વિશેષણ વિશિષ્ટ મુક્તિત્વાવચ્છિન્ન (મુક્તિ) પ્રત્યે (તત્ત્વજ્ઞાનની) કારણતા નથી તેવું માની લઈએ તેમ છતાં મુક્તિત્વાવચ્છિન્ન (મુક્તિરૂપ કાર્યનું) પ્રયોજક તો તત્ત્વજ્ઞાન બની જ શકે છે. તત્ત્વજ્ઞાન વિના પાપની પરંપરાનો વિચ્છેદ થવો અસંભવ છે. પાપપરંપરાનો વિચ્છેદ ન થાય તો દુઃખની અનુવૃત્તિ ચાલુ રહે. દુઃખની અનુવૃત્તિ ચાલુ રહે તો દુઃખધ્વંસમાં દુઃખાસમાનકાલીનત્વનો નિર્વાહ થઈ શકે નહીં. (માટે તત્ત્વજ્ઞાન આત્યંતિક દુઃખધ્વંસનું પ્રયોજક છે). જેના વિના યદ્ધર્માવચ્છિન્નનો નિર્વાહ ન થાય તે જ તદવચ્છિન્નનો પ્રયોજક બને. અને પ્રયોજકત્વ સ્વરૂપસંબંધવિશેષ રૂપ છે. ઈષ્ટપ્રયોજકત્વજ્ઞાન જ ઉપાયઈચ્છાનો હેતુ છે. તેથી મોક્ષની ઈચ્છા દ્વારા તત્ત્વજ્ઞાનની ઈચ્છાનો નિર્વાહ થાય છે.

---

પરંપરયા મુક્તિનું નિર્વાહક છે. તત્ત્વજ્ઞાનથી પાપપ્રવાહનો વિચ્છેદ થાય છે. પાપપ્રવાહનો વિચ્છેદ થવાથી દુઃખની અનુવૃત્તિ અટકે છે. તેથી ચરમદુઃખધ્વંસમાં દુઃખાસમાનકાલીનત્વનો નિર્વાહ થઈ શકે છે. આમ પરંપરાએ કારણ બનીને તત્ત્વજ્ઞાન આત્યંતિકદુઃખનિવૃત્તિનું સાધક છે માટે પ્રયોજક બનવામાં કોઈ બાધ નથી. પ્રયોજકત્વની પરિભાષા એ છે કે—જેના વિના જેનો નિર્વાહ ન થાય તે તેનું પ્રયોજક કહેવાય. તત્ત્વજ્ઞાન વિના દુઃખધ્વંસમાં દુઃખાસમાનકાલીનત્વનો નિર્વાહ થતો નથી માટે તત્ત્વજ્ઞાન દુઃખાસમાનકાલીનત્વવિશિષ્ટ દુઃખધ્વંસનું પ્રયોજન છે.

**પ્રશ્ન :—**પ્રયોજકત્વની પરિભાષા તો સ્પષ્ટ થઈ પણ તત્ત્વજ્ઞાનમાં કે અન્ય પ્રયોજકોમાં રહેતી પ્રયોજકતા પદાર્થ કિંસ્વરૂપ છે ?

**જવાબ :—**પ્રયોજકતા તે તે પદાર્થના સ્વરૂપવિશેષ રૂપ જ છે. વિષયતા, વિશેષણતા વગેરેની જેમ પ્રયોજકતા પણ એક પ્રકારનો સ્વરૂપસંબંધ છે.

'दण्डाभावाद् घटाभावः' આ સ્થળે દંડાભાવ પદોત્તર પંચમી વિભક્તિનો અર્થ કારણતા નથી કારણ કે અભાવ કોઈનું કારણ બની શકતો નથી. આથી અહીં પંચમી વિભક્તિનો અર્થ પ્રયુક્તત્વ કરવામાં આવે છે. ઘટાભાવનો નિર્વાહ દંડાભાવ વિના થતો નથી માટે દંડાભાવ ઘટાભાવનો પ્રયોજક છે. આમ दण्डाभावप्रयुक्तघटाभावः આવો અન્વયબોધ થાય છે. દંડાભાવમાં રહેલી પ્રયોજકતા દંડાભાવ સ્વરૂપ જ છે. દંડાભાવથી અતિરિક્ત રૂપે પ્રયોજકતાને સમજાવી શકાતી નથી માટે આ પ્રયોજકતા સ્વરૂપસંબંધ રૂપ છે.

**પ્રશ્ન :—**તત્ત્વજ્ઞાન મુક્તિનું કારણ ન હોય અને પ્રયોજક હોય તો તત્ત્વજ્ઞાનને મુક્તિનું કારણ દર્શાવતી શ્રુતિઓ અપ્રમાણિક ઠરશે. 'दुःखेनात्यन्तं विमुक्तश्चरति' (તત્ત્વજ્ઞાની દુઃખથી અત્યંત મુક્ત રહે છે.) આ શ્રુતિમાં તત્ત્વજ્ઞાનને આત્યંતિક દુઃખાભાવનું કારણ દર્શાવ્યું છે. 'अशरीरं वावसन्तं प्रियाप्रिये न

**विमुक्तश्चरति'' ''अशरीरं वा वसन्तं न प्रियाप्रिये स्पृशत'' इत्यादिश्रुति-वाक्यानि च तत्त्वज्ञानवतां दुःखात्यन्तविमुक्तिबोधकानि विमुक्तिप्रयोजकत्वपराण्येवेति ।**

**(८) *यत्तु* दुःखानुत्पाद एव मोक्षः, स च प्रागभावरूपतयाऽजन्योऽपि तत्त्वज्ञानादिसाध्यः, [ योग ]क्षेमसाधारणसाधनताज्ञानस्यैव च प्रवर्तकत्त्वम्, 'दुःखं मे मा भूद्' इत्युद्दिश्य वैदिके प्रायश्चित्तादौ लौकिके चाहिकण्टकापनयनादौ**

---

'दुःखेनात्यन्तं विमुक्तश्चरति' 'अशरीरं वा वसन्तं प्रियाप्रिये न स्पृशतः' વગેરે શ્રુતિવાક્યો 'તત્ત્વજ્ઞાનીઓને દુઃખથી અત્યંત મુક્તિ મળે છે,' એ જણાવે છે, તે વિમુક્તિના પ્રયોજકત્વને જ જણાવે છે.

**(૮) શબ્દાર્થ :—**વળી જે પ્રાભાકરોનો મત છે કે—દુઃખની અનુત્પત્તિ જ મોક્ષ છે. તે પ્રાગભાવ રૂપ હોવાથી અજન્ય છે છતાં તત્ત્વજ્ઞાન આદિથી સાધ્ય છે. (ઇષ્ટ સાધનતા જ્ઞાનની જેમ) ક્ષેમસાધનતાજ્ઞાનમાં પણ પ્રવર્તકત્વ છે. 'મને દુઃખ ન આવે' આ ઉદ્દેશ્યથી પ્રાયશ્ચિત વગેરે વૈદિક

---

स्पृशतः' (તત્ત્વજ્ઞાનથી શરીરરહિત અવસ્થા પામેલ આત્માને સુખદુઃખ સ્પર્શતા નથી.) આ શ્રુતિમાં પણ તત્ત્વજ્ઞાનની કારણતા જ દર્શાવી છે.

**જવાબ :—**ઉપરોક્ત શ્રુતિઓ તત્ત્વજ્ઞાનની કારણતાનો બોધ કરાવતી નથી પરંતુ પ્રયોજકતા જ દર્શાવે છે. શ્રુતિથી પ્રયોજકતાનો બોધ થવામાં કોઈ આપત્તિ નથી.

**(૮) વિવરણ :—**દુઃખધ્વંસ મુક્તિ છે તે નૈયાયિકોનો મત છે. મીમાંસા દર્શનની મુખ્ય ત્રણ શાખાઓ છે. પ્રાભાકર, કુમારિલ ભટ્ટ, મુરારી મિશ્ર. તેમાં પ્રાભાકરો મુક્તિને દુઃખધ્વંસરૂપ ન માનતાં દુઃખપ્રાગભાવરૂપ માને છે. (મંગલ વિઘ્નધ્વંસનું કારણ છે તે નવ્ય નૈયાયિકોનો મત છે. મંગલ વિઘ્નપ્રાગભાવનું કારણ છે તે પ્રાભાકરોનો મત છે.) દુઃખપ્રાગભાવને મુક્તિ માનવામાં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે—પ્રાગભાવ અજન્ય છે. અજન્ય પદાર્થ સાધ્ય કે કાર્ય ન હોય, જ્યારે મુક્તિ તો સાધ્ય છે. પ્રાગભાવ રૂપ મુક્તિ તત્ત્વજ્ઞાનથી સાધ્ય કેવી રીતે બને ? પ્રવૃત્તિ પ્રત્યે ઈષ્ટસાધનતાનું જ્ઞાન કારણ છે. મોક્ષ ઈષ્ટ છે અને તત્ત્વજ્ઞાન તેનું સાધન છે—આવું જ્ઞાન થાય તો તત્ત્વજ્ઞાનમાં પ્રવૃત્તિ થાય. મોક્ષ પ્રત્યે તત્ત્વજ્ઞાનની સાધનતાનું જ્ઞાન શક્ય જ નથી કારણ કે—મોક્ષ દુઃખપ્રાગભાવ રૂપ હોવાથી અજન્ય છે. તે તત્ત્વજ્ઞાન સાધ્ય નથી માટે મોક્ષના ઉપાય તરીકે તત્ત્વજ્ઞાનમાં પ્રવૃત્તિનો સંભવ નથી. આ પ્રશ્નનો ઉત્તર પ્રાભાકરો એ રીતે આપે છે કે પ્રવૃત્તિની પ્રત્યે એકલું ઈષ્ટસાધનતાજ્ઞાન કારણ નથી. ઈષ્ટસાધનતાજ્ઞાનની જેમ ક્ષેમસાધનતાજ્ઞાન પણ પ્રવૃત્તિનું કારણ છે. ક્ષેમ એટલે પ્રાપ્તની રક્ષા. ધનાદિમાં પ્રવૃત્તિ થાય છે તેનું કારણ ઈષ્ટની જેમ ક્ષેમની સાધનતાનું જ્ઞાન પણ છે. અપ્રાપ્તની પ્રાપ્તિમાં ઈષ્ટસાધનતાનું જ્ઞાન કારણ છે. પ્રાપ્તની રક્ષામાં ક્ષેમસાધનતાનું જ્ઞાન કારણ છે.

**પ્રશ્ન :—**સુખ કે દુઃખધ્વંસને ઈષ્ટ ગણીને તેના સાધનમાં બુદ્ધિમાન લોકો પ્રવૃત્તિ કરે છે. દુઃખપ્રાગભાવને ઉદ્દેશીને પ્રવૃત્તિ થતી નથી. માટે ક્ષેમસાધનતાજ્ઞાન પણ પ્રવૃત્તિમાં કારણ છે એવું કઈ રીતે કહી શકાય ?

**ઉત્તર :—**ગોવધ કરનારને તજ્જન્ય અધર્મજન્ય દુઃખ અત્યારે તો નથી છતાં ભવિષ્યમાં ન થાય તે

**प्रवृत्तिदर्शनात् । क्षेमरूपञ्च साधनत्वं लब्धपरिरक्षणं सिद्धस्योत्तरकालसत्त्वनिर्वाहकत्वम् । प्रागभावस्याप्युत्तरोत्तरकालसम्बन्धः प्रतियोग्युत्पादविरोधिनिर्वाह्यः । दुःखोत्पादविरोधी च दुःखबीजीभूताधर्मनाशहेतुरात्मतत्त्वज्ञानमेवेति तत्साध्यत्वं दुःखप्रागभावस्येति प्राभाकाराणां मतम् ।**

**( ९ ) तदयुक्तम् । निर्विशेषितदुःखप्रागभावस्याऽप्युत्तरकालसम्बद्धस्य संसारदशासाधारणतया स्वसमानाधिकरणदुःखासमानकालीनदुःखध्वंसविशिष्ट एवासौ**

---

કર્મ અને સાપનો ડંખ દૂર કરવો વગેરે લૌકિક કર્મમાં પ્રવૃત્તિ થતી દેખાય છે. ક્ષેમરૂપ સાધનતા એટલે પ્રાપ્તનું રક્ષણ કરવું અર્થાત્ સિદ્ધ પદાર્થનું ઉત્તર કાળમાં સત્ત્વ નિર્વહન કરવું. પ્રાગભાવના પ્રતિયોગી પદાર્થના ઉત્પાદના વિરોધીની ઉપસ્થિતિને કારણે પ્રાગભાવનો ઉત્તરકાલમાં સંબંધ ચાલુ રહે છે. દુઃખની ઉત્પત્તિનું વિરોધી આત્મતત્ત્વનું જ્ઞાન છે. દુઃખનું બીજ અધર્મ છે. અધર્મનો નાશ તત્ત્વજ્ઞાનથી થાય છે. તેથી દુઃખ ઉત્પન્ન થતું નથી. આમ દુઃખપ્રાગભાવ તત્ત્વજ્ઞાનસાધ્ય છે.

(૯) **શબ્દાર્થ :–**કોઈ પણ વિશેષણથી રહિત ઉત્તરકાલસંબદ્ધ દુઃખપ્રાગભાવ સંસારદશામાં પણ હોય છે તેથી પોતાના અધિકરણમાં રહેલા દુઃખના અસમાનકાલીન દુઃખધ્વંસથી વિશિષ્ટ

---

માટે તે ગોવધજન્ય દુઃખના વિરોધી પ્રાયશ્ચિત્તમાં પ્રવૃત્તિ કરે છે. આ પ્રવૃત્તિનું ઉદ્દેશ્ય શું છે ? દુઃખ જ ઉત્પન્ન થયું નથી તો તેના ધ્વંસને ઉદ્દેશીને પ્રવૃત્તિ કેવી રીતે થશે ? તે જ રીતે સાપ કરડે નહીં છતાં તેનો ડંખ(=દાંત) કાઢવાની પ્રવૃત્તિ થાય છે. સર્પદંશજન્ય દુઃખ નથી તેથી તજ્જન્ય દુઃખનો ધ્વંસ ઉદ્દેશ્ય નથી. આમ વૈદિક સ્થળે પ્રાયશ્ચિત્તાદિમાં અને લૌકિક સ્થળે ડંખ દૂર કરવામાં પ્રવૃત્તિ થાય છે તેનો ઉદ્દેશ દુઃખધ્વંસ નથી. આનો અર્થ એ થયો કે કેવળ ઉત્પન્ન થયેલા દુઃખનો ધ્વંસ કરવામાં પ્રવૃત્તિ થાય છે તેવું નથી. ઉત્પન્ન ન થયા હોય તેવા દુઃખ ન આવે એ માટે પણ પ્રવૃત્તિ થાય છે. અનુત્પન્ન દુઃખ એટલે જ દુઃખનો પ્રાગભાવ. દુઃખ પ્રાગભાવના સાધનમાં ઈષ્ટસાધનતાનું જ્ઞાન કારણ નથી પણ ક્ષેમસાધનતાનું જ્ઞાન કારણ બની શકે છે. ક્ષેમનો અર્થ છે પ્રાપ્તની રક્ષા. એટલે જે સિદ્ધ છે તેનું સત્ત્વ ઉત્તરકાળમાં ટકાવી રાખવું. પ્રાગભાવ અનાદિ હોવાથી સિદ્ધ છે તેનું અસ્તિત્વ ઉત્તરકાળમાં ટકી રહે તે માટે પ્રવૃત્તિ થઈ શકે છે. પ્રાગભાવનો પ્રતિયોગી પ્રાગભાવનો વિરોધી છે. ઘટ ઉત્પન્ન થતાંવેત ઘટનો પ્રાગભાવ નાશ પામે છે. જ્યાં સુધી પ્રતિયોગી ઉત્પન્ન થતાં નથી ત્યાં સુધી પ્રાગભાવ ટકી રહે છે. પ્રાગભાવના પ્રતિયોગીનો વિરોધી પદાર્થ પ્રાગભાવ ટકાવી રાખે છે. પ્રસ્તુત સ્થળે દુઃખપ્રાગભાવનો પ્રતિયોગી દુઃખ છે. દુઃખનું બીજ અધર્મ છે. તત્ત્વજ્ઞાન અધર્મનો નાશ કરે છે તેથી દુઃખ ઉત્પન્ન થતું નથી અને દુઃખપ્રાગભાવ ટકી રહે છે. આ રીતે તત્ત્વજ્ઞાન દુઃખપ્રાગભાવને ટકાવવામાં મદદરૂપ થાય છે. તેથી મોક્ષ તત્ત્વજ્ઞાનથી નિર્વાહ્ય છે.

આ પ્રાભાકરોનો મત છે.

(૯) **વિવરણ :–**પ્રાભાકરોનો મત અયુક્ત છે. પ્રાભાકરોએ દુઃખપ્રાગભાવને મુક્તિ કહી, નૈયાયિકોએ દુઃખધ્વંસને મુક્તિ કહી. સંસારાવસ્થામાં થતા દુઃખધ્વંસમાં અતિવ્યાપ્તિ ન થાય તે માટે નૈયાયિકોએ સ્વસમાનાધિકરણદુઃખાસમાનકાલીનત્વ એ દુઃખધ્વંસનું વિશેષણ વિવક્ષિત કર્યું. આ અતિવ્યાપ્તિ પ્રાભાકરોના મતમાં પણ છે. યત્કિંચિત્ દુઃખપ્રાગભાવ સંસાર અવસ્થામાં પણ છે. તેથી સંસાર

**मोक्षरूपो वाच्यः । तादृशश्चाऽप्रसिद्धः मुक्तस्य दुःखानुत्पत्त्या मुक्तिदशायां तत्प्रागभावासत्त्वात् । अनागतस्यैव प्रागभावप्रतियोगित्वात् । दुःखं मे मा भूदित्यादिकामना च उत्तरोत्तरकालसम्बन्धविशिष्टदुःखात्यन्ताभावविषयिण्येव, नित्यत्वेऽपि तस्य**

---

દુઃખપ્રાગભાવ મોક્ષ કહી શકાય. આવો વિશિષ્ટ પ્રાગભાવ અપ્રસિદ્ધ છે, કારણ કે મુક્તિદશામાં દુઃખનો પ્રાગભાવ હોતો નથી. ભવિષ્યમાં ઉત્પન્ન થનાર પદાર્થ જ પ્રાગભાવનો પ્રતિયોગી હોય છે.

અને 'दुःखं मे मा भूत्' આ ઇચ્છાનો વિષય ઉત્તરઉત્તર કાલસંબંધ વિશિષ્ટ દુઃખાત્યંતાભાવ થઈ શકે છે, અત્યંતાભાવ નિત્ય છે છતાં તે સાધ્ય બની શકે છે. દુઃખપ્રાગભાવના અભાવથી

---

અવસ્થામાં આવતી અતિવ્યાપ્તિનું વારણ કરવા તેમણે પણ વિશેષણની વિવક્ષા કરવી પડશે. દુઃખપ્રાગભાવ જે આત્મામાં રહે છે તે આત્મામાં રહેતા અન્ય દુઃખ અને દુઃખધ્વંસ સમાનકાળે ન રહેતા હોય આવો પ્રાગભાવ મોક્ષ કહેવાય. સંસારીદશામાં યત્કિંચિત્ દુઃખપ્રાગભાવ જે આત્મામાં રહે છે તેમાં રહેતા અન્ય દુઃખ અને દુઃખધ્વંસ સમકાલીન છે. માટે તે અવસ્થામાં થતા દુઃખપ્રાગભાવમાં અતિવ્યાપ્તિ નથી. વિશિષ્ટ દુઃખપ્રાગભાવની વિવક્ષાથી અતિવ્યાપ્તિ ટળી જશે પણ આવો પ્રાગભાવ મુક્તિમાં સંભવે છે કે નહીં ? તે પણ વિચારવું પડશે. વિશિષ્ટ પ્રાગભાવ મુક્તિમાં સંભવતો નથી. ભવિષ્યમાં ઉત્પન્ન થનાર પદાર્થનો વર્તમાનમાં પ્રાગભાવ હોય છે. મુક્તિમાં દુઃખ ઉત્પન્ન થવાનું જ નથી તો દુઃખનો પ્રાગભાવ કેવી રીતે હોઈ શકે ?

**પ્રશ્ન :—**જો દુઃખપ્રાગભાવ સાધ્ય ન હોય તો પ્રાયશ્ચિત્તાદિ વૈદિક કર્મોમાં અને સર્પના ડંખ કાઢવો વગેરે લૌકિક કર્મોમાં પ્રવૃત્તિ કેવી રીતે થશે ? दुःखं मे मा भूत् એ કામના પ્રવૃત્તિનું કારણ કેવી રીતે બનશે ?

**જવાબ :—**'दुःखं मे मा भूत्' એ કામનાનો વિષય પ્રાગભાવ નથી પણ અત્યંતાભાવ છે. 'વર્તમાનકાલીન દુઃખાત્યંતાભાવનો ઉત્તરઉત્તરકાળમાં પણ સંબંધ રહે' આ પ્રકારની કામના થાય છે. તેથી ઉત્તરોત્તરકાલસંબંધવિશિષ્ટ દુઃખાત્યંતાભાવ કામનાનો વિષય છે.

**પ્રશ્ન :—**અત્યંતાભાવ નિત્ય છે તેથી તેનું સાધન કોણ થશે જેના આધારે ઇષ્ટસાધનતા કે ક્ષેમસાધનતાનું જ્ઞાન થાય ?

**જવાબ :—**જેમ પ્રાગભાવ નિત્ય હોવા છતાં તેના ઉત્તરકાલ સંબંધનો પ્રતિયોગીવિરોધીત્વેન નિર્વાહ થાય છે તેમ અત્યંતાભાવના ઉત્તરકાલસંબંધનો નિર્વાહ પણ તે જ રીતે થશે તેથી તે પણ સાધ્ય બની શકે છે.

આમ પ્રાભાકરોએ દુઃખપ્રાગભાવને મુક્તિ તરીકે સ્થાપવા જે યુક્તિ વાપરી તે જ યુક્તિથી દુઃખાત્યંતાભાવને પણ મોક્ષ માની શકાશે.

**પ્રશ્ન :—**દુઃખ્યાત્યંતાભાવ મોક્ષ નથી, કારણ કે—તે સુષુપ્તિમાં પણ હોય છે તેથી મોક્ષના લક્ષણની અતિવ્યાપ્તિ થશે.

**प्रागभाववत् साध्यत्वमक्षतमेव । दुःखप्रागभावाभावविशिष्टदुःखात्यन्ताभावो मोक्षः सुषुप्त्यादिदशायां विशेषणाभावात् नातिप्रसङ्ग इति तु सुवचम् ।**

**( १० ) *अथ* यथा दूरस्थसरोऽवगाहनादिसाध्यस्य तदुपायपूर्वकत्वादिविशेषण-विशिष्टसन्तापशान्त्यादिरूपफलस्य अनायाससिद्धवृष्ट्यादितोऽनिर्वाहेऽपि विशेष्य-**

---

વિશિષ્ટ દુઃખનો અત્યંતાભાવ મોક્ષ છે. સુષુપ્તિ વગેરે દશામાં વિશેષણનો અભાવ હોવાથી અતિવ્યાપ્તિ નથી આવું પણ કહી શકાય છે.

**(૧૦) શબ્દાર્થ :–પૂર્વપક્ષઃ** દૂરના સરોવરમાં અવગાહન જન્યત્વ વિશિષ્ટ સંતાપશાંતિરૂપ ફલનો અનાયાસસિદ્ધ વૃષ્ટિથી નિર્વાહ ન થતો હોવા છતાં પણ ફક્ત વિશેષ્ય રૂપ સંતાપશાંતિ ફલ તો વૃષ્ટિથી સાધ્ય છે માટે (ફક્ત વિશેષ્યની ઇચ્છા હોય તો) દૂરના સરોવરના અવગાહનમાં

---

**જવાબ :–**જે અત્યંતાભાવ સાથે દુઃખનો પ્રાગભાવ ન હોય તે દુઃખાત્યંતાભાવ મોક્ષ કહેવાય. પહેલાં કહ્યું તેમ ભવિષ્યમાં ઉત્પન્ન થનાર પદાર્થનો પ્રાગભાવ હોય. મુક્તિમાં દુઃખ ઉત્પન્ન થવાનું નથી માટે દુઃખનો પ્રાગભાવ નથી. આમ મુક્તિમાં રહેતો દુઃખાત્યંતાભાવ પ્રાગભાવાભાવવિશિષ્ટ છે. સંસારી અવસ્થામાં સુષુપ્તિ અવસ્થા બાદ દુઃખ ઉત્પન્ન થવાનું છે. આથી સુષુપ્તિ અવસ્થામાં દુઃખ પ્રાગભાવ છે. સુષુપ્તિ અવસ્થાનો અત્યંતાભાવ દુઃખપ્રાગભાવાભાવ વિશિષ્ટ નથી. માટે અતિવ્યાપ્તિ નથી.

આ રીતે દુઃખાત્યંતાભાવ મુક્તિ છે. 'દુઃખપ્રાગભાવ મુક્તિ છે' એ વાત યોગ્ય નથી.

**(૧૦) વિવરણ :–**મનુષ્યની સ્વાભાવિક પ્રવૃત્તિ અલ્પ આયાસ તરફ હોય છે. અલ્પ પ્રયત્નથી મળતા ફળમાં તેને વિશેષ પક્ષપાત હોય છે. (નજીકમાં બે રૂપિયામાં ચા મળતી હોય તો સ્પેશ્યલ ચા પીવા હોટલ સુધી લાંબા થવાનું કોઈ પસંદ કરતું નથી.) ફળ બે પ્રકારના હોય છે–એક અવિશિષ્ટ ફળ અને બીજું વિશિષ્ટ ફળ (ચા અને સ્પેશ્યલ ચા) સુખ કે દુઃખનિવૃત્તિ એ અવિશિષ્ટ ફળ છે. તે વિશેષ્ય જ જ્યારે વિશેષણથી વિશિષ્ટ બને ત્યારે વિશિષ્ટ ફળ બને. અવિશિષ્ટ ફળમાં પ્રવૃત્તિની દૃષ્ટિએ કોઈ ફરક પડતો નથી. વિશિષ્ટ ફળમાં વિશેષ્યભાગ સહેલાઈથી સાધ્ય બનતો હોય અને વિશેષણ ભાગ અઘરો હોય ત્યારે પ્રવૃત્તિ સહેલાઈથી સાધ્ય બનતા વિશેષ્યમાં જ થાય છે. વિશિષ્ટફળમાં પ્રવૃત્તિ થતી નથી. ઉદાહરણ તરીકે રણમાં એક માણસને તરસ લાગી છે. જલ ન મળવાથી તેને સંતાપ થઈ રહ્યો છે. સંતાપશાંતિ તેનું ઉદ્દેશ્ય (=ફળ) છે. જલ માટે તે નજર દોડાવે છે. દૂર સરોવર નજરે પડે છે. તે સમજે છે કે સંતાપશાંતિ કરવી હોય તો સરોવરમાં જઈ ડૂબકી લગાવી પાણી કાઢવાનો શ્રમ વેઠવો પડશે. બીજો કોઈ ઉપાય ન મળતાં તે શ્રમ વેઠીને સંતાપ શમાવે છે. આ જ સમયે આકાશમાં વાદળ ઉમટી આવે ને વૃષ્ટિ થાય તો તે માણસ સરોવર સુધી લાંબો થતો નથી. આ વાત અનુભવ સિદ્ધ છે. આ સ્થળે સંતાપશાંતિ ફળ છે. અન્ય કોઈ ઉપાય ન હોય ત્યારે દૂરસ્થ સરોઅવગાહન દ્વારા જ તે સાધ્ય છે.આમ અવિશિષ્ટ એવી સંતાપશાંતિ દૂરસ્થ સરોઅવગાહનઉપાયપૂર્વકત્વ વિશેષણથી વિશિષ્ટ બને. અહીં વિશેષણને કારણે વિશિષ્ટ=ફળ શ્રમસાધ્ય બને છે. વિશેષ્ય સંતાપશાંતિ જો અનાયાસે થતી વૃષ્ટિથી સાધ્ય જણાય તો વિશિષ્ટ ફળ માટે પ્રવૃત્તિ નહીં થાય. કારણ કે શ્રમસાધ્ય ફળમાં બલવદ્ દ્વેષ પ્રવૃત્તિનો પ્રતિબંધ કરે છે.

પ્રસ્તુતમાં, આત્યંતિક દુઃખનિવૃત્તિને મુક્તિ કહી છે. અહીં દુઃખનિવૃત્તિ વિશેષ્ય છે અને

**सन्तापशान्त्यादिरूपफलस्य वृष्ट्यादितो निर्वाहप्रतिसन्धाने दूरस्थसरोऽवगाहनादौ तज्जन्यश्रमे बलवद्द्वेषान्न प्रवृत्तिः, तथा दुःखनिवृत्तिमात्रफलस्य लघूपायतो निर्वाह-प्रतिसन्धानेनाऽऽत्यन्तिकदुःखनिवृत्तिरूपमोक्षार्थितयाऽपि बहुतरश्रमानुविद्धयोगाभ्यासादौ प्रवृत्त्यनुपपत्तिरिति *चेन्न* । यथा सुखमात्रस्य लघूपायत्वप्रतिसन्धानेऽपि दुःखासम्भिन्नसुखरूपस्वर्गार्थितया बहुवित्तव्ययायाससाध्ययागादावपि प्रवर्तन्ते दुःखासम्भिन्नत्वरूपविशेषणपुरस्कारेण उत्कटरागसम्भवात् बहुवित्तव्ययायासादौ**

---

થનારા શ્રમમાં બવવદ્ દ્વેષથી પ્રવૃત્તિ ન થાય. તેમ છતાં વિશેષ્ય 'સંતાપશાંતિરૂપ ફળનો નિર્વાહ વૃષ્ટિ વગેરેથી થાય છે' એવું જ્ઞાન થતાં દૂર રહેલા સરોવરના અવગાહનમાં પ્રવૃત્તિ થતી નથી. કેમકે સરોવરના અવગાહનમાં બલવાન દ્વેષ જન્મે છે. તે રીતે એકલી દુઃખનિવૃત્તિ રૂપ ફળનું સહેલા ઉપાયથી પરિજ્ઞાન થતા આત્યંતિક દુઃખનિવૃત્તિરૂપ મોક્ષની ઇચ્છા ધરાવતી વ્યક્તિ પણ ઘણા શ્રમથી સાધ્ય યોગાભ્યાસ વગેરેમાં પ્રવૃત્તિ નહીં કરે.

**ઉત્તરપક્ષ :—**એકલું સુખ સહેલા ઉપાયથી સાધ્ય છે. તેવું પરિજ્ઞાન થવા છતાં દુઃખાસંભિન્ન સુખરૂપ સ્વર્ગની ઇચ્છાથી ઘણા પૈસા અને શ્રમથી સાધ્ય યાગાદિમાં પણ લોકો પ્રવૃત્તિ કરે છે, કારણ કે સુખમાં દુઃખાસંભિન્નત્વરૂપ વિશેષણને પ્રધાન કરીને ઉત્કટ રાગ થાય છે અને ઘણા પૈસા અને શ્રમ વગેરેમાં ઉત્કટ દ્વેષ જાગતો નથી. તે જ રીતે આત્યંતિકત્વરૂપ વિશેષણને

---

આત્યંતિકત્વ વિશેષણ છે. એકલું વિશેષ્યરૂપ ફળ અલ્પ પ્રયત્નથી સાધ્ય છે એવું જ્ઞાન થાય તો ઘણા પ્રયત્નથી સાધ્ય વિશિષ્ટ ફળના ઉપાયમાં પ્રવૃત્તિ નહીં થાય. એકલી દુઃખનિવૃત્તિ અલ્પ પ્રયત્નથી સાધ્ય છે. આત્યંતિકી દુઃખનિવૃત્તિ માટે યોગ અભ્યાસ વગેરે ઘણા પ્રયાસ કરવા પડે છે માટે તેમાં પ્રવૃત્તિ થશે નહીં. આ પૂર્વપક્ષનો આશય છે.

ઉત્તરપક્ષનો આશય આ પ્રમાણે છે. પ્રવૃત્તિનું કારણ અલ્પાયાસસાધ્યત્વ નથી પણ ઉત્કટઇચ્છા વિષયત્વ છે. જે ફળ થોડી મહેનતથી મળે તેના ઉપાયમાં પ્રવૃત્તિ થાય છે એ નિયમ નથી. જેની ઉત્કટ ઇચ્છા હોય તેના ઉપાયમાં પ્રવૃત્તિ થાય છે. ઉત્કટેચ્છાનો વિષય ઘણા પ્રયત્નથી સાધ્ય હોય તો પણ પ્રવૃત્તિ થાય છે. દાખલા તરીકે :- એકલું સુખ નાની મોટી મહેનત કરવાથી મળી રહે છે છતાં દુઃખવગરનું સુખ સ્વર્ગ છે તેને પામવા માટે લોકો ઘણી મહેનત કરીને ખૂબ પૈસા ખરચીને યજ્ઞ કરે છે. એટલે વિશેષ્ય લઘુ આયાસ સાધ્ય છે, વિશેષણ બાહ્વાયાસ સાધ્ય છે છતાં વિશિષ્ટમાં પ્રવૃત્તિ થાય છે. તેનું કારણ દુઃખાસંભિન્નત્વ એ વિશેષણમાં ઉત્કટ રાગ છે. આ ઉત્કટ રાગને કારણે બહ્વાયાસસાધ્યત્વને કારણે જન્મતો બલવાન્ દ્વેષ દબાઈ જાય છે, તેથી પ્રવૃત્તિ થાય છે. આ જ પ્રમાણે દુઃખનિવૃત્તિના આત્યંતિકત્વ વિશેષણમાં ઉત્કટ રાગ થાય તે સહજ છે અને અનુભવાય છે. આ રાગ યોગાભ્યાસાદિ વગેરે ઘણા શ્રમથી સાધ્ય હોવા છતાં તેમાં દ્વેષ થવા દેતો નથી માટે પ્રવૃત્તિ થાય છે.

**પ્રશ્ન :—**આ રીતે જો બહુ આયાસ સાધ્ય વિશિષ્ટ સુખના ઉપાયમાં પણ પ્રવૃત્તિ થતી હોય તો દૂરસ્થ સરોવગાહનમાં પણ પ્રવૃત્તિ થવી જોઈએ.

**उत्कटद्वेषानुदयात् तथाऽऽत्यन्तिकत्वरूपविशेषणपुरस्कारेण उत्कटरागस्याऽऽनुभविकतया तद्विशिष्टफलार्थितया बहुतरश्रमानुविद्धेऽपि मोक्षोपाये प्रवृत्तिसम्भवात् । उपादेयतानवच्छेदकसरोऽवगाहनपूर्वकत्वादिविशेषणविशिष्टसन्तापशान्त्यादिफले रागौत्कट्यविरहाद् उक्तस्थले सरोऽवगाहनादौ प्रवृत्तेरयोगात् ।**

**( ११ ) *केचित्तु* दुःखध्वंसस्य कारणान्तरादेव सम्भवेन न तस्य तत्त्वज्ञानजन्यत्वमित्यालोच्य दुःखबीजदुरितनाशस्यैवात्यन्तिकस्य मोक्षरूपतां स्वीकुर्वन्ति । तस्यात्यन्तिकत्वं स्वसमानाधिकरणदुरितासमानकालीनत्वमेव । भोगजन्ये प्रायश्चित्त-**

---

પ્રધાન કરીને ઉત્કટ રાગ થતો અનુભવાય છે માટે આત્યંતિકત્વવિશિષ્ટદુઃખધ્વંસરૂપી ફળના અર્થીની ઘણા શ્રમ ધરાવતા મોક્ષના ઉપાયમાં પ્રવૃત્તિ થાય છે. વૃષ્ટ્યાદિથી સંતાપ શાંતિ થાય છે. તે સ્થળે સરોવગાહનપૂર્વકત્વ ઉપાદેયતાનું અવચ્છેદક નથી. તેથી તદ્વિશિષ્ટ સંતાપશાંતિમાં ઉત્કટરાગ થતો નથી. માટે સરોવગાહનમાં પ્રવૃત્તિ થતી નથી.

**(૧૧) શબ્દાર્થ :–**કેટલાક લોકો એમ કહે છે કે–'દુઃખધ્વંસ બીજા કારણથી જ થાય છે તેથી તત્ત્વજ્ઞાન જન્ય નથી.' માટે તેઓ દુઃખના કારણ દુરિતના આત્યંતિક નાશને જ મોક્ષરૂપે સ્વીકારે છે. તે આત્યંતિક છે એટલે પોતાના (=દુરિતનાશના) અધિકરણમાં રહેતા દુરિતનો સમકાલીન નથી. દુરિતનાશનું આત્યંતિક એવું વિશેષણ ભોગથી અને પ્રાયશ્ચિત્તથી થતા દુરિતનાશમાં અતિપ્રસંગનું વારણ કરવા માટે છે.

---

**જવાબ :–**સરોવર દૂર છે તેથી ઉપાદેય નથી. સરોવગાહનત્વવિશિષ્ટસંતાપશાંતિ રૂપ ફળ ઉપાદેય છે. ઉપાદેયતાવચ્છેદક તાદૃશઉપાયપૂર્વકત્વ છે. સરોવર દૂર હોવાથી ઉપાદેયતાવચ્છેદક બનતું નથી. તેમાં ઉત્કટરાગ જન્મતો નથી. તેથી સરોઅવગાહનમાં પ્રવૃત્તિ થતી નથી.

**(૧૧) વિવરણ :–**કેટલાક વિદ્વાનોના મતે મોક્ષ દુઃખનિવૃત્તિરૂપ નથી પણ દુઃખનું કારણ દુરિતની નિવૃત્તિ રૂપ છે. જેઓ દુઃખનિવૃત્તિને મોક્ષ માને છે તેમના મતે મોક્ષ સાક્ષાત્ તત્ત્વજ્ઞાન જન્ય નથી. તત્ત્વજ્ઞાનથી દુરિતનો ક્ષય થાય તેથી દુઃખનિવૃત્તિ થાય. જેઓ દુરિત નિવૃત્તિને મોક્ષ માને છે તેમના મતે મોક્ષ સાક્ષાત્ તત્ત્વજ્ઞાનજન્ય છે. દુઃખધ્વંસને બદલે દુરિતધ્વંસને મુક્તિ માનવાનું કારણ એ છે કે–દુઃખધ્વંસ માટે તત્ત્વજ્ઞાનની જરૂર નથી. કારણ કે 'યોગ્યવિભુના વિશેષગુણો સ્વાનંતરોત્પન્ન વિશેષગુણથી નાશ પામે છે.' આ નિયમના આધારે દુઃખનો નાશ સ્વાનંતરોત્પન્ન દુઃખથી જ થાય છે, દુઃખનાશ માટે તત્ત્વજ્ઞાનની જરૂર નથી. આમ તત્ત્વજ્ઞાનની કારણતા વ્યર્થ થઈ જાય છે. તત્ત્વજ્ઞાનની સાર્થકતા માટે દુરિતના નાશને મુક્તિ કહેવી જોઈએ. દુરિત એટલે અદૃષ્ટ. સંસારમાં રહીને પણ આંશિક દુરિતનો નાશ ભોગથી અથવા પ્રાયશ્ચિત્તથી થાય છે. તેથી દુરિતનાશને આત્યંતિકત્વ વિશેષણથી વિશેષિત કરવો જોઈએ. જે આત્મામાં દુરિતનો નાશ થાય છે તેમાં રહેતા દુરિતનો સમકાલીન ન હોય તેવો દુરિતનાશ આત્યંતિક કહેવાય. એક અધિકરણમાં એક કાલે દુરિત અને દુરિતનાશ સાથે ન રહે તેવો દુરિતનાશ આત્યંતિક છે. ભોગથી કે પ્રાયશ્ચિત્તથી દુરિતનાશ થાય છે ત્યારે તે આત્મામાં અન્ય દુરિત હોય છે. આમ તે દુરિતનાશ આત્યંતિક નથી તેથી તેમાં મોક્ષના લક્ષણની અતિવ્યાપ્તિ થશે નહીં.

**जन्ये च दुरितनाशेऽतिप्रसङ्गभङ्गाय तद्विशेषणोपादानम् । *न च* तच्छरीरारम्भककर्मणां तत्त्वज्ञाने जातेऽपि भोगादेव क्षयः, अत एव तत्त्वज्ञानिनोऽपि नारदादयः सुखोपाये प्रवर्तन्ते दुःखोपाये च निवर्तन्ते, तथा च तत्त्वज्ञानजन्यदुरितनिवृत्तेस्तादृशदुरित-समानकालीनतया नोक्तरूपात्यन्तिकत्वं निर्वहतीति *वाच्यम्* । जातेऽपि तत्त्वज्ञाने भोगादेव प्रारब्धशरीरकर्मसु क्षीणेष्वेव तत्त्वज्ञानान्तरादितरदुरितनाशोपगमात् तस्यैवात्यन्तिकत्वेन मोक्षरूपत्वात् । *न च* तादृशकर्मसु विद्यमानेष्वेव तत्त्वज्ञानरूप-**

---

**પ્રશ્ન :–**તત્ત્વજ્ઞાન થઈ જાય તેમ છતાં તે શરીરનો આરંભ કરનારા કર્મોનો ભોગથી જ ક્ષય થાય છે. આથી જ નારદ વગેરે તત્ત્વજ્ઞાનીઓ સુખના ઉપાયમાં પ્રવૃત્તિ કરે છે અને દુઃખના ઉપાયથી નિવૃત્ત થાય છે. આમ તત્ત્વજ્ઞાનથી થતો દુરિતનાશ શરીરઆરંભક દુરિતનો સમાનકાલીન જ છે. તેથી મુક્તિમાં આત્યંતિકત્વ વિશેષણ ઘટતું નથી.

**જવાબ :–**તત્ત્વજ્ઞાન થયા પછી પણ ભોગથી જ પ્રારબ્ધ શરીર કર્મનો ક્ષય થાય છે. તે ક્ષય થયા પછી બીજું તત્ત્વજ્ઞાન થાય છે, તેવું સ્વીકાર્યું છે. બીજા તત્ત્વજ્ઞાનથી થતો દુરિતનાશ આત્યંતિક છે અને તે જ મોક્ષ છે.

---

**પ્રશ્ન :–**તત્ત્વજ્ઞાનથી આત્યંતિક દુરિતનિવૃત્તિ થાય છે એ વાત સાચી નથી. તત્ત્વજ્ઞાનજન્ય દુરિતનિવૃત્તિ પણ દુરિત સમકાલીન જ છે. તત્ત્વજ્ઞાન ઉત્પન્ન થયા પછી પણ શરીર તો રહે જ છે. જ્યાં સુધી શરીરનિર્વર્તક કર્મો છે ત્યાં સુધી શરીર છે. શરીરનિર્વર્તક કર્મો ભોગથી જ નાશ પામે છે. એટલે તત્ત્વજ્ઞાન ઉત્પન્ન થયા પછી પણ શરીરનિર્વર્તક કર્મો હોવાથી તત્ત્વજ્ઞાનજન્ય દુરિતનાશ આત્યંતિક ન થયો. તત્ત્વજ્ઞાન થાય એટલે તમામ દુરિતનો નાશ થઈ જ જાય એવું નથી. પ્રારબ્ધ કર્મનો નાશ ભોગથી જ થાય છે. તત્ત્વજ્ઞાન થયા પછી પણ પ્રારબ્ધ કર્મો હોય છે. માટે જ નારદ જેવા તત્ત્વજ્ઞાનીઓ પણ પ્રારબ્ધ અનુસાર સુખના ઉપાયમાં પ્રવૃત્તિ કરે છે અને દુઃખના ઉપાયથી નિવૃત્ત થાય છે. આમ, આત્યંતિક દુરિતનાશ શક્ય નથી.

**જવાબ :–**તત્ત્વજ્ઞાનના બે તબક્કા છે. પ્રારંભિક તત્ત્વજ્ઞાન થયા પછી પણ પ્રારબ્ધકર્મનો ક્ષય થતો નથી. પ્રારબ્ધકર્મ ભોગથી ક્ષય પામે ત્યારે દ્વિતીય કક્ષાનું તત્ત્વજ્ઞાન થાય છે. આ તત્ત્વજ્ઞાનથી બીજા તમામ દુરિતોનો નાશ થાય છે. અને આ તત્ત્વજ્ઞાનથી જન્ય દુરિતધ્વંસ જ આત્યંતિક છે. પ્રાથમિક તત્ત્વજ્ઞાનજન્યદુરિતધ્વંસ લક્ષ્ય નથી માટે તેમાં અતિવ્યાપ્તિ થશે નહીં. પ્રારંભિક તત્ત્વજ્ઞાન થયા પછી પણ જ્યાં સુધી પ્રારબ્ધશરીરકર્મ બાકી છે ત્યાં સુધી ઈતર સકલ કર્મોનો ક્ષય થતો નથી. દ્વિતીય કક્ષાના તત્ત્વજ્ઞાનથી જ તે થાય છે.

**પ્રશ્ન :–**પ્રારબ્ધકર્મની હાજરીમાં (પ્રારંભિક કક્ષાનું) તત્ત્વજ્ઞાન તો છે. તો તેના દ્વારા ઈતર કર્મોનો ક્ષય કેમ નથી થતો ?

**જવાબ :–**દુરિતનિષ્ઠ-નાશ્યતા-નિરૂપિત નાશકતાવચ્છેદક જાતિ ચરમતત્ત્વજ્ઞાનમાં જ છે. અર્થાત્ દુરિતનો સર્વનાશ ચરમતત્ત્વજ્ઞાનથી જ થાય છે. માટે પ્રાથમિક તત્ત્વજ્ઞાનથી ઈતર કર્મોનો ક્ષય થતો નથી.

**नाशकबलात् कथं नेतरकर्मक्षय इति *वाच्यम्*। चरमतत्त्वज्ञान एव दुरितनाशकतावच्छेदकजातिविशेषोपगमात् । *न च* तत्त्वज्ञानादशेषदुरितनाशेऽर्थवशादेव तस्य स्वसमानाधिकरणदुरितासमानकालीनत्वरूपात्यन्तिकत्वनिर्वाह इति पुरुषान्तरीयदुरितासमानकालीनदुरितध्वंसत्ववन्निरुक्तं मुक्तित्वमपि न तत्त्वज्ञानजन्यतावच्छेदकम्, तत्त्वज्ञाननाश्यतावच्छेदकतया च न दुरितेषु जातिविशेषकल्पनसम्भवः गोवधादिजन्यतावच्छेदकजातिभिः सङ्करप्रसङ्गात्, अविशेषितदुरितनाशत्वेऽपि न तत्त्वज्ञानजन्यतावच्छेदकत्वसम्भवः भोगजन्यादिदुरितनाशे व्यभिचारादिति कथं तादृश्यामपि**

---

**પ્રશ્ન :—**નાશ પામતા કર્મોની હાજરીમાં જ તત્ત્વજ્ઞાન રૂપ નાશકથી બીજા કર્મો (શરીર આરંભક)નો ક્ષય કેમ થતો નથી ?

**જવાબ :—**દુરિતનાશકતાની અવચ્છેદક જાતિ ચરમતત્ત્વજ્ઞાનમાં જ સ્વીકારવામાં આવી છે.

**પ્રશ્ન :—**તત્ત્વજ્ઞાનથી તમામ દુરિતનો નાશ થતાં અર્થવશાત્ તેના સ્વસમાનાધિકરણ દુરિતાસમાનકાલીનત્વ રૂપ આત્યંતિકત્વનો નિર્વાહ થઈ જાય છે તેથી ઉપર્યુક્ત મુક્તિત્વ તત્ત્વજ્ઞાનનિરૂપિત જન્યતાનું અવચ્છેદક નથી. તત્ત્વજ્ઞાનથી નાશ્યતાવચ્છેદક તરીકે દુરિતોમાં જાતિવિશેષની કલ્પના પણ સંભવતી નથી. કારણ કે ગોવધ વગેરેથી નિરૂપિત જન્યતાની અવચ્છેદિકા જાતિ સાથે સંકર દોષનો પ્રસંગ થાય છે. તત્ત્વજ્ઞાનનિરૂપિતજન્યતાવચ્છેદક તરીકે અવિશેષિત એવો દુરિતનાશત્વ ધર્મ પણ સંભવતો નથી, કારણ કે—ભોગજન્ય વગેરે દુરિતનાશમાં

---

**પ્રશ્ન :—**બીજા પુરુષના દુરિતનો અસમકાલીન દુરિતધ્વંસ મોક્ષ નથી. કારણ કે તે અર્થસમાજગ્રસ્ત છે. આત્યંતિકત્વવિશિષ્ટ દુરિતધ્વંસ મોક્ષ છે. આત્યંતિકત્વ વિશેષણ ઘટક પુરુષાંતરીયદુરિતઅસમકાલીનત્વ સ્વતંત્ર સામગ્રીથી નિર્વાહ્ય છે. માટે અર્થસમાજસિદ્ધ હોવાથી પુરુષાંતરીયદુરિતાસમકાલીનદુરિતધ્વંસત્વ કાર્યતાવચ્છેદક મનાતું નથી. તે જ રીતે આત્યંતિકત્વવિશિષ્ટમુક્તિત્વ પણ તત્ત્વજ્ઞાનનિષ્ઠ કારણતાનિરૂપિત કાર્યતાનું અવચ્છેદક બની શકશે નહીં. કારણ કે તે પણ અર્થસમાજગ્રસ્ત છે. ચરમ તત્ત્વજ્ઞાનથી અશેષ દુરિતનો નાશ થાય છે. એનો અર્થ એ કે—જે દુરિતનાશની સામગ્રી છે (ચરમતત્ત્વજ્ઞાન) તે જ આત્યંતિક દુરિતનાશની પણ છે. આમ આત્યંતિકત્વ સ્વતંત્ર સામગ્રીથી નિર્વાહ્ય છે, માટે અર્થસમાજગ્રસ્ત છે તેથી તે કાર્યતાવચ્છેદક બની શકે નહીં. આ રીતે તત્ત્વજ્ઞાન અને આત્યંતિક દુરિતનાશ વચ્ચે કાર્યકારણભાવ નથી. બીજું, તત્ત્વજ્ઞાનનિષ્ઠનાશકતાનિરૂપિત નાશ્યતાના અવચ્છેદક તરીકે દુરિતમાં જાતિવિશેષનું અનુમાન થઈ શકે, પણ તેવી જાતિ માનવામાં સાંકર્ય જાતિબાધક છે. ગોવધજન્ય દુરિતમાં રહેનારી જાતિ સાથે સાંકર્ય છે. ગોવધજન્ય દુરિત પ્રાયશ્ચિત્તથી નાશ પામે છે. તત્ત્વજ્ઞાનથી નાશ પામતું નથી. બ્રહ્મવધજન્ય દુરિત તત્ત્વજ્ઞાનથી નાશ પામે છે, પ્રાયશ્ચિત્તથી નહીં. કોઈ દુરિત, તત્ત્વજ્ઞાન અને પ્રાયશ્ચિત્ત ઉભયથી નાશ્ય છે. આમ સાંકર્ય દોષ હોવાથી તત્ત્વજ્ઞાનનાશ્યતાવચ્છેદક જાતિ માની શકાતી નથી માટે પણ તત્ત્વજ્ઞાન અને આત્યંતિક દુરિતનાશ વચ્ચે કાર્યકારણભાવ નથી. ત્રીજું, જે દુરિતનો નાશ તત્ત્વજ્ઞાન વિના ભોગથી થાય છે તે સ્થળે તત્ત્વજ્ઞાનની કારણતા વ્યભિચરિત છે. માટે પણ તત્ત્વજ્ઞાન અને આત્યંતિક દુરિતનાશ વચ્ચે કાર્યકારણભાવ નથી. ત્રણે રીતે તત્ત્વજ્ઞાનમાં મુક્તિની કારણતા ઘટતી નથી.

**मुक्तौ तत्त्वज्ञानस्य हेतुतेति *वाच्यम्*। भोगादिघटितसामग्रीमन्तरेणैव तत्त्वज्ञानेन दुरितनाशात् तत्र तद्धेतुताया आवश्यकत्वे अगत्याऽऽत्यन्तिकत्वविशिष्टस्यैव तद्धर्मस्य तत्त्वज्ञानजन्यतावच्छेदकत्वसिद्धेः । पुरुषान्तरीयदुरितासमानकालीनत्वविशिष्टस्य दुरितनाशस्य जन्यतावच्छेदकत्वे मानाभाव एव बाधकः ।**

**( १२ ) *अथ* दुरितनाशेऽपि तत्त्वज्ञानस्य हेतुत्वमप्रामाणिकं भोगादेव सर्वत्रादृष्टनाशोपगमाद्, अन्यथा ''नाऽभुक्तं क्षीयते कर्म'' इत्यादिवचनविरोधः स्यात् । *न च***

---

વ્યભિચાર છે. આમ આત્યંતિક વિશેષણથી યુક્ત મુક્તિમાં પણ તત્ત્વજ્ઞાન કારણ કેવી રીતે છે ?

**જવાબ :**—તત્ત્વજ્ઞાન દ્વારા દુરિતનો નાશ થાય છે તેમાં ભોગાદિ ઘટિત સામગ્રીની જરૂર હોતી નથી માટે દુરિતનાશમાં તત્ત્વજ્ઞાનની કારણતા આવશ્યક છે. આ સ્થિતિમાં ન છૂટકે આત્યંતિકત્વવિશિષ્ટદુરિતનાશનિષ્ઠ ધર્મ તત્ત્વજ્ઞાનનિરૂપિત જન્યતાનો અવચ્છેદક સિદ્ધ થાય છે. બીજા પુરુષના દુરિતના અસમકાલીનત્વ વગેરેથી વિશિષ્ટ દુરિતનાશનિષ્ઠ ધર્મ જન્યતાવચ્છેદક બને, એમાં પ્રમાણાભાવ જ બાધક છે.

**(૧૨) શબ્દાર્થ :—પૂર્વપક્ષ :-** જેમ દુઃખનાશમાં તત્ત્વજ્ઞાનની કારણતા પ્રમાણસિદ્ધ નથી તેમ દુરિતનાશમાં પણ તત્ત્વજ્ઞાનની કારણતા અપ્રમાણિક છે. કારણ કે સર્વત્ર અદૃષ્ટનો નાશ

---

**જવાબ :**—દુરિતનાશ પ્રત્યે તત્ત્વજ્ઞાનને કારણ માનવું આવશ્યક છે. કારણ કે એકલા ભોગથી સર્વ દુરિતોનો નાશ થતો નથી. એ માટે તત્ત્વજ્ઞાનની આવશ્યકતા રહે છે. તત્ત્વજ્ઞાનથી થતા સર્વ દુરિતોના નાશમાં ભોગની અપેક્ષા નથી. માટે દુરિતનાશમાં તત્ત્વજ્ઞાનને કારણ માનવું અનિવાર્ય છે. અર્થસમાજ, સાંકર્ય, વ્યભિચાર જેવા દોષો આત્યંતિકત્વ વિશિષ્ટ દુરિતનાશને કાર્યતાવચ્છેદક માનવામાં બાધક છે. છતાં તત્ત્વજ્ઞાનની કારણતા અનિવાર્ય હોવાથી કાર્યતાવચ્છેદક તરીકે અર્થસમાજગ્રસ્ત આત્યંતિકત્વ વિશિષ્ટ દુરિતનાશત્વ માની લેવામાં આવે છે. તે સિવાય કોઈ ઉપાય નથી. વ્યભિચાર, સંકર વગેરે દોષોનું નિવારણ શક્ય નથી.

**પ્રશ્ન :**—જો અર્થસમાજગ્રસ્ત આત્યંતિકત્વવિશિષ્ટદુરિતનાશત્વ કાર્યતાવચ્છેદક બનતું હોય તો સમાનપણે પુરુષાંતરીય દુરિતાસમાનકાલીનત્વવિશિષ્ટ દુરિતનાશત્વ કાર્યતાવચ્છેદક કેમ ન બને ?

**જવાબ :**—આત્યંતિકત્વવિશિષ્ટ દુરિતનાશત્વને કાર્યતાવચ્છેદક માનવા માટે તત્ત્વજ્ઞાનની કારણતાનો નિર્વાહ કરવાની અનિવાર્યતા એ પ્રમાણ છે. પુરુષાંતરીયદુરિતાસમાનકાલીનત્વવિશિષ્ટ દુરિતનાશત્વને કાર્યતાવચ્છેદક માનવામાં કોઈ પ્રમાણ નથી, એ જ બાધક છે.

**(૧૨) વિવરણ :**—આત્યંતિકત્વવિશિષ્ટ દુરિતનાશત્વ અર્થસમાજગ્રસ્ત છે છતાં અગત્યા તેને તત્ત્વજ્ઞાનનિષ્ઠ કારણતાનિરૂપિત કાર્યતાનું અવચ્છેદક માનવામાં આવે છે. તે પણ તો જ બની શકે જો તત્ત્વજ્ઞાન દુરિતનાશનું કારણ હોય. તત્ત્વજ્ઞાનથી દુરિતનાશ થાય છે એ વાતને પ્રમાણનો આધાર નથી. આ આશયથી अथ ઇત્યાદિ પૂર્વપક્ષ છે. 'नाभुक्तं क्षीयते कर्म कल्पकोटिशतैरपि' આ વચન કહે છે કે—'ક્રોડો કલ્પ ભલે પૂરા થઈ જાય પણ ભોગવ્યા વિના કર્મનો ક્ષય થતો નથી.' આ વચનથી કર્મનાશનું કારણ ભોગ

**तत्त्वज्ञानेन कर्मणोऽविनाशे तत्त्वज्ञानिनामात्यन्तिकदुःखनिवृत्तिः कथं स्यादिति *वाच्यम्* । प्राचीनकर्मणां भोगादेव क्षयेण, वासनाविरहेण निषिद्धानाचरणादिना-ऽदृष्टान्तराजननात् दुःखानुत्पादेन कतिपयकालोत्तरं आत्यन्तिकदुःखविगमसम्भवात् । अत एव तत्त्वज्ञानेन कर्मणामविनाशे दुःखस्याऽऽवश्यकतया तत्त्वज्ञानोपाये प्रवृत्त्यनुपपत्तिरित्यपि समाहितम् ।**

---

ભોગથી જ થાય છે. નહીં તો 'नाऽभुक्तं क्षीयते कर्म' (ભોગવગર કર્મનો ક્ષય થતો નથી) આ વચનનો વિરોધ આવશે.

**પ્રશ્ન :—**જો તત્ત્વજ્ઞાનથી કર્મનો ક્ષય ન થતો હોય તો તત્ત્વજ્ઞાનીને આત્યંતિક દુઃખનિવૃત્તિ કેવી રીતે થાય છે ?

**જવાબ :—**પ્રાચીન કર્મોનો ક્ષય ભોગથી જ થાય છે. તત્ત્વજ્ઞાનીને વાસના હોતી નથી તેથી તે નિષિદ્ધ કર્મનું આચરણ કરતો નથી પરિણામે નવાં અદૃષ્ટ ઉત્પન્ન થતા નથી. અદૃષ્ટના અભાવે દુઃખ પણ ઉત્પન્ન થતા નથી. આમ કરતાં કેટલાક કાળ પછી આત્યંતિક દુઃખવિગમ થાય છે. આ જવાબથી જ આ પ્રશ્નનું પણ સમાધાન થઈ જાય છે કે—'તત્ત્વજ્ઞાનથી કર્મનો નાશ થતો ન હોય તો

---

જ છે. ભોગ સિવાય અન્ય તત્ત્વજ્ઞાનાદિ નથી એ વાત સિદ્ધ થાય છે. ઉપરોક્ત વચનથી કર્મનાશ પ્રત્યે ભોગની કારણતા સિદ્ધ છે. તત્ત્વજ્ઞાન પણ કર્મનાશનું કારણ હોય તો માત્ર ભોગને જ કારણ જણાવતા ઉપરોક્ત વચનનો વિરોધ આવશે.

**પ્રશ્ન :—**તત્ત્વજ્ઞાન જો કર્મનાશનું કારણ ન હોય તો તત્ત્વજ્ઞાનીના સકલ કર્મનો ક્ષય થાય છે એ વાત કેવી રીતે સમજાવશો. એકલા ભોગને કર્મનાશનું કારણ માનવાથી આત્યંતિકદુરિતનાશની વ્યવસ્થા કઈ રીતે સમજાવી શકાય છે ?

બીજી વાત, તત્ત્વજ્ઞાનથી કર્મનો ક્ષય થતો ન હોય તો તત્ત્વજ્ઞાનીને પણ પાપરૂપ કારણ હાજર હોવાથી દુઃખરૂપ કાર્ય થવું આવશ્યક છે. તત્ત્વજ્ઞાન મળ્યા પછી પણ દુઃખ આવતું હોય તો કોઈ તત્ત્વજ્ઞાન મેળવવા પ્રયત્ન જ નહીં કરે. માટે તત્ત્વજ્ઞાન પણ કર્મનાશનું કારણ છે તેમ સ્વીકારવું જોઈએ.

**જવાબ :—**આ બન્ને આપત્તિઓનો એક જ જવાબ છે. તત્ત્વજ્ઞાનની તેના કર્મનો પણ આત્યંતિક નાશ થાય છે. તે આ રીતે કે—પૂરાણાં કર્મોનો ક્ષય તો ભોગથી જ થાય છે. તત્ત્વજ્ઞાનીને ક્યાંય વાસના રહી નથી. વાસના રાગની અને પાપની પ્રવર્તક છે. વાસનાથી રાગ થાય છે. રાગથી નિષિદ્ધ આચરણમાં પ્રવૃત્તિ થાય છે. તેનાથી પાપ બંધાય છે. તત્ત્વજ્ઞાનીને વાસના નથી, નિષિદ્ધ આચરણ નથી એથી નવા પાપનો બંધ થતો નથી. તેથી નવા દુઃખો ઉત્પન્ન થતાં નથી. બાકી રહેલા જૂના કર્મો ભોગ દ્વારા સમાપ્ત થતાં જ આત્યંતિક દુઃખનાશ થઈ શકે છે.

**પ્રશ્ન :—**જેમ ભોગ કર્મનાશનું કારણ છે એ જણાવનારા વચનો છે તેમ તત્ત્વજ્ઞાન કર્મનાશનું કારણ છે એ જણાવનારા ઘણાં વચનો છે. કેવળ ભોગ જ કર્મનાશનું કારણ હોય તો તત્ત્વજ્ઞાનને નાશક જણાવનારા વચનોનો વિરોધ થશે.

*न च* भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः ।
क्षीयन्ते चाऽस्य कर्माणि तस्मिन् दृष्टे परावरे ॥
यथैधांसि समिद्धोऽग्निर्भस्मसात् कुरुतेऽर्जुन ।
ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा ॥

**इति बहुतरवाक्यबोधितं तत्त्वज्ञानस्य कर्मनाशकत्वं दुष्परिहरमेवेति *वाच्यम्* । माभुक्तमित्यादिवचनविरोधानुरोधेन तत्त्वज्ञानं कायव्यूहसम्पादनद्वारा झटिति सकल-कर्मभोगं निर्वाह्य तानि नाशयतीत्यत्रैव ज्ञानस्य कर्मनाशकताबोधकवाक्यानां तात्पर्योपगमात् । यथाग्नेरिन्धननाशे भस्मनि च परम्परयैव हेतुता तथा ज्ञानस्यापि कर्मविनाश इत्येतत्सूचनायैव ज्ञानस्याग्नित्वेन निरूपणम् ।**

---

દુઃખ થવું આવશ્યક છે તત્વજ્ઞાનની હાજરીમાં પણ દુઃખ રહેતું હોય તો તત્ત્વજ્ઞાનના ઉપાયમાં પ્રવૃત્તિ અનુપપન્ન થશે.' (ઉપર કહ્યું તે મુજબ તત્ત્વજ્ઞાનની હાજરીમાં દુઃખ રહેતું નથી.)

**પ્રશ્ન :–**'ઈશ્વરનો સાક્ષાત્કાર થતા હૃદયની ગાંઠ ભેદાય છે, સર્વ સંશયો છેદાય છે અને કર્મો ક્ષય પામે છે.' 'જેમ ભભૂકતો અગ્નિ ઇંધણને ભસ્મ કરી નાંખે છે તેમ હે અર્જુન ! જ્ઞાનાગ્નિ સર્વ કર્મોને ભસ્મસાત્ કરે છે' આવાં ઘણાં વાક્યોથી તત્ત્વજ્ઞાન કર્મનાશનું કારણ છે તે જણાય છે. તેનો પરિહાર અશક્ય છે.

**જવાબ :–**'माभुक्तं' ઈત્યાદિ વચનો સાથે આવતા વિરોધને કારણે 'તત્ત્વજ્ઞાન કાયવ્યૂહ દ્વારા બધા કર્મોનો ભોગ ઝડપથી કરવામાં સહાય કરે છે, આ રીતે કર્મોનો નાશ કરે છે' આ અર્થમાં જ તત્ત્વજ્ઞાનના કર્મનાશકતાબોધક વાક્યોનું તાત્પર્ય સ્વીકારવામાં આવે છે. જેમ અગ્નિ ઈંધનનાશમાં અને ભસ્મમાં પરંપરાએ કારણ છે તેમ જ્ઞાન પણ કર્મનાશનું પરંપરાએ કારણ છે એ સૂચવવા જ જ્ઞાનનું અગ્નિરૂપે નિરૂપણ કરવામાં આવ્યું છે.

---

**જવાબ :–**બે વચનનો વિરોધ ઉપસ્થિત થાય ત્યારે એક વચનનું વચનાંતર સાથે અવિરોધી તાત્પર્ય શોધી એકવાક્યતા જાળવવામાં આવે છે. પ્રસ્તુતમાં તત્ત્વજ્ઞાનને દુરિત નાશક જણાવતા વાક્યનું તાત્પર્ય શોધી અર્થસંગતિ કરવામાં આવે છે. भिद्यते हृदयग्रन्थि.... ઈત્યાદિ વાક્ય તત્ત્વજ્ઞાનને દુરિતનાશક જણાવે છે પણ કેવળ વાક્યાર્થ દ્વારા नाभुक्तं સાથે આ વચનનો વિરોધ થાય છે. ભોગ કર્મનો સાક્ષાત્ નાશક છે જ્યારે તત્ત્વજ્ઞાન ઝડપથી ભોગસંપાદન કરવા દ્વારા નાશક છે. તત્ત્વજ્ઞાન થયા પછી કાયવ્યૂહ થાય છે. કાયવ્યૂહ એટલે અનેક શરીર બનાવીને એક સાથે ઘણા કર્મોનો ભોગ કરવો. કાયવ્યૂહથી ભોગપ્રક્રિયા ઝડપી બને છે અને મુક્તિ મળવામાં સહાય મળે છે. આમ તત્ત્વજ્ઞાન કર્મનાશનું પરંપરાએ કારણ છે. મુખ્ય કારણ ભોગ જ છે. આ રીતે બંને વાક્યોની સંગતિ થઈ જાય છે. તત્ત્વજ્ઞાન પરંપરયા કર્મનાશનું કારણ છે માટે જ भिद्यते ઈત્યાદિ શ્લોકમાં જ્ઞાનને અગ્નિની ઉપમા આપવામાં આવી છે. જેમ અગ્નિ ઈંધન નાશમાં દાહ દ્વારા કારણ છે તેમ જ્ઞાન પણ કર્મનાશમાં ભોગ દ્વારા જ કારણ છે.

**( १३ ) *न च* माभुक्तमित्यादिवाक्ये कर्मपदं लक्षणयैवादृष्टार्थकमुपगन्तव्यम् तस्य क्रियायामेव शक्तेरिति लक्षणाया आवश्यकत्वे ज्ञानाद्यनाश्यादृष्ट एव सास्तु तत एव विरोधभङ्गे किमर्थं तत्त्वज्ञानिनां सकलकर्मभोगकल्पनमिति *वाच्यम्* । अदृष्टेऽपि कर्मपदस्यानादिप्रयोगप्रवाहदर्शनात्तत्र सामान्यरूपेण लक्षणायाः शक्तितुल्यत्वात् कल्पनालाघवानुरोधेन विशेषरूपेण स्वारसिकलक्षणाया अयुक्तत्वात् । न चैतन्मते कर्मणां भोगस्याऽऽवश्यकतया अभुक्तकर्माप्रसिद्ध्या तादृशवाक्यस्य यथाश्रुतार्थ-**

---

(૧૩) **શબ્દાર્થ :–પ્રશ્ન :–**नाभुक्तं ઈત્યાદિ વાક્યમાં કર્મપદનો લક્ષણા દ્વારા અદષ્ટ અર્થ કરવો જોઈએ. કારણ કે કર્મપદની શક્તિ ક્રિયામાં જ છે. તેથી લક્ષણા આવશ્યક છે તેથી ‘જ્ઞાનાદિથી નાશ ન પામે તેવું અદષ્ટ’ આ અર્થમાં (કર્મપદની) લક્ષણા સ્વીકારવી જોઈએ. આમ કરવાથી વિરોધ સમાપ્ત થઈ જાય છે. તો તત્ત્વજ્ઞાનીઓએ દરેક કર્મનો નાશ ભોગથી જ કરવો પડે તેવી કલ્પના શું કામ કરવી ?

**જવાબ :–**અદષ્ટ અર્થમાં કર્મપદનો અનાદિ પ્રયોગ પ્રવાહ દેખાય છે માટે અદષ્ટ અર્થમાં કર્મપદની સામાન્યરૂપે લક્ષણા શક્તિતુલ્ય છે તેથી કલ્પનાનું લાઘવ થાય એ માટે વિશેષ રૂપે સ્વારસિક લક્ષણા માનવી અયોગ્ય છે.

**પ્રશ્ન :–**કર્મનો ભોગથી જ નાશ થાય છે એ મતમાં કર્મનો ભોગ આવશ્યક છે. તેથી અભુક્ત કર્મ પ્રસિદ્ધ નથી તેથી नाभुक्तं જેવા વાક્યો યથાશ્રુત અર્થ વાચક બની શકતા નથી.

**જવાબ :–**યથાશ્રુત અર્થની સંગતિ આ રીતે થઈ શકે છે. नाभुक्तं આ પદમાં क्त પ્રત્યય

---

(૧૩) **વિવરણ :–**બે વાક્યો વચ્ચે વિરોધ પરિહાર કરવા એક વાક્યનું અન્ય અર્થમાં તાત્પર્ય કલ્પવું જરૂરી બને છે. પ્રસ્તુત સ્થળે વિરોધ પરિહાર કરવા તત્ત્વજ્ઞાનને કર્મનાશક જણાવતા વાક્યનું તાત્પર્ય ઝટિતિભોગ સંપાદન દ્વારા કલ્પવામાં આવ્યું. તેને બદલે नाभुक्तं એ વાક્યનું અન્ય તાત્પર્ય કલ્પીને સંગતિ કેમ ન કરી શકાય આ આશયથી ન ચ ઈત્યાદિ શંકા ગ્રંથ છે.

**પ્રશ્ન :–**नाभुक्तं क्षीयते कर्म कल्पकोटिशतैरपि । આ વાક્યમાં कर्म પદ છે. कर्मપદની સ્વાભાવિક અર્થબોધક શક્તિ ક્રિયામાં છે. અર્થાત્ कर्म પદનો અર્થ ક્રિયા છે, અદષ્ટ નથી. પ્રસ્તુતમાં અભુક્ત તરીકે અદષ્ટ અભિપ્રેત છે. તે અર્થ માટે લક્ષણા કરવી આવશ્યક છે. હવે જ્યારે कर्म પદની લક્ષણા કરવાની જ છે તો भिद्यते....ઈત્યાદિ વાક્ય સાથે આવતા વિરોધનો પરિહાર કરવા તત્ત્વજ્ઞાનથી અનાશ્ય અદષ્ટ આ અર્થમાં જ લક્ષણા સ્વીકારી લેવી જોઈએ ‘જે અદષ્ટ તત્ત્વજ્ઞાનથી નાશ નથી પામતું તેનો ભોગ વિના નાશ થતો નથી’ આવો વાક્યાર્થ પ્રાપ્ત થશે. તત્ત્વજ્ઞાનની કર્મનાશકતા અબાધિત રહેશે. તત્ત્વજ્ઞાનીને બધા જ કર્મોનું ફળ ભોગવવું પડે છે. તેવી કલ્પના કરવાની જરૂર નહીં રહે.

**જવાબ :–**कर्म પદની અદષ્ટમાં નવી લક્ષણા કરવાની જરૂર નથી. અનાદિ પ્રયોગની પરંપરાથી અદષ્ટ અર્થમાં પણ कर्म પદનો પ્રયોગ થતો જોવા મળે છે. कर्मપદ શક્તિથી અદષ્ટ અર્થ નથી જણાવતું પણ અદષ્ટ અર્થમાં कर्म પદની અનાદિનિરૂઢ લક્ષણા છે. નિરૂઢ લક્ષણા, શક્તિ જેવી જ છે. કર્મપદનો અનાદિનિરૂઢ લક્ષણાથી ‘અદષ્ટ સામાન્ય’ અર્થ સ્થિર થયો છે. કલ્પનાનું લાઘવ કરવા ‘તત્ત્વજ્ઞાનાદિ

**परता न सम्भवतीति *वाच्यम्* । अतीतत्वस्य क्तप्रत्ययेन विवक्षणात् तत्क्षयापेक्षया अतीतो यो भोगस्तदनुपहितकर्मणि तत्क्षयप्रतियोगित्वनिषेधरूपयथाश्रुतार्थेऽप्रसिद्ध्य-नवकाशात् । *यद्यपि* भोगोऽनुभवविशेषः तद्विषयत्वरूपं भुक्तत्वं न कुत्राप्यदृष्टे, *तथापि***

---

અતીત અર્થમાં વિવક્ષિત છે. પોતાના ક્ષયની અપેક્ષાએ અતીત થયેલો જે ભોગ. તે ભોગની ઉપાધિથી રહિત કર્મમાં તેના ક્ષયનું પ્રતિયોગિત્વ નથી. આ રીતે नाभुक्तं પદની સંગતિ થઈ શકે છે.

**પ્રશ્ન :—**ભોગ એટલે વિશેષ પ્રકારનો અનુભવ. ભોગનો વિષય બને તે ભુક્ત. આવું ભુક્તત્વ=ભોગવિષયત્વ કોઈ અદૃષ્ટમાં હોતું નથી. (તેથી ભુક્ત કે અભુક્ત અદૃષ્ટ કેવી રીતે કહી શકાય ?)

**જવાબ :—**અહીં ભોગકર્મત્વનો અર્થ 'ભોગના વિષયનું ફલોપધાન' એ કરવાનો છે. જેમ

---

અનાશ્ય અદૃષ્ટ' એવા વિશેષ અર્થમાં આધુનિક લક્ષણા કરવી અસંગત છે. જેમ શક્યાર્થમાં ફેરફાર થતો નથી તેમ નિરૂઢ લક્ષ્યાર્થમાં પણ કલ્પનાલાઘવ માટે ફેરફાર કરવો યોગ્ય નથી.

**પ્રશ્ન :—**ભોગથી જ કર્મનો નાશ થાય છે. આ મતે नाभुक्तं ઈત્યાદિ વાક્યનો દેખીતો અર્થ સંગત થતો નથી. 'ભોગવાયું ન હોય તે કર્મનો ક્ષય થતો નથી.' આ અર્થ છે. પ્રસ્તુત વાક્યમાં અભુક્ત કર્મના ક્ષયનો અભાવ પ્રતિપાદ્ય છે. અભુક્તકર્મક્ષયાભાવનો પ્રતિયોગી અભુક્તકર્મ છે. પ્રતિયોગી વિના અભાવનું જ્ઞાન થતું નથી. અભુક્તકર્માભાવનું જ્ઞાન કરવા અભુક્ત કર્મનું જ્ઞાન જરૂરી છે. આ મતે દરેક કર્મનો માત્ર ભોગ જ થાય છે. એટલે જે કર્મ છે તે બધાં જ ભુક્ત રહેવાના, અભુક્ત રહેવાના જ નહીં. આમ અભુક્ત કર્મ અપ્રસિદ્ધ છે. જેનો પ્રતિયોગી અપ્રસિદ્ધ છે તે અભાવ અપ્રસિદ્ધ છે. માટે नाभुक्तं નો અર્થ સંગત થતો નથી.

**જવાબ :—**नाभुक्तं સ્થળે भुजि ધાતુને क्त પ્રત્યય થયો તેનો અતીતત્વ અર્થ અભિપ્રેત છે. नञ् સમાસથી અભાવ પ્રતીત થાય છે. क्षीयतेનો અર્થ ક્ષયપ્રતિયોગિત્વ છે. नञ् અવ્યયથી ક્ષયપ્રતિયોગિત્વનો નિષેધ અભિપ્રેત છે. વર્તમાનમાં જેનો ક્ષય થઈ રહ્યો છે તેની અપેક્ષાએ જે અતીત ભોગ તે ભુક્ત કહેવાય. ભોગથી જ કર્મનો ક્ષય થાય છે. પહેલા ભોગ થાય છે પછી ક્ષય થાય છે. આથી ક્ષયની અપેક્ષાએ ભોગ અતીત છે. ભોગ દ્વારા ક્ષય પામેલું કર્મ ભુક્ત કહેવાય. બીજા શબ્દોમાં, ક્ષય પામતા પહેલા જેનો ભોગ થાય તે ભુક્ત કહેવાય. જે કર્મ ભોગ દ્વારા ક્ષય નથી પામ્યું તેને અભુક્ત કહેવાય. 'ભુક્તત્વ ઉપાધિથી રહિત કર્મ ક્ષયનો પ્રતિયોગી બનતું નથી' એ વાક્યાર્થ છે. આમાં કોઈ વિસંગતિ નથી. માટે તત્ત્વજ્ઞાનને દુરિતનાશનું કારણ માનવાની જરૂર નથી.

**પ્રશ્ન :—**ઉપરોક્ત વાક્યમાં ભુક્ત કર્મનું વિશેષણ છે. ભોગ એટલે વિશેષ પ્રકારનો અનુભવ. સુખ કે દુઃખના અનુભવને ભોગ કહેવાય છે. ભોગનો વિષય સુખ કે દુઃખ છે, અદૃષ્ટ નથી. માટે અનુભવવિષયત્વરૂપ ભુક્તત્વ અદૃષ્ટમાં છે જ નહીં. તેથી नाभुक्तं વાક્યનો યથાશ્રુત અર્થ અસંગત છે.

**જવાબ :—**અહીં કર્મ પદનો અર્થ ફલોપધાન છે. ભોગના વિષયનું અનુભવરૂપે પ્રાપ્ત થવું એ જ ભોગકર્મત્વ છે. જેમ સુખ-દુઃખ અનુભવરૂપે પ્રાપ્ત થાય છે તેમ અદૃષ્ટ પણ ફલોન્મુખ બનીને પ્રાપ્ત થાય છે. તેથી અદૃષ્ટ પણ ભુક્ત હોઈ શકે છે. જેમ सुखं भुज्यते આવો પ્રયોગ થાય છે તેમ पुण्यं भुज्यते આવો પ્રયોગ પણ થાય છે. તેથી ભોગનો વિષય અદૃષ્ટ બને એમાં અસહજ કંઈ નથી.

**भोगविषयफलोपधानमेव भोगकर्मत्वं प्रकृते विवक्षितम् । सुखं भुज्यते इतिवत्पुण्यं भुज्यते इत्यादिप्रयोगदर्शनात् तादृशार्थस्यापि स्वरससिद्धत्वादिति चेन्न।**

**( १४ ) कल्पकोटिशतैरपि इत्यन्तेन यथा भावनाख्यसंस्कारः कालवशादपि फलमनुत्पाद्य नश्यति तथा न कर्म ( नश्यति ) इत्येव लभ्यते । तथा च ज्ञानादपि**

---

'સુખ ભોગવાય છે' તેવો પ્રયોગ થાય છે તેમ 'પુણ્ય ભોગવાય છે' તેવો પ્રયોગ પણ દેખાય છે. તેથી અદૃષ્ટમાં પણ ભોગવિષયત્વ રૂપ અર્થ સહજ સિદ્ધ છે.

**(૧૪) શબ્દાર્થ :–**ઉત્તરપક્ષ :- नाभुक्तं આ શ્લોકમાં कल्पकोटिशतैरपि આ પદ છે. તેનાથી એ જ અર્થ મળે છે કે–'જેમ ભાવના નામનો સંસ્કાર કાલને કારણે પણ ફળ ઉત્પન્ન કર્યા વિના નાશ પામે છે તેમ કર્મ (કાલને કારણે) ફળ ઉત્પન્ન કર્યા વિના નાશ પામતું નથી.' આવો અર્થ

---

अथ ઈત્યાદિથી પ્રારંભાયેલો વિસ્તૃત પૂર્વપક્ષ અહીં અટકે છે.

**(૧૪) વિવરણ :–**દુરિતનો નાશ ભોગથી જ થાય છે એમ માનતા પૂર્વપક્ષને ઉત્તર આપતા તત્ત્વજ્ઞાનને પણ નાશક માનતો પક્ષ કહે છે.

'नाभुक्तं क्षीयते कर्म कल्पकोटिशतैरपि' (કરોડો કલ્પો વીતે તો પણ ભોગ વિના કર્મનો ક્ષય થતો નથી.) આ વાક્યમાં कल्पकोटिशतैरपि પદનું ઉપાદાન છે. વાક્યગત દરેક પદો વાક્યાર્થમાં વિશેષતા ઉમેરે છે. વાક્યનો અર્થ કરતી વખતે વાક્યના ઘટક દરેક પદોનો અન્વય અને અર્થ સુસંગત થાય તેનું ધ્યાન રાખવાનું હોય છે. આ વાક્યમાં 'અભુક્ત કર્મનો ક્ષય થતો નથી' એવું સામાન્ય વિધાન નથી. સામાન્ય વિધાન હોત તો આવો અર્થ ઘાત કે અભુક્ત કર્મનો ક્ષય થવાનું કોઈ કારણ નથી માટે અભુક્ત કર્મનો ક્ષય થતો નથી. વાક્યમાં कल्पकोटिशतैरपि પદ ઉપરોક્ત વિધાનને વિશેષ બનાવે છે. ક્રોડો કલ્પોથી પણ અભુક્ત કર્મનો નાશ થતો નથી. कल्प ઈત્યાદિ પદઘટિત વાક્યનો અર્થ એ થાય કે–ક્રોડો કલ્પો પણ અભુક્ત કર્મના ક્ષયનું કારણ (તૃતીયા વિભક્તિનો અર્થ) બનતા નથી. એટલે અભુક્ત કર્મના ક્ષયાભાવમાં કાલ કારણ બનતો નથી. એ જ આ વાક્યનો અર્થ છે. ભોગ જ કર્મક્ષયનું કારણ છે એવો અર્થ આ વિશેષ વાક્યનો નથી. જેમ ભાવના નામનો સંસ્કાર કાલ વીતી જતા ફળ આપ્યા વિના નાશ પામે છે તેમ કર્મ કાલ વીતી જતા ફળ આપ્યા વિના નાશ પામે એવું બનતું નથી. કર્મક્ષયમાં કાલ કારણ નથી આ ઉપરોક્ત વાક્યનું વિધેય છે.

તત્ત્વજ્ઞાન વગેરે કર્મક્ષયના કારણ નથી કેવળ ભોગ જ છે. એ આ વાક્યનું વિધેય જ નથી માટે તત્ત્વજ્ઞાન કર્મનાશક છે આ વચન સાથે વિરોધ નથી. જો ભોગ સિવાય કર્મક્ષયનું અન્ય કોઈ જ કારણ ન હોય તો પ્રાયશ્ચિત્તને પણ કર્મક્ષયનું કારણ નહીં મનાય. પ્રાયશ્ચિત્તથી કર્મનો ક્ષય ન થતો હોય તો તેમાં કોઈ પ્રવૃત્તિ જ નહીં કરે. પ્રાયશ્ચિત્તની જો સ્વતંત્રરૂપે કર્મનાશકતા સિદ્ધ અને સ્વીકૃત છે તો તત્ત્વજ્ઞાનની પણ કર્મનાશકતા સ્વીકારવી જ જોઈએ.

**પ્રશ્ન :–**તત્ત્વજ્ઞાન જેમ ઝડપથી ભોગ સંપાદન કરીને કર્મનાશ કરે છે તેમ પ્રાયશ્ચિત્ત પણ ઝડપથી ભોગ સંપાદન કરીને કર્મનાશ કરે છે. ઝડપથી ભોગ સંપાદન થઈ જાય તે માટે પ્રાયશ્ચિત્તમાં પ્રવૃત્તિ થઈ શકશે.

**कर्मणो नाशे न कश्चिद्विरोधः अन्यथा प्रायश्चित्तादपि कर्मनाशेन तादृशवचन-विरोधपरिहारासम्भवात् । प्रायश्चित्तस्य पापानाशकत्वे तत्र प्रवृत्त्यनुपपत्तिः ।** ***न च*** **प्रायश्चित्तस्यापि कायव्यूहाधीनझटितिभोगसम्पादनद्वारा पापनाशकत्वमिति तत्र प्रवृत्तिरुपपद्यत एवेति** ***वाच्यम्*** **। दुःखव्यक्तीनां साम्ये झटितिभोगविलम्बभोग-योरविशेषेण प्रायश्चित्तानर्थक्यात् ।** ***एवञ्चा*****वश्यमेव भोक्तव्यमित्यस्याविरोधाय ज्ञानिनामपि सकलकर्मभोगोपगम इत्यपि** ***न युक्तम्*** **। कृतप्रायश्चित्तानां कर्मणां भोगाभावात्तत्र कर्मपदस्य वेदबोधितनाशकानाश्यकर्मपरताया आवश्यकत्वात् । तत्त्वज्ञानरूपनाशकस्यापि वेदबोधिततया तेन भोगं विनैव कर्मनाशे क्षतिविरहात् ।**

---

કરવાથી તત્ત્વજ્ઞાનથી પણ કર્મનો નાશ થાય છે એ વાત સાથે કોઈ વિરોધ નથી. કર્મ કેવળ ભોગથી જ નાશ પામે છે તેવું માનીએ તો 'પ્રાયશ્ચિત્તથી પણ કર્મનો નાશ થાય છે' તેવું જણાવનારા વચનો સાથે વિરોધ થશે. તેનો પરિહાર સંભવ નહીં બને. પ્રાયશ્ચિત્તને પાપનાશક ન માનીએ તો તેમાં પ્રવૃત્તિ જ નહીં થાય.

**પ્રશ્ન :—**તત્ત્વજ્ઞાનની જેમ પ્રાયશ્ચિત્ત પણ ઝડપથી ભોગ સંપાદન કરવા દ્વારા પાપનાશક બને છે તેથી તેમાં પ્રવૃત્તિની અનુપપત્તિ નહીં થાય.

**જવાબ :—**દુઃખવ્યક્તિઓ સમાન હોય એ સ્થિતિમાં એક દુઃખનો ઝડપથી ભોગ થાય અને અન્યનો વિલંબથી થાય તેથી કોઈ ફરક પડતો નથી (કારણ કે દુઃખ તો ભોગવવું જ પડે તે) આમ પ્રાયશ્ચિત્ત વિધિ નિરર્થક સાબિત થાય.

**પ્રશ્ન :—**अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम् આ વચન પણ ભોગથી જ કર્મનાશ થાય છે તેમ જણાવે છે. તેનો વિરોધ ન આવે તે માટે તત્ત્વજ્ઞાનીને પણ બધા કર્મોનો ભોગ થાય છે તેવું

---

**જવાબ :—**આવો અર્થ કરવો જોઈને ચેન લાગે છે. ઝડપથી થતા ભોગ બને વિલંબે થતા ભોગમાં પ્રાયશ્ચિત્તથી પણ એનું એ જ દુઃખ ભોગવવું પડતું હોય તો જલદીથી દુઃખ ભોગવો કે ધીરેધીરે - વાતનો એકની એક જ છે. માટે પ્રાયશ્ચિત્ત દુઃખથી બચાવનારું ન બનવાથી નિરર્થક બનશે. ભેદ ન પાડી શકાય એમ કેમ બને ? અવિશેષેણ - આ શબ્દને અર્થ ભેદ ન પાડી શકાય તેવો કેવી રીતે થાય ?

**પ્રશ્ન :—**'अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम्' આ વચન પણ સ્પષ્ટ પણે ભોગ દ્વારા જ કર્મનો નાશ થાય છે તેવું પ્રતિપાદન કરે છે. તત્ત્વજ્ઞાનથી કર્મનાશ થાય છે તેવું માનીએ તો આ વચનનો વિરોધ થશે. ઉપરોક્ત વચનની સંગતિ માટે તત્ત્વજ્ઞાનીએ પોતાના સકલ કર્મ ભોગવવા જ પડે છે તેવું માનવું રહ્યું.

**જવાબ :—**अवश्यं ઇત્યાદિ વચનનો વિરોધ પ્રાયશ્ચિત્ત વિધિ સાથે પણ છે. પ્રાયશ્ચિત્ત કર્મનાશક છે

(शङ्का)**तत्त्वज्ञानस्य साक्षाददृष्टनाशकत्वे क्वचिद्भोगः क्वचिच्च तत्त्वज्ञानम् इत्यननुगमेन व्यभिचाराद्भोगस्याऽदृष्टनाशकारणता न सम्भवतीत्यपि नाशङ्कनीयम् । भोगोपहितादृष्टनाशत्वस्य भोगजन्यतावच्छेदकतया व्यभिचारानवकाशात्, अन्यथा तवापि प्रायश्चित्तकीर्तनादिजन्यादृष्टनाशे व्यभिचारात् ।**

---

જરૂરી છે.

**જવાબ :—**પ્રાયશ્ચિત્તથી કર્મનો ક્ષય થાય છે. પ્રાયશ્ચિત્ત કરનારને કર્મનો ભોગ હોતો નથી. માટે ઉપરોક્ત વાક્યમાં कर्म પદનો અર્થ 'વેદે જણાવેલા કર્મનાશકોથી અનાશ્ય કર્મ' એવો કરવો આવશ્યક છે. પ્રાયશ્ચિત્તની જેમ તત્ત્વજ્ઞાન પણ વેદબોધિત નાશક છે. તેથી ભોગ વિના જ કર્મનાશ થાય છે એવું માનવામાં કોઈ ક્ષતિ નથી.

**પ્રશ્ન :—**તત્ત્વજ્ઞાનને સાક્ષાદ્ અદૃષ્ટનાશક માનવાથી કોઈ સ્થળે ભોગ તો કોઈ સ્થળે તત્ત્વજ્ઞાન અદૃષ્ટનાશક બનતા અનનુગમ થશે. જ્યાં અનનુગમ હોય ત્યાં પરસ્પર કારણ-વિરહપ્રયુક્ત વ્યભિચાર થશે માટે ભોગની અદૃષ્ટકારણતા સંભવતી નથી.

**જવાબ :—**ભોગરૂપ ઉપાધિથી યુક્ત અદૃષ્ટનાશત્વ ભોગનિરૂપિત જન્યતાનું અવચ્છેદક છે. તેથી વ્યભિચારને અવકાશ નથી. આ રીતે કારણતા નહીં માનીએ તો પ્રાયશ્ચિત્ત, કીર્તન વગેરેથી જન્ય અદૃષ્ટનાશમાં વ્યભિચાર તમારા મતે પણ થશે.

---

એ સ્વીકૃત છે. પ્રાયશ્ચિત્તમાં ઝટિતિભોગસંપાદકત્વ માની શકાય તેમ નથી. તેથી વિરોધનો પરિહાર કરવા ઉપરોક્ત વચનના અર્થની જ સંગતિ કરવી રહી. આ વચનમાં कर्म પદનો કર્મસામાન્ય અર્થ નથી પણ કર્મવિશેષ છે. જે કર્મ વેદબોધિત નાશકોથી અનાશ્ય છે તે કર્મવિશેષ અહીં कर्म પદથી અભિપ્રેત છે. તત્ત્વજ્ઞાન, પ્રાયશ્ચિત્ત વગેરે વેદબોધિત કર્મનાશકો છે. જે કર્મોનો તેમનાથી નાશ ન થાય તે કર્મોને ભોગવવા જ પડે. આવો અર્થ કરવાથી વિરોધ રહેતો નથી. ભોગ વિના પણ તત્ત્વજ્ઞાનથી કર્મનાશ થઈ શકે છે. આ સિદ્ધાંતમાં કોઈ ખોટ જણાતી નથી.

**પ્રશ્ન :—**ભોગ, પ્રાયશ્ચિત્ત અને તત્ત્વજ્ઞાન આ ત્રણે જો એક કર્મનાશ રૂપ કાર્યના જ કારણ હોય તો ક્યો કર્મનાશ શેને કારણે થયો તે ઓળખી શકાશે નહીં. જ્યાં ભોગથી કર્મનાશ થયો ત્યાં તત્ત્વજ્ઞાન કે પ્રાયશ્ચિત્ત રૂપ કારણ નથી તેથી कारणाभावे कार्यसत्त्वરૂપ વ્યભિચાર પણ થાય છે. માટે ભોગને અદૃષ્ટનાશનું કારણ માનવું જોઈએ નહીં.

**જવાબ :—**ભોગ-પ્રાયશ્ચિત્તાદિની તૃણારણિમણિન્યાયે પ્રાતિસ્વિક કારણતા છે તેથી વ્યભિચાર નથી. ભોગાવ્યવહિતોત્તરક્ષણોત્પન્ન કર્મનાશ પ્રત્યે ભોગ કારણ છે. આમ કાર્યતાવચ્છેદક કર્મનાશત્વ, ભોગવ્યવહિતોત્તરક્ષણોત્પત્તિમત્ત્વ નામની ઉપાધિથી સહિત છે તેથી વ્યભિચાર નથી. (સ્વમતે કેવળ ભોગ કર્મનાશનું કારણ નથી જ. પ્રશ્નકાર અનનુગમ અને વ્યભિચારને કારણે ભોગને કર્મનાશનું કારણ માનવાનો નિષેધ કરે છે તેનો આ જવાબ છે) જે (=પ્રશ્નકાર) ભોગને કર્મનાશનું કારણ નથી માનતા તે પ્રાયશ્ચિત્તને તો માને છે તો પણ અનનુગમ અને વ્યભિચાર દોષ આવે છે.

**( १५ )** ***अथ*** **दुरितनाशस्य सुख-दुःखाभावभिन्नतया तद्रूपस्य कथं स्वतः प्रयोजनत्वमिति** ***चेत्,*** **न कथञ्चित् स्वतः प्रयोजनत्वम्, किन्तु दुःखाभावनिर्वाहकतया गौणप्रयोजनकत्वमेव ।** ***अथैवं*** **मिथ्याधीजन्यवासनाया अदृष्टद्वारा दुःखप्रयोजकतया तन्निवृत्तेरपि दुःखाभावनिर्वाहकतया पुरुषार्थत्वेन तस्य एव कुतो न मोक्षरूपतोपेयत इति** ***चेन्न*** **। उत्पन्नतत्त्वज्ञानानां वासनानिवृत्तावपि यावत् प्रारब्धशरीराणां कर्मणां नोच्छेदस्तावदपवर्गानभ्युपगमात् । 'तावदेवास्य चिरं यावन्न विमोक्ष्ये अथ सम्पत्स्ये**

---

**(૧૫) શબ્દાર્થ :–પ્રશ્ન :–**દુરિતનાશ સુખ અને દુઃખાભાવથી ભિન્ન છે તેથી સ્વતઃ પ્રયોજન કેવી રીતે બની શકે ?

**જવાબ :–**કોઈ પણ રીતે નહીં. દુરિતનાશ દુઃખાભાવનો નિર્વાહક છે માટે ગૌણ પ્રયોજન છે.

**પ્રશ્ન :–**મિથ્યાજ્ઞાનથી ઉત્પન્ન થતી વાસના અદૃષ્ટ દ્વારા દુઃખની પ્રયોજિકા છે. તેથી તેનો=વાસનાનો અભાવ દુઃખાભાવ નિર્વાહક બની શકશે. તો વાસનાનિવૃત્તિને જ મોક્ષ શું કામ નથી માનતા ?

**જવાબ :–**જેમને તત્ત્વજ્ઞાન થયું છે તેમની વાસના તો નિવૃત્ત થઈ ગઈ છે પરંતુ વર્તમાન શરીરનું કારણ પ્રારબ્ધ કર્મોનો જ્યાં સુધી ઉચ્છેદ થતો નથી ત્યાં સુધી મોક્ષ થતો નથી આવું સ્વીકારેલું છે. 'तावदेवास्य चिरं' ઈત્યાદિ શ્રુતિ દ્વારા જ્યાં સુધી પ્રારબ્ધ કર્મોનો નાશ ન થાય ત્યાં

---

**(૧૫) વિવરણ :–પ્રશ્ન :–**પ્રકરણની શરૂઆતમાં કહ્યું હતું કે સુખ અને દુઃખાભાવ સ્વતઃ પ્રયોજન છે. મુક્તિ સ્વતઃ પ્રયોજન છે. દુરિતનાશને મુક્તિ માનનાર પક્ષે મુક્તિ સુખરૂપ ન હોવાથી કે દુઃખાભાવ રૂપ ન હોવાથી સ્વતઃ પ્રયોજન નથી તો મુક્તિમાં સ્વતઃ પ્રયોજનત્વ કેવા પ્રકારનું છે ?

**જવાબ :–**દુરિતનાશ રૂપ હોવાથી જ મુક્તિ સ્વતઃ પ્રયોજન નથી. પણ દુરિતનાશની ઈચ્છા દુઃખાભાવની ઈચ્છાને આધીન છે માટે ગૌણ પ્રયોજન છે. મુક્તિ સ્વતઃ પ્રયોજન જ હોવી જોઈએ એવો અમારો આગ્રહ નથી.

**પ્રશ્ન :–**જેમ દુરિતનાશ દુઃખાભાવનો નિર્વાહક હોવાથી ગૌણ પ્રયોજન હોવા છતાં મુક્તિરૂપ માની શકાય છે. તો મિથ્યાજ્ઞાનજન્ય વાસનાની નિવૃત્તિ પણ મોક્ષ રૂપ માની શકાશે. મિથ્યાજ્ઞાનજન્ય વાસના અદૃષ્ટ દ્વારા દુઃખ પેદા કરે છે. દુઃખનું પરંપરાએ કારણ હોવાથી તે પ્રયોજક છે. તો મિથ્યાજ્ઞાનજન્ય વાસનાની નિવૃત્તિ દુઃખાભાવની નિર્વાહક છે માટે તે પણ મોક્ષરૂપ બની શકશે. ગૌણ પ્રયોજન હોવા છતાં તે પુરુષાર્થ તો છે જ.

**જવાબ :–**તત્ત્વજ્ઞાનથી વાસનાની નિવૃત્તિ થાય છે પરંતુ પ્રારબ્ધ કર્મનો ક્ષય થતો નથી. તત્ત્વજ્ઞાનીને પણ શરીર છે ત્યાં સુધી પ્રારબ્ધ કર્મ છે. પ્રારબ્ધ કર્મ છે ત્યાં સુધી મોક્ષ નથી. આમ તત્ત્વજ્ઞાનની નિવૃત્તિ મોક્ષરૂપ બનતી નથી. तावदेव ઈત્યાદિ શ્રુતિ પણ આ જ વાત પ્રમાણિત કરે છે. દુરિતનાશને મુક્તિ માનનાર આ પક્ષમાં ગદાધરને અરુચિ છે તેના બે કારણ છે. એક, મુક્તિને ગૌણ પ્રયોજન માનવું પડે છે. બે, ન્યાય સૂત્ર વગેરેમાં तदत्यन्तविमोक्षोऽपवर्ग ઈત્યાદિ સૂત્રમાં તત્પદથી દુઃખનું જ

**कैवल्येन'इति श्रुत्यापि प्रारब्धकर्मविमोक्षपर्यन्तं ज्ञानिनः कैवल्यविलम्बबोधनादित्याहुः ।**

**( १६ ) एकदण्डिनो वेदान्तिनस्तु यदुपाध्यनवच्छिन्नस्य ब्रह्मणो विशुद्धरूपता तादृश उपाधिविगम एव कैवल्यम् । तादृशोपाधिरविद्यैवेति तन्निवृत्तिरेव तत् । दुःखस्यान्तःकरणविशेषत्वा बुद्धिधर्मतया तस्याश्च स्वजनकाविद्यानाशनाश्यतयाऽविद्यानिवृत्तेः स्वतःप्रयोजनत्वविरहेऽपि दुःखनिवृत्तिनिदानतया गौणप्रयोजनत्वं दुरपवादमेव । अविद्या च पदार्थान्तरमजन्यमपि विनाशप्रतियोगि, तन्नाशकं च**

---

સુધી જ્ઞાનીને પણ કૈવલ્યનો વિલંબ થાય છે એવું કહ્યું છે. 'તત્ત્વજ્ઞાનીને ત્યાં સુધી જ કૈવલ્યનો વિલંબ હોય છે જ્યાં સુધી મુક્ત થઈ કૈવલ્ય પ્રાપ્ત ન કરે.'

**(૧૬) શબ્દાર્થ :—**એક દંડ રાખનારા વેદાંતી એમ કહે છે કે—બ્રહ્મ, જે ઉપાધિથી રહિત બનતા વિશુદ્ધ થાય તે ઉપાધિના નાશને જ કૈવલ્ય કહેવાય. આ ઉપાધિ અવિદ્યા છે એથી અવિદ્યાનિવૃત્તિ જ મોક્ષ છે. દુઃખ અંતઃકરણના એક પ્રકાર એવી બુદ્ધિનો ધર્મ છે. બુદ્ધિ અવિદ્યાથી જન્મે છે. અવિદ્યાના નાશથી નાશ પામે છે. આમ અવિદ્યાનિવૃત્તિ સ્વતઃ પ્રયોજન નથી પણ દુઃખનિવૃત્તિનું મૂલ કારણ હોવાથી ગૌણ પ્રયોજન તો છે જ. અવિદ્યા અલગ પદાર્થ છે. તે જન્ય નથી છતાં વિનાશની પ્રતિયોગી છે. અવિદ્યાનો નાશ બ્રહ્મસંવેદનથી થાય છે.

---

ગ્રહણ કર્યું છે, દુરિતનું નહીં. માટે ન્યાયસૂત્રથી પણ આ મત વિરુદ્ધ છે. કેચિત્તુ (૧૧)નો મત અહીં સમાપ્ત થયો.

**(૧૬) વિવરણ :—**મુક્તિ વિષે વેદાંતીનો મત કહે છે. વેદાંતીમાં બે મત છે. કેવલાદ્વૈતવાદીના મતે મુક્તિ બ્રહ્મની વિશુદ્ધ અવસ્થા છે. અન્ય મતે મુક્તિમાં આનંદનું અસ્તિત્વ છે. અહીં આ બંને મત અનુક્રમે દર્શાવ્યા છે. પહેલા મતવાળા વેદાંતી એકદંડી હોય છે. તેઓ શિખા અને જનોઈ રાખે છે. ત્રિદંડી સંન્યાસી શિખા અને જનોઈ રાખતા નથી.

વેદાંત મતે બ્રહ્મ જ સત્ય છે. જગત્ અવિદ્યાનો પરિણામ છે. અને અવિદ્યા બ્રહ્મનો જ એક પરિણામ છે. અવિદ્યાના અનેક રૂપ છે. અંતઃકરણ અવિદ્યાનો જ એક પરિણામ છે. અંતઃકરણથી અવચ્છિન્ન આત્માને જીવ કહે છે. (અંતઃકરણ ચાર પ્રકારનાં છે—મન, બુદ્ધિ, અહંકાર, અને ચિત્ત.) આત્મા પોતે કર્તા કે ભોક્તા નથી પણ અંતઃકરણરૂપ ઉપાધિને કારણે તેમાં કર્તૃત્વાદિ ભાસે છે. પોતાની નજીક રહેલા પદાર્થમાં પોતાના ધર્મોનું આરોપણ કરનારને ઉપાધિ કહેવાય. જેમ જાસુદનું ફૂલ સ્ફટિકમાં પોતાના લાલરંગનું આરોપણ કરે છે માટે જાસુદનું ફૂલ ઉપાધિ છે. તે રીતે આત્મા શુદ્ધ સ્ફટિક જેવો છે. તેને અવિદ્યા રૂપ ઉપાધિ છે. તેથી કર્તૃત્વ વગેરે અવિદ્યાના ધર્મોનું આત્મા પર આરોપણ થાય છે. આત્મા જ્યાં સુધી અંતઃકરણ રૂપ ઉપાધિથી અવચ્છિન્ન છે ત્યાં સુધી તે જીવ કહેવાય. જ્યારે અંતઃકરણરૂપ ઉપાધિથી મુક્ત બની જાય ત્યારે તે બ્રહ્મરૂપ બને છે. બ્રહ્મનું વિશુદ્ધ રૂપ એટલે કૈવલ્ય. બ્રહ્મનું ઉપાધિ સહિતનું રૂપ એટલે જ દ્વૈત અથવા સંસાર. બ્રહ્મના વિશુદ્ધ રૂપને દૂષિત કરતી ઉપાધિ અવિદ્યા છે. એટલે અવિદ્યાની નિવૃત્તિ જ મુક્તિ છે.

**ब्रह्मसंवेदनम् । *न* चाऽविद्यारूपावरणसत्त्वे ब्रह्मसंवेदनमेव दुर्घटमिति *वाच्यम्* । ब्रह्मसंवेदनं हि ब्रह्माकारान्तःकरणवृत्तिः । वृत्त्याख्योऽन्तःकरणपरिणाम एव विषयावरणभूताविद्यानिवृत्तिफलकः । तदुक्तम्—**

---

**પ્રશ્ન :—**અવિદ્યારૂપ આવરણની હાજરીમાં બ્રહ્મસંવેદન થવું અશક્ય છે.

**જવાબ :—**બ્રહ્મ સંવેદનનો અર્થ છે—બ્રહ્માકાર પરિણત અંતઃકરણની વૃત્તિ. વૃત્તિ નામનો અંતઃકરણનો પરિણામ જ વિષયનું આવરણ બનતી અવિદ્યાની નિવૃત્તિ કરાવે છે. કહ્યું છે—

---

**પ્રશ્ન :—**મુક્તિ તરીકે જે પદાર્થને કે જે અભાવને સ્થાપિત કરવો હોય તે સુખ કે દુઃખાભાવ રૂપ હોવો જોઈએ. પ્રસ્તુતમાં મુક્તિની પુરુષાર્થ તરીકે વિચારણા ચાલી રહી છે. જે પ્રયોજન=પુરુષની ઈચ્છાનો વિષય બને તે જ પુરુષાર્થ કહેવાય. મુક્તિ તો સ્વતઃ પ્રયોજન હોવી જોઈએ. વેદાંત મતે અવિદ્યાનિવૃત્તિ મુક્તિ છે. તે સુખ કે દુઃખાભાવ રૂપ નથી. દુઃખ એ બુદ્ધિ નામના અંતઃકરણનો ધર્મ છે. (મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર આ ચાર અંતઃકરણ છે) આમ, દુઃખ આત્માનો ધર્મ નથી. વેદાંતમતે આત્મામાં કોઈ ધર્મ રહેતો નથી. તેથી અવિદ્યાની નિવૃત્તિ એ અંતઃકરણ વિશેષના દુઃખરૂપ ધર્મના અભાવનું કારણ છે. અવિદ્યાની નિવૃત્તિથી આત્માની અંતઃકરણ રૂપ ઉપાધિ દૂર થાય છે. અંતઃકરણના નાશ સાથે જ બુદ્ધિનો નાશ થાય છે. બુદ્ધિનો વિલય થતા દુઃખનો નાશ થાય છે. આ રીતે અવિદ્યાનિવૃત્તિ સ્વયં દુઃખાભાવ કે સુખરૂપ નથી તે સ્પષ્ટ છે. માટે તે સ્વતઃ પ્રયોજન નથી. તો અવિદ્યાનિવૃત્તિ મુક્તિ કેવી રીતે કહેવાય ?

**જવાબ :—**અવિદ્યા નિવૃત્તિ સ્વતઃ પ્રયોજન નથી. પણ દુઃખનિવૃત્તિનું કારણ છે. માટે ગૌણ પ્રયોજન તો બની જ શકે છે.

**પ્રશ્ન :—**અવિદ્યા નિવૃત્તિ મોક્ષ છે. અવિદ્યા એટલે વિદ્યાથી ભિન્ન પદાર્થ. આ અર્થ કરીએ તો વિદ્યાથી ભિન્ન ઘટાદિ પણ છે તે અવિદ્યારૂપ બનતા ઘટની નિવૃત્તિને મોક્ષ કહેવાની આપત્તિ આવશે.

**જવાબ :—**વેદાંતમતે અવિદ્યા, વિદ્યાના અભાવરૂપ નથી. પરંતુ સદ્ અને અસદ્‌થી અનિર્વચનીય એવો, પદાર્થાન્તર છે. અદ્વૈતવાદમાં પ્રપંચનું વાસ્તવિક અસ્તિત્વ નથી છતાં દશ્યમાન પ્રપંચની સંગતિ અવિદ્યા વિના થતી નથી માટે સત્ત્વ-રજસ્-તમસ્ આ ત્રણ ગુણ સ્વરૂપ અવિદ્યાની કલ્પના કરવામાં આવે છે. આ અવિદ્યા પ્રાગભાવની જેમ અનાદિ હોવા છતાં સાંત છે. જેમ આલોકથી અંધકારનો નાશ થાય છે તેમ અવિદ્યાનો નાશ બ્રહ્મસંવેદનથી થાય છે. આમ ઘટાદિને મોક્ષ માનવાની આપત્તિ નથી.

**પ્રશ્ન :—**અવિદ્યા અને બ્રહ્મસંવેદન પરસ્પર વિરોધી પદાર્થો છે. અવિદ્યાની હાજરીમાં બ્રહ્મસંવેદન ન હોય અને બ્રહ્મસંવેદનની હાજરીમાં અવિદ્યા ન હોય. અવિદ્યા અનાદિ છે તેની હાજરીમાં બ્રહ્મસંવેદન થવું અશક્ય છે. સરવાળે અવિદ્યાનો નાશ થશે નહીં.

**જવાબ :—**વેદાંત મતે જ્ઞાનની પ્રક્રિયાના બે તબક્કા છે. એક, અજ્ઞાનનો નાશ. બે, વિષયની સ્ફૂર્તિ (પ્રગટ થવું). અંતઃકરણાવચ્છિન્ન ચૈતન્ય આત્મા છે. તેમાં બે ઘટક તત્ત્વ છે. અંતઃકરણ અને ચૈતન્ય. અંતઃકરણના ચાર પ્રકાર છે ચિત્ત, મન, બુદ્ધિ અને અહંકાર. વિષયનું સંવેદન કરવા અંતઃકરણની વૃત્તિ બને છે. ઘટનું જ્ઞાન કરવા અંતઃકરણ, બુદ્ધિરૂપ વૃત્તિ દ્વારા વિષયાકારે પરિણત થાય છે. અંતઃકરણના વિષયાકાર પરિણામને 'વૃત્તિ' કહેવાય છે. અવિદ્યાનું કાર્ય છે—વિષય પર આવરણ બનીને છવાઈ જવું. આવરણને કારણે વિષયનું જ્ઞાન થતું નથી. ઘટના સંબંધમાં આ વિષયાવરણ 'घटो नास्ति' ઈત્યાકારક જ્ઞાન

**बुद्धिवृत्तिचिदाभासौ द्वावपि व्याप्नुतो घटम् ।**
**तत्राज्ञानं धिया नश्येदाभासात् तु घटः स्फुरेत् ॥**

**एवञ्चाविद्याया अन्तःकरणवृत्तौ न विरोधिता, अपि तु विषयस्फूर्तावेव ।**

---

'બુદ્ધિની વૃત્તિ અને ચૈતન્યનો આભાસ બંને ઘટને વ્યાપીને રહે છે. બુદ્ધિથી અજ્ઞાનનો નાશ થાય છે. આભાસથી ઘટની સ્ફુરણા થાય છે.'

આમ અવિદ્યાનો અંતઃકરણવૃત્તિ સાથે વિરોધ નથી પણ વિષયની સ્ફૂર્તિ સાથે જ વિરોધ છે.

---

રૂપ છે. અંતઃકરણ જ્યારે વિષયાકારે પરિણત થાય છે ત્યારે વિષયાવરણનો નાશ થાય છે. આમ વૃત્તિ દ્વારા અજ્ઞાનનાશ થાય છે. અજ્ઞાનનાશ વૃત્તિનું કાર્ય છે. વિષય પ્રકાશ કે જ્ઞાનમાં વૃત્તિ સાક્ષાત્ કારણ નથી. વિષયના જ્ઞાનનું કારણ પ્રતિબિંબિત ચૈતન્ય છે. અંતઃકરણમાં ચૈતન્યનું પ્રતિબિંબ પડે છે. પ્રતિબિંબિત ચૈતન્ય અને વિષયાકાર પરિણત વૃત્તિનો સંબંધ થાય ત્યારે જ્ઞાન થાય છે. ઘટાકાર પરિણત વૃત્તિનો અંતઃકરણમાં પ્રતિબિંબિત ચૈતન્ય સાથે સંબંધ થાય ત્યારે अयं घटः એવું જ્ઞાન થાય છે. ટૂંકમાં, અંતઃકરણની વૃત્તિથી ઘટના અજ્ઞાનનો નાશ થાય છે અને અંતઃકરણમાં પ્રતિબિંબિત ચૈતન્યથી ઘટનું જ્ઞાન થાય છે. એકલી વૃત્તિ વિષય પ્રકાશિકા નથી એટલે વિષય પ્રકાશ કે વિષય સ્ફૂર્તિ સાથે વૃત્તિનો વિરોધ છે. પરંતુ વિષયનું અજ્ઞાન અને વૃત્તિનો વિરોધ નથી. ઘટાવરણની હાજરીમાં જ ઘટાકારવૃત્તિ બને છે.

બ્રહ્મસંવેદન એટલે બ્રહ્માકારા અંતઃકરણવૃત્તિ. આ વૃત્તિ બ્રહ્મ વિષેના અજ્ઞાનનો નાશ કરે છે. વૃત્તિ રૂપ છે તેથી બ્રહ્મના અજ્ઞાનરૂપ આવરણની હાજરીમાં બ્રહ્માકાર વૃત્તિ હોય તેમાં કોઈ વિરોધ નથી. વૃત્તિનો વિરોધ વિષયસ્ફૂર્તિ સાથે છે. એટલે એકલા બ્રહ્મસંવેદનથી બ્રહ્મજ્ઞાન થતું નથી. આમ, અવિદ્યાની હાજરીમાં બ્રહ્મસંવેદન દુર્ઘટ છે આ શંકા અસ્થાને છે.

૧.




---

૨.



**(१७) स्फूर्तिश्च प्रकटता सा च भट्टानामिव पदार्थान्तरमेवेति । *न च* ब्रह्मणोऽन्तःकरणवृत्तिविषयत्वे ब्रह्मणः स्वप्रकाशचैतन्यरूपतासिद्धान्तविरोधः, स्वेनैव प्रकाशोऽवगाहनं यस्येति व्युत्पत्त्या स्वमात्रविषयस्यैव स्वप्रकाश-शब्दार्थत्वादिति *वाच्यम्*। यस्य स्वत एव स्फूर्तिस्तस्यैव स्वप्रकाशत्वात् । जडात्मकस्य प्रपञ्चस्य स्फूर्तिर्न स्वत एव किन्तु फलात् । वृत्तिव्याप्यविषये चित्प्रतिबिम्ब एव पारिभाषिकं फलम् । तदुक्तम्—**

---

(૧૭) **શબ્દાર્થ :—**અને સ્ફૂર્તિ એટલે પ્રકટતા. ભટ્ટમતની જેમ તે સ્વતંત્ર પદાર્થ છે.

**પ્રશ્ન :—**બ્રહ્મ જો અંતઃકરણવૃત્તિનો વિષય હોય તો 'બ્રહ્મ સ્વપ્રકાશ ચૈતન્યરૂપ છે' એ સિદ્ધાંતનો વિરોધ આવશે. કારણ કે જેનો પ્રકાશ અર્થાત્ અવગાહન પોતાના દ્વારા જ થાય તે સ્વપ્રકાશ કહેવાય. સ્વપ્રકાશ શબ્દની વ્યુત્પત્તિ પણ એ છે. માત્ર પોતાનો વિષય બનતો પદાર્થ એ સ્વપ્રકાશ શબ્દનો અર્થ છે.

---

૩.




(૧૭) **વિવરણ :—**અંતઃકરણની વૃત્તિ અને વિષયની સ્ફૂર્તિ આ બંન્ને ભિન્ન ભિન્ન પદાર્થો છે. વૃત્તિ તો અંતઃકરણનો પરિણામ છે અને સ્ફૂર્તિ વિષયનો ચિત્ સાથે સંબંધ છે. આ સંબંધ રૂપ સ્ફૂર્તિ પોતે ચિત્ સ્વરૂપ છે કે વિષય સ્વરૂપ ? જો ચિત્ સ્વરૂપા હોય તો ચિત્=ચૈતન્ય નિત્ય છે તેથી હંમેશા સ્ફૂર્તિ થયા કરવાની આપત્તિ આવશે અને વિષય સ્વરૂપા હોય તો જ્યાં સુધી વિષયનું અસ્તિત્વ છે ત્યાં સુધી સ્ફૂર્તિ થયા કરવાની આપત્તિ છે. આથી સ્ફૂર્તિ શું પદાર્થ છે તે સ્પષ્ટ કરવું જરૂરી છે. તે સ્પષ્ટ કરતા ગદાધર જણાવે છે કે—સ્ફૂર્તિ એટલે વિષયનું પ્રગટ થવું. તે પ્રગટતા, પ્રાક્ટ્ય વગેરે શબ્દથી વાચ્ય છે. ભટ્ટોના મતે જ્ઞાનગ્રાહક જ્ઞાતતા જેમ વિષય અને જ્ઞાનથી અલગ સ્વતંત્ર પદાર્થ છે તેમ પ્રકટતા વિષયરૂપ કે ચિદ્રૂપ નથી પણ સ્વતંત્ર પદાર્થ છે. જે વિષય વૃત્તિનો સંબંધ થાય તો જ અભિવ્યક્ત થાય છે. તેથી સદા સ્ફૂર્તિની આપત્તિ રહેતી નથી.

**मोहातीतो विशुद्धो मुनिभिरभिहितो मोहसङ्क्रान्तमूर्तिः**
**साक्षी स्वान्ते तदुत्थे प्रतिफलितवपुर्गीयतेऽसौ प्रमाता ॥**
**वृत्त्यारूढः प्रमाणं फलमपि धिषणावृत्तिसंव्याप्तचैत्यो-**
**पाधिर्मोहोत्थशब्दप्रमुखविषयगः स्यात्प्रमेयः परात्मा ॥ इति ।**

---

**જવાબ :–**જેની સ્ફૂર્તિ સ્વતઃ જ છે એ સ્વપ્રકાશ છે. જડાત્મક જગતની સ્ફૂર્તિ સ્વતઃ નથી પણ ફળને કારણે છે. વૃત્તિના વ્યાપ્ય વિષયમાં ચૈતન્યનું પ્રતિબિંબ એ જ પારિભાષિક ફળ છે. કહ્યું છે–

'જે મોહાતીત છે તે વિશુદ્ધ છે અને મોહથી સંક્રાંત સ્વરૂપવાળો તે સાક્ષી છે. મોહથી ઉત્પન્ન થયેલ અંતઃકરણમાં જે પ્રતિફલિત થાય છે તે પરાત્મા પ્રમાતા છે. જે વૃત્તિપર આરૂઢ થાય છે તે પરાત્મા પ્રમાણ છે. બુદ્ધિ વૃત્તિથી વ્યાપ્ત ચૈતન્ય ઉપાધિવાળો પરાત્મા ફળ છે. મોહથી ઉત્પન્ન થયેલા શબ્દ વગેરે વિષયોમાં રહેલો. પરાત્મા પ્રમેય છે.

---

**પ્રશ્ન :–**વેદાંત મતે બ્રહ્મ સ્વપ્રકાશ ચૈતન્ય છે. સ્વ-પ્રકાશ એટલે જેને પોતાના જ્ઞાન માટે અન્ય કોઈની જરૂર ન પડે તે. બ્રહ્મસંવેદનને જો અંતઃકરણવૃત્તિ રૂપ માનીએ તો ઉપરોક્ત સ્વપ્રકાશ સિદ્ધાંતનો ભંગ થાય છે કારણ કે વૃત્તિ સ્વપ્રકાશ નથી. એક વૃત્તિ બીજી વૃત્તિથી ગ્રાહ્ય છે પણ વૃત્તિ સ્વથી ગ્રાહ્ય નથી માટે સ્વપ્રકાશ નથી.

**જવાબ :–**સ્વપ્રકાશપદનો અર્થ પ્રશ્નમાં કહ્યો છે તે નથી, જેની સ્ફૂર્તિ સ્વથી જ છે બીજાથી નથી તેને સ્વપ્રકાશ કહેવાય. અહીં 'બીજાથી' શબ્દનો અર્થ-'પ્રમાતૃ ચૈતન્યથી ભિન્ન' એ છે. જડાત્મક પ્રપંચ સ્વપ્રકાશ નથી. તેનું જ્ઞાન ચિત્પ્રતિબિંબ રૂપ ફળથી થાય છે. જ્યારે બ્રહ્મને પોતાના જ્ઞાન માટે ફળની અપેક્ષા નથી માટે બ્રહ્મ સ્વપ્રકાશ છે. બ્રહ્મસંવેદન અંતઃકરણવૃત્તિરૂપ હોવા છતાં તેના સ્વપ્રકાશ હોવામાં કોઈ વિરોધ નથી. જેમ ન્યાયમતે દ્રવ્યના ચાક્ષુષપ્રત્યક્ષમાં આલોકસંયોગ કારણ છે.આલોક સ્વયં એક દ્રવ્ય છે છતાં તેના ચાક્ષુષપ્રત્યક્ષમાં આલોકસંયોગની જરૂર નથી. આલોકનું ચાક્ષુષપ્રત્યક્ષ જેમ સ્વતઃ થાય છે તેમ બ્રહ્મની સ્ફૂર્તિ સ્વતઃ થાય છે.

**પ્રશ્ન :–**જડાત્મક પ્રપંચની સ્ફૂર્તિ ફળથી થાય છે તેમ કહ્યું. તે ફળ શું છે ?

**જવાબ :–**વૃત્તિ વિષયને વ્યાપે છે. વ્યાપવું એટલે વિષયાકાર ધારણ કરવો. ઇંદ્રિય રૂપી નલિકા દ્વારા વૃત્તિ વિષયાકાર ધારણ કરે છે. તેનું પ્રતિબિંબ અંતઃકરણમાં પડે છે. વૃત્તિમાં વિષય બનતો ઘટ વૃત્તિવ્યાપ્ય કહેવાય. તેમાં ચૈતન્યનું પ્રતિબિંબ પડે છે. વૃત્તિમાં પ્રતિબિંબિત થયેલું ચૈતન્ય જ જ્ઞાનપ્રક્રિયાનું 'ફળ' છે. આ વાતને સ્પષ્ટ કરતા શારીરક આચાર્ય કહે છે કે–'અવિદ્યાથી રહિત પરાત્મા વિશુદ્ધ બ્રહ્મ છે. અવિદ્યામાં જેનું પ્રતિબિંબ પડે છે તે સાક્ષી અને સર્વપ્રપંચના સર્જક પરાત્મા ઈશ્વર છે. (માયોપહિત ચૈતન્ય) અજ્ઞાનથી ઉત્પન્ન થયેલ અંતઃકરણમાં પ્રતિબિંબિત પરાત્મા પ્રમાતા છે. (અંતઃકરણાવચ્છિન્ન ચૈતન્ય) તે જ જીવ અર્થાત્ પ્રમાતા જ્યારે અંતઃકરણના વૃત્તિરૂપ પરિણામથી યુક્ત બને ત્યારે પ્રમાણ કહેવાય. વૃત્તિથી વ્યાપ્ય વિષયમાં પ્રતિબિંબિત થયેલું ચૈતન્ય ફળ=પ્રમા=પ્રમિતિ છે. અજ્ઞાનને કારણે જીવને જ ઘટાદિ સંજ્ઞા મળે છે. આવી સંજ્ઞા ધરાવતા પરાત્માને પ્રમેય કહેવાય છે.'

આમ જડાત્મક પ્રપંચની સ્ફૂર્તિ જ્ઞાનથી થાય છે. બ્રહ્મની સ્ફૂર્તિ જ્ઞાનથી થતી નથી, સ્વતઃ જ થાય

**ब्रह्मणश्च स्फूर्तिः स्वत एव, न तु चिदाभासात्, चैतन्यवस्तुनि चैतन्यप्रतिबिम्बासम्भवात् ।**

**( १८ ) एतेन ब्रह्मसंवेदनं ब्रह्मज्ञानम्, एवं च स्वविषयज्ञानरूपं ब्रह्मैव तथेति नित्यतया संसारदशायामपि तत्सत्त्वेनाविद्यानिवृत्तिप्रसङ्ग इति परास्तम् । अन्तःकरणवृत्तिरूपब्रह्मसंवेदनस्यैवाविद्यानिवर्तकतया ब्रह्माकारवृत्तेः संसारदशायामसत्त्वेनाविद्यानिवृत्तिप्रसङ्गाप्रसक्तेः ।**

**( १९ ) त्रिदण्डिनस्तु आनन्दमयपरमात्मनि जीवात्मनो लयो मोक्षः ।**

---

અને બ્રહ્મની સ્ફૂર્તિ સ્વતઃ જ થાય છે, ચૈતન્યના આભાસથી થતી નથી. કારણ કે ચૈતન્યવસ્તુમાં ચૈતન્યનું પ્રતિબિંબ પડે નહીં.

**(૧૮) શબ્દાર્થ :—**બ્રહ્મસંવેદન અંતઃકરણવૃત્તિ રૂપ છે તેથી જ આ શંકા પરાસ્ત થઈ જાય છે કે—'બ્રહ્મસંવેદન એટલે બ્રહ્મજ્ઞાન. અર્થાત્ સ્વવિષયજ્ઞાનરૂપ બ્રહ્મ જ બ્રહ્મસંવેદન છે. બ્રહ્મ નિત્ય છે તેથી બ્રહ્મસંવેદન પણ નિત્ય થશે. સંસારદશામાં પણ બ્રહ્મસંવેદન છે. તેથી સંસારઅવસ્થામાં પણ અવિદ્યાનાશનો પ્રસંગ છે,' આ શંકા ખોટી છે, કારણ કે—અંતઃકરણવૃત્તિરૂપ બ્રહ્મ જ અવિદ્યાનિવર્તક છે. બ્રહ્માકારા વૃત્તિ સંસારદશામાં નથી માટે સંસારદશામાં અવિદ્યાનિવૃત્તિનો પ્રસંગ નથી.

**(૧૯) શબ્દાર્થ :—**ત્રિદંડી વેદાંતીઓ એમ કહે છે કે—આનંદમય પરમાત્મામાં જીવાત્માનો

---

છે. કારણ કે જ્ઞાન એટલે વિષયમાં ચૈતન્યનું પ્રતિબિંબ. પ્રસ્તુત સ્થળે અંતઃકરણવૃત્તિનો વિષય બ્રહ્મ છે. તે સ્વયં ચૈતન્ય રૂપ છે. ચૈતન્યમાં ચૈતન્યનું પ્રતિબિંબ પડે નહીં. પ્રતિબિંબ ભિન્ન વસ્તુમાં જ પડે એ નિયમ છે. માટે બ્રહ્મની સ્ફૂર્તિ જ્ઞાનથી નહીં પણ સ્વતઃ મનાય છે. બ્રહ્મસંવેદનથી અવિદ્યાનો નાશ થાય છે તે જ મુક્તિ છે.

બ્રહ્મસંવેદનને અંતઃકરણ વૃત્તિરૂપ માનવાથી અન્ય એક આપત્તિનો પણ નિરાસ થઈ જાય છે તે દર્શાવે છે—एतेन...ઇત્યાદિ દ્વારા

**(૧૮) વિવરણ :—**વેદાંતમતે વિષય જ્યાં સુધી વિષયાકાર ધારણ નથી કરતો ત્યાં સુધી જ્ઞાનપ્રક્રિયાનો ભાગ બનતો નથી. વૃત્તિથી જ જ્ઞાનપ્રક્રિયા પ્રારંભાય છે. બ્રહ્મસંવેદન અવિદ્યાનાશક છે. અહીં સંવેદનનો અર્થ કેવળ 'જ્ઞાન' એટલો જ નથી. માત્ર જ્ઞાન અર્થ કરવાથી આશંકા જાગી શકે છે. બ્રહ્મનું જ્ઞાન એટલે બ્રહ્મવિષયક જ્ઞાન. જ્ઞાન એટલે ચૈતન્ય એટલે બ્રહ્મ. આમ બ્રહ્મવિષયક જ્ઞાન બ્રહ્મરૂપ થયું. બ્રહ્મ નિત્ય છે તેથી બ્રહ્મ વિષયક જ્ઞાન પણ નિત્ય છે. નિત્ય હોવાથી સંસારદશામાં પણ છે. તેથી સંસારદશામાં પણ અવિદ્યાનાશનું કારણ બનશે. જે પ્રતીતિ વિરુદ્ધ છે. ઉપર કહ્યું તે મુજબ બ્રહ્મને અંતઃકરણ વૃત્તિ રૂપ માનવાથી આ આપત્તિ રહેતી નથી. બ્રહ્મ નિત્ય છે પણ બ્રહ્માકારા વૃત્તિ નિત્ય નથી. એ સંસારદશામાં ઉત્પન્ન થતી નથી માટે સંસાર દશામાં અવિદ્યાનાશ થવાની આપત્તિ નથી.

**(૧૯) વિવરણ :—**વેદાંત મતના અનેક પ્રસ્થાન છે. કેવલાદ્વૈત મતે બ્રહ્મ વિશુદ્ધ છે. તેમાં સુખ

**परमात्मजीवात्मनोरभेदेऽपि उपाधिविशेषविशिष्टस्याऽऽत्मनो जीवतया तस्यैवौपाधिकः परमात्मभेद इति भेदकोपाधिविरह एव जीवस्य परमात्मनि यथा घटाकाशस्य घटविगम एव शुद्धाकाशस्य लयः, लिङ्गशरीरावच्छिन्नस्यैवात्मनो जीवभाव इति लिङ्गशरीरनाश एव पर्यवसितो मोक्षः । लिङ्गशरीरं च स्थूलशरीरबीजभूतमहदहङ्कारतन्मात्राख्यभूत-सूक्ष्मैकादशेन्द्रियसमुदायः । तद्विशिष्टस्यैवात्मनो दुःखादिमत्तया विशेषणीभूतलिङ्ग-शरीरस्यैव नाशे दुःखादिकं नोत्पत्तुमर्हति । विशेषणमत्रावच्छेदकत्वाख्यसम्बन्ध-विशेषवद् आश्रयान्तर्भूतं, तन्मात्रं वा आश्रयः सर्वथैव तस्य दुःखहेतुत्वात् । एवं च तद्विगमस्य दुःखनिवृत्तिहेतुतया पुरुषार्थत्वमक्षतमेवेति । एवमपि मायाधीनस्य प्रपञ्चस्य मायानिवृत्त्यैव निवृत्तेर्मायानिवृत्तेर्मोक्षदशायामावश्यकत्वम् । अविद्यैव मायात्वेनैतन्मते**

---

લય મોક્ષ છે. આમ તો જીવાત્મા અને પરમાત્મા એક જ છે છતાં ઉપાધિવિશેષથી વિશિષ્ટ આત્મા જીવ છે. તેથી જીવાત્મા અને પરમાત્માનો ઉપાધિને કારણે ભેદ છે. આ ભેદક ઉપાધિનો વિરહ જ પરમાત્મામાં જીવાત્માનો લય છે. જેમ ઘટનો નાશ થતાં ઘટાકાશનો શુદ્ધ આકાશમાં લય થાય છે. આમ, લિંગ શરીરથી યુક્ત આત્મા જ જીવ છે તેથી લિંગ શરીરનો નાશ જ મોક્ષ છે એ ફલિત થાય છે. લિંગશરીર સ્થૂલશરીરનું બીજ છે. તે મહત્ તત્ત્વ, અહંકાર, તન્માત્રા, સૂક્ષ્મ અગિયાર ઇંદ્રિયોનો સમુદાય છે. લિંગશરીર વિશિષ્ટ આત્મા જ દુઃખ વગેરે ધર્મોથી યુક્ત હોય છે. તેથી વિશેષણ બનતા લિંગશરીરનો નાશ થતા દુઃખ વગેરે ઉત્પન્ન થતા નથી. અહીં વિશેષણ અવચ્છેદકતા નામના વિશેષ સંબંધનું અધિકરણ છે. જેનો દુઃખાદિના આશ્રયમાં અંતર્ભાવ થાય છે અથવા તન્માત્રા જ દુઃખનો આશ્રય છે કારણ કે તે જ દરેક રીતે દુઃખનું કારણ છે. આમ, લિંગશરીરનો વિગમ જ દુઃખનિવૃત્તિનું કારણ છે. તેથી તે પુરુષાર્થ છે.

---

દુઃખ વગેરે કોઈ ધર્મો નથી. પ્રાયઃ રામાનુજમતે બ્રહ્મ આનંદરૂપ છે. જીવ અને પરમાત્મા પરમાર્થથી ભિન્ન નથી છતાં ઉપાધિને કારણે બંને વચ્ચે ભેદ છે. આ ઉપાધિ લિંગ શરીર છે. લિંગ એટલે કારણ, અદશ્ય, સૂક્ષ્મ. સ્થૂલ શરીરના કારણભૂત શરીરને લિંગ શરીર કહેવાય છે. મહત્ તત્ત્વ, અહંકાર, પાંચ તન્માત્રા જે પૃથ્વી વગેરે પાંચ ભૂતોનું સૂક્ષ્મ સ્વરૂપ છે. પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય આ સત્તર તત્ત્વો મળીને લિંગ શરીર બને છે. લિંગશરીરરૂપ ઉપાધિ વિશિષ્ટ આત્માને જ જીવાત્મા કહેવાય છે. જીવાત્મા અને પરમાત્મા આવો ભેદ કરતી લિંગશરીરરૂપ ઉપાધિ દૂર થવી એ જ મોક્ષ છે. જેમ ઘટાકાશ અને શુદ્ધ આકાશ વચ્ચે ઉપાધિને કારણે ભેદ છે. ઘટરૂપ ઉપાધિ દૂર થતાં ઘટાકાશ અને શુદ્ધાકાશ એક જ રહે છે. વ્યવહારમાં ઘટાકાશનો શુદ્ધાકાશમાં લય થયો કહેવાય છે. તેમ લિંગશરીર રૂપ ઉપાધિ દૂર થતાં જીવાત્માનો પરમાત્મામાં લય થયો કહેવાય છે. આમ, લિંગશરીરનો નાશ જ મોક્ષ છે.

**પ્રશ્ન :–**લિંગશરીરનો નાશ મોક્ષ છે. તે પુરુષાર્થ કેવી રીતે બને છે ? દુઃખ અસમાનકાલીન સુખ અથવા દુઃખનાશ પ્રયોજન છે. લિંગશરીરનો નાશ બેમાંથી એક પણ નથી. માટે તે પુરુષાર્થ બની શકે નહીં. પુરુષની ઇચ્છાનો વિષય ન બને તો કોઈની પ્રવૃત્તિ પણ થશે નહીં.

**જવાબ :–**દુઃખની પ્રત્યે લિંગશરીરવિશિષ્ટ આત્મા કારણ છે. લિંગ શરીર વિશિષ્ટ આત્મા જ

**परिभाषितेति फलतो न विशेषः ।**

**( २० ) अत्र न्यायविदः-अविद्या न पदार्थान्तरम् मानाभावात् किन्त्वदृष्टमेव तत्त्वज्ञानरूपविद्याविरोधितयाऽविद्येत्युच्यते । अदृष्टव्यक्तीनां सादित्वेऽपि तत्प्रवाहस्या-**

---

લિંગશરીરને દુઃખનું કારણ માનવા છતાં પ્રપંચ તો માયાધીન છે. પ્રપંચની નિવૃત્તિ માયાની નિવૃત્તિથી જ સાધ્ય છે. માટે મોક્ષદશામાં માયાની નિવૃત્તિ થવી આવશ્યક છે. આ મતે અવિદ્યા ન જ માયા તરીકે ઓળખવામાં આવે છે. માટે પૂર્વમતથી આ મતમાં કોઈ વિશેષ ફરક નથી.

(૨૦) **શબ્દાર્થ :**—આ વિષયમાં નૈયાયિકોનો એ મત છે કે—અવિદ્યા સ્વતંત્ર પદાર્થ નથી. તેને સ્વતંત્ર માનવામાં કોઈ પ્રમાણ નથી. પરંતુ અદૃષ્ટ નામનો ગુણ જ તત્ત્વજ્ઞાનરૂપ વિદ્યાનો

---

દુઃખનું અધિકરણ છે. દુઃખ ઉત્પન્ન થાય છે—લિંગ શરીરને કારણે. અને તેનાથી અવચ્છિન્ન હોવાથી આત્મા તેનું અધિકરણ બને છે. આમ કારણ અને કાર્ય વચ્ચે અવચ્છેદકતા સંબંધ છે. નૈયાયિકો શરીર અને આત્માનો વિજાતીય સંયોગ દુઃખાદિની ઉત્પત્તિનું કારણ માને છે. વેદાંતીઓ સૂક્ષ્મશરીર અને આત્માનો અવચ્છેદકતા નામનો સંબંધ માને છે. (ન્યાયમતે શ્રોત્રેન્દ્રિય કર્ણશષ્કુલ્યવચ્છિન્ન આકાશ સ્વરૂપ છે. શુદ્ધાકાશમાં શ્રાવણ પ્રત્યક્ષ થતું નથી તેમ વેદાંત મતે લિંગશરીરાવચ્છિન્ન આત્મા દુઃખનું કારણ છે. લિંગ શરીરરૂપ ઉપાધિ રહિત શુદ્ધાત્મામાં દુઃખ ઉત્પન્ન થતું નથી.) અવચ્છેદકતા સંબંધથી આત્મા દુઃખનું અધિકરણ બને છે. દુઃખનો આશ્રય લિંગશરીર વિશિષ્ટ આત્મા છે. તેના એકદેશ (=વિશેષ્યમાં) દુઃખ અવચ્છેદકતા સંબંધથી રહે છે. માટે વિશેષણમાં પણ તે અવચ્છેદકતા સંબંધ છે. આમ અવચ્છેદકતા સંબંધથી પરંપરયા દુઃખનો આશ્રય લિંગ શરીર છે તેથી તેની નિવૃત્તિ દુઃખનિવૃત્તિનું કારણ બની શકે છે. આમ પુરુષેચ્છાવિષયત્વ લિંગશરીરનિવૃત્તિમાં પણ અખંડ છે તેથી તે પુરુષાર્થનો વિષય છે. પરંપરયા અવચ્છેદકતા સંબંધથી આશ્રયના એક દેશમાં લિંગશરીરનો અંતર્ભાવ માનવામાં ગૌરવ છે તેથી 'तन्मात्र' વા કહીને બીજો વિકલ્પ રજૂ કર્યો છે. અથવા દુઃખનો આશ્રય એકમાત્ર લિંગશરીર જ છે. સાક્ષાત્ કે પરંપરાએ દુઃખનું કારણ તે જ છે. તેથી તેની નિવૃત્તિ પુરુષાર્થનો વિષય છે.

ત્રિદંડી વેદાંતીના મતનું ખંડન કરતા ગદાધર જણાવે છે કે—દુઃખનિવૃત્તિ અને લિંગશરીરનિવૃત્તિ વચ્ચે કાર્યકારણ ભાવ સમજાવી શકાય તેમ છે. આથી લિંગશરીર નિવૃત્તિ પુરુષાર્થ પણ બની શકે છે. તેમ છતાં દુઃખનિવૃત્તિમાં લિંગશરીરની નિવૃત્તિ કરતાં માયાની નિવૃત્તિ વધુ આવશ્યક છે. પ્રપંચ માયાને આધીન છે. જ્યાં સુધી માયા નિવૃત્ત ન થાય ત્યાં સુધી પ્રપંચની નિવૃત્તિ થતી નથી. લિંગશરીરની નિવૃત્તિ સાથે માયાની નિવૃત્તિ થઈ જ જાય છે તેવું નથી. લિંગશરીર નિવૃત્તિ જ મોક્ષ હોય તો મોક્ષમાં માયાનું અસ્તિત્વ છે તે સ્વીકારવું પડશે. મોક્ષમાં માયાનું અસ્તિત્વ નથી જ. તેથી માયા મોક્ષ માટે વધુ મજબૂત કારણ સિદ્ધ થાય છે. એકદંડી વેદાંતમતમાં જે અવિદ્યા છે તે જ ત્રિદંડીના મતે માયા. બન્નેના કાર્ય એક જ છે તેથી બંને વચ્ચે કોઈ તફાવત નથી. અવિદ્યાની કલ્પનાનું (अन्तःकरण वृत्तिरूप.... ઇત્યાદિ ગ્રંથથી) પહેલા ખંડન કર્યું જ છે તેથી આ મતનું પણ ખંડન થઈ જાય છે.

(૨૦) **વિવરણ :**—દુઃખનું કારણ અવિદ્યા છે. આ વાત સર્વમાન્ય છે. વેદાંતમતમાં અવિદ્યા સદસદ્‌થી અનિર્વચનીય એવો પદાર્થ છે. પ્રચલિત પ્રપંચગત પદાર્થોથી તે ભિન્ન છે. આ વિષયમાં

**नादितया अविद्याया अनादिताप्रवादः । तथा च तन्निवृत्तिस्तदधीनदुःखनिवृत्तिर्वा मोक्ष इति निष्प्रत्यूहमेव ।**

**( २१ ) यत्त्वविद्यानिवृत्त्या बुद्ध्यादिनिवृत्तौ तद्धर्मस्य दुःखस्य निवृत्तिरिति तदपि न युक्तिपथमारोहति बुद्धेः सुखदुःखाद्याश्रयत्वे तस्या विनाशे मानाभावात् । न**

---

વિરોધી છે માટે અવિદ્યા કહેવાય છે.

અદૃષ્ટ વ્યક્તિઓ સાદિ છે છતાં તેમનો પ્રવાહ અનાદિ છે. તેથી અવિદ્યા અનાદિ છે તેવો પ્રવાદ છે. તેથી અવિદ્યાની નિવૃત્તિ અથવા અવિદ્યા(અદૃષ્ટ)ને આધીન દુઃખની નિવૃત્તિ મોક્ષ છે તેમાં કોઈ વિરોધ નથી.

**(૨૧) શબ્દાર્થ :—**જે એમ કહે છે કે અવિદ્યાની નિવૃત્તિ થતા બુદ્ધિ વગેરેની નિવૃત્તિ થાય છે. તેમની નિવૃત્તિ થતા તેના ધર્મ દુઃખની નિવૃત્તિ થાય છે. તે પણ યુક્તિસંગત જણાતું નથી. બુદ્ધિ

---

નૈયાયિકો કહે છે કે—તથાકથિત અવિદ્યા સ્વતંત્ર પદાર્થ નથી. (ચોવીસ ગુણોમાં 'અદૃષ્ટ' નામક ગુણમાં જ અવિદ્યાનો સમાવેશ થાય છે.) કારણ કે અવિદ્યાને સ્વતંત્ર સાબિત કરતું કોઈ પ્રમાણ નથી. વેદાંતીઓ પ્રપંચને મિથ્યા માને છે. પ્રપંચના મિથ્યાત્વની અવિદ્યા વિના ઉપપત્તિ થતી નથી અને દૃષ્ટ પદાર્થોમાં અવિદ્યાનો સમાવેશ થતો નથી માટે અવિદ્યા ભિન્ન છે તેવું સ્વીકારે છે. આમ વેદાંતીઓ અવિદ્યાને સ્વતંત્ર પદાર્થ સાબિત કરવા અનુમાન પ્રમાણ પ્રસ્તુત કરે છે. પરંતુ તે પણ નૈયાયિકોના મતે અયુક્ત છે કારણ કે પ્રપંચ મિથ્યા નથી, વાસ્તવિક છે. તેના આધારે અવિદ્યાની સિદ્ધિ થઈ શકે નહીં. માટે નૈયાયિકો ચોવીસ ગુણ અન્તર્ગત અદૃષ્ટ ગુણમાં અવિદ્યાનો સમાવેશ કરે છે. તત્ત્વજ્ઞાનને વિદ્યા કહી શકાય. જે અદૃષ્ટ આ તત્ત્વજ્ઞાનનો પ્રતિબંધ કરે છે તેને અવિદ્યા કહેવાય.

**પ્રશ્ન :—**વેદાંત દર્શનમાં અવિદ્યા અનાદિ છે, અદૃષ્ટ ક્રમને આધીન હોવાથી સાદિ છે. આથી અવિદ્યા અને અદૃષ્ટ એક છે તેવું કેવી રીતે કહી શકાય ? શાસ્ત્રમાં પણ અવિદ્યા અનાદિ છે તેવો પ્રવાદ જોવા મળે છે.

**જવાબ :—**અદૃષ્ટ સાદિ છે તે વાત સાચી છે. તે તે અદૃષ્ટ વ્યક્તિ રૂપે અદૃષ્ટ સાદિ છે પણ અદૃષ્ટનો પ્રવાહ અનાદિ છે. અદૃષ્ટના પ્રવાહને લક્ષમાં રાખીને શાસ્ત્રોમાં અવિદ્યા અનાદિ છે તેવો પ્રવાદ છે. આમ, અવિદ્યા રૂપ અદૃષ્ટની નિવૃત્તિ અથવા તો અવિદ્યાને આધીન દુઃખની નિવૃત્તિ મોક્ષ છે. આ વાતમાં કોઈ વિરોધ નથી.

**(૨૧) વિવરણ :—**નૈયાયિકોએ તત્ત્વજ્ઞાન દ્વારા અવિદ્યાનો નાશ માન્યો છે અને અવિદ્યાના નાશથી દુઃખનો નાશ માન્યો છે. આમ, તેમના મતે દુઃખધ્વંસ પ્રત્યે તત્ત્વજ્ઞાન પરંપરાએ કારણ બને છે. તત્ત્વજ્ઞાનની પરંપરિત કારણતામાં અરુચિ વ્યક્ત કરતો મત યત્તુ દ્વારા પ્રસ્તુત થયો છે. આ મત પ્રમાણે આશ્રયના નાશથી આશ્રિતનો નાશ થાય છે. બુદ્ધિ ધર્મ-અધર્મ વગેરે અદૃષ્ટનો આશ્રય છે. તત્ત્વજ્ઞાનથી અવિદ્યાની નિવૃત્તિ થતાં બુદ્ધિનો નાશ થાય છે અને બુદ્ધિનાશ થતા ધર્મ-અધર્મનો નાશ થાય છે. તેના દ્વારા દુઃખ નાશ થાય છે. આમ, તત્ત્વજ્ઞાન આશ્રયનો નાશ કરવા દ્વારા દુઃખનાશનું કારણ બને છે એ યત્તુકારનો અભિમત છે. આ મત યુક્તિ સંગત નથી. કારણ કે સુખદુઃખના આશ્રય તરીકે સર્વત્ર આત્મા

**च दुःखात्यन्तोच्छेदानुरोधात्तन्नाशोपगमः तत्सत्त्वेऽप्यदृष्टोच्छेदादेव दुःखप्रवाहविच्छेद-सम्भवात् । *न* चाश्रयनाशं विना अशेषादृष्टनाश एवा*नुपपन्नः*, आश्रयसत्त्वेऽपि समानाधिकरणतत्त्वज्ञानादेवाशेषादृष्टनाशसम्भवात् । भवन्मतेऽप्यविद्यानाशे तद्धेतुताया**

---

સુખદુઃખનો આશ્રય હોય તો તેના નાશમાં કોઈ પ્રમાણ નથી.

**પ્રશ્ન :**—દુઃખનો આત્યંતિક ઉચ્છેદ થાય છે તેના અનુરોધથી બુદ્ધિનો નાશ સ્વીકારવો રહ્યો.

**જવાબ :**—આ વાત યોગ્ય નથી કારણ કે બુદ્ધિ હોવા છતાં અદૃષ્ટના નાશથી જ દુઃખ પરંપરાનો વિચ્છેદ સંભવી શકે છે.

**પ્રશ્ન :**—આશ્રયના (બુદ્ધિના) નાશ વિના અદૃષ્ટનો નાશ થઈ શકતો નથી.

**જવાબ :**—આશ્રયભૂત બુદ્ધિ હોવા છતાં સમાનાધિકરણ તત્ત્વજ્ઞાનથી જ તમામ અદૃષ્ટનો નાશ સંભવે છે. તમારા મતે પણ અવિદ્યાના નાશમાં અદૃષ્ટનાશની કારણતા આવશ્યક છે. અદૃષ્ટ

---

અભિપ્રેત છે, બુદ્ધિ અભિમત નથી. સાંખ્યદર્શન બુદ્ધિને સુખદુઃખાદિનો આશ્રય માને છે પણ તેનું ખંડન અનેક સ્થળે થઈ ચૂક્યું છે. સુખદુઃખાદિ આત્માના વિશેષ ગુણો છે. તેનું અધિકરણ આત્મા નિત્ય છે. બુદ્ધિ સુખદુઃખનો આશ્રય હોય તો તેનો વિનાશ થાય છે—એ વાતમાં કોઈ પ્રમાણ નથી. અથવા બુદ્ધિને સુખદુઃખનો આશ્રય માની તેનો નાશ માનવો—આ વાતમાં કોઈ પ્રમાણ નથી. તેથી બુદ્ધિના નાશથી સુખદુઃખનો નાશ થાય છે આ વાત યુક્તિરહિત છે.

**પ્રશ્ન :**—બુદ્ધિના નાશ વિના દુઃખનો આત્યંતિક નાશ સમજાવી શકાતો નથી—આ જ પ્રમાણ છે. કાર્યથી કારણનું અનુમાન થાય છે. આત્યંતિક દુઃખોચ્છેદ રૂપ કાર્ય દ્વારા બુદ્ધિના નાશનું અનુમાન થઈ શકે.

**જવાબ :**—દુઃખના આત્યંતિક ઉચ્છેદનો નિર્વાહ કરવા બુદ્ધિનાશને કારણ માનવાની જરૂર નથી. કારણ કે બુદ્ધિનાશ દુઃખના આત્યંતિક ઉચ્છેદમાં અન્યથાસિદ્ધ છે. બુદ્ધિ હોવાં છતાં અદૃષ્ટના નાશથી દુઃખનો આત્યંતિક નાશ થઈ શકે છે. માટે ઉપરોક્ત તર્ક અપ્રયોજક છે. કેમ કે તેના દ્વારા વ્યભિચારની શંકાનું નિવર્તન થતું નથી.

**પ્રશ્ન :**—આશ્રયના નાશ વિના સંપૂર્ણ રીતે અદૃષ્ટનો નાશ થતો નથી આ તર્ક જ ઉપરોક્ત અનુમાનનો પ્રયોજક છે. અશેષઅદૃષ્ટનાશ જ આત્યંતિક દુઃખોચ્છેદનું કારણ છે.

**જવાબ :**—અશેષ અદૃષ્ટનો નાશ આશ્રયભૂત બુદ્ધિના નાશથી થાય છે તેવું નથી. બુદ્ધિ હોવા છતાં પણ દુઃખના સમાનાધિકરણ તત્ત્વજ્ઞાનથી જ અશેષ અદૃષ્ટનો નાશ સંભવી શકે છે.

**પ્રશ્ન :**—અશેષ અદૃષ્ટ નાશનું કારણ આશ્રયભૂત બુદ્ધિનાશ છે કે તત્ત્વજ્ઞાન છે ? તેનું વિનિગમક કોણ છે ?

**જવાબ :**—બંને મતમાં જે આવશ્યક હોય તે કારણ બને તે વિનિગમક યુક્તિ બને. યત્તુકાર અશેષઅદૃષ્ટનાશ પ્રત્યે આશ્રયભૂત બુદ્ધિનાશને કારણ માને છે તેમ છતાં તેને તત્ત્વજ્ઞાનને અવિદ્યાનાશમાં કારણ માન્યું જ છે. જ્યારે અન્યત્ર (અવિદ્યાનાશમાં) તત્ત્વજ્ઞાનની કારણતા સ્વીકારેલી છે તો અહીં પણ તેને જ કારણ માની લેવામાં ઔચિત્ય છે.

**आवश्यकत्वात् । पुनरदृष्टानुत्पत्तिश्च वासनादिविरहात् । योगिनां बुद्ध्यादिसत्त्वेऽप्य-दृष्टो( ष्टानु )त्पत्त्या भवन्मतेऽप्यदृष्टस्य वासनाहेतुकत्वात् ।**

**( २२ ) *अथा*विद्याया पदार्थान्तरत्वे चेद्विशेषस्तदा माभूत्तस्यास्तथात्वम् । अदृष्टं मिथ्याज्ञानाहिता वासनैव वा भवत्वविद्या । तत्त्वज्ञानन्त्वदृष्टनाशे न साक्षाद्धेतुरपि तु**

---

નાશ પામ્યા પછી ફરી ઉત્પન્ન થતું નથી તેનું કારણ વાસના વગેરેનો અભાવ છે. યોગીઓને બુદ્ધિ વગેરે હોવા છતાં અદૃષ્ટ ઉત્પન્ન થતું નથી તેથી તમારા મતે પણ અદૃષ્ટ વાસનાથી જન્ય છે.

(૨૨) **શબ્દાર્થ :—પૂર્વપક્ષ :** અવિદ્યાને સ્વતંત્ર પદાર્થ માનવામાં આપત્તિ છે તો અવિદ્યાને સ્વતંત્ર પદાર્થ ન માનો. અદૃષ્ટ અથવા મિથ્યાજ્ઞાનને કારણે આવેલી વાસના જ અવિદ્યા છે. આવું

---

**પ્રશ્ન :—**જો અદૃષ્ટનો અશેષ રૂપે નાશ અભિપ્સિત હોય તો બુદ્ધિ નાશને સ્વીકારવો જરૂરી છે. બુદ્ધિના નાશ વિના અદૃષ્ટનો પૂર્ણ નાશ નહીં થાય જેથી ફરી અદૃષ્ટ ઉત્પન્ન થવાની આપત્તિ આવશે. તત્ત્વજ્ઞાનથી અદૃષ્ટનો પૂર્ણ નાશ થતો નથી એ વાત નૈયાયિકોને પણ માનવી જ પડે છે, કારણ-તત્ત્વજ્ઞાન પામેલા યોગીઓને પણ અદૃષ્ટ હોય છે.

**જવાબ :—**અદૃષ્ટનું કારણ વાસના છે. મુક્તિ અવસ્થામાં ફરી અદૃષ્ટ ઉત્પન્ન થતું નથી કારણ કે વાસના નથી.

**પ્રશ્ન :—**પણ અદૃષ્ટનું કારણ વાસના છે એવું અમે નથી માનતા તેથી આ દલીલ અમને માન્ય નથી.

**જવાબ :—**યોગીઓને બુદ્ધિની હાજરી હોવા છતાં વાસના નહીં હોવાથી અદૃષ્ટ ઉત્પન્ન થતું નથી તેથી તમારે પણ અદૃષ્ટનું કારણ વાસના છે તે સ્વીકારવું પડશે. યોગીઓને બુદ્ધિ છે. પણ અદૃષ્ટ ઉત્પન્ન થવાનું કારણ અવિદ્યા છે. તત્ત્વજ્ઞાન દ્વારા યોગીઓએ તેનો નાશ કર્યો છે. તેથી બુદ્ધિ હોવા છતાં અદૃષ્ટ ઉત્પન્ન થતું નથી. આમ યોગીઓના અદૃષ્ટના કારણ તરીકે વાસનાને સ્વીકારવી તમારા માટે પણ આવશ્યક છે.

આમ, તત્ત્વજ્ઞાનથી અવિદ્યાનો નાશ, તેનાથી બુદ્ધિરૂપ આશ્રયનો નાશ, તેના દ્વારા અદૃષ્ટનો નાશ અને સુખદુઃખનો નાશ આવી પરંપરાવાળી કારણ પ્રક્રિયા સ્વીકારવા કરતા તત્ત્વજ્ઞાનને સાક્ષાત્ અદૃષ્ટ રૂપ અવિદ્યા નાશનું કારણ માનવું વધુ ઉચિત છે.

(૨૨) **વિવરણ :—**નૈયાયિકો અવિદ્યાને માને છે પણ તેના સ્વતંત્ર પદાર્થ હોવાને વિષે તેમને આપત્તિ છે. 'આશ્રયનાશથી આશ્રિતનાશ થાય છે.' આ માન્યતા ધરાવતા ગ્રન્થકાર આની સામે પૂર્વપક્ષ રચે છે કે—અવિદ્યાને સ્વતંત્ર પદાર્થ માનવામાં આપત્તિ હોય તો ભલે અવિદ્યા અદૃષ્ટરૂપ હોય. અથવા મિથ્યાજ્ઞાનજન્ય વાસનારૂપ હોય. કેવળ અદૃષ્ટત્વેન અદૃષ્ટ વિદ્યાવિરોધી નથી માટે મિથ્યાજ્ઞાનજન્યવાસના અવિદ્યા છે. આ બીજો વિકલ્પ રજૂ કર્યો છે. મિથ્યાજ્ઞાન તદભાવવતિ તત્પ્રકારકત્વ રૂપ છે. તે તદ્વતિ તત્પ્રકારકત્વ રૂપ વિદ્યાનું વિરોધી બની શકે છે. પૂર્વોક્ત વેદાંતમત અવિદ્યાને પદાર્થાંતર માનીને તેની નિવૃત્તિને મોક્ષ કહે છે. નૈયાયિક અવિદ્યાને પદાર્થાંતર ન માનતા અદૃષ્ટરૂપ માનીને તજજન્યદુઃખનિવૃત્તિને મોક્ષ કહે છે. આ બંને પક્ષ તત્ત્વજ્ઞાનથી અવિદ્યાનિવૃત્તિ થાય છે તેવું સ્વીકારે છે. ગ્રન્થકાર બુદ્ધિનાશથી અવિદ્યાનિવૃત્તિ થાય છે તેવું માને છે. અવિદ્યા સ્વતંત્ર પદાર્થ હોય કે અદૃષ્ટ રૂપ હોય તેનું તેના મતે

**बुद्धिनाश एव। बुद्धेर्ज्ञानाद्याश्रयतया तत्त्वज्ञानस्याश्रयतारूपसाक्षात्सम्बन्धस्य नाशकतावच्छेदकतया लाघवाद् अदृष्टे सामानाधिकरण्यरूपपरम्परासम्बन्धेनैव तत्त्वज्ञानसत्त्वात् तस्य तन्नाशकत्वे नाशकतावच्छेदकप्रत्त्यासत्तिगौरवात् ।** ***न च*** **प्रतियोगिनिष्ठप्रत्यासत्त्या ज्ञानस्यादृष्टनाशकत्वोपगम एव गौरवात् नाशाधिकरण-निष्ठसाक्षात्सम्बन्धेनैव तस्य तन्नाशं प्रति हेतुत्वमुपगन्तव्यमिति** ***वाच्यम्*** **। तथा सति नियामकाभावेनातिप्रसङ्गापातात् । एवं वासनानाशे तत्त्वज्ञानस्य पृथक्कारणता-कल्पनेनापि न्यायमते गौरवम् । तन्नाशादेवादृष्टनाशवत् वासनानाशोपपत्तेस्तत्त्वज्ञानस्य**

---

માનવામાં કોઈ આપત્તિ નથી. પણ તત્ત્વજ્ઞાન અદૃષ્ટનાશનું સાક્ષાત્ કારણ નથી, બુદ્ધિ નાશ અદૃષ્ટનાશનું સાક્ષાત્ કારણ છે. બુદ્ધિમાં જ્ઞાનાદિ રહે છે. તત્ત્વજ્ઞાનનો આશ્રયતા રૂપ સાક્ષાત્ સંબંધ નાશકતાવચ્છેદક બને છે તેથી લાઘવ થાય છે. અદૃષ્ટનાશમાં સામાનાધિરણ્યરૂપ પંરપરા સંબંધથી તત્ત્વજ્ઞાન રહે છે તેથી તત્ત્વજ્ઞાન અદૃષ્ટનાશનું સાક્ષાત્ કારણ માનીએ તો નાશકતાવચ્છેદક સંબંધ ગુરુભૂત છે.

**પ્રશ્ન :—**પ્રતિયોગીમાં રહેલ સંબંધથી જ્ઞાનને અદૃષ્ટનાશક માનવામાં જ ગૌરવ છે. તેથી નાશના અધિકરણમાં રહેલા સાક્ષાત્ સંબંધથી જ તત્ત્વજ્ઞાન અદૃષ્ટનાશનું કારણ બને છે એમ માનવામાં લાઘવ છે.

**જવાબ :—**આવું માનવાનાં કોઈ નિયામક નથી તેથી અતિપ્રસંગ થશે. આ જ રીતે વાસનાના નાશમાં તત્ત્વજ્ઞાનને અતિરિક્ત કારણ માનવામાં ન્યાયમતમાં ગૌરવ છે. (અમારા મતે)

---

મહત્ત્વ નથી. અવિદ્યા અદૃષ્ટરૂપ કે મિથ્યાજ્ઞાનાહિત વાસનારૂપ હોય તેની નિવૃત્તિનું કારણ તત્ત્વજ્ઞાન નથી. અવિદ્યાની નિવૃત્તિ બુદ્ધિનાશથી થાય છે. તત્વજ્ઞાન બુદ્ધિનાશનું કારણ છે. આમ તત્ત્વજ્ઞાન અવિદ્યાનિવૃત્તિનું સાક્ષાત્ કારણ નથી પણ બુદ્ધિનાશનું સાક્ષાત્ કારણ છે.

**પ્રશ્ન :—**તત્ત્વજ્ઞાન અદૃષ્ટનાશનું સાક્ષાત્ કારણ નથી પણ બુદ્ધિનાશ દ્વારા છે. આવું માનવા પાછળ શું તર્ક છે ?

**જવાબ :—**લાઘવ રૂપ તર્ક છે. બુદ્ધિ, જ્ઞાન વગેરેનો આશ્રય છે. તત્ત્વજ્ઞાન, બુદ્ધિનિષ્ઠ છે. તત્ત્વજ્ઞાન બુદ્ધિના નાશનું કારણ છે. તેથી નાશકતાવચ્છેદક સંબંધ આશ્રયતા બને છે. તત્ત્વજ્ઞાન અને બુદ્ધિ વચ્ચે આશ્રયતા સંબંધ સાક્ષાત્ છે. તત્ત્વજ્ઞાનને અદૃષ્ટનાશનું કારણ માનીએ તો નાશકતાવચ્છેદક સંબંધ પરંપરિત બને છે. તત્ત્વજ્ઞાન અને અદૃષ્ટ બંને વચ્ચે સામાનાધિકરણ્ય છે. એકાધિકરણવૃત્તિત્વરૂપ આ સંબંધ પરંપરા સંબંધ છે. આમ, અદૃષ્ટનાશ નિરૂપિત કારણતામાં નાશકતાવચ્છેદક સંબંધ ગુરુભૂત બને છે. બુદ્ધિનાશ નિરૂપિત કારણતામાં નાશકતાવચ્છેદક સંબંધ લઘુ છે. આથી તત્ત્વજ્ઞાનને બુદ્ધિનાશનું જ કારણ માનવું જોઈએ.

**પ્રશ્ન :—**અદૃષ્ટ અને તત્ત્વજ્ઞાન વચ્ચે સામાનાધિકરણ્ય સંબંધ પ્રતિયોગિતાનો અવચ્છેદક છે. આ સંબંધ પ્રતિયોગી નિષ્ઠ છે. તત્ત્વજ્ઞાન અદૃષ્ટનાશનું કારણ છે. અદૃષ્ટ નાશનો પ્રતિયોગી અદૃષ્ટ છે. તે અને તત્ત્વજ્ઞાન એક અધિકરણમાં છે. આમ પરંપરા સંબંધ બને છે.

**पृथक्कारणतानुपगमात् । अदृष्टादिनाशे च बुद्धिविनाशस्य कारणताया नाधिक्यम् आश्रयनाशस्याश्रितनाशं प्रति क्लृप्तकारणतयैवोपपत्तेः तथा च तज्जीवोपाधि-विगमोऽपवर्ग इत्येतदेवोचितमिति** ***चेन्न*** **।**

---

બુદ્ધિના નાશથી અદૃષ્ટના નાશની જેમ વાસનાનાશ થઈ જાય છે તેથી તત્ત્વજ્ઞાનની અતિરિક્ત કારણતા કલ્પવી પડતી નથી. અદૃષ્ટનાશમાં બુદ્ધિનાશને કારણ માનવાથી અમારે અધિક કારણ માનવું પડે છે તેવું નથી. આશ્રિતનાશમાં આશ્રયના નાશની કારણતા ક્લૃપ્ત છે. આમ, જીવની ઉપાધિનો અભાવ મોક્ષ છે—આ જ લક્ષણ ઉચિત છે.

---




પરંપરાસંબંધમાં ગૌરવ હોય એ સ્પષ્ટ છે. તેથી આવા પરંપરાસંબંધથી કારણતા ન માનતા સાક્ષાત્ સંબંધથી કારણતા માનવામાં આવે છે. આ સંબંધ આશ્રયતા છે. તત્ત્વજ્ઞાનના અધિકરણમાં અદૃષ્ટનાશ આશ્રયતા સંબંધથી રહે છે. આ રીતે ગૌરવની આપત્તિ ટળી જાય છે માટે તત્ત્વજ્ઞાનને અદૃષ્ટનાશનું કારણ માનવામાં કોઈ દોષ નથી.

**જવાબ :—**આના જવાબમાં યત્તુકાર બે આપત્તિ દર્શાવે છે. એક, આશ્રયતા સંબંધથી અદૃષ્ટનાશ પ્રત્યે તત્ત્વજ્ઞાનને કારણ માનશો તો કારણતાનો નિયમ સર્વત્ર એક સરખો નહીં રહે. દુઃખનાશમાં દુઃખનાશત્વેન કાર્યતા છે તો સુખાદિનાશમાં પ્રતિયોગિત્વેન છે. બંને પ્રકારની કાર્યતાથી નિરૂપિત કારણતા તત્ત્વજ્ઞાનમાં છે. જ્યાં નાશત્વેન કાર્યતા છે ત્યાં પ્રતિયોગિત્વ નથી. જ્યાં પ્રતિયોગિત્વેન કાર્યતા છે ત્યાં નાશત્વ નથી. આમ, તત્ત્વજ્ઞાનની કારણતા અતિપ્રસક્ત બને છે. તેનું નિયામક કોઈ નથી.

**પ્રશ્ન :—**(નૈયાયિક) અમે સર્વત્ર નાશત્વેન કારણતા સ્વીકારીશું તેથી અતિપ્રસંગ રહેશે નહીં.

**જવાબ :—**તેના જવાબમાં યત્તુકારે બીજી આપત્તિ દર્શાવી છે દુઃખનાશ પ્રત્યેની કારણતા તો આ રીતે સંગત થઈ જશે પરંતુ નૈયાયિકોએ તત્ત્વજ્ઞાનને વાસનાના નાશનું કારણ જણાવ્યું છે. તે માટે તેમણે અલગ કારણતા બતાવવી પડશે. તે ગૌરવ છે.

**પ્રશ્ન :—**યત્તુકારના મતે પણ વાસનાનાશ માટે તત્ત્વજ્ઞાનની કારણતા માનવી પડશે. આ આપત્તિ બંને પક્ષે સમાન છે.

**જવાબ :—**યત્તુકારના પક્ષે આશ્રયનાશ આશ્રિતનાશનું કારણ છે. તત્ત્વજ્ઞાન બુદ્ધિરૂપ આશ્રયનાશનું કારણ છે. બુદ્ધિનો નાશ થવાથી અદૃષ્ટ, વાસના જેવા બુદ્ધિના બધા જ ધર્મો એકી સાથે નાશ પામી જાય છે. આમ યત્તુકારને વાસનાનાશ માટે અલગ કારણતા માનવાની રહેતી નથી તેથી તેના મતે ગૌરવની

**( २३ ) बुद्धितत्त्वस्यानादित्वे विनाशानुपपत्तेः भावनाशे जन्यत्वेन प्रतियोगिनो हेतुत्वात् । सादित्वे च बुद्धिधर्मादृष्टप्रवाहस्यापि सादितया प्रथममदृष्टवैचित्र्यं भोगादिकार्यवैचित्र्यञ्च न स्यात् । न चादृष्टजनककृतिवैचित्र्यम्, प्रथमतः कृति-वैचित्र्यप्रयोजकस्यैव दुर्लभत्वात् । तस्माददृष्टसमवायिनो नित्यत्वमेव अनादिविचित्रा-दृष्टप्रवाहात् पुंसां भोगवैचित्र्यमिति ।**

---

(૨૩) **શબ્દાર્થ :—**આ મત બરાબર નથી, કારણ કે—બુદ્ધિતત્ત્વને અનાદિ માનીએ તો તેના વિનાશની ઉપપત્તિ થતી નથી. કારણ કે—ભાવ પદાર્થના નાશમાં પ્રતિયોગી જન્યત્વેન કારણ છે. બુદ્ધિતત્ત્વને સાદિ માનીએ તો બુદ્ધિનો ધર્મ-અદૃષ્ટનો પ્રવાહ પણ સાદિ માનવો પડે. તો પ્રથમથી જ અદૃષ્ટની વિચિત્રતા અને તેના કાર્ય-ભોગ વગેરેની વિચિત્રતા નહીં રહે. અદૃષ્ટની જનક કૃતિમાં વૈચિત્ર્ય માનવાથી પણ આ આપત્તિ ટળશે નહીં. કારણ કે કૃતિમાં વૈચિત્ર્યનું પ્રયોજક પહેલેથી જ જોવા મળે તે દુર્લભ છે. તેથી અદૃષ્ટનું સમવાયથી અધિકરણ નિત્ય જ છે. અનાદિથી અદૃષ્ટનો વિચિત્ર પ્રવાહ ચાલે છે તેને કારણે પુરુષોમાં ભોગની વિવિધતા જોવા મળે છે.

---

આપત્તિ નથી.

**પ્રશ્ન :—**આશ્રયના નાશને આશ્રિતનાશનું કારણ કલ્પવું પડે છે એ ગૌરવ યત્તુકાર મતે છે.

**જવાબ :—**આશ્રયનાશની આશ્રિત નાશ પ્રત્યેની કારણતા ઘટાદિમાં ક્લૃપ્ત છે, કલ્પનીય નથી. તેથી અદૃષ્ટાદિના નાશમાં બુદ્ધિનાશની કારણતા અધિક હોવાનું ગૌરવ નથી.

આ રીતે, યત્તુકારના મત પ્રમાણે જીવરૂપ ઉપાધિનો વિગમ મોક્ષરૂપ છે એ સ્થાપિત થયું.

(૨૩) **વિવરણ :—**યત્તુકારના પક્ષનું સમર્થન કરતા પૂર્વપક્ષનું નૈયાયિક ખંડન કરે છે. 'તત્ત્વજ્ઞાનથી બુદ્ધિનો નાશ થાય છે. બુદ્ધિ અદૃષ્ટ, વાસના વગેરેનો આશ્રય છે. આશ્રયના નાશથી આશ્રિતનો નાશ થાય એ નિયમથી બુદ્ધિના નાશથી અદૃષ્ટાદિનો નાશ થાય' આ યત્તુકારનો મત છે. આ મતમાં અદૃષ્ટનાશનું કારણ તત્ત્વજ્ઞાન નથી, પણ બુદ્ધિનાશ છે.

નૈયાયિક તેની સામે પ્રશ્ન ઉઠાવે છે કે—બુદ્ધિ તત્ત્વ અનાદિ છે કે સાદિ ? બુદ્ધિતત્ત્વ જો અનાદિ હોય તો તેનો નાશ થઈ શકે નહીં. ભાવભૂત પદાર્થ જો અનાદિ હોય તો તે નિત્ય હોય છે. જે ભાવભૂત પદાર્થ નાશ પામે છે તે નિયમતઃ જન્ય જ હોય. બુદ્ધિ જો નાશ પામે છે તો તે જન્ય જ માનવી જોઈએ, તેને અનાદિ માની શકાશે નહીં. ભાવભૂત પદાર્થના નાશમાં પ્રતિયોગી કારણ છે. 'ध्वंसं प्रति प्रतियोगिनः हेतुत्वम्' ધ્વંસની પ્રત્યે ભાવભૂત પ્રતિયોગીની કારણતા જન્યત્વેન છે. એટલે જન્ય ભાવભૂત પદાર્થ જ ધ્વંસનો પ્રતિયોગી બની શકે છે. આ કારણતા જન્યત્વેન ન માનતા કેવળ પ્રતિયોગિત્વેન માનીએ તો ન્યાયમતે ગગનાદિમાં અને વેદાંતમતે બ્રહ્મમાં વ્યભિચાર આવશે. ગગન અને બ્રહ્મ નિત્ય છે 'गगनं न' 'ब्रह्म न', ઇત્યાદિ પ્રતીતિ સાક્ષિક અભાવીય પ્રતિયોગિતા તેમનામાં છે. તે ભાવભૂત છે છતાં તેમનો નાશ થતો નથી માટે कारणसत्त्वे कार्याभाव રૂપ વ્યભિચાર થશે. પ્રતિયોગીને જન્યત્વેન કારણ માનવાથી વ્યભિચાર ટળી જશે, કારણ કે—ગગન-બ્રહ્માદિ જન્ય નથી.

**( २४ )** ***एतेन*** **मूलप्रकृतिपरिणामविशेषो बुद्धिर्महदाख्यः तत्रैवादृष्टं कृत्यादिकञ्च । पुरुषास्तु कूटस्थचैतन्यरूपाः । जन्मधर्मानाश्रयत्वं कौटस्थ्यम् । बुद्धिधर्माः कृत्यादयो बुद्धिपरिणामविशेषेणाहङ्कारेण पुंस्यारोप्यन्ते । तदुक्तम्–**

**'अहङ्कारविमूढात्मा कर्ताहमिति मन्यते' । इति ।**

---

(૨૪) **શબ્દાર્થ :–**આ ખંડન દ્વારા સાંખ્ય મતનું પણ નિરસન થઈ જાય છે. (સાંખ્યમતે) મહત્તત્ત્વ નામ ધરાવતી બુદ્ધિ, મૂલ પ્રકૃતિનો વિશેષ પરિણામ છે. તેમાં જ અદૃષ્ટ અને કૃતિ વગેરે રહે છે. પુરુષો કૂટસ્થ ચૈતન્યરૂપ છે. કૂટસ્થતા એટલે જન્ય ધર્મોના આશ્રય ન હોવું. કૃતિ વગેરે બુદ્ધિના ધર્મો છે. અહંકાર રૂપ બુદ્ધિના વિશિષ્ટ પરિણામને કારણે પુરુષ પર તેમનો આરોપ થાય છે. કહ્યું છે–'અહંકારથી અતિમૂઢ બનેલો આત્મા–હું કર્તા છું–તેમ માને છે.' બુદ્ધિનો ઉપયોગ જ પુરુષોનો બંધ છે. બુદ્ધિનો લય થવાથી તેનો ઉપરાગ ન થવો તે જ અપવર્ગ છે. આ સાંખ્ય મત નિરસ્ત થઈ જાય છે. કારણ કે–બુદ્ધિ

---

આ આપત્તિથી બચવા બુદ્ધિ સાદિ છે આવો બીજો વિકલ્પ સ્વીકારશો તો અન્ય આપત્તિ આવશે. બુદ્ધિ સાદિ છે તેથી તેના ધર્મો પણ સાદિ છે. બુદ્ધિ ઉત્પન્ન થયા પછી અદૃષ્ટ ઉત્પન્ન થશે. અદૃષ્ટ ભોગરૂપ ફળ આપે છે. દરેક જીવના ફળભોગ ભિન્ન ભિન્ન છે. કાર્યમાં દેખાતી ભિન્નતાનું કારણ સામગ્રીની ભિન્નતા છે. ભોગનું કારણ અદૃષ્ટ પ્રથમવાર ઉત્પન્ન થાય છે તેમાં કઈ વિશેષતા છે જેને કારણે તે ભિન્ન ભિન્ન પ્રકારના ભોગ ઉત્પન્ન કરે છે ? કારણમાં આ વિશેષતા ક્યાંથી આવે છે ? આ પ્રશ્નનો સંતોષપ્રદ ખુલાસો આપી શકાતો નથી.

**પ્રશ્ન :–**અદૃષ્ટનું કારણ આત્માની કૃતિ છે. આ કૃતિ અલગ અલગ પ્રકારની હોવાથી અદૃષ્ટમાં વિચિત્રતા આવે છે. તેને કારણે ભોગમાં પણ વિવિધતા આવે છે.

**જવાબ :–**યત્તુકારના મત પ્રમાણે આ ખુલાસો નબળો છે. કારણ કે તેમના મતે બુદ્ધિ ઉત્પન્ન થયા પછી જ અદૃષ્ટ વગેરે કૃતિ ઉત્પન્ન થાય. શરૂમાં તો બુદ્ધિ હોતી નથી. બુદ્ધિ રૂપ આશ્રયના અભાવમાં કૃતિમાં વૈચિત્ર્ય કેવી રીતે આવશે ? આમ, બુદ્ધિને સાદિ પણ માની શકાતી નથી. તેથી અદૃષ્ટને બુદ્ધિનો ધર્મ ન માનતા આત્માનો ધર્મ માનવો જોઈએ. આત્મા નિત્ય છે તેથી તેમાં અનાદિ કાળથી રહેલ અદૃષ્ટની વિચિત્રતાથી પુરુષને અલગ અલગ ભોગ પ્રાપ્ત થાય છે. એ સમજાવી શકાય છે.

આ રીતે અદૃષ્ટનાશ જ મોક્ષ છે એ નૈયાયિક મત સિદ્ધ થાય છે.

(૨૪) **વિવરણ :–**જે દલીલથી વેદાંત મતનું ખંડન થાય છે તે જ દલીલથી સાંખ્યમતનું પણ ખંડન થઈ જાય છે. સાંખ્યમતે પણ અદૃષ્ટ અને કૃતિ વગેરે બુદ્ધિના ધર્મો છે. સાંખ્યમત મુજબ ત્રિગુણાત્મિકા પ્રકૃતિ પોતાના ગુણની વિષમતાને કારણે જગતનું ઉપાદાન કારણ બને છે. મૂલ પ્રકૃતિમાંથી મહત્તત્ત્વ જન્મે છે. તેનું નામ જ બુદ્ધિ છે. સાંખ્યમતે પુરુષો કૂટસ્થ ચૈતન્ય રૂપ છે. કૂટસ્થ એટલે જેમાં કોઈ જન્ય ધર્મ નથી રહેતા તેવો પદાર્થ. પુરુષ કૂટસ્થ છે તેથી તેમાં અદૃષ્ટ કૃતિ વગેરે જન્ય ધર્મો ન રહી શકે. તેથી બુદ્ધિને જ અદૃષ્ટકૃત્યાદિનો આશ્રય માનવામાં આવે છે.

**પ્રશ્ન :–**અદૃષ્ટ વગેરે બુદ્ધિના જ ધર્મો હોય, પુરુષને તેની સાથે કોઈ જ સંબંધ ન હોય તો બંધ અને મોક્ષ બુદ્ધિના જ થશે. પુરુષના નહીં.

**बुद्ध्युपयोग एव पुरुषाणां बन्धः, बुद्धेर्लयेन तदनुपराग एव तेषामपवर्ग इति साङ्ख्यमत*मपास्तम्* । बुद्धेरुक्तानादित्वसादित्वरूपविकल्पकवलितत्वात् । तदुक्तमाचार्यैः—**

**'अन्यथाऽनपवर्गः स्यादसंसारोऽथवा पुनः' । इति ।**

**असंसारः=संसारावैचित्र्यम् ।**

**( २५ ) *भट्टास्तु* नित्यसुखसाक्षात्कारोऽपवर्गः । न च नित्यसुखमप्रामाणिकम् , 'आनन्दं ब्रह्मणो रूपं तच्च मोक्षे प्रतिष्ठितम्' इत्यादिरूपप्रमाणसम्भवात् । आनन्दमिति**

---

'અનાદિ છે કે સાદિ ?' આ બે વિકલ્પથી યુક્ત છે. આચાર્ય ઉદયન કહે છે—

'અન્યથા મોક્ષ નહીં થાય કે સંસાર નહીં રહે. અહીં અસંસાર પદનો અર્થ 'સંસારમાં વૈચિત્ર્ય નહીં રહે' તેવો કરવો.

**(૨૫) શબ્દાર્થ :—**ભટ્ટો આ પ્રમાણે કહે છે કે નિત્ય સુખનો સાક્ષાત્કાર મોક્ષ છે. 'નિત્ય સુખમાં કોઈ પ્રમાણ નથી' એ શંકા અસ્થાને છે. કારણ કે आनन्दं ब्रह्मणो रूपं तच्च मोक्षे प्रतिष्ठितम् વગેરે શ્રુતિ પ્રમાણ સંભવે છે. આ શ્રુતિમાં आनन्दને નપુંસકલિંગ છાન્દસ્ છે. ब्रह्मणो रूपं નો અર્થ

---

**જવાબ :—**અદષ્ટ વગેરે ગુણો બુદ્ધિના જ છે. પણ બુદ્ધિથી જે અહંકાર જન્મે છે તેને કારણે તેમનો પુરુષ ઉપર આરોપ થાય છે. સાંખ્યમતે પુરુષનો બંધ પણ ઉપચરિત છે અને મોક્ષ પણ ઉપચરિત છે. અહંકાર ઉપચારનું કારણ છે તે વાત ગીતામાં પણ કહી છે. 'પ્રકૃતિના ગુણોથી જ બધે કર્મો થાય છે છતાં અહંકારથી મૂઢ બનેલો આત્મા—હું કર્તા છું—તેમ માને છે.' બુદ્ધિ છે ત્યાં સુધી અહંકાર છે. અહંકાર છે ત્યાં સુધી પ્રકૃતિના ગુણોનો પુરુષ પર આરોપ થતો રહે છે. તેને કારણે પુરુષ બંધાય છે. આમ જ્યાં સુધી બુદ્ધિનો ઉપયોગ છે ત્યાં સુધી જ બંધ છે. લયના ક્રમથી બુદ્ધિનો પ્રકૃતિમાં લય થાય ત્યારે પુરુષનો મોક્ષ થયો તેમ કહેવાય છે.

સાંખ્યમતનું ખંડન કરતા ગદાધર જણાવે છે કે—વેદાંતમતનું ખંડન કરતા રજૂ કરેલી દલીલના આધારે જ સાંખ્યમતનું પણ ખંડન થઈ જાય છે. બુદ્ધિ જો અનાદિ હોય તો તેનો નાશ નહીં થાય. અને સાદિ હોય તો સંસારનું વૈચિત્ર્ય સમજાવી શકાશે નહીં. આચાર્ય ઉદયને પણ આ જ દલીલ ઉપસ્થિત કરી છે. પ્રકૃતિ અને પુરુષ નિત્ય છે તેથી તેમનો સંબંધ પણ નિત્ય છે. તેથી તેનાથી મુક્ત કરનાર કોઈ પ્રયોજક ન હોવાથી મોક્ષાભાવની આપત્તિ આવશે. બુદ્ધિ જો સાદિ હોય તો બુદ્ધિ ઉત્પાદક કોઈ ન હોવાથી સંસારના વૈચિત્ર્યની અનુપપત્તિ થશે.

**(૨૫) વિવરણ :—**કુમારિલ ભટ્ટ એક પ્રખર મીમાંસક હતા. તેમના મોક્ષ વિષેના મતનું ખંડન કરવા તેમનો મત જણાવે છે. ભટ્ટના મતે મોક્ષ દુઃખાભાવ રૂપ નથી પણ સુખસાક્ષાત્કાર રૂપ છે. સુખ આત્માનો ધર્મ છે. મોક્ષના સમયે તેનો સાક્ષાત્કાર થાય છે. મોક્ષના સમયે અનુભવાતું સુખ કાયમ રહે છે અર્થાત્ સુખ આત્માનો ધર્મ છે. સંસાર અવસ્થામાં તેનો સાક્ષાત્કાર નથી થતો. મોક્ષના સમયે તેનો સાક્ષાત્કાર થાય છે. તેના વિનાશક પરિબળ ન હોવાથી તે કાયમ રહે છે આમ મોક્ષના સમયે અનુભવાતું સુખ આપોઆપ નિત્ય પુરવાર થાય છે.

**छान्दसं नपुंसकम्, ब्रह्मणो रूपमात्मनो धर्मः, मोक्षे=मोक्षसमये प्रतिष्ठितं साक्षात्कृतमित्यर्थः । एतादृशप्रमाणेन मोक्षकालीनसाक्षात्कारविषयसुखसिद्धौ लाघवेन तस्योत्पाद-विनाशाभावसिद्धौ नित्यतायां पर्यवसानात् ।**

**( २६ ) *केचित्तु* 'नित्यं विज्ञानमानन्दं ब्रह्म' इति श्रुतिः आनन्दविशिष्टस्यात्मनो नित्यतां बोधयति विशिष्टान्वयपरताया औत्सर्गिकतया असति बाधके त्यागायोगादिति विशेषणस्यानन्दस्य नित्यत्वे सैव प्रमाणमि*त्याहुः* ।**

---

આત્માનો ધર્મ છે. મોક્ષે એટલે મોક્ષ સમયે પ્રતિષ્ઠિત એટલે સાક્ષાત્કારનો વિષય. આવા પ્રમાણથી મોક્ષકાલીન સાક્ષાત્કારનો વિષય સુખ સિદ્ધ થતાં લાઘવથી તેના ઉત્પાદક વિનાશ નથી થતા એવું સિદ્ધ થાય છે આમ તે સુખ નિત્ય બની રહે છે.

(૨૬) **શબ્દાર્થ :—**કેટલાક એમ કહે છે કે 'नित्यं विज्ञानमानन्दं ब्रह्म' આ શ્રુતિ આનંદવિશિષ્ટ આત્માની નિત્યતાનો બોધ કરાવે છે. શ્રુતિથી વિશિષ્ટનો અન્વય ઉત્સર્ગથી પ્રાપ્ત છે. તેનો બાધ ન હોય તો ત્યાગ કરી શકાતો નથી. તેથી આનંદ એ વિશેષણની નિત્યતામાં તે જ પ્રમાણ છે—તેવું કહે છે.

---

**પ્રશ્ન :—**નિત્ય સુખનો પ્રત્યક્ષ અનુભવ નથી તો તેના હોવામાં પ્રમાણ શું છે ?

**જવાબ :—**आनन्दं ब्रह्मणो रूपं तच्च मोक्षे प्रतिष्ठितम् આવી શ્રુતિઓ નિત્ય સુખમાં પ્રમાણ છે. અહીં આનંદ પદ સુખનું વાચક છે.

**પ્રશ્ન :—**સુખ આત્માનો ધર્મ હોય તો અહીં આનંદ પદને પુલ્લિંગ થવું જોઈએ. નપુંસકલિંગ નહીં.

**જવાબ :—**छन्दसि बहुलम् એ સૂત્રથી અહીં નપુંસકલિંગ છે. 'સુખ આત્માનો ધર્મ છે મોક્ષના સમયે તેનો સાક્ષાત્કાર થાય છે.' આ શ્રુતિનો અર્થ છે. સુખ સિદ્ધ થતા તેની ઉત્પત્તિ અને વિનાશની સામગ્રી કલ્પવી તેમાં ગૌરવ છે તેથી લાઘવથી સુખ નિત્ય જ માનવામાં આવે છે. આમ નિત્ય સુખનો સાક્ષાત્કાર મોક્ષ છે એ વાત સિદ્ધ થાય છે.

(૨૬) **વિવરણ :—**નિત્ય સુખની બાબતમાં મીમાંસકોનો મત ઉપસ્થિત કરે છે. 'नित्यं विज्ञानमानन्दं ब्रह्म' આ શ્રુતિ નિત્ય સુખમાં પ્રમાણ છે. આ વાક્ય ઘટિત સામાન્ય સામગ્રી आनन्द પદનો અર્થ 'આનંદ વિશિષ્ટ' જણાવે છે. आनन्द પદનો 'આનંદરૂપ' એવો અર્થ અહીં અભિપ્રેત નથી. કારણ કે—વાક્યઘટક વિશેષણપદો ઉત્સર્ગથી 'વિશિષ્ટ' અર્થને જણાવે છે—એ નિયમ છે. વિશિષ્ટ અર્થનો બાધ થતો હોય તો જ તેનો ત્યાગ થાય છે, અન્યથા નહીં. આથી અહીં आनन्द પદનો 'આનંદ વિશિષ્ટ' અર્થ કરવામાં કોઈ બાધ નથી તેથી તેનો ત્યાગ થઈ શકે નહીં. आनन्द પદનો 'આનંદ વિશિષ્ટ' અર્થ ઉત્સર્ગપ્રાપ્ત છે. આનંદ વિશિષ્ટ બ્રહ્મ નિત્ય છે તેથી આનંદ પણ નિત્ય છે. આ શ્રુતિ જ આત્માને નિત્ય જણાવે છે તેથી તદ્ગત આનંદ નિત્ય છે તે પણ તેનાથી જ સિદ્ધ થાય છે.

**( २७ ) *तच्चिन्त्यम्* । तथा सति ततो नित्यज्ञानस्यापि सिद्धिप्रसङ्गात् । न च मीमांसकानां तदनुमतम् । वेदान्तिनामेव यथाश्रुततादृशश्रुतिबलात् ज्ञानसुखात्मकस्य परमात्मनः सिद्धिः तेषाञ्च तदेकवाक्यतया आनन्दं ब्रह्मणो रूपमित्यस्य सुखं ब्रह्मणः स्वरूपमित्यर्थः । मोक्षे प्रतिष्ठितमित्यस्य च सप्तम्या जनकतार्थकतया भविष्यती-त्यध्याहारेण वा अविद्यानिवृत्तिरूपमोक्षजनकसाक्षात्कारविषय इत्यर्थः ।**

**( २८ ) *अथ* 'अशरीरं वा वसन्तं प्रियाप्रिये न स्पृशत' इत्यादिश्रुतिविरोधात् मुक्तस्य सुखसम्बन्धस्वीकारासम्भवः । *न च* तत्र वाक्यभेदभिया प्रत्येकनिषेधपरता न स्वीक्रियते अपि तु उभयाभावपरतैव तथा च सुखसत्त्वेऽपि दुःखाभावात्**

---

(૨૭) **શબ્દાર્થ :–**કેટલાંક વિદ્વાનોનો આ મત વિચાર માંગી લે છે. જો વિશિષ્ટ અન્વયનો ત્યાગ કરવામાં નહીં આવે તો નિત્ય વિજ્ઞાન પણ સિદ્ધ થઈ જશે. નિત્ય જ્ઞાન મીમાંસકોને માન્ય નથી. વેદાંતીઓના મતે જ ઉપર કહી તેવી શ્રુતિ સાથે आनन्दं ब्रह्मणो रूपं આ શ્રુતિની એકવાક્યતા છે તેથી 'સુખ બ્રહ્મનું રૂપ છે' એવો અર્થ થાય. मोक्षे प्रतिष्ठितम् અહીં સપ્તમી વિભક્તિનો અર્થ જનકત્વ છે અથવા આ શ્લોકમાં भविष्यति એ પદ અધ્યાહાર છે તેથી 'અવિદ્યાનિવૃત્તિ રૂપ મોક્ષ જનક સાક્ષાત્કારનો વિષય તાદૃશ સુખ છે' આ અર્થ પ્રાપ્ત થાય છે.

(૨૮) **શબ્દાર્થ :–પૂર્વપક્ષ :-** 'अशरीरं वा वसन्तं प्रियाप्रिये न स्पृशतः' 'શરીર વિનાની અવસ્થામાં વસતા આત્માને સુખ કે દુઃખ સ્પર્શતા નથી.' આ શ્રુતિનો વિરોધ થાય છે માટે મુક્તની

---

(૨૭) **વિવરણ :–**કેચિત્તુ દ્વારા ઉપસ્થિત કરેલા મીમાંસક મતનું ખંડન કરે છે. મીમાંસકો જ્ઞાનને નિત્ય માનતા નથી. नित्यं विज्ञानमानन्दं ब्रह्म આ શ્રુતિમાં आनन्द પદનો અર્થ આનંદવિશિષ્ટ આત્મા કર્યો છે. आनन्द પદ બ્રહ્મનું વિશેષણ છે. આ શ્રુતિમાં જેમ આનંદ વિશેષણ છે તે જ રીતે વિજ્ઞાન પણ વિશેષણ છે. જે યુક્તિ આનંદને નિત્ય સાબિત કરે છે તે જ યુક્તિ વિજ્ઞાનને પણ નિત્ય સાબિત કરશે. આમ જ્ઞાનને નિત્ય માનવાની આપત્તિ આવશે. મીમાંસકો જ્ઞાનને નિત્ય માનતા નથી કારણ કે નિત્યજ્ઞાનના આશ્રય તરીકે ઈશ્વરને સ્વીકારવો પડે. મીમાંસકો નિરીશ્વરવાદી છે. આથી કેચિત્તુકારે પ્રસ્તુત કરેલું અર્થઘટન અયોગ્ય છે. મીમાંસકોએ વિશિષ્ટાન્વયના નિયમનો પ્રસ્તુત સ્થળે ત્યાગ કરવો જ પડે તેમ છે.

વેદાંતમત ઈશ્વરને માને છે તેથી વેદાંત મતે ઉપર્યુક્ત રીતે જ્ઞાન અને સુખરૂપ ઈશ્વરની સિદ્ધિ થઈ શકશે. आनन्दं ब्रह्मणो रूपं આ વાક્ય नित्यं ઇત્યાદિ શ્રુતિ સાથે એકવાક્યતા ધરાવે છે તેથી સુખ બ્રહ્મનું સ્વરૂપ છે તે સાબિત થાય છે. 'मोक्षे प्रतिष्ठितम्' આ પદોનો અન્વય બે રીતે થઈ શકે. એક સપ્તમી વિભક્તિનો અર્થ જનકતા માનીને અથવા તો આ વાક્યમાં भविष्यति પદનો અધ્યાહાર કરીને. બંને રીતે 'અવિદ્યાનિવૃત્તિરૂપ મોક્ષજનક સાક્ષાત્કારનો વિષય સુખ છે' એ અર્થ સંગત થાય છે.

(૨૮) **વિવરણ :–**નિત્ય સુખ સાક્ષાત્કારને મુક્તિ માનતા ભાટ્ટમતની સામે વિસ્તૃત પૂર્વપક્ષ રચે છે. 'अशरीरं वा वसन्तं प्रियाप्रिये न स्पृशतः' 'શરીર વિનાની અવસ્થામાં વસતા આત્માને સુખ કે દુઃખનો સ્પર્શ થતો નથી' આ તેનો અર્થ છે. આ શ્રુતિ મુજબ આત્મામાં સુખ નથી એ સાબિત થાય છે. સુખ સાક્ષાત્કારને મુક્તિ માનવાથી ઉક્ત શ્રુતિનો વિરોધ થાય છે. આ વિરોધનો પરિહાર કરવા न च થી

**उभयाभावसत्त्वेन न विरोधः । अव्यासज्यवृत्त्यनुगतरूपावच्छिन्नाभावपरतया वाक्यभेदपरिहार उपायकारानुमतो न साधीयान्, प्रियाप्रिययोरेकपदेन प्रतिपादन एव तत्सम्भवात्, तावतापि अयोग्यत्वस्यापरिहाराच्च । दुःखाभावादुभयाभावः सुखाभावाद्वेति विनिगमनाविरहो नाशङ्कनीयः 'दुःखेनात्यन्तं विमुक्तश्चरति' इत्यादिश्रुतिबलात् दुःखाभावस्य प्रामाणिकत्वात् तस्यैवोभयाभावप्रयोजकत्वादिति *वाच्यम्* । यतः 'प्रियाप्रिये न स्पृशत' इत्यनेन प्रियाप्रिययोरभावो न प्रत्याय्यते अपि तु तदुभयानुयोगिकमुक्तात्मकर्मकस्पर्शकर्तृत्वाभाव एव । तत्कर्मस्पर्शकर्तृत्वं च तदनुयोगिकसम्बन्धप्रतियोगित्वम्, प्रिये सुखे तादृशसम्बन्धप्रतियोगितासत्त्वे च उभयत्वावच्छिन्नेऽपि तत्र तदभावबाधः, प्रतियोगिमति व्यासज्यवृत्तिधर्मावच्छिन्ना-**

---

સાથે સુખનો સંબંધ સ્વીકારી શકાય તેમ નથી.

**પ્રશ્ન :—**આ વાક્યમાં વાક્યભેદ ન થાય માટે પ્રત્યેકનો નિષેધ સ્વીકારાતો નથી પણ ઉભયાભાવ દર્શાવાય છે. મુક્તિમાં સુખ હોવા છતાં દુઃખ નથી માટે ઉભયાભાવ છે. આમ સંગતિ કરવાથી વિરોધ નથી. ઉપાયકારે અહીં અવ્યાસજ્યવૃત્તિ અનુગતરૂપાવચ્છિન્ન અભાવ માનીને વાક્યભેદનો પરિહાર કર્યો છે તે યોગ્ય નથી. કારણ કે પ્રિય અને અપ્રિયનું એક પદથી પ્રતિપાદન થયું હોય તો જ વાક્યભેદ સંભવ છે. વાક્યભેદ ન હોય તો પણ અયોગ્યત્વની આપત્તિનો પરિહાર થતો નથી.

'મુક્તિમાં સુખદુઃખઉભયાભાવ સુખાભાવને કારણે છે કે દુઃખાભાવને કારણે તેમાં કોઈ વિનિગમક નથી' આવી શંકા નહીં કરવી જોઈએ કારણ કે—'दुःखेनात्यन्तं विमुक्तश्चरति' આ શ્રુતિને આધારે મુક્તિમાં દુઃખાભાવ જ પ્રમાણપ્રાપ્ત છે તેથી તે જ ઉભયાભાવનો પ્રયોજક છે.

---

वाच्यम् સુધીનો દીર્ઘ પ્રશ્નગ્રંથ છે.

**પ્રશ્ન :—**આ શ્રુતિમાં સુખ અને દુઃખના વ્યક્તિગત અભાવનું પ્રતિપાદન થયું નથી પણ ઉભયાભાવનું પ્રતિપાદન થયું છે. 'एकसत्त्वेऽपि द्वयं नास्ति' એ ન્યાયે સુખ હોવા છતાં દુઃખના અભાવને કારણે સુખ-દુઃખઉભયાભાવ મળી શકે છે. જો આ શ્રુતિ પ્રત્યેક અભાવનું પ્રતિપાદન કરે છે તેવું માનવામાં આવે તો વાક્યભેદ દોષ આવે છે. જે વાક્ય એકથી વધુ મુખ્ય વિશેષ્યતા ધરાવતા અર્થનું પ્રતિપાદન કરે તે વાક્યભેદ દોષગ્રસ્ત બને છે. એક વાક્યમાં મુખ્ય વિશેષ્ય એક જ હોય. બીજા વિશેષ્ય હોય તો પણ ગૌણ હોય. એક વાક્યમાં મુખ્ય વિશેષ્ય બે ન હોય. મુખ્ય વિશેષ્યની સાથે ક્રિયાનો અન્વય (સંબંધ) થાય છે. મુખ્ય વિશેષ્ય બે હોય તો ક્રિયાનો અન્વય બે વાર કરવો પડે. सविशेषणम् आख्यातं वाक्यम् આ વાક્યની વ્યાખ્યા પ્રમાણે આખ્યાતનો અન્વય એક વાર થાય એટલે વાક્યબોધ થઈ જાય. બીજી વાર બીજા મુખ્ય વિશેષ્ય સાથે આખ્યાતનો અન્વય કરવા તે વાક્યને ભિન્ન માનવું પડે. આ વાક્યભેદ દોષ છે. પ્રસ્તુત સ્થળે મુક્તિમાં પ્રિયનો અભાવ અને અપ્રિયનો અભાવ એમ પ્રત્યેકનો અભાવ અભીષ્ટ હોય તો વાક્યભેદ થાય. કારણ કે મુખ્ય વિશેષ્ય બે બની જાય છે. આમ, વાક્યભેદના ભયને ટાળવા ઉપર કહ્યું તે મુજબ આ શ્રુતિને ઉભયાભાવની પ્રતિપાદક માનવી જોઈએ. મુક્તિમાં સુખ હોવા છતાં ઉભયાભાવ મળી શકે છે તેથી

**भावानभ्युपगमात् । *न च* स्पृशधातुरत्र सत्तार्थकः, तथा च 'घटपटौ न स्त' इत्यत्र यथा घटपटोभयाभावेऽस्तित्वं प्रतीयते तथा प्रकृतेऽपि सुखदुःखोभयाभावेऽस्तित्वं प्रतीयते इति *वाच्यम्* । तथा सति धातोरकर्मकतया शरीरमिति द्वितीयानुपपत्तिः । अनुयोगिनि सप्तमीं विना प्रातिपदिकार्थाभावप्रत्यायनायोगच्चेति *चेन्न* ।**

---

**જવાબ :—**प्रियाप्रिये न स्पृशतः આ શ્રુતિ પ્રિય અને અપ્રિયના ઉભયાભાવની પ્રતીતિ નથી કરાવતી, પરંતુ પ્રિયાપ્રિય ઉભયાનુયોગિક મુક્તાત્મકર્મક જે સ્પર્શ તેના અભાવની જ પ્રતીતિ કરાવે છે. તત્કર્મકસ્પર્શનું કર્તૃત્વ તદનુયોગિક સંબંધના પ્રતિયોગિત્વ રૂપ છે. પ્રિય સુખમાં તેવા સંબંધની પ્રતિયોગિતા હોય તો ઉભયત્વાવચ્છિન્ન મુક્તિમાં તેનો અભાવ નહીં મળે કારણ કે—'પ્રતિયોગીના અધિકરણમાં વ્યાસજ્યવૃત્તિધર્માવચ્છિન્ન અભાવ મનાય નહીં' એ નિયમ છે.

**પ્રશ્ન :—**આ શ્રુતિમાં સ્પૃશ્ ધાતુનો અર્થ સત્તા છે. ઘટપટૌ ન સ્તઃ આ સ્થળે જેમ ઘટપટોભયાભાવમાં અસ્તિત્વ પ્રતીત થાય છે તેમ પ્રકૃત સ્થળે પણ સુખદુઃખોભયાભાવમાં અસ્તિત્વ પ્રતીત થાય છે.

**જવાબ :—**સ્પૃશ્ ધાતુ સત્તાર્થક હોય તો અકર્મક થશે. તેમ થશે તો 'शरीरम्' અહીં કર્માર્થક દ્વિતીયા વિભક્તિની અનુપપત્તિ થશે. બીજું, અભાવના અનુયોગિમાં સપ્તમી વિભક્તિ વિના પ્રાતિપાદિકાર્થના અભાવની નञ् દ્વારા પ્રતીતિ થઈ શકતી નથી.

---

ઉક્ત શ્રુતિનો વિરોધ નથી.

'अशरीरं' ઈત્યાદિ શ્રુતિમાં વાક્યભેદનો પરિહાર ઉપાયકારે અન્ય રીતે કર્યો છે. 'જો આ શ્રુતિમાં અન્ય રીતે વાક્યભેદનો પરિહાર થઈ જાય તો ઉભયાભાવપરતા માનવાની જરૂર ન રહે' આ આશયથી न च ઈત્યાદિ પ્રશ્નકાર ઉપાયકારે દર્શાવેલ પરિહારમાં અસંગતિ દર્શાવે છે. अव्यासज्य... ઈત્યાદિ દ્વારા. ઉપાયકારના કહેવા મુજબ ઉપરોક્ત શ્રુતિમાં नञ् દ્વારા સુખદુઃખાન્યતરત્વાભાવનું પ્રતિપાદન થયું છે. प्रियाप्रिये न આ શબ્દોનો અર્થ 'સુખદુઃખ ઉભય નથી' એવો નથી. અહીં વ્યાસજ્યવૃત્તિધર્માવચ્છિન્ન અભાવ અભિપ્રેત નથી. પણ 'સુખદુઃખમાંથી એક નથી' આવો અન્યતરત્વાવચ્છિન્ન અભાવ અભિપ્રેત છે મુક્તિમાં દુઃખ તો નથી જ એથી સુખદુઃખાન્યતરત્વાવચ્છિન્ન અભાવ કાયમ પ્રસિદ્ધ થશે. અન્યતરત્વાવચ્છિન્ન અભાવ જ અવ્યાસજ્યવૃત્તિઅનુગત રૂપાવચ્છિન્ન અભાવ છે. આ પ્રમાણે અર્થઘટન કરવાથી વાક્યભેદ રહેશે નહીં. કેમ કે—नञ् સાથે प्रियाप्रिय પદનો અન્વય એકવાર જ થઈ જાય છે, મુખ્ય વિશેષ્યનો ભેદ થતો નથી.

ઉપાયકારે દર્શાવેલી સંગતિ न च ઈત્યાદિ પ્રશ્નકાર ખોટી જણાવે છે. ઉપરોક્ત શ્રુતિમાં પ્રિયાપ્રિય (સુખદુઃખ)ને જણાવતું એક જ પદ હોય તો તે દ્વારા તાદૃશાન્યતરત્વાવચ્છિન્ન અભાવનું પ્રતિપાદન થઈ શકે. બંનેનું વાચક એક પદ નથી તેથી તે માટે લક્ષણા કરવી પડે જે શક્ય નથી. આ શ્રુતિમાં લક્ષણા સ્વીકારી નથી.

**અવાંતર પ્રશ્ન :—**જેમ चित्रगु ઈત્યાદિ સ્થળે ગોપદની લક્ષણા અને चित्र પદને તાત્પર્યગ્રાહક મનાય છે તેમ અહીં પણ प्रिय કે अप्रियમાંથી એક પદને લક્ષક અને અન્ય પદને તાત્પર્યગ્રાહક માની સંગતિ કરી

શકાય છે.

**જવાબ :—**આ રીતે લક્ષણા કરીને સંગતિ કરી દઈએ તો પણ અન્યતરત્વાવચ્છિન્નઅભાવની વિવક્ષા બાધિત છે. સુખદુઃખાન્યતરત્વાભાવ મુક્તિમાં છે એટલે સુખ અથવા દુઃખ બેમાંથી એક નથી. મુક્તિમાં દુઃખ નથી એ વાત સાચી પણ સુખ તો છે જ. તેથી સુખદુઃખાન્યતરત્વાભાવ મુક્તિમાં બાધિત છે. આમ બાધિતાર્થ પ્રતિપાદક હોવાથી આ અર્થઘટન અયોગ્ય સાબિત થાય છે.

**અવાંતર પ્રશ્ન :—**अशरीरं આ સ્થળે ઉભયાભાવનું પ્રતિપાદન ઇષ્ટ છે તેવું માની લઈએ. મુક્તિમાં સુખદુઃખઉભયાભાવ દુઃખાભાવને કારણે છે તેવું ભાટ્ટનું કહેવું છે. પણ આ ઉભયાભાવ સુખાભાવને કારણે પણ હોઈ શકે છે. મુક્તિસ્થ ઉભયાભાવનો પ્રયોજક સુખાભાવ છે કે દુઃખાભાવ તેનું વિનિગમક પ્રમાણ શું છે ?

**જવાબ :—**મુક્તિમાં ઉભયાભાવનો પ્રયોજક દુઃખાભાવ છે તેનું પ્રમાણ 'दुःखेनान्यन्तं विमुक्तश्चरति' (દુઃખથી અત્યંત વિમુક્ત થઈ વિહરે છે) આ શ્રુતિ છે. આમ મુક્તિમાં દુઃખાભાવને કારણે ઉભયાભાવ છે. ત્યાં સુખ છે. (ભટ્ટ મતાનુકૂલ ન ચ ઇત્યાદિ પ્રશ્નગ્રંથ અહીં સમાપ્ત થાય છે.)

ભટ્ટમતની વિરુદ્ધમાં ઉપસ્થિત કરવામાં આવેલ अथ ઇત્યાદિ પૂર્વપક્ષકાર न च ઇત્યાદિ પ્રશ્નગ્રંથનો જવાબ રજૂ કરે છે.

'प्रियाप्रिये न स्पृशतः' આ શ્રુતિમાં પ્રિયાપ્રિયનો ઉભયાભાવ અભિપ્રેત નથી. વાક્યરચનાના વ્યાકરણને અનુકૂળ નિયમો છે. 'વાક્યરચનામાં ક્રિયાપદનું વચન કર્તાની સંખ્યાના આધારે નિશ્ચિત થાય છે. આખ્યાતાર્થની સંખ્યાનો અન્વય આખ્યાતાર્થના વિશેષ્યમાં જ થાય છે.' ઉપરોક્ત શ્રુતિને ઉભયાભાવ પરક માનીએ તો આ નિયમનો ભંગ થાય. કેમકે વિશેષ્ય ઉભયાભાવ બને. તેની સંખ્યા એક છે અને स्पृशतः એ આખ્યાત દ્વિવચનમાં છે. માટે સ્પષ્ટ છે કે—શ્રુતિ ઉભયાભાવ પરક નથી. આ શ્રુતિનું શાબ્દબોધ પ્રમાણેનું અર્થઘટન આ પ્રમાણે છે. અહીં स्पृश् ધાતુનો અર્થ 'સંબંધ' છે. સંબંધના અનુયોગીપ્રતિયોગી હોય છે. અહીં સંબંધના અનુયોગી પ્રિયાપ્રિય ઉભય =સુખદુઃખ ઉભય છે અને પ્રતિયોગી સુખદુઃખનું કર્તૃત્વ છે. स्पृश् ધાતુનું કર્મ મુક્તાત્મા છે. આમ, તદ્દુભયાનુયોગિક મુક્તાત્મકર્મક સ્પર્શકર્તૃત્વનો અભાવ અહીં અભિપ્રેત છે. કર્તૃત્વ ઉપર કહ્યું તેમ તાદશ સંબંધનું પ્રતિયોગિત્વ છે અને તે પ્રિય અને અપ્રિય બંનેમાં છે. પ્રતિયોગી તરીકે કર્તૃત્વનો અભાવ અપ્રિય=દુઃખમાં તો છે પણ (મુક્તિમાં સુખ છે તેથી) સુખકર્તૃત્વનો અભાવ બાધિત છે. દુઃખાભાવને કારણે સુખદુઃખઉભયત્વાવચ્છિન્ન અભાવ પણ અહીં દર્શાવી શકાશે નહીં. કારણ કે જે અધિકરણમાં પ્રતિયોગી હોય તે અધિકરણમાં ઉભયત્વાવચ્છિન્ન અભાવ માનતા નથી. તેનું કારણ પૂર્વે જણાવ્યું તેમ આખ્યાતાર્થનાં દ્વિવચનની અનુપપત્તિ છે. ગૃહમાં ઘટ છે છતાં घटपटौ न स्तः એવી પ્રતીતિ ઉભયત્વાવચ્છેદેન અભાવ દર્શાવી સમજાવી શકાશે નહીં. અભાવના પ્રતિયોગી તરીકે ઘટ અને પટ સ્વતંત્ર માનીએ તો ઘટના અધિકરણમાં घटपटौ न स्तः એવી પ્રતીતિ સમજાવી શકાશે નહીં. અભાવના પ્રતિયોગી તરીકે ઘટપટ ઉભયને એક એકમ માનીએ તો સમજાવી શકાય પણ પ્રતિયોગી એક હોવાથી આખ્યાતના દ્વિવચનની અનુપપત્તિ થશે. માટે પ્રતિયોગિના અધિકરણમાં વ્યાસજ્યવૃત્તિ ધર્માવચ્છિન્ન અભાવ માનતા નથી.

'स्पृश्' ધાતુનો સંબંધ અર્થ ન સ્વીકારતા સત્તા અર્થ માનીને પ્રશ્ન કરે છે न च ..... वाच्यम्। ઇત્યાદિ દ્વારા

**( २९ ) मोक्षसुखबोधकानन्दमित्यादिश्रुतिविरोधभयेन मुक्तात्मनि विद्यमानेऽपि सुखे तद्वृत्तितानवच्छेदकोभयत्वावच्छिन्ने मुक्तात्मनिष्ठसम्बन्धप्रतियोगित्वा-**

---

**(૨૯) શબ્દાર્થ :—**મોક્ષના સુખની બોધક 'आनन्दम्' ઇત્યાદિ શ્રુતિના વિરોધભયથી મુક્તાત્મામાં સુખ વિદ્યમાન હોવા છતાં સુખનિષ્ઠ વૃત્તિતાના અનવચ્છેદક એવા ઉભયત્વ ધર્માવચ્છિન્ન સુખમાં મુક્તાત્મનિષ્ઠ સંબંધના પ્રતિયોગિત્વનો અભાવ સ્વીકારવામાં આવે છે. અને

---

**પ્રશ્ન :—**અહીં स्पृश् ધાતુ સંબંધાર્થક નથી પણ સત્તાર્થક છે. अस् ધાતુ પણ સત્તાર્થક છે. घटपटौ न स्तः આ પ્રતીતિમાં ઘટપટોભયાભાવનું અસ્તિત્વ જણાય છે. વાક્યરચનાના નિયમ મુજબ આખ્યાત વિનાનું વાક્ય ન હોય. અહીં 'અસ્તિત્વ' આખ્યાતનો અર્થ છે. તેનો અન્વય नञ् ના અર્થ અભાવમાં છે. नञ् જે પ્રાતિપાદિક સાથે અન્વિત હોય તે પ્રાતિપાદિકનું વચન આખ્યાતનું બને. અહીં घटपटौ દ્વિવચન છે તેથી આખ્યાત દ્વિવચન છે. स्पृश् ધાતુનો સત્તા અર્થ કરવાથી મુક્તિમાં પ્રિયાપ્રિયઉભયાભાવનું અસ્તિત્વ છે આવો અર્થ થઈ જશે અને આખ્યાતના દ્વિવચનની પણ સંગતિ થઈ જશે.

**જવાબ :—**स्पृश् ધાતુનો સત્તા અર્થ માનવાથી તે અકર્મક થશે. अस् ધાતુ અકર્મક છે તો શ્રુતિમાં अशरीरं અહીં કર્માર્થક દ્વિતીયા છે તેની સંગતિ નહીં થાય.

**પ્રશ્ન :—**यत् ધાતુ અકર્મક છે પણ યત્ન અર્થમાં कृञ् ધાતુ સકર્મક છે. તેમ अस् ધાતુ ભલે અકર્મક હોય સત્તાર્થક स्पृश् ધાતુ સકર્મક માનવામાં કોઈ આપત્તિ નથી.

**જવાબ :—**नञ् દ્વારા પ્રાતિપાદિક અર્થના અભાવની પ્રતીતિ કરવાની હોય ત્યારે અભાવના અનુયોગિનું(અધિકરણ) વાચક પદ સપ્તમી વિભક્તિમાં જોઈએ घटपटौ न स्तः અહીં અભાવનું અનુયોગી ભૂતલ છે તો તે સપ્તમી વિભક્તિમાં હશે. પ્રસ્તુત સ્થળે અનુયોગી મુક્તાત્માનું વાચકપદ अशरीरं દ્વિતીયામાં છે. સપ્તમીમાં નથી માટે स्पृश् ધાતુનો સત્તા અર્થ કરીને પણ સંગતિ થતી નથી.

આમ, अशरीरं આ શ્રુતિની સુખદુઃખ ઉભયાભાવ દર્શાવી સંગતિ કરી શકતી નથી. આ શ્રુતિ મુક્તિમાં સુખસંબંધનો અભાવ બતાવે છે માટે નિત્યસુખસાક્ષાત્કાર મુક્તિ છે એ ભટ્ટની વાત ખોટી છે.

अथ...ઇત્યાદિથી પ્રારંભાયેલો પૂર્વપક્ષ અહીં પૂર્ણ થાય છે.

**(૨૯) વિવરણ :—**(મોક્ષમાં સુખ માનતા ભટ્ટનો ઉત્તરપક્ષ) ઉપનિષદમાં શ્રુતિ છે—'नित्यं विज्ञानमानन्दं ब्रह्म' આ શ્રુતિ બ્રહ્મને આનંદરૂપ માને છે. એટલે કે મુક્તિમાં સુખ હોય છે. મુક્તિમાં દુઃખના અભાવની જેમ સુખનો અભાવ પણ માનીએ તો આ શ્રુતિનો વિરોધ આવે. માટે જ મોક્ષમાં સુખ માનવામાં આવે છે. આ શ્રુતિના અર્થને આધારે જ 'अशरीरं' એ શ્રુતિનું અર્થઘટન થવું જોઈએ. તે આ રીતે થઈ શકે કે—મોક્ષમાં સુખ છે. स्पृश् ધાતુનો અર્થ સંબંધ છે. સંબંધની અનુયોગિતા મુક્તાત્મામાં છે. સંબંધની પ્રતિયોગિતાનો અભાવ આ શ્રુતિથી પ્રતિપાદિત કરવો છે. પ્રતિયોગિતાનો અભાવ પ્રિયાપ્રિય ઉભયમાં છે. મુક્તાત્મામાં સુખ છે. તેથી સુખમાં વૃત્તિતા છે. સુખનિષ્ઠ વૃત્તિતા સુખત્વાવચ્છિન્ના છે પણ ઉભયત્વાવચ્છિન્ના નથી. આમ ઉભયત્વ અવૃત્તિતાનું અનવચ્છેદક છે. ઉભયત્વાવચ્છિન્ન સુખમાં તાદૃશ સંબંધની પ્રતિયોગિતા નથી. આ રીતે શ્રુતિના અર્થની સંગતિ કરવી. આ અર્થઘટન કરવામાં પૂર્વપક્ષે આપત્તિ દર્શાવી હતી કે—'પ્રતિયોગીના અધિકરણમાં વ્યાસજ્યવૃત્તિધર્માવચ્છિન્ન અભાવ સંભવતો નથી'— તે પણ ખોટી છે. કારણ કે एक एव गच्छति न द्वौ આવો વ્યવહાર થાય છે અને પ્રામાણિક ગણાય છે.

**भावोपगमात् । एक एव गच्छति न तु द्वावित्यादि व्यवहारात्, प्रतियोग्यधिकरणे व्यासज्यवृत्तिधर्मावच्छिन्नानुयोगिताकाभावस्यावश्यकत्वाच्च । अथवा न स्पृशत इत्यस्य उत्पत्तिरूपसम्बन्धप्रतियोगित्वाभावोऽर्थः । *न च* धातोरुत्पत्तिरूप-सम्बन्धार्थकत्वे जन्यादिवदकर्मकता स्यादिति *वाच्यम्* । आद्यक्षणानुयोगिक-सम्बन्धार्थकतया जनिप्रभृतीनामकर्मकत्वात् । अत्राऽऽद्यक्षणावच्छिन्नसम्बन्धस्य धात्वर्थतया तदनुयोगितया आत्मनः कर्मतासम्भवात् । अथवा प्रियपदं जन्यसुख-परमेव, तथा च न कश्चिद्विरोधः ।**

---

'એક જ જાય છે બે નહીં' આવો વ્યવહાર દેખાય છે તેથી પ્રતિયોગીના અધિકરણમાં વ્યાસજ્ય-વૃત્તિધર્માવચ્છિન્ન અનુયોગિતા નિરૂપક અભાવ સ્વીકારવો આવશ્યક છે.

અથવા તો 'न स्पृशतः'નો અર્થ 'ઉત્પત્તિરૂપ સંબંધની પ્રતિયોગિતાનો અભાવ' એવો છે.

**પ્રશ્ન :–**स्पृश् ધાતુનો અર્થ ઉત્પત્તિરૂપ સંબંધ હોય તો जनि વગેરેની જેમ તે અકર્મક થશે.

**જવાબ :–**जनि વગેરે ધાતુઓ 'આદ્યક્ષણાનુયોગિકસંબંધ' અર્થમાં અકર્મક છે. અહીં स्पृश् ધાતુનો અર્થ 'આદ્યક્ષણાવચ્છિન્નસંબંધ' છે. તેથી તે સંબંધના અનુયોગી તરીકે આત્મા કર્મ બની શકે છે.

અથવા પ્રિયપદનો અર્થ 'જન્યસુખ' કરવો તેથી કોઈ વિરોધ નહીં આવે.

---

અહીં ગમનક્રિયાકર્તૃત્વ એકમાં છે તેમ છતાં ઉભયકર્તૃકગમનનો અભાવ પ્રતીત થાય છે માટે પ્રતિયોગીના અધિકરણમાં વ્યાસજ્યવૃત્તિ-ધર્માવચ્છિન્ન અભાવ માનવો આવશ્યક છે.

પ્રતિયોગીના અધિકરણમાં વ્યાસજ્યવૃત્તિધર્માવચ્છિન્ન અભાવ સ્વીકારવાની તૈયારી ન જ હોય તો स्पृश् ધાતુનો 'ઉત્પત્તિ રૂપ સંબંધ' અર્થ કરી અર્થસંગતિ કરવી. મોક્ષમાં=મુક્તાત્મામાં નિત્ય સુખ છે, જન્ય સુખ નથી. તેથી 'ઉત્પત્તિરૂપ સંબંધના પ્રતિયોગી બનતા સુખદુઃખ મુક્તાત્મામાં નથી' આવો અર્થ થશે.

**પ્રશ્ન :–**स्पृश् ધાતુનો ઉત્પત્તિરૂપ સંબંધ અર્થ કરવાથી તેને અકર્મક માનવો પડશે. જેમ કે ઉત્પત્તિ અર્થ ધરાવતો जनि ધાતુ અકર્મક છે. તેમ કરવાથી પૂર્વવત્ अशरीरं આ પદમાં દ્વિતીયા વિભક્તિ અસંગત થશે.

**જવાબ :–**जनि ધાતુ અને स्पृश् ધાતુના ઉત્પત્તિ અર્થમાં ફરક છે. जनि ધાતુનો અર્થ आद्यक्षणानुयोगिक સંબંધ છે. અહીં અનુયોગી आद्यक्षण સ્વયં છે માટે ધાતુ અકર્મક છે. ધાત્વર્થ જો અનુયોગિથી ભિન્ન હોય તો ધાતુ સકર્મક બની શકે. 'स्पृश्' ધાતુનો અર્થ आद्यक्षणावच्छिन्न સંબંધ છે. અહીં આદ્યક્ષણ અનુયોગી નથી પણ અવચ્છેદક છે. આથી સંબંધના અનુયોગી તરીકે અન્યની અપેક્ષા રહે છે. તે કર્મ બને છે. અહીં અનુયોગી મુક્તાત્મા છે માટે તે કર્મ બની શકે છે.

આ રીતના અર્થઘટનમાં પણ અરુચિ જણાતી હોય તો શ્રુતિમાં ઉલ્લખિત પ્રિય પદનો અર્થ જન્યસુખ કરવો. મુક્તાત્મામાં જન્ય સુખના પ્રતિયોગિત્વનો અભાવ છે. તેથી મુક્તાત્મામાં નિત્યસુખ માનવામાં કોઈ વિરોધ નથી.

**( ३० )** ***अथ*** **शरीररूपकारणविरहेण मुक्तस्य सुखसाक्षात्कारानुपपत्तिः तत्साक्षात्कारस्यापि नित्यत्वे मुक्तसंसारिणोरविशेषप्रसङ्ग इति** ***चेन्न*** **अवच्छिन्नज्ञानं प्रत्येव शरीरस्य हेतुत्वात्, शरीरानवच्छिन्नस्य नित्यसुखसाक्षात्कारस्य शरीर-मन्तरेणाप्युत्पत्तिसम्भवात् । न्यायमते नित्येश्वरज्ञाननिवृत्तये जन्यत्वस्याऽवश्यं निवेशनीयतयाऽवच्छिन्नत्वस्य शरीरजन्यतावच्छेदकत्वप्रवेशेऽपि गौरवानवकाशात् । वस्तुतोऽवच्छेदकतासम्बन्धेनैव ज्ञानं प्रति शरीरस्य हेतुतया नित्यसुखसाक्षात्कारस्य तेन**

---

(૩૦) **શબ્દાર્થ :–**(મુક્તને શરીર નથી તેથી) શરીરરૂપ કારણના અભાવે મુક્તને સુખનો સાક્ષાત્કાર થઈ શકશે નહીં. સુખની જેમ તેનો સાક્ષાત્કાર પણ નિત્ય હોય તો મુક્ત અને સંસારી વચ્ચે કોઈ ભેદ રહેશે નહીં.

**જવાબ :–**શરીર અવચ્છિન્નજ્ઞાનનું જ કારણ છે. નિત્ય સુખનો સાક્ષાત્કાર શરીરથી અવચ્છિન્ન નથી તેથી શરીર વિના પણ તેના સાક્ષાત્કારની ઉત્પત્તિ થઈ શકે છે.

---

(૩૦) **વિવરણ :–શંકા :-** મુક્તિમાં સુખ માનવામાં કોઈ બાધક નથી તેમ છતાં જ્ઞાન પ્રત્યે શરીર કારણ છે. મુક્તિમાં શરીરરૂપ સામગ્રી નથી તેથી સુખનો સાક્ષાત્કાર કેવી રીતે થઈ શકશે ? આ આશયથી શંકા કરે છે. अथ ઈત્યાદિ. શરીરની ગેરહાજરીમાં સાક્ષાત્કાર માનવો હોય તો તેને નિત્ય માનવો રહ્યો. સુખની જેમ સાક્ષાત્કાર પણ નિત્ય હોય તો સંસારી દશામાં પણ તે વર્તમાન છે. આમ સંસારી અવસ્થા પણ નિત્યસુખ સાક્ષાત્કાર રૂપ થવાથી મોક્ષ અને સંસાર વચ્ચે કોઈ ભેદ નહીં રહે.

**જવાબ :–**ઉપરોક્ત શંકાની મૂળ દલીલ 'જ્ઞાન પ્રત્યે શરીર કારણ છે' આ નિયમ છે. આ નિયમ અધૂરો છે. શરીર જ્ઞાનમાત્રનું કારણ નથી પણ અવચ્છિન્ન જ્ઞાનનું કારણ છે. શરીરની મર્યાદામાં થતા જ્ઞાનમાં શરીર પણ કારણ છે. જે જ્ઞાન શરીરની મર્યાદામાં નથી થતું તેના પ્રત્યે શરીર કારણ નથી. નિત્ય સુખનો સાક્ષાત્કાર શરીરની મર્યાદા વિનાનું જ્ઞાન છે. તેથી તેમાં શરીર કારણ નથી. તે શરીર વિના પણ થઈ શકે છે.

**પ્રશ્ન :–**(નૈયાયિક સવાલ કરી શકે કે) આવી રીતે કાર્યકારણભાવ માનવામાં કાર્યતાવચ્છેદકકોટિમાં અવચ્છિન્નત્વના નિવેશથી ગૌરવ આવે છે.

**જવાબ :–**(ભટ્ટો આની સામે જવાબ આપે છે કે-) જ્ઞાન પ્રત્યે શરીર કારણ છે. આ કાર્યકારણભાવમાં ઈશ્વરનું જ્ઞાન પણ કાર્ય તરીકે સામેલ થાય છે. ઈશ્વરજ્ઞાન નિત્ય છે, જન્ય નથી તેથી ઉપરોક્ત કાર્યકારણભાવમાં કાર્ય તરીકે તેની નિવૃત્તિ કરવા કાર્યતાવચ્છેદક કોટિમાં જન્યત્વનો નિવેશ કરવો આવશ્યક છે. તેમાં જેમ નૈયાયિકો ગૌરવ જોતા નથી. તેમ અહીં પણ કાર્યતાવચ્છેદકકોટિમાં અવચ્છિન્નત્વનો નિવેશ કરવામાં ગૌરવ નથી. (યાદ રહે—મીમાંસકો ઈશ્વરને માનતા નથી તેથી તેમને કાર્યતાવચ્છેદક કોટિમાં જન્યત્વનો નિવેશ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.)

કાર્યતાવચ્છેદકકોટિમાં અવચ્છિન્નત્વનો પ્રવેશ ન્યાયમતે કરવાની જરૂર નથી કારણ કે તેના મતે ઈશ્વરજ્ઞાનની નિવૃત્તિ માટે જન્ય પદ પહેલેથી જ પ્રવિષ્ટ છે. ઉભય મતને માન્ય બને એવો ગૌરવ વિનાનો પરિષ્કાર દર્શાવે છે—वस्तुतः દ્વારા. જ્ઞાન અને શરીર વચ્ચેના કાર્યકારણભાવમાં અવચ્છેદકતા વિશેષણ નહીં

**सम्बन्धेन कुत्राप्यनुत्पत्तेरशरीरस्यापि तत्सम्भवात् । *न* चैवमन्यदापि शरीरं विनाऽनवच्छिन्नज्ञानं स्यादिति *वाच्यम्* । शरीराघटितज्ञानसामग्र्यास्तत्त्वज्ञानघटितत्वात् । *न च* जन्यज्ञानस्य मोक्षरूपत्वे तन्नाशेऽपि मोक्षोऽपि निवर्तते इति *वाच्यम्* । तत्तज्ज्ञानव्यक्तिनिवृत्तावपि सुखसाक्षात्कारधाराया अनिवृत्तेरित्याहुः ।**

---

ન્યાયમતમાં (જ્ઞાન અને શરીરના કાર્યકારણભાવમાં) નિત્ય એવા ઈશ્વરજ્ઞાનના વ્યાવર્તન માટે જન્યત્વનો નિવેશ કરવો આવશ્યક છે. તેથી શરીરજન્યતાવચ્છેદકત્વનો પ્રવેશ કરવા છતાં અવચ્છિન્નત્વનું ગૌરવ થતું નથી.

હકીકતમાં જ્ઞાન પ્રત્યે શરીર અવચ્છેદકતા સંબંધથી જ કારણ છે. આ સંબંધથી નિત્ય સુખનો સાક્ષાત્કાર ક્યાંય ઉત્પન્ન થતો નથી તેથી અશરીરીને પણ તે સંભવી શકે છે.

**પ્રશ્ન :—**આવો કાર્યકારણભાવ માનવાથી સંસારમાં પણ શરીર વિના અનવચ્છિન્ન જ્ઞાન થઈ શકશે.

**જવાબ :—**તે શક્ય નથી. કારણ કે શરીરથી ઘટિત ન હોય તેવી જ તત્ત્વજ્ઞાનઘટિત સામગ્રી (મુક્તિનું કારણ) છે

**પ્રશ્ન :—**જો જન્યજ્ઞાન મોક્ષરૂપ હોય તો જન્યજ્ઞાનનો નાશ થતા મોક્ષનું પણ નિવર્તન થઈ જશે.

**જવાબ :—**મોક્ષનું નિવર્તન શક્ય નથી. તે તે જ્ઞાન વ્યક્તિનો નાશ થવા છતાં સુખસાક્ષાત્કારની ધારાની નિવૃત્તિ થતી નથી.

---

પણ સંબંધ છે. તેથી ગૌરવ ટળી જાય છે. જ્ઞાન પ્રત્યે શરીર અવચ્છેદકતા સંબંધથી કારણ છે. નિત્યસુખનું સાક્ષાત્કાર સ્વરૂપ જ્ઞાન અવચ્છેદકતા સંબંધથી ક્યાંય ઉત્પન્ન થતું નથી તેથી સંસારીને તે ઉત્પન્ન થવાની આપત્તિ નથી. અવચ્છેદકતા સંબંધ શરીર સંબંધિત છે તેથી શરીર રહિત મુક્તાત્માને તે જ્ઞાન ઉત્પન્ન થવામાં આ કાર્યકારણભાવ બાધક બનતો નથી.

**પ્રશ્ન :—**આ રીતે કાર્યકારણભાવ માનશો તો સંસારી અવસ્થામાં પણ શરીર વિના અનવચ્છિન્ન જ્ઞાન થવાની આપત્તિ આવશે.

**જવાબ :—**નિત્ય સુખનો સાક્ષાત્કાર કરાવનારી તત્ત્વજ્ઞાન ઘટિત સામગ્રીમાં ઘટક તરીકે શરીર હોતું નથી. અર્થાત્ શરીર ઘટક ન હોય તેવી સામગ્રી જ તત્ત્વજ્ઞાનની ઘટક બને છે. સંસારી અવસ્થામાં શરીર છે તેથી નિત્ય સુખના સાક્ષાત્કારની સામગ્રી નથી. માટે સંસારી અવસ્થામાં નિત્યસુખના સાક્ષાત્કારની આપત્તિ નથી.

**પ્રશ્ન :—**મોક્ષમાં નિત્ય સુખનો સાક્ષાત્કાર થાય છે. સુખ નિત્ય છે પણ સાક્ષાત્કાર મોક્ષદશામાં ઉત્પન્ન થાય છે. તેથી જન્ય છે. આમ સાક્ષાત્કાર રૂપ મોક્ષ પણ જન્ય છે. જે જન્ય છે તે વિનાશી છે. આમ મોક્ષ પણ અનિત્ય બની જશે.

**જવાબ :—**મુક્ત અવસ્થામાં તે તે સાક્ષાત્કાર વ્યક્તિ નાશ પામે છે પણ તેની ધારા અખંડ રહે છે તેથી મોક્ષની નિવૃત્તિનો પ્રસંગ નથી.

**( ३१ )** ***तन्न मनोरमम्*** **। तन्मतेऽपि दुःखात्यन्तविमोक्षस्य दुःखसाधनदुरितात्यन्तनिवृत्तेर्वा मोक्षदशायामावश्यकत्वेन तत्र तत्त्वज्ञानहेतुताया अपि तथात्वे आत्यन्तिकदुःखादिनिवृत्तेरेव मोक्षरूपताया उचितत्वात्, नित्यसुखे तत्साक्षात्कारादिकल्पनाया एव गौरवपराहतत्वात् ।**

**( ३२ ) 'आनन्दं ब्रह्मणो रूपम्' इत्यत्र आनन्दपदं दुःखविरहार्थकमेव 'मोक्षे प्रतिष्ठितम्' इत्यस्य सवासनमिथ्याज्ञानस्य निवृत्तावुत्तरावधिरहितं सत् स्थितमित्यर्थः ।**

---

**(૩૧) શબ્દાર્થ :—**આ મત સારો નથી. કારણ કે તે મતમાં પણ મોક્ષદશામાં દુઃખનો આત્યંતિક નાશ અથવા દુઃખના સાધન દુરિતની અત્યંત નિવૃત્તિ થવી આવશ્યક છે. તેમાં તત્ત્વજ્ઞાનને કારણ માનવું પણ આવશ્યક છે. આ સ્થિતિમાં આત્યંતિક દુઃખ વગેરેની નિવૃત્તિ જ મોક્ષ રૂપ હોય તે ઉચિત છે. નિત્ય સુખમાં તેના સાક્ષાત્કાર વગેરેની કલ્પના ગૌરવથી હણાયેલી છે.

**(૩૨) શબ્દાર્થ :—**'आनन्दं ब्रह्मणो रूपं' આ શ્રુતિમાં આનંદ પદનો અર્થ દુઃખાભાવ જ છે. मोक्षे प्रतिष्ठितं આ પદોનો અર્થ છે—વાસના સહિતનું મિથ્યાજ્ઞાન નિવૃત્ત થતાં ઉત્તરકાળની અવધિ રહિત જે સ્થિત છે.

---

**(૩૧) વિવરણ :—**વિસ્તૃત ભટ્ટમતનું ખંડન પ્રસ્તુત છે. ભટ્ટમતમાં મોક્ષ અવસ્થામાં દુઃખનો અભાવ અને સુખ બન્ને છે. નૈયાયિકની દલીલ એ છે કે—જો મોક્ષમાં આ બે માંથી (દુઃખાભાવ અને સુખ) એકને જ માનવો હોય તો જે આવશ્યક તે જ મોક્ષરૂપ માનવો. સુખ અને દુઃખાભાવ આ બેમાં મોક્ષમાં દુઃખાભાવ આવશ્યક છે. અથવા દુઃખનું કારણ દુરિતનો અભાવ માનવો આવશ્યક છે. તત્ત્વજ્ઞાનને દુઃખાભાવના કારણ તરીકે માનવું પણ આવશ્યક છે. તત્ત્વજ્ઞાન નિત્યસુખના સાક્ષાત્કારનું કારણ નથી. આમ કારણ અને સ્વરૂપ બંને દૃષ્ટિએ મોક્ષમાં આત્યંતિક દુઃખવિનાશ માનવો જ ઉચિત છે.

**પ્રશ્ન :—**દુઃખાભાવની સાથે નિત્યસુખ માનવામાં શું દોષ છે ?

**જવાબ :—**જે આવશ્યક ન હોય તેને માનવામાં ગૌરવ હોય છે. મોક્ષમાં નિત્ય સુખ માનીએ તો તેનો સાક્ષાત્કાર માનવો પડે છે. દુઃખાભાવના સાક્ષાત્કારની જરૂર નથી. તે તે સાક્ષાત્કાર વ્યક્તિનો નાશ, તેની ધારાને અખંડ માનવી પડે. આ બધું ગૌરવગ્રસ્ત છે.

**(૩૨) વિવરણ :—**ભટ્ટ તરફથી પ્રશ્ન થઈ શકે કે—મોક્ષમાં જો સુખ ન હોય તો 'आनन्दं ब्रह्मणो रूपं तच्च मोक्षे प्रतिष्ठितम्' આ શ્રુતિનો વિરોધ થશે. આ શ્રુતિ સુખને બ્રહ્મનું સ્વરૂપ દર્શાવે છે અને સ્પષ્ટ કરે છે કે સુખ સ્વરૂપ મોક્ષમાં પ્રતિષ્ઠિત છે.

આ પ્રશ્નનો જવાબ નૈયાયિક એ રીતે આપે છે કે ઉપરોક્ત શ્રુતિમાં आनन्दं પદનો અર્થ સુખ નથી પણ દુઃખાભાવ છે.

**પ્રશ્ન :—**જો આનંદ પદનો અર્થ દુઃખાભાવ કરશો તો मोक्षे प्रतिष्ठितम् આ પદોનો અન્વય કેવી રીતે કરશો ? અભાવની પ્રતિષ્ઠા કેવી રીતે થઈ શકે ?

**જવાબ :—**આ શ્રુતિમાં प्रतिष्ठितम् પદનો અર્થ પણ અલગ છે. 'ઉત્તરાવધિ રહિત' એવો તેનો અર્થ છે. વાસના અને મિથ્યાજ્ઞાન દુઃખના કારણ છે. તેની નિવૃત્તિ થતા ઉત્તરકાળમાં દુઃખની પણ નિવૃત્તિ રહે

**( ३३ ) मुक्तिम्प्रत्यात्मतत्त्वज्ञानं हेतुः, 'आत्मा वारे श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः साक्षात्कर्तव्यश्चैतावदरे खल्वमृतत्वम्' इति श्रुतेः । एतावत्=श्रवणादिरूपं ज्ञानममृतत्वम्=अमृतत्वस्य मोक्षस्य हेतुः । तत्र कारणं सवासन-मिथ्याज्ञानोन्मूलनक्षमः श्रुतिस्मृत्युपदिष्टयोगविधिना चिरनिरन्तरादरसेवितनिदिध्यासन-योगजधर्मप्रयोज्यः शरीरभिन्नत्वेन आत्मनः साक्षात्कार एव । शाब्दादिज्ञानस्य देहाभेदवासनारूपदोषविशेषजन्यायामहं गौर इत्यादिमिथ्याबुद्धौ अप्रतिबन्धक-त्वात्तज्जन्यवासनायाः अनाशकत्वाच्च । श्रवणादिकञ्च तद्द्वारा मोक्षोपयोगि ।**

---

(૩૩) **શબ્દાર્થ :—**મુક્તિનું કારણ આત્માનું તત્ત્વજ્ઞાન છે. કારણ કે 'आत्मा वारे श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः साक्षात्कर्तव्यश्चैतावदरे खल्वमृतत्वम्' આ પ્રમાણે શ્રુતિ છે. एतावत् એટલે શ્રવણાદિરૂપ જ્ઞાન, अमृतत्वम् એટલે અમૃતરૂપ મોક્ષનું કારણ છે. મુક્તિમાં કારણ—વાસના સાથે મિથ્યાજ્ઞાનનો નાશ કરવામાં સમર્થ, શ્રુતિ અને સ્મૃતિમાં ઉપદેશાયેલ યોગની વિધિપૂર્વક લાંબા કાળ સુધી, નિરંતર, અને આદરપૂર્વક સેવાયેલ નિદિધ્યાસનરૂપ યોગજ ધર્મથી જન્મતો શરીરથી ભિન્ન તત્ત્વ તરીકે આત્માનો સાક્ષાત્કાર જ છે. (શાબ્દબોધ વગેરે નથી) કારણ કે શાબ્દ વગેરે જ્ઞાનો દેહના અભેદની વાસના રૂપ દોષથી જન્ય 'अहं गौरः' ઇત્યાદિ મિથ્યાબુદ્ધિના પ્રતિબંધક બની શકતા નથી અને મિથ્યાબુદ્ધિથી જન્ય વાસનાનો નાશ કરી શકતા નથી. અને શ્રવણ આદિ તેના દ્વારા=આત્મસાક્ષાત્કાર મોક્ષમાં ઉપયોગી છે.

---

છે અર્થાત્ ઉત્તરકાળ દુઃખનું અધિકરણ બનતો નથી. ઉત્તરકાળ દુઃખાભાવની પ્રતિયોગિતાનું અનધિકરણ છે. આવો અર્થ છે. ન્યાયભાષ્ય વગેરેમાં आनन्दं ઇત્યાદિ શ્રુતિનું આવું અર્થઘટન કર્યું છે.

(૩૩) **વિવરણ :—**મુક્તિના સ્વરૂપની ચર્ચા કર્યા બાદ ગદાધર મુક્તિના કારણની ચર્ચાનો પ્રારંભ કરે છે. આત્મ-તત્ત્વ-જ્ઞાન મુક્તિનું કારણ છે.

**પ્રશ્ન :—**આત્માનું જ્ઞાન મુક્તિમાં કારણ છે તેનું પ્રમાણ શું છે ?

**જવાબ :—**તેમાં શ્રુતિ પ્રમાણ છે. બૃહદારણ્યક ઉપનિષદમાં યાજ્ઞવલ્ક્ય ઋષિ પોતાની મુમુક્ષુ ભાર્યા મૈત્રેયીને ઉપદેશ રૂપમાં આ શ્રુતિ કહે છે 'आत्मा वारे'...'આત્માનું શ્રવણ કરવું જોઈએ, મનન કરવું જોઈએ, નિદિધ્યાસન કરવું જોઈએ, તેનો સાક્ષાત્કાર કરવો જોઈએ. આ જ ખરું અમૃત છે.' આ પ્રમાણે શ્રુતિનો અર્થ છે. આ શ્રુતિમાં तावत् પદનો અર્થ શ્રવણ, મનન, નિદિધ્યાસન અને સાક્ષાત્કારરૂપ જ્ઞાન છે. 'अमृतत्वम्' પદનો અર્થ મોક્ષનું કારણ એવો છે. આ અર્થ લક્ષણાથી પ્રાપ્ત છે 'अन्नं वै प्राणाः' આ સ્થળે પ્રાણ પદનો અર્થ પ્રાણહેતુ કરવામાં આવે છે તેમ અહીં સમજી લેવું. આમ આ શ્રુતિ તત્ત્વજ્ઞાનને મોક્ષનું કારણ જણાવે છે. અહીં શ્રવણ, મનન અને નિદિધ્યાસન મોક્ષના પરંપરાએ કારણ છે. સાક્ષાત્કાર સાક્ષાત્કારણ છે. શ્રુતિમાં 'च' પદ સાહિત્ય અને સમુચ્ચયનો વાચક છે. છતાં આ ચારે જ્ઞાન એક સાથે સંભવી શકતા નથી અને મનન વગેરેથી મિથ્યાવાસનાનો નાશ થતો નથી માટે સાક્ષાત્કારને જ પ્રધાન કારણ માનવામાં આવે છે. શ્રવણાદિ આત્મસાક્ષાત્કાર દ્વારા કારણ બને છે. આ જ વાતને तत्र कारणम् ઇત્યાદિ ગ્રંથથી સ્પષ્ટ કરી છે. શ્રવણ વગેરે જન્ય જ્ઞાનો શાબ્દબોધાદિ રૂપ છે. તે જ્ઞાનો દેહ અને આત્માની અભેદ બુદ્ધિના પ્રતિબંધક બનતા નથી. સ્પષ્ટ છે કે દેહાત્મબુદ્ધિ મિથ્યા છે. તેમ જ આ મિથ્યાબુદ્ધિ જન્ય વાસનાનો નાશ પણ કરી શકતા નથી. દોષ

**( ३४ ) अत एव संसारदशायामपि शास्त्राधीनश्रवणपदवाच्यशाब्दबोधरूपात्मज्ञानस्य, मननपदवाच्यायाः शास्त्रादिबोधितवैधर्म्यलिङ्गकात्मपक्षकेतरभेदानुमितेः, श्रवणादिमूलकसंस्काराधीनतत्समानविषयकध्यानोपहितेच्छाया निदिध्यासनपदवाच्यायाः सत्त्वेऽपि न मोक्षोत्पत्तिः । *न च* श्रवणादिसत्त्वेऽपि आत्मतत्त्वसाक्षात्कार एव कथमिदानीं नोत्पद्यत इति *वाच्यम्* । तस्य चिरकालीनध्यानपरम्परासाध्यत्वात् । तदुक्तम्—**

---

(૩૪) **શબ્દાર્થ :—**આથી જ સંસારદશામાં પણ શાસ્ત્રને આધીન શ્રવણપદવાચ્ય શાબ્દબોધ રૂપ આત્મજ્ઞાન થવા છતાં મોક્ષની ઉત્પત્તિ થતી નથી, મનન પદથી વાચ્ય શાસ્ત્ર વગેરેથી બોધિત વૈધર્મ્યહેતુક-ઈતરભેદસાધ્યક-આત્મપક્ષક અનુમિતિ થવા છતાં મોક્ષની ઉત્પત્તિ થતી નથી. શ્રવણ વગેરેથી જન્મેલા સંસ્કારોને આધીન તે સંસ્કારોના સમાનવિષયવાળી ધ્યાનથી જન્મતી ઇચ્છા—જે નિદિધ્યાસન પદથી વાચ્ય છે—થવા છતાં મોક્ષની ઉત્પત્તિ થતી નથી.

---

વિશેષથી અજન્ય હોય તેવી તદ્વત્તા બુદ્ધિની પ્રત્યે જ તદભાવવત્તાની બુદ્ધિ પ્રતિબંધિકા છે. શાબ્દબોધાદિરૂપ બુદ્ધિ દોષવિશેષજન્ય જ્ઞાનની પ્રતિબંધક કે નાશક બની શકે નહીં. આમ, 'આત્મા શરીરથી ભિન્ન છે' એવો સાક્ષાત્કાર જ મોક્ષનું કારણ છે. સાક્ષાત્કારથી મિથ્યાજ્ઞાનનો અને તેને કારણે જન્મેલી 'गौरोऽहम्' ઇત્યાદિ વાસનાનો નાશ થાય છે. આત્મસાક્ષાત્કાર નિદિધ્યાસનથી જન્મે છે. નિદિધ્યાસન, શ્રવણ અને મનનથી જન્મતો અલૌકિક યોગજ ધર્મ છે. એકાદ વારના નિદિધ્યાસનથી સાક્ષાત્કાર થતો નથી. લાંબા કાળ સુધી, વિક્ષેપ પાડ્યા વિના, આદર પૂર્વક સેવેલા નિદિધ્યાસનથી સાક્ષાત્કાર થાય છે. તેનો વિધિ શ્રુતિ અને સ્મૃતિમાં જણાવ્યો છે.

શ્રવણ, મનન અને નિદિધ્યાસન સાક્ષાત્કાર દ્વારા મોક્ષમાં ઉપયોગી છે. આ ત્રણના સઘન અભ્યાસ વિના આત્મસાક્ષાત્કાર થવો અશક્ય છે.

(૩૪) **વિવરણ :—**આત્માનો સાક્ષાત્કાર મોક્ષનું સાક્ષાત્કારણ છે. શ્રવણ, મનન અને નિદિધ્યાસન આત્મસાક્ષાત્કારમાં મદદરૂપ થાય છે. જ્યાં સુધી શ્રવણાદિ દ્વારા આત્મસાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી મોક્ષ ન થાય. સંસાર દશામાં શ્રવણાદિ સંભવી શકે છે પણ મોક્ષ થતો નથી માટે શ્રવણાદિને મોક્ષના સાક્ષાત્ હેતુ મનાતા નથી. આત્માનું શ્રવણ આત્માનું જ્ઞાન જ છે, આત્માનું મનન પણ આત્માનું જ્ઞાન છે. આત્માનું નિદિધ્યાસન પણ આત્માનું જ્ઞાન જ છે છતાં તે આત્મસાક્ષાત્કાર રૂપ નથી માટે તેનાથી મોક્ષ થતો નથી. શ્રવણ એટલે આત્માનું શાસ્ત્રને આધીન શાબ્દબોધાત્મક જ્ઞાન. મનન એટલે આત્મા શરીરાદિથી ભિન્ન છે તેવી અનુમિતિ आत्मा शरीरादिभिन्नः शरीरादिवैधर्म्यात् (अनादित्वात्) આ અનુમિતિનો આકાર છે. અહીં આત્મામાં શરીર વગેરેનું વૈધર્મ્ય શાસ્ત્રથી પ્રતીત થાય છે. શ્રવણ, મનન વગેરેથી જે આત્મસાક્ષાત્કારના સંસ્કાર પડે છે તેનાથી તત્સમાનવિષયક ઇચ્છા જન્મે છે. આ ઇચ્છા ધ્યાનપૂર્વકની હોય છે. આવી ઇચ્છા નિદિધ્યાસન કહેવાય છે.

**પ્રશ્ન :—**શ્રવણ, મનન અને નિદિધ્યાસન આત્મતત્ત્વસાક્ષાત્કારના કારણ છે. શ્રવણાદિ ત્રણ તો સંસાર અવસ્થામાં હોય છે. તો સંસારમાં આત્મતત્ત્વનો સાક્ષાત્કાર કેમ થતો નથી ?

आगमेनानुमानेन ध्यानाभ्यासरसेन च ।
त्रिधा प्रकल्पयन् प्रज्ञां लभते योगमुत्तमम् ॥

**ध्यानाभ्यासरसः=पौनःपुन्येन स्मरणेच्छा । त्रिधा प्रज्ञां=श्रवणमननिदिध्यासनरूपत्रिविधज्ञानम् । प्रकल्पयन्=स्वादयन् । उत्तमं योगमात्मतत्त्वसाक्षात्काररूपं लभते इत्यर्थः । श्रुतिबोधितेऽपि शरीरादिभिन्ने आत्मनि यथाश्रुतश्रुत्यन्तरार्थविरोधेन**

---

**પ્રશ્ન :–**સંસાર દશામાં શ્રવણ વગેરે હોવા છતાં હમણાં જ આત્મતત્ત્વનો સાક્ષાત્કાર કેમ થતો નથી ?

**જવાબ :–**આત્મતત્ત્વનો સાક્ષાત્કાર લાંબા કાળ સુધીની ધ્યાન પરંપરાથી સાધ્ય છે. તેથી જ કહ્યું છે–

'આગમથી, અનુમાનથી, અને ધ્યાનાભ્યાસના રસથી આ ત્રણ પ્રકારે પ્રજ્ઞા સંપાદન કરતો ઉત્તમ યોગને પામે છે.'

ધ્યાનાભ્યાસનો રસ એટલે વારંવાર સ્મરણની ઇચ્છા. ત્રણ પ્રકારની પ્રજ્ઞા એટલે શ્રવણ, મનન, નિદિધ્યાસન રૂપ ત્રણ પ્રકારનું જ્ઞાન, પ્રકલ્પયન્ એટલે સંપાદન કરતો. ઉત્તમ યોગ એટલે આત્મતત્ત્વ સાક્ષાત્કાર રૂપ પામે છે, એ અર્થ છે.

---

**જવાબ :–**આત્મસાક્ષાત્કાર સહજ સાધ્ય નથી. લાંબા કાળ સુધી ધ્યાનસાધના કર્યા પછી જે નિદિધ્યાસન જન્મે છે તેના દ્વારા આત્મતત્ત્વ સાક્ષાત્કાર થાય છે. આવું નિદિધ્યાસન સંસાર અવસ્થામાં સહજ સાધ્ય નથી માટે સંસારમાં આત્મતત્ત્વસાક્ષાત્કાર થતો નથી. આ વિષયમાં મહર્ષિ વ્યાસે પાતંજલયોગસૂત્રના ભાષ્યમાં કહ્યું છે કે–આત્મસાક્ષાત્કારના ત્રણ ઉપાય છે. આગમ એટલે શ્રવણ, અનુમાન એટલે મનન અને ધ્યાન એટલે નિદિધ્યાસન આ ત્રણ દ્વારા આત્મસાક્ષાત્કાર થાય છે. ધ્યાનના અભ્યાસનો રસ એટલે વારંવાર તેના સ્મરણની ઇચ્છા થવી.

**પ્રશ્ન :–**શ્રવણ, મનન, અને નિદિધ્યાસન આત્મતત્ત્વસાક્ષાત્કારનું કારણ છે એમ કહ્યું. તેમાં શ્રવણની ઉપયોગિતા અને નિદિધ્યાસનની ઉપયોગિતા સમજાય છે. શ્રવણ પછી મનનની ઉપયોગિતા શું છે ? મનન દ્વારા શરીરાદિથી આત્માના ભેદનું જ્ઞાન સાધ્ય છે તે શ્રુતિથી જ થઈ શકે છે. તેથી શ્રવણ પછી મનન વિના જ નિદિધ્યાસન દ્વારા આત્મસાક્ષાત્કાર ન થઈ શકે ?

**જવાબ :–**મનનની ઉપયોગિતા આ પ્રમાણે છે. શ્રુતિ દ્વારા આત્મા શરીરાદિથી ભિન્ન છે તેવું જ્ઞાન શક્ય છે. 'प्रत्यगस्थूलोऽचक्षुरप्राणोऽमना अकर्ता चैतन्यं चिन्मात्रं सद्' આ શ્રુતિ આત્માને શરીરાદિથી ભિન્ન જણાવે છે. કેટલીક શ્રુતિઓનો દેખીતો અર્થ આનાથી વિરોધી જણાતો હોય તેવું પણ બની શકે છે. દા.ત. 'स वा एष पुरुषोऽन्नरसमय' આ શ્રુતિનો યથાશ્રુત અર્થ આત્માને શરીરાદિ રૂપ જણાવે છે. આમ શરીરાત્માનો ભેદ દર્શાવનારી શ્રુતિમાં શંકા ઉત્પન્ન થઈ શકે છે. 'આ શ્રુતિ ભેદપરક છે કે તેનો અન્ય અર્થ છે ?' આ શંકાને કારણે 'આત્મા શરીરથી ભિન્ન છે આવું શાબ્દબોધાત્મક જ્ઞાન ભ્રમ છે કે પ્રમા ?' આવી શંકા ઉત્પન્ન થાય. આ શંકાથી અપ્રામાણ્યશંકા રૂપ અશ્રદ્ધા જન્મે. અશ્રદ્ધાને કારણે નિદિધ્યાસન ન થાય. નિદિધ્યાસન માટે આ શંકાનું નિવર્તન કરવું આવશ્યક છે. તે માટે શ્રવણ પછી મનન અનિવાર્યપણે

**तादृशश्रुतेरर्थान्तरपरत्वशङ्कया तादृशबोधे भ्रमत्वशङ्कासम्भवात् अश्रद्धया निदिध्यासनं न घटत इति श्रवणानन्तरं मननस्योपयोगः । युक्तिसिद्धेऽर्थे प्रमितत्वावधारणेन मनने सत्यश्रद्धानिवृत्तेः । अत एव युक्तिशास्त्रस्य न्यायवैशेषिकादेरध्ययनं मोक्षे उपयुज्यते ।**

**( ३५ ) *केचित्तु* ईश्वरात्मसाक्षात्कार एव मोक्षे कारणम् । तस्यातीन्द्रियत्वेऽपि योगजधर्मरूपप्रत्यासत्तेस्तत्साक्षात्कारसम्भवः । *न चात्मा* श्रोतव्य इत्यादावात्मपदस्य जीवात्मपरतासम्भवात् ईश्वरसाक्षात्कारस्य मोक्षहेतुत्वमप्यप्रामाणिकमिति *वाच्यम्* ।**

---

આત્મા શરીરાદિથી ભિન્ન છે એવું શ્રુતિબોધિત છે પણ બીજી યથાશ્રુત શ્રુતિના અર્થ સાથે વિરોધને કારણે તે શ્રુતિ બીજા અર્થને જાણાવનારો છે તેવી શંકાથી તાદશબોધમાં ભ્રમત્વની શંકા સંભવી શકે છે. તેથી અશ્રદ્ધાને કારણે નિદિધ્યાસન ઘટી શકે નહીં માટે શ્રવણ બાદ મનનનો ઉપયોગ છે. મનન હોય તો યુક્તિસિદ્ધ અર્થમાં પ્રામાણ્યનું અવધારણ થતાં અશ્રદ્ધા દૂર થાય છે. માટે જ ન્યાયવૈશેષિક વગેરે યુક્તિશાસ્ત્રનું અધ્યયન મોક્ષમાં ઉપયોગી બને છે.

**(૩૫) શબ્દાર્થ :—**કેટલાક વિદ્વાનો એમ કહે છે કે ઈશ્વરાત્માનો સાક્ષાત્કાર જ મોક્ષનું કારણ છે. તે ઈશ્વર અતીન્દ્રિય છે તેમ છતાં યોગજધર્મ રૂપ પ્રત્યાસત્તિથી તેનો સાક્ષાત્કાર સંભવી શકે છે.

**પ્રશ્ન :—**'आत्मा श्रोतव्य' ઇત્યાદિ શ્રુતિમાં આત્મ પદનો અર્થ જીવાત્મા થઈ શકે છે તેથી

---

ઉપયોગી છે. મનન દ્વારા યુક્તિ મળે છે. યુક્તિથી સિદ્ધ થયેલા અર્થમાં પ્રામાણ્યનું જ્ઞાન થતાં શ્રદ્ધા થાય છે. આમ અશ્રદ્ધાનિવર્તકત્વેન મનનનો ઉપયોગ છે. ન્યાયવૈશેષિકાદિ યુક્તિ શાસ્ત્રો છે. તેમનું અધ્યયન મનનરૂપ હોવાથી મોક્ષમાં ઉપયોગી બને છે.

**(૩૫) વિવરણ :—**केचित्तुથી દીર્ઘ મતનો પ્રારંભ થાય છે. सामञ्जस्यादिति वदन्ति સુધી આ મતનો ગ્રંથ છે. ગદાધરના મતે આત્મસાક્ષાત્કાર મોક્ષનું કારણ છે. પ્રસ્તુત મત ઈશ્વરસાક્ષાત્કારને મોક્ષનું કારણ માને છે.

**પ્રશ્ન :—**દરેક આત્માને સ્વાત્માનું માનસ પ્રત્યક્ષ થાય છે. તેથી પોતાના આત્માનો સાક્ષાત્કાર થાય છે એમ માનવામાં કોઈ બાધ નથી. ઈશ્વરાત્મા અપ્રત્યક્ષ છે. તે અતીન્દ્રિય હોવાથી તેનો સાક્ષાત્કાર સંભવતો નથી.

**જવાબ :—**ઈશ્વરાત્માનું પ્રત્યક્ષ અલૌકિક પ્રત્યાસત્તિથી થાય છે. યોગજ પ્રત્યાસત્તિ દ્વારા ઈશ્વરસાક્ષાત્કાર સંભવે છે.

**પ્રશ્ન :—**'आत्मा वारे श्रोतव्य' ઇત્યાદિ શ્રુતિ આત્મસાક્ષાત્કારને મોક્ષહેતુ તરીકે પ્રમાણિત કરે છે. આ શ્રુતિમાં आत्मा શબ્દનો અર્થ જીવાત્મા છે. તેથી જીવાત્મસાક્ષાત્કાર મોક્ષનો હેતુ છે તે પ્રમાણપ્રાપ્ત છે. ઈશ્વર સાક્ષાત્કાર મોક્ષનું કારણ છે એ વાત અપ્રામાણિક જણાય છે.

**જવાબ :—**आत्मा श्रोतव्य એ વાક્ય સ્વતંત્ર નથી. વેદાંતમાં શ્રુતિવાક્યોની એકવાક્યતા જાળવવા ઉપક્રમ અને ઉપસંહારનો નિયમ સ્વીકારવામાં આવ્યો છે. ઉપક્રમમાં જે અર્થ જણાવવામાં આવ્યો હોય તે

**''वेदाहमेतं पुरुषम्प्रधानमादित्यवर्णं तमसः परस्तात्'' इत्यनेन ईश्वरमुपक्रम्य 'तमेव विदित्वाऽतिमृत्युमेति' इत्यनेन तद्वेदनस्यैव मोक्षहेतुताबोधनात् तदेकवाक्यतया 'आत्मा श्रोतव्य' इत्यादावपि आत्मपदस्य ईश्वरपरत्वात् । अत एव–**

**न्यायचर्चेयमीशस्य मननव्यपदेशभाक् ।**
**उपासनैव क्रियते श्रवणानन्तरागता ॥**

**इत्याचार्यग्रन्थोऽपि सङ्गच्छते ।**

**( ३६ )*न चेश्वर*साक्षात्कारस्य स्वात्मविषयकमिथ्याज्ञाननिवर्तकत्वं न विपरीत-ज्ञानविधया अपि तु स्वात्मतत्त्वसाक्षात्कारस्यैवेति स एव मोक्षहेतुरिति *वाच्यम्* ।**

---

ઈશ્વરસાક્ષાત્કારને પણ મોક્ષનો હેતુ માનવો પ્રામાણિક નથી.

**જવાબ :–**'वेदाहमेतं पुरुषं प्रधानमादित्यवर्णं तमसः परस्तात्' આ શ્રુતિથી ઈશ્વરનો ઉપક્રમ કરી 'तमेव विदित्वातिमृत्युमेति' આ શ્રુતિ દ્વારા ઈશ્વરના જ્ઞાનની મોક્ષહેતુતાનો બોધ થયો છે. 'आत्मा श्रोतव्य' આ શ્રુતિ ઉપરોક્ત શ્રુતિ સાથે એકવાક્યતા ધરાવે છે તેથી 'आत्मा श्रोतव्य' આ શ્રુતિમાં આત્મા પદનો અર્થ ઈશ્વર છે. આથી જ–

'શ્રવણ પછી આવેલી, મનન શબ્દથી ઓળખાતી ઈશ્વર અંગેની આ ન્યાયચર્ચા ઉપાસના જ કરાય છે.' આ આચાર્યનો ગ્રંથ પણ સંગત થાય છે.

**(૩૬) શબ્દાર્થ :–પ્રશ્ન :–**ઈશ્વરસાક્ષાત્કાર વિપરીત જ્ઞાન બનીને સ્વાત્મવિષયક મિથ્યાજ્ઞાનનું નિવર્તક બનતું નથી પણ સ્વાત્મસાક્ષાત્કાર જ નિવર્તક બને છે. માટે તે જ મોક્ષનું

---

જ અર્થ ઉપસંહારમાં પણ ગ્રહણ કરવો જોઈએ. आत्मा श्रोतव्य એ ઉપસંહાર વાક્ય છે તેની એકવાક્યતા 'वेदाहमेतं'ઈત્યાદિ ઉપક્રમવાક્ય સાથે છે. તેનો અર્થ 'હું આ પુરુષને =પરમાત્માને જાણું છું. તે પૂર્ણ છે, મહાન્ છે, પ્રધાન છે, સર્વવ્યાપક છે, સૂર્યની જેમ સ્વપ્રકાશરૂપ છે' આ છે. 'तमेव विदित्वा' આ વાક્યમાં પણ તત્પદવાચ્ય ઈશ્વર જ છે. અને તેનું જ્ઞાન મોક્ષનું કારણ છે. તે દર્શાવવામાં આવ્યું છે તેથી आत्मा वारे અહીં પણ આત્માનો અર્થ ઈશ્વરાત્મા કરવો જ યોગ્ય છે. કેચિત્તુકાર પોતાના સમર્થનમાં ઉદયનાચાર્યની સંમતિ દર્શાવે છે. ઉદયનાચાર્યે ન્યાયકુસુમાંજલિમાં ઈશ્વરસાધક અનુમાન પ્રસ્તુત કર્યું છે. તેમાં ઈશ્વરસાધક અનુમાનને મનનની સંજ્ઞા આપી છે. આ મનન શ્રવણ પછી જન્મેલું છે. તેવું તેમણે શ્લોકમાં જણાવ્યું છે તેથી સ્પષ્ટ છે કે આચાર્યને आत्मा वारे श्रोतव्य આ શ્રુતિમાં પ્રતિપાદિત શ્રવણ અને મનન અભિપ્રેત છે. મનનના વિષય તરીકે આચાર્યએ ઈશ્વરનું ગ્રહણ કર્યું છે તે પણ સ્પષ્ટ દર્શાવે છે કે आत्मा वारे આ શ્રુતિમાં આત્મ પદથી જીવાત્મા નહીં પણ ઈશ્વરનું જ ગ્રહણ કરવાનું છે.

**(૩૬) વિવરણ :–**केचित्तुનો પક્ષ ચાલુ છે. તેના પક્ષની સામે પ્રશ્ન ઉપસ્થિત કરે છે. (न च ઈત્યાદિ)

**પ્રશ્ન :–**બે જ્ઞાન એકબીજાના વિરોધી હોય તો એક બીજાનું નિવર્તન કરે. સ્થાણુનું જ્ઞાન પુરુષજ્ઞાનનું વિરોધી બને (પુરુષત્વાભાવાવગાહિ હોય) તો પુરુષજ્ઞાનનો પ્રતિબંધ કરે. સંશય અને

**वासनारूपदोषविनाशकतयैवेश्वरसाक्षात्कारस्य मिथ्याज्ञाननिवर्तकत्वात् । ईश्वरसाक्षात्कारस्य विपरीतज्ञानानिवर्तकत्वेऽपि स्वातन्त्र्येणैव मिथ्याधीजन्यवासनानाशकत्वोपगमे क्षतिविरहात् । संस्कारविपरीतज्ञानयोर्विषयभेदेन नाश्यनाशकभावभेदादात्मदेहाभेदवासनानाशे देहभेदावगाहिस्वात्मसाक्षात्कारकारणताया अपि कल्पनीयतया ईश्वरसाक्षात्कारस्य तन्नाशकतापक्षे गौरवानवकाशात् । अस्तु वा वासनानाशार्थं स्वात्म-**

---

કારણ છે.

**જવાબ :—**ઈશ્વરસાક્ષાત્કાર વાસનારૂપ દોષનો નાશ કરીને મિથ્યાજ્ઞાનનું નિવર્તક બને છે. ઈશ્વરસાક્ષાત્કાર વિપરીતજ્ઞાનનો નિવર્તક ન હોય છતાં તેને સ્વતંત્રરૂપે મિથ્યાજ્ઞાન જન્ય વાસનાના નાશક રૂપે સ્વીકારવામાં કોઈ ક્ષતિ નથી. સંસ્કાર અને વિપરીત જ્ઞાનના વિષય જુદા છે તેથી તેમના નાશ્યનાશકભાવ પણ વિષયભેદે ભિન્ન ભિન્ન છે. તેથી આત્મા અને દેહની અભેદવાસનાના નાશમાં દેહના ભેદનું અવગાહન કરતા આત્મસાક્ષાત્કારની કારણતા પણ કલ્પવી જ પડે છે. માટે ઈશ્વરસાક્ષાત્કારને અભેદવાસનાનાશક માનવાના પક્ષે ગૌરવને અવકાશ નથી.

અથવા તો વાસનાનાશ માટે સ્વાત્મસાક્ષાત્કારનો અનુયોગી તરીકે ઉપયોગ ભલે હો પણ

---

સમુચ્ચયમાં આ જ ફરક છે કે—સંશયમાં અન્ય વિષયનું જ્ઞાન પ્રસ્તુત વિષયનું વિરોધી હોય છે. સમુચ્ચયમાં વિરોધી હોતું નથી. ઈશ્વરસાક્ષાત્કાર મોક્ષનું કારણ છે. એવો કેચિત્તુકારનો મત છે. મોક્ષનો હેતુ બનતું જ્ઞાન પોતાના આત્માને વિષય બનાવતા મિથ્યાજ્ઞાન (अहं गौर ઈ.)નું વિરોધી હોવું જોઈએ. ઈશ્વરજ્ઞાન સ્વાત્મવિષયક મિથ્યાજ્ઞાનના અભાવનું અવગાહી નથી એટલે કે તાદૃશમિથ્યાજ્ઞાનનું વિરોધી નથી. તેથી તે તેનું (મિથ્યાજ્ઞાનનું) નિવર્તક બની શકતું નથી. સ્વાત્મસાક્ષાત્કાર જ સ્વાત્મવિષયક મિથ્યાજ્ઞાનનો વિરોધી છે માટે તે જ મોક્ષનો હેતુ છે.

**જવાબ :—**ઈશ્વરજ્ઞાન સ્વાત્મવિષયમિથ્યાજ્ઞાનનું નિવર્તક નથી એ વાત સાચી છે. પણ અહીં એ પ્રશ્ન ઉઠે છે કે—વિપરીતજ્ઞાન મોક્ષનો પ્રતિબંધ કરે છે તે કેવી રીતે ? તેનો જવાબ એ છે કે—વિપરીત જ્ઞાન દ્વારા સંસ્કાર ઉત્પન્ન થાય છે જેને વાસના કહેવાય છે. આ દેહાત્માભેદની વાસના મુક્તિની પ્રતિબંધિકા છે. જ્ઞાન આ વાસનાનો નાશ કરે છે. વાસનાનો નાશ થવાથી મિથ્યાજ્ઞાનનું નિવર્તન થાય છે. આમ ઈશ્વરજ્ઞાન વિપરીતજ્ઞાનવિધયા મિથ્યાજ્ઞાનનું નિવર્તક નથી પણ સ્વતંત્રરૂપે છે. આ રીતે સ્વતંત્ર કારણતા સ્વીકારવામાં કોઈ દોષ નથી.

**પ્રશ્ન :—**આ રીતે ઈશ્વરજ્ઞાનને સ્વતંત્રપણે મિથ્યાજ્ઞાન નિવર્તક માનવામાં ગૌરવ છે. ઈશ્વરજ્ઞાન અને વાસનાનાશ વચ્ચે કાર્યકારણભાવ છે, વાસનાનાશ અને મિથ્યાજ્ઞાનનાશ વચ્ચે પણ કાર્યકારણભાવ છે આમ અતિરિક્ત કાર્યકારણભાવ માનવાનું ગૌરવ છે.

**જવાબ :—**જીવાત્મસાક્ષાત્કાર મોક્ષનું કારણ છે એ વાદીના મતે પણ વિપરીત જ્ઞાન અને સંસ્કાર વચ્ચે નાશ્યનાશકભાવ માનવો આવશ્યક જ છે. આ નાશ્યનાશકભાવ સામાન્યથી કલ્પી શકાય તેમ નથી. કારણ કે ઘટના સંસ્કાર પ્રત્યે પટાભાવનો નિશ્ચય પણ નાશક બનવાની આપત્તિ આવશે. આથી વિષયના ભેદથી વિશેષ કાર્યકારણભાવ સ્વીકારવામાં આવે છે. તે (=ચોક્કસ ઘટાદિ) સંસ્કાર પ્રત્યે તે (=ચોક્કસ

**तत्त्वसाक्षात्कारोपयोगः । अनुयोगितया प्रतियोगितया चात्मैव तत्त्वतो ज्ञेय इत्याचार्यग्रन्थस्याप्यत एव सङ्गतिः । मोक्षकारणन्तु परमात्मसाक्षात्कार एव ।**

**( ३७ ) *न च* योगजधर्मस्य विश्वभासकतया तज्जन्यपरमात्मसाक्षात्कारे विश्वेषामेव भानसम्भवे 'तमेव विदित्वा' इत्यत्र एवकारबोध्यस्य तदितरविषयकत्व-**

---

પ્રતિયોગી તરીકે તો તાત્ત્વિક રીતે આત્મા જ જાણવા યોગ્ય છે. એ આચાર્યગ્રંથની સંગતિ પણ આ રીતે જ થાય છે. પણ મોક્ષનું કારણ તો પરમાત્માનો સાક્ષાત્કાર જ છે.

(૩૭) **શબ્દાર્થ :—પ્રશ્ન :—**યોગજ ધર્મ વિશ્વભાસક છે તેથી યોગજ ધર્મથી જન્ય ઈશ્વરસાક્ષાત્કારમાં દરેકનું ભાન સંભવે છે. આવું બનતું હોય તો तमेव विदित्वा આ શ્રુતિમાં

---

ઘટાભાવાદિ) નિશ્ચય નાશક છે. આમ આત્મામાં શરીરનો અભેદ છે આવા સંસ્કાર પ્રત્યે શરીરાદિ ભેદનો સાક્ષાત્કાર નાશકરૂપે કલ્પવો આવશ્યક છે. સામાન્યથી વિપરીતજ્ઞાનને નાશક માની શકાતું નથી. આ રીતે અતિરિક્ત નાશ્યનાશકભાવ જીવાત્મસાક્ષાત્કારવાદમાં પણ છે. આ મતે જે અવશ્યકલ્પનીય છે તેના સ્થળે અમે ઈશ્વરસાક્ષાત્કાર માનીએ છીએ તેથી ગૌરવને અવકાશ નથી.

**પ્રશ્ન :—**ઉપરોક્ત રીતે સંગતિ કરવામાં ગૌરવ નથી છતાં પણ સર્વત્ર સંસ્કારનો નાશ વિપરીતજ્ઞાન દ્વારા જ થાય છે એવા ઉદાહરણ મળે છે. ઈશ્વરસાક્ષાત્કારથી સંસ્કારનો નાશ થાય છે એવું એક પણ ઉદાહરણ જોવા મળતું નથી. ઈશ્વરસાક્ષાત્કારને મોક્ષનું કારણ માનવામાં આ મોટી આપત્તિ છે. તેથી કેચિત્તુકાર अस्तु वा કહીને બીજી રીતે સંગતિ કરે છે.

**જવાબ :—**'गौरोऽहम्' ઈત્યાદિ પ્રતીતિ આત્મા અને શરીરના અભેદનું અવગાહન કરે છે. આવા જ્ઞાનથી જન્મેલી દેહાત્માની અભેદ વાસનાના નાશ માટે આત્મસાક્ષાત્કાર જરૂરી છે. आत्मा देहभिन्नः આ આત્મસાક્ષાત્કાર છે. આ પ્રતીતિમાં આત્મા પદથી જીવાત્મા લેવો કે પરમાત્મા એ મતભેદનો મુદ્દો છે. બંને લઈ શકાય છે. સ્વાત્મસાક્ષાત્કાર તે તે સંસ્કારોનો નાશ કરે છે તે માટે તેને માનવો જરૂરી છે. ઉપરોક્ત પ્રતીતિ સંબંધરૂપે સંસ્કારનાશક બને છે. સંબંધના અનુયોગી તરીકે સ્વાત્મસાક્ષાત્કારને ઉપયોગી માની શકાય પણ પ્રતિયોગી તરીકે કેવળ આત્મા જ જ્ઞેય છે. સ્વાત્મા નહીં. આમ માનવાથી ઉદયનાચાર્યે શ્લોકમાં ઈશ્વરાનુમાનને મનનમાં સમાવ્યું છે તેની પણ સંગતિ થઈ જશે. કારણ કે સંબંધના પ્રતિયોગી તરીકે આત્મામાં ઈશ્વરાત્મા પણ સમાય છે. આમ સ્વાત્મતત્ત્વસાક્ષાત્કાર અનુયોગી તરીકે વાસનાનાશક છે જ્યારે મોક્ષનું કારણ તો ઈશ્વરસાક્ષાત્કાર જ છે.

(૩૭) **વિવરણ :—**પરમાત્મસાક્ષાત્કારવાદીમતે દરેક શ્રુતિમાં આત્મા પદનો અર્થ પરમાત્મા જ અભિપ્રેત છે. જીવાત્મસાક્ષાત્કારવાદી તેની સામે પ્રશ્ન ઉપસ્થિત કરે છે.

**પ્રશ્ન :—**ઈશ્વરનો સાક્ષાત્કાર યોગજ ધર્મ રૂપ પ્રત્યાસત્તિથી થાય છે તેમ કહ્યું. યોગજ પ્રત્યાસત્તિથી વિશ્વના તમામ પદાર્થોનું પ્રત્યક્ષ થાય છે. ઈશ્વરસાક્ષાત્કાર યોગજ ધર્મ જન્ય હોવાથી તેમાં પણ સકલ પદાર્થોનું પ્રત્યક્ષ થશે જ. તો 'तमेव विदित्वातिमृत्युमेति, नान्यः पन्था विद्यतेऽयनाय' આ શ્રુતિનો બાધ થશે. આ શ્રુતિનો અર્થ છે—'તેને જ જાણીને મોક્ષ પામે છે, મોક્ષ માટે બીજો માર્ગ નથી.' અહીં तम् પદથી ઈશ્વરાત્મા અભિપ્રેત છે. તેની પછી આવેલો एवकार અન્યયોગવ્યવચ્છેદ દર્શાવે છે. એટલે ઈશ્વર સિવાયના

**व्यवच्छेदस्येश्वरवेदने बाध इति कथं तादृशश्रुतेरीश्वरपरतेति *वाच्यम्* । आत्मसाक्षात्कार-स्यापि भवदभिमतमोक्षहेतोर्देहादिभेदविषयकतया तत्रापीतरविषयकत्वव्यवच्छेद-बाधादस्मदभिमतमोक्षहेतुपरमात्मनिर्विकल्पकस्यैव तत्सामग्र्याः प्रतिबन्धकत्व-कल्पनया तदितराविषयकत्वोपपत्तेः । तं विदित्वैव इत्येवकारव्यत्ययेन व्याख्यायाः समाधानमपि तुल्यमुभयमते । वस्तुतस्तु एवकारव्यत्यये एवकारस्यैव वैयर्थ्यम्, 'नान्यः**

---

એવકારથી જણાતા ઈશ્વરેતરવિષયકત્વવ્યવચ્છેદનો ઈશ્વરજ્ઞાનમાં બાધ થશે. તેથી આ શ્રુતિ ઈશ્વરપરક કેવી રીતે છે ?

**જવાબ :—**તમે જેને મોક્ષહેતુ માનો છો તે આત્મસાક્ષાત્કાર પણ દેહ વગેરેના ભેદ વિષયક છે. તેમાં પણ તમેવ ઇત્યાદિ શ્રુતિના एवकार લભ્ય ઇતરવિષયકત્વવ્યવચ્છેદનો બાધ થશે. અમે મોક્ષ હેતુ તરીકે સ્વીકારેલું ઈશ્વરનું નિર્વિકલ્પક જ્ઞાન જ ઇતર જ્ઞાનની સામગ્રીનો પ્રતિબંધ કરે છે એવી કલ્પના કરી તદિતરાવિષયકત્વની ઉપપત્તિ થાય છે.

'तं विदित्वैव' આ પ્રમાણે एवकारનો વ્યત્યય કરી વ્યાખ્યા કરવી' આ સમાધાન તો ઉભયમતમાં સમાન છે.

---

વિષયનો વ્યવચ્છેદ કરે છે અર્થાત્ યોગજ ધર્મજન્ય જ્ઞાનમાં ઈશ્વરાતિરિક્તવિષયો નથી એ વાક્યાર્થ થાય. જે સ્પષ્ટપણે બાધિત છે. માટે આત્મપદથી ઈશ્વરાત્માનું ગ્રહણ કેવી રીતે થાય ?

**જવાબ :—**જીવાત્મસાક્ષાત્કારવાદી મતે પણ આ પ્રશ્ન રહેશે જ. તેના મતે આત્મ-સાક્ષાત્કાર મોક્ષનું કારણ છે. 'तमेव' આ શ્રુતિમાં तं પદથી સ્વાત્મા લઈએ તો एवकारથી જ્ઞાનમાં આત્મેતર-વિષયકત્વવ્યવચ્છેદ પ્રાપ્ત થશે. એટલે સાક્ષાત્કારમાં આત્મા સિવાય કોઈ વિષયો નથી એ વાક્યાર્થ મળશે. જીવાત્મસાક્ષાત્કારવાદી મતે આત્મસાક્ષાત્કારમાં દેહાત્મભેદ પણ વિષય બને છે. આમ તે મતમાં પણ આ શ્રુતિનો બાધ તો છે જ.

આપત્તિની સામે આપત્તિ બતાવ્યા પછી પણ પોતાના મતે સંગતિ દર્શાવવી આવશ્યક હોય છે. ઈશ્વરાત્મવાદી સાક્ષાત્કારમાં ઈશ્વરાતિરિક્ત વિષયો વિષય બનતા નથી તેની સંગતિ કરી બતાવે છે. ઈશ્વરસાક્ષાત્કાર પૂર્વે ઈશ્વરનું નિર્વિકલ્પક જ્ઞાન થાય છે. આ જ્ઞાન ઈશ્વરેતરવિષયક જ્ઞાનની સામગ્રીનો પ્રતિબંધ કરે છે. તેથી ઈશ્વરનું સવિકલ્પક પ્રત્યક્ષ થાય ત્યારે ઈશ્વર સિવાયના વિષયોનું જ્ઞાન થશે નહીં. આ રીતે તમેવ ઇત્યાદિ શ્રુતમાં एवकारનો અર્થ બાધિત નહીં થાય. સાક્ષાત્કારવાદી મતે સ્વાત્માનું નિર્વિકલ્પક જ્ઞાન સ્વાત્મેતરવિષયક જ્ઞાનનું પ્રતિબંધક માની શકાશે નહીં. કારણ કે—સ્વાત્મસાક્ષાત્કારમાં દેહાદિ સાથે આત્માનો ભેદ વિષય બને છે. ભેદજ્ઞાન વિષય ન બને તો આત્મ સાક્ષાત્કાર મુક્તિ હેતુ કેવી રીતે બનશે ? આમ તેમના મતે તમેવ ઇત્યાદિ શ્રુતિના અર્થની સંગતિ થતી નથી.

**પ્રશ્ન :—**તમેવ ઇત્યાદિ શ્રુતિમાં एवकारનો અન્વય तम् ની સાથે કરવાને બદલે विदित्वाની સાથે કરવાથી બાધ ટળી જશે. જ્ઞાન ભિન્ન મુક્તિનું કારણ નથી એ અર્થ પ્રતીત થશે. તેથી આત્મ સાક્ષાત્કારમાં દેહાદિભેદ વિષયો બને તો પણ બાધ નહીં રહે.

**જવાબ :—**આ સમાધાન તો ઈશ્વરસાક્ષાત્કારવાદી મતે પણ લાગુ પડે છે. તેના મતે પણ एवकारના

**पन्था विद्यतेऽयनाय' इत्यनेन मुक्तिसामग्रीमात्रे तत्त्वज्ञानघटितान्यत्वनिराकरणात्तत एव एवकारलभ्यस्य मुक्तिपूर्वं समानाधिकरणतत्त्वज्ञानावश्यकत्वस्य लाभात्। अत ईश्वरसाक्षात्कारस्यैव कारणत्वमुचितम् । तथा सत्युक्तरीत्या एवकाराव्यत्यासेऽपि निर्वाहसम्भवात् ।**

**( ३८ ) *अथ* 'यतो वा इमानि भूतानि जायन्ते तत्त्वमसि श्वेतकेतो !' इति जीवात्मनः परमात्माभेदोपदेशकश्रुतिस्वरसाद् 'अहं ब्रह्मास्मि' इत्येतादृशज्ञानस्यैव**

---

વાસ્તવિક રીતે તો एवकारનો વ્યત્યય કરવાથી એવકાર વ્યર્થ સાબિત થશે. 'नान्यः पन्था विद्यतेऽयनाय' આ વાક્યથી મુક્તિની તમામ સામગ્રીમાં તત્ત્વજ્ઞાનઘટિતત્વથી અન્યત્વનું નિરાકરણ કર્યું છે. તે દ્વારા જ एवकारથી પ્રાપ્ત થતો અર્થ 'મુક્તિની પૂર્વે સમાનાધિકરણ તત્ત્વજ્ઞાનની આવશ્યકતા' પ્રાપ્ત થઈ જાય છે.

આથી ઈશ્વરસાક્ષાત્કાર જ કારણ તરીકે ઉચિત છે. તેનાથી ઉપર કહ્યું તેમ એવકારનો વ્યત્યાસ કર્યા વિના નિર્વાહ થઈ જાય છે.

**(૩૮) શબ્દાર્થ :–પૂર્વપક્ષ :–**'यतो वा इमानि भूतानि जायन्ते तत्त्वमसि श्वेतकेतो ।' આ જીવાત્માનો પરમાત્મા સાથે અભેદનો ઉપદેશ કરતી શ્રુતિના સ્વારસ્યથી अहं ब्रह्मास्मि આવું જ્ઞાન

---

અર્થનો બાધ નથી.

एवकारનો વ્યત્યય કરી વ્યાખ્યા કરવામાં અરુચિ દર્શાવવા वस्तुतः ઇત્યાદિ ગ્રંથ છે. વ્યત્યય કરવાથી एवकार વ્યર્થ થઈ જાય છે. तमेव विदित्वा આ વાક્યમાં एवकारનો વ્યત્યય કરીએ તો જ્ઞાન સિવાયના માર્ગમાં મોક્ષની કારણતાનો વ્યવચ્છેદ પ્રાપ્ત થાય છે. तमेव विदित्वा આ શ્લોકમાં ઉત્તરાર્ધથી ઉક્ત વ્યવચ્છેદ પ્રાપ્ત જ છે. नान्यः पन्था विद्यतेऽयनाय । અહીં पन्था પદનો અર્થ અસાધારણ કારણ છે. अयनायનો અર્થ મોક્ષ માટે છે. अन्यः નો અર્થ પરમાત્મસાક્ષાત્કાર છે. પરમાત્મસાક્ષાત્કાર વિના મોક્ષનું અન્ય કારણ નથી. આમ મુક્તિની તમામ સામગ્રીમાં તત્ત્વજ્ઞાનઘટિતકારણતા સિવાયની કારણતાનો વ્યવચ્છેદ શબ્દ દ્વારા જ પ્રાપ્ત છે તેથી તે વ્યવચ્છેદ માટે ઉપાત્ત एवकार વ્યર્થ જશે. મુક્તિની પૂર્વે જે આત્મા મુક્ત થશે તેમાં તત્ત્વજ્ઞાન આવશ્યક છે આ અર્થનો લાભ एवकार વિના પણ થઈ જાય છે. આથી એવકારનો વ્યત્યય કરી ઉક્ત શ્લોકની વ્યાખ્યા કરવી સંગત નથી. જીવાત્મસાક્ષાત્કારવાદી મતે આત્મેતરવિષયકત્વ વ્યવચ્છેદ થઈ શકતો નથી માટે ઈશ્વરસાક્ષાત્કારને જ મુક્તિનું કારણ માનવો જોઈએ. आत्मપદનો અર્થ ઈશ્વર કરવાથી एवकारના વ્યત્યાસ વિના પણ સંગતિ થઈ શકે છે.

**(૩૮) વિવરણ :–**જીવાત્મસાક્ષાત્કારવાદી केचित्तुकार (=પરમાત્મસાક્ષાત્કારવાદી) સામે શંકા રજૂ કરે છે. केचित्तुकारે જીવાત્મસાક્ષાત્કારવાદીના મતમાં એ આપત્તિ રજૂ કરી હતી કે–તે મતમાં तमेव विदित्वा અહીં એવકારનો વ્યત્યાસ કરવો પડે છે. જીવાત્મસાક્ષાત્કારવાદી આ પૂર્વપક્ષ દ્વારા પરમાત્મ-સાક્ષાત્કારવાદીને પણ एवकारનો વ્યત્યાસ કરવો પડશે એ દર્શાવે છે. तमेव આ વાક્યમાં एवकारનો तम्‌ની સાથે અન્વય કરવામાં પરમાત્મસાક્ષાત્કારવાદીના મતે પણ यतो वा ઇત્યાદિ શ્રુત્યર્થનો બાધ આવે છે. 'यतो

**मुक्तिहेतुताया उपगन्तव्यतयाऽव्यत्यस्तैवकारलभ्यस्य मुक्तिजनकेश्वरज्ञाने तदितर-विषयकत्वस्य बाध इति भवतोऽपि तद्व्यत्यास आवश्यकः । *एतेनै*वकारेण मोक्ष-हेतुतद्वेदने तदन्यविषयकत्वं न व्यवच्छिद्यते, किन्तु मुक्तौ तद्विषयकत्वविशिष्टवेदन प्रयोज्यताया भावान्वयबोधविषयतया तदन्यविषयकत्वविशिष्टतद्वेदनप्रयोज्यत्वमेव तत्रैवकारेण व्यवच्छिद्यते । तथा च तदन्यविषयकत्वस्य मुक्तिप्रयोजकत्वव्यवच्छेदः पर्यवसित इति सामग्रीववशादीश्वरसाक्षात्कारेऽनुपयुक्तेतरभानस्यावश्यकत्वेऽपि न क्षतिः । जीवात्मसाक्षात्कारस्य हेतुतामते पुनरेवकाराव्यत्यासेनोक्तरीत्यापि न निर्वाहः । इतरभेदादिविषयकत्वेनैव तन्मत आत्मसाक्षात्कारस्य हेतुतया इतरविषयकत्वे मोक्ष-**

---

જ તાત્ત્વિક રીતે મુક્તિનું કારણ છે તેવું સ્વીકારવા યોગ્ય છે. તેથી અવ્યત્યસ્ત एवकारથી પ્રાપ્ત થતાં મુક્તિજનક ઈશ્વરજ્ઞાનમાં ઈશ્વરેતરવિષયકત્વનો બાધ થશે માટે તમારા મતે પણ તેનો વ્યત્યાસ આવશ્યક છે.

આ દ્વારા આ વાતનો પણ નિરાસ થઈ જાય છે કે—"एवकारથી મોક્ષના કારણ ઈશ્વર-સાક્ષાત્કારમાં તદન્યવિષયકતાનો વ્યવચ્છેદ નથી થતો, પરંતુ મુક્તિમાં રહેતી ઈશ્વરવિષયકત્વ-વિશિષ્ટ સાક્ષાત્કારની પ્રયોજ્યતા જ ભાવાન્વય બોધનો વિષય બને છે. તેથી ત્યાં તદન્યવિષયકત્વ-વિશિષ્ટ પ્રયોજ્યત્વનો જ एवकारથી વ્યવચ્છેદ થાય છે. આમ તદન્યવિષયકત્વનો મુક્તિપ્રયોજક તરીકે વ્યવચ્છેદ પ્રાપ્ત થાય છે. એથી સામગ્રીને કારણે ઈશ્વરસાક્ષાત્કારમાં, અનુપયોગી એવું ઈતરભાન આવશ્યક હોવા છતાં કોઈ ક્ષતિ નથી. જીવાત્મસાક્ષાત્કારને હેતુ માનનારના મતે તો एवकारનો વ્યત્યાસ કર્યા વિના ઉપર કહ્યું તે રીતે નિર્વાહ થતો નથી. તેના મતે આત્મસાક્ષાત્કાર

---

वा' આ શ્રુતિનો અર્થ આ પ્રમાણે છે. 'શ્વેતકેતુ ! જેનાથી આ ભૂતો ઉત્પન્ન થાય છે તે=બ્રહ્મ તું છે.' આ શ્રુતિ બ્રહ્મ અને જીવ વચ્ચે અભેદ દર્શાવે છે. આ શ્રુતિ દ્વારા થયેલું અભેદજ્ઞાન મુક્તિનું કારણ છે. તાત્ત્વિક રીતે अहं ब्रह्मास्मि આ જ્ઞાન જ મુક્તિનું કારણ છે. આ જ્ઞાનમાં બ્રહ્મરૂપે ઈશ્વર ઉપરાંત अहं રૂપે જીવાત્મા પણ વિષય બને છે. तमेव विदित्वा શ્રુતિમાં જો एवकारનો વ્યત્યાસ ન કરીએ તો 'ઈશ્વરસાક્ષાત્કારમાં ઈશ્વર સિવાય કોઈ વિષય નથી' આ અર્થ મળશે. આવો અર્થ यतो वा ઈત્યાદિ શ્રુતિ દ્વારા મળતા अहं ब्रह्मास्मि જ્ઞાનમાં બાધિત છે કારણ કે આ જ્ઞાનમાં अहं પણ વિષય છે.

પૂર્વપક્ષના એક ભાગરૂપે જ જીવાત્મસાક્ષાત્કારવાદી અન્ય મતનું ખંડન પ્રસ્તુત કરે છે—एतेन ઈત્યાદિ દ્વારા. પરમાત્મસાક્ષાત્કારવાદી દ્વારા જીવાત્મસાક્ષાત્કારવાદી મતે અન્ય આપત્તિ આપવામાં આવી છે. एवकार દ્વારા तमेव શ્લોકમાં तद् પદથી જે વિવક્ષિત છે (તે જીવાત્મા કે પરમાત્મા) તેનાથી અન્ય વિષયકત્વનો વ્યવચ્છેદ થાય છે તેમ પૂર્વે કહ્યું. તેનાથી બાધ આવે છે. પરંતુ एवकार દ્વારા ઉપરોક્ત વ્યવચ્છેદ અભીષ્ટ નથી. एवकारનો અન્વય અલગ રીતે થાય છે. एवकारનો અર્થ તદન્યાભાવ છે. एवकारની શક્તિ આ અર્થમાં છે. સામાન્યતઃ શબ્દની શક્તિને એક અખંડ માનવામાં આવે છે. પરંતુ પ્રસ્તુતમાં एवकारની શક્તિ બે અર્થમાં અલગ અલગ છે. આવી શક્તિને 'ખંડશઃશક્તિ' કહેવાય. એક શક્તિ ભેદવિશિષ્ટ અર્થમાં છે અને એક શક્તિ અભાવમાં છે. વાક્યના તાત્પર્યની સંગતિ માટે આવી ખંડશઃ

**प्रयोजकताया व्यवच्छेत्तुमशक्यत्वादित्यपि *निरस्तम्* । ब्रह्मैवाहं न संसारीत्यादि-भावनादिविध्येकवाक्यतया अहं ब्रह्मास्मीति बुद्धेर्न्यायादिमते ब्रह्माभिन्नजीवात्म-विषयकत्वेनापि मुक्तिहेतुत्वात् । आत्मनानात्वमते जीवात्मब्रह्मणोरभेदज्ञानं यद्यपि**

---

ઈતરભેદવિષયક થઈને જ હેતુ બને છે તેથી ઈતરવિષયક સંવેદનમાં મોક્ષની પ્રયોજકતાનો વ્યવચ્છેદ કરવો શક્ય નથી.''—કારણ કે 'હું બ્રહ્મ જ છું, સંસારી નથી' ઈત્યાદિ ભાવના વગેરે વિધિના એકવાક્ય તરીકે 'હું બ્રહ્મ છું' ઈત્યાદિ બુદ્ધિ ન્યાય વગેરે મતે બ્રહ્માભિન્ન જીવાત્મવિષયક બનીને મુક્તિનું કારણ બને છે. જોકે અનેક આત્મા માનનાર મતે જીવાત્મા અને બ્રહ્મનું અભેદજ્ઞાન ભ્રમ છે છતાં તેવા જ્ઞાનનું જ મોક્ષહેતુત્વ શ્રુતિસિદ્ધ છે તેનો વિરોધ નથી.

---

શક્તિ સ્વીકારવી પડે છે. तमेव એ વાક્યમાં એવકારના આ બે અર્થનો અલગ અલગ અન્વય કરવો જરૂરી છે માટે ખંડશઃ શક્તિ સ્વીકારી છે. શ્લોકમાં विदित्वा પદમાં विद् ધાતુનો અર્થ જ્ઞાન છે. ધાત્વર્થને ભાવ કહે છે. क्त्वा પ્રત્યનો પ્રચલિત અર્થ ઉત્તરકાલવર્તિત્વ છે પણ 'भुक्त्वा तृप्तः न तु पीत्वा' આવા પ્રયોગ દ્વારા क्त्वा પ્રત્યયનો પ્રયોજ્યત્વ અર્થ પણ છે. અહીં પ્રયોજ્યત્વ અર્થ અભિપ્રેત છે. तमेव विदित्वा આ વાક્યનો અન્વય આ પ્રકારે છે तम् પદમાં तत् પદથી ઈશ્વરની ઉપસ્થિતિ થાય છે તેનો અન્વય एवकार પદની એક શક્તિથી પ્રાપ્ત ભિન્ન અર્થના એક દેશ ભેદમાં થાય છે. ઈશ્વરભેદવિશિષ્ટ = ઈશ્વરભિન્ન આ तमेवનો અન્વય છે. तमेवનો અન્વય विद् ધાતુના અર્થ જ્ઞાન સાથે થાય છે. એટલે ઈશ્વરભિન્ન-વિષયકજ્ઞાન અર્થ થશે. क्त्वा પ્રત્યયનો અર્થ પ્રયોજ્યત્વ છે તેથી ઈશ્વરભિન્નવિષયકજ્ઞાનપ્રયોજ્યત્વ અર્થ મળશે. આ આખા અર્થનો અન્વય एवकारની ખંડિત શક્તિથી પ્રાપ્ત અભાવ પદ સાથે પ્રતિયોગી તરીકે થશે. આમ ઈશ્વરભિન્નવિષયકત્વવિશિષ્ટ જ્ઞાનપ્રયોજ્યત્વપ્રતિયોગિકાભાવ આ અન્વયબોધ થશે. અહીં एवकार દ્વારા વ્યવચ્છેદ પ્રયોજ્યતાનો થાય છે. તદન્યવિષયકત્વનો અન્વય विद् ધાતુના અર્થ જ્ઞાનમાં થાય છે.




क्त्वा પ્રત્યયનો અર્થ પ્રયોજ્યત્વ કરવાથી ફાયદો એ થયો કે—ઈશ્વરભિન્નવિષયક જ્ઞાન મુક્તિના પ્રયોજક નથી આવો અર્થ મળશે. એટલે ઈશ્વર સાક્ષાત્કારમાં ઈશ્વરભિન્ન પદાર્થો વિષય બને કે ન બને તે મહત્ત્વનું રહ્યું નહીં. યોગજ ધર્મરૂપ સામગ્રીને કારણે ઈશ્વરસાક્ષાત્કારમાં અન્ય વિષયો પણ વિષય બને છે. एवकार દ્વારા તેમના મુક્તિ-પ્રયોજકત્વનો વ્યવચ્છેદ થાય છે, સાક્ષાત્કારવિષયકત્વનો થતો નથી તેથી બાધને અવકાશ નથી. આ અર્થઘટન ઈશ્વરસાક્ષાત્કારહેતુતા મતે શક્ય છે. જીવાત્મસાક્ષાત્કારહેતુતા મતે શક્ય

**भ्रमस्तथापि तादृशस्यैव तस्य मोक्षहेतुत्वं श्रुतिसिद्धं न विरुद्ध्यते इति *चेन्न* जीवब्रह्माभेदचिन्तनरूपस्य योगस्याभ्यासेन मोक्षकारणमीश्वरसाक्षात्कारः सम्पद्यत इत्यत्रैव तत्त्वमसीति वाक्यतात्पर्येण यथाश्रुतस्य तमेव विदित्वेत्यस्य सामञ्जस्यादिति *वदन्ति* ।**

---

**ઉત્તર પક્ષ :—**આ વાત યોગ્ય નથી. 'तत्त्वमसि' આ વાક્યનું તાત્પર્ય—'જીવબ્રહ્માભેદ ચિંતન રૂપ યોગના અભ્યાસ દ્વારા મોક્ષનું કારણ ઈશ્વરસાક્ષાત્કાર થાય છે' આ અર્થમાં છે. તેથી तमेव विदित्वा વાક્ય યથાશ્રુત સંગત છે. (એવું કેટલાક કહે છે.)

---

નથી. કારણ કે તેમના મતે तत् પદ દ્વારા જીવાત્મા અભિપ્રેત છે. આત્મસાક્ષાત્કારમાં દેહાદિભેદ વિષય બને છે. આત્માથી અન્ય દેહાદિભેદ આત્મસાક્ષાત્કારનો વિષય છે અને પ્રયોજક પણ છે. ઉપર પ્રમાણે અન્વય કરીને તદન્ય દેહાદિભેદજ્ઞાનના મુક્તિપ્રયોજકત્વનો વ્યવચ્છેદ થઈ શકતો નથી. કારણ કે દેહાદિભેદનું જ્ઞાન મુક્તિપ્રયોજક છે. આથી આ મતે एवકારનો વ્યત્યાસ કર્યા વિના કોઈ ગતિ નથી.

एतेन ઈત્યાદિ દ્વારા આપવામાં આવેલી આપત્તિનો જીવાત્મસાક્ષાત્કારવાદી પૂર્વપક્ષ આ રીતે જવાબ આપે છે. કે—આત્મસાક્ષાત્કાર દેહાદિભેદવિષયકત્વેન જ થાય છે તેવું માનીએ તો ઉપરની આપત્તિને અવકાશ રહે છે. આત્મસાક્ષાત્કાર અન્ય રીતે થાય છે તેવું બતાવી શકાય તો ઉપરોક્ત આપત્તિને અવકાશ રહેતો નથી. तमेव विदित्वा આ શ્રુતિમાં विद् ધાતુનો અર્થ જ્ઞાન અભિપ્રેત છે. આ જ્ઞાન કયું ? 'तत्त्वमसि' આ વાક્યથી બ્રહ્મ અને જીવના અભેદનો બોધ થાય છે. આ અભેદ ભાવનાથી ઉત્પન્ન થયેલું 'अहं ब्रह्मास्मि न संसारी' આ જ્ઞાન विद् દ્વારા અભિપ્રેત છે. આ પ્રકારનો સાક્ષાત્કાર મુક્તિનું કારણ છે. એટલે જીવાત્મસાક્ષાત્કાર જીવબ્રહ્માભેદવિષયકત્વેન કારણ છે. તેથી ઉપરોક્ત રીતે પ્રયોજ્યત્વ અર્થ કરીને અન્વય કરવામાં તેમને બાધ નથી. तत्त्वमसि અને अहं ब्रह्मास्मि આ બન્ને વચ્ચે એકવાક્યતા છે.

**પ્રશ્ન :—**આવું અર્થઘટન ન્યાયમતે શક્ય નથી કારણ કે ન્યાયમત જીવાત્મા અને પરમાત્માને ભિન્ન ભિન્ન માને છે. તેથી अहं ब्रह्मास्मि એ જ્ઞાન ન્યાયમતે ભ્રમરૂપ છે.

**જવાબ :—**બીજી કોઈ રીતે સંગતિ થઈ શકતી નથી તેથી ન છૂટકે તત્ત્વજ્ઞાનનો અર્થ આવું અભેદજ્ઞાન કરવો પડે છે.

જીવાત્મસાક્ષાત્કારવાદીએ ઉપસ્થિત કરેલો વિસ્તૃત પૂર્વપક્ષ અહીં પૂર્ણ થાય છે. પરમાત્મ-સાક્ષાત્કારવાદી તેની સામે ઉત્તરપક્ષ રજૂ કરે છે. तत्त्वमसि આ વાક્યનું તાત્પર્ય ઈશ્વરસાક્ષાત્કારમાં જ છે. આ વાક્ય આત્માને પ્રધાનતા નથી આપતું. જીવ અને બ્રહ્મના અભેદ ચિંતન કરવું એ યોગ છે. તેનું વારંવાર આવર્તન અભ્યાસ છે. યોગાભ્યાસને જ નિદિધ્યાસન કહેવાય છે. તે મુક્તિનું કારણ છે. તેનાથી ઈશ્વરસાક્ષાત્કાર થાય છે. આમ तत्त्वमसिનું તાત્પર્ય પણ ઈશ્વરસાક્ષાત્કાર છે તેથી तमेव विदित्वा નો અર્થ ઈશ્વરસાક્ષાત્કાર ઈત્યાદિ કર્યો છે. તે જ યોગ્ય છે.

वदन्ति કહીને ગદાધરે આ પક્ષમાં અરુચિ જણાવી છે. आत्मा वारे श्रोतव्य ઈત્યાદિ શ્રુતિમાં શ્રવણ, મનન, નિદિધ્યાસન દ્વારા આત્માનો સાક્ષાત્કાર જ અભિપ્રેત છે તે સ્પષ્ટ છે. આ શ્રુતિનો અયુક્ત અર્થ કરવો પડે છે તે પરમાત્મસાક્ષાત્કારવાદી પક્ષમાં અસ્વરસ છે.

**( ३९ ) दीधितिकृत्प्रभृतयस्तु 'न वारे पत्युः कामाय पतिः प्रियो भवति आत्मनस्तु कामाय पतिः प्रियो भवति' इत्यादिनात्मनः सुखाद्यर्थं तत्सम्पादकतया पतिपुत्रादेरनुरागविषयत्वरूपं प्रियत्वमुक्तम्, तत्रात्मपदमात्मपरमेव न त्वीश्वरपरं, तस्य सुखाभावात् । तत्रानन्दं मन्यमानानामपि तदानन्दस्य नित्यत्वाभ्युपगमात्तस्योद्देश्यत्वासम्भवात् । 'सर्वेषामेव भूतानां नृप ! स्वात्मैव वल्लभ' इत्यादावपि स्वात्मन एव निरुपाधिप्रियत्वाभिधानात् । एवञ्च स्वात्मन एवोपक्रान्ततया 'आत्मा वारे श्रोतव्य'**

---

(૩૯) **શબ્દાર્થ :—**દીધિતિકાર વગેરે કહે છે કે :—न वारे पत्युः कामाय पतिः प्रियो भवति आत्मनस्तु कामाय पतिः प्रियो भवति' આ શ્રુતિ આત્માના સુખ વગેરે માટે સુખસંપાદક રૂપે પતિપુત્ર વગેરેનું અનુરાગવિષયત્વરૂપ પ્રિયત્વ જણાવે છે. ત્યાં આત્મપદનો અર્થ આત્મા જ છે, ઈશ્વર નથી. કારણ કે ઈશ્વરને સુખ નથી. મુક્તિમાં આનંદ માનનાર પણ ઈશ્વરનો આનંદ નિત્ય સ્વીકારે છે. તેથી તે અહીં ઉદ્દેશ્ય બને તે અસંભવ છે. 'सर्वेषामेव भूतानां नृप! स्वात्मैव वल्लभ' આ શ્લોકમાં પણ પોતાના આત્માને જ નિરૂપાધિક પ્રિય કહ્યો છે. તેથી 'आत्मा वारे श्रोतव्य' આ શ્રુતિ પોતાના આત્માના શ્રવણાદિને જ મોક્ષહેતુ જણાવે છે, પરમાત્માને નહીં.

---

(૩૯) **વિવરણ :—**કેચિત્તુકારે ઉપસ્થિત કરેલા અર્થઘટન સામે દીધિતિકારનો મત જણાવે છે. દીધિતિકાર પણ જીવાત્મસાક્ષાત્કારને મોક્ષનું કારણ માને છે. તેમના મતે તે તે શ્રુતિમાં આવતા આત્મા પદનો અર્થ જીવાત્મા છે. પરમાત્મા નથી. આના સમર્થનમાં તેઓ શ્રુતિ રજૂ કરે છે 'न वारे पत्युः कामाय पतिः प्रियो भवति आत्मनस्तु कामाय पतिः प्रियो भवति' પત્નીને પતિ પ્રિય હોય છે. માત્ર પતિના સુખ માટે પત્નીને પતિ પ્રિય હોય છે એવું નથી પણ પોતાના સુખ માટે પત્નીને પતિ પ્રિય હોય છે. આ શ્રુતિમાં આત્મપદનો અર્થ સ્વાત્મા જ છે. આ શ્રુતિમાં ઉપાત્ત આત્મપદનો ઈશ્વર અર્થ કોઈ રીતે સંભવી શકતો નથી. કારણ કે આ શ્રુતિમાં આત્માનો સુખ સાથે સંબંધ દર્શાવ્યો છે. ઈશ્વરને સુખ નથી. ભાટ્ટો ઈશ્વરમાં નિત્ય સુખ માને છે પણ તે સુખ આ શ્રુતિમાં ઉદ્દેશ્ય નથી. આ શ્રુતિમાં ભૌતિક અનિત્ય સુખનો સંબંધ જ અભિપ્રેત છે.

બીજું, 'सर्वेषामेव भूतानां नृप ! स्वात्मैव वल्लभः' આ શ્લોકમાં પણ સ્વાત્માનું જ ઉપાદાન છે. અહીં વલ્લભ પદનો અર્થ નિરૂપાધિપ્રિયત્વ કર્યો છે. 'હું સુખી થઉં' એ પ્રકારની અન્ય વ્યક્તિની ઇચ્છાને અધીન ન હોય તેવી સુખની ઇચ્છાનો વિષય નિરૂપાધિપ્રિય કહેવાય. પ્રસ્તુત શ્લોકમાં આવા નિરૂપાધિપ્રિય તરીકે આત્માનું જ ગ્રહણ કરવામાં આવ્યું છે. આ રીતે ઉપરોક્ત સ્થળોમાં આત્મપદથી સ્વાત્મા જ વિવક્ષિત છે તેથી आत्मा वारे श्रोतव्य ઇત્યાદિ શ્રુતિમાં પણ आत्मपदથી સ્વાત્માનું જ ગ્રહણ કરી શકાય. મોક્ષનું કારણ સ્વાત્માનો સાક્ષાત્કાર છે, પરમાત્માનો સાક્ષાત્કાર નહીં.

**પ્રશ્ન :—**વિભિન્ન શ્રુતિઓમાં ક્યાંક આત્મપદથી સ્વાત્મા તો ક્યાંક પરમાત્મા જણાય છે. બંનેનો સમાવેશ કરી બંને સાક્ષાત્કારને મોક્ષ કારણ માનવા જોઈએ. ઉપર કહ્યું તે મુજબ आत्मा वा ઇત્યાદિ શ્રુતિઓનું તાત્પર્ય સ્વાત્મસાક્ષાત્કારને મોક્ષનું કારણ માનવામાં છે એ વાત કબૂલ. પરંતુ એનાથી ઈશ્વરસાક્ષાત્કારની વ્યર્થતા સાબિત થતી નથી. આત્મ સાક્ષાત્કારથી મિથ્યાજ્ઞાન વાસના, ધર્મ, અધર્મનો

**इत्यादिश्रुत्या स्वात्मनः श्रवणादेरेव मोक्षहेतुता प्रत्याय्यते, न तु परमात्मनः । *न च* मिथ्याज्ञानवासनाधर्माधर्मोच्छेदद्वारा आत्यन्तिकदुःखनिवृत्तावुपयोगित्वं स्वात्मतत्त्वज्ञानस्य तादृशश्रुतितात्पर्यविषयोऽस्तु तावतापीश्वरसाक्षात्कारस्य 'तमेव विदित्वा' इत्यादिश्रुतिसिद्धमपरहेतुत्वं निराबाधमेवेति *वाच्यम्* । धर्माधर्मोच्छेदेनैवात्यन्तिकदुःखादिविगमरूपमुक्तिनिर्वाहे तत्र परमात्मसाक्षात्कारस्य हेतुतायां युक्तिविरहे 'तमेव विदित्वा' इत्यादिश्रुतेर्जीवब्रह्माभेदचिन्तारूपयोगाभ्यासस्य स्वात्मसाक्षात्कारसम्पादनद्वारा मुक्त्युपयोगितायामेव योगाभ्यासविध्येकवाक्यतानुरोधेन तात्पर्य-**

---

**પ્રશ્ન :—**મિથ્યાજ્ઞાનવાસના-ધર્મ-અધર્મ વગેરેના ઉચ્છેદ દ્વારા આત્યંતિક દુઃખનિવૃત્તિમાં પોતાના આત્મતત્ત્વનું જ્ઞાન ઉપયોગી છે, આ જ તેવા પ્રકારની શ્રુતિઓનું તાત્પર્ય છે. છતાં ઈશ્વર સાક્ષાત્કાર તમેવ વિદિત્વા ઈત્યાદિ શ્રુતિ દ્વારા મોક્ષનું બીજું કારણ છે તેમાં કોઈ બાધ નથી.

**જવાબ :—**ધર્મ-અધર્મનો ઉચ્છેદ થવાથી જ આત્યંતિક દુઃખનિવૃત્તિ રૂપ મુક્તિનો નિર્વાહ થઈ જાય છે તેથી મુક્તિમાં પરમાત્મસાક્ષાત્કારને હેતુ માનવામાં યુક્તિ નથી. તમેવ વિદિત્વા આ શ્રુતિ યોગાભ્યાસનું વિધાન કરતા વાક્ય સાથે એકવાક્યતા ધરાવે છે તે કારણે જીવબ્રહ્મના અભેદ ચિંતન રૂપ યોગાભ્યાસ સ્વાત્મતત્ત્વસાક્ષાત્કારનું સંપાદન કરવા દ્વારા મુક્તિમાં ઉપયોગી છે, આ

---

ઉચ્છેદ થાય છે. તેનાથી આત્યંતિક દુઃખનિવૃત્તિ થાય છે તેથી તે મોક્ષમાં ઉપયોગી છે. તમેવ વિદિત્વા ઈત્યાદિ શ્રુતિ ઈશ્વરસાક્ષાત્કારને કારણ જણાવે છે. તો તેને પણ મોક્ષના અન્ય હેતુ તરીકે સ્વીકાર કરી લેવો જોઈએ.

**જવાબ :—**ધર્મ અને અધર્મના ઉચ્છેદ વિના મુક્તિ થતી નથી. આત્મસાક્ષાત્કાર વિના ધર્મ, અધર્મનો ઉચ્છેદ થતો નથી. માટે આત્મસાક્ષાત્કાર મુક્તિનું કારણ સાબિત થાય છે. તેની કારણતા પ્રસ્થાપિત થઈ ગયા પછી ઈશ્વરના સાક્ષાત્કારને પણ કારણ માનવા માટે કોઈ યુક્તિ દેખાતી નથી.

**પ્રશ્ન :—**તમેવ વિદિત્વા આ શ્રુતિના તાત્પર્યની અનુપપત્તિ જ ઈશ્વર સાક્ષાત્કારની કારણતા સાબિત કરવા સક્ષમ છે.

**જવાબ :—**તમેવ વિદિત્વા ઈત્યાદિ શ્રુતિનું તાત્પર્ય આ છે—આત્મા વારે આ શ્રુતિને આધારે શ્લોક રચાયો છે.

'आगमेनानुमानेन ध्यानाभ्यासरसेन च ।' અહીં નિદિધ્યાસનનો અર્થ યોગાભ્યાસ કર્યો છે. યોગાભ્યાસથી આત્માનું જ્ઞાન થાય છે. આત્મા વારે શ્રુતિમાં આત્મસાક્ષાત્કારના કારણો જણાવ્યા છે અને તમેવ શ્રુતિમાં આત્માના સાક્ષાત્કારને મોક્ષનું કારણ જણાવ્યો છે. આ બંને વચ્ચે એકવાક્યતા છે. તેથી તમેવ વિદિત્વા અહીં 'જીવબ્રહ્મના અભેદની ચિંતા રૂપ યોગાભ્યાસ સ્વાત્માનો સાક્ષાત્કાર કરાવનાર મોક્ષનું કારણ છે' આ અર્થમાં જ તાત્પર્ય કલ્પવું ઉચિત છે.

આ રીતે તમેવ વિદિત્વાનું તાત્પર્ય કલ્પવાથી एवकारनो વ્યત્યાસ કરો તો પણ બાધ આવતો નથી કારણ કે આ અર્થમાં ભેદજ્ઞાનાદિનો વ્યવચ્છેદ થતો નથી. एवकारनो વ્યત્યાસ કરવાથી नान्यः ઈત્યાદિ

**कल्पनौचित्यात् । एवञ्च एवकारव्यत्यासोऽपि न क्षतिमावहति । 'नान्यः पन्था विद्यते' इत्यादिभागस्य च एवकारस्य तात्पर्यप्रकाशकत्वेन सार्थक्यसम्भवात्, 'महेश्वरस्त्र्यम्बक एव नापर' इत्यादौ नापरभागस्येवेत्याहुः ।**

**( ४० ) तन्मते 'योगिनस्तं प्रपश्यन्ति भगवन्तमधोऽक्षजम्' इत्यादीनां योगाभ्यासस्य परमब्रह्मसाक्षात्कारफलकत्वरूपयथाश्रुतार्थे विरोधो दुष्परिहरः ।**

---

તાત્પર્યમાં જ तमेव એ શ્રુતિનું તાત્પર્ય માનવામાં ઔચિત્ય છે. આ રીતે અર્થ કરવાથી एवकारनो વ્યત્યાસ પણ કોઈ ખામી જણાવતો નથી. नान्यः पन्था ઇત્યાદિ ભાગ एवकारना તાત્પર્યનો પ્રકાશક બનીને સાર્થક બની શકે છે. જેમ 'महेश्वरस्त्रयम्बक एव नापरः' અહીં नापर ભાગ (તાત્પર્ય પ્રકાશક) છે તેમ.'

(૪૦) **શબ્દાર્થ :–**તેના મતે योगिनस्तं प्रपश्यन्ति भगवन्तमधोऽक्षजं વગેરે વાક્યોમાં 'યોગાભ્યાસ પરમબ્રહ્મ સાક્ષાત્કારરૂપ ફલ આપનાર છે' આ યથાશ્રુત અર્થનો વિરોધ દૂર કરી શકાશે નહીં.

---

શ્લોકના ઉત્તરાર્ધની વ્યર્થતાનો પ્રશ્ન છે. પણ તેને તાત્પર્યપ્રકાશક માની લેવાથી સંગતિ થઈ શકે છે. જેમકે—महेश्वरस्त्रयम्बक एव नापरः । અહીં एवकारथी મહેશ્વરથી ઈતરમાં ત્ર્યમ્બકત્વનો અભાવ પ્રાપ્ત થઈ જાય છે તેથી नापरः આ ભાગ જરૂરી નથી છતાં તેનું સાર્થક્ય તાત્પર્યપ્રકાશક ગણીને દર્શાવવામાં આવે છે તેમ અહીં પણ સમજી લેવું.

(૪૦) **વિવરણ :–**દીધિતિકાર વગેરે જીવાત્મસાક્ષાત્કારને મોક્ષનું કારણ માનનારા નૈયાયિકોના મતે 'योगिनस्तं प्रपश्यन्ति भगवन्तमधोऽक्षजम्' યોગીઓ તે ઇંદ્રિયાતીત ભગવંતને જુએ છે આ શ્લોકના યથાશ્રુત અર્થનો વિરોધ આવશે. અહીં तत् પદથી જીવાત્માનું ગ્રહણ કરવું કે પરમાત્માનું ? એ પ્રશ્ન છે. યથાશ્રુત અર્થ દ્વારા જીવાત્માનું ગ્રહણ થઈ શકે તેમ નથી. દીધિતિકારે યોગાભ્યાસને જીવાત્મસાક્ષાત્કારનું કારણ દર્શાવ્યો છે. તેમાં વિરોધ આવશે. કારણ કે યોગાભ્યાસ એટલે કે યોગ, યોગજધર્મરૂપ અલૌકિકપ્રત્યાસત્તિ દ્વારા આત્મસાક્ષાત્કારનું કારણ બને છે. યોગજ પ્રત્યાસત્તિ સમગ્ર વિશ્વના સાક્ષાત્કારનું કારણ છે. તેથી યોગાભ્યાસ કે યોગ ઈશ્વરવિષયક પણ છે જ. योगिनस्तं प्रपश्यन्ति આ શ્લોક પણ આ જ વાતનું સમર્થન કરે છે. આમ યોગ સાક્ષાત્ પરમાત્મ સાક્ષાત્કારનું કારણ છે એ વાત અર્થથી સાબિત થઈ જાય છે. તેથી એકલો જીવાત્મસાક્ષાત્કાર મોક્ષનું કારણ છે આ વાતમાં આવતો વિરોધ ટાળી શકાય તેવો નથી.

આમ, મોક્ષનું કારણ જીવાત્મસાક્ષાત્કાર છે કે પરમાત્મસાક્ષાત્કાર ? આ પ્રશ્ને ગદાધરે વિસ્તૃત ચર્ચા કરી છે. પણ પોતાનો સ્વતંત્ર મત દર્શાવ્યો નથી. બંને પક્ષની સાધક- બાધક દલીલો રજૂ કરી ચર્ચાનું સમાપન કર્યું છે. હવે પછી ગદાધર 'તત્ત્વજ્ઞાન મોક્ષનું કારણ છે' આ વિધાન સામે 'કર્મ પણ મોક્ષકારણ છે' આ અભિપ્રાયની શંકા ઉપસ્થિત કરે છે.

**( ૪૧ ) *अथ* काश्यादिमरणपुरुषोत्तमादिमुखदर्शनादिरूपकर्मणामपि बहुशो मोक्षोपायताश्रुतेः कथं 'नान्यः पन्था' इत्यादेः सामञ्जस्यम् ? कथं वा अननुगतानां ज्ञानकर्मविशेषाणामनुगतं मोक्षम्प्रति हेतुतानिर्वाहः ? । तृणारणिमणीनां वह्निहेतुता च कार्यवैजात्येनेति व्यभिचारविरहात्, मोक्षे चाभावरूपे न जातिविशेषकल्पन-सम्भवः । *न च* प्रतियोगिनि दुःखे दुरिते वा जातिविशेषान् कल्पयित्वा तदवच्छिन्न-**

---

**(૪૧) શબ્દાર્થ :—પૂર્વપક્ષ :—**કાશી વગેરે તીર્થમાં મરણ, પુરુષોત્તમ (ભગવાન)ના મુખનું દર્શન વગેરે કર્મો પણ મોક્ષના ઉપાય છે એવું દર્શાવતી ઘણી શ્રુતિઓ છે. તેથી 'नान्यः पन्था विद्यतेऽयनाय' આ શ્લોકની સંગતિ કેવી રીતે થશે ? અથવા જ્ઞાનવિશેષ અને કર્મવિશેષ અનનુગત છે તેથી અનુગત એવા મોક્ષ પ્રત્યે તેમની હેતુતાનો નિર્વાહ કેવી રીતે થાય છે ? તૃણારણિમણિ સ્થળે વહ્નિનિરૂપિતહેતુતા વહ્નિરૂપ કાર્યના વૈજાત્યને કારણે છે માટે વ્યભિચાર નથી. મોક્ષ અભાવરૂપ છે માટે તેમાં જાતિવિશેષની કલ્પના થવી સંભવ નથી. (મોક્ષરૂપ અભાવના) પ્રતિયોગી એવા દુઃખ કે દુરિતમાં જાતિવિશેષની કલ્પના કરીને પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન પ્રતિયોગિનો કાર્યતાવચ્છેદકરૂપે સ્વીકાર કરી અથવા સ્વાશ્રયપ્રતિયોગિકત્વ સંબંધથી દુઃખત્વનો કે દુરિતત્વનો કાર્યતાવચ્છેદક તરીકે સ્વીકાર કરીને વ્યભિચારનું વારણ કરવું શક્ય નથી. કારણ કે ગોવધજન્યતાવચ્છેદક જાતિઓ દ્વારા સંકર દોષનો પ્રસંગ આવે છે. તેથી જાતિની કલ્પનાને અવકાશ નથી.

---

**(૪૧) વિવરણ :—**કોઈ એક વિવક્ષિત કાર્ય પ્રત્યે એકથી વધુ કારણોમાં કારણતા જણાતી હોય તો તેના ત્રણ વિકલ્પ થઈ શકે છે—(૧) દરેક કારણોમાં કાર્યના વૈજાત્યને કારણે સ્વતંત્ર અને અલગ અલગ પ્રકારની કારણતા. જેમ વહ્નિ રૂપ કાર્ય પ્રત્યે તૃણ-અરણિ-મણિ વગેરેની કારણતા. આ પ્રકારની કારણતામાં વ્યભિચાર દૂર કરવા કાર્યમાં કારણ આધારિત વૈજાત્ય માનવામાં આવે છે. (૨) એકથી વધુ કારણો સમૂહમાં મળીને કાર્ય ઉત્પન્ન કરે છે. અહીં કારણોમાં સ્વતંત્ર કારણતા નથી પણ તેમના સમુચ્ચયમાં કારણતા છે. પરસ્પર સાપેક્ષ અને નિયતપૂર્વવર્તિ કારણો સામૂહિક રીતે કાર્ય ઉત્પન્ન કરે છે. જેમ કે—ગૃહનિર્માણમાં અનેક મજૂરોની સમુચ્ચિત કારણતા છે. આ કારણો કાર્યની પૂર્વે નિયમતઃ એકસાથે ઉપસ્થિત હોય છે. (૩) જે કારણોની કાર્યનિયતપૂર્વવર્તિતા નિશ્ચિત હોય પણ પરસ્પર સાપેક્ષ ન હોય તેમનામાં વૈકલ્પિકી કારણતા હોય છે. વૈકલ્પિક કારણોમાં પ્રત્યેકની સ્વતંત્ર શક્તિ હોય છે જેમ યાગ પ્રત્યે વ્રીહિ અને યવની વૈકલ્પિક કારણતા છે. આમ, કોઈ કાર્યનું અસાધારણ કારણ એક હોય છે. કોઈ કાર્યના અસાધારણ કારણ એકથી વધુ હોય છે. એકાધિક અસાધારણ કારણોમાં કારણતાના ત્રણ વિકલ્પ છે. સ્વતંત્ર કારણતા, સમુચ્ચિત કારણતા અને વૈકલ્પિક કારણતા. મુક્તિરૂપ કાર્ય પ્રત્યે અસાધારણ કારણ એક છે કે અનેક ? જો અનેક હોય તો તેમની કારણતા ત્રણ વિકલ્પમાંથી કેવા પ્રકારની છે ? આ આશયથી શંકા પ્રસ્તુત થઈ છે. અત્યાર સુધીના ગ્રંથ દ્વારા ગદાધરે તત્ત્વજ્ઞાનની કારણતા પ્રસ્તુત કરી તેની સામે આક્ષેપ ઊભો કરવા જ્ઞાન અને કર્મ બન્ને મુક્તિના કારણ છે એ સ્થાપિત કરી તેમની કારણતાના વિકલ્પો અંગે શંકા રજૂ કરી છે. तमेव विदित्वातिमृत्युमेति नान्यःपन्था विद्यतेऽयनाय આ શ્રુતિમાં તત્ત્વજ્ઞાન સિવાયના પદાર્થોની મુક્તિકારણતાનું નિરાકરણ કરવામાં આવ્યું છે. બીજી શ્રુતિઓમાં જ્ઞાન સિવાય કર્મને પણ મુક્તિનું કારણ દર્શાવ્યું છે. દા.ત. सत्येन लभ्यस्तपसा ह्येष आत्मा सम्यग्ज्ञानेन ब्रह्मचर्येण च । આત્મા સત્યથી, તપથી,

**प्रतियोगिनां स्वाश्रयप्रतियोगिकत्वसम्बन्धेन तेषामेव वा जन्यतावच्छेदकत्वमुपगम्य व्यभिचारः शक्यते *वारयितुम्,* गोवधादिजन्यतावच्छेदकजातिभिः सङ्करप्रसङ्गेन जातिकल्पनानवकाशात् । *न च* गोवधादिजन्यतावच्छेदकजातीनां नानात्वोपगमान्न-सङ्करप्रसङ्ग इति *वाच्यम्* । तासां नानात्वं तत्त्वज्ञानादिनाश्यतावच्छेदकजातीनां वा नानात्वमित्यत्र विनिगमकस्य दुर्लभत्वात् । एवं वेदबोधितवैकल्पिकहेतुतास्थले समुच्चितेभ्यो न फलसिद्धिः सम्वलितव्रीहियवाभ्यामेकयागाननुष्ठानादिति तृणारणि-मणिवत् ज्ञानकर्मणां हेतुत्वे तत्सम्वलने मोक्षाभावप्रसङ्गात् । नापि ज्ञानकर्मणां समुच्चितानां मोक्षहेतुतास्वीकारात् सामञ्जस्यम् तत्त्वज्ञानोपाययोगाभ्यासेऽसाध्यता-**

---

**પ્રશ્ન :—**ગોવધ વગેરે જન્યતાની અવચ્છેદિકા જાતિઓને અનેક માનવાથી જાતિ સંકરનો પ્રસંગ નહીં આવે.

**જવાબ :—**ગોવધ વગેરેની જન્યતાવચ્છેદક જાતિ અનેક છે કે તત્ત્વજ્ઞાનાદિની નાશ્યતા-વચ્છેદક જાતિ અનેક છે તેમાં વિનિગમક દુર્લભ છે.

એ જ પ્રમાણે વેદ દ્વારા જણાતી વૈકલ્પિક હેતુતા સ્થળે સમુચ્ચિત કારણો દ્વારા ફળસિદ્ધિ થાય છે, તેવું સ્વીકારી શકાય તેમ નથી. કારણ કે વ્રીહિ અને યવને સંવલિત કરીને એક યાગનું અનુષ્ઠાન થતું નથી. જ્ઞાન અને કર્મને તૃણારણિમણિની જેમ કારણ માનવામાં તેમના સંવલનમાં મોક્ષના અભાવનો પ્રસંગ થશે. જ્ઞાન અને કર્મનો સમુચ્ચય મોક્ષનું કારણ માનવાથી પણ સંગતિ થતી નથી. કારણ કે તત્ત્વજ્ઞાનના ઉપાય યોગાભ્યાસમાં અસાધ્યતા બુદ્ધિ થતા મોક્ષના કારણ તે તે

---

સમ્યગ્જ્ઞાન અને બ્રહ્મચર્યથી પ્રાપ્ત થાય છે.

**उभाभ्यामेव पक्षाभ्यां यथा स्यात् पक्षिणो गतिः ।**
**तथैव ज्ञानकर्मभ्यां प्राप्यते ब्रह्म शाश्वतम् ॥**

'જેમ પક્ષીની ગતિ બે પાંખ હોય તો જ થાય છે. તેમ જ્ઞાન અને કર્મ વડે શાશ્વત બ્રહ્મ પ્રાપ્ત થાય છે.' આમ, જ્ઞાન ઉપરાંત કર્મ પણ મુક્તિનું કારણ છે. તે જ રીતે કાશી વગેરે તીર્થોમાં મરણ, પુરુષોત્તમ વગેરેનું મુખદર્શન પણ મોક્ષના કરણ છે. તેથી नान्यः पन्था દ્વારા જ્ઞાન સિવાયના કારણોનો નિષેધ થયો છે તે કેવી રીતે સંગત થશે ? આ શંકાકાર દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ પ્રથમ આક્ષેપ છે.

બીજો આક્ષેપ એ છે કે—જ્ઞાનત્વેન જ્ઞાન કે કર્મત્વેન કર્મ મોક્ષનું કારણ નથી. જ્ઞાનવિશેષ કે કર્મવિશેષ મોક્ષનું કારણ છે. જ્ઞાન અને કર્મ કારણ તરીકે સર્વત્ર સમાન નથી પણ અનનુગત છે. તે અનુગત એવા મોક્ષનું કારણ કેવી રીતે માની શકાય ? અનનુગત કારણની કારણતામાં વ્યભિચાર દર્શાવી શકાય છે.

**પ્રશ્ન :—**તૃણ-અરણિ-મણિ વગેરેની વહ્નિ પ્રત્યેની કારણતા અનનુગત છે છતાં તેમાં તૃણારણિમણિન્યાયેન એટલે કે સ્વતંત્ર કારણતા માનવામાં આવે છે તેમ મોક્ષ પ્રત્યે જ્ઞાન વિશેષ અને કર્મવિશેષની હેતુતાનો નિર્વાહ થઈ જશે.

**જવાબ :—**તૃણારણિમણિની હેતુતાનો નિર્વાહ કરવા એટલે કે પરસ્પરના અભાવથી જન્ય વહ્નિરૂપ

**बुद्धौ मोक्षहेतुतत्तत्कर्मसु प्रवृत्यनुपपत्तेः, मथुराकाशीमरणादीनां सम्वलनासम्भवात् । साहित्यविनिर्मोकेण श्रुत्याऽनेकेषां कारणता यत्र प्रत्याय्यते तत्र विकल्प एव व्रीहियवादिवदित्युपायकारोक्तसिद्धान्तभङ्गश्चैवमापद्येत, तदनादरे व्रीहियवस्थलेऽपि समुच्चयप्रसङ्गात्, वाजेपयाग्निष्टोमादीनामपि मिथः सहकारिताप्रसङ्गाच्चेति ।**

---

કર્મમાં પ્રવૃત્તિ થશે નહીં. વળી, મથુરામરણ અને કાશીમરણ રૂપ કર્મમાં સંવલન શક્ય નથી. 'શ્રુતિ જ્યાં સાહિત્ય(સહિતતા)નો ત્યાગ કરી અનેકની કારણતા જણાવે છે ત્યાં વિકલ્પ જ હોય છે, જેમ વ્રીહિયવમાં છે.' આ ઉપાયકારે દર્શાવેલા સિદ્ધાંતનો સમુચ્ચયપક્ષમાં ભંગ થાય છે. તે સિદ્ધાંતનો અનાદર કરવામાં વ્રીહિયવસ્થળે પણ સમુચ્ચય માનવાનો પ્રસંગ આવશે. અને વાજપેય અને અગ્નિષ્ટોમ યાગને પણ પરસ્પર સહકારી માનવાનો પ્રસંગ આવશે.

---

કાર્યમાં આવતો વ્યભિચાર નિવારવા, પ્રત્યેકથી જન્ય વહ્નિમાં વૈજાત્યની કલ્પના કરવામાં આવે છે. તૃણથી જન્ય વહ્નિ, અરણિજન્ય વહ્નિથી વિજાતીય છે તેથી કારણતાનો વ્યભિચાર નથી. પ્રસ્તુત સ્થળે તેવું માની શકાય તેમ નથી. જ્ઞાનવિશેષ જન્ય મુક્તિમાં કર્મવિશેષ જન્ય મુક્તિનું વૈજાત્ય દર્શાવવું શક્ય નથી. માટે અહીં જ્ઞાન-કર્મ વિશેષની તૃણારણિમણિન્યાયેન કારણતા નથી. વૈજાત્યની કલ્પના કરવા જાતિ માનવી આવશ્યક છે. તૃણજન્ય વહ્નિમાં વહ્નિત્વની વ્યાપ્ય જાતિ છે, જે કાર્યતાવચ્છેદક બને છે. મુક્તિમાં આવી જાતિની કલ્પના કરવી અસંભવિત છે. કારણ કે મોક્ષ અભાવ છે. અભાવમાં કોઈ જાતિ રહેતી નથી. અભાવમાં કોઈ પણ જાતિ માનવામાં બાધક સંબંધનો અભાવ છે. અભાવમાં સમવાય સંબંધ નથી. જાતિ-જાતિમાન વગેરે વચ્ચે સમવાયસંબંધ હોય છે. આ સંબંધના અભાવે અભાવમાં જાતિ નથી. આમ જ્ઞાનવિશેષ અને કર્મવિશેષની કારણતા વ્યભિચરિત છે.

**પ્રશ્ન :–**અભાવમાં કોઈ જાતિ રહેતી નથી માટે તેમાં જાતિવિશેષની કલ્પના થઈ શકતી નથી એ કબૂલ, પણ અભાવના પ્રતિયોગીમાં જાતિની કલ્પના થઈ શકે છે. દુઃખાભાવ કે દુરિતાભાવ મોક્ષ છે. તેના પ્રતિયોગી દુઃખ અને દુરિતમાં જાતિવિશેષની કલ્પના કરી તેનાથી અવચ્છિન્ન પ્રતિયોગીને કાર્યતાવચ્છેદક માની વ્યભિચારનું વારણ થઈ શકશે. આ રીતે પ્રતિયોગીની, પ્રતિયોગિતાવચ્છેદકની કે પ્રતિયોગિતાસંબંધની કલ્પના કરવામાં ગૌરવ લાગતું હોય તો બીજી રીતે પણ વ્યભિચાર દૂર કરી શકાય છે. દુઃખત્વ વિશેષ કે દુરિતત્વ વિશેષના આશ્રય દુઃખ કે દુરિત છે તેમનો અભાવ સાથે પ્રતિયોગિતા સંબંધ છે. આમ સ્વાશ્રયપ્રતિયોગિકત્વસંબંધથી દુઃખત્વ કે દુરિતત્વ અભાવમાં રહે છે માટે જન્યતાવચ્છેદક બની શકે છે. આમ દુઃખ કે દુરિતમાં રહેતી જાતિના વિશેષ માની વ્યભિચાર દૂર થઈ શકે છે.

**જવાબ :–**દુઃખાભાવ કે દુરિતાભાવ રૂપ મોક્ષના પ્રતિયોગી દુઃખ અને દુરિતમાં જાતિવિશેષની કલ્પના કરી વ્યભિચારનું વારણ કરવું શક્ય નથી કારણ કે તેવી જાતિની કલ્પના જ અશક્ય છે. દુઃખત્વ અને દુરિતત્વને જાતિ માનવામાં સાંકર્ય બાધક છે.

અહીં દુરિતવિશેષમાં જાતિ માનવામાં સાંકર્ય બાધક દર્શાવવું છે. દુરિતત્વનું સાંકર્ય બે જાતિ સાથે દર્શાવ્યું છે. એક તત્ત્વજ્ઞાનથી નાશ પામતા દુરિતમાં રહેતા દુરિતત્વ સાથે અને બે વિભિન્ન કર્મોમાં રહેતા દુરિતમાં રહેતા દુરિતત્વ સાથે. ક્રમશઃ સમજીએ. તત્ત્વજ્ઞાનથી દુરિતનો નાશ થાય છે માટે દુરિતત્વ તત્ત્વજ્ઞાનનાશ્યતાવચ્છેદક અભીષ્ટ છે. કાશીમરણથી જે દુરિતનો નાશ થાય છે તેમાં તત્ત્વજ્ઞાન-

નાશ્યતાવચ્છેદક ધર્મ નથી. ઉદાહરણરૂપે-કાશીમરણથી ગોવધજન્ય નાશ પામેલું દુરિત ગોવધજન્ય છે. તેમાં તત્ત્વજ્ઞાનનાશ્યતાવચ્છેદકત્વ નથી. તત્ત્વજ્ઞાનથી નાશ પામતા દુરિતમાં કાશીમરણથી નાશ પામતા દુરિતમાં રહેતો ગોવધજન્યતાવચ્છેદક ધર્મ નથી. આમ આ બન્ને ધર્મો પરસ્પર વિરોધી છે. જે ગોવધજન્યદુરિત તત્ત્વજ્ઞાનથી નાશ પામે છે. તેમાં ગોવધજન્યત્વ પણ છે અને તત્ત્વજ્ઞાનનાશ્યત્વ પણ છે. માટે સંકર છે.

કાશીમરણથી ગોવધજન્ય દુરિત નાશ પામે છે. તે દુરિતમાં બ્રહ્મવધજન્યત્વ નથી. અને બ્રહ્મવધજન્ય દુરિતમાં ગોવધજન્યત્વ નથી. તત્ત્વજ્ઞાનથી બંને દુરિત નાશ પામે છે માટે તત્ત્વજ્ઞાન-નાશ્યદુરિતમાં ગોવધજન્યત્વ અને બ્રહ્મવધજન્યત્વ છે. આમ સાંકર્ય દોષ છે.

આ રીતે દુઃખત્વ કે દુરિતત્વ સાંકર્યદોષગ્રસ્ત હોવાથી તેમની વિશેષ જાતિની કલ્પના કરીને કારણોમાં પરસ્પરના અભાવને કારણે આવતા વ્યભિચારનું વારણ શક્ય નથી.

**(૧) શંકા :—**સાંકર્ય દોષ ઘટક બે જાતિઓમાંથી કોઈ એક જાતિને અનેક માની લઈએ તો સાંકર્ય દોષ ટળી જાય. ગોવધાદિથી જન્ય દુઃખ કે દુરિતમાં કોઈ એક અનુગત જાતિને માનવામાં સાંકર્ય દોષ બાધક છે. એટલે ગોવધજન્ય દુઃખની જન્યતાવચ્છેદક જાતિ અલગ છે, બ્રહ્મવધજન્ય દુઃખની જન્યતાવચ્છેદક જાતિ અલગ છે, અનેક જાતિ માનવામાં સાંકર્યને અવકાશ નથી કેમકે સાંકર્ય કોઈ એકને જાતિ માનવામાં બાધક છે. તત્ત્વજ્ઞાનથી નાશ્ય દુરિતત્વ જાતિ, ગોવધજન્ય દુરિતત્વ જાતિ, બ્રહ્મવધજન્ય દુરિતત્વ જાતિ કે કાશીમરણનાશ્ય દુરિતત્વ જાતિને એક માનીએ તો સાંકર્ય દોષ આવે. આ બધી જ જાતિઓને દુરિતત્વની વ્યાપ્ય જાતિ માની લઈએ તો સાંકર્ય દોષ રહેશે નહીં.

**(૨) જવાબ :—**આ રીતે સાંકર્યની ઘટક કોઈ એક જાતિને નાના માનવાથી સાંકર્ય દોષ ટળી જશે પરંતુ પ્રશ્ન એ છે કે સાંકર્ય ઘટક બે જાતિમાંથી કઈ એક જાતિને નાના માનવી ? પ્રસ્તુત સ્થળે સાંકર્ય ઘટક એક જાતિ ગોવધજન્યત્વચ્છેદક દુઃખ જાતિ અને બીજુ છે તત્ત્વજ્ઞાનાદિ નાશ્યતાવચ્છેદક દુઃખત્વ જાતિ આ બે માંથી કઈ જાતિને નાના માનવી એમાં કોઈ વિનિગમક નથી. બધી જ જાતિઓને વ્યાપ્ય બનાવવામાં તો મોટું ગૌરવ છે. આ રીતે તૃણારણિ-મણિન્યાયે જ્ઞાન-કર્મની મુક્તિ પ્રત્યે સ્વતંત્ર કારણતા સંભવતી નથી.

**પ્રશ્ન :—**તૃણારણિ સ્થળે તત્તદવ્યવહિતોત્તરત્વનો કાર્યતાવચ્છેદક કોટિમાં નિવેશ કરીને વ્યભિચારનું વારણ કરવામાં આવે છે તેમ આ સ્થળે કરવામાં શું બાધ છે ?

**જવાબ :—**ગૌરવ દોષ છે. અથવા આ અસ્વરસથી પૂર્વપક્ષકારે एवं ઇત્યાદિ દ્વારા અન્ય યુક્તિ પ્રસ્તુત કરી છે.

તૃણારણિમણિસ્થળે વ્યભિચારનું વારણ કરવા તત્તદવ્યવહિતોતરત્વનો નિવેશ થાય છે. જ્યાં તૃણથી પેદા થયેલો વહ્નિ હોય ત્યાં અરણિમંથન દ્વારા પણ વહ્નિ જન્મે છે. એટલે કે તૃણાદિ વહ્નિવિશેષનાં કારણ છે પણ વહ્નિસામાન્યના પ્રતિબંધક નથી. તૃણ-અરણિ-મણિ એક સાથે એકત્રિત થાય તો પણ વહ્નિરૂપ કાર્ય જન્મે છે. પ્રસ્તુતમાં જ્ઞાન અને કર્મ તૃણારણિમણિની જેમ સ્વતંત્ર કારણ માનીએ તો વ્યભિચાર ન રહે પણ મોક્ષાભાવની આપત્તિ આવે. તૃણારણિમણિની કારણતા લૌકિક છે. જ્ઞાન અને કર્મની કારણતા વેદબોધિત છે એટલે વૈદિક છે. લૌકિક કારણોમાં વિકલ્પ હોય તો તેમના સંવલન=એકત્ર

મિલનથી કાર્યબાધ થતો નથી. વૈદિક કારણોમાં વિકલ્પ હોય તો તેમનું સંવલન થતું નથી. જેમ કે વ્રીહિ અને યવ યાગના વૈકલ્પિક કારણો છે. તેમની કારણતા વેદબોધિત છે અને વૈકલ્પિક છે. તેથી બંને સાથે મળીને એક યાગનું અનુષ્ઠાન થઈ શકે નહીં. વ્રીહિજન્ય અપૂર્વ અને યવજન્યઅપૂર્વ ભિન્ન છે. બંને અપૂર્વો પરસ્પરનો પ્રતિબંધ કરશે. તેથી ફળ સિદ્ધ થશે નહીં. પ્રસ્તુત સ્થળે જ્ઞાન અને કર્મની કારણતા વેદબોધિત છે તે પણ વૈકલ્પિક છે. તેથી તેમના સંવલનને ફળ પ્રત્યે પ્રતિબંધક મનાય છે. આમ જ્ઞાનકર્મનું તૃણારણિમણિની જેમ સંવલન શક્ય નથી. સંવલન થાય તો મોક્ષ(=કાર્ય) થાય નહીં.

**પ્રશ્ન :–**વેદ નિરૂપિત કારણતા વૈકલ્પિકી જ હોય તે જરૂરી નથી. વ્રીહિયવસ્થળે કારણતા ભલે વૈકલ્પિકી હોય પરંતુ જ્ઞાનકર્મની કારણતા વૈકલ્પિકી માનવાની જરૂર નથી. જ્ઞાન અને કર્મ બંનેનો સમુચ્ચય મોક્ષનું કારણ છે. આવું સ્વીકારવાથી ઉપરોક્ત આપત્તિ રહેશે નહીં.

**જવાબ :–**જ્ઞાન કર્મના સમુચ્ચયને મોક્ષનું કારણ માનવામાં ત્રણ આપત્તિઓ છે. (૧) જે વ્યક્તિને તત્ત્વજ્ઞાનનું કારણ બનતો યોગાભ્યાસ અસાધ્ય લાગશે તે વ્યક્તિ એકલા કર્મથી મુક્તિ નથી માટે કર્મમાં પણ પ્રવૃત્ત નહીં થાય.

(૨) દરેક કર્મોનો સમુચ્ચય શક્ય નથી. કાશીમરણ અને મથુરામરણનું સંવલન અશક્ય છે.

**પ્રશ્ન :–**જે કર્મોનું સંવલન શક્ય નથી તેનું સહભાવી જ્ઞાન મોક્ષનું કારણ બની જાય છે ત્યાં સંવલનને કારણ માનવું નહીં. આમ કરવાથી તૃણારણિમણિસ્થળની જેમ વ્યભિચાર જણાય તો તેનું વારણ અવ્યવહિતોત્તરત્વના નિવેશથી કરી લેવું.

**જવાબ :–**(૩) સમુચ્ચય પક્ષે ત્રીજી આપત્તિ એ છે કે–''જ્યાં શ્રુતિ એકથી વધુ પદાર્થોને કારણ જણાવતી હોય અને તેમાં સાહિત્યનો ત્યાગ જણાતો હોય ત્યાં વિકલ્પ જ હોય છે. વ્રીહિયવમાં સાહિત્ય નથી તેથી વિકલ્પ છે.'' આવો સિદ્ધાંત ઉપાયકારે તારવ્યો છે તેનો ભંગ થશે. આ સિદ્ધાંત ન માનીએ તો વ્રીહિયવસ્થળે પણ સમુચ્ચય માનવાની આપત્તિ આવશે. માટે સાહિત્યનો ત્યાગ કરી જ્ઞાનકર્મની કારણતામાં વિકલ્પ સિવાય અવકાશ નથી.

**પ્રશ્ન :–**ઉપાયકારનો સિદ્ધાંત વ્રીહિયવ જેવા સ્થળે જ છે. જ્ઞાનકર્મ સ્થળે નથી. જ્ઞાનકર્મ સ્થળ તેનો અપવાદ છે.

**જવાબ :–**આ સિદ્ધાંત સાર્વત્રિક છે. વાજપેય યાગ અને અગ્નિષ્ટોમ યાગ સ્વર્ગનું કારણ છે. આ બંને યાગથી ભિન્ન ભિન્ન અપૂર્વ પેદા થાય છે અને સ્વર્ગરૂપ ફળ સામાન્ય હોવા છતાં અપૂર્વને કારણે ફળમાં ભેદ પડે છે. ઉપાયકારનો સિદ્ધાંત ન માનીએ તો વાજપેય અને અગ્નિષ્ટોમ આ બંને યાગ અરસપરસના કારણ બની શકે. બંનેની કારણતા સમુચ્ચિત બની જશે. તેથી બંનેનું સંવલન સ્વર્ગનું કારણ બનશે. વાજપેય યાગથી અગ્નિષ્ટોમ દ્વારા પ્રાપ્ય સ્વર્ગ મળશે અને અગ્નિષ્ટોમ યાગથી વાજપેય દ્વારા પ્રાપ્ય સ્વર્ગ મળશે. આવું થશે તો બંને દ્વારા પ્રાપ્ત થતું ફળ સમાન હોવાથી તેના અનુષ્ઠાનનું વિધાન વ્યર્થ સાબિત થશે.

**( ४२ ) *मैवम्* । सर्वत्रात्मतत्त्वज्ञानमेव साक्षान्मोक्षे हेतुः काशीमरणादेश्च तत्त्वज्ञानद्वारैव मोक्षोपायता, काशीमरणादीनां मोक्षापायताबोधकश्रुतीनां तत्कारणतया नार्थः, अपि तु प्रयोजकत्वमेव । अत एव ज्ञानेन सह काशीमरणादेर्द्वारद्वारिभावेन समुच्चयेऽपि साहित्यं विना वेदबोधितानेककारणतास्थलेऽसमुच्चय इति सिद्धान्तस्याप्यविरोधः । तत्त्वज्ञाने मानसात्मके काशीमरणजन्य-**

---

(૪૨) **શબ્દાર્થ :—**આ વાત ખોટી છે. દરેક સ્થળે આત્મતત્ત્વજ્ઞાન જ મોક્ષનું સાક્ષાત્ કારણ છે. કાશીમરણ વગેરે તત્ત્વજ્ઞાન દ્વારા જ મોક્ષનું કારણ બને છે. કાશીમરણ વગેરેને મોક્ષનો ઉપાય દર્શાવનારી શ્રુતિઓનો તેના = મોક્ષના કારણ તરીકે અર્થ નથી પણ મોક્ષના પ્રયોજક તરીકે અર્થ છે. આથી જ જ્ઞાનની સાથે કાશીમરણ વગેરે કર્મોનો દ્વારદ્વારિભાવરૂપે સમુચ્ચય કરવા છતાં, 'સાહિત્ય વગર વેદે જેની અનેક કારણતા જણાવી છે તેવા સ્થળે અસમુચ્ચય હોય છે' આ નિયમનો

---

(૪૨) **વિવરણ :—**અથ ઇત્યાદિ દ્વારા રજૂ થયેલા વિસ્તૃત પૂર્વપક્ષનો જવાબ આપે છે. પૂર્વપક્ષમાં મોક્ષનું કારણ કેવળ તત્ત્વજ્ઞાન નથી આ વાત સાબિત કરવાનો પ્રયાસ થયો. ગદાધર જણાવે છે કે દરેક સ્થળે એટલે કે જ્યાં તત્ત્વજ્ઞાનથી મુક્તિ થાય છે ત્યાં અને કાશીમરણ વગેરે કર્મથી મુક્તિ થાય છે ત્યાં પણ તત્ત્વજ્ઞાન જ મુક્તિનું સાક્ષાત્ કારણ છે. કર્મ મુક્તિનું સાક્ષાત્ કારણ નથી.

**પ્રશ્ન :—**કર્મ મુક્તિનું કારણ ન હોય તો કર્મને કારણ જણાવનારી શ્રુતિનું અર્થઘટન કેવી રીતે કરવું ?

**જવાબ :—**કાશીમરણ વગેરે કર્મોને મુક્તિનું કારણ જણાવતી શ્રુતિ કર્મની સાક્ષાત્ કારણતા નથી જણાવતી પરંતુ કર્મને મુક્તિનું પરંપરાએ કારણ જણાવે છે. એટલે તે શ્રુતિમાં કાશીમરણ વગેરે મુક્તિના પ્રયોજક છે એમ સમજવું. પ્રયોજક એટલે કારણનું કારણ. મુક્તિના કારણ તત્ત્વજ્ઞાનનું કારણ કાશીમરણાદિ છે. આમ જ્ઞાન અને કર્મ સ્વતંત્ર કારણો નથી. તે બન્નેનો સમુચ્ચય પણ કારણ નથી. જ્ઞાન અને કર્મ વચ્ચે વ્યાપાર-વ્યાપારિભાવ છે. આમ બંને વચ્ચે સમુચ્ચય છે પણ દ્વારદ્વારિભાવ હોવાથી જ્ઞાન સાક્ષાત્ કારણ છે, કર્મ પરંપરાએ કારણ છે. આવી રીતે સંગતિ કરવાથી આ સિદ્ધાંત પણ સચવાઈ જાય છે કે—જ્યાં પોતાની કારણતાના સાહિત્યનું બોધક પદ ન હોય તેવી વેદબોધિત અનેક કારણતા સ્થળે અસમુચ્ચય હોય છે. શ્રુતિ જે કાર્ય પ્રત્યે એકથી વધુ વસ્તુને કારણ જણાવતી હોય ત્યાં સાહિત્યવાચક પદ ન હોય તો પણ સમુચ્ચય હોય નહી. જ્ઞાન અને કર્મની મુક્તિ પ્રત્યે કારણતા શ્રુતિ બોધિત છે. અહીં સાહિત્યવાચક પદ નથી. તો ઉક્તનિયમાનુસાર અસમુચ્ચય પ્રાપ્ત છે. જ્ઞાન અને કર્મ બંનેને સાક્ષાત્ કારણ માનવાથી પરસ્પર વ્યભિચારની આપત્તિ છે. દ્વારદ્વારિભાવ સ્વીકારવાથી અસમુચ્ચયનો સિદ્ધાંત સચવાઈ જાય છે.

**પ્રશ્ન :—**જ્ઞાન અને કર્મ વચ્ચે દ્વારદ્વારિભાવ માનવા છતાં વ્યભિચારની આપત્તિ તો રહે જ છે. તત્ત્વજ્ઞાનના કારણો ઘણાં છે. યોગાભ્યાસ, કાશીમરણ વગેરે કારણો પરસ્પરની અપેક્ષા વિના તત્ત્વજ્ઞાનનું કારણ બને છે. આમ પરસ્પરાભાવની સ્થિતિમાં તત્ત્વજ્ઞાન ઉત્પન્ન થતું હોવાથી વ્યભિચાર સ્પષ્ટ છે.

**જવાબ :—**અહીં તત્ત્વજ્ઞાન કાર્ય છે. તત્ત્વજ્ઞાન માનસપ્રત્યક્ષરૂપ છે. તેથી કાર્યતાવચ્છેદક માનસત્વ

**तावच्छेदकतया जातिविशेषाणां मानसत्वव्याप्यानां कल्पयितुं शक्यतया मिथो व्यभिचारानवकाशात् ।**

**( ४३ ) मृतशरीरावच्छेदेन ज्ञानोत्पत्त्यसम्भवेन काशीमरणाद्युत्तरं शरीरान्तर-परिग्रहोऽपि कल्प्यतेऽनन्यगतिकत्वात् । भगवतो महारुद्रस्य तारकोपदेशस्तु मुमूर्षुतादशायामेव मृतस्योपदेशासम्भवात् । तथा च श्रुतिः 'अत्र हि जन्तोः**

---

પણ વિરોધ થતો નથી. તત્ત્વજ્ઞાન માનસ બોધરૂપ છે તેથી કાશીમરણ જન્યતાવચ્છેદક તરીકે માનસત્વની વ્યાપ્યજાતિની કલ્પના થઈ શકે છે તેથી વ્યભિચાર નથી.

(૪૩) **શબ્દાર્થ :–**મૃત શરીર અવચ્છેદેન જ્ઞાન ઉત્પન્ન થતું નથી તેથી કાશીમરણ પછી બીજા શરીરની કલ્પના કરવામાં આવે છે. કારણ કે તે સિવાય કોઈ ગતિ નથી. ભગવાન મહારુદ્રે કરેલો તારક ઉપદેશ મરવાની ઇચ્છા ધરાવતા પુરુષની દશામાં જ સમજવો. કારણ કે મૃતને ઉપદેશ સંભવતો નથી. આ અંગે શ્રુતિ છે "અહીં જન્તુના પ્રાણ નીકળી રહ્યા હોય છે ત્યારે રુદ્ર તારક બ્રહ્મ કહે છે જેથી અમૃત થઈ મોક્ષ પામે છે." રુદ્રનો ઉપદેશ અદષ્ટ દ્વારા બીજા શરીરના પરિગ્રહને આધીન આત્મતત્ત્વસાક્ષાત્કારનો જનક છે.

---

જાતિ છે. જે સ્થળે યોગાભ્યાસથી તત્ત્વજ્ઞાન ઉત્પન્ન થયું તે સ્થળે માનસત્વની વ્યાપ્ય જાતિવિશેષની કલ્પના કરવી. તેથી વ્યભિચાર નહીં રહે. યોગાભ્યાસાવ્યવહિતોત્તરક્ષણજન્યતત્ત્વજ્ઞાનમાં માનસત્વની વ્યાપ્ય જે જાતિ છે, તે જાતિ કાશીમરણાદ્યુત્તરક્ષણજન્ય તત્ત્વજ્ઞાનમાં નથી. તેથી વ્યભિચારને અવકાશ નહીં રહે.

(૪૩) **વિવરણ :–પ્રશ્ન :–**કાશીમરણ, તત્ત્વજ્ઞાન દ્વારા મુક્તિનું કારણ છે. આવું માનવું શક્ય નથી કારણ કે મરણ પછી તત્ત્વજ્ઞાન કોને થશે ? જ્ઞાનની ઉત્પત્તિ શરીરાવચ્છેદેન થાય છે. તત્ત્વજ્ઞાન માનસબોધ રૂપ છે. મૃતશરીરાવચ્છેદેન મનનો સંયોગ નથી માટે જ્ઞાનની ઉત્પત્તિ શક્ય નથી.

**જવાબ :–**કાશીમરણ પછી તત્ત્વજ્ઞાનની ઉપપત્તિ કરવા અદષ્ટ દ્વારા આત્મા બીજા શરીરને ધારણ કરે છે એવી કલ્પના કરવામાં આવે છે કારણ કે એમ માન્યા સિવાય છૂટકો નથી.

**પ્રશ્ન :–**કાશીમરણને મોક્ષનું કારણ જણાવતી શ્રુતિ આ પ્રમાણે છે 'अत्र हि जन्तोः प्राणेषूत्क्रम-माणेषु रुद्रस्तारकं ब्रह्म व्याचष्टे येनासावमृतीभूत्वा मोक्षीभवति' 'અહીં એટલે કાશીમાં જીવના પ્રાણ જાય ત્યારે ભગવાન્ રુદ્ર તારક એટલે સંસારનિવર્તક ઓંકારરૂપ બ્રહ્મનો ઉપદેશ કરે છે જેનાથી આ પ્રાણી અમૃતરૂપ બની મુક્ત બને છે.' આ શ્રુતિમાં ભગવાન મહારુદ્ર ઉપદેશ આપે છે તે મરણ પછી પ્રાપ્ત થયેલા શરીરને ઉદ્દેશીને હોય છે એવું માનવું રહ્યું.

**જવાબ :–**ના, ભગવાન્ મહારુદ્રનો તારક ઉપદેશ મરણોત્તર પ્રાપ્ત શરીરને ઉદ્દેશીને નથી કે મૃતશરીરને ઉદ્દેશીને પણ નથી. ઉપદેશનું ફળ પરને જ્ઞાન કરવા રૂપ છે. મૃત વ્યક્તિને શરીર હોતું નથી તેથી જ્ઞાનોત્પત્તિનો સંભવ નથી. તેથી તેને ઉપદેશ આપવો તે નિષ્ફળ પ્રવૃત્તિ છે. તેમાં આપ્તની પ્રવૃત્તિ થતી નથી. આ ઉપદેશ મરણની પૂર્વક્ષણોમાં હોય છે. શ્રુતિમાં प्राणेषु उत्क्रममाणेषु આ પદોમાં ભાવસપ્તમીનો અર્થ પ્રાક્કાલીનત્વ છે. તેનો અન્વય व्याचष्टे ક્રિયાપદ સાથે છે. રુદ્રનો તારક ઉપદેશ અદષ્ટ

**प्राणेषूत्क्रममाणेषु रुद्रस्तारकं ब्रह्म व्याचष्टे येनासावमृतीभूत्वा मोक्षीभवति' । तदुपदेशस्यादृष्टद्वारा शरीरान्तरपरिग्रहाधीनात्मतत्त्वसाक्षात्कारजनकत्वम् ।** ***न च*** **मुमूर्षुतादशायां तारकोपदेशे तच्छरीरावच्छेदेनैवात्मतत्त्वसाक्षात्कारसम्भवात् किमर्थं शरीरान्तरस्वीकार ? इति** ***वाच्यम्।*** **तच्छरीरावच्छेदेन तारकमन्त्रोपदेशादात्मतत्त्वज्ञान-स्वीकारे काशीमरणहेतुत्वानुपपत्तेः ।** ***यदि*** **च काशीमरणकारणताबोधकवाक्यानां तदानीमाबोधकस्य तारकोपदेशस्य हेतुतायामेव तात्पर्यम् अन्यथा एकेनापरस्यान्यथा-सिद्धेर्दुष्परिहारत्वादित्युच्यते** ***तदा*** **तच्छरीरावच्छेदेनापि तत्त्वज्ञानसम्भवो बोध्यः ।**

---

**પ્રશ્ન :–**મરવાની ઈચ્છા ધરાવતા પુરુષની તે દશામાં તારક ઉપદેશ આપવામાં આવે છે ત્યારે તે શરીરાવચ્છેદેન જ આત્મતત્ત્વનો સાક્ષાત્કાર થઈ શકે છે તો બીજું શરીર સ્વીકારવાનું શું કારણ ?

**જવાબ :–**તે શરીરાવચ્છેદેન તારક મંત્રના ઉપદેશથી તત્ત્વજ્ઞાન થાય છે તેવું સ્વીકારવાથી કાશીમરણની હેતુતા અનુપપન્ન થશે.

જો, કાશીમરણની કારણતાના બોધક વાક્યોનું તાત્પર્ય ત્યારે આબોધક એવા તારક ઉપદેશની હેતુતામાં જ છે. નહીં તો એક કારણ બીજાને અન્યથાસિદ્ધ કરી દે, આ આપત્તિ ટાળી શકાશે નહીં, તો તે શરીરવચ્છેદેન પણ તત્ત્વજ્ઞાન સંભવે છે તે જાણવું.

---

પેદા કરે છે. આ અદૃષ્ટ શરીરાંતરના પરિગ્રહનું કારણ છે અને આત્મતત્ત્વ- સાક્ષાત્કાર આ શરીરાંતરને અધીન હોય છે. આમ, તારક ઉપદેશ પરંપરાએ આત્મસાક્ષાત્કારનું કારણ બને છે.

**પ્રશ્ન :–**પ્રાણીની મરણોન્મુખ દશામાં તારક ઉપદેશ થાય છે. મરણ પહેલા તો તે શરીરના સહારે જ તત્ત્વજ્ઞાન થઈ શકે છે. તો તત્ત્વજ્ઞાન માટે અદૃષ્ટ દ્વારા બીજા શરીરની કલ્પના કરવાનું શું પ્રયોજન છે ?

**જવાબ :–**મોક્ષ પ્રત્યે માત્ર તારક ઉપદેશ જ કારણ નથી પરંતુ કાશી મરણને પણ કારણ ગણ્યું છે. કાશીમરણની કારણતા અખંડિત રહે તે માટે શરીરાંતર પરિગ્રહની કલ્પના અનિવાર્ય છે.

તારક ઉપદેશની કારણતા અંગે અન્ય મત પણ છે. આ મત મુજબ કાશીમરણને મુક્તિનું કારણ જણાવતા વાક્યોનું તાત્પર્ય અલગ છે. કાશીમરણ દ્વારા અદૃષ્ટ ઉત્પન્ન થઈ શરીરાંતરનો પરિગ્રહ થાય છે તેવું જે મત જણાવે છે તેમાં ત્રુટિ છે. તારક ઉપદેશ અને કાશીમરણ આ બંનેમાંથી એક કારણને તત્ત્વજ્ઞાનનું નિયતપૂર્વવર્તિ દર્શાવવું પડશે. જે નિયતપૂર્વવર્તિ હશે તે કારણ બનશે. તેનાથી ભિન્ન અન્યથાસિદ્ધ થશે. આમ બેમાંથી એક અન્યથાસિદ્ધ સાબિત ન થાય એ માટે अत्र हि એ શ્રુતિનું તાત્પર્ય અલગ માનવું રહ્યું. આ વાક્યનું મરણ પહેલા તારકોપદેશનું પ્રતિપાદન કરે છે એવું તાત્પર્ય માનવાને બદલે મરણ સમયે જ તારકોપદેશની હેતુતા જણાવે છે તેમ માનવું વધુ યોગ્ય છે. ગંગાજળના સંબંધને કારણે મૃત શરીરમાં અદૃષ્ટ ઉત્પન્ન થાય છે તેમ તત્ત્વજ્ઞાન પણ ઉત્પન્ન થાય છે એવું માની લેવું પડે છે. અન્યથાસિદ્ધિનો આ રીતે પરિહાર કરતા આ મતમાં ગદાધરની અરુચિ જણાય છે. મૃતશરીરમાં ઉપદેશ દ્વારા અદૃષ્ટ ઉત્પન્ન થાય છે એ ઘટના સમજાવવી મુશ્કેલ છે. ઉપદેશ શબ્દાત્મક છે. શબ્દાત્મક ઉપદેશ અદૃષ્ટનું કારણ બને તો કારણતાવચ્છેદક સંબંધ કયો બને ? આ સંબંધનું નિર્વચન થઈ શકતું નથી. તે આ મતમાં અસ્વરસ છે.

**( ૪૪ ) काशीमरणमात्मतत्त्वज्ञाने तारकोपदेशसम्पादनेनैवापेक्षितं काशी-मरणोत्तरमेव च कर्णे भगवान् तारकमुच्चरति । तच्चोच्चारणं तच्छरीरावच्छेदेन ज्ञानमनुत्पाद्यापि अदृष्टद्वारा तदुत्तरगृहीतशरीरावच्छेदेनात्मतत्त्वज्ञानमुत्पादयतीत्यपि केचित् । काशीगङ्गामरणादीनामदृष्टद्वारा सम्वलनसम्भवेऽपि उक्तयुक्तेर्वैकल्पिकी**

---

(૪૪) **શબ્દાર્થ :—**આત્માના તત્ત્વજ્ઞાનમાં કાશીમરણ તારક ઉપદેશ સંપાદન કરવા દ્વારા અપેક્ષિત છે. કાશીમરણ થયા પછી જ ભગવાન કાનમાં તારક ઉપદેશ આપે છે. એ ઉચ્ચારણ તે શરીરમાં જ્ઞાન ઉત્પન્ન કરતું નથી પણ કાશી મરણ પછી અદૃષ્ટ દ્વારા પ્રાપ્ત થયેલા શરીરમાં જ્ઞાન ઉત્પન્ન કરે છે' એવું પણ કેટલાક કહે છે. કાશીમરણ, ગંગામરણ વગેરેનું અદૃષ્ટ દ્વારા સંવલન સંભવતું હોવા છતાં ઉપર કહેલી યુક્તિથી તૃણાદિની વહ્નિ પ્રત્યે જેવી વૈકલ્પિકી કારણતા છે તેવી

---

(૪૪) **વિવરણ :—**કાશીમરણ આત્મતત્ત્વજ્ઞાનમાં કેવી રીતે કારણ બને છે ? એ અંગે અન્ય વિદ્વાનોનો મત જણાવે છે.

ગદાધરના મતે કાશીમરણ દ્વારા આત્મતત્ત્વજ્ઞાન પ્રાપ્તિનો ક્રમ આ મુજબ રહેશે (૧) મુમૂર્ષુતા દશામાં તારક ઉપદેશ (૨) મરણાધીન આત્મામાં શરીરાન્તરપરિગ્રહ જનક અદૃષ્ટની ઉત્પત્તિ (૩) કાશીમરણ (૪) શરીરાંતર પરિગ્રહ (૫) તત્ત્વજ્ઞાન. તારક ઉપદેશથી કાશીમરણ અન્યથાસિદ્ધ સાબિત ન થઈ જાય એ માટે મૃતશરીરાવચ્છેદેન તત્ત્વજ્ઞાનનો સંભવ સ્વીકાર્યો છે. આ અન્યથાસિદ્ધિનું વારણ કરવા કેચિત્તુકાર પ્રક્રિયાના ક્રમમાં ફેરફાર સૂચવે છે. કેચિત્તુકારનો મત ગદાધરથી બે મુદ્દે જુદો છે. એક, ગદાધર કાશીમરણને મોક્ષનું સાક્ષાત્ કારણ માનવાના પક્ષમાં છે. કેચિત્તુકારના મતે કાશીમરણ આત્મતત્ત્વજ્ઞાનનું સાક્ષાત્ કારણ નથી. તે તારક ઉપદેશનું સંપાદન કરવા માટે જ ઉપયોગી છે. બે, ગદાધરના મત મુજબ તારક ઉપદેશ મુમૂર્ષુતાદશામાં થાય છે. કેચિત્તુકારના મતે તારક ઉપદેશ કાશીમરણ પછી થાય છે.

**પ્રશ્ન :—**મૃત શરીરમાં તારક ઉપદેશથી તત્ત્વજ્ઞાન કેવી રીતે થશે ?

**જવાબ :—**મૃતશરીરાવચ્છેદેન તત્ત્વજ્ઞાન થતું નથી. તત્ત્વજ્ઞાન શરીરાંતરમાં જ થાય છે.

**પ્રશ્ન :—**મૃતશરીરના તારક ઉપદેશ અને શરીરાંતરનાં તત્ત્વજ્ઞાન વચ્ચે સંબંધ શું હશે ?

**જવાબ :—**મૃત શરીરનો ગંગાજલ સંબંધ અદૃષ્ટનું કારણ છે. તારક ઉપદેશના ઉચ્ચારણથી આ મૃતાત્મામાં અદૃષ્ટ વિશેષ ઉત્પન્ન થાય છે. તે અદૃષ્ટથી શરીરાંતરનો પરિગ્રહ થાય છે અને તારકોપદેશનાં ઉચ્ચારણથી અદૃષ્ટ રૂપ સંબંધ દ્વારા તેમાં આત્મતત્ત્વજ્ઞાન થાય છે. આ મત મુજબ પ્રક્રિયાનો ક્રમ આ રહેશે (૧) કાશી મરણ—ગંગાજલ સંબંધ (૨) તારક ઉપદેશ (૩) મૃતાત્મામાં અદૃષ્ટ (૪) શરીરાંતર પરિગ્રહ (૫) તત્ત્વજ્ઞાન. આ મતમાં અરુચિ એ છે કે—ઉપદેશ શબ્દાત્મક છે તે મૃતાત્મામાં અદૃષ્ટનું કારણ બને છે. આ કાર્યકારણભાવમાં કારણતાવચ્છેદક સંબંધ શું છે ? તેની સ્પષ્ટતા થઈ શકતી નથી.

મૂળ પૂર્વપક્ષે (अथ...मैवम्) 'કાશી મરણ અને ગંગામરણ આ બંનેનું એક સાથે સંવલન શક્ય નથી' આ આપત્તિ દર્શાવી હતી તેના જવાબમાં ગદાધર જણાવે છે કે—અદૃષ્ટ દ્વારા બંનેનું સંવલન શક્ય છે. આથી બંનેની (સમુચ્ચિત) કારણતા દર્શાવી શકાય છે. તેમ છતાં પ્રસ્તુતમાં સમુચ્ચિત કારણતા અભિપ્રેત નથી. પૂર્વે કહ્યું તેમ જ્યાં શ્રુતિ દ્વારા અનેકની કારણતા સિદ્ધ હોય ત્યાં કાર્ય પ્રત્યે વિકલ્પ જ હોય છે. આમ કાશીમરણ અને ગંગામરણની કારણતા મોક્ષ પ્રત્યે વહ્નિ પ્રત્યેની તૃણ અને અરણિ વગેરેની જેમ

**कारणतैव तृणादीनां वह्नेरिव ।**

**(४५) *न* चैवं संवलितयोर्व्रीहियवयोरिव काशीगङ्गामरणयोः फलानुत्पादकत्वप्रसङ्ग इति *वाच्यम्* । वैषम्यात्, तथाहि-व्रीहियवयोरेकप्रकरणे क्रमेण यागसाधनताया विधानाद्यवसाधनत्वेन प्रथमतो लाभे साधनान्तराकाङ्क्षानुदयाद् 'व्रीह्यकरणको यागः किंकरणकः फलसाधनम्' ? इति विकल्पमुख्याकाङ्क्षयैव**

---

જ કારણતા માનવી જોઈએ.

**(૪૫) શબ્દાર્થ :–પ્રશ્ન :–**વૈકલ્પિકી કારણતા માનવાથી સંવલિત વ્રીહિ-યવની જેમ સંવલિત કાશીમરણ-અને ગંગામરણ ફળ ઉત્પન્ન કરશે નહીં.

**જવાબ :–**ઉદાહરણ વિષમ છે તેથી (ઉપરોક્ત આપત્તિ નથી.) તે આ રીતે કે-વ્રીહિ અને યવની યાગસાધનતાનું વિધાન એક પ્રકરણમાં ક્રમપૂર્વક થયું છે. તેથી યવની સાધનતાનો લાભ પહેલા જ થઈ જાય તો બીજા સાધનની આકાંક્ષા જન્મે નહીં. માટે જેમાં વ્રીહિ કરણ નથી એવો

---

વૈકલ્પિકી જ છે.

**(૪૫) વિવરણ :–પ્રશ્ન :–**જેમની કારણતામાં વિકલ્પ હોય છે તેમનો સમુચ્ચય ફળનું કારણ મનાતો નથી. જેમકે યાગ પ્રત્યે વ્રીહિ અને યવની કારણતામાં વિકલ્પ છે, તેમનો સમુચ્ચય કારણ નથી. વ્રીહિ અને યવ વિકલ્પે કારણ છે. એટલે બંને સાથે મળીને ફળ ઉત્પન્ન કરતા નથી. વ્રીહિ પણ યાગનું કારણ છે, અને યવ પણ યાગનું કારણ છે છતાં બંને એકસાથે કારણ બનતા નથી. તેમ થાય તો વિકલ્પની વિભાવના જ ખંડિત થાય. ગંગામરણ અને કાશીમરણ જો મોક્ષ પ્રત્યે વિકલ્પે કારણ હોય તો તેમનું સંવલન મોક્ષનું કારણ ન બની શકે. આમ અદૃષ્ટ દ્વારા તેમનું સંવલન થઈને તે વિકલ્પે કારણ બને છે. આ વાત ખોટી સાબિત થાય છે.

**જવાબ :–**વ્રીહિ-યવની વૈકલ્પિકી કારણતા અને ગંગામરણ અને કાશીમરણની વૈકલ્પિકી કારણતામાં ફરક છે. આ ફરક સમજવા વ્રીહિયવના વિકલ્પનું સ્પષ્ટીકરણ આવશ્યક છે. દર્શપૂર્ણમાસ યાગના પ્રકરણમાં પુરોડાશનું યાગના અંગ તરીકે વિધાન છે. પુરોડાશ મોટા રોટલા જેવું દ્રવ્ય છે. પુરોડાશ શેનાથી બનાવવો ? એવી આકાંક્ષા જાગવી સહજ છે. પુરોડાશના પ્રકૃતિ દ્રવ્ય તરીકે ઘણા દ્રવ્ય પ્રાપ્ત છે. તેમાંથી એકનું નિયમન કરવા यवैर्यजेत, व्रीहिभिर्यजेत આ વાક્યનું વિધાન છે. વ્રીહિ અને યવ પુરોડાશ રૂપ એક જ દ્રવ્ય માટે છે તેથી તેમની વચ્ચે વૈકલ્પિકી કારણતા છે. વિકલ્પે કારણ બનતા દ્રવ્યોની કારણતા સમકક્ષ હોય છે. તેઓ એક જ કાર્યના કારણ હોય છે. કારણ તરીકે તેમનું વિધાન કાર્ય પ્રત્યેની આકાંક્ષા દ્વારા થાય છે. કાર્યને સાધનની આકાંક્ષા હોય છે. કેટલાક કાર્યોને એકથી વધુ સાધનની આકાંક્ષા હોય છે. અનેક સાધનોની આકાંક્ષામાં સમુચ્ચય હોય કે વિકલ્પ હોય. જ્યાં વિકલ્પ હોય તે સ્થળે એકની સાધનતા ગૌણ બનવી ન જોઈએ. સાધનનું વિધાન તે તે પ્રકરણમાં ક્રમથી થયું હોય છે. જેમકે દર્શપૂર્ણમાસના સાધન તરીકે યવ અને વ્રીહિનું વિધાન ક્રમથી થયું છે. પહેલા યવની સાધનતાનો બોધ થઈ જાય તો વ્રીહિની આકાંક્ષા ન જાગે તે સહજ છે. તેને જગાવવી પડે તો વ્રીહિ કારણ તરીકે ગૌણ બની જાય. આવું ન થાય તે માટે આકાંક્ષાના સ્તરે જ વ્રીહિને પણ સ્થાન આપવું ઘટે અને તેમ કરતી વખતે યવની કારણતાને હાનિ ન પહોંચે તેનું પણ ધ્યાન

**यवविध्युत्थापनं वाच्यम्, तादृश्याकाङ्क्षया व्रीहिकरणकत्वाभावविशिष्टविशेषरूपावच्छिन्नतदितरकारणकत्वविशिष्टयागे फलसाधनताबोधविषयकत्वात् । वाकाराध्याहारेण यवैर्यजति इति वाक्यात् व्रीहिकरणकत्वाभावयवकरणकत्वरूपोभयविशेषणविशिष्टयागविषयक एव साधनताबोधः स्वीकरणीयः, विशिष्टे च यस्य कार्यस्य साधनतयान्वयो विशेषणस्य तत्कार्यप्रयोजकत्वे वेदस्य तात्पर्यमौत्सर्गिक-**

---

યાગ કોને કરણ બનાવી ફળનું સાધન બને ? આવી વિકલ્પની મુખ્ય આકાંક્ષાથી જ યવવિધિનું ઉત્થાન થાય છે એવું માનવું જોઈએ. આ આકાંક્ષા 'જે વ્રીહિકરણકત્વાભાવવિશિષ્ટ-વિશેષરૂપાવચ્છિન્ન એવા વ્રીહિ-ઇતરકરણકત્વ-વિશિષ્ટયાગમાં ફલસાધનતા છે' આવા બોધને વિષય બનાવતી હોવાથી વાકારનો અધ્યાહાર કરીને 'यवैर्यजति' આ વાક્યથી વ્રીહિકરણકત્વા-ભાવયવકરણકત્વરૂપ-ઉભયવિશેષણથી યાગને વિષય બનાવતો વિશિષ્ટ સાધનતાનો બોધ માનવો જોઈએ.

'જે કાર્યનો વિશિષ્ટમાં સાધન તરીકે અન્વય થયો હોય તેનું વિશેષણ તે કાર્યમાં પ્રયોજક બને છે' એ વેદનો ઔત્સર્ગિક નિયમ છે. માટે व्रीहिभिर्यजेत આ વાક્યથી વ્રીહિકરણક યાગ જ ફલોપયોગી છે એવું પ્રતીત થાય છે. यवैर्यजेत આ વાક્યથી યવકરણક યાગ જ ફલોપયોગી છે એવું

---

રાખવું ઘટે. આ માટે यवैर्यजति આ વાક્યથી ઉત્પન્ન થતી આકાંક્ષા આ રીતે માનવી જોઈએ. 'વ્રીહિ કારણ ન બનતાં હોય તેવો યાગ કોને કારણ બનાવીને ફળનું સાધન બને છે ? આ આકાંક્ષાનો ઉત્તર यवैर्यजति વાક્યમાં છે. આ વિકલ્પની મુખ્ય આકાંક્ષા છે અને તેના દ્વારા જ યવના વિધાનનું ઉત્થાન થાય છે. વિકલ્પની આકાંક્ષામાં ફળ સાધનતાનો બોધ વિષય બને છે. યવની આકાંક્ષામાં ફળના સાધન તરીકે કેવળ યવનો જ બોધ થાય છે એવું નથી. પણ વ્રીહિકરણકત્વાભાવવિશિષ્ટ યવકારણકત્વનો બોધ થાય છે. સ્વર્ગરૂપ ફળનું સાધન યાગ ઉપરોક્ત વિશેષણથી વિશિષ્ટ છે. યવત્વ વિશેષધર્મ છે અને વ્રીહિથી ભિન્ન છે. આમ 'વ્રીહિકરણકત્વાભાવવિશિષ્ટ યવત્વાત્મક-વિશેષરૂપાવચ્છિન્ન-વ્રીહીતરકારણકત્વ-વિશિષ્ટ-યાગ સ્વર્ગરૂપ ફળનું સાધન છે.' સાધનની આકાંક્ષામાં વિકલ્પ સ્થળે આવો વિશિષ્ટ બોધ વિષય બને છે. આ વિશિષ્ટ અર્થની પ્રાપ્તિ માટે व्रीहिभिर्यजेत, यवैर्यजेत આ સાધનતા બોધક વાક્યમાં વિકલ્પસૂચક 'वा' કારનો અધ્યાહાર કલ્પવામાં આવે છે. તેનાથી સાધનતાબોધ વિશિષ્ટ યાગને જ વિષય બનાવશે. જે યાગમાં વ્રીહિ સાધન ન હોય, યવ સાધન હોય તેવો યાગ સ્વર્ગનું કારણ બને છે.

વિકલ્પ સ્થળે ઉભય કારણનો સમુચ્ચય ફળ જનક નથી બનતો તેનું કારણ એક નિયમ છે. જે કાર્યનો વિશિષ્ટ સાધનમાં સાધન તરીકે અન્વય થાય તે વિશિષ્ટ એવા સાધનનું વિશેષણ તે કાર્યનું પ્રયોજક બને છે. અહીં જે यवैर्यजेत આ વાક્ય દ્વારા યવનો વ્રીહ્યકરણકત્વવિશિષ્ટ-યવત્વાવચ્છિન્ન-યાગમાં સાધન તરીકે અન્વય છે. તે વિશિષ્ટ યાગરૂપ સાધનનું વિશેષણ વ્રીહ્યકરણકત્વ છે. આ વિશેષણ યવરૂપ કાર્યમાં પ્રયોજક બને એટલે યવનું ઉપાદાન થાય ત્યારે વ્રીહ્યકરણકત્વપ્રયુક્તત્વેન જ થાય. એટલે એક સાથે યવ અને વ્રીહિનો કારણ તરીકે સમુચ્ચય થશે નહીં. व्रीहिभिर्यजेत આ વાક્યથી વ્રીહિ ફળમાં ઉપયોગી છે તે પ્રતીત થશે તેની સાથે જ યવાકરણકત્વ પણ ફળમાં ઉપયોગી છે તે પ્રતીત થશે. यवैर्यजेत આ વાક્યથી

**मिति व्रीहिभिर्यजेतेत्यतो व्रीहिकरणस्यैव यवैरित्यतश्च यवकरणकस्यैव ततो व्रीह्यकरणकत्वरूपविशेषस्यापि फलोपयोगित्वं प्रतीयत इति उभयोरशास्त्रार्थता ।**

**( ४६ ) प्रकृते च प्रकरणभेदात् विधिप्रवृत्तेः पौर्वापर्यानियमेन मोक्षस्य किं साधनमित्येतावन्मात्राकाङ्क्षयैव साधनत्वेनैव गङ्गामरणकाशीमरणादीनां विधाना-दितरासाहित्यविशिष्टानामेव तेषां मोक्षसाधनतयाऽप्रतीतेः काशीमरणगङ्गा-**

---

પ્રતીત થાય છે. તેનાથી વ્રીહ્યકરણકત્વ રૂપ વિશેષણ પણ ફલોપયોગી છે તેવું પ્રતીત થાય છે. તેથી ઉભયની ફલોપયોગિતા શાસ્ત્રનો અર્થ નથી.

(૪૬) **શબ્દાર્થ :**—પ્રકૃતમાં તો પ્રકરણનો ભેદ થઈને વિધિની પ્રવૃત્તિ થાય છે. તેથી પૂર્વાપરભાવ નથી. માટે ‘મોક્ષનું સાધન શું છે ? આટલી જ આકાંક્ષા છે. તેથી મોક્ષના સાધન તરીકે જ ગંગામરણ, કાશીમરણ વગેરેનું વિધાન છે. તેથી ઈતર સાધનના અસાહિત્યથી વિશિષ્ટ ઈતર સાધનના અસાહિત્યથી વિશિષ્ટનું જ વિધાન પ્રતીત થાય તો એમનું સંવલન ફળદાયક કઈ રીતે બને ? એવા કાશીમરણ વગેરેનું મોક્ષસાધન તરીકે વિધાન પ્રતીત નથી થતું. તેથી કાશીમરણ,

---

યવકરણકત્વની સાથે જ વ્રીહ્યકરણકત્વ પણ ફળમાં ઉપયોગી છે તે પ્રતીત થશે. આમ, યવ અને વ્રીહિ બંને સ્વતંત્ર નથી તેથી બંનેનો સમુચ્ચય નહીં થાય. વિકલ્પસ્થળે પરસ્પરાભાવવિશિષ્ટ કારણતા હોય છે તેથી બંનેનો સમુચ્ચય ફળનો પ્રતિબંધક મનાય છે. એકલા વ્રીહિથી યાગ કરો તો ફળ મળે. એકલા યવથી યાગ કરો તો ફળ મળે. વ્રીહિ-યવ બંનેથી યાગ કરો તો ફળ ન મળે. આ જ વિકલ્પનું ફળ છે.

(૪૬) **વિવરણ :**—વ્રીહિયવ રૂપ સાધનમાં વિકલ્પવિધિ સ્પષ્ટ કર્યા બાદ ગદાધર પ્રકૃત સ્થળે=ગંગામરણ અને કાશીમરણના વિકલ્પમાં તેની વિષમતા=ભિન્નતા જણાવે છે. વ્રીહિ-યવનો વિકલ્પ અને કાશીમરણ-ગંગામરણનો વિકલ્પ ભિન્ન છે. કારણ કે બંને સ્થળના નિમિત્ત વગેરે અનેક બાબતો ભિન્ન છે. નીચેના કોષ્ટક દ્વારા તે સ્પષ્ટ થશે.

| વ્રીહિ-યવ | ગંગામરણ-કાશીમરણ |
|---|---|
| પ્રકરણ એક છે | પ્રકરણ જુદા છે |
| પૂર્વાપર ક્રમ છે | પૂર્વાપર ક્રમ નથી. |

જ્યાં એક પ્રકરણમાં ક્રમથી એક જ કાર્ય માટે કારણનું વિધાન થયું હોય ત્યાં વ્રીહિયવ જેવો વિકલ્પ ઊભો થાય છે. વિકલ્પ બે પ્રકારે છે. એક, એક જ પ્રકરણમાં રહેલા બે સાધનોની સાધનતા પરસ્પર વિરુદ્ધ હોય ત્યારે. બે, એક જ ફળ માટે બે અલગ સાધનો બતાવ્યા હોય ત્યારે. બીજા પ્રકારના વિકલ્પગત સાધનો પરસ્પર વિરુદ્ધ હોતા નથી કારણ કે બંનેના સીમાક્ષેત્રો અલગ અલગ છે. પહેલા પ્રકારના વિકલ્પને વિરુદ્ધ વિકલ્પ કહેવાય. બીજા પ્રકારના વિકલ્પને પૃથક્ કલ્પ કહેવાય. બીજા પ્રકારના વિકલ્પનું ઉદાહરણ વાજપેય અને અશ્વમેધ યાગ છે. બંનેનું ફળ સ્વર્ગ છે. પણ બંને એક પ્રકરણમાં નથી. તેથી તેમની વચ્ચે પૌર્વાપર્ય નથી. તેમની સાધન તરીકેની આકાંક્ષામાં ઈતરાભાવની ઉપસ્થિતિ જરૂરી નથી. તે બંને સાવ જુદા છે. કારણ કે તેમની વચ્ચે પરસ્પરના સાહિત્યાભાવની અપેક્ષા નથી. તેમની સાધન તરીકેની આકાંક્ષામાં પણ ઈતરાકરણકત્વ વિષય નથી બનતું. કાશીમરણ અને ગંગામરણનો વિકલ્પ

**मरणभगवन्नारायणस्मरणरूपसंवलनेऽपि फलसिद्धिर्निष्प्रत्यूहैवेति । परस्पराभावसापेक्षतया यथा व्रीहियवयोर्विरुद्धरूपता तथा न प्रकृते, अपि तु वाजपेयाश्वमेधादिवत् पृथक्कल्पतैव, विकल्पे उभयोरशास्त्रार्थताप्रवादश्च विरुद्धकल्परूपविकल्पादरः तत्र पृथक्कल्परूपविकल्पपरः ।**

**( ૪૭ ) *अथ* परस्पराभावसापेक्षता व्रीहियवस्थलेऽप्रामाणिकी प्रथमप्रवृत्तव्रीहिविधितो यवकरणकत्वाभावविशिष्टस्यैव व्रीहिकरणकयागस्य फलसाधनत्वाप्रत्यायनादिति *चेन्न* तृणनिरपेक्षान्मणिरूपद्रव्याद्वह्न्युत्पत्तावपि तृणाद्वह्निर्जायते द्रव्याद्वेति अप्रयोगात्तदुत्तरवाक्यस्थेनापि वाकारेण पूर्वकल्पव्यवच्छेदसाहित्यस्य**

---

ગંગામરણ, ભગવાન નારાયણનું સ્મરણ (રૂપ સાધનો)નું સંવલન થવા છતાં ફલસિદ્ધિ વિના વિરોધે થઈ જાય છે. વ્રીહિ અને યવ પરસ્પરાભાવ સાપેક્ષ હોવાથી જે રીતે પરસ્પર વિરુદ્ધ છે તે રીતે પ્રકૃતમાં નથી. પરંતુ વાજપેય, અશ્વમેધ યાગની જેમ પૃથક્ કલ્પ છે. વિકલ્પમાં બંને સાધનોની અશાસ્ત્રાર્થતાનો પ્રવાદ વિરુદ્ધ કલ્પરૂપ વિકલ્પનો આદર કરે છે. ત્યાં પૃથક્કલ્પરૂપ વિકલ્પ છે તે જણાવનારો છે.

(૪૭) **શબ્દાર્થ :–પ્રશ્ન :** વ્રીહિયવસ્થળે પરસ્પરાભાવસાપેક્ષતા હોય છે એ વાત અપ્રામાણિક છે. પહેલા પ્રવર્તેલા વ્રીહિના વિધાનથી યવકરણકત્વાભાવવિશિષ્ટ જ વ્રીહિકરણક

---

વાજપેય-અશ્વમેધની જેમ પૃથક્કલ્પ રૂપ છે. પરસ્પરવિરુદ્ધકલ્પરૂપ નથી. માટે બંનેના સંવલનથી અશાસ્ત્રાર્થતાની આપત્તિ નથી.

**પ્રશ્ન :–**પણ 'જ્યાં વિકલ્પ છે ત્યાં ઉભયનો સમુચ્ચય, શાસ્ત્રનો અર્થ નથી' આ પ્રવાદનું શું ?

**જવાબ :–**આ પ્રવાદ વિરુદ્ધકલ્પરૂપ વિકલ્પ સ્થળે જ હોય છે. જ્યાં સમુચ્ચય હોય ત્યાં પૃથક્કલ્પ રૂપ વિકલ્પ હોય છે એ જ આ પ્રવાદનું તાત્પર્ય છે.

(૪૭) **વિવરણ :–પ્રશ્ન :–**વ્રીહિયવ સ્થળે વિકલ્પની વ્યવસ્થા કરવા તેનું વિધાન કરતા વાક્યના અંતે વાકારની કલ્પના કરવામાં આવે છે. તેથી व्रीहिभिर्यवैर्वा यजेत આવું વિધાન પ્રાપ્ત થાય છે. આ વાક્યમાં વાકાર બીજા यव પદ પછી છે, व्रीहि પદ પછી નથી. व्रीहिપદનું વિધાન પહેલાં પ્રવર્તે છે ત્યાં વાકાર નથી માટે તેની સાથે યવકરણકત્વના અભાવનો બોધ થશે નહીં. यव પદ પછી વાકાર છે તેથી તેની સાથે વ્રીહિકરણક્ત્વાભાવનો બોધ થશે. આમ ઉપરોક્ત સ્થળે પરસ્પરાભાવની સાપેક્ષતા છે તેવું પ્રમાણસિદ્ધ નથી. બંને પદ પછી વાકાર હોય તો જ પરસ્પરાભાવની સાપેક્ષતા પ્રમાણસિદ્ધ ગણાય.

**જવાબ :–**આ વાત અયોગ્ય છે. ઉત્તરપદ પછી વાકાર હોય તો પણ તેના અર્થનો બોધ પૂર્વપદ સાથે થાય એ વાત નિયમસિદ્ધ છે. દા.ત. વહ્નિ તૃણથી અને મણિથી ઉત્પન્ન થાય છે. મણિ તૃણથી નિરપેક્ષ છે એટલે અહીં પૃથક્કલ્પ રૂપ વિકલ્પ છે. મણિ દ્રવ્ય છે છતાં ઉત્પન્ન થયેલા વહ્નિ અંગે 'तृणाद्वह्निर्जायते मणेर्वा' આવો સંશય થાય છે અને તદનુસાર પ્રયોગ પણ થાય છે. तृणाद्वह्निर्जायते द्रव्याद्वा આવો પ્રયોગ થતો નથી કારણ કે ઉત્તરવાક્યના વાકારનો મણિ સાથે અન્વય કરવાનું જ વક્તાનું તાત્પર્ય

**उत्तरकल्प इव उत्तरकल्पव्यवच्छेदसाहित्यस्यापि पूर्वकल्पेऽपि बोध इति व्युत्पत्ते-र्व्रीहिभिर्यवैर्वा इत्यादावपि व्रीह्यादौ यवासाहित्यबोधस्य व्युत्पत्तिसिद्धत्वादित्यन्यत्र विस्तरः ॥**

**इति महामहोपाध्यायश्रीमद्गदाधरभट्टाचार्यकृतः मुक्तिवादः समाप्तः ॥**

---

યાગ ફળસાધન છે એવો પ્રત્યય થતો નથી.

**જવાબ :–**તૃણથી નિરપેક્ષ મણિરૂપ દ્રવ્યથી વહ્નિ ઉત્પન્ન થાય છે છતાં, 'તૃણથી વહ્નિ ઉત્પન્ન થાય છે કે દ્રવ્યથી ?' આવો પ્રયોગ થતો નથી. તેથી વાકાર ઉત્તરવાક્યમાં હોય તો પણ ઉત્તરકલ્પમાં જેમ પૂર્વકલ્પવ્યવચ્છેદનું સાહિત્ય જણાવે છે તેમ પૂર્વકલ્પમાં ઉત્તરકલ્પવ્યવચ્છેદનું સાહિત્ય પણ જણાવે છે આ નિયમ છે. તેથી વ્રીહિભિર્યવૈર્વા ઇત્યાદિ સ્થળે પણ વ્રીહિ વગેરેમાં યવના અસાહિત્યનો બોધ નિયમસિદ્ધ છે. ઇત્યાદિ વાતોનો વિસ્તાર અન્યત્ર કર્યો છે.

**મહામહોપાધ્યાયશ્રી ગદાધરભટ્ટાચાર્યકૃત મુક્તિવાદનો અનુવાદ સમાપ્ત થયો.**

---

છે. વાકારનો અન્વય તાત્પર્ય પ્રમાણે થાય છે. ઉપરોક્ત સ્થળે ઉત્તરવાક્યમાં રહેલ વાકાર જેમ યવની સાથે વ્રીહિના સાહિત્યનો વ્યવચ્છેદ કરાવે છે તે જ રીતે તાત્પર્યવશાત્ વ્રીહિની સાથે યવના સાહિત્યનો વ્યવચ્છેદ પણ કરાવી શકે છે. તેમાં કોઈ જ વિરોધ નથી. વાક્યમાં ક્યા પદનો અન્વય કોની સાથે થઈ શકે છે તે વક્તાના તાત્પર્યને આધીન હોય છે. આમ વ્રીહિયવસ્થળે પરસ્પરાભાવસાપેક્ષતા છે. વાક્યસ્થ પદોના અન્વય વગેરેની વિશેષ ચર્ચાનો વિસ્તાર વ્યુત્પત્તિવાદ વગેરે ગ્રંથોમાં જોવા મળે છે.

**મહામહોપાધ્યાય શ્રી ગદાધરભટ્ટાચાર્યકૃત 'મુક્તિવાદ'નું વિવરણ સમાપ્ત થયું.**

• • •

# मुक्तिवादः
( तत्त्वचिन्तामणिगतः )

कर्ता: उपाध्यायश्रीगङ्गेशः
अनुवादः आ.श्रीबलिरामशुक्लः

श्री गङ्गेशोपाध्यायकृतः तत्त्वचिन्तामणिगतः

# मुक्तिवादः

**( १ ) परमप्रयोजनं ज्ञानस्यापवर्गः ''आत्मा वा अरे श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः साक्षात्कर्त्तव्य'' इति श्रुतेः, स च समानाधिकरणदुःखप्रागभावासहवृत्तिदुःखध्वंसः । *ननु* नासौ पुरुषार्थः अतीतदुःखध्वंसस्य सिद्धत्वाद्, अनागतदुःखस्य ध्वंसयितुमशक्यत्वात्, वर्त्तमानस्य पुरुषप्रयत्नं विनैव विरोधिगुणनाश्यत्वात्, अतीतदुःखवद्, हेतूच्छेदे पुरुषव्यापारः प्रायश्चित्तवदिति *चेत्* । न । तत्किं हेतूच्छेदस्य सुखदुःखाभावेतरत्वेन स्वतोऽपुरुषार्थत्वादनागतानुत्पादमुद्दिश्य क्रियमाणत्वाच्च । यथा तत्र दुःखानुत्पादः पुरुषार्थस्तथेहापीति विवक्षितम् ।**

**( २ ) *अथा*नुत्पादस्य प्रागभावत्वेनासाध्यत्वात् फलान्तरस्याभावाच्चानन्यगतिकतया कण्टकनाशवत् दुःखसाधननाश एव स्वतः पुरुषार्थस्तथेहापीति वा उभयथापि दुःखध्वंसस्यापुरुषार्थत्वमेव । न च तयोरपि पुरुषार्थत्वमिति वक्ष्यते ।**

---

(૧) જ્ઞાનનો સર્વશ્રેષ્ઠ ઉદ્દેશ્ય મોક્ષ છે. ''અરે ! આત્માના વિષયમાં સાંભળવું જોઈએ, આત્માનું મનન કરવું જોઈએ, ધ્યાન કરવું જોઈએ તથા સાક્ષાત્કાર કરવો જોઈએ.'' આ શ્રુતિ અર્થાત્ વેદવાક્ય હોવાથી (જ્ઞાનનું સર્વશ્રેષ્ઠ પ્રયોજન મોક્ષ છે.) તે; તે જ આશ્રયમાં થવાવાળા દુઃખના પ્રાગભાવની સાથે ન રહેવાવાળો દુઃખધ્વંસ છે.

**પ્રશ્ન :—**આ દુઃખધ્વંસ પુરુષાર્થ (પુરુષની ઇચ્છાનો વિષય) નથી. કારણ કે અતીત દુઃખનો નાશ પ્રાપ્ત છે અને ભવિષ્યકાલીન દુઃખનો નાશ કરવો સંભવ નથી. જ્યારે વર્તમાન દુઃખ પુરુષના પ્રયત્ન વિના વિરોધી ગુણથી નષ્ટ થઈ જાય છે. જેમ અતીત દુઃખમાં કારણના વિનાશમાં પુરુષનો વ્યાપાર પ્રાયશ્ચિતની જેમ કારણ હોય છે.

**ઉત્તર :—**આ કથન યોગ્ય નથી, કારણ કે દુઃખના કારણનો વિનાશ સુખ કે દુઃખનો અભાવ ન હોવાથી સ્વયં પુરુષાર્થ નથી. અને તે (પ્રાયશ્ચિત) ભવિષ્યકાલીન દુઃખની અનુત્પત્તિને ઉદ્દેશીને કરવામાં આવે છે. જેમ ત્યાં (પ્રાયશ્ચિત સ્થળમાં) દુઃખની અનુત્પત્તિ પુરુષાર્થ છે તેમ જ અહીંયા પણ ભવિષ્યકાલીન દુઃખની અનુત્પત્તિ જ પુરુષાર્થ તરીકે કથનીય છે.

(૨) **પ્રશ્ન :—**અનુત્પત્તિ પ્રાગભાવ હોવાથી પ્રયત્ન સાધ્ય નથી અને બીજું કોઈ ફળ ન હોવાથી, બીજી કોઈ ગતિ ન હોવાથી કાંટાઓના નાશની જેમ દુઃખસાધનનો વિનાશ જ સ્વયં પુરુષાર્થ થાય છે. તે પ્રકારે અહીંયા પણ તે પુરુષાર્થ છે. બન્ને પ્રકારોથી પણ દુઃખનો નાશ પુરુષાર્થ નથી. ઉક્ત બન્ને પણ પુરુષાર્થ નથી, તે આગળ કહેવામાં આવશે.

**मैवम्। दुःखान्तरध्वंसस्यायत्नसाध्यत्वेऽपि तादृशदुःखध्वंसस्य मिथ्याज्ञानोच्छेदद्वारा पुरुषप्रयत्नाधीनतत्त्वज्ञानसाध्यत्वात् । तथाहि-तत्त्वज्ञानात्सवासनमिथ्याज्ञानाभावे दोषानुत्पत्तौ प्रवृत्त्यभावेऽदृष्टानुत्पत्तौ जन्माभावे तादृशदुःखध्वंसो भवति ।**

**( ३ ) *अथ* चरमदुःखे उत्पन्ने तद्ध्वंसस्तज्ज्ञानादेव भविष्यति, तदनुत्पादे च तत्त्वज्ञानादपि न स्यादिति *चेत्* । न । प्रतियोगिवत्तत्त्वज्ञानस्यापि तद्धेतुत्वात्तुल्यवदुभयोरपि कारणत्वात् तेन विना तदनुत्पत्तेः । अत एव शुकस्य तत्त्वज्ञानमुत्पन्नमिति तस्य तद्ध्वंस उत्पन्नो नास्मदादीनाम् ।**

**( ४ ) ( शं ) तत्र दुःखं नोत्पन्नमस्ति तेन स ध्वंसो नास्मदादीनामिति चेत्, अनादौ संसारे तत्कुतो नोत्पन्नम् ? ( प्र. ) स्वकारणाभावादिति *चेत्,* न, अन्वयव्यतिरेकानुविधायिनस्तत्त्वज्ञानादन्यस्यान्विष्यमाणस्याभावात् । मुक्तौ स ध्वंसोऽस्त्येव तस्मिन् सति मुक्तिरस्त्येवेति स मुक्त्युत्पादकोत्पाद्य इति सर्वाभ्युपगतं, मुक्तिः सा अन्या वा ।**

---

**ઉત્તર :—**બીજાં દુઃખોનો ધ્વંસ પ્રયત્ન વિના થવા છતાં પણ પૂર્વોક્ત દુઃખધ્વંસ મિથ્યાજ્ઞાનનાં નાશ દ્વારા પુરુષ પ્રયત્નથી થવાવાળા તત્વજ્ઞાનથી પ્રાપ્ત થાય છે. જેમ કે વાસના સહિત મિથ્યાજ્ઞાનનો નાશ થવાથી દોષોની ઉત્પત્તિ ન થવાથી પ્રવૃત્તિનો પણ અભાવ થાય છે, અને પ્રવૃત્તિનો અભાવ થવાથી અદષ્ટ (પુણ્ય-પાપ)ની ઉત્પત્તિ ન થવાથી જન્મનો અભાવ થાય છે તથા જન્મ ન થવાથી તે પ્રકારે દુઃખનો વિનાશ થાય છે.

(૩) **પ્રશ્ન :—**હવે ચરમદુઃખના ઉત્પન્ન થવા પર તેનો વિનાશ તે દુઃખના અનુભવથી જ થશે, અને જો ચરમદુઃખ ઉત્પન્ન નહીં થાય તો તેનો વિનાશ તત્ત્વજ્ઞાનથી પણ નહીં થાય.

**ઉત્તર :—**આ કથન ઉચિત નથી. ધ્વંસમાં જે રીતે તેનો પ્રતિયોગી (દુઃખ) કારણ થાય છે તે જ રીતે તત્વજ્ઞાન પણ તેનું કારણ છે. તુલ્ય સ્થિતિ થવાથી બન્ને પણ (પ્રતિયોગી (દુઃખ) અને તત્ત્વજ્ઞાન) કારણ છે, તેના વગર તેની ઉત્પત્તિ થતી નથી. તેથી શુકદેવ મુનિને તત્ત્વજ્ઞાન થયું તો તેમના (દુઃખનો) ધ્વંસ પણ ઉત્પન્ન થયો. આપણને તત્ત્વજ્ઞાન ન થવાથી ચરમ દુઃખનો ધ્વંસ પણ ઉત્પન્ન થતો નથી.

(૪) **પ્રશ્ન :—**ત્યાં દુઃખ ઉત્પન્ન નથી થયું, તેથી તે દુઃખધ્વંસ પણ આપણામાં નથી.

**ઉત્તર :—**પરંતુ અનાદિ સંસારમાં તે કેમ ઉત્પન્ન ન થયું ?

**પ્રશ્ન :—**જો એમ કહીએ કે-તેનું કારણ ન હોવાથી તે ઉત્પન્ન નથી થયું.

**ઉત્તર :—**તો આ વાત યોગ્ય નથી. કારણ કે જેની સાથે અન્વય અને વ્યતિરેક છે એવા તત્વજ્ઞાનથી ભિન્ન અન્ય કારણ શોધવા છતાં જણાતું નથી. મુક્તિની અવસ્થામાં ઉક્ત દુઃખધ્વંસ છે અને તેના રહેવાથી મુક્તિ પણ છે. તે મુક્તિના ઉત્પાદકથી ઉત્પાદ્ય છે. (દુઃખધ્વંસ-મુક્તિના ઉત્પાદક તત્ત્વજ્ઞાનથી ઉત્પાદ્ય છે.) આ બધાં માને છે. તે જ મુક્તિ છે અથવા મુક્તિ તેનાથી ભિન્ન છે.

**( ५ ) *नन्वेवं* ध्वंसार्थं दुःखमुपादेयं तदनुत्पाद्य ध्वंसानुत्पादादिति *चेत्,* सत्यम्, पुरुषार्थहेतुत्वेन लोके दुःखतत्साधनयोरपि उपादानदर्शनात् अनागतकुम्भनाशार्थं मुद्‌गरादौ प्रवृत्तिदर्शनादनागतदुःखध्वंसार्थमपि प्रवृत्तिः । ( शं ) चरमदुःखध्वंसो न दुःखध्वंसत्वेनोद्देश्यः अयत्नसिद्धदुःखान्तरध्वंसवदपुरुषार्थत्वादिति चेत् । न । समानाधिकरणदुःखप्रागभावासहवृत्तिदुःखध्वंसत्वेन तस्योद्देश्यत्वात् दुःखासम्भिन्न-सुखवत्, तस्य च पुरुषप्रयत्नसाध्यत्वमेवेत्युक्तम् ।**

**( ६ ) *एतेन* दुःखध्वंसत्वमेव मोक्षत्वम् । तत्तदात्मयावद्‌दुःखध्वंससम्वलन-दशायान्तु तथाव्यपदेशः । प्रतिपुरुषं दुःखध्वंसस्तोमस्य व्यक्तिस्थानीयत्वात्, तेजोऽभावे सम्वलिते अन्धतमसपदप्रयोगवत्, यथा सम्वलित एव द्वाविति बुद्धि-व्यपदेशौ प्रवृत्तिरपि सम्वलनार्थमित्य*पास्तम्* । मिलितानामसाध्यत्वात् मेलकस्या-नतिरिक्तत्वेऽतिप्रसङ्गाद्, अतिरिक्तत्वे जन्यस्य ध्वंसावृत्तेः अजन्यस्य पुरुषार्थत्वक्षतेः**

---

(૫) **પ્રશ્ન :—**આ પ્રકારે દુઃખધ્વંસને માટે દુઃખને ઉત્પન્ન કરવું કારણ કે તેની ઉત્પત્તિ વગર તેના વિનાશની પણ ઉત્પત્તિ નથી.

**ઉત્તર :—**જો આમ કહેવામાં આવે તો આ વાત સાચી છે. પુરુષાર્થનાં સાધન રૂપમાં દુઃખ અને દુઃખના સાધન બન્નેને ગ્રહણ કરવાનું લોકમાં દેખાય છે. ભવિષ્યકાલીન કુંભના નાશને માટે મુદ્‌ગરાદિમાં પ્રવૃત્તિ જોવામાં આવે છે. તે પ્રકારે અનાગત દુઃખના વિનાશને માટે પણ પ્રવૃત્તિ થાય છે.

**પ્રશ્ન :—**અંતિમ દુઃખનો ધ્વંસ દુઃખધ્વંસના રૂપમાં ઉદ્દેશ્ય નથી. કારણ કે કોઈ પણ પ્રયાસ વગર થવાવાળા દુઃખધ્વંસની જેમ તે પણ પુરુષાર્થ નથી.

**ઉત્તર :—**એમ કહેવું યોગ્ય નથી કારણ કે સમાન અધિકરણમાં રહેતા દુઃખપ્રાગભાવની સાથે ન રહેવાવાળા દુઃખધ્વંસના રૂપમાં ઉદ્દેશ્ય છે. દુઃખથી અમિશ્રિત સુખની જેમ તે પણ પુરુષપ્રયત્નથી સાધ્ય થાય છે, એવું કહેવામાં આવ્યું છે.

(૬) **પ્રશ્ન :—**આ કથનથી આ મત ખંડિત થાય છે કે - 'દુઃખધ્વંસ જ મોક્ષ છે. આ પ્રકારે બધા દુઃખોના ધ્વંસોના સમૂહની અવસ્થામાં મોક્ષ શબ્દનો પ્રયોગ થાય છે પ્રત્યેક પુરુષના દુઃખોના નાશનો સમૂહ વ્યક્તિગત હોય છે. જે રીતે તેજના અભાવનો સમૂહ રહેવાથી અંધકાર શબ્દનો પ્રયોગ થાય છે તે પ્રકારે સમૂહ થવાને લીધે જ ''બે'' આ બુદ્ધિ, વ્યવહાર અને પ્રવૃત્તિ પણ સમૂહ અર્થમાં થાય છે.

**ઉત્તર :—**કારણ સમૂહ સાધ્ય નથી. મેલકને અભિન્ન માનવાથી અતિવ્યાપ્તિ થશે, ભિન્ન માનવાથી અન્ય વસ્તુનો ધ્વંસ અવશ્ય થાય છે, અને અજન્ય પુરુષાર્થ થઈ શકતો નથી. અંધકારના વિષયમાં ''તેજનો અભાવ'' સમુદાયમાં જ અંધકારપદનો પ્રયોગ થાય છે.

**अन्धतमसादौ तथा सम्वलन एव प्रयोगात् । *एतेन* संस्काराजनकभोगविषयदुःखध्वंसः संस्कारा-जनकानुभवभध्वंसो वा मुक्तिः, न चातिव्याप्तिः, जनकत्वस्याजनयत्यपि भावादिति निरस्तम् । अपुरुषार्थत्वात् ।**

**( ७ ) *अन्ये* तु दुःखप्रागभावसहवृत्तिदुःखसाधनध्वंसो मोक्षः लोकेऽहिकण्ट-कादिनाशस्य वैदिके प्रायश्चित्तादौ पापनाशस्यानन्यगतिकतया दुःखसाधनध्वंसत्वेन पुरुषार्थत्वात् । *अथा*हिकण्टकादि पापं वा नाश्यताम्, तेन तज्जन्यं दुःखं न भवतीति दुःखानुत्पादमुद्दिश्य प्रवृत्तेर्दुःखानुत्पाद एव प्रयोजनम्, न तु दुःखसाधनाभावः सुख-दुःखाभावेतरत्वादिति *चेत्* । न । दुःखानुत्पादस्य प्रागभावत्वेनानादितया असाध्य-त्वात् । न च तत्पालनं साध्यम्, पालनं हि न तत्स्वरूपं तस्यासाध्यत्वात् । नोत्तरसमय-सम्बन्धः, अभावे सम्बन्धिद्वयातिरिक्तस्य तस्याप्रामाणिकत्वात् अनभ्युपगमाच्च । नापि सम्बन्धिद्वयस्वरूपं साध्यम्, प्रागभावस्यापि असाध्यत्वात् समयतदुपाध्योश्च प्रयत्नं विनैव सिद्धेः । अथ दुःखे द्वेषाद्यथा तदभावे इच्छा तथा दुःखसाधने द्वेषात् तदभावेऽपि इच्छा, तया तत्साधने प्रवृत्तिरिति चेत्, न । यदिच्छया यत्साधने यस्य प्रवृत्तिस्तस्यैव तत्प्रयोजनत्वमिति दुःखसाधनाभावस्यैव प्रयोजनत्वात् । *अथ* चिकीर्षायोनिप्रयत्ने**

---

**પ્રશ્ન :–**તેનાથી જ 'સંસ્કારને ઉત્પન્ન ન કરવાવાળો ભોગ વિષય દુઃખધ્વંસ અથવા સંસ્કારને ઉત્પન્ન ન કરવાવાળા અનુભવનો ધ્વંસ મુક્તિ છે. આ લક્ષણની અતિવ્યાપ્તિ નથી. જે ઉત્પન્ન નથી કરી રહ્યો, તેમાં પણ જનકતા રહે છે–

**ઉત્તર :–**આ વાત ખંડિત થાય છે, કારણ કે, ઉપર્યુક્ત ધ્વંસ પણ પુરુષાર્થ નથી.

(૭) બીજા લોકો કહે છે કે, દુઃખના પ્રાગભાવની સાથે ન રહેવાવાળા દુઃખના કારણોનો ધ્વંસ જ મુક્તિ છે. લોકવ્યવહારમાં કાંટાઓ ઇત્યાદિ દુઃખ સાધનના નાશને અને વૈદિક સ્થળમાં પાપનાશને ન છૂટકેથી પુરુષાર્થ માનવામાં આવે છે.

**પ્રશ્ન :–**જો સર્પ-કાંટાઓનો અથવા પાપોનો નાશ થાય, જેથી કરીને, તેનાથી ઉત્પન્ન થવાવાળાં દુઃખ નથી થતા, આ પ્રકારની દુઃખની અનુત્પત્તિના ઉદ્દેશ્યથી પ્રવૃત્તિ થવાને કારણે દુઃખની અનુત્પત્તિ જ પ્રયોજન છે. દુઃખ સાધનોનો અભાવ પ્રયોજન નથી, કારણ કે-તે સુખ અને દુઃખાભાવ બન્નેથી જ ભિન્ન છે.

**ઉત્તર :–**પરંતુ આ મત પણ યોગ્ય નથી, કારણ કે દુઃખની અનુત્પત્તિ પ્રાગભાવ સ્વરૂપ હોવાથી અનાદિ હોવાને કારણે સાધ્ય નથી અને તેનું પાલન કરવું પણ સાધ્ય નથી, કારણ કે તે તેનું સ્વરૂપ નથી. કારણ કે તે સાધ્ય નથી અને ઉત્તરસમયસંબંધ પણ મોક્ષ નથી. બે સમ્બન્ધિઓથી ભિન્ન ઉત્તર સમયના વિષયમાં કોઈ પ્રમાણ નથી અને સ્વીકાર્ય પણ નથી. બે સંબંધીઓનું સ્વરૂપ પણ સાધ્ય નથી. પ્રાગભાવ પણ સાધ્ય ન થવાથી કાલ (સમય) અને તેની ઉપાધિ પ્રયત્ન વગર જ

**प्रयोजनज्ञानापेक्षा, तेन विनोपाये चिकीर्षाविरहात्, न तु द्वेषयोनियत्ने अनिष्ट-साधनताज्ञानादहिकण्टकादौ द्वेष्ये द्वेषात् तन्नाशानुकूलो यत्न उत्पद्यते, अयमेव हि द्वेषस्वभावो यत्प्रतिबन्धकं विना स्वविषयनाशानुकूलं यत्नमुत्पादयति, अन्यथा प्रयत्नद्वैविध्यानुत्पपत्तेः । अत एव फलं विनैवोत्कटक्रोधान्धानां आत्मघाते प्रवृत्तिरिति *चेत्* । न । प्रयोजनमनुद्दिश्य द्वेषमात्रात् दुःखैकफलके प्रेक्षावतां प्रयत्नानुत्पादात् क्रोधान्धानामपि तात्कालिकः फलाभिमानोऽस्त्येव उत्कटरागान्धानामिव परदारा-दावपि प्रवृत्ताविति ।**

**( ८ ) *तन्न* । दुःखं मे मा भूदित्युद्दिश्य प्रायश्चित्तादौ प्रवृत्तेर्दुःखानुत्पादस्यैव प्रयोजनत्वात् । न च प्रागभावस्यासाध्यत्वम्, दुःखसाधनविघटनद्वारा तस्यापि कृतिसाध्यत्वात् । दुःखसाधनसमवधानदशायां कृतौ सत्यां दुःखसाधननाशे**

---

સિદ્ધ છે.

**પ્રશ્ન :—**દુઃખથી દ્વેષ થવાથી તેના નાશના વિષયમાં ઇચ્છા થાય છે, તે પ્રકારે દુઃખના સાધનથી દ્વેષ થવાથી તેના અભાવના વિષયમાં ઇચ્છા થાય છે અને આ ઇચ્છાને કારણ તેના કારણમાં પ્રવૃત્તિ થાય છે.

**ઉત્તર :—**આ કથન પણ સ્વીકાર્ય નથી. કારણ કે જે સાધનમાં પ્રવૃત્તિ થાય છે, તે જ તેનું પ્રયોજન થાય છે. આ પ્રકારે દુઃખ સાધનનો નાશ જ તેનું પ્રયોજન અથવા ઉદ્દેશ્ય થાય છે.

**પ્રશ્ન :—**ચિકીર્ષા જેનું કારણ છે એવા પ્રયત્નને માટે પ્રયોજન જ્ઞાનની અપેક્ષા થાય છે. કારણ કે તેના વગર ઉપાયના વિષયમાં ચિકીર્ષા અર્થાત્ કરવાની ઇચ્છા થતી નથી. દ્વેષ જેનું કારણ છે, એવા પ્રયત્નને માટે ઇચ્છા ઉત્પન્ન થતી નથી. 'આ મારા અનિષ્ટ (કષ્ટ)નું સાધન છે,' એવું જ્ઞાન થવાથી સર્પ અને કાંટાઓ વગેરે જે દ્વેષ યોગ્ય છે, તેના વિષયમાં દ્વેષ ઉત્પન્ન થવાથી તેના વિનાશને અનુકૂળ પ્રયત્ન થાય છે. કારણ કે દ્વેષનો આ જ સ્વભાવ છે કે તે પ્રતિબંધક વગર પોતાના વિષયમાં નાશને માટે અનુકૂળ પ્રયત્નને ઉત્પન્ન કરે છે. નહીંતર બે પ્રકારનાં પ્રયત્ન સિદ્ધ નહીં થાય. તેથી ફળ વગર જ અતિક્રોધિત લોકની આત્મહત્યામાં પ્રવૃત્તિ થાય છે.

**ઉત્તર :—**આ વાત યોગ્ય નથી. કારણ કે પ્રયોજનના ઉદ્દેશ્ય વગર દ્વેષમાત્રથી પ્રયત્ન ઉત્પન્ન નથી થતો. ક્રોધાન્ધ લોકોમાં પણ તે સમયે ફલાભિમાન રહેલું જ છે. જેમ ઉત્કટ વાસનાન્ધ લોકોની પરસ્ત્રીના વિષયમાં પ્રવૃત્તિ થાય છે.

**( ૮ ) अन्ये तु** કારનો આ મત યોગ્ય નથી. કારણ કે ''મને દુઃખ ન થાય.'' આ ઉદ્દેશ્યથી પ્રાયશ્ચિતાદિમાં લોકોની પ્રવૃત્તિ થાય છે, કારણ કે દુઃખની ભવિષ્યની અનુત્પત્તિ જ તેનું પ્રયોજન થાય છે.

**પ્રશ્ન :—**પ્રાગભાવ અસાધ્ય છે.

**ઉત્તર :—**આ વાત યોગ્ય નથી, દુઃખસાધનના વિઘટનના દ્વારા તે પણ મનુષ્યના પ્રયત્નથી

**सत्यग्रिमसमये प्रागभावस्वरूपमस्ति तेन विना नास्तीत्यन्वयव्यतिरेकयोस्तत्र सत्त्वात् । घटेऽपि कृतौ सत्यामग्रिमक्षणे तत्सत्त्वं तया विना नेत्येव कृतिसाध्यत्वम्, न तु प्रागसतोऽग्रिमक्षणे सत्त्वमुत्पत्तिः गौरवात् । ( प्र. ) कृतिं विना न यत्स्वरूपं तत्कृति-साध्यं प्रागभावस्वरूपन्तु न तथेति चेत् । न । कृतिध्वंसेऽपि घटसत्त्वेनाग्रिमक्षण इत्यावश्यकत्वात् । अत एव योगवत्क्षेमस्याप्यनागतानिष्टानुत्पादजनकस्य परीक्षक-प्रवृत्तिविषयत्वमिति वक्ष्यते निषेधापूर्वप्रस्तावे ।**

**( ९ ) *ननु* प्रायश्चित्तनाश्यपापजन्यदुःखस्य प्रागभावो यद्यस्ति तदा दुःखमावश्यकं तस्य प्रतियोगिजनकत्वनियमात्, नास्ति चेत् तर्हि तदभावादेव दुःखानुत्पाद इत्युभयथापि प्रायश्चित्तमफलम्, तस्माद् दुःखसाधनध्वंसमुखेन प्रागभावस्य साध्यतेति तत्रैव कृतिसाध्यत्वपर्यवसानाद् दुःखसाधनध्वंस एव पुरुषार्थो न तु दुःखानुत्पादार्थितयेति तत्र प्रागभावसत्त्वासत्त्वविचारो वायसदशनविचारवत् । *अथ* तदापि प्रागभावस्यासत्त्वे तदभावात् पापं न दुःखसाधनमिति तन्नाशार्थं प्रवर्त्तेत**

---

સાધ્ય છે, દુઃખના કારણના ઉપસ્થિત થવાથી પ્રયત્ન થવાથી દુઃખ સાધનનો વિનાશ થવાની સ્થિતિમાં આગામી સમયમાં પ્રાગભાવની સ્થિતિ થાય છે. તેના વગર થતી નથી. આ પ્રકારે અન્વયે અને વ્યતિરેક ત્યાં પણ ઉપલબ્ધ થાય છે. ઘટના વિષયમાં પણ પ્રયત્ન કરવાથી આગામી ક્ષણોમાં ઘટ ઉત્પન્ન થાય છે. અને પ્રયત્ન ન કરવાથી ઉત્પન્ન નથી થતો. આ જ તેનું કૃતિથી સાધ્ય થવું છે. પહેલાં નહોતો અને અગ્રિમ ક્ષણોમાં થયો તેને ઉત્પત્તિ માનવી તે વાત માનવામાં ગૌરવ દોષ છે.

**પ્રશ્ન :—**પ્રયત્ન વગર જેનું સ્વરૂપ ઉપલબ્ધ નથી થતું તે પ્રયત્નસાધ્ય થાય છે. પ્રાગભાવનું સ્વરૂપ પ્રયત્નથી ઉપલબ્ધ નથી થતું.

**ઉત્તર :—**આમ કહેવું સમીચીન (સંપૂર્ણ યોગ્ય) નથી. કારણ કે પ્રયત્નના સમાપ્ત થઈ જવાથી પણ ઘટનું અસ્તિત્વ થવાથી અગ્રિમ ક્ષણ આ કથન આવશ્યક છે. એટલા માટે યોગની જેમ ક્ષેમ પણ જે અનાગત અનિષ્ટની અનુત્પત્તિનું કારણ છે તે પણ પરીક્ષકની પ્રવૃત્તિનો વિષય થાય છે. આ વાત નિષેધાપૂર્વના પ્રસ્તાવમાં કહેવામાં આવશે.

**( ૯ ) ( પૂર્વપક્ષ )** અહીંયા પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે—જો પ્રાયશ્ચિતથી નષ્ટ થવાવાળા પાપથી ઉત્પન્ન દુઃખનો પ્રાગભાવ છે તો દુઃખ આવશ્યક રૂપથી ઉત્પન્ન થશે. કારણ કે 'પ્રાગભાવ પોતાના પ્રતિયોગીનો જનક થાય છે' આ નિયમ છે. જો નથી તો તેના ન થવાથી જ દુઃખની ઉત્પત્તિ નહીં થાય, આ પ્રકારે બન્ને સ્થિતિમાં પ્રાયશ્ચિત વ્યર્થ છે. તેનું કોઈ ફળ નથી તેથી દુઃખના કારણના વિનાશના માધ્યમથી પ્રાગભાવ સાધ્ય છે. તેમાં કૃતિસાધ્યતાનું પર્યવસાન થવાથી દુઃખસાધનધ્વંસ જ પુરુષાર્થ છે, (તે) દુઃખની અનુત્પતિના કારણના રૂપમાં નથી તેથી તેમાં પ્રાગભાવ રહેવા અને ન રહેવાનો વિચાર કાકદન્ત વિચારની જેમ નિરર્થક છે.

**तस्य सत्त्वे च पापमादायैव तस्य दुःखोत्पादकत्वनियमात् प्रायश्चित्ते सत्यपि गलेपादिकया पापावस्थानमिति न ततः पापनाश इति *चेत्* । न । प्रागभावस्यासत्त्वेऽपि दुःखसाधनजातीयनाशस्य पुरुषार्थत्वात्, सत्त्वेऽपि पापान्तरमादायापि तस्य दुःखजनकत्वसम्भवात् । प्रायश्चित्तात्पापनाशः स्यादेवेति प्रागभावसत्त्वासत्त्वसन्देहेऽपि प्रायश्चित्तादौ प्रवृत्तिरप्रत्यूहैवेति ।**

**( १० ) *उच्यते* । तत्र दुःखप्रागभावोऽस्त्येव तस्यैव दुःखानुत्पादरूपत्वेन पुरुषार्थत्वात् । स च पापनाशद्वारा प्रायश्चित्तसाध्य इति प्रागभावसत्त्वेऽपि न निष्फलं प्रायश्चित्तम् । ( शं ) तेन प्रागभावेन दुःखमवश्यं जननीयमिति चेत् सत्यम्, किन्तु पापान्तरमासाद्य । न चैवं प्रायश्चित्तमफलम्, दुःखानुत्पादेन तस्य सफलत्वात् । ( शं. )**

---

**પ્રશ્ન :—**તે અવસ્થામાં પ્રાગભાવ ન રહેવાથી પ્રાગભાવ થવાથી પાપ દુઃખનું સાધન નથી, તેથી તેના નાશને માટે પુરુષની પ્રવૃત્તિ નહીં થાય અને તેના (પ્રાગભાવ) રહેવાથી 'પાપને લઈને જ તે દુઃખનું ઉત્પાદક થાય છે.' એ નિયમ હોવાથી પ્રાયશ્ચિત્ત કરવાથી પણ તે ગળામાં લટકતી પાદુકાની જેમ વ્યર્થ છે, તેનાથી પાપનો નાશ નહીં થાય.

**ઉત્તર :—**આ વાત ઉચિત નથી. કારણ કે પ્રાગભાવના ન થવાથી પણ દુઃખસાધનના સજાતીયનો નાશ પુરુષાર્થ છે. અને પ્રાગભાવ થવાથી પણ બીજા પાપને લઈને તેના દુઃખનું કારણ હોવું (થવું) સંભવ છે. પ્રાયશ્ચિત્તથી પાપનાશ થાય જ છે, તેથી પ્રાગભાવના હોવા ન હોવાનો સંદેહ થવાથી પણ પ્રાયશ્ચિતમાં પ્રવૃત્તિ થાય જ છે.

**( १० ) ( उत्तर पक्ष )** ઉત્તર એ છે કે - ત્યાં પ્રાગભાવ વિદ્યમાન જ છે, તે દુઃખની અનુત્પત્તિ (રૂપ) હોવાથી પુરુષાર્થ છે. તે પાપનાશ દ્વારા પ્રાયશ્ચિત સાધ્ય છે. તે પ્રકારે પ્રાગભાવ થવાથી પણ પ્રાયશ્ચિત નિષ્ફળ નથી.

**પ્રશ્ન :—**ત્યારે તો પ્રાગભાવથી દુઃખ અવશ્ય ઉત્પન્ન થવું જોઈએ.

**ઉત્તર :—**આ વાત સત્ય છે પરંતુ બીજા પાપને લઈને.

**પ્રશ્ન :—**આ પ્રકારે પ્રાયશ્ચિત વ્યર્થ છે.

**ઉત્તર :—**એવું નથી. દુઃખની અનુત્પતિ દ્વારા તે પણ સફળ છે.

**પ્રશ્ન :—**દુઃખની અનુત્પત્તિનું, બીજા દુઃખની અનુત્પત્તિ જ ફળ છે, તે ત્યાં નથી, તેથી તે ફળરહિત છે.

**ઉત્તર :—**આ વાત યોગ્ય નથી. કારણ કે તે (દુઃખની અનુત્પત્તિ) સ્વરૂપમાં જ પુરુષાર્થ છે. અને (દુઃખની અનુત્પત્તિનું બીજા દુઃખની અનુત્પત્તિ ફળ છે, એમ માનવામાં) અનવસ્થા પણ થાય છે, તેથી ''આ પાપથી મને દુઃખ ન થાય.'' આ પ્રકારે વિદ્યમાન પાપના નાશને માટે પ્રાયશ્ચિત કરવામાં પ્રવૃત્તિ થાય છે.

**न च दुःखानुत्पादस्यापि दुःखानुत्पादान्तरमेव फलम्, तच्च तत्र नास्तीत्यफलत्वम्, (उ.) स्वरूपसत एव तस्य पुरुषार्थत्वात् अनवस्थानाच्च । अतोऽनेन पापेन दुःखं मे मा भूदिति विद्यमानपापनाशार्थं प्रायश्चित्ते प्रवृत्तिः ।**

**(११) *एतेन* चीर्णप्रायश्चित्ते दुःखप्रागभावो नास्त्येव, अन्यथा तस्य प्रतियोगिनाश्यत्वेनानिर्मोक्षप्रसङ्गात्, न च प्रायश्चित्तवैफल्यं, न वा भगवतो दुःखाप-कर्मोपदेशकत्वेनानाप्तत्वम्, तस्य पापध्वंसेनैव सफलत्वात्, प्रागभावानिश्चयेऽपि नरकसाधनपापनिश्चयात् तन्नाशार्थं प्रवृत्तिरित्यपास्तम् । दुःखसाधनध्वंसस्य स्वतोऽपुरुषार्थत्वात् । पापान्तरेण तत्प्रतियोगिजनने तन्नाशात् । तस्माद्दुःखं मे मा भूदित्युद्दिश्य तत्साधनध्वंसार्थं प्रवृत्तिरिति दुःखानुत्पाद एव पुरुषार्थो, न तु दुःखसाधनध्वंस इति स्थितम् । अपि च न तावद् दुःखमयसंसारबीजमिथ्याज्ञानस्य ध्वंसो मुक्तिः तत्त्वज्ञानात् तन्नाशेऽपि शरीरधर्मादिसत्त्वदशायां मुक्तिप्रसङ्गात् । नापि शरीरेन्द्रियबुद्ध्यादितन्निदानधर्माधर्मध्वंसः, अचीर्णप्रायश्चित्तकर्मणां भोगैकनाश्यत्वेन तत्त्वज्ञानानाश्यत्वाद्, भोगद्वारा तन्नाशस्य चापुरुषार्थत्वादिति ।**

**(१२) *अपरे तु* दुःखात्यन्ताभावो मुक्तिः, यद्यपि परदुःखात्यन्ताभावः स्वतः**

---

**(૧૧) પ્રશ્ન :—**તેનાથી પ્રાયશ્ચિત કરવાથી દુઃખ પ્રાગભાવ રહેતો જ નથી, અન્યથા તેનો પ્રતિયોગી (દુઃખ)ના દ્વારા નાશ થવાથી અનિર્મોક્ષ પ્રસંગ થશે. 'પ્રાયશ્ચિત્ત વિફળ નથી અથવા દુઃખ અપકર્મથી થાય છે.' આ ઉપદેશ કરવાવાળા ભગવાન્ અનાપ્ત પણ નથી. પાપધ્વંસરૂપ ફળ દ્વારા જ તે (પ્રાયશ્ચિત) સફલ છે. પ્રાગભાવનો નિશ્ચય ન થવા છતાં પણ ''પાપ નરકનું સાધન છે.'' એ નિશ્ચય થવાથી તેના નાશને માટે પ્રવૃત્તિ થાય છે.

**ઉત્તર :—**આ વાત પણ ખોટી છે, કારણ કે દુઃખસાધનનો ધ્વંસ સ્વયં પુરુષાર્થ નથી. (તે એટલા માટે કે) બીજા પાપથી તેના વિરોધીના ઉત્પન્ન થવાથી તેનો નાશ થાય છે. આથી ''મને ભવિષ્યમાં દુઃખ ન થાય'' એ ઉદ્દેશ્યને કારણે દુઃખસાધનના નાશ માટે પ્રવૃત્તિ થાય છે. તેથી દુઃખની અનુત્પત્તિ જ પુરુષાર્થ છે, દુઃખસાધનનો ધ્વંસ સ્વયં પુરુષાર્થ નથી, એ સિદ્ધ છે અને બીજી વાત એ છે કે—દુઃખમય સંસારના બીજ મિથ્યાજ્ઞાનનો નાશ પણ મુક્તિ નથી, કારણ કે તત્વજ્ઞાનથી તેનો નાશ થવા છતાં પણ શરીર ધર્મો વિદ્યમાન હોવા છતાં પણ મુક્તિ માનવી પડશે અને શરીર, ઈન્દ્રિય, બુદ્ધિ વગેરે તથા તેના કારણો ધર્મ-અધર્મનો ધ્વંસ પણ મુક્તિ નથી. પ્રાયશ્ચિતથી જે કર્મ ક્ષીણ નથી થયા તેનો ભોગથી નાશ થવાને કારણે તે તત્ત્વજ્ઞાન દ્વારા જ નષ્ટ નથી થતાં, આથી ભોગ દ્વારા તેનો નાશ પુરુષાર્થ નથી.

**(૧૨) (પૂર્વપક્ષ) :—**બીજા કેટલાક લોકો માને છે કે દુઃખનો અત્યન્તાભાવ મુક્તિ છે.

**પ્રશ્ન :—**જો કે બીજાઓના દુઃખનો અત્યન્તાભાવ સ્વાત્મામાં સિદ્ધ જ છે, સ્વદુઃખનો

**सिद्ध एव, स्वदुःखात्यन्ताभावः स्वात्मन्यसम्भवी घटादावतिप्रसक्तोऽसाध्यश्च । तथापि दुःखसाधनध्वंस एव स्ववृत्तिदुःखात्यन्ताभावसम्बन्धः स च साध्य एव । (प्र.) न चैवमावश्यकत्वेन स एव मुक्तिः, (उ.) तस्य स्वतोऽपुरुषार्थत्वेन दुःखाभावमुद्दिश्य तत्र प्रवृत्तेः 'दुःखेनात्यन्तं विमुक्तश्चरति' इत्यत्रात्यन्ताभावत्वेन मुक्तिश्रवणाच्च । यद्यपि दुःखसाधनध्वंसो न पुरुषार्थोऽत्यन्ताभावश्च न साध्यस्तथापि विशिष्टस्य पुरुषार्थत्वं विशेषणसाध्यत्वेन विशिष्टसाध्यत्वञ्च । अहिकण्टकादिनाशस्यापि तत्तद्व्यक्ति-साध्यदुःखात्यन्ताभावमुद्दिश्य तत्सम्बन्धत्वेनैव साध्यतेति ।**

**( १३ )** *तन्न* **। अधर्मादिदुःखसाधनध्वंसस्य न मुक्तिनिर्वाहकत्वं इत्युक्तत्वात् । किञ्च नानागतस्ववृत्तिदुःखस्यात्यन्ताभावसम्बन्धः साध्यः मुक्तस्यानागतस्ववृत्तिदुःख-स्यानभ्युपगमाद्, अभ्युपगमे वा अमुक्तत्वापातात्, अत्यन्ताभावसम्बन्धविरोधाच्च ।**

---

અત્યન્તાભાવ સ્વાત્મામાં સંભવ જ નથી, તથા ઘટાદિમાં દુઃખાત્યન્તાભાવ અતિપ્રસક્ત છે, તથા તે અસાધ્ય છે.

**ઉત્તર :—**છતાં પણ દુઃખસાધન ધ્વંસ થવાથી સ્વાત્મવૃત્તિ દુઃખાત્યન્તાભાવનો સંબંધ થાય છે, જે સાધ્ય જ છે.

**પ્રશ્ન :—**આવશ્યક થવાથી તે જ મુક્તિ છે.

**ઉત્તર :—**એ યોગ્ય નથી, કારણ કે તે સ્વયં પુરુષાર્થ નથી. દુઃખાભાવના પ્રયોજનથી તેમાં પ્રવૃત્તિ થાય છે, અને કારણ કે-**દુઃखेनात्यन्तं विमुक्तश्चरति**- આ શ્રુતિમાં દુઃખાત્યન્તાભાવ મુક્તિ છે. એવું કહેવામાં આવ્યું છે.

**પ્રશ્ન :—**જોકે દુઃખસાધનધ્વંસ પુરુષાર્થ નથી અને દુઃખાત્યન્તાભાવ સાધ્ય નથી.

**ઉત્તર :—**છતાં પણ વિશિષ્ટ અર્થાત્ દુઃખસાધનધ્વંસથી યુક્ત દુઃખનો અત્યન્તાભાવ પુરુષાર્થ છે, કારણ કે વિશેષણ સાધ્ય હોવાને લીધે વિશિષ્ટ પણ સાધ્ય થાય છે. દુઃખસાધનધ્વંસા ભાવ વિશિષ્ટ દુઃખાત્યન્તાભાવ અહીંયા દુઃખ સાધનધ્વંસ વિશેષણ છે, જે સાધ્ય છે. સર્પ-કાંટાઓ વગેરેનો વિનાશ પણ પ્રત્યેક ભિન્ન વ્યક્તિના દુઃખાત્યન્તાભાવના ઉદ્દેશ્યથી તેના સંબંધના રૂપમાં સાધ્ય છે.

**( १३ ) ( उत्तरपक्ष ) :—**આ યોગ્ય નથી, કારણ કે અધર્મ વગેરે દુઃખના સાધનોનો ધ્વંસ મુક્તિનું કારણ નથી, એ કહેવાઈ ગયું છે. બીજી વાત એ છે કે અનાગત સ્વવૃત્તિ દુઃખના અત્યન્તાભાવ સમ્બન્ધ સાધ્ય નથી. કારણ કે મુક્તિમાં અનાગત સ્વવૃત્તિ દુઃખ સ્વીકાર્યું નથી. સ્વીકાર કરવાથી મુક્ત જ નહીં થાય અને અત્યન્તાભાવનો સંબંધ સ્વીકારવામાં વિરોધ છે. ઉત્પન્ન સ્વવૃતિદુઃખનો અત્યન્તાભાવ પણ નથી, કારણ કે ઉત્પન્નના રહેવાથી ત્યાં અત્યન્તાભાવની સાથે વિરોધ છે. તેનો અત્યન્તાભાવનો અભાવ સ્વતઃ સિદ્ધ છે. અને અતીત દુઃખનો અભાવ કોઈ પણ

**नाप्युत्पन्नस्य स्ववृत्तिदुःखस्य, तद्वृत्तेस्तत्रात्यन्ताभावविरोधात्, तदभावस्य स्वतःसिद्धत्वाद्, अतीतदुःखाभावस्यानुद्देश्यत्वाच्च । नापि परकीयदुःखस्यात्यन्ताभावसम्बन्धः, तस्य स्वतःसिद्धत्वात् । अपि च दुःखसाधनध्वंसस्य नात्यन्ताभावसम्बन्धत्वे मानमस्ति । (शं) दुःखसाधनध्वंसादावस्य दुःखस्यात्यन्ताभाव इति बुद्धिव्यपदेशौ स्त इति चेत् । न । तस्य समानाधिकरणदुःखासमानकालदुःखाभावविषयत्वेनाप्युपपत्तौ अतिरिक्तसम्बन्धाविषयत्वात् ।**

**(१४) एतेन सर्वदुःखप्रागभावसंसर्गाभावो मुक्तिः, घटादेश्च न मुक्तत्वम् दुःखसाधनध्वंसविशेषितैतद्योगिनो मुक्तपदार्थत्वात् । तथैव व्यवहाराद् योगरूढिभ्यां पङ्कजादिपदवाच्यत्ववदिति *निरस्तम्* । प्रागभावसंसर्गाभावस्य स्वतोऽनुद्देश्यत्वात् प्रत्युतात्यन्ताभावस्यासाध्यत्वेन ध्वंसरूपत्वेन तस्य दुःखरूपतया हेयत्वात् ।**

**(१५) <u>प्राभाकरा</u>स्तु आत्यन्तिकदुःखप्रागभावो मुक्तिः । न च तस्यानादित्वेन सिद्धत्वादपुरुषार्थत्वम्, कदाचित् कृत्यनपेक्षत्वेऽपि प्रतियोगिजनकाधर्मनाशमुखेन तस्य कृतिसाध्यत्वात्, कृत्यधीनतत्त्वज्ञानादधर्मनाशे सत्यग्रिमसमये दुःखप्रागभाव-**

---

વ્યક્તિનો ઉદ્દેશ્ય થઈ શકતો નથી અને બીજાનાં દુઃખનો અત્યન્તાભાવ સંબંધ પણ સાધ્ય નથી કારણ કે તે સ્વતઃ સિદ્ધ છે, અને બીજી વાત એ છે કે દુઃખસાધનધ્વંસ અત્યન્તાભાવનો સંબંધ છે, તેના માટે કોઈ પ્રમાણ નથી.

**પ્રશ્ન :—**દુઃખસાધનધ્વંસમાં દુઃખાત્યન્તાભાવની પ્રતીતિ અને વ્યવહાર થાય છે.

**ઉત્તર :—**આ કથન સમીચીન (સંપૂર્ણ સત્ય) નથી કારણ કે તે પ્રતીતિને સહવર્તિ દુઃખના અસમાનકાલીન દુઃખાભાવ વિષયક માનવાથી પણ સમાધાન થાય છે, (તેથી) અતિરિક્ત સંબંધનો વિષય નથી.

**(૧૪) પ્રશ્ન :—**તેનાથી બધા દુઃખ પ્રાગભાવસંબંધીનો અભાવ મુક્તિ છે. ઘટાદિ મુક્ત નથી. દુઃખસાધનધ્વંસથી યુક્ત સર્વદુઃખપ્રાગભાવ સંસર્ગાભાવથી યુક્ત પુરુષ મુક્ત છે. તેનામાં મુક્તનો વ્યવહાર થાય છે. યોગ અને રૂઢિ બન્નેથી પંકજ પદ વાચ્યની જેમ તેનામાં મુક્ત શબ્દનો વ્યવહાર થાય છે.

**ઉત્તર :—**આ મત ખંડિત થાય છે, કારણ કે પ્રાગભાવ સંસર્ગનો અભાવ સ્વયં ઉદ્દેશ્ય નથી, પરંતુ અત્યન્તાભાવ અસાધ્ય થવાથી અને તે ધ્વંસરૂપ થવાથી દુઃખરૂપ થવાને કારણે ત્યાજ્ય છે.

**(૧૫) પૂર્વપક્ષ :—**પ્રાભાકરોના મત અનુસાર આત્યન્તિક દુઃખપ્રાગભાવ મુક્તિ છે. તે અનાદિ હોવાથી પુરુષાર્થ નથી, એવું નથી. કદાચિત્ તે પ્રયત્ન નિરપેક્ષ હોવાથી પ્રતિયોગી (દુઃખ)ના કારણ અધર્મના નાશ દ્વારા તે પણ કૃતિસાધ્ય છે, કૃતિથી ઉત્પન્ન તત્વજ્ઞાનથી અધર્મ (પાપ)નો નાશ થવાથી આગામી સમયમાં દુઃખપ્રાગભાવ સ્વરૂપ છે, કારણ કે તેના વગર અધર્મથી

**स्वरूपमस्ति, तया विना अधर्मेण दुःखजननान्न तत्प्रागभावस्वरूपमस्तीति घटवत् कृतिसाध्यत्वात् । व्यवस्थापितञ्च त्वया प्रागभावस्य कृतिसाध्यत्वमहिकण्टकादिनाश-प्रायश्चित्तक्षेमार्थिप्रवृत्तिस्थले । *न चैवं* युगपदधर्मध्वंस एव मुक्तिः प्रागभावस्या-नादितया विवक्षितविवेकेन तत्रैव कृतिसाध्यत्वपर्यवसानादिति *वाच्यम्* । अधर्मध्वंसस्य स्वतोऽपुरुषार्थत्वात् । दुःखानुत्पादहेतुत्वेनैव तस्य प्रयोजनता वाच्या सा च कथमसाध्यत्वे प्रागभावस्य स्यादिति ? । अत एव [1]दुःखजन्मेत्यादिसूत्रमपि सङ्गच्छते । अन्यथा मिथ्याज्ञानाद्यनुत्पादानां दुःखानुत्पादाहेतुत्वेनासङ्गतं स्यादित्या*स्थिषतेति* ।**

**( १६ ) तददतिस्थवीयः । तथा ह्यस्तु प्रागभावस्य साध्यत्वं तथापि तस्य प्रतियोगिजनकत्वनियमान्मुक्तस्यापि दुःखोत्पादप्रसङ्गः । ( शं ) अधर्मशरीरादि-सहकारिविरहान्न दुःखोत्पाद इति चेत्, ( उ ) तर्ह्युत्तरावधिविधुरत्वेनानादेरत्यन्ता-भावत्वापत्तौ प्रागभावत्वव्याकोपः । ( शं ) प्रतियोगिजनकनाश्यजातीयत्वेन तत्र प्रागभावव्यपदेशो, वस्तुतो नित्य एव स इति चेत् । न । नित्यत्वेनात्यन्ताभावरूपतया**

---

દુઃખ ઉત્પન્ન થવાથી તેનો પ્રાગભાવ ત્યાં નથી. આ પ્રકારે તે ઘટની જેમ જ પ્રયત્ન સાધ્ય છે અને આપે પણ સર્પ કાંટાઓનો વિનાશ પ્રાયશ્ચિત્તથી ક્ષેમને માટે પ્રવૃત્તિ સ્થળમાં પ્રાગભાવને કૃતિ-સાધ્યના રૂપમાં સ્વીકાર કર્યો છે.

**પ્રશ્ન :—**એમ ન કહેવું જોઈએ કે યુગપદ્ અધર્મધ્વંસ જ મુક્તિ છે. પ્રાગભાવ અનાદિ હોવાથી વિવક્ષિત વિવેકથી તેનામાં કૃતિસાધ્યતા ઘટિત થાય છે.

**ઉત્તર :—**કેમ કે અધર્મ ધ્વંસ સ્વયં પુરુષાર્થ નથી. દુઃખની અનુત્પત્તિ દ્વારા જ તેની ઉપયોગિતા કહેવી જોઈએ, અને પ્રાગભાવના અસાધ્ય થવાથી તે કઈ રીતે થઈ શકે છે ? તેથી ''दुःखजन्म'' વગેરે સૂત્ર પણ સંગત થાય છે. અન્યથા મિથ્યાજ્ઞાનાદિકોની અનુત્પતિ દુઃખની અનુત્પત્તિમાં કારણ ન થવાથી સૂત્રની અસંગતિ થશે.

**(૧૬) ઉત્તરપક્ષ :—**બરાબર છે. પ્રાગભાવ સાધ્ય છે, છતાં પણ તે પ્રતિયોગીના ઉત્પત્તિનું કારણ થવાથી મુક્તને પણ દુઃખની ઉત્પત્તિ થવાની સંભાવના રહેશે.

**પ્રશ્ન :—**અધર્મ અને શરીર આદિ અન્ય સાધન ન રહેવાથી મુક્તને દુઃખની ઉત્પતિ નહીં થાય. જો એમ કહીએ તો.....

**ઉત્તર :—**ઉત્તર અવધિ ન થવાથી તે અનાદિ હોવાથી અત્યન્તાભાવ થશે, પ્રાગભાવ નહીં.

**પ્રશ્ન :—**પ્રતિયોગીનું કારણ નાશ્ય જાતિ વાળું હોવાથી તેને પ્રાગભાવ કહેવામાં આવે છે, વસ્તુતઃ તે નિત્ય જ છે.

---

१. दुःख-जन्म-प्रवृत्ति-दोष-मिथ्याज्ञानानामुत्तरोत्तरापाये तदनन्तराणामपायादपवर्ग इति न्यायसूत्रम् ॥

**प्रागभावान्यत्वेन नाश्यजातीयत्वाभावात् प्रतियोगिजनकनाशमुखेन तस्यासाध्य-त्वाच्च। अपि च मुक्तेः प्रागभावस्य समानाधिकरणं भावि दुःखं न प्रतियोगि तस्याभावाद्, भावे वा अमुक्तत्वापातात् । नापि समानाधिकरणमतीतं वर्त्तमानञ्च, तत्प्रागभावस्य विनष्टत्वात्। नापि व्यधिकरणम्, अन्यवृत्तिदुःखस्यान्यत्रात्यन्ताभावेन प्रागभावाभावात्, तस्य प्रतियोगिसमानदेशत्वात् । न च दुःखमात्रं प्रतियोगि, स्वपरावृत्तेर्दुःखमात्रस्याप्रामाणिकत्वात्, तस्यात्यन्तासतो नित्यनिवृत्तत्वेन तन्निवृत्तये प्रेक्षावत्प्रवृत्त्यनुपपत्तेः, अहिकण्टकादिनाशप्रायश्चित्तादिसाध्यदुःखप्रागभावस्य कलञ्जभक्षणप्रागभावस्य च समानाधिकरणमेव भावि दुःखं भक्षणञ्च प्रतियोगि ।**

**(१७) *ननु* दुःखाभावो न पुरुषार्थः सुखस्यापि हानेः तुल्यायव्ययत्वात् । (प्र.) न च बहुतरदुःखानुविद्धतया सुखस्यापि प्रेक्षावद्धेयत्वम्, (उ) आवश्यकत्वेन दुःखस्यैव हेयत्वात्, सुखस्य निरुपधीच्छाविषयत्वात् । अन्यथा दुःखाननुविद्धतया तथात्वे पुरुषार्थत्वविरोधादिति *चेत्*। न। सुखमनुद्दिश्यापि दुःखभीरूणां दुःखहानार्थं**

---

**ઉત્તર :—**એમ કહેવું યોગ્ય નથી નિત્ય હોવાથી અત્યન્તાભાવ રૂપ થવાના કારણે પ્રાગભાવથી ભિન્ન હોવાથી તે નાશ્ય શ્રેણિમાં નથી. આથી પ્રતિયોગીના કારણથી તેનો નાશ થવાથી તે સાધ્ય નથી. બીજી વાત એ પણ છે કે મુક્તિના પ્રાગભાવની જેમ સ્થાનવર્તિ ભાવિ દુઃખ તેનું પ્રતિયોગી નથી, કારણ કે - તેનો અભાવ છે, અને તે છે એમ માનીએ તો દુઃખ થવાથી મુક્તિ નથી. અતીત અને વર્તમાન (દુઃખ) પણ સહવર્તિ નથી. કારણ કે તેનો પ્રાગભાવ નષ્ટ થઈ ચૂક્યો છે. અને અન્યસ્થાનીય દુઃખ પણ તેનો પ્રતિયોગી નથી. અન્યમાં રહેવાવાળા દુઃખનો અન્યસ્થાનમાં અત્યન્તાભાવ થવાથી તેનો પ્રાગભાવ ત્યાં નથી. કારણ કે તે પ્રતિયોગીના સ્થાન પર જ રહે છે. દુઃખમાત્ર તેનો પ્રતિયોગી નથી. કારણ કે સ્વ અને પરમાં રહેવાવાળાં દુઃખમાત્ર પ્રમાણથી સિદ્ધ નથી. આથી તેના નાશને માટે લોકોની પ્રવૃત્તિ નહીં થાય. સર્પ અને કાંટાઓનો નાશ, પ્રાયશ્ચિતાદિથી સાધ્ય દુઃખનો પ્રાગભાવ તથા કલંજભક્ષણથી પ્રાગભાવના આશ્રયમાં રહેવાવાળા ભાવિ દુઃખ અને ભક્ષણ તેના પ્રતિયોગી છે.

**(૧૭) (પૂર્વપક્ષ)** દુઃખાભાવ પુરુષાર્થ નથી કારણ કે દુઃખની સાથે સુખનો પણ અભાવ થાય છે, તેથી આય અને વ્યય સમાન છે.

**પ્રશ્ન :—**એમ નથી કહી શકતા કે અનેક પ્રકારનાં દુઃખ સાથે હોવાથી સુખ પણ ત્યાજ્ય છે.

**ઉત્તર :—**કારણ કે આવશ્યક કષ્ટરૂપ હોવાથી દુઃખ જ ત્યાજ્ય છે, સુખ નહીં. કારણ કે તે વગર કોઈ ઉપાધિએ ઇચ્છાનો વિષય છે. નહીંતર દુઃખની સાથે હોવાથી તે પણ પુરુષાર્થ નહીં થાય.

**(ઉત્તરપક્ષ)** આવું કથન યોગ્ય નથી, કારણ કે સુખની અભિલાષા વગર પણ દુઃખથી

**प्रवृत्तिदर्शनात् दुःखाभावस्य स्वत एव पुरुषार्थत्वात् । न हि दुःखाभावदशायां सुखमस्तीत्युद्दिश्य दुःखहानार्थं प्रवर्त्तते । वैपरीत्यस्यापि सम्भवे सुखस्याप्यपुरुषार्थत्वापत्तेः । अतो दुःखाभावदशायां सुखं नास्तीति ज्ञानं न दुःखाभावार्थिप्रवृत्तिप्रतिबन्धकम् । तस्मादविवेकिनः सुखमात्रलिप्सवो बहुतरदुःखानुविद्धमपि सुखमुद्दिश्य 'शिरोमदीयं यदि याति यातु' इति कृत्वा परदारादिषु प्रवर्त्तमाना 'वरं वृन्दावने रम्ये०' इत्यादि वदन्तो नात्राधिकारिणः, ये च विवेकिनोऽस्मिन् संसारकान्तारे कियन्ति दुःखदुर्दिनानि कियती सुखखद्योतिकेति कुपितफणिफणामण्डलच्छायाप्रतिममिदमिति मन्यमानाः सुखमपि हातुमिच्छन्ति तेऽत्राधिकारिणः । न च भोगार्थिनामप्रवृत्तौ पुरुषार्थता हीयते, कस्यचिदप्रवृत्तावपि चिकित्सादेः पुरुषार्थत्वात् ।**

**( १८ ) अथ–दुःखाभावोऽपि नावेद्यः पुरुषार्थतयेष्यते ।**
**न हि मूर्छाद्यवस्थार्थं प्रवृत्तो दृश्यते सुधीः ॥ ( इति )**

---

ભયગ્રસ્તના દુઃખને દૂર કરવાને માટે પ્રયત્ન જોવામાં આવે છે. તેથી દુઃખનો અભાવ સ્વયં જ પુરુષાર્થ છે. કારણ કે દુઃખના ન રહેવાથી સુખ છે, આ ઉદ્દેશ્યથી દુઃખ છોડવાને માટે કોઈ પ્રયત્ન નથી કરતું. વિપરીત પણ થઈ શકે છે. એવી સ્થિતિમાં સુખ પણ પુરુષાર્થ નહીં થાય, તેથી દુઃખ ન રહેવાથી સુખ પણ નહીં રહે, આ જ્ઞાન દુઃખાભાવાર્થિના પ્રયત્નનું પ્રતિબંધક નથી, તેથી જે અવિવેકી છે. જે કેવળ સુખની કામના કરે છે તેઓ અનેક પ્રકારના દુઃખથી યુક્ત વાસનાજન્ય સુખ (ના ઉદ્દેશ્યથી) ''ગમે તે થઈ જાય માથું ફૂટે કે જેલમાં જવું પડે.'' તેઓ પરદારાની સાથે સંભોગમાં પ્રવૃત થાય છે. અથવા જે અવિવેકી એમ કહે છે કે - ''વૃન્દાવનમાં રહેવું સારું પણ વૈશેષિકોની મુક્તિ નહીં.'' એવા (અવિવેકી) મુક્તિના અધિકારી નથી. જે વિવેકી છે, તેઓ આ સંસારરૂપી જંગલમાં કેટલા દુઃખ દુર્દિન છે, અને કેટલી માત્રામાં ખદ્યોત(આગિયા) જેવું સુખ છે, કુપિત સર્પની ફેણની છાયાના જેવો આ (સંસાર) છે. એવું માનવાવાળા સુખને પણ છોડવાવાળા જ મુક્તિના અધિકારી છે. અને ભોગાર્થિઓની પ્રવૃત્તિ ન થવા છતાં પણ પુરુષાર્થતાની કોઈ ક્ષતિ થતી નથી, કોઈને કોઈ પ્રવૃત્તિ ન થવા છતાં પણ ચિકિત્સા વગેરે પુરુષાર્થ છે.

(૧૮) **પ્રશ્ન :—**દુઃખાભાવ પણ અજ્ઞાત પુરુષાર્થના રૂપમાં સ્વીકાર્ય નથી. કોઈ પણ બુદ્ધિમાન મૂર્છાવસ્થામાં પ્રયત્ન કરતો દેખાતો નથી. સુખની જેમ (દુઃખાભાવ પણ) જ્ઞાયમાન (થઈને) જ પુરુષાર્થ થાય છે, આ નિયમ છે. (દુઃખાભાવરૂપ) મુક્તિનું જ્ઞાન સંભવ નથી, કારણ કે દુઃખાભાવને જાણે, તેથી તેમાં પ્રવૃતિ નથી થતી, પરંતુ ''મને ક્યારેય દુઃખ ન થાય.'' એ ઉદ્દેશ્યથી દુઃખાભાવને માટે પ્રયત્ન કરવામાં આવે છે. અને દુઃખનો અભાવ જ પુરુષાર્થ છે તેનું જ્ઞાન તે જ્ઞાનના કારણોથી ઉત્પન્ન થાય છે, તે પુરુષાર્થ થવામાં ઉપયોગી નથી. (પુરુષ) ''સુખી થાઉં'' આ ઉદ્દેશ્યથી પ્રયત્ન કરે છે નહીં કે ''સુખને જાણું'' આ ઉદ્દેશ્યથી કોઈ પ્રયત્ન કરે છે. સુખ જ પુરુષાર્થ

**पुरुषार्थत्वेन सुखवत् ज्ञायमानत्वनियमात्, न च मुक्तिज्ञानं सम्भवतीति, चेत्। न हि दुःखाभावं जानीयामित्युद्दिश्य प्रवृत्तिः, किन्तु दुखं मे मा भूदित्युद्दिश्येत्यतो दुःखस्याभाव एव पुरुषार्थः तस्य ज्ञानञ्च स्वकारणाधीनं, न तु पुरुषार्थतोपयोगि, सुखी स्यामित्युद्दिश्य प्रवर्त्तते, न तु सुखं जानीयामिति, सुखमेव तथा न तु तदवगमः तस्यावश्यकत्वेनान्यथासिद्धत्वाद् गौरवाच्च । किञ्च बहुतरदुःखजर्ज्जरकलेवरा दुःखाभावमुद्दिश्य मरणेऽपि प्रवर्त्तमाना दृश्यन्ते । ( प्र ) न च मरणे तस्य ज्ञानमस्ति । न ते विवेकिन इति चेत्, न, पुरुषार्थत्वे विवेकानुपयोगात् । किञ्च चरमदुःखानुभवेऽनागतदुःखध्वंसोऽपि विषयः, तथा चाग्रिमक्षणे तद्ध्वंसस्तद्विषयकञ्च विनश्यदवस्थं ज्ञानमस्तीति वर्त्तमानाप्यचिरमनुभूयते । ज्ञानसमये मुक्तिलक्षणस्य सत्त्वात् न ज्ञानं मुक्तिविरोधि ।**

**( १९ ) प्रमाणन्तु, दुःखत्वं देवदत्तदुःखत्वं वा स्वाश्रयासमानकालीनध्वंसप्रतियोगिवृत्ति कार्यमात्रवृत्तिधर्मत्वात् सन्ततित्वाद्वा एतत्प्रदीपत्ववत् । सन्ततित्वञ्च नानाकालीनकार्यमात्रवृत्तिधर्मत्वम् । एवं सुखत्वादावपि साध्यन्तेन सकलोच्छेदे मोक्षः । न चाप्रयोजकत्वम्, सन्तत्युच्छेदे मूलोच्छेदस्य प्रयोजकत्वात् । प्रकृते च**

---

છે, તેનું જ્ઞાન પુરુષાર્થ નથી. તે અનાવશ્યક હોવાથી અન્યથાસિદ્ધ છે, અને તેના જ્ઞાનને મુક્તિ માનવામાં ગૌરવ પણ છે. અને બીજી વાત એ છે કે અનેક દુઃખોથી જેનું શરીર જર્જર થઈ ચૂક્યું છે તેઓ દુઃખાભાવના ઉદ્દેશ્યથી મરણને માટે પ્રયત્ન કરતાં દેખાય છે.

**પ્રશ્ન :—**અને મરણાવસ્થામાં તેનું જ્ઞાન નથી થતું અને તેઓ વિવેકી પણ નથી.

**ઉત્તર :—**આ કથન યોગ્ય નથી. કારણ કે પુરુષાર્થમાં વિવેક ઉપયોગી નથી. અને ચરમ દુઃખના અનુભવનો વિષય અનાગત દુઃખધ્વંસ પણ છે આ પ્રકારે અગ્રિમ ક્ષણમાં તેનો ધ્વંસ અને તેના વિષયમાં વિનાશકાલીન જ્ઞાન પણ છે, તેથી વિદ્યમાન પણ શીઘ્ર અનુભવમાં આવે છે. જ્ઞાનના સમયમાં મુક્તિનું સ્વરૂપ વિદ્યમાન હોવાથી જ્ઞાન મુક્તિનું વિરોધી નથી.

**(૧૯) પ્રશ્ન :—**મુક્તિના વિષયમાં આ અનુમાન પ્રમાણ છે, દુઃખત્વ અથવા દેવદત દુઃખત્વ પોતાના આશ્રયની જેમ સમાનકાલથી ભિન્નકાલમાં થવાવાળા ધ્વંસના પ્રતિયોગીમાં રહે છે. કારણ કે તે કાર્યમાં રહેવાવાળો ધર્મ છે અથવા સન્તતિત્વ છે. આ પ્રદીપની જેમ. અહીંયા સન્તતિત્વનો અર્થ છે—અનેક સમયમાં રહેવાવાળા કાર્યમાં જ રહેવાવાળો ધર્મ. આ પ્રકારે સુખત્વમાં પણ સાધ્ય છે તેથી બધાનો ઉચ્છેદ થવાથી જ મોક્ષ થાય છે. આ અનુમાન અપ્રયોજક (તર્કરહિત) નથી. સન્તતિના ઉચ્છેદમાં મૂલોચ્છેદ થાય છે, આ પ્રયોજક (તર્ક) છે. પ્રકૃતમાં મિથ્યાજ્ઞાન જે સંસારનું મૂળ કારણ છે, તેનો શ્રવણાદિક્રમમાં ઉત્પન્ન તત્ત્વજ્ઞાનથી નાશ થાય જ છે. ‘‘आत्मा ज्ञातव्यः’’ ‘‘न स पुनरावर्तते’’ ઇત્યાદિ શ્રુતિ તેના વિષયમાં પ્રમાણ છે. રાત્રિસત્રન્યાયથી

**मिथ्याज्ञानस्य संसारमूलस्य श्रवणादिक्रमेणोत्पन्नतत्त्वज्ञानात् निवृत्तिः सम्भवत्येव, ''आत्मा ज्ञातव्यो न स पुनरावर्त्तते'' इति श्रुतिश्च प्रमाणम् । [1]रात्रिसत्रन्यायेनार्थवादोपनीतापुनरावृत्तेः अधिकारिविशेषणत्वात्, सः=आत्मज्ञः, न पुनरावर्त्तते=न पुनः शरीरी भवतीत्यर्थः । ''आत्मा वा अरे श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः साक्षात्कर्तव्यः'' इत्युपक्रम्य ''दुःखेनात्यन्तं विमुक्तश्चरति'' इति श्रुतिश्च मानम् ।**

**( २० ) आचार्यास्तु–''अशरीरं वावसन्तं प्रियाप्रिये न स्पृशतः'' इति श्रुतिस्तत्र प्रमाणम् वावसन्तमिति यङ्लुकि, तेन संसारितादशायां क्षणमात्रमशरीरत्वेन नान्यथासिद्धिः । ननु द्वन्द्वस्वरसेन मिलितसुखदुःखोभयनिषेधः प्रतीयते स तु नित्यवत्प्राप्त एव एकैकनिषेधे च वाक्यभेदापत्तिः, न च मुक्तौ प्रमाणमिति चेत् । न । द्वित्वेनैकेन रूपेणोपस्थितयोः प्रत्येकं निषेधान्वयेऽपि वाक्याभेदाभावात् धव-खदिरौ छिन्धीत्यत्र प्रत्येकं छिदान्वय इव, न हि तत्र मिलितच्छिदा ।**

**( २१ ) अपि च न प्रियाप्रियरूपं किञ्चिदस्तीति, मिलितनिषेधोऽप्येकैकान्वये प्रत्येकाभावे वा भवेत्, तत्रैकान्वयस्याशरीरे अयोग्यत्वात् प्रत्येकाभाव एव**

---

અર્થવાદ દ્વારા અપુનરાવર્તન જ જ્ઞાત થાય છે કારણ કે - તે અધિકારીનું વિશેષણ છે. તે આત્મા- ''आत्मा वा अरे श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः साक्षात्कर्तव्यः'' એવો આરંભ કરીને ''दुःखेनात्यन्तं विमुक्तश्चरति'' (અહીં સમાપ્ત થવા વાળી) શ્રુતિ પણ પ્રમાણ છે.

(૨૦) આચાર્ય કહે છે. ''अशरीरं वावसन्तं प्रियाप्रिये न स्पृशतः'' આ શ્રુતિ મુક્તિના વિષયમાં પ્રમાણ છે. ''वावसन्तं'' આ યઙ્લુક્ છે. તેથી સંસારમાં ક્ષણમાત્ર શરીરરહિત થવા છતાં અન્યથા સિદ્ધિ નથી.

**પ્રશ્ન :–**અહીંયા આપતિ એ છે કે દ્વન્દ્વ સમાસને કારણે એક સાથે સુખદુઃખ બન્નેનો નિષેધ પ્રતીત થાય છે. તે નિત્યવત્ પ્રાપ્ત છે. એક-એક અલગ નિષેધ માનવાથી વાક્યભેદ (બે વાક્ય થવાનો) દોષ પ્રાપ્ત થશે. તેથી આ શ્રુતિ મુક્તિમાં પ્રમાણ નથી.

**ઉત્તર :–**એવું નથી. બે રૂપથી એક-એક રૂપમાં ઉપસ્થિત બન્નેમાંથી પ્રત્યેકનો નિષેધમાં અન્વય કરવાથી વાક્યભેદ થતો નથી. જેમ કે ''धव-खदिरौ छिन्धि'' અહીંયા પ્રત્યેક છેદ ક્રિયાનો અન્વય થાય છે. ત્યાં છેદનો મળીને અન્વય થતો નથી.

(૨૧) અને બીજી વાત એ છે કે - પ્રિય અને અપ્રિય બન્ને પ્રકારની કોઈ વસ્તુ નથી હોતી. મળેલ નિષેધનો એક-એકની સાથે અન્વય અથવા પ્રત્યેક અભાવની સાથે અન્વય થશે, તેમાંથી

---

१. तथा च–यथा हि रात्रिशब्दवाच्यानां ''ज्योतिर्गौरित्यादिवाक्योत्पन्नकर्मणां फलजिज्ञासायां अत्यन्ताश्रुत-स्वर्गादिकल्पने गौरवात् विश्वजिन्न्यायापवादेन ''प्रतितिष्ठन्तीह वा य एता रात्रीरुपयन्ति'' इत्यर्थवादश्रुतौ प्रतिष्ठैव फलमिति सिद्धान्तितं तथात्रापि आर्थवादिकापुनरावृत्तेरेव फलत्वमिति भावः ॥

**पर्यवस्यति। अत एव सर्वमुक्तिरपि सर्वदुःखसन्ततिपक्षीकरणे तत्सिद्धेः । अन्यथा मुक्तिरपि न स्यात्, तत्रैव व्यभिचारात् । यदि चोषरात्मान एव केचित् तदा तच्छङ्कया मोक्षार्थं न कश्चित् प्रवर्त्तेत । (शं) शम-दम-भोगानभिष्वङ्गादिमुक्तिचिह्ने न श्रुतिसिद्धेन सन्देहनिवृत्तिरिति चेत् । न । संसारित्वेन मुक्तियोग्यत्वात्, न तु तद्विशेषणशमादिमत्त्वेन, सामान्ये बाधके सत्येव योग्यताया विशेषनिष्ठत्वात् । किञ्च शमादयः श्रुतौ सहकारितया बोधिताः, न तु योग्यतया, तत्त्वेऽपि संसारित्वेन तेऽपि साधनीयाः, शमादिकमपि हि कार्यं तत्रापि संसारित्वेनैव योग्यतासामान्ये बाधकाभावात् ।**

**(२२) न च नित्यसुखाभिव्यक्तिर्मुक्तिः, सा हि न नित्या मुक्तसंसारिणोरविशेषप्रसङ्गात् । नोत्पाद्या, तद्धेतुशरीराद्यभावात्, ज्ञानमात्रे सुखमात्रे वा तद्धेतुत्वावधारणात् । न च संसारिदशायां तद्धेतुः, सामान्ये बाधकाभावात् । अत एव**

---

એક-એકની સાથે અન્વય અશરીરની સાથે ન થઈ શકે કારણ કે યોગ્યતાનો અભાવ છે. તેથી પ્રત્યેક અભાવમાં જ અન્વય થશે. તેથી બધાની મુક્તિ પણ સર્વ દુઃખમુક્તિને પક્ષ કરવાથી સિદ્ધ થાય છે, અન્યથા મુક્તિ પણ નહીં થાય,કારણ કે તેમાં વ્યભિચાર છે.

**પ્રશ્ન :—**અપર આત્મા જ કેચિત્ શ્રુતિનો વિષય માને છે.

**ઉત્તર :—**પરંતુ આમ થવાથી તેના વિષયમાં શંકા થવાથી મોક્ષના માટે કોઈ પણ પ્રયત્ન કરશે નહીં.

**પ્રશ્ન :—**શમ-દમ-ભોગાદિ મુક્તિ-ચિહ્ન હોવાથી અને શ્રુતિ-સિદ્ધ હોવાથી અપર આત્માના સંદેહની સમાપ્તિ થાય છે.

**ઉત્તર :—**એમ નથી કહી શકતા કારણ કે - સંસારી હોવાના કારણે તે મુક્તિયોગ્ય છે, તેના વિશેષણ શમાદિ થવાથી નથી, કારણ કે સામાન્ય ગ્રહણમાં (કોઈ) બાધક થવાથી જ યોગ્યતા વિશેષમાં ગ્રહણ કરવામાં આવે છે અને વળી શમાદિ વેદમાં મોક્ષના સહકારીના રૂપમાં બતાવવામાં આવ્યા છે, નહીં કે યોગ્યતાના રૂપમાં અને યોગ્યતાના રૂપમાં હોવા છતાં પણ સંસારીને તે પણ પ્રાપ્ત કરવા જોઈએ. શમાદિ પણ કાર્ય છે. તેનામાં પણ સંસારી થવાના કારણે યોગ્યતા છે. સામાન્ય રૂપથી તેમને ગ્રહણ કરવામાં કોઈ બાધક નથી.

(૨૨) નિત્ય સુખની અભિવ્યક્તિ પણ મુક્તિનું સ્વરૂપ નથી. તે (મુક્તિ) નિત્ય નથી કારણ કે તેના નિત્ય થવાથી મુક્ત અને સંસારીમાં કોઈ ભેદ નહીં રહે. તે ઉત્પાદ્ય પણ નથી, કારણ કે તેને માટે કારણ થવાવાળા શરીરાદિ મુક્તિની અવસ્થામાં નથી રહેતા. કારણ કે - જ્ઞાનમાત્રને માટે તથા સુખ માત્ર માટે શરીરાદિ કારણ થાય છે.

**પ્રશ્ન :—**સંસારી અવસ્થામાં જ સુખાદિજ્ઞાનને માટે તેઓ કારણ થાય છે. મુક્તિ દશામાં નહીં.

**स्वर्गादौ शरीरकल्पना । किञ्च तज्जनकं न तावदात्ममनोयोगः, तस्याद्दष्टादि-निरपेक्षस्याजनकत्वात् । विषयमात्रापेक्षणे तु संसारिदशायामपि तदभिव्यक्तिप्रसङ्गः । नापि योगजो धर्मः सहकारी, तस्योत्पन्नभावत्वेन विनाशित्वेऽपवर्गनिवृत्त्यापत्तेः । न च तज्जन्याभिव्यक्तिरनन्ता, तस्या अप्यत एव नाशात् ।** ***अथ*** **तत्त्वज्ञानात्सवासन-मिथ्याज्ञाननाशे दोषाभावेन प्रवृत्त्याद्यभावाद्धर्माधर्मयोरनुत्पादे प्राचीन-धर्माधर्मक्षया-द्दुःखसाधनशरीरादिनाश एव तद्धेतुरत एव तस्यानन्त्येनाभिव्यक्तिप्रवाहोऽप्यनन्त इति** ***चेत्*।** **न । शरीरं विना तदनुत्पत्तेः तस्य तद्धेतुत्वे मानाभावाच्च । न च मोक्षार्थि-प्रवृत्तिरेव तत्र मानम्, दुःखहानार्थितयापि तदुत्पत्तेः ।**

**( २३ ) न च नित्ये सुखे मानमस्ति । ( शं ) ''नित्यं विज्ञानमानन्दं ब्रह्म'' ''आनन्दं ब्रह्मणो रूपं तच्च मोक्षे प्रतिष्ठितं'' इत्यादिश्रुतिर्मानमिति चेत् । न ।**

---

**ઉત્તર :–**એમ નથી કહી શકતા. સામાન્ય રૂપથી જ્ઞાનમાત્રમાં તેમને કારણ માનવામાં કોઈ બાધક નથી. તેથી સ્વર્ગ આદિમાં શરીરની કલ્પના કરવામાં આવી છે. અને તેનું કારણ આત્મા અને મનનો સંયોગ નથી. કારણ કે તે અદષ્ટ આદિના કારણ વગર નથી થતો. જો અભિવ્યક્તિને માટે વિષય માત્રને કારણ માનીશું તો સંસારી દશામાં પણ અભિવ્યક્તિ થશે, અને યોગજ ધર્મ સહકારી કારણ છે, એમ પણ નથી કહી શકતા. કારણ કે તે પણ ઉત્પન્ન થવાવાળા ભાવ પદાર્થ થવાથી તેમનો વિનાશ ધ્રુવ (નિશ્ચિત) છે. આવી સ્થિતિમાં મોક્ષનો પણ વિનાશ થઈ જશે અર્થાત્ પુનઃ સંસાર થશે અને તેનાથી ઉત્પન્ન થવાવાળી અભિવ્યક્તિ અનન્ત ન હોઈ શકે કારણ કે - તેનો પણ આનાથી (યોગજ ધર્મથી) નાશ થઈ જાય છે.

**પ્રશ્ન :–**તત્ત્વજ્ઞાનથી વાસનાની સાથે મિથ્યાજ્ઞાનનો નાશ થવાથી દોષોનો અભાવ થવાથી પ્રવૃત્તિની ઉત્પત્તિ ન થવાના કારણે ધર્માધર્મની પણ ઉત્પતિ નથી. પૂર્વકાલીન ધર્મ અને અધર્મના નાશથી દુઃખના સાધન શરીરાદિનો નાશ જ તેનું કારણ છે અને તેની અનંતાને કારણે અભિવ્યક્તિનો પ્રવાહ પણ અનંત જ છે.

**ઉત્તર :–**પરંતુ આ કથન ઉચિત નથી કારણ કે શરીર વગર તેની ઉત્પત્તિ સંભવ નથી. અને અભિવ્યક્તિને બીજી અભિવ્યક્તિનું કારણ માનવામાં કોઈ પ્રમાણ નથી.

**પ્રશ્ન :–**મોક્ષાર્થીઓની પ્રવૃત્તિ જ તેના માટે પ્રમાણ છે.

**ઉત્તર :–**એમ નથી કહી શકાતું કારણ કે દુઃખ સમાપ્તિની કામનાથી પણ પ્રવૃત્તિ થઈ શકે છે.

(૨૩) અને નિત્યસુખમાં કોઈ પ્રમાણ નથી.

**પ્રશ્ન :–** ''आनन्दं ब्रह्मणो रूपं तच्च मोक्षे प्रतिष्ठितम्'' આ શ્રુતિ તેના વિષયમાં પ્રમાણ છે.

**ઉત્તર :–**એમ નથી કહી શકતા કારણ કે ઉત્પત્તિ અને નાશ થવાવાળા જ્ઞાન અને સુખ, ''अहं जानामि अहं सुखी'' આ અનુભવોથી ભિન્ન જ્ઞાન થવાવાળાઓનું બ્રહ્મથી અભિન્ન છે એમ

**उपजननापायवतोर्ज्ञानसुखयोरहं जानाम्यहं सुखीति भिन्नत्वेनानुभूयमानयोर्ब्रह्माभेदबोधने प्रत्यक्षबाधात् । *अथ* सुखस्य ब्रह्माभेदबोधनादेवायोग्यतया अनित्यं सुखं विहाय वाक्यार्थत्वेन नित्यसुखसिद्धिः स्वर्गवत्, न तु नित्ये सुखे सिद्धे तदभेदबोधनं येनान्योन्याश्रयः । यद्वा नित्यं सुखं बोधयित्वा तदभिन्नं ब्रह्म बोध्यते । न च वाक्यभेदः, वाक्यैकवाक्यत्वादिति *चेत्* । न । आत्मनोऽनुभूयमानत्वेन तदभिन्नस्य नित्यसुखस्याप्यनुभवप्रसङ्गात् सुखमात्रस्य स्वगोचरसाक्षात्कारजनकत्वनियमात् तदननुभवे वा आत्मनोऽपि अनुभवो न स्यात् । *अथात्म*भिन्नं नित्यसुखमनुभूयत एव सुखत्वं तत्र नानुभूयत इति *चेत्*, न, सुखानुभवसामग्र्या एव सुखत्वानुभावकत्वात् तस्मादानन्दं ब्रह्मेति मत्वर्थीयाच्प्रत्ययान्तत्वेनानन्दवत्त्वं बोध्यं तेनाभेदः, अन्यथा नपुंसकलिङ्गत्वानुपपत्तेः ।**

**( २४ ) *एतेन* ब्रह्माद्वैततत्त्वसाक्षात्कारादविद्यानिवृत्तौ विज्ञानसुखात्मकः केवल आत्मा अपवर्गे वर्तत इति वेदान्तमतम*पास्तम्* । स्वप्रकाशसुखात्मकब्रह्मणो नित्यत्वेन**

---

માનવું પ્રત્યક્ષ બાધિત છે.

**પ્રશ્ન :—**સુખ બ્રહ્મથી અભિન્ન છે આ બોધથી અયોગ્યતાને કારણે અનિત્ય સુખને છોડીને વાક્યાર્થ ને કારણે સ્વર્ગની જેમ નિત્ય સુખની સિદ્ધિ થાય છે. નિત્ય સુખના સિદ્ધ થવાથી તેની સાથે બ્રહ્મનો અભેદ બતાવવાથી અન્યોન્યાશ્રય દોષ નથી થતો. અથવા (જે એમ કહે છે) નિત્ય સુખ બતાવીને તેનાથી અભિન્ન બ્રહ્મ બતાવવામાં આવે છે. અને અહીંયા વાક્યભેદ છે, એમ નથી કહી શકાતું કારણ કે વાક્યોની એકવાક્યતા છે.

**ઉત્તર :—**આ મત પણ ઠીક (યોગ્ય) નથી કારણ કે આત્માનો અનુભવ થાય છે. જો આત્મા નિત્ય સુખથી અભિન્ન છે તો તેનો પણ અનુભવ થવો જોઈએ કારણ કે બધાં સુખો સ્વવિષયક સાક્ષાત્કારનાં કારણ હોય છે અને જો તેનો અનુભવ ન થતો હોય તો આત્માનો પણ અનુભવ ન થવો જોઈએ.

**પ્રશ્ન :—**જો એમ કહીએ કે આત્માથી અભિન્ન નિત્ય સુખનો અનુભવ થાય છે, પણ તે સુખના રૂપમાં નથી હોતો.

**ઉત્તર :—**તો આ કથન પણ બરાબર નથી સુખના અનુભવની સામગ્રી જ સુખનો અનુભવ કરાવે છે. (સુખની અનુભાવક છે.) તેથી ''आनन्दं ब्रह्म'' અહીંયા ''मतुप्'' અર્થમાં જે ''अच्'' પ્રત્યય છે, તેનાથી આનંદના આશ્રયનો જ બોધ થવો. જોઈએ, તેનાથી જ અભેદ બોધિત થાય છે. અન્યથા આનંદ શબ્દનું નપુંસકલિંગ થવાની ઉપપતિ નહીં થાય.

**(૨૪) પ્રશ્ન :—**તેનાથી બ્રહ્માદ્વૈતત્ત્વના સાક્ષાત્કારથી અથવા અવિદ્યાની સમાપ્તિ પછી જ્ઞાનસુખ કેવળ આત્મા અપવર્ગની અવસ્થામાં રહે છે.

**मुक्तसंसारिणोरविशेषप्रसङ्गात्, पुरुषप्रयत्नं विना तस्य सत्त्वादपुरुषार्थत्वाच्च । (शं) अविद्यानिवृत्तिः प्रयत्नसाध्येति चेत्, अविद्या यदि मिथ्याज्ञानं, अर्थान्तरं वा, उभयथापि सुख-दुःखाभावतत्साधनेतरत्वेन तन्निवृत्तेरपुरुषार्थत्वात् ।**

**( २५ ) त्रिदण्डिनस्तु आनन्दमयपरमात्मनि जीवात्मलयो मोक्षः, लयश्च लिङ्ग-शरीरापगमः, लिङ्गशरीरञ्च एकादशेन्द्रियाणि पञ्चमहाभूतानि सूक्ष्ममात्रया सम्भूयाव-स्थितानि जीवात्मनि सुख-दुःखावच्छेदकानीत्याहुः । तन्न । शरीरध्वंसस्य स्वतो दुःखसाधनाभावतया अपुरुषार्थत्वात् । न चोपाधिशरीरनाशे औपाधिकजीवनाशो लयः, स्वनाशस्यापुरुषार्थत्वात्, ब्रह्मणो नित्यत्वेन तदभिन्नस्य नाशानुपपत्तेः भेदाभेदस्य च विरोधेनाभावात् ।**

**( २६ ) नाप्यनुपप्लवा चित्तसन्ततिरपवर्गः, आवश्यकत्वेनानुपप्लवस्य दुःखाभावस्य पुरुषार्थत्वेन चित्तसन्ततेरपुरुषार्थत्वात्, शरीरादिकारणं विना**

---

**ઉત્તર :—**આ વેદાંતીઓનો મત ખંડિત થાય છે. કારણ કે સ્વપ્રકાશ સુખસ્વરૂપ બ્રહ્મ નિત્ય હોવાથી મુક્ત અને સંસારીમાં કોઈ ભેદ નહીં થાય. અને પુરુષ પ્રયત્ન વગર પણ તેની પ્રાપ્તિ થવાથી તે પુરુષાર્થ પણ નહીં કહેવાય.

**પ્રશ્ન :—**અવિદ્યા નિવૃત્તિ પ્રયત્ન સાધ્ય છે.

**ઉત્તર :—**એવું માનીએ તો અવિદ્યા આદિ મિથ્યાજ્ઞાન છે અથવા અન્ય પદાર્થ છે. બન્ને અવસ્થામાં સુખ, દુઃખાભાવ અથવા એનું સાધન આનાથી ભિન્ન હોવાથી તેની નિવૃત્તિ પુરુષાર્થ નથી.

**(૨૫) પ્રશ્ન :—**ત્રિદંડીઓનો મત છે કે, ''આનંદમય પરમાત્મામાં જીવાત્માનો લય થવો જ મોક્ષ છે.'' લયનો અર્થ છે—લિંગ શરીરની સમાપ્તિ. લિંગ શરીરનો અર્થ છે—અગિયાર ઇન્દ્રિયો અને પંચ મહાભૂત. આ બંને સૂક્ષ્મ માત્રામાં એકત્રિત થઈને જીવાત્મામાં સુખ અથવા દુઃખનું નિયંત્રણ કરે છે.

**ઉત્તર :—**આ મત પણ ઉચિત નથી. કારણ કે શરીરનો નાશ સ્વયં દુઃખસાધનના અભાવ રૂપ હોવાથી સ્વયં પુરુષાર્થ નથી.

**પ્રશ્ન :—**ઉપાધિરૂપ શરીરનો નાશ થવાથી ઔપાધિક જીવનો નાશ લય છે. કારણ કે સ્વ અર્થાત્ જીવનો નાશ પુરુષાર્થ નથી થઈ શકતો અને બ્રહ્મ નિત્ય હોવાથી તેનાથી અભિન્ન જીવનો નાશ શક્ય નથી કારણ કે ભેદ અને અભેદમાં અવિરોધ માનવામાં કોઈ પ્રમાણ નથી.

(૨૬) અને અનુપપ્લવા ચિત્તસંતતિ અપવર્ગ નથી. જરૂરી હોવાથી અનુપપ્લવ દુઃખાભાવ જ પુરુષાર્થ છે. ચિત્તસંતતિ પુરુષાર્થ નથી તથા શરીરાદિ કારણો વગર ચિતસન્તતિ ઉત્પન્ન નથી થઈ શકતી. કેવળ ચિત્ત તેની સામગ્રી નથી, કારણ કે શરીરાદિ વ્યર્થ થઈ જશે.

**चित्तसन्ततेरनुत्पादाच्च । न हि चित्तमात्रं तत्सामग्री, शरीरादिवैयर्थ्यापत्तेः । नापि दुःखहेतुत्वेनात्मनो हानमेव मुक्तिः, सुख-दुःखाभावेतरत्वेनापुरुषार्थत्वात् ज्ञान-रूपात्महानस्यायत्नसिद्धेः अतिरिक्तहानस्याशक्यत्वात् ।**

***यत्तु*** **योगर्द्धिसाध्यनिरतिशयानन्दमयीं जीवन्मुक्तिमुद्दिश्य प्रवृत्तेः कारण-वशादात्यन्तिकदुःखाभावरूपां मुक्तिमासादयतीति मतम् ।** ***तन्न*** **। परममुक्तेर-पुरुषार्थत्वापत्तेः, विरक्तस्य मोक्षेऽधिकारात् सुखोद्देशेनाप्रवृत्तेश्च ।**

**( २७ ) मोक्षे च सर्वाश्रमाणामधिकारः आश्रमचतुष्टयमुपक्रम्य 'स ब्रह्मसंस्थोऽमृतत्वमेति' इति श्रुतेः, सङ्कोचे कारणाभावात् । आकाङ्क्षाया अविशेषेणानन्तर्यस्याप्रयोजकत्वात् । ( शं ) कथं तर्हि 'मोक्षाश्रमश्चतुर्थो वै यो भिक्षोः परिकीर्त्तितः' इति प्रव्रज्यां मोक्षाश्रममाहुः ? ( उ ) गृहस्थस्य च पुत्र-दारादिसङ्गो दुर्वार इत्यसाधारण्येन तथोपदेशात्, तत्त्वज्ञाननिष्ठो गृहस्थोऽपि मुच्यत इत्यागमाच्च ।**

**( २८ ) एवं स्थिते मोक्षमुपक्रम्य ''आत्मा वा अरे श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः साक्षात्कर्त्तव्यः'' इति श्रुतिः, श्रुतिभ्यः शरीरादिभिन्नं आत्मान-**

---

અને દુઃખનું કારણ હોવાથી આત્માનો ત્યાગ જ મુક્તિ છે. આ કથન પણ ઉચિત નથી. કારણ કે તે પણ સુખ અને દુઃખાભાવથી ભિન્ન હોવાને કારણે પુરુષાર્થ નથી અને જ્ઞાન સ્વરૂપ આત્માનો ત્યાગ પ્રયત્ન વગર જ થાય છે, તેનાથી જુદા પ્રકારે નાશ સંભવ નથી.

જો આ મત છે કે - યોગ સામર્થ્યથી પ્રાપ્ત નિરતિશય આનંદમયી જીવન્મુક્તિના ઉદ્દેશ્યથી પ્રયત્નના કારણે આત્યન્તિક દુઃખાભાવરૂપ મુક્તિ પ્રાપ્ત થાય છે. તે મત યોગ્ય નથી કારણ કે તેનાથી પરમ મુક્તિ અપુરુષાર્થ થઈ જશે અને વિરક્તનો જ મોક્ષમાં અધિકાર હોવાથી સુખના ઉદ્દેશ્યથી પ્રવૃત્તિ નથી થઈ શકતી.

(૨૭) મોક્ષ પ્રાપ્તિમાં બધાં પ્રાણીઓનો અધિકાર છે. આશ્રમચતુષ્ટયનો આરંભ કરીને કહેવાયું છે. स ब्रह्मसंस्थो अमृतत्वमेति તેમાં સંકોચ કરવામાં કોઈ કારણ નથી. આકાંક્ષામાં ભેદ ન હોવાથી આનન્તર્ય પ્રયોજક નથી.

**પ્રશ્ન :—**તો પછી. ''मोक्षाश्रमश्चतुर्थो वै यो भिक्षोः परिकीर्तितः ।'' આ વાક્યથી સંન્યાસને મોક્ષાશ્રમ શું કામ કહેવાયો છે ?

**ઉત્તર :—**તેનું કારણ એ છે કે ગૃહસ્થ પુત્રદારાદિનો સાથ છોડી શકતો નથી, તેથી અસાધારણતા બતાવવાને માટે આ પ્રકારનો ઉપદેશ કરવામાં આપ્યો છે. એ રીતે તત્ત્વજ્ઞાની ગૃહસ્થ પણ મુક્ત થાય છે, એમ શાસ્ત્રમાં કહેવાયું છે.

(૨૮) આમ થવાથી મોક્ષનું વર્ણન આરંભ કરીને ''आत्मा वा अरे श्रोतव्यो मन्तव्यो, निदिध्यासितव्यः साक्षात्कर्त्तव्यः ।'' આ શ્રુતિ બતાવાઈ છે. શ્રુતિથી શરારાદિથી ભિન્ન આત્માની

**मवधार्य शास्त्रेण पदार्थान् विविच्य तद्बोधितोपपत्तिभिस्तस्य स्थिरीकरणरूपं मननं विदधाति । न च शब्दोपपत्तिजन्यतत्त्वज्ञानात् साक्षात्कारिसवासनमिथ्याज्ञाननिवृत्तिः, दिङ्मोहादौ तथानुपलब्धेः, अतः श्रुतिस्मृत्युपदिष्टयोगविधिना चिरनिरन्तरादरसेवित-निदिध्यासनजन्ययोगजधर्मादात्मतत्त्वसाक्षात्कारं संसारबीजसवासनमिथ्याज्ञान-निहननसमर्थं आसाद्य दोषाभावात्प्रवृत्त्यादेरभावे अनागतधर्मानुत्पादेनानादिभव-सञ्चितकर्मणां भोगेन क्षयादप्रवृज्यते । उपदेशमात्राच्छरीरभिन्नात्मावगमेऽप्यन्यपरत्वशङ्कया [१]सङ्कसूकस्य नाश्रद्धामलक्षालनमिति मननमावश्यकम् । तथा च मन्तव्यश्चोपपत्तिभिरिति श्रुतिरेवोपपत्तिबोधकस्य शास्त्रस्यापवर्गहेतुत्वं बोधयति, मननस्य तदेकसाध्यत्वात् । एवञ्च शम-दम-ब्रह्मचर्याद्युपबृंहितयावन्नित्य-नैमित्तिक-सन्ध्योपासनादि-कर्मसहितात् तत्त्वज्ञानान्मुक्तिः ।**

**( २९ ) *स्यादेतद्* ज्ञान-कर्मणोर्न समप्राधान्येन समुच्चयः, कर्मणां स्ववाक्यात् फलान्तरार्थत्वेन श्रुतत्वान्मोक्षार्थकल्पनाविरोधात् तत्त्वज्ञानस्य कर्मनैरपेक्षेण**

---

અવધારણા કરીને શાસ્ત્રો દ્વારા પદાર્થોનું વિવેચન કરીને તેનાથી બોધિત ઉપપત્તિઓ (તર્કો) દ્વારા તેનાં સ્થિરીકરણ રૂપ મનન કરે છે.

**પ્રશ્ન :—**શબ્દ અને ઉપપત્તિથી ઉત્પન્ન તત્ત્વજ્ઞાનથી સાક્ષાત્કારી વાસના યુક્ત મિથ્યાજ્ઞાનની સમાપ્તિ થાય છે એવું નથી.

**ઉત્તર :—**દિગ્મોહાદિમાં આવી ઉપલબ્ધિ થતી નથી. તેથી શ્રુતિસ્મૃતિથી ઉપદિષ્ટ યોગપ્રક્રિયાથી ચિર અને નિરંતર આદર ભાવથી કરેલું નિદિધ્યાસન (સમાધિ)થી ઉત્પન્ન યોગજ ધર્મથી આત્મતત્ત્વ સાક્ષાત્કાર જો કે સંસારને માટે કારણ એવા વાસના સહિત મિથ્યાજ્ઞાનનો વિનાશ કરવામાં સમર્થ છે, તેને પ્રાપ્ત કરીને દોષાભાવ થવાથી પ્રવૃત્તિ વગેરેનો અભાવ થવાથી ભવિષ્યકાલીન ધર્મની ઉત્પત્તિ ન થવાના ફળસ્વરૂપ અનાદિ ભવ સંચિત કર્મોનો ભોગ દ્વારા નાશ કરીને મોક્ષ પ્રાપ્ત કરે છે. ઉપદેશ માત્રથી શરીરાદિથી ભિન્ન આત્માનું જ્ઞાન થવાથી પણ આ શ્રુતિ અન્યપરક છે, એવી શંકાથી શંકાગ્રસ્ત (અસ્થિર પુરુષ)ના અશ્રદ્ધારૂપ મળતું ક્ષાલન (ધોવાણ) નથી થતું. તેને માટે મનન આવશ્યક છે. આ પ્રકારે "मन्तव्यश्चोपपत्तिभिः" આ શ્રુતિ જ ઉપપત્તિને બતાવવાવાળા શાસ્ત્રને અપવર્ગનું કારણ બતાવે છે, કારણ કે મનન ઉપપત્તિ (તર્ક-અનુમાન)થી જ થાય છે. આ પ્રકારે શમદમબ્રહ્મચર્યાદિથી યુક્ત બધા નિત્ય નૈમિતિક સંધ્યોપાસનાદિ કર્મની સાથે તત્ત્વજ્ઞાનથી મુક્તિ થાય છે.

**( ૨૯ ) ( પૂર્વપક્ષ )** ઠીક છે, પરંતુ જ્ઞાન અને કર્મનો સમ સમુચ્ચય અથવા તેનામાંથી એકનો પ્રધાનભાવથી સમુચ્ચય મોક્ષનું કારણ છે, આ કલ્પનાનો વિરોધ થાય છે. કારણ કે - કર્મ,

---

१. अस्थिरस्येत्यर्थः ।

**मुक्तिहेतुत्वप्रतीतेश्च । नाङ्गाङ्गिभावेन, तथा हि-न कर्म सन्निपत्योपकारकम्, तत्त्वज्ञानशरीरानिर्वाहकत्वात् । नापि प्रयाजादिवदारादुपकारकम्, स्ववाक्यत एव कर्मणां प्रयोजनलाभेन फलवत्सन्निधावफलत्वाभावात् । उपपत्तिविरुद्धश्च ज्ञानकर्मसमुच्चयः काम्यनिषिद्धयोरभावात् । नाप्यसङ्कल्पितफलवत्काम्यकर्मसमुच्चयः, चतुर्थाश्रमविधिविरोधात् । अत एव न यावन्नित्यनैमित्तिकसमुच्चयोऽपि । नापि यत्याश्रमविहितेन कर्मणा, तत्त्वज्ञाने सति गृहस्थस्यापि मुक्तेः ।**

**न्यायागतधनस्तत्त्वज्ञाननिष्ठोऽतिथिप्रियः ।**
**श्राद्धकृत्सत्यवादी च गृहस्थोऽपि विमुच्यते ॥**

**इति स्मृतेः । न चाननुगतमपि साधनं, स्वर्गवदपवर्गे प्रकारभेदाभावात् । न चापवर्गार्थिकर्त्तव्यतया कर्माणि विहितानि येन तत्समुच्चयः स्यात् । तस्मात् ''संन्यस्य सर्वकर्माणि' इति स्मृतेः सर्वकर्मसंन्यासो ज्ञानमात्राच्च मोक्ष इति ।**

**( ३० )** ***मैवम्*** **। स्व-स्वाश्रमविहितेन कर्मणा ज्ञानस्य समप्राधान्येन**

---

કર્મબોધક વાક્યથી ભિન્ન ફળનું કારણ થાય છે, આ બતાવવામાં આવ્યું છે. અંગાંગીભાવથી પણ કર્મ મુક્તિનું કારણ થતું નથી, કારણ કે - કર્મ, સન્નિપત્ય ઉપકારક (સાથે રહીને કારણ થવાવાળું) નથી. કારણ કે - તે તત્ત્વજ્ઞાનનું સાક્ષાત્ ઉત્પાદક નથી અને પ્રયાજાદિ યાગ સમાન દૂર રહીને સહાયતા કરવાવાળું પણ નથી. કારણ કે કર્મનું કથન કરવાવાળા વાક્યથી જ કર્મના પ્રયોજનનું જ્ઞાન થાય છે. ફળની સન્નિધિ હોવા સાથે સ્વયં સફળ રૂપમાં બોધ નથી થતો અને જ્ઞાનકર્મનો સમુચ્ચય તર્ક વિરુદ્ધ છે, કારણ કે કામ્ય અને નિષિદ્ધ કર્મોનો ત્યાગ કહેવાયો છે, અને ફલેચ્છાથી રહિત કામ્ય કર્મ અને જ્ઞાનનો સમુચ્ચય પણ મુક્તિનું કારણ નથી. કારણ કે ચતુર્થાશ્રમવિધિનો વિરોધ થાય છે. (ચતુર્થાશ્રમમાં બધા કર્મોનો ત્યાગ થાય છે.) તેથી બધા પ્રકારનાં નિત્ય નૈમિતિક કર્મનો સમુચ્ચય તથા યત્યાશ્રમમાં વિહિત કર્મનો સમુચ્ચય પણ મુક્તિનું કારણ નથી. તત્ત્વજ્ઞાન થવાથી ગૃહસ્થ પણ મુક્ત થાય છે.

''જેની પાસે ન્યાયમાર્ગથી ધન આવે છે, જે તત્ત્વજ્ઞાની છે,અતિથિનો સત્કાર કરે છે, માતાપિતાનું શ્રાદ્ધ કરે છે, તેવા સત્યવાદી ગૃહસ્થ પણ મુક્ત થાય છે.''

આ સ્મૃતિ કહે છે અને અનેક પ્રકારના સાધન નથી થઈ શકતા. સ્વર્ગની જેમ મોક્ષના પ્રકાર નથી હોતા અને અપવર્ગની ઇચ્છા કરવાવાળાઓને માટે જે કર્તવ્યના રૂપમાં નિર્ધારિત કર્મ છે, તેના જ્ઞાનની સાથે સમુચ્ચય પણ વિહિત નથી. કારણ કે ''सन्नस्य सर्वकर्माणि'' આ સ્મૃતિના આધારે સર્વ કર્મોનો ત્યાગ બતાવાયો છે, આથી (કેવળ) જ્ઞાનથી મોક્ષ થાય છે.

(૩૦) **ઉત્તરપક્ષ :—**આ સિદ્ધાંત સંપૂર્ણ યોગ્ય નથી. કારણ કે પ્રત્યેક આશ્રમને માટે નિર્ધારિત કર્મની સાથે જ્ઞાનનો સમુચ્ચય અને જ્ઞાન અને કર્મમાં સમાનતા હોવાથી મુક્તિનું કારણ

**समुच्चयात्, ज्ञानकर्मणोस्तुल्यत्वेन मुक्त्यर्थत्वाभिधानात् । तथा च श्रीभगवद्गीता—**

**स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः ।**
**स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः ॥ श्रीविष्णुपुराणे—**
**तस्मात्तत्प्राप्तये यत्नः कर्त्तव्यः पण्डितैर्नरैः ।**
**तत्प्राप्तिहेतुर्विज्ञानं कर्म चोक्तं महामते ! ॥ हारीतः—**
**उभाभ्यामेव पक्षाभ्यां यथा खे पक्षिणां गतिः ।**
**तथैव ज्ञान-कर्मभ्यां प्राप्यते ब्रह्म शाश्वतम् ॥**

**श्रुतिश्च ''सत्येन लभ्यस्तपसा ह्येष आत्मा सम्यग्ज्ञानेन ब्रह्मचर्येण च'' इति । एतन्मूलकमेव—**

**परिज्ञानाद्भवेन्मुक्तिरेतदालस्यलक्षणम् ।**
**कायक्लेशभयाच्चैव कर्म नेच्छन्त्यपण्डिताः ॥**

---

બતાવવામાં આવ્યું છે. શ્રીમદ્ભગવદ્ગીતામાં કહેવાયું છે—

''પોતપોતાનાં કામમાં અનુરક્ત લોકો સિદ્ધિને પ્રાપ્ત કરે છે, પોતાના કર્મથી અર્ચના કરીને માનવ સિદ્ધિને પ્રાપ્ત કરે છે.'' (અ.૧૮।૪૬।૪૭)

વિષ્ણુપુરાણમાં કહેવાયું છે કે—

''તેથી તેની પ્રાપ્તિને માટે પાંડવોએ પ્રયત્ન કરવો જોઈએ. તેની પ્રાપ્તિના કારણ વિજ્ઞાન અને ધર્મ બતાવવામાં આપ્યા છે.''

હરિત મહર્ષિ કહે છે -

''જે રીતે બન્ને પાંખોથી આકાશમાં પક્ષી ઉડે છે તે રીતે જ્ઞાન અને કર્મ બન્નેથી શાશ્વત બ્રહ્મ પ્રાપ્ત કરવામાં આવે છે.''

શ્રુતિ પણ છે -

''આ આત્મા સત્ય સમ્યગ્જ્ઞાન અને બ્રહ્મચર્યથી પ્રાપ્ત થવા યોગ્ય છે.''

આ વાતને કેંદ્રમાં રાખીને જ કહેવામાં આવ્યું છે કે—

''જ્ઞાનથી મુક્તિ થશે. આ આળસનું લક્ષણનું છે, શરીરને કષ્ટ થશે આ ભયથી જ મૂર્ખ લોકો કર્મની ઈચ્છા નથી કરતા.''

''કર્મહીન જ્ઞાન પ્રધાન નથી, બુદ્ધિહીન કર્મ પ્રધાન નથી. તેથી બન્નેની જ પ્રાપ્તિ થવી જોઈએ. કારણ કે એક પાંખથી પક્ષી ઉડી શકતું નથી.''

કોઈ એક ફળને માટે બતાવવામાં આવેલું કર્મ કોઈ બીજા ફળને માટે બતાવવું ઉચિત નથી— આ કથન યોગ્ય નથી, કારણ કે આ પ્રકારના વાક્યના કારણે જ્ઞાનની તુલ્યતાપ્રતીત થાય છે. કારણ કે ભિન્ન-ભિન્ન પ્રકારના ફળનું કારણ થવાથી પણ કર્મોના વિષયમાં શબ્દ જ પ્રમાણ છે. અથવા દૂરથી ઉપકારકનાં રૂપમાં અંગાંગી ભાવના રૂપમાં સમુચ્ચય છે. તે પ્રયાજ યાગની જેમ અપૂર્વના દ્વારા જ

ज्ञानं प्रधानं न तु कर्महीनं, कर्म प्रधानं न तु बुद्धिहीनम् ।
तस्माद् द्वयोरेव भवेत्प्रसिद्धिर्न ह्येकपक्षो विहगः प्रयाति ॥

न च फलान्तरार्थत्वेन श्रुतस्य कर्मणः फलान्तरार्थत्वमनुपपन्नम्, तथा वाक्यस्वरसात् ज्ञानतुल्यताप्रतीतेः । तत्तत्फलजनकत्वेऽपि हि कर्मणां शब्द एव मानम्, एवमन्यत्रापि । भवतु वा आरादुपकारितया अङ्गाङ्गिभावेन समुच्चयः, स प्रयाजादिवदपूर्वद्वारैव ।

( ३१ ) यत्तु जडभरतोपाख्याने–

न पपाठ गुरुप्रोक्तां कृतोपनयनः श्रुतिम् ।
न ददर्श च कर्माणि शास्त्राणि जगृहे न च ॥ इति

तदयोगिधर्मसङ्गत्यागार्थं, जातिस्मरत्वेन न शिक्षितानीत्येवंपरं वा । तदुक्तं–

''जज्ञे जातिस्मरो द्विजः । सर्वविज्ञानसम्पन्नः सर्वशास्त्रार्थतत्त्ववित्'' इति ।

( ३२ ) *अत्र केचित्*–अनुत्पन्नतत्त्वज्ञानस्य ज्ञानार्थिनस्तत्प्रतिबन्धकाधर्मनिवृत्तिद्वारा प्रायश्चित्तवदारादुपकारकं कर्म सन्निपत्योपकारकन्तु तत्त्वज्ञानम् । उत्पन्नतत्त्वज्ञानस्य तु अन्तरालब्धवृष्टेः कारीरीसमाप्तिवदारब्धाश्रमपरिपालनं लोकसङ्ग्रहार्थम् । यद्यपि लोकसङ्ग्रहो न प्रयोजनम् सुख-दुःखाभावतत्साधनेतरत्वात्,

---

કારણ છે.

(૩૧) જે જડભરત ઉપાખ્યાનમાં કહેવાયું છે -

''ઉપનયન સંસ્કારથી યુક્ત થઈ ગુરુથી ઉચ્ચરિત શ્રુતિને નથી વાંચી અને કર્મોને નથી બનાવ્યા. શાસ્ત્રોને ગ્રહણ પણ નથી કર્યા.'' તે યોગીના (તેની સાથેવાળા) ધર્મસંગના ત્યાગને માટે અથવા જાતિસ્મર થવાને કારણે શીખવવામાં નથી આવ્યા.–આ અભિપ્રાયથી કહેવાયું છે.

''તે દ્વિજ જાતિસ્મર, સર્વવિજ્ઞાનસંપન્ન અને સર્વ શાસ્ત્રાર્થના તત્ત્વનો જ્ઞાની થયો.''

(૩૨) **પૂર્વપક્ષ** :–આ વિષયમાં કેટલાંક લોકો કહે છે કે જેમને તત્ત્વનું જ્ઞાન નથી થયું, તે જ્ઞાનાર્થી માટે તેના વિરોધી અધર્મના નાશ દ્વારા પ્રાયશ્ચિતની જેમ કર્મ આરાદુપકારક છે, જ્યારે તત્ત્વજ્ઞાન સન્નિપત્ય ઉપકારક છે, જે વ્યક્તિને તત્વજ્ઞાન થઈ ગયું છે તે વ્યક્તિને માટે પ્રારંભ કરેલાં આશ્રમધર્મનું પાલન લોકસંગ્રહને માટે છે. જેમ વૃષ્ટિને માટે કારીરી યાગ પ્રારંભ કરવાથી વચ્ચે જ વૃષ્ટિ થવાથી પણ કારીરી યાગ પૂર્ણ કરવામાં આવે છે.

**પ્રશ્ન** :–જો કે લોકસંગ્રહ પ્રયોજન નથી, કારણ કે - સુખ, દુઃખાભાવ અથવા તેનું સાધન નથી.

**ઉત્તર** :–છતાં પણ આશ્રમધર્મનું પરિપાલન ન કરવાથી લૌકિકો દ્વારા નિંદા થવાથી 'તે નિંદ્ય છે' આ પ્રકારનું જે જ્ઞાન છે, તેને દૂર કરવાને માટે તથા તે કર્મથી ઉત્પન્ન દુઃખની ઉત્પત્તિ જ

तथाप्यकरणे लौकिकानां विगानान्निन्द्यत्वेन यज्ज्ञानं तत्परिहारार्थं तत्कर्मसाध्य-दुःखोत्पादनेनाधर्मक्षयार्थञ्चेति । *तन्न* । तत्त्वज्ञानं प्रत्यङ्गत्वपक्षे कर्मणां ह्यपूर्वद्वारा जनकत्वं दुरितध्वंसकल्पनातो लघुत्वात् । तस्मात् यानि कर्माणि उपनीतमात्रकर्तव्यत्वेन विहितानि सन्ध्योपासनादीनि तानि मोक्षार्थिभिरप्यवश्यं कर्तव्यानि तत्परित्यागस्य प्रत्यवायहेतुत्वेनाशास्त्रीयत्वात्, सङ्कोचे मानाभावात्, निषिद्धानि काम्यानि च बन्ध-हेतुत्वान्मुक्तिपरिपन्थीनीति त्यज्यन्ते । धनमूलानि च धनत्यागादेव त्यज्यन्ते । सोऽयं संन्यस्य सर्वकर्माणीत्यस्यार्थः, अयमेव हि संन्यासपदार्थः, तथा च श्रीभगवद्गीता—

काम्यानां कर्मणां न्यासं संन्यासं कवयो विदुः ।
नियतस्य तु संन्यासः कर्मणो नोपपद्यते ।
मोहात्तस्य परित्यागस्तामसः परिकीर्त्तितः ॥

तत्त्वज्ञानं धर्मद्वारा मुक्तिसाधनं विहितत्वेन धर्मजनकत्वादिति धर्मस्यैव प्राधान्यम् । स च धर्मो मुक्त्यैव फलेन नाश्यत इति केचित् । तन्न । मिथ्याज्ञाननिवृत्त्या दृष्टद्वारेणैवोपपत्तावदृष्टकल्पनानवकाशात् । अन्यथा भेषजादिष्वपि तथा स्यात् । एवञ्च तत्रैव विहितत्वस्य व्यभिचारः ।

---

અધર્મનો ક્ષય કરવા તેનું પાલન કરવામાં આવે છે.

**ઉત્તરપક્ષ :—**આ મત ગ્રાહ્ય નથી, કારણ કે કર્મ તત્ત્વજ્ઞાનનું અંગ છે, એવું માનવાવાળાં પક્ષમાં કર્મ અપૂર્વના માધ્યમથી મુક્તિનું કારણ થાય છે. કારણ કે પાપધ્વંસની કલ્પનાની અપેક્ષાએ લઘુ છે, તેથી જે કર્મ ઉપનીત માત્ર વ્યક્તિઓના કર્તવ્યના રૂપમાં વિહિત છે, એવા સંધ્યોપાસનાદિ કર્મ બધા મોક્ષાર્થીઓને માટે અવશ્ય કર્તવ્ય છે, તેનો ત્યાગ પાપનું કારણ હોવાથી તે અશાસ્ત્રીય છે, તેથી તેનો ત્યાગ કરવામાં કોઈ પ્રમાણ નથી. નિષિદ્ધ કર્મ તથા કામ્યકર્મ બંધનનું કારણ હોવાથી મુક્તિના શત્રુ છે, તેથી તેનો ત્યાગ કરવામાં આવે છે. ધનના કારણોનો ત્યાગ ધનથી જ થાય છે. આ જ ''सन्नस्य सर्वकर्माणि'' નો અર્થ છે. આ જ સંન્યાસ પદાર્થ છે. જેમ શ્રીમદ્ભગવદ્ગીતામાં કહેવાયું છે.

''કામ્ય કર્મના ત્યાગને વિદ્વાન સંન્યાસ કહે છે, નિત્ય કર્મોનો ત્યાગ સંન્યાસ નથી. અજ્ઞાનવશ તેનો ત્યાગ તામસ કહેવાયો છે.''

**પ્રશ્ન :—**તત્ત્વજ્ઞાન ધર્મના દ્વારા મુક્તિનું સાધન છે. વિધિ પ્રતિપાદિત થવાથી તે ધર્મનું કારણ છે, તેથી ધર્મ જ મુખ્ય છે. તે ધર્મ મુક્તિ રૂપી ફળના ઉત્પન્ન થવાથી નષ્ટ થઈ જાય છે, એવો કેટલાક વિદ્વાનોનો મત છે.

**ઉત્તર :—**તે ઉચિત નથી. કારણ કે મિથ્યાજ્ઞાન નષ્ટ થવાથી ઈષ્ટ ઉપાયથી જ તે સંભવ છે, તેથી અદષ્ટની કલ્પનાનો કોઈ અવસર નથી. અન્યથા ઔષધિ આદિમાં અદષ્ટ દ્વારા ફળની કલ્પના કરવી પડશે. આ પ્રકારે તેનામાં જ વિહિતત્વનો વ્યભિચાર છે.

**( ३३ ) अत्र वदन्ति—संसारकारणोच्छेदक्रमेण कार्योच्छेदान्मोक्षः, एवञ्च तत्त्वज्ञानमात्रादेव मिथ्याज्ञानोच्छेदादपवर्गः तत्र न तस्य कर्मसहकारित्वम् मिथ्याज्ञानोन्मूलने कर्मविनाकृतस्यैव तस्य दिङ्मोहादौ हेतुत्वावधारणात् कर्मणामपवर्गहेतुताश्रुतिश्च तत्त्वज्ञानद्वाराप्युपपद्यते साक्षात्तस्याश्रुतेः । तत्त्वज्ञानवतश्चाधिकारे नित्याकरणेऽपि दोषाभावेन प्रत्यवायाभावोपपत्तेः । अन्यथा भोगार्थं विहित-निषिद्धाचरणेन धर्माधर्मोत्पत्तौ मोक्षाभावप्रसङ्गः ।**

**( ३४ ) *ननु* तत्तत्तीर्थमहादान-स्नान-काशीमरणादिकर्मणां तत्त्वज्ञाननैरपेक्ष्येण मुक्तिहेतुत्वं श्रूयते तत्कथं तत्त्वज्ञानमेव तद्धेतुः ? । न च तेषां तत्त्वज्ञानमेव व्यापारः, अनुपदं तत्त्वज्ञानानुत्पादाददृष्टद्वारा तद्धेतुत्वं वाच्यम्, तथा चापवर्गकारणमेवादृष्टं कल्पतां लाघवात् । न च तत्त्वज्ञानप्रतिबन्धकाधर्मनाश एव तेषां व्यापारः, प्रतिबन्धकदुरितध्वंसतोऽपूर्वस्य लघुत्वात् । *अथ* तत्तत्कर्मणामननुगमात् कथं मुक्तिरनुगता दुःखध्वंसे प्रकाराभावादिति *चेत्* । न । गुणनाशे समवाय्यसमवायिनाश विरोधिगुणानां नाशकत्वनियमात् । ( शं ) तत्तन्नाशविशेषे तु तत्तद्धेतुरिति चेत्, तर्हि**

---

(૩૩) અહીંયા કહે છે કે—સંસારના કારણના વિનાશ ક્રમથી તેના કાર્ય દુઃખનો વિનાશ થવાથી મોક્ષ થાય છે. આ રીતે કેવળ તત્ત્વજ્ઞાનથી મિથ્યાજ્ઞાનનો વિનાશ થવાથી અપવર્ગ થાય છે. તેનામાં કર્મ સહકારી નથી. મિથ્યાજ્ઞાનના વિનાશમાં કર્મ વગર જ તે કારણ છે. દિઙ્મોહાદિમાં તેની અવધારણા થાય છે. અને કર્મને અપવર્ગનું કારણ બતાવવાવાળી શ્રુતિ તત્ત્વજ્ઞાન દ્વારા તેની કારણતાનો સ્વીકાર કરવાથી સંગત થાય છે. શ્રુતિએ તેને સાક્ષાત્ કારણ નથી બતાવ્યું. તત્ત્વજ્ઞાની અધિકારીના નિત્ય કર્મ ન કરવાથી પણ પ્રત્યવાય થતો નથી. અન્યથા ભોગને માટે વિહિત અને નિષિદ્ધ આચરણથી ધર્મ અને અધર્મની ઉત્પત્તિ થવાથી મોક્ષાભાવનો પ્રસંગ થશે.

(૩૪) **પૂર્વપક્ષ :—**અહીંયા પ્રશ્ન એ છે કે—તે તે તીર્થ મહાદાન, સ્નાન, કાશીમરણ વગેરે કર્મોને તત્વજ્ઞાન વગર જ મોક્ષનું કારણ બતાવવામાં આવ્યા છે તો તત્ત્વજ્ઞાન જ કઈ રીતે મુક્તિનું કારણ છે ?

**પ્રશ્ન :—**અને તત્ત્વજ્ઞાન તેનો વ્યાપાર છે.

**ઉત્તર :—**તે પણ નથી કહી શકતા. તુરંત તેના પછી તત્ત્વજ્ઞાન ઉત્પન્ન ન થવાથી અદૃષ્ટના દ્વારા જ તેને કારણ માનવું પડશે. આ રીતે અદૃષ્ટને જ મોક્ષનું કારણ માનીએ તેમાં લાઘવ પણ છે, અને તત્ત્વજ્ઞાન વિરોધી અધર્મ નાશ જ તેનો વ્યાપાર નથી, કારણ કે - પ્રતિબંધક પાપધ્વંસની અપેક્ષાએ અપૂર્વ લઘુ છે.

**પ્રશ્ન :—**પ્રત્યેક કર્મ ભિન્ન થવાથી મુક્તિ એક કઈ રીતે છે, દુઃખધ્વંસમાં તો ભેદ નથી.

**ઉત્તર :—**આ કથન પણ યોગ્ય નથી, કારણ કે 'ગુણનો નાશ સમવાયી અસમવાયી

**तत्तद्दुःखध्वंसे तत्तत्कर्मणामपि तथात्वमस्तु, तवापि तत्त्वज्ञाने तत्प्रतिबन्धकदुरितध्वंसे चाननुगतानामेव तत्तत्कर्मणां जनकत्वम्, मुमुक्षुमुद्दिश्य विहितत्वं वानुगतमस्तीति *चेत्* । न ।**

**( ३५ ) ज्ञान-कर्मणोर्निरपेक्षकारणताश्रवणात् व्रीहि-यववद्विकल्प एव । निरपेक्षैकसाधनावरुद्धेऽपरसाधनावरुद्धेऽपरसाधनान्वयो न विकल्पमन्तरेण सम्भवति आकाङ्क्षाविरहादिति न्यायात् । साहित्यबोधकं विनैकं प्रत्यनेकस्य हेतुता यत्र शब्देन बोध्यते तत्र विकल्पेनान्वयो यथा व्रीहि-यवयोरिति व्युत्पत्तेर्वा ।**

**( ३६ ) वस्तुतस्तु दृढभूमिसवासनमिथ्याज्ञानोन्मूलनं विना न मोक्ष इत्युभयसिद्धम्, तादृशमिथ्याज्ञाननाशे चान्वयव्यतिरेकाभ्यां तत्त्वज्ञानकारणमवधारितमतो न तेन विना स इति तत्रापि तत्त्वज्ञानमावश्यकम् । यद्यपि मिथ्याज्ञाननाशे विरोधिगुणस्यैव हेतुत्वम्, तथापि मिथ्याज्ञानप्रागभावासहवृत्तिमिथ्याज्ञानध्वंसस्य तदेकसाध्यत्वम् । ''आत्मा ज्ञातव्यो**

---

કારણોના નાશથી તથા વિરોધી ગુણની ઉત્પત્તિથી થાય છે' આ નિયમ છે.

**પ્રશ્ન :—**તે-તે ગુણના નાશમાં તે તે કારણોનો નાશ હેતુ છે, જો એમ કહીએ તો.

**ઉત્તર :—**તે તે પ્રકારના દુઃખ નાશમાં તે તે પ્રકારના કર્મ કારણ છે. આપના મતમાં પણ તત્ત્વજ્ઞાનને માટે તથા તેના વિરોધી પાપધ્વંસને માટે પણ અનેક પ્રકારના ભિન્ન-ભિન્ન કર્મ કારણ થાય છે. તે અનુગત છે અને મુમુક્ષુના ઉદ્દેશ્યથી 'કથન થવું' આ અનુગત છે.

**(૩૫) ઉત્તરપક્ષ :—**પરંતુ આ વાત સાચી નથી, કારણ કે જ્ઞાન અને કર્મ એક બીજાના નિરપેક્ષ કારણ કહેવાયા છે. જેવી રીતે વ્રીહિ અને યવ વિકલ્પથી યાગના કારણ થાય છે, તેવી રીતે જ નિરપેક્ષ એક સાધનના રહેવાથી, અપર સાધનના અવરુદ્ધ થવાથી, અપર સાધનનો ઉપયોગ વિકલ્પ વગર સંભવ નથી. કારણ કે આકાંક્ષા નથી, આ જ ન્યાય છે. અથવા સાહિત્ય બતાવવાવાળા વાક્ય વિના એક કાર્યને માટે અનેક કારણ જ્યારે બતાવવામાં આવે છે, ત્યારે વિકલ્પથી અન્વય થાય છે, જેવી રીતે વ્રીહિથી અથવા યવથી.

(૩૬) વસ્તુતઃ દઢભૂમિવાળી વાસનાની સાથે જે મિથ્યાજ્ઞાન છે, તેના વિનાશ વગર મોક્ષ સંભવ નથી, આ વાત ઉભયપક્ષને માન્ય છે—તે પ્રકારના મિથ્યાજ્ઞાનના નાશને માટે અન્વય અને વ્યતિરેકનાં આધારે તત્ત્વજ્ઞાનને કારણ સિદ્ધ કરવામાં આવ્યું છે. તેથી તેના વિના મોક્ષ નથી થઈ શકતો નથી. કર્મ સ્થલે પણ તત્ત્વજ્ઞાન આવશ્યક છે.

**પ્રશ્ન :—**જો કે મિથ્યાજ્ઞાનનો નાશ વિરોધી ગુણથી જ થાય છે.

**ઉત્તર :—**છતાં પણ મિથ્યાજ્ઞાનના પ્રાગભાવની સાથે ન રહેવાવાળા મિથ્યાજ્ઞાનનો ધ્વંસ તત્ત્વજ્ઞાન માત્રથી જ ઉત્પન્ન થાય છે.

''आत्मा ज्ञातव्यो न स पुनरावर्तते'' । આ શ્રુતિ તત્ત્વજ્ઞાનને જ મોક્ષને માટે કારણ બતાવે

**न स पुनरावर्त्तते'' इति श्रुतेर्मोक्षं प्रति तत्त्वज्ञानस्य हेतुत्वावधारणाच्च ''तमेव विदित्वाऽतिमृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय'' इति श्रुत्या तत्त्वज्ञानं विना न मोक्षः किन्तु तस्मिन्सत्येवेति प्रतिपादनाच्च । अन्यथा स्वर्गादौ न शरीरादयः कल्प्येरन् । कर्मणां तत्त्वज्ञानद्वारापि मुक्तिजनकत्वसम्भवात्, प्रमाणवतो गौरवञ्च न दोषाय ।**

**( ३७ ) कर्मणां तत्त्वज्ञानविशेष एव जनकत्वं अतो न तत्राननुगमो दोषाय । वाराणसीमरणस्य तत्त्वज्ञानफलकत्वमागमादेवावगम्यते । तत्त्वज्ञानाददत्तफलान्येव कर्माणि प्रायश्चित्तादिव विनश्यन्ति, अनन्यथासिद्धशब्दबलात् । न च प्रायश्चित्तस्य दुरितोत्पत्तिनिमित्तकत्वं, पापनाशफलश्रवणात् । अत एव न ब्रह्महत्यादीनां प्रायश्चित्तदुःखमेव फलम्, नरकफलश्रुतिविरोधात् प्रायश्चित्तविधिवैयर्थ्याच्च, दुःखैकफलत्वेन तत्राप्रवृत्तेः । नापि कर्मान्तराधिकार एव फलम्, महापातकातिरिक्तेऽनधिकाराभावाद् अन्यथा यत्किञ्चित्पापवतोऽकृतप्रायश्चित्तत्वेनानधिकारापत्तेः । प्राणान्तिके तदभावाच्च । श्रूयते हि—**

**भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः ।**
**क्षीयन्ते चास्य कर्माणि तस्मिन्दृष्टे परात्मनि ॥** स्मृतिश्च—

---

છે, તથા तमेव विदित्वातिमृत्युमेति नान्यः पन्था विद्यते अयनाय - આ શ્રુતિ કહે છે કે તત્ત્વજ્ઞાન વગર મોક્ષ નથી થતો. પરંતુ તેના થવાથી જ થાય છે, અન્યથા સ્વર્ગાદિમાં શરીરાદિની કલ્પના નહીં કરવી પડે. કર્મ તત્ત્વજ્ઞાનનાં દ્વારા પણ મુક્તિનું કારણ થઈ શકે છે, પ્રમાણ રહેવાથી ગૌરવ દોષ નથી.

(૩૭) કર્મ વિશેષ તત્ત્વજ્ઞાનનાં કારણ છે, આથી તેનામાં એકરૂપતા ન હોવી, એ દોષ નથી. વારાણસી મરણ તત્ત્વજ્ઞાનનું કારણ છે, આ આગમથી જ અવગત થાય છે. તત્ત્વજ્ઞાનથી જેનું ફળ ઉત્પન્ન નથી થયું એવા કર્મ પ્રાયશ્ચિતાદિની જેમ જ વિનષ્ટ થાય છે. કારણ કે - કારણના લક્ષણમાં અન્યથાસિદ્ધ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. પ્રાયશ્ચિતાદિ દુરિતની ઉત્પતિના કારણ નથી, કારણ કે - પ્રયાશ્ચિતથી દુરિતનો નાશ થાય છે, એ સાંભળવામાં આવ્યું છે, તેથી બ્રહ્મહત્યા ઈત્યાદિનું પ્રાયશ્ચિતદુઃખ જ ફળ નથી કારણ કે - નરક ફળને બતાવવાવાળી શ્રુતિની સાથે વિરોધ છે અને પ્રાયશ્ચિતનું વિધાન વ્યર્થ થવાની આપતિ છે. દુઃખ જ તેનું ફળ હોવાથી તેમાં પ્રવૃત્તિ થતી નથી. પ્રાયશ્ચિત્તનું ફળ બીજા કર્મોમાં અધિકાર નથી, કારણ કે - મહાપાતકથી ભિન્નમાં અનધિકારનો અભાવ છે, અન્યથા કોઈ એક પાપના રહેવાથી જેણે પ્રાયશ્ચિત્ત નથી કર્યું તે બધાં કર્મોમાં અનધિકારી થઈ જશે. અને પ્રાણાન્તિક પ્રાયશ્ચિતમાં તેનો અભાવ છે, કારણ કે સાંભળવામાં આવ્યું છે—

''તે પરમાત્માને જોઈને જ હૃદયની ગ્રંથીઓનો ભેદ થઈ જાય છે, સર્વ સંશયોનો છેદ થઈ જાય છે, કર્મોનો ક્ષય થઈ જાય છે.''

**ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुतेऽर्जुन !** इति ।

**( ३८ ) ''नाभुक्तं क्षीयते कर्म' इत्यत्र च प्रायश्चित्तादिस्मृतितः सङ्कोचस्यावश्यकत्वेन शब्दबोधितनाशकानाश्यकर्मपरत्वं लाघवात्, न तु तत्तदन्यकर्मपरत्वं गौरवात्, पापपुण्यक्षयहेतूनां बहुतरत्वात् । ज्ञानस्य नाशकत्वं शब्दबोध्यमित्युक्तम् ।** ***अथ*** **भस्मसात्पदस्य लाक्षणिकत्वेन यथा वह्नेः परम्परया भस्म तथा ज्ञानात्कर्मक्षय इत्यर्थः । तथा च नाभुक्तं क्षीयते कर्मेति स्मृतिरुत्सर्गतो भोगेनैव क्षयमाह, अनन्यथासिद्धप्रायश्चित्तविधिना सा बाध्यते, ज्ञाननाश्यत्वञ्च भोगद्वारापि सम्भवतीत्यबाधे सम्भवति बाधकल्पना नेति** ***चेत्*** **। न । कर्मणो भोगनाश्यत्वे ज्ञानस्यानाशकत्वात् । न हि भोगस्तत्त्वज्ञानव्यापारः, तथाऽश्रवणात्, तेन विनापि कर्मण एव तदुपपत्तेश्च । कर्मणो भोगनाश्यत्वे तत्त्वज्ञानानुपयोगात् ।**

**( ३९ )** ***यत्तु*** **नाभुक्तमिति स्मृतिविरोधेन क्षीयन्त इत्यादिश्रुतेरन्यथा वर्णनम् ।** ***तन्न*** **। स्मृतेः प्रत्यक्षवेदबोधितत्वेन विरुद्धार्थकवेदाननुमापकत्वात् । ( शं )**

---

સ્મૃતિ પણ કહે છે–

''અર્જુન, જ્ઞાન અગ્નિ સર્વ કર્મોને ભસ્માસાત્ કરે છે.''

(૩૮) ''नाभुक्तं क्षीयते कर्म'' અહીંયા પ્રાયશ્ચિત્તાદિ સ્મૃતિઓનો સંકોચ આવશ્યક હોવાથી, ''શબ્દથી કહેવાયેલા નાશક અને નાશ્ય કર્મ'' આ અર્થ ગ્રહણ કરવામાં લાઘવ છે. ''તે તેથી ભિન્ન એવાં કર્મ'' - એવો અર્થ ન લેવો જોઈએ. કારણ કે તેમાં ગૌરવ છે. કારણ કે પાપ અને પુણ્ય ક્ષય કરવાને માટે અનેક કારણ છે. જ્ઞાનનું નાશક હોવું શબ્દ (શ્રુતિ)થી જ્ઞાત થાય છે, એમ (પહેલાં) કહેવાયું છે.

**પ્રશ્ન :–**અહીંયા ''ભસ્મસાત્'' પદનો લાક્ષણિક અર્થ કરીને ''જે રીતે અગ્નિથી પરંપરાએ ભસ્મ થાય છે, તે જ રીતે જ્ઞાનથી પણ પરંપરાથી કર્મક્ષય થાય છે.'' આ અર્થ છે. આ પ્રકારે ''नाभुक्तं क्षीयते कर्म'' આ સ્મૃતિ ઉત્સર્ગથી ભોગથી જ ક્ષય થાય છે એમ બતાવે છે. તે અનન્યથાસિદ્ધ પ્રાયશ્ચિતનું વિધાન કરવાવાળી સ્મૃતિથી બાધિત થાય છે. (કર્મોનો) જ્ઞાનથી નાશ થવો, ભોગ દ્વારા પણ થઈ શકે છે. આ પ્રકારથી અબાધ જ્યારે સંભવ છે. તો બાધની કલ્પના ન કરવી જોઈએ.

**ઉત્તર :–**આ કથન પણ સર્વથા યોગ્ય નથી, કારણ કે ભોગ તત્ત્વજ્ઞાનનો વ્યાપાર નથી, ક્યાંય પણ એવું નથી કહેવાયું કે - તેના વગર કર્મથી જ ભોગની ઉપપત્તિ થઈ શકે છે. કર્મ ભોગથી નષ્ટ થવાથી તત્ત્વજ્ઞાન તેનાં માટે કોઈ પણ પ્રકારથી ઉપયોગી નથી.

**(૩૯) પ્રશ્ન :–**જે કહે છે કે - ''नाभुक्त'' આ સ્મૃતિની સાથે વિરોધ થવાથી ''क्षीयते'' ઇત્યાદિ શ્રુતિનું અન્ય રીતે અર્થઘટન છે.

**वामदेवसौभरि-प्रभृतीनां कायव्यूहश्रवणात्तत्वज्ञानेन कायव्यूहमुत्पाद्य भोगद्वारा कर्मक्षय इति चेत् । न। तपःप्रभावादेव तत्त्वज्ञानानुत्पादेऽपि कायव्यूहसम्भवात्। भोगजननार्थञ्च कर्मभिरवश्यं तत्तत्कायनिष्पादनमिति न तत्र तत्त्वज्ञानोपयोगः, यौगपद्यञ्च कायानां तज्जनककर्मस्वभावात् तपःस्वभावाद्वा । न च ज्ञानं भोगद्वारा कर्मनाशकं इत्युक्तम् ।**

**( ४० ) *एतेना*गमयोः परस्परविरोधात् अनिर्णये विमतिपदं कर्म भोगनाश्यं प्रायश्चित्ताद्यनाश्यत्वे सति कर्मत्वात् भुक्तभुज्यमानकर्मवदित्यनुमानान्निर्णय इत्य*पास्तम्* । ज्ञानस्य प्रायश्चित्ततुल्यत्वेनाप्रयोजकत्वात्, श्रुतिबाधितत्वाच्च, शब्दबोधितनाशकानाश्यत्वस्योपाधित्वाच्च, अकृतप्रधानेन कृतप्रधानेन चाङ्गापूर्वेण व्यभिचाराच्च, तस्य प्रधानयागादिनाश्यत्वात् । *न च* तस्यापि यागस्येव स्वर्ग-फलकत्वमिति तन्नाश्यत्वमेव अधिकृताधिकारेऽपि स्वर्गकामस्याधिकाराद्, अन्यथा निष्फलेऽप्रवृत्तेरिति *वाच्यम्* । स्वर्गफलत्वेऽङ्गत्वविरोधात् । प्रवृत्तिश्च फलवद्या-गार्थितया। तदुक्तम्, 'प्रधाने रागादङ्गे वैधीति' ।**

---

**ઉત્તર :–**આ બરાબર નથી, કારણ કે સ્મૃતિ પ્રત્યક્ષ વેદથી બોધિત હોવાથી વિરુદ્ધાર્થના વેદની અનુમાપક થઈ શકતી નથી.

**પ્રશ્ન :–**વામદેવ સૌભરિ પ્રભૃતિ લોકોના કાયવ્યૂહના વિષયમાં સાંભળવાથી તત્ત્વજ્ઞાનથી કાયવ્યૂહ કરીને ભોગ દ્વારા કર્મક્ષય થાય છે.

**પ્રશ્ન :–**આ મત પણ યોગ્ય નથી, કારણ કે તપના પ્રભાવથી તત્ત્વજ્ઞાન વગર કાયવ્યૂહ સંભવિત છે. ભોગને માટે કર્મોથી, તે-તે પ્રકારના શરીરની ઉત્પત્તિ અવશ્ય થવી જોઈએ. તેના માટે તત્ત્વજ્ઞાનની કોઈ ઉપયોગિતા નથી. શરીરોનું એક સાથે હોવું એને પેદા કરવાવાળા કર્મોના સ્વભાવથી કે તપના સ્વભાવથી છે. અને જ્ઞાન ભોગ દ્વારા કર્મ નાશક નથી, એમ કહેવાયું છે.

(૪૦) **પ્રશ્ન :–**તેનાથી–બે આગમોનો પરસ્પર વિરોધ થવાથી નિર્ણય ન થવાથી મતભેદ વિષય કર્મ, ભોગથી નષ્ટ થાય છે, કારણ કે પ્રાયશ્ચિતાદિથી નષ્ટ ન થવા વાળા કર્મ છે, જેમ કે, ભુક્ત અને ભુજયમાન કર્મ. આ અનુમાનથી તેનો નિર્ણય થાય છે–

**ઉત્તર :–**આ મત ખંડિત થાય છે. કારણ કે પ્રાયશ્ચિત્તની જેમ થવાથી અપ્રયોજક તથા શ્રુતિથી બાધિત છે, તથા શબ્દથી જ્ઞાત નાશક-અનાશ્યત્વ ઉપાધિ છે, અને અકૃતપ્રધાન તથા કૃતપ્રધાન અંગાપૂર્વમાં વ્યભિચાર છે કારણ કે તે પ્રધાન યાગથી જ નષ્ટ થાય છે.

**પ્રશ્ન :–**એમ ન કહેવું જોઈએ કે યાગની જેમ જ અંગયાગનું ફળ પણ સ્વર્ગ જ છે અને તેનાથી જ તેનો નાશ થાય છે. અધિકૃતને અધિકાર થવાથી પણ સ્વર્ગ કામનાવાળા જ તેના અધિકારી છે. અન્યથા નિષ્ફળમાં પ્રવૃત્તિ થાય છે, તે જ કહેવાયું છે - ''પ્રધાનમાં ઈચ્છા થવાથી અંગ વૈધ (યોગ્ય-માન્ય) છે.''

**( ४१ ) *ननु* 'तावदेवास्य चिरं यावन्न विमोक्षः अथ सम्पत्स्यते कैवल्येन' इति श्रुतेः तावदेवास्योत्पन्नतत्त्वज्ञानस्य चिरं विलम्बः यावन्नोत्पन्नकर्मणो विमोक्षः अथ सम्पत्स्यते कैवल्येनेत्यत्र भोगेन क्षपयित्वा इति शेषः । न च शेषे मानाभावः, सत्यपि विज्ञाने कर्मावस्थाने क्लृप्तसामर्थ्यस्य भोगस्यैव नाशकत्वेनाक्षेपादिति *चेत्* । न । तत्त्वज्ञाने सति तत्त्वज्ञानदशायां न मोक्षः किन्तु तदग्रिमक्षण इत्यार्थत्वेनाप्युपपत्तेः ।**

**( ४२ ) *यत्तु* अकृतप्रधानाङ्गापूर्वाभिप्रायमेतत् ज्ञानाग्निः सर्वकर्माणीत्यादि तेषां कार्याणां नाशकान्तराभावादिति । *तन्न* । प्रधानार्थितया क्लृप्तानां तदभावे तत्सामग्र्यसिद्धेः, तत्सत्त्वेऽपि सर्वकर्मपदस्य कर्मान्तरपरिग्राहकस्य सङ्कोचे मानाभावात् । *यदपि* भस्मसात्करणादिना फलाजनकत्वमुच्यते तत्त्वज्ञानात्कृतमपि विहितं कर्म न फलायेति । तथा च श्रुतिः, तद्यथा ''पुष्करपलाशेनापः शिलष्यन्ते'' इत्यादि । *तदपि न* । न हि भस्मसात्करणं क्षयश्चानुत्पत्तिरुच्यते । न च लक्षणा, मुख्ये बाधकाभावादिति ।**

---

(૪૧) **પૂર્વપક્ષ ''तावदेवास्य चिरं यावन्न विमोक्षः अथ सम्पत्स्ये कैवल्येन''** આ શ્રુતિથી પ્રાપ્ત થાય છે કે, ''ત્યાં સુધી જ તત્ત્વજ્ઞાનીના મોક્ષમાં વિલંબ છે, જ્યાં સુધી ઉત્પન્ન કર્મનો મોક્ષ નથી થઈ જતો, પશ્ચાત્ (પછી) તેને કૈવલ્ય પ્રાપ્ત થઈ જાય છે. અહીંયા 'ભોગ દ્વારા ક્ષય કરીને' આ શેષ ભાગની કલ્પના કરવી જોઈએ.

**પ્રશ્ન :—**શેષભાગમાં કોઈ પ્રમાણ નથી.

**ઉત્તર :—**તત્ત્વજ્ઞાન થવાથી પણ કર્મનાં વિદ્યમાન થવાથી સામર્થ્યવાન ભોગને જ નાશકના રૂપમાં માનવો જોઈએ.

**(ઉત્તર પક્ષ)** એવું કથન યોગ્ય નથી, કારણ કે તત્ત્વજ્ઞાન થવાથી તત્ત્વજ્ઞાનની અવસ્થામાં મોક્ષ થતો નથી, તેની અગ્રિમ ક્ષણમાં થાય છે. ઉપર્યુક્ત શ્રુતિનો આ અર્થ પણ ગ્રહણ કરી શકાય છે.

(૪૨) **પ્રશ્ન :—**આ મત છે કે - અકૃત પ્રાધાનાંગાપૂર્વના અભિપ્રાયથી ''ज्ञानाग्निः स्वकर्माणि'' આ કહેવાયું છે. તેનાં કર્મો (અપૂર્વ)નો નાશક અન્ય કોઈ નથી.

**ઉત્તર :—**તે યોગ્ય નથી. પ્રધાનને માટે કરેલા અંગોનો અભાવ થવાથી તેની સામગ્રી જ સિદ્ધ નહીં થાય, તેના રહેવાથી પણ કર્મ પદ કર્માન્તરનું બોધક છે. આ પ્રકારનો સંકોચ કરવામાં કોઈ પ્રમાણ નથી.

**પ્રશ્ન :—**જે પણ—ભસ્મસાત્કરણનો અર્થ ''ફળનો જનક ન હોવું'' આ કહેવાય છે, તેનો અર્થ આ છે કે - ''તત્ત્વજ્ઞાન થયા પછી કરેલું વૈધ (માન્ય-યોગ્ય) કર્મ પણ ફળજનક થતું નથી.'' તેવી જ રીતે શ્રુતિ છે. ''કમળના પત્રોને જળ લાગતાં તે ભીંજવી શકતાં નથી.'' ઇત્યાદિ

**ઉત્તર :—**તે પણ ગ્રાહ્ય નથી. કારણ કે ભસ્મસાત્કરણ અથવા ક્ષયનો અર્થ ''અનુત્પત્તિ'' નથી અને અહીંયા લક્ષણા પણ નથી કારણ કે મુખ્ય અર્થ ગ્રહણ કરવામાં કોઈ બાધક નથી.

**( ४३ ) उच्यते । कर्मणो भोगनाश्यत्वेऽपि ज्ञानस्य कर्मनाशकत्वम्, भोगस्य तत्त्वज्ञानव्यापारत्वात् । न च भोगमात्रस्यैव कर्मनाशे सामर्थ्यात्तत्त्वज्ञानव्यभिचारः, कर्मप्रागभावासहवृत्तिकर्मनाशे युगपत्कर्मभोगे वाऽव्यभिचारात् । अत एवानुमाने-नागमबाधाप्रयोजकत्वेन च श्रुतिवाक्यशेषे मानाभावः । उत्पन्नतत्त्वज्ञान-स्यापवर्गविलम्बोपपादनार्थं उक्तरीत्या भोगस्यैवाक्षेपादिति, तदस्यापवर्गस्य परम-पुरुषार्थस्य श्रुतिसिद्धं कारणमनुमानमिति विविक्तम् ॥**

**इति श्रीमहामहोपाध्याय-श्रीगङ्गेशविरचिते तत्त्वचिन्तामणौ अनुमानाख्यद्वितीयखण्डे ईश्वरानुमानम् । समाप्तञ्च द्वितीयमनुमानखण्डम् ॥**

---

(૪૩) આના પર કહેવાય છે—કર્મ ભોગથી નષ્ટ થવાથી પણ જ્ઞાન કર્મનું નાશક છે. કારણ કે ભોગ તત્ત્વજ્ઞાનનો વ્યાપાર છે. ભોગ માત્ર જ કર્મના નાશક થવાથી તત્ત્વજ્ઞાનમાં વ્યભિચાર છે, એવું નથી, કારણ કે કર્મ પ્રાગભાવની સાથે ન રહેવાવાળા કર્મનાશમાં અથવા એક સાથે કર્મભોગ થવામાં વ્યભિચાર નથી. તેથી અનુમાનથી આગમબાધા પ્રયોજકના રૂપમાં શ્રુતિવાક્યના ભાગમાં કોઈ પ્રમાણ નથી. ઉત્પન્ન તત્ત્વજ્ઞાનવાળાને અપવર્ગની પ્રાપ્તિના વિલંબનાં કારણના રૂપમાં ભોગનો જ આક્ષેપ કરવામાં આવે છે. (આ પ્રકારે) તે પરમ પુરુષાર્થ અપવર્ગનું શ્રુતિસિદ્ધ કારણ અનુમાન છે, તેની વિવેચના કરવામાં આવી છે.

**આ પ્રકારે મહામહોપાધ્યાય શ્રી ગંગેશ વિરચિત**
**તત્ત્વચિન્તામણિના અનુમાનનામક**
**દ્વિતીય ખંડમાં ઈશ્વરાનુમાન**
**સમાપ્ત થયું.**
**અને દ્વિતીય અનુમાનખંડ**
**સમાપ્ત થયો.**

• • •

---

★ પ્રસ્તુત અનુવાદની જવાબદારી અનુવાદકની છે.

# मुक्तिवादः
( न्यायालोकगतः )

कर्ता: उपा.श्री यशोवि. गणिवर
अनुवाद: मुनिश्री यशोवि. गणिवर

# न्यायालोकः

**( १ ) प्रणम्य परमात्मानं जगदानन्ददायिनम् ।**
**न्यायालोकं वितनुते धीमान् न्यायविशारदः ॥१॥**

---

## પ્રીતિદાયિની (ગુર્જરવ્યાખ્યા)

(૧) મહોપાધ્યાય ન્યાયાચાર્ય યશોવિજયજી ગણિવર્ય 'प्रणम्य परमात्मानं' ઈત્યાદિ કહીને 'ન્યાયાલોક' નામના ગ્રન્થરત્નનું મંગલાચરણ કરે છે. આદ્ય શ્લોકનો સામાન્ય અર્થ આ રીતે છે—જગતને આનંદ આપનાર પરમાત્માને નમસ્કાર કરીને બુદ્ધિમાન ન્યાયવિશારદ ન્યાયાલોક નામના ગ્રંથની રચના કરે છે.

### મંગલશ્લોક વિશેષાર્થ

શિષ્ટ પુરુષ કોઈ પણ કાર્યની શરૂઆતમાં તે કાર્યની નિર્વિઘ્ન સમાપ્તિ માટે મંગલાચરણ કરે છે. ગ્રંથકાર મહોપાધ્યાયજી મહારાજ પણ આ શિષ્ટાચારના પાલન માટે પોતાના ઈષ્ટદેવ પરમાત્માને નમસ્કાર કરે છે, જે મંગલસ્વરૂપ છે. આ મંગલાચરણ ગ્રન્થકારની આસ્તિકતાનું પ્રતિક પણ છે. કૈવલ્યલક્ષ્મીની પ્રાપ્તિ પછી વચનાતિશયસંપન્ન પરમાત્મા મોક્ષપુરુષાર્થપ્રધાન દેશના દ્વારા નિકટમુક્તિગામી ભવ્યાત્માઓને તો પરમાનંદ આપે જ છે. પરંતુ પોતાની અપર્યાપ્ત અવસ્થામાં પણ તીર્થંકર પરમાત્મા નરકાદિના જીવોને આનંદ આપે છે—ઉપકાર કરે છે. આવું અદ્વિતીય અચિંત્ય સામર્થ્ય માત્ર પરમાત્મામાં જ હોય છે. આથી સર્વ જીવોને આનંદદાયી એવા પરમાત્માને ગ્રંથપ્રારંભમાં કરાયેલ નમસ્કાર યોગ્ય જ છે અને સર્વવિઘ્નનાશક પણ છે—આમ ફલિત થાય છે.

મંગલ શ્લોકના ઉત્તરાર્ધમાં ન્યાયાલોક નામના ગ્રન્થને કરવાની પ્રતિજ્ઞાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે અને અભિધેયનો નિર્દેશ પણ કરવામાં આવેલ છે. અભિધેયને વિષયસ્વરૂપ અનુબંધ પણ કહે છે. અનુબંધનો અર્થ છે स्वविषयकज्ञानद्वारा शास्त्रे प्रवर्तकः । અર્થાત્ જે પોતાનું જ્ઞાન કરાવવા દ્વારા શાસ્ત્રમાં પ્રવર્તન કરાવે તે અનુબંધ કહેવાય છે. શાસ્ત્રના વિષયનું જ્ઞાન થવાથી તે વિષયના અર્થી સમર્થ શ્રોતા અને પાઠક વિવક્ષિત શાસ્ત્રમાં પ્રવૃત્તિ કરે છે. આથી અભિધેય અનુબંધસ્વરૂપ કહેવાય છે. વિષય, સંબંધ, અધિકારી અને પ્રયોજન—આ ચાર અનુબંધના ભેદ છે. અહીં વિષયસ્વરૂપ અનુબંધનું શબ્દતઃ ગ્રહણ કરવામાં આવેલ છે અને શેષ ત્રણ અનુબંધ સામર્થ્યગમ્ય છે. પોતાના વાચ્યાર્થ સાથે આ ગ્રન્થનો અભિધેય-અભિધાયકભાવ સંબંધ છે, જેને વાચ્ય-વાચકભાવ સંબંધ પણ કહે છે અભિધેયાર્થના જિજ્ઞાસુ અને સમર્થ વિદ્વાન્ શ્રોતા અથવા પાઠક અહીં અધિકારી છે—આ અર્થતઃ જણાય છે. ગ્રંથકારનું સાક્ષાત્ પ્રયોજન છે—જિજ્ઞાસુ અધિકૃત શ્રોતાવર્ગ-પાઠકવૃંદ ઉપર ઉપકાર કરવો તથા શ્રોતા અથવા વાચક મહાશયનું સાક્ષાત્ પ્રયોજન છે ન્યાયાલોક ગ્રંથના અભિધેયાર્થના જ્ઞાનની પ્રાપ્તિ. ગ્રંથકાર અને શ્રોતા યા વાચક બન્નેનું પરંપર પ્રયોજન છે મોક્ષપ્રાપ્તિ. આ વાત પણ સામર્થ્યગમ્ય છે. જો કે શ્રીમદ્જીએ શબ્દતઃ સાક્ષાત્ ફક્ત

**( २ ) इह खलु सकलदुःखजिहासया परमानन्दसम्पत्तये च मुक्त्युपायेषु प्रवर्त्तमाना दृश्यन्ते मुनयः । तत्र केयं मुक्तिः ? समानाधिकरणदुःखप्रागभावाऽसहवृत्तिदुःखध्वंस इति नैयायिकादयः ।**

---

અભિધેયાત્મક એક અનુબંધનું જ પ્રતિપાદન કર્યું છે છતાં तद्ग्रहणे तत्सजातीयोऽपि गृह्यते ન્યાયથી અનુબંધસજાતીય સંબંધ, અધિકારી અને પ્રયોજનનું પણ અર્થતઃ પ્રતિપાદન થઈ ગયું—આવું સમજાય છે. આ રીતે અનુબંધ ચતુષ્ટયનું જ્ઞાન થવાથી અધિકૃત વ્યક્તિની પ્રસ્તુત ગ્રન્થમાં પ્રવૃત્તિ સુકર બને છે.

મંગલ શ્લોકના ચતુર્થ પાદમાં 'धीमान् न्यायविशारदः' આ રીતે ગ્રંથકારે પોતાનો વિશિષ્ટ ઉલ્લેખ કરેલો છે. સેંકડો ગ્રંથના રચયિતા શ્રીમદ્ મહોપાધ્યાય યશોવિજયજી મહારાજાના બુદ્ધિવૈભવની તો શું વાત કરવી ? કાશીમાં ૭૦૦ વિદ્યાર્થીઓને ભણાવતા ભટ્ટારકજી પાસે જ્યારે ગ્રંથકાર શ્રીમદ્જી અધ્યયનમાં મગ્ન હતા, તે સમયે કાશીમાં એક મહાવાદી સંન્યાસીએ વાદ માટે કાશીના વિદ્વાનોને આહ્વાન આપ્યું. વાદમાં ધુરંધર પંડિતો પણ જ્યારે હારી ગયા ત્યારે ભટ્ટારકજીની નજર પ્રસ્તુત ગ્રંથકાર શ્રીમદ્જી ઉપર સ્થિર થઈ. શ્રીમદ્ જસવિજયજી મહારાજે જંગી માનવમેદની વચ્ચે પંડિતોની વાદસભામાં ગુરુકૃપાના અચિંત્ય પ્રભાવથી સ્યાદ્વાદયુક્તિ દ્વારા એ મહાવાદી સંન્યાસીને હરાવ્યો. અનેકાંતદર્શનની જયપતાકાને કાશીના વિશાલ ગગનાંગણમાં લહેરાવનાર શ્રીમદ્ જસવિજયજી મહારાજને અત્યંત સન્માનપૂર્વક કાશીના વિદ્વાનોએ 'ન્યાયવિશારદ' બિરુદથી વિભૂષિત કર્યા. આ અતિમહત્ત્વપૂર્ણ સત્ય ઘટનાનું દિગ્દર્શન પોતાના વિશિષ્ટ ઉલ્લેખ દ્વારા શ્રીમદ્જીએ અહીં કરેલ છે. પ્રતિમાશતક ગ્રન્થના અને ન્યાયખંડખાદ્ય ગ્રન્થના છેડે આ સાત્ત્વિક સત્ય ઘટનાને શ્રીમદ્જીએ આ રીતે આલેખેલ છે કે 'पूर्वं न्यायविशारदत्वबिरुदं काश्यां प्रदत्तं बुधैः.' ધન્ય છે મહામહોપાધ્યાયજીની પ્રકૃષ્ટ પ્રતિભા અને ગરવી ગુરુભક્તિને.

(२) इह० । વાસ્તવમાં આ જગતમાં સર્વ દુઃખની નિવૃત્તિની ઇચ્છાથી અને પરમાનન્દસ્વરૂપ આત્મવૈભવની પ્રાપ્તિના ઉદ્દેશથી મુક્તિના ઉપાયોમાં પ્રવૃત્તિ કરનારા પરમર્ષિઓ દેખાય છે. કેવલ દુઃખની નિવૃત્તિ કે ફક્ત સુખની પ્રાપ્તિ પ્રાજ્ઞ પુરુષોને કામ્ય હોતી નથી. કારણ કે એ બેમાંથી એકની પ્રાપ્તિ ન થાય તો અન્યની પ્રાપ્તિ અત્યન્ત ફલવાન્ બનતી નથી. કોઈ બુદ્ધિમાન મૂર્ચ્છા, બેહોશી વગેરેનો પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરતો નથી. તેથી સિદ્ધ થાય છે કે કેવલ દુઃખાભાવ કામ્ય નથી. તેમજ સ્વાદિષ્ટ મધુર ગુલાબજાંબુ ખાતી વખતે તેમાંથી કોઈ કાંકરી નીકળે તો ગુલાબજાંબુના રસાસ્વાદની મજા મરી જાય છે. તેથી તેવું સુખ પણ કામ્ય નથી હોતું કે જે દુઃખથી મિશ્રિત હોય—આ પણ સિદ્ધ થાય છે. આથી પરમર્ષિઓની પ્રવૃત્તિની ઉદ્દેશ્ય કોટિમાં સકલદુઃખનિવૃત્તિ અને પરમાનંદપ્રાપ્તિ બન્નેનો સમાવેશ અનિવાર્ય છે. દ્વિવિધ ઉદ્દેશ્યવાળી પરમર્ષિઓની મુક્તિઉપાયવિષયક પ્રવૃત્તિના ઘટકસ્વરૂપે અભિમત મુક્તિપદાર્થ શું છે ? આ પ્રશ્ન પર અહીં મીમાંસા થઈ રહી છે.

**प्रमाणञ्चात्र दुःखसन्ततिरत्यन्तमुच्छिद्यते सन्ततित्वात्, प्रदीपसन्ततिवदिति प्राञ्चः । तदसत्, सन्ततिः खल्वेकजातीयमनेकं वस्तु । तत्रैकजातीयत्वं यदि सत्त्वादिना तदा मनसा व्यभिचारात् ।**

**यदि च गुणत्व-दुःखत्वादिना, तदा दृष्टान्ते साधनवैकल्यप्रसङ्गात् ।**

---

**નૈયાયિકસંમત મોક્ષની સમીક્ષા**

समा० । નૈયાયિક વગેરે વિદ્વાનોનો મત એવો છે કે—જે દુઃખધ્વંસ પોતાના સમાનાધિકરણ દુઃખપ્રાગભાવનો અસહવર્તી અસમાનકાલિક હોય તે દુઃખધ્વંસ જ મોક્ષપદાર્થ છે. મોક્ષપદાર્થની આવી પરિભાષા અનુસાર જે દુઃખવિનાશ અંતિમ હશે તે જ મોક્ષ બની શકશે, કારણ કે તે ચરમદુઃખધ્વંસના અધિકરણીભૂત આત્મામાં ત્યાર પછી અન્ય દુઃખ ઉત્પન્ન નહીં થાય. સ્પષ્ટ જ છે કે અન્ત્ય દુઃખનિવૃત્તિ જ એવી હશે જે સ્વસમાનાધિકરણ પૂર્વવર્તી દુઃખપ્રાગભાવની સમાનાધિકરણ નહિ હોય. જે દુઃખધ્વંસ ચરમ નહિ હોય, તેની ઉત્પત્તિ બાદ તેના અધિકરણ આત્મામાં અન્ય દુઃખધ્વંસ ઉત્પન્ન થશે. આથી અચરમ દુઃખધ્વંસ સ્વસમાનાધિકરણ દુઃખપ્રાગભાવનું સહવર્તી =સમકાલીન જ હશે, કારણ કે અચરમ દુઃખનિવૃત્તિની ઉત્પત્તિ બાદ દુઃખધ્વંસની ઉત્પત્તિ માટે દુઃખની ઉત્પત્તિ આવશ્યક છે. દુઃખની ઉત્પત્તિ વિના તો દુઃખધ્વંસની ઉત્પત્તિ પણ અશક્ય જ છે. અન્ય દુઃખની ઉત્પત્તિ ત્યારે જ સંભવી શકે, જો દુઃખધ્વંસના સમયે તેના અધિકરણ બનેલા આત્મામાં દુઃખપ્રાગભાવ રહેલો હોય. દુઃખપ્રાગભાવ એ દુઃખનો જનક છે. આ તો પ્રસિદ્ધ પ્રાથમિક નૈયાયિકસિદ્ધાન્ત છે. પ્રદર્શિત મુક્તિપદાર્થની સિદ્ધિ અનુમાન પ્રમાણથી થઈ શકે છે. આ રહ્યું તે અનુમાન પ્રમાણ-દુઃખસંતતિ અત્યંત ઉચ્છેદ પામે છે, કારણ કે તે સંતતિ છે. જે જે સંતતિ હોય છે તે તે અવશ્ય અત્યંત ઉચ્છેદ = વિનાશ પામે છે, જેમ કે પ્રદીપસંતતિ. દુઃખસંતતિ પણ સંતતિ હોવાના કારણે અવશ્ય ક્યારેક તો અત્યંત નષ્ટ = નાશપ્રતિયોગી બનશે. એમ સિદ્ધ થાય છે. આ પ્રાચીન નૈયાયિકોનો મત છે.

तदसत्० । પરંતુ શ્રીમદ્ મહોપાધ્યાયજી મહારાજ પ્રાચીન નૈયાયિકોનું ખંડન કરતા કહે છે કે—અત્યંતદુઃખધ્વંસસાધક અનુમાન પ્રમાણમાં હેતુરૂપે જે સન્તતિત્વનું પ્રતિપાદન કરાયેલ છે તેનો આશ્રય સંતતિપદાર્થ એકજાતીય અનેક વસ્તુસ્વરૂપ છે. કેવલ અનેક વસ્તુને સંતતિ કહેવામાં આવે તો ઘટ, પટ, મઠ, જલ, અગ્નિ વગેરે અનેક વિજાતીય વસ્તુઓમાં સંતતિત્વ માનવાની આપત્તિ આવે. તેના નિવારણ માટે સંતતિપદાર્થના શરીરમાં એકજાતીયત્વ=સજાતીયત્વનો નિવેશ આવશ્યક છે. પરંતુ અહીં એક સમસ્યા ઉપસ્થિત થાય છે કે 'એકજાતીયત્વ=એકજાતિમત્ત્વ કઈ જાતિની અપેક્ષાએ માન્ય કરવું ?' સત્ત્વ, દ્રવ્યત્વ આદિ જાતિની અપેક્ષાએ એકજાતીયત્વની વિવક્ષા કરવામાં આવે તો સંતતિત્વપદનો અર્થ એવો ફલિત થશે કે સત્ત્વ આદિ જાતિ આશ્રયીભૂત અનેકવસ્તુત્વ, અર્થાત્ સત્ત્વ, દ્રવ્યત્વ આદિ જાતિનો આશ્રય હોતે છતે અનેક વસ્તુત્વ હોવું તે જ સંતતિત્વની હયાતિ. આવા સંતતિત્વને હેતુસ્વરૂપે માન્ય કરવામાં આવે તો ઉપરોક્ત અનુમાનમાં દર્શિત હેતુ, મન આદિ નિત્ય દ્રવ્યમાં વ્યભિચાર દોષથી દૂષિત થશે. આનું કારણ એ છે કે મન

**( ३ ) आत्मकालान्यवृत्तिध्वंसप्रतियोग्यवृत्तिदुःखत्वं दुःखप्रागभावानधिकरणवृत्तिध्वंसप्रतियोगिवृत्ति कार्यमात्रवृत्तिधर्मत्वात् प्रदीपत्ववदिति सर्वमुक्तिसिद्धौ**

---

વગેરે દ્રવ્ય સત્તાજાતિવિશિષ્ટ પણ છે, અનેક પણ છે અને વસ્તુસ્વરૂપ પણ છે. આથી સત્તાવિશિષ્ટ અનેક વસ્તુત્વસ્વરૂપ સન્તતિત્વ હેતુ મન આદિમાં રહે છે. પરંતુ મન વગેરે અત્યંત ઉચ્છેદ પામતાં નથી. ઉપરોક્ત હેતુ હોવા છતાં અત્યંત ધ્વંસથી નિરૂપિત પ્રતિયોગિતાસ્વરૂપ સાધ્ય નહીં હોવાથી વ્યભિચાર દોષ સ્પષ્ટ જ છે.

यदि च० । દર્શિત વ્યભિચાર દોષના નિવારણ માટે પ્રાચીન નૈયાયિક જો એમ કહે કે– ''સન્તતિના ઘટકસ્વરૂપે જે સાજાત્ય લેવાનું છે તે સત્તા વગેરે વ્યાપક જાતિની અપેક્ષાએ નહીં પણ ગુણત્વ, દુઃખત્વ વગેરે વ્યાપ્ય જાતિની અપેક્ષાએ વિવક્ષિત છે. મન વગેરે નિત્ય દ્રવ્યમાં સત્તા વગેરે પર જાતિ ભલે રહેતી હોય પરંતુ ગુણત્વ, દુઃખત્વ વગેરે અપર જાતિ તો રહેતી નથી. તેથી ગુણત્વ, દુઃખત્વ આદિ જાતિવિશિષ્ટ અનેક વસ્તુત્વસ્વરૂપ સન્તતિત્વ મન વગેરેમાં નહીં રહે. માટે વ્યભિચારની સંભાવના જ મરી પરવારશે. હેતુ જ જ્યાં રહેતો ન હોય ત્યાં વ્યભિચાર દોષની બાંગ પોકારવી બોગસ છે.'' તો આ વાત બરાબર નથી. આનું કારણ એ છે આ રીતે કરવા જતાં તો વ્યભિચાર-સ્વરૂપ બકરું કાઢતાં સાધનવૈકલ્યસ્વરૂપ ઊંટ પેસી જવા જેવી હાલત સર્જાશે. મતલબ એ છે કે દુઃખસંતતિમાં પ્રદીપસંતતિની જેમ અત્યંત નાશ્યતાની સિદ્ધિ કરવા માટે જે સન્તતિત્વ હેતુનું ગ્રહણ કરેલ છે. તેને ગુણત્વ-દુઃખત્વઆદિ જાતિ વિશિષ્ટ અનેકવસ્તુત્વસ્વરૂપ માનવામાં આવે તો વિવક્ષિત સન્તતિત્વ હેતુ પક્ષમાં =દુઃખસંતતિમાં તો રહી જશે, પરંતુ પ્રદીપસન્તતિસ્વરૂપ ઉદાહરણમાં નહિ રહે, કારણ કે પ્રદીપ દ્રવ્ય હોવાના લીધે પ્રદીપસન્તતિમાં દ્રવ્યત્વ જાતિ રહી શકશે, ગુણત્વ, દુઃખત્વ વગેરે જાતિ નહીં. જે હેતુના બળથી ઉદાહરણ દ્વારા પક્ષમાં સાધ્યની સિદ્ધિ કરવી છે તે હેતુ પક્ષની જેમ ઉદાહરણમાં રહેતો હોય તો તે હેતુમાં ઉદાહરણના માધ્યમથી વ્યાપ્તિનું જ્ઞાન થયે છતે પક્ષમાં અભિમત સાધ્યની સિદ્ધિ થઈ શકે. પક્ષ અને ઉદાહરણમાં સમાન હેતુ ન રહે તો તેવા હેતુના આધારે પક્ષમાં અભીષ્ટ સાધ્યની સિદ્ધિ થઈ ના શકે. માટે જ ઉદાહરણમાં સાધનવૈકલ્ય =પક્ષવૃત્તિહેતુસમાનહેતુશૂન્યતા દોષાત્મક મનાય છે.

### સર્વજીવમુક્તિસિદ્ધિ-વર્ધમાન ઉપાધ્યાય

(૩) आत्म० । તત્ત્વચિંતામણિકાર ગંગેશ ઉપાધ્યાયના સુપુત્ર વર્ધમાન ઉપાધ્યાય મુક્તિની સિદ્ધિ કરવા માટે જે અનુમાન રજૂ કરે છે તેનો આકાર આવો છે–આત્મા અને કાલથી અન્યમાં રહેનાર ધ્વંસના પ્રતિયોગીમાં નહીં રહેનાર એવું દુઃખત્વ (=પક્ષ) દુઃખના પ્રાગભાવના અનધિકરણમાં રહેનાર ધ્વંસના, પ્રતિયોગીમાં રહે છે, કારણ કે તે (=નિરૂક્ત દુઃખત્વસ્વરૂપ પક્ષ) કાર્યમાત્રમાં રહેનાર ધર્મ છે. જે જે ધર્મ કાર્યમાત્રમાં =ફક્ત કાર્યમાં રહે તે ધર્મ દુઃખપ્રાગભાવના અનધિકરણમાં રહેનાર ધ્વંસના પ્રતિયોગીમાં રહે છે, જેમ કે પ્રદીપત્વ. પ્રદીપત્વ ધર્મ ફક્ત કાર્યમાં જ રહે છે, કારણ કે દરેક દીવા અનિત્ય જ હોય છે. તેથી જ તે પ્રદીપત્વ ધર્મ દુઃખપ્રાગભાવના અનધિકરણ એવા પ્રદીપ અવયવોમાં રહેનાર ધ્વંસના (=પ્રદીપધ્વંસના) પ્રતિયોગી પ્રદીપમાં રહે

**चैत्रदुःखादिकं पक्षीकृत्य तत्तन्मुक्तिसाधनमिति वर्धमानप्रभृतयः । तदसत्, अप्रयोजकत्वात्, अन्यथाऽनभिमतसाध्यसिद्धेरतिप्रसङ्गात् ।**

---

છે. કોઈ પણ દુઃખ નિત્ય હોતું નથી. સર્વ દુઃખ વિનશ્વર છે. તેથી દુઃખત્વ ધર્મ ફક્ત કાર્યમાં રહે છે. તેથી જ તે દુઃખત્વ ધર્મ એવો હોવો જોઈએ કે જે દુઃખપ્રાગભાવના અનધિકરણમાં (આત્મામાં) રહેનાર ધ્વંસના (=દુઃખધ્વંસના) પ્રતિયોગીમાં રહે. પરંતુ કોઈ પણ આત્મા જ્યારે સંસારમાં હશે કે દુઃખોથી પીડિત હશે ત્યારે તે દુઃખત્વ ધર્મ એવો નહીં બની શકે જેના આશ્રયના (દુઃખના) ધ્વંસનો (=દુઃખધ્વંસનો) આધાર એ દુઃખપ્રાગભાવનું અનધિકરણ હોય, કારણ કે દરેક આત્મામાં કોઈને કોઈ દુઃખધ્વંસ અવશ્ય રહેવાને લીધે એક પણ આત્મા સંસારી હોય તો દુઃખત્વાશ્રયના =દુઃખના ધ્વંસનો આધાર સંસારી આત્મા બની જશે કે જે દુઃખપ્રાગભાવનો પણ આધાર જ હશે. પરંતુ ઉપરોક્ત વ્યાપ્તિના આધારે એમ સિદ્ધ થાય છે કે દુઃખત્વ કે કેવલ કાર્યમાં રહેનાર ધર્મ હોવાને લીધે અવશ્ય એવો હોવો જોઈએ કે જેના આધારના ધ્વંસનો (=દુઃખધ્વંસનો) આધાર એવો આત્મા દુઃખપ્રાગભાવનું અનધિકરણ જ હોય. આવું ત્યારે જ સંભવી શકે જ્યારે સર્વ આત્માઓનો મોક્ષ થઈ ગયો હોય. બાકી તો દુઃખત્વાશ્રય પ્રતિયોગિક ધ્વંસાશ્રય એ દુઃખપ્રાગભાવનો આશ્રય જ બની જાય. આથી ઉપરોક્ત અનુમાનના બળથી સર્વ જીવાત્માઓની મુક્તિ સિદ્ધ થઈ જશે. આ રીતે સર્વજીવમુક્તિ સિદ્ધ થવાને લીધે ચૈત્રીયદુઃખત્વ, મૈત્રીયદુઃખત્વ વગેરેને પક્ષ બનાવવાથી ચૈત્ર, મૈત્ર વગેરે જીવાત્માઓની મુક્તિ પણ સિદ્ધ થઈ જશે. અહીં અનુમાનપ્રયોગ આ રીતે કરી શકાય કે—'ચૈત્રીયદુઃખત્વ કે દુઃખપ્રાગભાવના અનધિકરણમાં રહેનાર ધ્વંસના પ્રતિયોગીમાં રહે છે, કારણ કે તે ફક્ત કાર્યમાં રહેનાર ધર્મ છે. ચૈત્રીયદુઃખ ક્ષણિક હોવાથી ચૈત્રીયદુઃખત્વ કાર્યમાત્રવૃત્તિધર્મત્વસ્વરૂપ હેતુ તો નિર્વિવાદસિદ્ધ છે. એથી ચૈત્રીયદુઃખત્વ એ એવું સિદ્ધ થશે કે જે દુઃખપ્રાગભાવના અનધિકરણમાં રહેનાર ધ્વંસના પ્રતિયોગીમાં રહેશે.' ચૈત્રીયદુઃખત્વ તો એવો ધર્મ છે કે જે ચૈત્રીયદુઃખમાં જ રહે. તથા ચૈત્રીયદુઃખધ્વંસ તો ચૈત્રમાં જ રહી શકે છે. આથી જો ચૈત્રાત્માને દુઃખપ્રાગભાવનો અનાધાર માનવામાં આવે તો જ ચૈત્રીયદુઃખત્વ જ રહે. તથા ચેત્રીયદુઃખધ્વંસ તો ચૈત્રમાં જ રહી શકે છે. આથી જો ચૈત્રાત્માને દુઃખપ્રાગભાવનો અનાધાર માનવામાં આવે તો જ ચૈત્રીયદુઃખત્વ એ દુઃખપ્રાગભાવ અનધિકરણમાં રહેનાર ધ્વંસના (=ચૈત્રીયદુઃખધ્વંસના) પ્રતિયોગીમાં રહે છે—એવું સિદ્ધ થઈ શકે. આના ફલિતાર્થસ્વરૂપે ચૈત્રીયદુઃખત્વના આશ્રયના=ચૈત્રીયદુઃખના આધારમાં =ચૈત્રઆત્મામાં દુઃખપ્રાગભાવની અનધિકરણતા સિદ્ધ થશે. અર્થાત્ ચૈત્ર આત્મા એવો સિદ્ધ થશે કે જેને ફરી ક્યારેય દુઃખ ભોગવવું નહિ પડે. એટલે કે ચૈત્ર આત્માની મુક્તિ થઈ એમ સિદ્ધ થશે, કારણ કે જે સંસારમાં રહે તેને ક્યારેક તો દુઃખ આવવાનું જ છે. આ રીતે મૈત્ર આત્મા વગેરેની પણ મુક્તિ સિદ્ધ થઈ જશે. (ઉપરોક્ત સર્વમુક્તિસાધક અનુમાનમાં પક્ષ, સાધ્ય વગેરેના જે વિશેષણો વર્ધમાન ઉપાધ્યાયે ગ્રહણ કરેલા છે, તેનું પ્રયોજન અર્થવિશ્લેષણ વગેરે મેં कल्याणकन्दलीમાં બતાવેલ છે. જિજ્ઞાસુ તે ઉપર દૃષ્ટિપાત કરી શકે છે. न्यायालोकः । પ્રકા. દિવ્યદર્શન કાર્યાલય)

**( ४ ) यत्तु योग्यत्वशङ्कया प्रवृत्त्यनुपपत्तिः । न च शमदमभोगानभिष्वङ्गादिना मुमुक्षुचिह्नेन श्रुत्युदितेन तच्छङ्कानिवृत्तिः, संसारित्वेनैव मोक्षं प्रति स्वरूपयोग्यत्वात् शमादावपि संसारित्वेनैव हेतुत्वाच्चेति, तन्न, संसारित्वस्य नित्यज्ञानादिमद्भिन्नात्मत्व-**

---

### વર્ધમાનમત અપ્રયોજકતાદોષગ્રસ્ત

તદસત્૦ । મહોપાધ્યાયજી જણાવે છે કે ઉપરોક્ત વર્ધમાનમત સંગત નથી. આનું કારણ એ છે કે 'કાર્યમાત્રવૃત્તિધર્મત્વ ભલે દુઃખત્વમાં કે ચૈત્રીયદુઃખત્વમાં રહેલો હોય છતાં દુઃખપ્રાગભાવના અનધિકરણમાં રહેનાર ધ્વંસના પ્રતિયોગીમાં વૃત્તિ ના હોય તો શું વાંધો ?' આવી જ્યારે વ્યભિચારવિષયક શંકા કરવામાં આવે ત્યારે કોઈ વિપક્ષબાધક તર્ક વર્ધમાન ઉપાધ્યાય દ્વારા બતાવી શકાતો નથી. જ્યાં સુધી વ્યભિચારશંકાનિવર્તક કોઈ તર્ક ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી વિવક્ષિત હેતુ દ્વારા અભીષ્ટ સાધ્યની સિદ્ધિ અસંભવ છે. વ્યભિચારશંકાનિવર્તકર્તરાહિત્ય અર્થાત્ અપ્રયોજકત્વ હોવા છતાં સાધ્યની સિદ્ધિ કરવામાં આવે તો કાલાન્યવૃત્તિધ્વંસપ્રતિયોગિવૃત્તિત્વને પણ સાધ્ય બનાવી શકાશે. આ રીતે કરવામાં તો વિવક્ષિત સાધ્યથી ભિન્ન વસ્તુ સિદ્ધ થવાને લીધે અતિપ્રસંગ આવશે. અર્થાત્ સર્વમુક્તિ સિદ્ધ થઈ નહીં શકે. સર્વમુક્તિ જ્યાં સુધી અન્ય પ્રમાણથી સિદ્ધ થઈ ન શકે અથવા સર્વમુક્તિના અસ્વીકારપક્ષમાં કોઈ દોષ બતાવવામાં ન આવે ત્યાં સુધી વર્ધમાન ઉપાધ્યાયનું અનુમાન નિષ્પ્રાણ બની રહેશે.

### સંસારિત્વેન મોક્ષકારણતા : નૈયાયિક

(૪) પૂર્વપક્ષ :- યત્તુ૦ । સર્વ જીવોની મુક્તિ થવાની ન હોય અને અમુક જીવો કાયમ સંસારમાં જ રહેવાના હોય—એવું માનવામાં આવે તો એનો અર્થ એ થયો કે અમુક જીવો મોક્ષ માટે યોગ્ય છે અને તે સિવાયના સર્વ જીવો મોક્ષ માટે અયોગ્ય છે. પરંતુ આવું માનવામાં આપત્તિ એ આવે છે કે જે જીવને 'હું મોક્ષઅયોગ્ય તો નહિ હોઉં ને ?' આવી શંકા પડશે તે પ્રાજ્ઞ જીવ ક્યારેય પણ મોક્ષના ઉપાયમાં પ્રવૃત્તિ નહીં કરે. 'તપ-ત્યાગ-ઇન્દ્રિયદમન કર્યા પછી પણ જો મોક્ષ થવાનો ન હોય તો તેવી ઉગ્ર સાધનાનો મતલબ શું ?'આવો વિચાર મુમુક્ષુને સંન્યાસપ્રાપ્તિમાં અવરોધ ઊભો કરશે.

શંકા :- ન ચ શ૦ । જે મુમુક્ષુને 'હું મોક્ષ માટે અયોગ્ય તો નહીં હોઉં ને ?' આવો સંશય હશે તે સંશય ભલે મોક્ષસાધનામાં અવરોધ ઊભો કરે. પણ તેની નિવૃત્તિનો ઉપાય પણ શાસ્ત્રોમાં બતાવેલ છે. શમ, દમ, ભોગમાં અનાસક્તિ વગેરે મુમુક્ષુના તાત્વિક ચિહ્નો શ્રુતિમાં બતાવેલ છે, આવા ચિહ્નો જે વ્યક્તિમાં દેખાય તે મોક્ષ માટે યોગ્ય કહેવાય. શમ, દમ, વગેરે લિંગ દ્વારા સ્વવિષયક અયોગ્યત્વશંકા દૂર કરી શકાય છે. માટે સર્વ જીવોની મુક્તિ માન્ય ન કરવામાં આવે તો પણ મુક્તિસાધનાની અનુપપત્તિને અવકાશ જ ક્યાં છે ?

સમાધાન :- સંસા૦ । અમુક જીવોને મોક્ષ માટે યોગ્ય માનવા અને એ સિવાયના બધા જીવોને મોક્ષ માટે અયોગ્ય માનવા આવો પક્ષપાત શા માટે ? આવી સંકુચિત વૃત્તિ છોડીને સર્વ સંસારી જીવોને મોક્ષ માટે સ્વરૂપયોગ્ય માનવા યુક્ત છે. સંસારીપણું એ જ મોક્ષ માટેની

**रूपस्य नानात्वाद् गुरुत्वाच्च । लाघवाद् भव्यत्वस्यैव मुक्तिशमादि स्वरूपयोग्यतावच्छेदकत्वकल्पनात् ।**

**(५) एतेन शमादेः श्रुतौ सहकारित्वेन बोधनात् न स्वरूपयोग्यतावच्छेदकत्वम् । शमादिसम्पन्नत्वेन च न मोक्षाधिकारिता, श्रुतिसङ्कोचापत्तेः, शमादि-**

---

સ્વરૂપયોગ્યતા =કારણતા. બીજી વાત એ છે કે શમ, દમ વગેરે લિંગ હોવાના કારણે મુમુક્ષુમાં મોક્ષની સ્વરૂપયોગ્યતા માનવામાં આવો તો પ્રશ્ન એ થાય કે શમાદિની સ્વરૂપયોગ્યતા ક્યાં હોય ? આના જવાબમાં એમ જ કહેવું પડશે કે સંસારી જીવમાં જ શમદમ વગેરેની સ્વરૂપયોગ્યતા =કારણતા હોય. અર્થાત્ શમાદિ લિંગ મોક્ષકારણતાઅવચ્છેદક બનશે અને સંસારીપણું એ શમાદિકારણતાવચ્છેદક બનશે. આ રીતે દ્વિવિધ કાર્યકારણભાવ સ્વીકાર કરવાને બદલે 'तद्धेतोरस्तु किं तेन ?'એ ન્યાયથી સંસારીપણાને જ મોક્ષહેતુત્વનું નિયામક માનવું ઉચિત છે.

### ભવ્યત્વ મોક્ષકારણતાઅવચ્છેદક-સ્યાદ્વાદી

ઉત્તરપક્ષ :- तन्न० । મોક્ષકારણતાવચ્છેદકસ્વરૂપે અથવા શમાદિના કારણતાઅવચ્છેદક ધર્મરૂપે સંસારિત્વનો સ્વીકાર કરવો યુક્ત નથી, કારણ કે સંસારિત્વ એ નિત્યજ્ઞાનાદિમદ્ભિન્ન આત્મત્વસ્વરૂપ હોવાના લીધે અનેકવિધ છે. નિત્યજ્ઞાનાદિનો આશ્રય ઈશ્વર હોવાથી સંસારીમાંથી તેની બાદબાકી કરવા માટે આત્મત્વને સંસારિત્વ કહેવાને બદલે નિત્યજ્ઞાનાદિવિશિષ્ટથી ભિન્ન આત્મત્વ એ સંસારિત્વ છે. ઈશ્વરની બાદબાકી કરવા માટે સંસારિત્વને જેમ નિત્યજ્ઞાનવિશિષ્ટભિન્ન આત્મત્વસ્વરૂપ માની શકાય છે તેમ નિત્યઈચ્છાવિશિષ્ટભિન્નઆત્મત્વ, નિત્યપ્રયત્નાશ્રય અન્યઆત્મત્વ, શરીરવિશિષ્ટ આત્મત્વ આદિ અનેકસ્વરૂપ માની શકાય છે. અર્થાત્ સંસારિત્વનું કોઈ એક નિશ્ચિત સ્વરૂપ નથી. બીજું, ઉપરોક્ત સ્વરૂપવાળા સંસારિત્વનો મોક્ષાદિકારણગતઅવચ્છેદક ધર્મસ્વરૂપે સ્વીકાર કરવામાં કારણતાઅવચ્છેદક ધર્મનું શરીર ખૂબ મોટું થઈ જશે, કારણ કે દર્શિત સંસારિત્વ એ સખંડ ઉપાધિસ્વરૂપ હોવાથી અનેક પદાર્થથી ઘટિત છે. માટે સંસારિત્વને મુક્તિના કે શમાદિના કારણતાઅવચ્છેદક ધર્મસ્વરૂપે માની શકાય તેમ નથી.

શંકા :- તો પછી મુક્તિ અને શમાદિનું કારણગતાઅવચ્છેદક કોણ બનશે ?

સમાધાન :- लाघ० । શમ-દમ વગેરે અનુગત કાર્ય હોવાથી તેના કારણતાઅવચ્છેદક ધર્મસ્વરૂપે એક જાતિવિશેષ સિદ્ધ થાય છે કે જે આત્મત્વની વ્યાપ્ય છે. એનું નામ છે ભવ્યત્વ. જે ભવ્યત્વ જાતિ શમાદિની કારણતાઅવચ્છેદક છે તેને જ મોક્ષની જનકતાઅવચ્છેદક માનવમાં લાઘવ હોવાથી અમે મોક્ષ-શમાદિની સ્વરૂપયોગ્યતાના નિયામકરૂપે ભવ્યત્વની જ કલ્પના કરીએ છીએ.

(૫) શંકા :- एतेन० । શ્રુતિ અર્થાત્ વેદ ઉપનિષદમાં તો શમ, દમ વગેરેને મુક્તિના સહકારી તરીકે ઓળખાવેલા છે, નહિ કે સ્વરૂપયોગ્યતાના નિયામક સ્વરૂપે. બીજી વાત એ છે કે શમ-દમ આદિ ગુણોથી સંપન્ન હોવાના લીધે મોક્ષાધિકારિતા માનવામાં તો વેદશાસ્ત્રોને સંકુચિત બનાવવાની આપત્તિ આવશે. તથા શમાદિ ગુણ પ્રાપ્તિ દ્વારા મોક્ષઅધિકારનો નિશ્ચય થશે એમ

**सम्पत्तेरधिकारनिश्चयस्ततश्च तदर्थप्रवृत्तौ शमादिसम्पत्तिरित्यन्योन्याश्रयाच्चेत्युक्तावपि न क्षतिः, भव्यत्वस्य शमादिसहकारित्वसम्भवात्, तस्यैवाधिकारित्वविशेषणाच्च । तन्निश्चयश्च तच्छङ्कयैव, तस्यास्तद्व्याप्यत्वादित्यध्यात्ममतपरीक्षायां प्रपञ्चितम् ।**

**शमादिमत्त्वेनाऽधिकारित्वेऽप्यनतिशयितशमादिना प्रवृत्त्युत्तरमतिशयित-शमादिसम्पत्तेर्नान्योन्याश्रयः ।**

---

માનવામાં આવે તો પ્રવૃત્તિમાં અન્યોન્યાશ્રય દોષ આવશે. આનું કારણ એ છે કે શમ-દમાદિ ગુણ પ્રાપ્ત થયે છતે મોક્ષની અધિકારિતાનો નિશ્ચય થાય અને મોક્ષધિકારિતાના નિશ્ચયથી તેની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરે તો શમાદિ ગુણ પ્રાપ્ત થાય. અર્થાત્ શમાદિપ્રાપ્તિ માટે મોક્ષાધિકારિતાનો નિશ્ચય અપેક્ષિત છે અને મોક્ષાધિકારિતાના નિશ્ચય માટે શમાદિ ગુણોની પ્રાપ્તિ આવશ્યક બને છે. આથી અન્યોન્યાશ્રય દોષથી ઉપરોક્ત સમાધાન દૂષિત થશે.

**મંદકોટિના શમાદિ, યોગ્યપ્રવૃત્તિ દ્વારા વિશિષ્ટ શમાદિના પ્રાપક-સ્યાદ્વાદી**

સમાધાન :- ભવ્ય૦ । ભાઈ સાહેબ ! અન્યોન્યાશ્રયદોષારોપણ તમે અમારા ઉપર ન કરો, કારણ કે અમે એમ નથી કહેતાં કે શમાદિ મોક્ષસ્વરૂપયોગ્યતા નિયામક છે. અમે તો એમ કહીએ છીએ કે 'ભવ્યત્વ એ શમાદિ ગુણોનું સહકારી સંભવી શકે છે. આવું ભવ્યત્વ જ મોક્ષાધિકારીનું વિશેષણ છે.' છતાં પણ યોગસાધનાની પ્રવૃત્તિ અટકી નહિ પડે. આનું કારણ એ છે કે ભવ્યત્વના નિશ્ચય માટે અમે શમાદિ પ્રાપ્તિને અપેક્ષિત નથી માનતા. પોતાનામાં ભવ્યત્વની શંકા જ પોતાને ભવ્યત્વનો નિશ્ચય કરાવી આપશે, કારણ કે ભવ્યત્વ શંકા જ ભવ્યત્વની વ્યાપ્ય છે. 'હું ભવ્ય છું કે નહિ ?' આવો સંશય જેને થાય તે નિયમા ભવ્ય હોય છે. ભવ્યત્વવિષયક શંકા દ્વારા પોતાનામાં ભવ્યત્વનો નિશ્ચય થવાથી મુમુક્ષુ શમાદિ ગુણોની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરશે અને મોક્ષના ઉપાયમાં પ્રવૃત્તિ કરવાના ફળસ્વરૂપે તે મોક્ષને પણ જરૂર પ્રાપ્ત કરશે. આ વાતનું નિરૂપણ પ્રસ્તુત ગ્રંથના રચયિતા મહોપાધ્યાય યશોવિજયજી મહારાજે અધ્યાત્મતપરીક્ષા ગ્રંથમાં કરેલું છે. જો કે શમ-દમ વગેરે ગુણો હોવાના કારણે જ અપુનર્બંધકત્વરૂપ યોગ્યતાનો નિશ્ચય થવાથી શમાદિગુણોથી જ મોક્ષાધિકારિતા નિયંત્રિત માનવામાં આવે છે. છતાં પણ શમાદિ ગુણ હોય તો મોક્ષાધિકારિતા અને મોક્ષાધિકારિતાના નિશ્ચયથી યોગસાધનામાં પ્રવૃત્તિ કરવા દ્વારા શમાદિની પ્રાપ્તિ આવા અન્યોન્યાશ્રય દોષને અહીં કોઈ અવકાશ રહેતો નથી. કારણ કે સામાન્ય કક્ષાના શમાદિ ગુણ દ્વારા યોગસાધનામાં પ્રવૃત્તિ કર્યા પછી વિશિષ્ટ કક્ષાના શમ-દમ આદિ ગુણોની પ્રાપ્તિ થઈ શકે છે. અપેક્ષિતપ્રાથમિક યોગ્યતા દ્વારા પ્રવૃત્તિ કર્યા બાદ વિશિષ્ટ પ્રકારની યોગ્યતાની કાલાન્તરમાં પ્રાપ્તિ થાય છે. આવું તો પ્રાયઃ લૌકિક લોકોત્તર દરેક ક્ષેત્રમાં પ્રસિદ્ધ જ છે. અહીં આ શંકા કે— 'યોગમાર્ગમાં પ્રવૃત્તિ કર્યા પૂર્વે નાનકડા પણ શમાદિ ગુણની પ્રાપ્તિ થશે કઈ ? રીતે વિના કારણે કાર્ય ઉત્પન્ન કેમ થાય ?'—વ્યાજબી નથી. કારણ કે સહજમલનો હ્રાસ થવાને લીધે પ્રાથમિક કક્ષાના મંદકોટિના શમાદિ ગુણ પ્રાપ્ત થઈ શકે છે. 'પરંતુ સામગ્રી વિના તો તથાભવ્યત્વનો પરિપાક પણ કઈ રીતે થશે ?' આ સવાલ અસ્થાને છે કારણ કે જીવનો તેવા પ્રકારનો સ્વભાવ

**प्रवृत्तेः प्राक् कथमणीयस्यपि शमादिसम्पत्तिरिति चेत् ? कर्मविगमात् । सोऽपि कथमिति चेत् ? तथाभव्यत्वपरिपाकात् । सामग्रीं विना कथं तत्परिपाक इति चेत् ? स्वभावादिति दिग् । किञ्चातीतदुःखवद् वर्तमानदुःखस्यापि स्वत एव नाशाद-पुरुषार्थत्वम् । न च हेतूच्छेदे पुरुषव्यापारः प्रायश्चित्तवदिति वाच्यम् । तथा सति दुःखानुत्पादस्य दुःखसाधनध्वंसस्यैव वा प्रयोजनत्वप्रसङ्गात् । न च चरमदुःख-ध्वंसेऽन्वय-व्यतिरेकाभ्यां तत्त्वज्ञानस्य प्रतियोगिवद् हेतुत्वम्, प्रतियोगिनमुत्पाद्य तेन**

---

હોવાના લીધે જ તથાવિધ ભવ્યત્વનો પરિપાક થાય છે. દેશ-કાળ વગેરેને સાપેક્ષ ભવ્યત્વ એટલે જ તથાભવ્યત્વ. તે તે દેશ-કાળ (ચરમાવર્ત) વગેરેનો સંપર્ક થયે છતે તથાભવ્યત્વનો પરિપાક થાય છે. તે તે દેશ-કાળ વગેરેની પ્રાપ્તિ તેવા પ્રકારના જીવસ્વભાવની અપેક્ષા રાખે છે. આ વિષયમાં વિશેષનિરૂપણ યોગબિન્દુ વગેરે ગ્રંથોમાં શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજ વગેરેએ કરેલ છે. અહીં જે કહેવાયું છે તે તો માત્ર દિશાસૂચન છે.

### નૈયાયિક મતે મોક્ષપુરુષાર્થના ઉચ્છેદની આપત્તિ

किञ्च० । વળી, બીજી વાત એ છે કે મોક્ષને સમાનાધિકરણદુઃખપ્રાગભાવ અસહવૃત્તિ દુઃખધ્વંસ સ્વરૂપ માનવામાં આવે તો મોક્ષપુરુષાર્થના ઉચ્છેદનું કલંક નૈયાયિકના કપાળે ચોંટશે. એનું કારણ એ છે કે જે રીતે અતીતકાલીન દુઃખ પુરુષપ્રયત્ન વિના જ નષ્ટ થયેલ છે તે જ રીતે વર્તમાનકાલીન દુઃખ પણ પુરુષપ્રયત્ન વિના જ સ્વયં નાશ પામી જશે. આ રીતે પુરુષપ્રયત્નથી સાધ્ય ન હોવાથી દુઃખધ્વંસ સામાન્ય પુરુષાર્થ પણ નથી થઈ શકતો. તો પછી તેને મોક્ષસ્વરૂપ ચરમ પુરુષાર્થ માનવાની કલ્પના તો કઈ રીતે કરી શકાય ? જો નૈયાયિક એમ કહે કે—દુઃખના ઉચ્છેદમાં પુરુષવ્યાપારની સાક્ષાત્ અપેક્ષા હોવાથી દુઃખઉચ્છેદમાં પણ દુઃખહેતુઉચ્છેદક દ્વારા પુરુષપ્રયત્નની અપેક્ષા બરાબર એ રીતે હોઈ શકે છે, જે રીતે પુરુષપ્રયત્નસાપેક્ષ પ્રાયશ્ચિત્ત દ્વારા પ્રાયશ્ચિત્તાધીન પાપનાશમાં પુરુષપ્રયત્નની અપેક્ષા હોય છે. આથી દુઃખધ્વંસમાં પુરુષાર્થત્વની અનુપપત્તિ નથી.— તો આ વાત વ્યાજબી નથી. કારણ કે દુઃખધ્વંસ જો દુઃખસાધન દ્વારા પુરુષપ્રયત્નસાપેક્ષ હશે તો દુઃખધ્વંસ એ પુરુષનું પ્રયોજન બની નહિ શકે. તેવું માનવામાં આવે તો દુઃખની અનુત્પત્તિ અથવા દુઃખવિનાનો ધ્વંસ એ જ પુરુષનું પ્રયોજન બની જશે, કારણ કે પુરુષપ્રયત્નથી સાક્ષાત્ જે વસ્તુ સમ્પાદિત થાય તે જ પુરુષનું પ્રયોજન બની શકે છે.

નૈયાયિક :- न च० । ભાગ્યશાળી ! ચરમ દુઃખનો નાશ એ જ મોક્ષ છે અને તે ધ્વંસ તત્ત્વજ્ઞાન ઉત્પન્ન થયા પછી ઉત્પન્ન થાય છે તથા તત્ત્વજ્ઞાન ન હોય તો ઉત્પન્ન થતો નથી. આ રીતે અન્વય-વ્યતિરેક દ્વારા સિદ્ધ થાય છે કે તત્ત્વજ્ઞાન એ ચરમ દુઃખધ્વંસનું કારણ છે. જેમ ચરમ દુઃખ હોય તો ચરમ દુઃખનો નાશ થાય છે અને ચરમ દુઃખ ન હોય તો તેનો નાશ નથી થતો. આ પ્રકારના અન્વય-વ્યતિરેક દ્વારા ચરમ દુઃખધ્વંસ અને ચરમ દુઃખસ્વરૂપ પ્રતિયોગી વચ્ચે કાર્યકારણભાવ સિદ્ધ થાય છે તેમ ઉપરોક્ત અન્વય-વ્યતિરેકથી ચરમ દુઃખનાશ અને તત્ત્વજ્ઞાન વચ્ચે જન્યજનકભાવ નક્કી થશે. આ કાર્યકારણભાવ પ્રામાણિક હોવાથી એવું માનવું સર્વથા

**तदुत्पादनात्, पुरुषार्थसाधनतया दुःख-तत्साधनयोरपि प्रवृत्तिदर्शनादिति वाच्यम् । चरमत्वस्याऽर्थसमाजसिद्धत्वेन कार्यतानवच्छेदकत्वात् ।**

**किञ्चैवमन्त्यदुःखे उपान्त्यदुःखमेव हेतुः कुतो न स्यात् ?**

**( ६ ) विशिष्टदुःखसाधनध्वंस एव मुक्तिरित्यपि न, प्रायश्चित्तादावपि 'दुःखं मा**

---

યુક્તિસંગત છે કે તત્ત્વજ્ઞાન ચરમ દુઃખને ઉત્પન્ન કરીને તેના નાશનું ઉત્પાદક થાય છે, કારણ કે ચરમ દુઃખ અને તેનું જનક તત્ત્વજ્ઞાન ચરમ દુઃખધ્વંસસ્વરૂપ મોક્ષપુરુષાર્થનું સાધન છે. આથી તેની સિદ્ધિ = ઉત્પત્તિ કરવા માટે પુરુષની પ્રવૃત્તિ ન્યાયસંગત છે, કારણ કે જે દુઃખ અને દુઃખસાધન પુરુષાર્થનું સાધક હોય છે, તેમાં પુરુષની પ્રવૃત્તિ દેખાય છે. ધનના અર્થી પુરુષની દુઃખબહુલ ધંધા-નોકરી વગેરેમાં પ્રવૃત્તિ સર્વવિદિત જ છે ને !

### ચરમ દુઃખધ્વંસસ્વરૂપ મોક્ષ માનવામાં સમસ્યા

સ્યાદ્વાદી :- चरम० । પુણ્યશાળી ! તમારી આ વાત બરાબર નથી, કારણ કે દુઃખગત ચરમત્વ એ અર્થસમાજ આધીન છે. જે દુઃખની ઉત્પત્તિ પછી અન્ય દુઃખનું સાધન પાપ વગેરે નહીં હોય તે દુઃખ જ અન્યદુઃખજનક સાધનની ગેરહાજરીને લીધે ચરમ દુઃખ બની જશે. મતલબ કે દુઃખસંપાદક સામગ્રી અલગ છે અને દુઃખગત ચરમત્વની સામગ્રી અલગ છે. અનેક સામગ્રીથી પ્રયુક્ત હોવાને લીધે ચરમદુઃખત્વ તત્ત્વજ્ઞાનનું કાર્યતાવચ્છેદક કે નાશ્યતાવચ્છેદક નહીં બને. તેથી ચરમદુઃખની ઉત્પત્તિ દ્વારા તત્ત્વજ્ઞાનમાં ચરમદુઃખધ્વંસની કારણતાનું સમર્થન થઈ નહિ શકે. એ ઉપરાંત બીજી વાત એ છે કે અંત્ય દુઃખ પ્રત્યે ઉપાન્ત્ય દુઃખ જ શા માટે કારણ ના બને ? ઉપાન્ત્ય દુઃખ દ્વારા ચરમદુઃખની ઉત્પત્તિ સંભવિત હોવાથી તત્ત્વજ્ઞાનથી ચરમ દુઃખની ઉત્પત્તિનું સમર્થન કરવું ઉચિત નથી.

### મુક્તિ વિશિષ્ટદુઃખસાધનધ્વંસસ્વરૂપ નથી

(૬) વિશિ० । અમુક વિદ્વાનોની માન્યતા એવી છે કે—વિશિષ્ટદુઃખસાધનધ્વંસ એ જ મુક્તિ છે. દુઃખનું સાધન પાપ છે. જો કે તેનો ધ્વંસ તો દુઃખ ભોગવવા વગેરે દ્વારા પણ સંસારમાં થાય છે જ. માટે સામાન્ય દુઃખસાધનધ્વંસ એ મુક્તિ નથી, પરંતુ દુઃખપ્રાગભાવાઽસહ-વૃત્તિત્વવિશિષ્ટ દુઃખસાધનધ્વંસ એ મોક્ષ છે. સંસારમાં રહેલા જીવો જ્યારે દુઃખ ભોગવીને પાપ ખપાવે છે ત્યારે પણ (ભવિષ્યમાં અનેક દુઃખ આવવાના હોવાથી) તે વખતનો દુઃખસાધનધ્વંસ એ દુઃખના પ્રાગભાવનો સમાનાધિકરણ હશે. અર્થાત્ સંસારી અવસ્થામાં થનાર દુઃખસાધનવિનાશ દુઃખપ્રાગભાવાઽસહવૃત્તિત્વવિશિષ્ટ = દુઃખપ્રાગભાવસામાનાધિકરણ્યશૂન્યતાવિશિષ્ટ નહિ બની શકે. માટે તેવા દુઃખસાધનધ્વંસને મોક્ષ નહિ કહી શકાય. જે દુઃખસાધનધ્વંસ થયા પછી તે જીવને ભાવીમાં કોઈ પણ દુઃખ આવવાનું નહિ હોય તે દુઃખસાધનધ્વંસ દુઃખપ્રાગભાવાઽસહ-વૃત્તિતાવિશિષ્ટ બનશે, કારણ કે તે જીવમાં ત્યારે દુઃખનો પ્રાગભાવ રહેતો નથી. આથી તેવા દુઃખપ્રાગભાવાસમાનાધિકરણ દુઃખસાધનધ્વંસને મોક્ષ માનવો સંગત છે.

**भूत्' इत्युद्दिश्यैव प्रवृत्तेः दुःखानुत्पादस्यैव प्रयोजनत्वात् । न च तस्याऽसाध्यत्वम्, योगक्षेमसाधारणजन्यतायाः प्रागभावेऽपि सत्त्वात् ।**

**(७) आत्यन्तिकदुःखप्रागभावो मोक्षः तस्य प्रतियोगिजनकाऽधर्मनाशमुखेन कृतिसाध्यत्वादित्यतिमन्दम्, प्रागभावस्य प्रतियोगिजनकत्वनियमेन मुक्तस्य पुनरा-**

---

न, प्रा० । પરંતુ મહોપાધ્યાયજી મહારાજ જણાવે છે કે દુઃખપ્રાગભાવાઽસહ-વૃત્તિત્વવિશિષ્ટ દુઃખસાધનધ્વંસને મોક્ષ માનવા કરતાં દુઃખપ્રાગભાવને જ મોક્ષ માનવામાં લાઘવ છે. તથા પ્રાયશ્ચિત્ત વગેરેમાં જે મુમુક્ષુઓ પ્રવૃત્તિ કરે છે તેમાં પણ એ જ ઉદ્દેશ હોય છે કે 'મને દુઃખ ન મળો.' અર્થાત્ દુઃખની અનુત્પત્તિને ઉદ્દેશીને પ્રાયશ્ચિત વગેરેમાં પ્રવૃત્તિ થતી હોવાને લીધે દુઃખની અનુત્પત્તિ અર્થાત્ દુઃખોત્પત્તિઅભાવ =દુઃખના પ્રાગભાવને જ પ્રયોજન = પુરુષાર્થ માની શકાય. જેને ઉદ્દેશીને પ્રવૃત્તિ થતી હોય તેને જ પ્રયોજન =પુરુષાર્થ માની શકાય. અર્થાત્ પુરુષ વડે પોતાનામાં રહેવા સ્વરૂપે જે ઈચ્છાય તે જ પુરુષાર્થ કહેવાય. આથી દુઃખપ્રાગભાવને જ પરમપુરુષાર્થ =ચરમપુરુષાર્થ =મોક્ષપુરુષાર્થ માનવો પડશે.

શંકા :- न च त० । દુઃખના પ્રાગભાવને પુરુષાર્થ માની શકાય તેમ નથી, કારણ કે દુઃખપ્રાગભાવ તો અનાદિકાલીન હોવાને લીધે સ્વતઃ સિદ્ધ છે, સાધ્ય નથી. જે સાધ્ય હોય તે પુરુષાર્થ =પ્રયોજન બની શકે. આકાશ યા વન્ધ્યાપુત્ર કોઈનું પ્રયોજન નથી બનતા. આથી દુઃખપ્રાગભાવને પુરુષાર્થ કેમ માની શકાય ? જે સર્વદા સન્નિહિત જ હોય તેની પ્રાપ્તિનો અભિલાષ કઈ રીતે થઈ શકે ?

### પ્રાગભાવમાં પણ જન્યતા માન્ય

સમાધાન :- योग० । ભાગ્યશાળી ! તમારી આ શંકા વ્યાજબી નથી. એનું કારણ એ છે કે જેની પ્રાપ્તિ થઈ શકે તેમાં જેમ જન્યતા રહે છે તેમ પ્રાપ્તના રક્ષણમાં પણ જન્યતા =સાધ્યતા =પુરુષપ્રયત્નવિષયતા રહે છે. અર્થાત્ અપ્રાપ્તની પ્રાપ્તિ જેમ પુરુષ પ્રયત્નથી સાધ્ય છે તેમ પ્રાપ્તિનું રક્ષણ પણ પુરુષપ્રયત્નથી સાધ્ય છે. યોગ અને ક્ષેમ બન્નેમાં જન્યતા =સાધ્યતા સમાન છે. દુઃખપ્રાગભાવ અનાદિ હોવાના લીધે ભલે તેની પ્રાપ્તિ પુરુષપ્રયત્નથી સાધ્ય ના બને, પરંતુ પ્રાપ્ત એવા પ્રાગભાવનું રક્ષણ કરવા સ્વરૂપ ક્ષેમ તો જરૂર પુરુષપ્રયત્નથી સાધ્ય બનશે. પુરુષ એવા પ્રકારનો પ્રયત્ન કરે જેથી અનાદિ એવા દુઃખપ્રાગભાવનો નાશ ના થાય. આથી દુઃખનો પ્રાગભાવ જરૂર પ્રયોજન = પુરુષાર્થ બની શકે છે. માટે દુઃખપ્રાગભાવને છોડી દુઃખપ્રાગભાવઅસમાનાધિકરણ દુઃખસાધનધ્વંસને મોક્ષ માનવો એ બરાબર નથી.

### મોક્ષ આત્યન્તિક દુઃખપ્રાગભાવસ્વરૂપ છે—પ્રભાકર

(૭) आत्य० । પ્રભાકરમિશ્ર નામના મીમાંસકનું એમ કહેવું છે કે—મોક્ષ એ બીજું કાંઈ નથી પરંતુ આત્યંતિક દુઃખપ્રાગભાવ એ જ મોક્ષ છે. પ્રાગભાવ અનાદિ હોવાથી સાક્ષાત્ પુરુષપ્રયત્નવિષય બની શકતો નથી, પરંતુ તેના પ્રતિયોગીના જનક અધર્મના નાશ દ્વારા એ પણ સાધ્યકોટિમાં આવી શકે છે. આશય એ છે કે દુઃખપ્રાગભાવ અનાદિસિદ્ધ હોવાથી તેની ઉત્પત્તિ

**वृत्तिप्रसङ्गात् । सहकारिविरहेण दुःखानुत्पादे तस्योत्तरावधिविधुरत्वेनात्यन्ताभावत्व-प्रसङ्गात् ।**

**(८) अपरे तु 'दुःखेनाऽत्यन्तं विमुक्तश्चरती' ( )ति श्रुतिस्वरसाद्दुःखात्यन्ता-**

=પ્રાપ્તિ એ સાધ્ય નથી. પરંતુ જો દુઃખ ઉત્પન્ન થાય તો એ દુઃખપ્રાગભાવ નષ્ટ થઈ જાય. તેથી જો એ દુઃખપ્રાગભાવને ટકાવી રાખવો હોય તો દુઃખની ઉત્પત્તિને અટકાવવી જોઈએ. પાપ દુઃખજનક છે. તેથી જો દુઃખની ઉત્પત્તિનું નિવારણ કરવું હોય તો પાપનો નાશ કરવો જોઈએ. પાપ નાશ પામે તો દુઃખ ન જન્મે. દુઃખ પેદા ન થાય તો દુઃખપ્રાગભાવ ટકી રહે. આમ પુરુષપ્રયત્નવિષયીભૂત દુઃખજનક પાપનો નાશ થવા દ્વારા દુઃખપ્રાગભાવ પણ પ્રયત્નથી સાધ્ય બની શકે છે. આથી મોક્ષ આત્યંતિક દુઃખપ્રાગભાવસ્વરૂપ છે. આમ માનવું ઉચિત છે.

## પ્રભાકરમાન્ય મુક્તિનું નિરાકરણ

प्राग० । પરંતુ મહોપાધ્યાય શ્રીમદ્જી જણાવે છે કે જો મુક્તિને દુઃખના પ્રાગભાવસ્વરૂપ માનવામાં આવે તો મુક્ત થયેલ જીવને ફરીથી ક્યારેક સંસારી બનવું પડશે, કારણ કે 'પ્રાગભાવ સ્વપ્રતિયોગીનો અવશ્ય જનક હોય છે' આવો નિયમ હોવાના લીધે તે દુઃખપ્રાગભાવ ક્યારેક ને ક્યારેક દુઃખ ઉત્પન્ન કરશે જ. પોતાનામાં દુઃખ જન્મવું એટલે જ પોતે સંસારી થવું. પ્રાગભાવ એ વિનાશી અભાવ છે અને પ્રાગભાવના પ્રતિયોગીની ઉત્પત્તિ કરશે જ. પોતાનામાં દુઃખ જન્મવું એટલે જ પોતે સંસારી થવું. પ્રાગભાવ એ વિનાશી અભાવ છે અને પ્રાગભાવના પ્રતિયોગીની ઉત્પત્તિ જ પ્રાગભાવનો નાશ કરે છે આ વાતની તો ન્યાયના પ્રાથમિક અભ્યાસુને પણ ખબર હોવાથી અહીં તેના વિવેચનની આવશ્યકતા નથી. જો પ્રભાકર તરફથી એમ કહેવામાં આવે કે— મુક્તિમાં દુઃખનો પ્રાગભાવ તો છે જ પરંતુ એટલા માત્રથી દુઃખ ઉત્પન્ન ન થઈ શકે. દુઃખની ઉત્પત્તિ માટે દુઃખના પ્રાગભાવની જેમ પાપ, શરીર વગેરે પણ અપેક્ષિત છે. પાપ, શરીર વગેરે દુઃખસહકારી કારણોની ગેરહાજરી હોવાને લીધે મોક્ષમાં ક્યારેય પણ દુઃખ ઉત્પન્ન નહિ થાય. માટે દુઃખના પ્રાગભાવનો ક્યારેય પણ નાશ નહીં થાય. સંસારી જીવોમાં રહેલ દુઃખપ્રાગભાવ અને મુક્ત જીવમાં રહેલ દુઃખપ્રાગભાવમાં આ જ વિશેષતા છે—તો આ પણ અસંગત છે, કારણ કે જો એ દુઃખપ્રાગભાવનો સહકારીવિરહના કારણે ક્યારેય પણ મુક્તિમાં નાશ થવાનો ન હોય તો તેને દુઃખનો પ્રાગભાવ નહિ કહેવાય, પરંતુ દુઃખનો અત્યંતાભાવ કહેવો પડશે. જે સંસર્ગાભાવની આગળ કે પાછળ કોઈ પણ પ્રકારની કાલમર્યાદા ન હોય તે સંસર્ગાભાવ એ અત્યંતાભાવ કહેવાય છે. મુક્ત જીવના દુઃખપ્રાગભાવનો આદિકાળ નથી અને સહકારિવિરહને લીધે અંતકાળ પણ નથી. તેથી તેને દુઃખના અત્યંતાભાવસ્વરૂપ માનવો પડશે. આથી આત્યંતિક દુઃખપ્રાગભાવને મોક્ષ ન કહી શકાય.

## દુઃખધ્વંસ અથવા દુઃખઅત્યન્તાભાવરૂપ મોક્ષ અમાન્ય

(८) अपरे० । અન્ય વિદ્વાનોનું એવું મન્તવ્ય છે કે—'મોક્ષઉત્તરકાળમાં જીવ દુઃખથી અત્યન્ત વિમુક્ત રીતે વર્તે છે' આ વાતનું પ્રતિપાદન કરનાર શ્રુતિના અનુસારે દુઃખોનો

**भाव एव मुक्तिः । दुःखसाधनध्वंस एव स्ववृत्तिदुःखस्यात्यन्ताभावसम्बन्धः । स च साध्य एवेत्याहुः । तन्न । दुःखसाधनध्वंसस्य दुःखात्यन्ताभावसम्बन्धत्वे मानाभावात् ।**

**( ९ ) दुःखध्वंसस्तोम एव मुक्तिरित्यपि वार्तम्, स्तोमस्य कथमप्यसाध्यत्वात् ।**

**( १० ) त्रिदण्डिनस्तु आनन्दमयपरमात्मनि जीवात्मलयो मोक्ष इत्याहुः । तत्र लयो यदि एकादशेन्द्रिय-सूक्ष्ममात्राऽवस्थितपञ्चभूतात्मकलिङ्गशरीरापगमस्तदा नाम-**

---

અત્યન્તાભાવ જ મોક્ષ છે તથા દુઃખસાધનોનો ધ્વંસ જ સ્વમાં વિદ્યમાન દુઃખના અત્યંતાભાવ 'સ્વ' ની સાથે સંબંધ છે. અર્થાત્ દુઃખસાધનધ્વંસદ્વારા સ્વવૃત્તિદુઃખનો અત્યંતાભાવ સ્વમાં રહે છે અને તે જ મોક્ષ કે દુઃખસાધનોનો નાશ તો પુરુષપ્રયત્નથી સાધ્ય છે. આથી દુઃખાત્યન્તાભાવ નિત્ય હોવાને લીધે સ્વરૂપથી અસાધ્ય હોવા છતાં દુઃખસાધનધ્વંસ સ્વરૂપ સંબંધ દ્વારા સાધ્ય હોવાથી તેમાં પુરુષાર્થત્વની અનુપપત્તિ નહિ આવે.

તત્ ન૦ । પરંતુ આ વાત બરાબર નથી, કારણ કે 'દુઃખસાધનોનો ધ્વંસ દુઃખાત્યન્તાભાવનો સંબંધ છે' આ વાતમાં જ કોઈ પ્રમાણ નથી. અત્યન્તાભાવનો સર્વત્ર સ્વરૂપ સંબંધ જ યુક્તિસિદ્ધ છે. માટે દુઃખસાધનધ્વંસમાં દુઃખાત્યન્તાભાવના સંબંધપણાની અપ્રામાણિક કલ્પનામૂલક દર્શિત મુક્તિસ્વરૂપ પણ અપ્રામાણિક સિદ્ધ થાય છે.

### દુઃખધ્વંસસ્તોમ પણ મુક્તિ નથી

(૯) દુઃખઃ । કેટલાક વિચારકોનું એવું માનવું છે કે—દુઃખધ્વંસસમૂહ જ મોક્ષ છે. દુઃખધ્વંસસમૂહનો અર્થ છે એક જીવમાં જેટલા દુઃખધ્વંસ સંભવી શકે તેટલા બધા ય દુઃખધ્વંસ. આથી કેટલાક દુઃખધ્વંસના સમૂહને લઈને સંસારી જીવમાં મોક્ષની આપત્તિ નહી આવે. પરંતુ આ મત પણ બરાબર નથી, કારણ કે સમગ્ર દુઃખધ્વંસમાં તત્ત્વજ્ઞાન પૂર્વે ઉત્પન્ન થયેલા દુઃખધ્વંસનો પણ સમાવેશ થઈ જવાથી દુઃખનાશસમૂહ તત્ત્વજ્ઞાનથી સાધ્ય નહિ બને. આથી તત્ત્વજ્ઞાનપ્રાપ્તિ માટેનો મુમુક્ષુનો પ્રયત્ન નિરર્થક થવાની આપત્તિ આવશે.

### પરમાત્મામાં આત્માના લયસ્વરૂપ મુક્તિ-ત્રિદંડિમત

(૧૦) ત્રિદ૦ ત્રિદંડી વેદાન્તીનું એવું કથન છે કે—'આનંદમય પરમાત્મામાં જીવાત્માનો લય એ જ મોક્ષ છે. તેમનો આશય એવો છે કે પરમાત્મા આનંદમય છે. આનંદનો સાગર છે. જીવ એનો અંશ હોવા છતાં અનાદિકાળથી વિવિધ દુઃખોથી પીડિત છે. આથી તે દુઃખોથી રક્ષણ મેળવવા માટે આનંદમાં નિમગ્ન થવા આતુર છે. પરંતુ જીવાત્મા શરીરની અંદર બંધાયેલ છે. આથી જેવી રીતે બાટલીની અંદર પાણી ભરીને તે બાટલીને પેક કરી જલમય સરોવરમાં નાંખવામાં આવે તો પણ સરોવરના મુક્ત જલસમુદાયમાં તે પાણી લીન નથી થઈ શકતું, તેવી જ રીતે આનંદમય પરમાત્માના અંશસ્વરૂપ જીવ પણ આનંદમય હોવા છતાં શરીરમાં બંધાયેલ હોવાને લીધે આનંદમય પરમાત્મામાં લીન નથી થઈ શકતો. જેમ સરોવરમાં જલપૂર્ણ બાટલી ફૂટી જાય તો બાટલીનું અંદરનું પાણી સરોવરના મુક્ત પાણીમાં લીન થઈ જાય છે તેમ શાસ્ત્રોક્ત ઉપાય દ્વારા

**कर्मक्षय एव स इति कर्मक्षयरूपमोक्षवादिकक्षाप्रवेशः । यदि चोपाधिशरीरनाशे औपाधिकजीवनाशस्तदा तेन रूपेणाऽकाम्यत्वादपुरुषार्थत्वम् ।**

**(११) बौद्धास्त्वनुपप्लवा चित्तसन्ततिरपवर्गः । न च शरीरादिनिमित्तं विना नैमित्तिकसन्तानानुत्पाद इति वाच्यम्, पूर्वपूर्वविज्ञानक्षणानामेवोत्तरोत्तरविज्ञान-क्षणहेतुत्वात् सुषुप्तावप्यभिभूतज्ञानाभ्युपगमात्, अविशिष्टाद् विशिष्टोत्पत्तेश्च तथा-**

---

જીવ શરીરસ્વરૂપ બંધન તોડી નાખે છે ત્યારે શરીરની અંદર રહેલ જીવાત્મા પરમાત્માના આનંદસ્વરૂપમાં લીન થઈ જાય છે. આ રીતે આનંદમય પરમાત્મામાં જીવાત્માનો લય એ જ જીવાત્માની મુક્તિ છે.'

तत्र० । પ્રકરણકાર શ્રીમદ્‌જી એમ જણાવે છે કે-અહીં લયનો અર્થ શું છે ? એ વિચારણીય છે. જો હાથ-પગ વગેરે પાંચ કર્મેન્દ્રિય, નાક-કાન વગેરે પાંચ જ્ઞાનેન્દ્રિય, ઉભયઇન્દ્રિય એક મન તથા પાંચ તન્માત્રાના સ્વરૂપમાં રહેલ પૃથ્વી-જલ આદિ પાંચ ભૂત આ ૧૬ના ગણ સ્વરૂપ લિંગ શરીરની નિવૃત્તિને જ જો જીવાત્માનો લય કહેવામાં આવે અને આવા લયને જો મોક્ષસ્વરૂપ માનવામાં આવે તો નામાન્તરથી નામકર્મનો ક્ષય જ મોક્ષસ્વરૂપ કહેવો પડશે. અને તો પછી જૈનસમ્મત કર્મક્ષયસ્વરૂપ મોક્ષ કરતાં આનો ભેદ બતાવવો મુશ્કેલ હોવાથી ત્રિદંડી વેદાન્તીનો જૈનદર્શનમાં પ્રવેશ થઈ જશે. જો ત્રિદંડી તરફથી એમ કહેવામાં આવે કે—શરીરોપાધિક આત્મા એ જ જીવ છે. આથી શરીરસ્વરૂપ ઉપાધિનો નાશ થવાથી ઔપાધિક જીવનો નાશ થવો એ જ જીવાત્માનો લય છે. તો આ વાત બરાબર નથી, કારણ કે જીવનાશરૂપે જીવલય કામનાનો વિષય ન હોવાથી તાદૃશ જીવલયસ્વરૂપ મોક્ષ પુરુષાર્થ બની નહિ શકે. મોક્ષને તેવા સ્વરૂપે જ માની શકાય કે જે અન્યકામનાને અપરાધીન એવી કામનાનો વિષય બને. તો જ તે સ્વતઃ પુરુષાર્થ બની શકે.

### નિરૂપપ્લવ ચિત્તસંતતિ=મુક્તિ-વિજ્ઞાનવાદી બૌદ્ધ

(૧૧) बौ० । બૌદ્ધદર્શનના વિજ્ઞાનવાદી સંપ્રદાયનો એવો મત છે કે—ઉપપ્લવથી= વિષયથી શૂન્ય ચિત્તસંતતિ =જ્ઞાનસંતતિ એ જ મોક્ષ છે. આ મતનો મર્મ એવો છે કે જ્ઞાન જ વસ્તુ છે, તેનાથી ભિન્ન જે દેખાય છે તે બધું અનાદિ વાસનાથી કલ્પિત છે. આથી જ્ઞેયનો પ્રતિભાસ મિથ્યા છે. બૌદ્ધદર્શનમાં જ્ઞાન બીજી ક્ષણે નિરન્વય નાશ પામે છે. બૌદ્ધદર્શનમાં બતાવેલ પદ્ધતિ અનુસારે સાધના કરવાથી વસ્તુતત્ત્વનો યથાર્થ બોધ થાય છે. તેનાથી જ્ઞેય અર્થની કલ્પક વાસનાનો નાશ થાય છે. આથી જ્ઞેયસંબંધથી જ્ઞાન શૂન્ય બની જાય છે. જે જ્ઞાનધારા ઘટ-પટ આદિ જ્ઞેયાકારની સાથે પ્રવાહિત હતી તે જ્ઞેયસંપર્કથી શૂન્ય થઈને વિશુદ્ધ જ્ઞાનધારાસ્વરૂપે પ્રવાહિત થાય છે. આવી વિશુદ્ધ જ્ઞાનધારાને જ અનુપપ્લવ ચિત્તસંતતિ કહેવાય છે. વિજ્ઞાનવાદી બૌદ્ધના મતે આ જ મોક્ષ છે. અહીં શંકા થાય કે—'જો જ્ઞાન ક્ષણિક હોય તો પછી મુક્તિમાં જે જ્ઞાનક્ષણની પરંપરા ચાલે છે તે શરીર વગેરે નિમિત્ત કારણ વિના ઉત્પન્ન કઈ રીતે થશે ?'—તો આનું સમાધાન એ છે કે પૂર્વ પૂર્વની જ્ઞાનક્ષણો જ ઉત્તર ઉત્તર જ્ઞાનક્ષણોનું કારણ છે. જ્ઞાનક્ષણોમાં જ પૂર્વોત્તરભાવ કાર્ય-

**शक्तियोगितया सम्भवात् । न च शरीराद्यनाहितातिशयस्य ज्ञानक्षणस्य कथमुत्तरज्ञान-जनकत्वमिति वाच्यम्, मुक्तिप्राक्क्षणविशिष्टभावनयैवातिशयाधानादित्याहुः ।**

**तदसत्, अन्वयिद्रव्याभावे बद्ध-मुक्तव्यवस्थानुपपत्तेः, सन्तानस्याऽवास्तव-त्वात्, अतिशयाधायकत्वेनाभिमतादेव सहकारिचक्रात् कार्योत्पत्तावेकान्तक्षणभि-देलिमचित्तसन्ततौ मानाभावाच्चेति दिग् ।**

---

કારણભાવ સ્વીકાર્ય છે. અહીં એવી શંકા થાય કે—'સુષુપ્તિસમયે તો સર્વ જ્ઞાનનો અભાવ છે. તેથી નિદ્રા પછી જાગૃતિના પ્રથમ સમયે જ્ઞાન કેવી રીતે ઉત્પન્ન થશે ?' સુષુપ્તિના ચરમ સમયે જો કોઈ જ્ઞાનક્ષણ હોય તો જાગૃતિના પ્રથમ સમયે જ્ઞાનક્ષણની ઉત્પત્તિ થઈ શકે—તો તે વ્યાજબી નથી, કારણ કે નિદ્રા સમયે પણ બૌદ્ધદર્શન અનુસારે જ્ઞાનક્ષણ પ્રવાહિત જ છે. વિશેષતા એટલી છે કે જાગૃતિસમયે જે જ્ઞાનક્ષણ પરંપરા ચાલે છે તેમાં ઘટ-પટ આદિ જ્ઞેયાકારનો ઉલ્લેખ થવાથી જાગૃતિ અવસ્થાનું જ્ઞાન અનભિભૂત કહેવાય છે. જ્યારે નિદ્રા અવસ્થામાં ઘટ-પટ આદિ જ્ઞેયાકારનો ભાસ થતો ન હોવાથી તે જ્ઞાનક્ષણપરંપરા અભિભૂત કહેવાય છે. સુષુપ્તિ પછીની અવસ્થામાં ઘટાદિ જ્ઞેયાકારથી વિશિષ્ટ એવી જ્ઞાનક્ષણ ઉત્પન્ન થાય છે. 'આવું કેમ થઈ શકે ?' તેવી શંકા અસ્થાને છે, કારણ કે તથાવિધ અનાદિ શક્તિ =વાસનાનો તે સમયે ઉદ્બોધ થવાથી અવિશિષ્ટ જ્ઞાનથી વિશિષ્ટ જ્ઞાનક્ષણની ઉત્પત્તિ સંભવી શકે છે.

न च श० ।—'મુક્તિ અવસ્થામાં તો શરીર આદિ ન હોવાથી શરીર દ્વારા કોઈ અતિશયનું આધાન જ્ઞાનક્ષણમાં નહિ થાય. તો પછી તે જ્ઞાનક્ષણ ઉત્તર જ્ઞાનક્ષણને ઉત્પન્ન કઈ રીતે કરશે ?' આ સમસ્યાનું સમાધાન એ છે કે નિરૂપપ્લવ ચિત્તસન્તતિસ્વરૂપ મુક્તિની અવ્યવહિત પૂર્વ ક્ષણમાં 'सर्वं शून्यं सर्वं शून्यं' આવી વિશિષ્ટ ભાવનાથી જ્ઞાન ક્ષણમાં એક પ્રકારનો અતિશય =શક્તિ ઉત્પન્ન થાય છે કે જે મુક્તિ અવસ્થામાં શરીરની ગેરહાજરીમાં પણ વિશુદ્ધ જ્ઞાનક્ષણની પરંપરાને જાળવી રાખશે. આથી વિશુદ્ધ જ્ઞાનક્ષણની સંતતિસ્વરૂપ મોક્ષ માનવો ઉચિત છે.'

### બૌદ્ધસંમત મુક્તિ અસંગત

तदसत्० । ગ્રન્થકાર શ્રીમદ્જી ઉપરોક્ત બૌદ્ધમતને અનુચિત કહે છે. આનું કારણ એ છે કે વિજ્ઞાનવાદી યોગાચાર બૌદ્ધના મતાનુસારે ક્ષણિક જ્ઞાનથી અતિરિક્ત ત્રિકાલ અનુગત આત્મ દ્રવ્ય ન હોવાથી બદ્ધ-મુક્ત વ્યવસ્થા ભાંગી પડશે. જે બંધાય છે તે જ મુક્ત થાય છે. આ પ્રસિદ્ધ નિયમ છે. પરંતુ બૌદ્ધમતે તો જે બંધાય છે તે વાસ્તવમાં બીજા સમયે વિદ્યમાન જ નથી. તેથી જે બંધાય છે તેને મુક્ત થવાનો સવાલ જ રહેતો નથી. અને જે મુક્ત થાય છે તે પૂર્વ સમયે ઉત્પન્ન જ થયો ન હતો. તેથી તે બંધન વિના મુક્ત થયો—એમ માનવું પડશે. આ તો ભીમ ખાય અને શકુનિ સંડાસ જાય એના જેવું થયું. અહીં બૌદ્ધ તરફથી એમ કહેવામાં આવે કે—જ્ઞાન ભલે ક્ષણિક હોય પરંતુ જ્ઞાનક્ષણની પરંપરાત્મક જ્ઞાનસંતતિનો અમે સ્વીકાર કરીએ છીએ. તેથી બદ્ધ-મુક્તવ્યવસ્થાનો લોપ થવાની આપત્તિ નહિ આવે. ચૈત્રીય જ્ઞાનક્ષણ પરંપરા પૂર્વે બદ્ધ હતી અને સાધના દ્વારા જ્ઞેયાકારકલ્પક વાસનાનો ઉચ્છેદ થવાથી તે જ ચૈત્રીય જ્ઞાનસંતાન મુક્ત =વિશુદ્ધ બનશે. અનુગત

**( १२ ) 'स्वातन्त्र्यं मुक्तिः' इत्यन्ये । तेषां स्वातन्त्र्यं यदि कर्मनिवृत्तिस्तदा सिद्धान्त एव । ऐश्वर्यं चेत् ? अभिमानाधीनतया संसारविलसितमेव तत् ।**

**( १३ ) प्रकृतितद्विकारोपधानविलये पुरुषस्य स्वरूपेणावस्थानमिति साङ्ख्यः ।**

---

અતિરિક્ત આત્મદ્રવ્યનો સ્વીકાર કર્યા વિના પણ જે બંધાય છે તે મુક્ત થાય છે આવો નિયમ સંગત થઈ શકે છે.—તો આ વાત બરાબર નથી, કારણ કે બૌદ્ધમતાનુસારે જે સત્ હોય છે તે નિયમા ક્ષણિક હોય છે. જે ક્ષણિક નથી હોતું તે સત્ નથી હોતું. જ્ઞાનસંતાન તો અનેક ક્ષણો સુધી ચાલતી જ્ઞાનધારાસ્વરૂપ હોવાને લીધે ક્ષણિક ન હોવાથી સત્ નથી. કાલ્પનિક જ્ઞાનસંતતિ દ્વારા બદ્ધમુક્તવ્યવસ્થાનો નિર્વાહ થવો અશક્ય છે. બીજી વાત એ છે કે અતિશયઆધાયકરૂપે જે સહકારી કારણોનો સમૂહ બૌદ્ધ વિદ્વાનોને માન્ય છે તેના દ્વારા જ જો કાર્ય ઉત્પન્ન થઈ જાય તો પછી ક્ષણિક એવી જ્ઞાનસંતતિનો સ્વીકાર કરવાની પણ કોઈ જરૂર રહેતી નથી.

### મુક્તિ-સ્વાતન્ત્ર્યસ્વરૂપ

(૧૨) સ્વાતં૦ । કેટલાક દાર્શનિકોનો મત એવો છે કે—સ્વાતન્ત્ર્ય જ મુક્તિ છે. સંસાર અવસ્થામાં મનુષ્ય પરતંત્ર હોય છે. 'सर्वं परवशं दुःखं, सर्वमात्मवशं सुखं' આ ન્યાયને અનુસારે સંસારી જીવમાત્ર અનાદિકાલીન પરતન્ત્રતાથી દુઃખી છે, પીડિત છે. આથી શાસ્ત્રોક્ત સાધના દ્વારા પારતન્ત્ર્યને દૂર કરીને સ્વાતન્ત્ર્ય પ્રાપ્ત કરવું એ જ મુક્તિ છે—પરંતુ ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે જો સ્વાતંત્ર્યનો અર્થ કર્મનિવૃત્તિ માનવામાં આવે તો આ મતનો જૈનસિદ્ધાન્તમાં જ સમાવેશ થઈ જશે, કારણ કે જૈનદર્શનના સિદ્ધાન્તાનુસાર સમગ્ર કર્મોનો ક્ષય એ જ મોક્ષ છે.

ऐ० । ઉપરોક્ત દોષના ભયથી જો એમ કહેવામાં આવે કે—સ્વાતંત્ર્ય એ સર્વકર્મ-નિવૃત્તિસ્વરૂપ નથી પણ ઐશ્વર્યસ્વરૂપ છે. આથી અણિમા, મહિમા, લઘિમા વગેરે અષ્ટવિધ લબ્ધિ વગેરે સ્વરૂપ ઐશ્વર્યની પ્રાપ્તિ એ જ મોક્ષપ્રાપ્તિ છે—તો આ વાત પણ બરાબર નથી, કારણ કે જીવમાં વાસ્તવિક ઐશ્વર્ય ન હોવાથી આભિમાનિક ઐશ્વર્ય જ માનવું પડશે. અને મુક્ત જીવને ઈશ્વરાભિમાન થશે તો તે મુક્ત કઈ રીતે કહેવાશે ? કારણ કે અભિમાન એક પ્રકારનો સંસારનો જ વિલાસ છે, સાંસારિકતાનું જ એક સ્વરૂપ છે.

### પ્રકૃતિ અને તેના વિકારોનો વિલય એ જ મુક્તિ-સાંખ્ય

(૧૩) પ્રકૃ૦ । સાંખ્યદર્શનનો મત એવો છે કે—પ્રકૃતિ અને તેના વિકારસ્વરૂપ ઉપાધિનો વિલય થયે છતે પુરુષનું પોતાના સ્વરૂપમાં અવસ્થાન એ જ મોક્ષ છે. આશય એ છે કે સાંખ્યદર્શન અનુસારે પ્રકૃતિ અને પુરુષ આ બે જ કારણનિરપેક્ષ અનાદિ તત્ત્વ છે. આ બન્નેનો સંયોગ અર્થાત્ પરસ્પર ભેદનો અવિવેક =અજ્ઞાન અનાદિકાલીન છે. આ અવિવેક જ સત્ત્વ, રજસ્ અને તમસ્ આ ત્રણ ગુણોથી અભિન્નસ્વરૂપ પ્રકૃતિના ૨૩ વિકારોને ઉત્પન્ન કરે છે. જે આ પ્રમાણે છે મહત્તત્ત્વ, અહંકાર, તથા શબ્દ, રૂપ, રસ, સ્પર્શ, ગંધ નામના પાંચ તન્માત્ર =સૂક્ષ્મભૂત; શ્રોત્ર, આંખ, જીભ, ચામડી, નાક નામની પાંચ જ્ઞાનેન્દ્રિય, વાણી, હાથ, પગ, મલેન્દ્રિય, મૂત્રેન્દ્રિય

**तत्र स्वरूपावस्थानस्याऽऽत्मरूपस्याऽसाध्यत्वात्, प्रकृत्यादिप्रक्रियायां प्रमाणाभावाच्च ।**

**(१४) अग्रिमचित्तानुत्पादे पूर्वचित्तनिवृत्तिरित्यन्ये, तदपि तुच्छम्, अग्रिमचित्तानुत्पादस्य प्रागभावरूपस्यासाध्यत्वात्, चित्तनिवृत्तेरनुद्देश्यत्वाच्च ।**

---

નામક પાંચ કર્મેન્દ્રિય, ઉભયેન્દ્રિય મન તથા આકાશ, વાયુ, અગ્નિ, પાણી, પૃથ્વી આ પાંચ મહાભૂત, પ્રકૃતિના આ ૨૩ વિકાર, પ્રકૃતિ અને પુરુષ—આમ કુલ ૨૫ તત્ત્વ સાંખ્યસમ્મત છે. પ્રકૃતિ અને પુરુષમાં અવિવેક થવાને લીધે પ્રકૃતિના પ્રથમ વિકાર મહત્‌તત્ત્વ અને પુરુષમાં અવિવેક થાય છે. સત્ત્વ, અન્તઃકરણ વગેરે શબ્દોથી પણ મહત્‌તત્ત્વ ઓળખાય છે અને તે જ કર્તૃત્વ અને કર્તૃત્વનિમિત્તક સર્વ ધર્મોનો આશ્રય બને છે. પુરુષમાં અવિવેક હોવાને લીધે પુરુષમાં મહત્‌તત્ત્વના બધા ધર્મોનું ભાન =પ્રતિભાસ થાય છે. પુરુષમાં મહત્‌તત્ત્વના ધર્મોનો આ અવિવેકમૂલક પ્રતિભાસ એ જ પુરુષનું બંધન છે. આ બંધનના કારણે સંસારદશામાં પુરુષ પોતાના સ્વરૂપે અવસ્થિત રહેવાને બદલે મહત્ તત્ત્વના ઔપાધિકસ્વરૂપે અવસ્થિત રહે છે. પરંતુ જ્યારે પ્રકૃતિ અને પુરુષના વિવેકનું =ભેદનું જ્ઞાન થશે ત્યારે તે અવિવેકની નિવૃત્તિ થશે. આથી અવિવેકમૂલક પ્રકૃતિના વિકારસ્વરૂપ ઉપાધિનો પણ લય થવાથી પુરુષ ઔપાધિકરૂપથી અલગ પડી પોતાના વાસ્તવિક સ્વરૂપમાં અવસ્થિત રહે છે. પુરુષનું આ સ્વરૂપઅવસ્થાન એ જ પુરુષનો મોક્ષ છે.

પરંતુ ગ્રંથકાર શ્રીમદ્‌જી તેની સમાલોચના કરતાં કહે છે કે—પુરુષનું સ્વરૂપાવસ્થાન આત્મસ્વરૂપ છે. અને સાંખ્યસંમત પુરુષ =આત્મા કૂટસ્થ નિત્ય છે. માટે સ્વરૂપઅવસ્થાન પણ નિત્ય થવાને લીધે અસાધ્ય = પ્રયત્નાઽવિષય બનશે. જે અસાધ્ય હોય તે પુરુષાર્થ બની શકે નહીં. તેથી સ્વરૂપઅવસ્થાનાત્મક મુક્તિ પરમપુરુષાર્થ નહીં બની શકે. બીજી વાત એ છે કે પ્રકૃતિ, મહત્‌તત્ત્વ વગેરેના સંબંધમાં હમણાં જે પ્રક્રિયા બતાવવામાં આવી, તેમાં કોઈ પ્રમાણ નથી. આથી અપ્રામાણિક પ્રક્રિયાના આધારે બંધ અને મોક્ષની વ્યવસ્થા યુક્તિસંગત નહીં થઈ શકે.

### અગ્રિમચિત્તાનુત્પાદસહિત પૂર્વચિત્તનાશ મુક્તિ-બૌદ્ધ

(૧૪) अग्रिम० । કેટલાક બૌદ્ધ વિદ્વાનોનું કહેવું એમ છે કે—અગ્રિમ ચિત્તના અનુત્પાદથી વિશિષ્ટ પૂર્વ ચિત્તની નિવૃત્તિ એ જ મુક્તિ છે. કહેવાનો મતલબ એ છે કે ચિત્ત સ્વયં અસ્તિત્વરૂપે બંધન છે અને નાસ્તિત્વરૂપે મોક્ષ છે. પરંતુ અહીં એ ધ્યાન રાખવું કે સામાન્યથી ચિત્તનિવૃત્તિમાત્રને મોક્ષ માની ન શકાય, કારણ કે જ્ઞાનસ્વરૂપ ચિત્ત ક્ષણિક હોવાને લીધે પ્રત્યેક સમયે સંસારદશામાં પણ પૂર્વ ચિત્તની નિવૃત્તિ થતી રહે છે. આથી સંસારદશામાં થનારી ચિત્તનિવૃત્તિમાત્રને મોક્ષ ન કહેતાં અગ્રિમ ચિત્તના અનુત્પાદથી વિશિષ્ટ પૂર્વચિત્તનિવૃત્તિ મોક્ષસ્વરૂપ છે—આમ કહેવું વધુ ન્યાયસંગત થશે. આવું માનવાથી સંસારઅવસ્થામાં મોક્ષની આપત્તિ નહિ આવે, કારણ કે સંસારી અવસ્થામાં ચિત્તનિવૃત્તિ હોવા છતાં અગ્રિમ ચિત્તની ઉત્પત્તિ ચાલુ હોવાના કારણે અગ્રિમચિત્તઅનુત્પાદવિશિષ્ટ એવી ચિત્તનિવૃત્તિ ગેરહાજરી હોય છે.

तद० । પરંતુ મહોપાધ્યાયજી આ મતની સમીક્ષા કરતાં કહે છે કે—આ મત તુચ્છ છે. એનું

**(૧૫) आत्महानं मुक्तिरिति चार्वाकः, तन्न, वीतरागजन्मादर्शनन्यायेन नित्यतया सिद्धस्याऽऽत्मनः सर्वथा हातुमशक्यत्वात्, आत्महानस्यानुद्देश्यत्वाच्च ।**

**(૧૬) नित्यनिरतिशयसुखाभिव्यक्तिर्मुक्तिरिति तौतातिताः । तन्नेति**

---

કારણ એ છે કે અગ્રિમ ચિત્તના અનુત્પાદનો અર્થ છે અગ્રિમ ચિત્તનો પ્રાગભાવ. પ્રાગભાવ અનાદિ હોવાને લીધે અસાધ્ય = પુરુષપ્રયત્નનો અવિષય છે. આથી અગ્રિમચિત્તના પ્રાગભાવથી ઘટિત ઉપરોક્ત મોક્ષ પણ અસાધ્ય બની જશે. જો કોઈક પ્રકારના ચિત્તના ઉત્પાદકના અભાવ દ્વારા ચિત્તની અનુત્પત્તિ બતાવીને અગ્રિમચિત્તપ્રાગભાવમાં ક્ષેમસાધારણ સાધ્યતા અર્થાત્ પરિપાલ્યતાસ્વરૂપ સાધ્યતાની ઉપપત્તિ કરવામાં આવે તો ઉપરોક્ત દોષનું વારણ થવા છતાં પણ તેને પુરુષાર્થ નહીં માની શકાય, કારણ કે તે ચિત્તનિવૃત્તિ પુરુષપ્રવૃત્તિનું ઉદ્દેશ્ય નથી. જે પુરુષપ્રવૃત્તિનો ઉદ્દેશ્ય હોય તેમાં જ સ્વતઃ પુરુષાર્થતા આવી શકે.

## આત્મહાનસ્વરૂપ મુક્તિ—ચાર્વાક

(૧૫) आत्म० । નાસ્તિક શિરોમણિઓની માન્યતા એવી છે કે—શરીર એ જ આત્મા છે. શરીરથી અતિરિક્ત આત્માને સ્વીકારવામાં કોઈ પ્રમાણ નથી. શરીરસ્વરૂપ આત્માનું અસ્તિત્વ એ જ સંસાર દશા છે. આથી શરીરસ્વરૂપ આત્માનો નાશ એ જ મુક્તિ છે.—પરંતુ નાસ્તિક ચાર્વાકનો આ મત અત્યંત અસંગત છે, કારણ કે જે જે જન્મે છે તે તે સરાગ જ હોય છે. વીતરાગનો જન્મ થતો ક્યાંય દેખાતો નથી. રાગ એ અન્યરાગપૂર્વક હોય છે. જેમ કે ઘરનો રાગ એ ભોગસુખના રાગપૂર્વક હોય છે. રાગ એ પૂર્વવર્તી રાગનો વ્યાપ્ય હોવાથી સરાગીના આ જન્મનો પ્રથમ રાગ પણ તેની પૂર્વે અન્ય રાગની સિદ્ધિ કરે છે. પરંતુ આ જન્મમાં તો તે રાગ પ્રથમ હોવાથી તે પૂર્વનો રાગ આ જન્મસંબંધી તો સંભવી શકતો ન હોવાથી ગતજન્મના અંતિમ રાગને પોતાના પૂર્વવર્તીરૂપે સિદ્ધ કરશે. તેનો આશ્રય પૂર્વભવનો આત્મા બનશે, જેનું શરીર નષ્ટ થયેલ છે. આથી પૂર્વજન્મની સિદ્ધિ થશે. તથા આ જ રીતે ગતજન્મનો પ્રથમ રાગ પોતાના પૂર્વવર્તી રાગની સિદ્ધિ કરશે કે જે તેના પૂર્વજન્મનો અંતિમ રાગ હશે. આ રીતે ઉપદર્શિત વીતરાગજન્મઅદર્શન ન્યાયથી શરીરથી ભિન્ન અને નિત્ય એવો આત્મા સિદ્ધ થાય છે. આ રીતે આત્મા નિત્ય સિદ્ધ થાય છે. તેથી તેનો નાશ કોઈ પણ રીતે ઘટી નહીં શકે. તેથી આત્માના નાશસ્વરૂપ મોક્ષને માનવો અસંગત છે. બીજી વાત એ છે કે આત્મહાન અર્થાત્ પોતાનો નાશ કોઈનો ઉદ્દેશ્ય પણ નથી હોતો. પોતાનો નાશ કરવાના ઉદ્દેશથી કઈ વ્યક્તિ પ્રવૃત્તિ કરે છે ? સર્વ જીવો જીવવાને ઇચ્છે છે. આ રીતે આત્મવિનાશ પુરુષપ્રવૃત્તિનો ઉદ્દેશ્ય જ નથી બનતો તો પછી તેને પરમપુરુષાર્થ કહેવો એ તો અતિસાહસ છે. તે વિવેકસ્વરૂપ ચક્ષુના અભાવને સૂચવે છે.

## નિત્ય નિરતિશય સુખની અભિવ્યક્તિ = મુક્તિ-મીમાંસક

(૧૬) नित्य० । મીમાંસાદર્શનનો મત એવો છે કે વિષયેન્દ્રિય સંપર્કથી ઉત્પન્ન થવાવાળા સુખથી ભિન્ન સુખ પણ હોય છે કે જે નિત્ય અને નિરતિશય હોય છે. નિરતિશયનો અર્થ એવો છે કે અતિશયથી શૂન્ય, જેથી અધિક બીજું ન હોય, જે સર્વશ્રેષ્ઠ હોય. આવા સુખની અભિવ્યક્તિ-

**नैयायिकादयः । नित्यसुखे प्रमाणाभावात् । न च 'नित्यं विज्ञानमानन्दं ब्रह्म' ( बृ० आ० ३/९/२८ ) इति श्रुतिरेव तत्र प्रमाणम् । न च नित्यसुखे सिद्धे ब्रह्माभेदबोधनं तद्बोधने च नित्यसुखसिद्धिरिति परस्पराश्रय इति वाच्यम् । स्वर्गत्वमुपलक्षणीकृत्य स्वर्गविशेषे यागकारणताबोधवत् सुखत्वमुपलक्षणीकृत्य सुखविशेषे ब्रह्माभेदोपपत्तेः,**

---

આવા અનાદિ-અનંત-મહત્તમ સુખનો પ્રત્યક્ષ અનુભવ એ જ મોક્ષ છે.

### નિત્યસુખ પ્રમાણથી અસિદ્ધ-નૈયાયિક

તન્નૈ૦ । પરંતુ આના વિરોધમાં નૈયાયિક વગેરે વિદ્વાનોનું મંતવ્ય એવું છે કે નિત્ય સુખની સિદ્ધિમાં કોઈ પ્રમાણ ન હોવાથી તેનાથી ઘટિત મુક્તિ પણ અપ્રામાણિક છે. અપ્રામાણિક પદાર્થથી ઘટિત વસ્તુ પ્રામાણિક કઈ રીતે હોઈ શકે ?

મીમાંસક :- न च नि० । 'नित्यं विज्ञानं आनन्दं ब्रह्मं' આ શ્રુતિ =વેદવચનથી જ નિત્ય સુખની સિદ્ધિ થાય છે, કારણ કે એનાથી નિત્ય એવા આનંદ =નિત્ય સુખ સાથે બ્રહ્મઅભેદનું સાક્ષાત્ પ્રતિપાદન થયેલ છે.

નૈયાયિક :- न च नित्यसु० । જો નિત્ય સુખ સિદ્ધ થશે તો તેની સાથે બ્રહ્મ =વિશુદ્ધ આત્માના અભેદનું ભાન થશે, કારણ કે પ્રમાણથી અસિદ્ધની સાથે કોઈ વાસ્તવિક વસ્તુનો અભેદ અન્વય થઈ શકતો નથી. પરંતુ નિત્ય સુખની સિદ્ધિ તો નિત્ય બ્રહ્મતત્ત્વ સાથે અભિન્નત્વરૂપે તે ભાસે તો જ થઈ શકે. મતલબ એવો છે કે નિત્ય સુખ જેવી કોઈ ચીજ પ્રમાણથી સિદ્ધ થાય તો નિત્ય એવા બ્રહ્મતત્ત્વ સાથે તેનો અભેદાન્વયબોધ થઈ શકે અને નિત્ય બ્રહ્મતત્ત્વ સાથે સુખનો અભેદાન્વયબોધ થાય તો જ નિત્ય એવા બ્રહ્મતત્ત્વથી અભિન્ન હોવાને લીધે નિત્યસુખની =સુખમાં નિત્યત્વની સિદ્ધિ થઈ શકે. એક બીજાની પ્રસિદ્ધિ = જ્ઞાન માટે પરસ્પરના જ્ઞાનની અપેક્ષા હોવાથી અહીં પરસ્પરાશ્રય દોષ આવશે. આવી સ્થિતિમાં બેમાંથી એકની પણ સિદ્ધિ નહિ થઈ શકે. જ્યાં સુધી સુખમાં નિત્યત્વની સિદ્ધિ નહિ થાય ત્યાં સુધી બ્રહ્મતત્ત્વ સાથે તેનો અભેદાન્વયબોધ નહિ થઈ શકે અને જ્યાં સુધી નિત્યબ્રહ્મતત્ત્વનો સુખ સાથે અભેદાન્વયબોધ નહિ થાય ત્યાં સુધી સુખમાં નિત્યત્વની સિદ્ધિ નહિ થઈ શકે. આથી પરસ્પરાશ્રયતા સ્પષ્ટ જ છે. પરસ્પરાશ્રયને માથે કાંઈ શીંગડા નથી ઉગતા કે જેથી તે રીતે તેની સિદ્ધિ થઈ શકે.

### સુખત્વને ઉપલક્ષણ બનાવી નિત્ય સુખમાં આત્માનો અભેદાન્વય—મીમાંસક

મીમાંસક :- स्व० । અરે ! આ પરસ્પરાશ્રયને રવાના કરવો એ તો ચપટીનો ખેલ છે. એ પૂર્વે અમે અહીં કેવો અન્વયબોધ માનીએ છીએ ? તે સમજવા એક દૃષ્ટાંતને જરા શાંતિથી સમજી લઈએ. જેમ કે 'स्वर्गकामो यजेत' આ વાક્ય દ્વારા યજ્ઞમાં સ્વર્ગની કારણતાનું ભાન થતાં સ્વર્ગત્વઅવચ્છેદેન =સ્વર્ગસામાન્ય =સકલ સ્વર્ગ પ્રત્યે યજ્ઞને કારણ માનતાં દાન-તપ વગેરે દ્વારા મળનારા સ્વર્ગમાં વ્યતિરેક વ્યભિચાર આવવાથી સ્વર્ગત્વને છોડીને વિજાતીય સ્વર્ગત્વને, કે જે સ્વર્ગત્વજાતિનું વ્યાપ્ય છે અને દાનાદિજન્ય સ્વર્ગમાં રહેતું નથી, કાર્યતાવચ્છેદક બનાવી તાદૃશ

**यद्वा नित्यं सुखं बोधयित्वा तत्र ब्रह्माभेदोऽपि विधिनैव बोध्यते । न च वाक्यभेदो, वाक्यैकवाक्यत्वात् । न चानन्दमित्यत्र नपुंसकलिङ्गत्वानुपपत्तिः, छान्दसत्वात् । न चानन्दं ब्रह्मणो रूपं तच्च मोक्षे प्रतिष्ठितमिति भेदपरषष्ठ्यनुपपत्तिः, 'राहोः शिर' इतिवदभेदेऽपि षष्ठीदर्शनादिति <u>वाच्यम्</u> । आत्मनोऽनुभूयमानत्वेन नित्यसुखस्याप्य-**

---

વિજાતીયસ્વર્ગત્વઅવચ્છિન્ન = સ્વર્ગવિશેષ પ્રત્યે યજ્ઞમાં કારણતાનું ભાન થાય છે. અહીં સ્વર્ગત્વવાચકપદ એ ઉપલક્ષણ =પરિચાયક હોવાથી સ્વર્ગત્વને છોડી સ્વર્ગત્વવ્યાપ્ય જાતિવિશેષને યજ્ઞકાર્યતાઅવચ્છેદક માની શકાય છે. તે જ રીતે 'नित्यं विज्ञानमानन्दं ब्रह्म' આ વેદવચન દ્વારા સુખની જોડે બ્રહ્મતત્ત્વના અભેદાન્વયબોધનું ભાન થતાં બ્રહ્મતત્ત્વ નિત્ય હોવાથી બ્રહ્મતત્ત્વ સાથે અભેદાન્વય બોધ કરવા માટે અનિત્ય સુખ અયોગ્ય બની જાય છે. તેથી સુખત્વવાચક પદને ઉપલક્ષણ =પરિચાયક બનાવી અનિત્ય સાંસારિક સુખને છોડીને અનિત્યસુખવ્યાવૃત્ત સુખત્વવ્યાપ્ય જાતિવિશેષથી વિશિષ્ટ સુખવિશેષમાં બ્રહ્મતત્ત્વનો અભેદાન્વયબોધ ઘટી શકશે. આ રીતે બ્રહ્મતત્ત્વનો સુખ સાથે અભેદાન્વયબોધ માનવામાં સુખમાં નિત્યત્વસિદ્ધિની આવશ્યકતા જ નથી રહેતી. તો પછી પરસ્પરાશ્રય દોષનો પગપેસારો કેવી રીતે થશે ?

મીમાંસક :- यद्वा० । અથવા એમ પણ કહી શકાય કે ઉપરોક્ત શ્રુતિવાક્ય નિત્ય સુખનો બોધ કરાવી તે જ શ્રુતિવચન નિત્ય સુખમાં બ્રહ્મઅભેદનું પણ ભાન કરાવશે. ઉપદર્શિત શ્રુતિવચન જ બન્ને કાર્ય કરાવશે. તેથી કોઈ પ્રકારના કાલક્ષેપનો પણ અવકાશ નહીં રહે.

નૈયાયિક : न च वा० । જો સુખમાં નિત્યત્વનું પ્રથમ ભાન કરાવી બ્રહ્મતત્ત્વમાં સુખનો અભેદાન્વય બોધ કરવામાં આવે તો નિત્યત્વ અને સુખાભેદ સ્વરૂપ બે પ્રકાર =વિશેષણ અને સુખ અને બ્રહ્મ સ્વરૂપ બે વિશેષ્ય જ્ઞાત થવાને લીધે વાક્યભેદ =વાક્યદ્વય દોષ આવશે. બે મુખ્ય પ્રકારતાથી નિરૂપિત બે મુખ્ય વિશેષ્યતાનું ભાન થવું એ જ વાક્યભેદનું લક્ષણ છે. આથી 'नित्यं विज्ञान...' શ્રુતિમાં વાક્યભેદ દોષ દુર્વાર બનશે.

### વાક્યૈકવાક્યતા સમર્થન

મીમાંસક :- वाक्यै० । ના, વાક્યભેદની અહીં કોઈ શક્યતા નથી. કારણ કે અમે સુખમાં જ નિત્યત્વનું અને બ્રહ્મઅભેદનું ભાન માનીએ છીએ. એક જ મુખ્ય વિશેષ્યમાં સાકાંક્ષ અનેક વિશેષણનું ભાન માનવામાં વાક્યૈકવાક્યતા જળવાઈ રહેવાથી વાક્યભેદદોષ નથી રહેતો. સાકાંક્ષ એકાર્થમુખ્યવિશેષ્યક બોધનું નિર્વાહક હોવું તે જ વાક્યૈકવાક્યતા. પરસ્પર સાકાંક્ષ એવા અનેક વિશેષણોનું એક મુખ્ય વિશેષ્યમાં ભાન જે વાક્ય દ્વારા થાય તે વાક્યમાં વાક્યૈકવાક્યતા રહે છે, જે અહીં અબાધિત હોવાને લીધે વાક્યભેદ વિલીન થઈ જાય છે. વાક્ય ભેદાતું નથી, તૂટી નથી જતું. વાક્યની અખંડિતતા અબાધિત રહે છે.

નૈયાયિક :- न चा० । જો બ્રહ્મ અને આનંદનો અભેદ હોય અર્થાત્ બ્રહ્મ આનંદસ્વરૂપ હોય તો 'आनन्दो ब्रह्म' આ રીતે આનન્દપદ પ્રથમ વિભક્તિવાળું હોવું જોઈએ, કારણ કે આનંદશબ્દ

**नुभवप्रसङ्गात्, सुखमात्रस्य स्वगोचरसाक्षात्कारजनकत्वनियमात् ।**

**न चाऽऽत्माभिन्नतया सुखमनुभूयत एव, सुखत्वं तु तत्र नानुभूयते देहात्माभेदभ्रमवासनादोषात्, आत्यन्तिकदुःखोच्छेदरूपव्यञ्जकाभावाद्वा । यत्तु सुखानुभवसामग्र्या एव सुखत्वानुभवसामग्रीत्वमिति नोक्तोपपत्तिरिति, तत् न, सुखविशेष्यक-**

---

જ્યારે ગુણવાચક હોય ત્યારે પુંલિંગમાં જ આવે. પરંતુ તે અહીં નપુંસકલિંગમાં છે. તેથી ફલિત થાય છે કે આનન્દપદ અહીં ગુણવાચક નથી પરંતુ ગુણિવાચક છે. અર્થાત્ બ્રહ્મ આનંદસ્વરૂપ નથી પરંતુ આનંદવાન્ છે. તેથી બ્રહ્મ અને આનંદ વચ્ચે ભેદ સિદ્ધ થવાને લીધે બન્ને વચ્ચે અભેદાન્વય નહીં થઈ શકે. અભેદાન્વય કરવો હોય તો 'आनन्दो ब्रह्म'આ રીતે આનન્દપદનો પુંલિંગમાં પ્રયોગ જોઈએ.

મીમાંસક :- आ० । ભાગ્યશાળી ! લૌકિક શાસ્ત્રોના નિયમો વૈદિક શાસ્ત્રોમાં લાગુ પડતા નથી. આ માટે પાણિનિએ પણ 'व्यत्ययो बहुलम्' આવું સ્વતન્ત્ર સૂત્ર બનાવેલ છે. તેથી આનંદશબ્દ નપુંસકલિંગવાળો હોવા છતાં તેને ગુણવાચક માની શકાય છે. આથી બ્રહ્મ અને આનંદ વચ્ચે અભેદાન્વય બોધ સુરક્ષિત રહેશે.

નૈયાયિક :- જો બ્રહ્મ અને આનંદ વચ્ચે અભેદ હોય તો 'आनन्दं ब्रह्मणो रूपं तच्च मोक्षे प्रतिष्ठितं' અર્થાત્ 'આનંદ એ બ્રહ્મતત્ત્વનો ધર્મ છે કે જે મોક્ષમાં પ્રતિષ્ઠિત છે.' અહીં ભેદપરક ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ થયેલ છે તે નહિ ઘટે. જે બે પદ વચ્ચે ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ હોય છે તે બે પદના અર્થમાં જરૂર ભેદ હોય છે. જેમ 'ચૈત્રનું ધન' અહીં ચૈત્ર અને ધન વચ્ચે ભેદ રહેલો છે. તે જ રીતે 'આનંદ બ્રહ્મનો ધર્મ છે.' અહીં પણ બ્રહ્મ અને આનંદ વચ્ચે ભેદ સિદ્ધ થાય છે. તે બે વચ્ચે અભેદ માનવામાં આવે તો ભેદબોધક ષષ્ઠી વિભક્તિ અનુપપન્ન બની જાય.

મીમાંસક :- राहो० । જે બે પદ વચ્ચે ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ થયેલો હોય તે બે પદના અર્થ વચ્ચે ભેદ જ હોય આવી કોઈ રાજાજ્ઞા નથી. જે બે પદાર્થ વચ્ચે અભેદ હોય તેના વાચક પદો વચ્ચે પણ ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ દેખાય છે. જેમ કે 'राहोः शिरः' અર્થાત્ 'રાહુનું માથું.' રાહુ એ હકીકતમાં માથાથી કોઈ અલગ ચીજ નથી. રાહુ મસ્તકસ્વરૂપ જ છે. મસ્તકથી અભિન્ન હોવા છતાં જેમ રાહુનું માથું એવો ષષ્ઠીવિભક્તિથી ઘટિત પ્રયોગ થાય છે તેમ આનંદ અને બ્રહ્મ વચ્ચે અભેદ હોવા છતાં પણ એવો છટ્ઠી વિભક્તિવાળો વાક્યપ્રયોગ થઈ શકે છે. છટ્ઠી વિભક્તિનો અર્થ માત્ર સંબંધ છે, નહિ કે ભેદ સંબંધ કે અભેદ સંબંધ. આથી બ્રહ્મ અને નિત્ય આનંદ વચ્ચે અભેદ અબાધિત છે. નિત્ય અને ઉત્કૃષ્ટ એવો આનંદ મોક્ષમાં અભિવ્યક્ત થાય છે. માટે મુક્તિ એ નિત્ય નિરતિશય આનંદની અભિવ્યક્તિસ્વરૂપ છે—એવું માનવું બરોબર છે.

### નિત્યસુખાભિવ્યક્તિને મુક્તિ માનવામાં વિપદા

નૈયાયિક :- સુખને એકાંતે નિત્ય માનવામાં આવે અને આત્માથી એકાંતે અભિન્ન માનવામાં આવે તો સંસારઅવસ્થામાં આત્માનો અનુભવ થાય છે તે કારણસર નિત્ય સુખનો પણ

**दुःखाभावत्वादिप्रकारकभ्रमदशायां सुखत्वाननुभवादिति वाच्यम्, आत्मसुखयोरभेदे सुखत्वस्यात्मत्वतुल्यव्यक्तिकत्वेनात्मत्वान्यजातित्वासिद्धेः । किञ्च दुःखमप्येवं सुखं स्यात्, 'सर्वं खलु इदं ब्रह्म' इति श्रुत्या आनन्दमयब्रह्माऽभेदबोधनात्, सुखत्वेनाननुभवस्य चोक्तरीत्योपपत्तेः ।**

---

અનુભવ પણ થવો જોઈએ. આત્મા અને નિત્ય સુખ મિથઃ અભિન્ન હોવાથી આત્માનો સાક્ષાત્કાર થતાં નિત્ય સુખનો સાક્ષાત્કાર થવો ન્યાયપ્રાપ્ત છે. સર્વ સુખ પોતાના સાક્ષાત્કારના જનક હોય છે આવો નિયમ હોવાથી નિત્ય સુખની અભિવ્યક્તિ =અનુભૂતિ સર્વદા થવી જોઈએ.

### સુખત્વાનવગાહી સુખાનુભવ—મીમાંસક

મીમાંસક :- આત્મા નિત્ય સુખથી અભિન્ન હોવાને લીધે આત્માનુભવ સમયે આત્માથી અભિન્ન એવા સુખનો પણ અનુભવ થાય છે જ. પરંતુ આત્માથી અભિન્ન નિત્ય સુખમાં સુખત્વનું ભાન નથી થતું. આનું કારણ એ છે કે સંસારી જીવોમાં શરીર અને આત્મામાં અભેદનો ભ્રમ દુઃખાનુભવ કરાવે છે. એથી હું દુઃખી છું એવું ભાન સંસારી જીવોને થાય છે. અભેદભ્રમના સંસ્કાર જ્યાં સુધી નાબૂદ ન થાય ત્યાં સુધી આત્માનો અનુભવ થવા છતાં પણ તેમાં સુખત્વનું ભાન થતું નથી. પ્રતિબન્ધક હોય ત્યાં સુધી કાર્ય કેવી રીતે થઈ શકે ? અથવા એમ પણ કહી શકાય કે નિત્ય સુખ તો સર્વદા સન્નિહિત જ છે. પરંતુ તેના વ્યંજકની ગેરહાજરી હોવાના લીધે સુખત્વનો અનુભવ થતો નથી. તેનું વ્યંજક છે આત્યંતિક દુઃખવિનાશ. સંસારદશામાં દુઃખમાં સબડતા જીવમાં આત્યંતિક દુઃખધ્વંસ ક્યાંથી સંભવે ? એક દુઃખ જાય ત્યારે બીજા અનેક દુઃખોની પરંપરા તૈયાર જ હોય છે. જ્યારે ભવિષ્યમાં એક પણ દુઃખ આવવાનું નહીં હોય એવી અવસ્થામાં એ જીવમાં રહેલ દુઃખધ્વંસ નિત્ય સુખને વ્યક્ત કરશે. ત્યારે તેમાં સુખત્વનો અનુભવ કરવા જીવ સમર્થ બને છે.

यत्तु० । અહીં એવી શંકા થાય કે—સુખના અનુભવની સામગ્રી એ જ સુખત્વના અનુભવની સામગ્રી છે. એથી સંસારી અવસ્થામાં આત્માનો અનુભવ થતાં અનુભૂયમાન નિત્ય સુખમાં સુખત્વનું ભાન પણ અવશ્ય થઈ જ જશે. માટે આત્માથી અભિન્ન નિત્ય સુખ અનુભવાતું હોવા છતાં તેમાં સુખત્વનું ભાન દોષના કારણે અથવા વ્યંજકઅભાવના લીધે સંસારદશામાં નથી થતું આ વાત અનુપપન્ન બની જશે. તો આ બરાબર નથી, કારણ કે સુખમાં જ જ્યારે દુઃખાભાવત્વનો ભ્રમ થાય ત્યારે અર્થાત્ સુખ જ્યારે દુઃખાભાવસ્વરૂપે ભાસે ત્યારે સુખમાં સુખત્વનું ભાન નથી થતું. માટે સુખ અને સુખત્વ-બન્નેના સાક્ષાત્કારની સામગ્રી એક જ છે. આ નૈયાયિક માન્યતા બરાબર નથી. માટે નિત્ય નિરતિશય સુખની અભિવ્યક્તિને મુક્તિ માનવી યુક્ત છે.

નૈયાયિક :- आत्मसु० । મીમાંસક મહાશય ! તમારી આ વાત બરાબર નથી, કારણ કે આત્મા અને સુખને અભિન્ન માનવામાં આવે તો આત્મત્વ જાતિ અને સુખત્વ જાતિ પણ પરસ્પર અભિન્ન થઈ જવાને લીધે આત્મત્વથી ભિન્ન સુખત્વજાતિ જ અસિદ્ધ બની જશે. વ્યક્તિઅભેદ એ જાતિબાધક છે. જે બે ધર્મોના આશ્રયમાં અભેદ જ હોય તે બન્ને જાતિ બની શકે. પરંતુ બેમાંથી એક જ જાતિ બની શકે. જેમ ઘટત્વના આશ્રયથી અભિન્નમાં રહેવાને લીધે કલશત્વ જાતિ નથી

**'सिद्धार्थत्वेन नेयं श्रुतिः स्वार्थे प्रमाणमि'ति चेत् ? प्रकृतेऽपि तुल्यम् । किञ्च सुखत्वानुभवसामान्ये न मिथ्याज्ञानवासना दोषः, अनित्यसुखेऽपि सुखत्वाननुभव-प्रसङ्गात्, किन्तु नित्यसुखत्वानुभवे आत्मनि सुखत्वानुभवे चेति गौरवम् । तस्मात् 'आनन्दं ब्रह्म' इति मत्वर्थीयाऽच्प्रत्ययान्तेनानन्दवत्त्वं बोध्यते, न तु तदभेद इति ।**

---

તેમ આત્મત્વના આશ્રયથી અભિન્ન આશ્રયમાં રહેવાને લીધે સુખત્વ સ્વતંત્ર જાતિ સિદ્ધ નહીં થઈ શકે. બીજી વાત એ છે કે આ રીતે માનવામાં તો દુઃખ પણ સુખ બની જશે, કારણ કે 'सर्वं खलुं इदं ब्रह्म' આ શ્રુતિ દ્વારા સર્વ અંતર્ગત દુઃખ પણ બ્રહ્મસ્વરૂપ સિદ્ધ થાય છે કે જે બ્રહ્મ સુખાત્મક છે. અહીં એવી શંકા થાય કે દુઃખ એ સુખસ્વરૂપ હોય તો દુઃખનો દુઃખત્વસ્વરૂપે જ અનુભવ કેમ થાય છે ? સુખત્વરૂપે અનુભવ કેમ થતો નથી ?—તો એનું સમાધાન એવું આપી શકાય છે કે દુઃખ એ સુખથી અભિન્ન હોવાથી દુઃખના અનુભવ વખતે દુઃખાભિન્ન સુખ પણ અનુભવાય જ છે. સુખત્વનો તેમાં અનુભવ ન થવાનું કારણ એ છે કે દેહાત્માના અભેદ ભ્રમના સંસ્કારસ્વરૂપ દોષ ઉપસ્થિત છે. તેથી દુઃખને સુખસ્વરૂપ માનવું પડશે.

મીમાંસક :- सिद्धा० । 'सर्वं खलु इदं ब्रह्म' આ શ્રુતિ સિદ્ધાર્થપરક છે. અર્થાત્ વિધ્યર્થથી નિરાકાંક્ષ એવા અર્થની પ્રતિપાદક છે. માટે સર્વની સાથે બ્રહ્મના અભેદ સ્વરૂપ પોતાના અર્થના પ્રતિપાદન કરવામાં તે શ્રુતિ પ્રમાણ નથી. માટે સર્વાન્તર્ગત દુઃખને સુખસ્વરૂપ થવાની આપત્તિને અવકાશ નહીં રહે.

નૈયાયિક :- प्रकृ० । તો પછી 'नित्यं विज्ञानमानन्दं ब्रह्म' આ શ્રુતિને પણ સિદ્ધાર્થપરક માની શકાય છે, કારણ કે તે પણ વિધ્યર્થથી નિરાકાંક્ષ એવા અર્થની પ્રતિપાદક છે. શ્રુતિ તો વિધિઅર્થમાં પ્રમાણ હોવાથી નિત્ય સુખમય બ્રહ્મ અર્થના પ્રતિપાદન કરવામાં ઉપરોક્ત શ્રુતિને પ્રમાણ નહીં કહેવાય. આથી નિત્ય સુખની સિદ્ધિ દુર્લભ બની જશે. તો પછી નિત્ય નિરતિશય સુખની અભિવ્યક્તિને મુક્તિ કઈ રીતે કહી શકાશે ?

## મીમાંસકમતમાં ગૌરવ—નૈયાયિક

किञ्च० । બીજી વાત એ છે કે જો નિત્ય સુખનો સ્વીકાર કરવામાં આવે અને બ્રહ્મતત્ત્વને સુખસ્વરૂપ માનવામાં આવે તો સવાલ એ ઉપસ્થિત થાય છે કે મિથ્યાજ્ઞાનની વાસના કોની પ્રતિબંધક બનશે ? કોઈ પણ સુખત્વપ્રકારક અનુભવ =સાક્ષાત્કાર પ્રત્યે તો તેને પ્રતિબંધક માની નહીં શકાય, કારણ કે તેમ માનવામાં આવે તો સંસારદશામાં અનિત્ય સુખમાં પણ સુખત્વનો સાક્ષાત્કાર નહીં થઈ શકે. મિથ્યાજ્ઞાનના સંસ્કાર સ્વરૂપ ઉપસ્થિત પ્રતિબંધકના પ્રતિબધ્યતાઅવચ્છેદકસ્વરૂપ સુખત્વસાક્ષાત્કારત્વથી આક્રાન્ત હોવાના લીધે મિથ્યાજ્ઞાનીઓને અનિત્ય સુખમાં સુખત્વનો સાક્ષાત્કાર નહીં થઈ શકે. તેથી સુખત્વપ્રકારસાક્ષાત્કારને છોડીને નિત્યસુખત્વસાક્ષાત્કાર પ્રત્યે અને આત્મામાં સુખત્વપ્રકારક અનુભવ પ્રત્યે મિથ્યાજ્ઞાનસંસ્કારને પ્રતિબંધક માનવા પડશે. તો જ 'સંસારદશામાં નિત્યસુખત્વનું ભાન નથી થતું'—તેની સંગતિ થઈ શકશે અને આત્મામાં સુખને બદલે સુખત્વનું ભાન નથી થતું તેની પણ ઉપપત્તિ થઈ શકશે. પરંતુ

**एतेन अविद्यानिवृत्तौ विज्ञानसुखात्मकः केवलात्माऽपवर्गेऽस्तीति वेदान्तिमतं निरस्तम्, ज्ञानसुखात्मकब्रह्मणो नित्यत्वे मुक्तसंसारिणोरविशेषापातात्, तादृशात्मनः**

---

આ રીતે દ્વિવિધ પ્રતિબધ્ય-પ્રતિબન્ધકભાવને સ્વીકારવાનું ગૌરવ મીમાંસકમતમાં દુર્વાર બનશે. માટે બ્રહ્મને આનન્દસ્વરૂપ માનવાના બદલે આનંદવાન્ =આનંદાશ્રય માનવામાં લાઘવ છે. આથી જ 'आनन्दं ब्रह्म' અહિં મત્વર્થીય અચ્ પ્રત્યય આનંદપદને લગાડવામાં આવેલ છે. માટે બ્રહ્મતત્ત્વ આનંદવાન છે, નહીં કે આનંદસ્વરૂપ =આનંદાઽભિન્ન—આમ સિદ્ધ થાય છે. આથી નિત્ય નિરતિશય સુખની અભિવ્યક્તિને મુક્તિ નહીં માની શકાય આ પ્રમાણે મીમાંસક પ્રત્યે નૈયાયિકનું કહેવું છે.

### કેવલ આત્મસ્વરૂપ મુક્તિ—વેદાન્તી

વેદાન્તી : एतेन० । અવિદ્યાની નિવૃત્તિ થયા બાદ જ્ઞાન-સુખસ્વરૂપ કેવળ આત્મા જ અપવર્ગ =મોક્ષ છે. આશય એ છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ અને સુખસ્વરૂપ છે. તેમ જ એકાન્ત નિત્ય છે. એકમાત્ર આત્મતત્ત્વની જ પારમાર્થિક સત્તા છે. આત્મા અનાદિકાળથી અવિદ્યાથી ઉપહિત છે. અવિદ્યાનો અર્થ છે માયા—અજ્ઞાન કે જે સત્ત્વ, રજસ્, તસમ્ આ ત્રણે ગુણોથી અભિન્ન છે. તે ત્રિકાલઅબાધ્યરૂપમાં સત્ નથી તથા શશશૃંગ વગેરેની જેમ કાલમાત્રથી અસંબદ્ધસ્વરૂપ સર્વથા અસત્ પણ નથી. આત્માની જેમ સત્ રૂપે કે શશશૃંગ વગેરેની જેમ અસત્ રૂપે નિર્વાચ્ય ન હોવાથી અનિર્વચનીય છે. તે અવિદ્યાના કારણે જ આત્માના નિત્યજ્ઞાનસુખાત્મક વાસ્તવિક સ્વરૂપનો બોધ ન થતાં તેના અવાસ્તવિક નામાદિસ્વરૂપે જગતનો બોધ થાય છે. આ રીતે અવિદ્યાસ્વરૂપ ઉપાધિ એ જ આત્માનું બંધન છે, આ બંધનના કારણે જ આત્મા બધા કુકર્મોનું ભાજન બને છે. જ્યારે પુણ્યપુંજના પરિપાકથી સદ્ગુરુનો સત્સંગ થયા બાદ તેમની કૃપાપૂર્વક વેદાન્તઉપદેશથી આત્માને પોતાના વાસ્તવિક સ્વરૂપનો બોધ થશે ત્યારે અવિદ્યાની નિવૃત્તિ થવાથી જ્ઞાન-સુખમય કેવળ આત્મા જ અવસ્થિત રહેશે. આત્માની આ સ્થિતિ જ તેની મોક્ષકાલિક સ્થિતિ બનશે.

નૈયાયિક :- निरस्तं ज्ञा० । આ વાત બરાબર નથી, કારણ કે જ્ઞાનસુખાત્મક બ્રહ્મસ્વરૂપ આત્મા જ જો મોક્ષ હોય તો મુક્ત અને સંસારીમાં કોઈ ભેદ નહીં રહે. આનું કારણ એ છે કે ઉપર્યુક્ત મુક્તિ નિત્ય હોવાને લીધે સંસારદશામાં પણ રહેશે. તેથી સંસારી જીવને મુક્તથી ભિન્ન કહેવું અસંભવ બની જશે. આથી મોક્ષપુરુષાર્થનો પણ ઉચ્છેદ થવાની આપત્તિ આવશે, કારણ કે જ્ઞાન-સુખાત્મક બ્રહ્મસ્વરૂપ આત્મા નિત્ય હોવાના લીધે કૃતિ =પુરુષપ્રયત્નથી સાધ્ય નથી. જે નિત્ય છે તેની ઉત્પત્તિ માટે કોઈ પ્રયત્નની આવશ્યકતા ન હોવાથી મોક્ષ અપુરુષાર્થ બની જશે. પુરુષની અભિલાષાનો વિષય મોક્ષ નહીં બની શકે. અહીં જો વેદાન્તી તરફથી એમ કહેવામાં આવે કે—ફક્ત ઉપરોક્ત આત્મા એ જ મોક્ષ નથી પરંતુ અવિદ્યાનિવૃત્તિસ્વરૂપ ઉપરોક્ત આત્મા મોક્ષ છે. આત્માને અનાદિ કાળથી જે અવિદ્યા વળગેલી છે તેની નિવૃત્તિ આત્માસ્વરૂપ જ છે અને તે પુરુષાર્થ બની શકે છે. તેથી આત્મત્વેન આત્મા ભલે કૃતિસાધ્ય ન હોય પરંતુ આત્માસ્વરૂપ અવિદ્યાનિવૃત્તિને પુરુષાર્થ માનવામાં કોઈ બાધ નથી. તે પુરુષપ્રયત્નથી સાધ્ય જ છે. તેમ જ સંસારદશામાં અવિદ્યાની

**कृत्यसाध्यत्वाच्च । न चाविद्यानिवृत्तिरेव पुरुषार्थः, अविद्याया असत्त्वेन नित्य-निवृत्तत्वात्, अनिर्वचनीयतायाश्चाऽनिर्वचनीयत्वादिति ।**

**( १७ ) अत्रोच्यते - कृतत्स्नकर्मक्षय एव मुक्तिः, तस्यैवानेकान्तभावना-जनिततत्त्वज्ञानोपबृंहितशैलेशीकरणरूपप्रयत्नसाध्यत्वात् । न च भोगादेव कर्मक्षयः तत्त्वज्ञानादपि कायव्यूहद्वारा तत्तच्छरीरोपभोग्य-कर्मोपभोगेनैवादृष्टक्षयाभ्युपगमादिति वाच्यम् । दृष्टविपरीतकल्पनप्रसङ्गात्, मनुजादिशरीरसत्त्वे शूकरादिशरीरानुत्पत्तेः भोग-तत्त्वज्ञानादीनामेकशक्तिमत्त्वेन कर्मनाशकत्वौचित्यात् । उपभोगादेव कर्मक्षयेऽपर-कर्मनिमित्तव्यापारात् प्रचुरतरकर्मार्जनेऽनिर्मोक्षप्रसङ्गाच्च । तत्त्वज्ञानस्य त्वागामि-**

---

નિવૃત્તિ ન હોવાથી સંસારીને મુક્ત કહેવાની આપત્તિ પણ નહીં આવે—તો આ વાત બરાબર નથી, કારણ કે અવિદ્યા પરમાર્થથી અસત્ હોવાથી શશવિષાણની જેમ નિત્ય નિવૃત્ત છે. તેથી ન તો અવિદ્યાનિવૃત્તિ પુરુષપ્રયત્નથી સાધ્ય બનશે કે ન તો મુક્તિસ્વરૂપ બનશે. જે વાસ્તવિક હોય તેની નિવૃત્તિ માટે પ્રયત્ન કરવાનો હોય. અવિદ્યા તો કલ્પિત છે. તેથી તેની નિવૃત્તિ પ્રયત્નસાધ્ય કેવી રીતે બને ? અવિદ્યા સત્ પણ નથી અને અસત્ પણ નથી પરંતુ અનિર્વચનીય છે. આ વેદાન્તીની માન્યતા પણ નિર્મૂલ છે, કારણ કે અનિર્વચનીયતાની વ્યાખ્યા થવી જ મુશ્કેલ છે. અવિદ્યાગત અનિર્વચનીયતા પણ અનિર્વચનીય હોવાથી કેવા સ્વરૂપે અવિદ્યાની નિવૃત્તિ થવી ? એ અદ્યાવધિ અનિર્ણિત જ છે અને રહેશે. આથી વેદાન્તીસંમત મુક્તિ પણ અસંગત છે—એમ ફલિત થાય છે.

### સર્વકર્મક્ષય =મુક્તિ-સ્યાદ્વાદી

(૧૭) સ્યાદ્વાદી :- अत्रो० । વાસ્તવમાં તો સકલ કર્મનો ક્ષય એ જ મુક્તિ છે. એ જ પરમ પ્રયોજન છે. અનેકાંત ભાવનાથી ઉત્પન્ન થયેલ તત્ત્વજ્ઞાનથી પરિપકવ બનેલ શૈલેશીકરણસ્વરૂપ આત્મપ્રયત્નથી સર્વકર્મક્ષય સાધ્ય હોવાના લીધે તે પરમ પુરુષાર્થ બની શકે છે. ચાર ઘાતિ કર્મનો ક્ષય થવાથી ૧૩મા ગુણસ્થાનકે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયા બાદ જીવનના અંતે શૈલેષીકરણ દ્વારા બાકીના ચાર અઘાતિ કર્મોનો નાશ થાય છે. શૈલેશીકરણ એ તત્ત્વજ્ઞાનની પરાકાષ્ઠાસ્વરૂપ છે. તેથી કહી શકાય કે અંતે તત્ત્વજ્ઞાનથી સર્વ કર્મોનો નાશ થાય છે.

નૈયાયિક :- न च भो० । વાસ્તવમાં ભોગવવાથી જ કર્મનો ક્ષય થાય છે. કર્મોને ભોગવ્યા વિના આત્માને કર્મોથી છૂટકારો મળી શકતો નથી. તત્ત્વજ્ઞાનથી પણ જે કર્મક્ષયની વાત શાસ્ત્રમાં આવે છે તેનો અર્થ પણ એવો જ છે કે યોગી તત્ત્વજ્ઞાનના પ્રભાવથી એક સાથે ડુક્કર, ખચ્ચર, મચ્છર વગેરે અનેક શરીરની રચના કરે છે જેને શાસ્ત્રીય પરિભાષામાં કાયવ્યૂહ કહે છે. આ કાયવ્યૂહ દ્વારા ડુક્કર, ખચ્ચર વગેરેના શરીરથી ભોગવી શકાય તેવા કર્મોને જીવ ભોગવે છે. આ રીતે તે તે શરીરયોગ્ય કર્મોને ભોગવીને જ જીવના કર્મોનો નાશ થાય છે. આથી તત્ત્વજ્ઞાન થયા પછી પણ કાવ્યવ્યૂહ દ્વારા બાકીના કર્મોને ભોગવવાથી જ કર્મનો ક્ષય થાય છે—એવું અમે માનીએ છીએ. માટે જ્ઞાનયોગથી કર્મક્ષય અમને મંજૂર નથી.

**कर्मानुत्पाद इव सञ्चितकर्मनाशेऽपि सामर्थ्यम्, यथा भाविशीतस्पर्शानुत्पादसमर्थ-स्योष्णस्पर्शस्य पूर्वशीतस्पर्शनाशेऽपीति नाऽनिर्मोक्षः । तस्याञ्च दशायां परमानन्दार्थि-तयैव प्रवृत्तिः ।**

**( १८ ) यद्वा कर्मक्षयद्वारा ज्ञानक्रियासाध्यः परमानन्द एव मुक्तिः । न हि**

---

### કાયવ્યૂહકલ્પના અપ્રામાણિક

સ્યાદ્વાદી :- दृष्ट० । એક સાથે એક જીવને એક ઔદારિક શરીર હોય તેમ દેખાય છે. તેથી યોગી પુરુષ અનેક ભવોમાં ભોગવી શકાય તેવા કર્મોને માત્ર એક જ ભવમાં ભોગવવા એક સાથે અનેક શરીરની રચના કરે છે એવી કલ્પના કરવી તે દૃષ્ટથી વિપરીત કલ્પના છે. પ્રત્યક્ષાનુસારે—પ્રમાણાનુસારે કલ્પના કરવી ઉચિત કહેવાય. તથા જીવ પોતાનો માનવદેહ જ્યાં સુધી ન છોડે ત્યાં સુધી ડુક્કર, ખચ્ચર વગેરેના શરીરની ઉત્પત્તિ થઈ ન શકે, કારણ કે પૂર્વતન માનવદેહ એ નૂતન ભૂંડશરીર વગેરેનો પ્રતિબંધક છે. માટે યોગી તત્ત્વજ્ઞાન વગેરેના મહિમાથી કાયવ્યૂહ =વિજાતીય દેહસમૂહની રચના કરે છે તે વાત વ્યાજબી નથી. વસ્તુસ્થિતિ એવી છે કે ક્યારેક પ્રાયશ્ચિત વગેરે દ્વારા પણ તે કર્મોનો નિકાલ કરે છે. માટે ભોગ, તત્ત્વજ્ઞાન, પ્રાયશ્ચિત્ત વગેરેમાં એક શક્તિવિશેષની કલ્પના કરવી જરૂરી છે. તેથી એક શક્તિમત્ત્વેન =શક્તિવિશેષવિશિષ્ટ હોવા રૂપે ભોગ, તત્ત્વજ્ઞાન વગેરેને કર્મનાશક માનવા ઉચિત છે. જો ભોગથી જ કર્મનો નાશ માનવામાં આવે તો તે તે કર્મોને ભોગવતાં પૂર્વસંચિત કર્મસ્વરૂપ નિમિત્તના વ્યાપારથી નવા નવા પ્રચુર કર્મોની ઉત્પત્તિ થયે રાખશે. આ રીતે તો જીવનો ક્યારેય મોક્ષ નહિ થાય. અનાદિકાળથી દરેક જીવો કર્મોને પ્રત્યેક સમયે ભોગવે છે જ, છતાં બધા જીવોનો કર્મોથી છૂટકારો નથી થયો એ હકીકત છે. માટે માત્ર ભોગવવાથી જ કર્મનો નિકાલ થાય છે એમ માનવું યોગ્ય નથી.

નૈયાયિક :- સામાન્ય જીવો કર્મોને ભોગવતાં ભલે નવાં કર્મ બાંધે. પરંતુ યોગી પુરુષ કાયવ્યૂહથી કર્મોને ભોગવશે તો પણ નવા કર્મોને ભેગાં નહિ કરે, કારણ કે તેના તત્ત્વજ્ઞાનમાં એવું સામર્થ્ય છે કે જૂના કર્મ ભોગવવા છતાં નવા કર્મ ઉત્પન્ન થવા ન દે. આ જ યોગીના તત્ત્વજ્ઞાનનો મહિમા છે.

સ્યાદ્વાદી :- तत्त्व० । તત્ત્વજ્ઞાનમાં જેમ આગામી કર્મની ઉત્પત્તિને અટકાવવામાં સામર્થ્ય છે, તેમ પૂર્વે ભેગાં કરેલા કર્મોનો નાશ કરવાની પણ તાકાત છે. જે રીતે ઉષ્ણ સ્પર્શમાં નવા શીત સ્પર્શની ઉત્પત્તિને અટકાવવાનું સામર્થ્ય છે તેની સાથે સાથે જૂના શીત સ્પર્શનો નાશ કરવાનું પણ સામર્થ્ય છે. તે જ રીતે ઉપરોક્ત વાત સંગત થઈ શકે છે. માટે માત્ર ભોગવવાથી જ કર્મનાશ થાય છે—એવું માનવું અસંગત છે. તત્ત્વજ્ઞાનથી પણ કર્મનો ક્ષય થઈ શકે છે. માટે મોક્ષ નહીં થવાની આપત્તિને અવકાશ નથી રહેતો. આથી મોક્ષને ઉદ્દેશીને પ્રવૃત્તિનો ઉચ્છેદ પણ નહીં થાય. મોક્ષ અવસ્થામાં પરમાનંદના અર્થીપણાથી જ જીવની પ્રવૃત્તિ થાય છે.

### મુક્તિ પરમાનન્દસ્વરૂપ—જૈન

(૧૮) यद्वा० । અથવા એમ પણ કહી શકાય કે મોક્ષ પરમાનન્દસ્વરૂપ જ છે. મોક્ષનું

**सुखेच्छां विना प्रवृत्तिः सम्भवति प्रेक्षावताम्, चिकित्सादावपि दुःखध्वंसनियत-सुखार्थितयैव प्रवृत्तेः । न चैवं सुखस्थलेऽपि दुःखाभावार्थितयैव प्रवृत्तिरित्यविनिगमः, तत्र दुःखध्वंसस्यानावश्यकत्वात्, तदत्यन्ताभावादेरसाध्यत्वात् । किञ्च दुःखाभाव-दशायां 'सुखं नास्ती'ति ज्ञानं प्रवृत्तिप्रतिबन्धकम्, सुखहानेरनिष्टत्वेन बलवदनिष्टाननु-बन्धित्वस्य प्रतिसन्धातुमशक्यत्वात् । न च रागान्धतया पारदार्ये दुःखानुबन्धाप्रति-**

---

કારણ તો જ્ઞાન અને ક્રિયા છે. સમ્યક્ જ્ઞાન અને ક્રિયા કર્મક્ષય દ્વારા પરમાનન્દસ્વરૂપ મુક્તિને ઉત્પન્ન કરે છે. કર્મક્ષય એ દ્વાર છે અને સમ્યક્ જ્ઞાન અને ક્રિયા એ દ્વારી =વ્યાપારી છે. જો મોક્ષને પરમાનન્દસ્વરૂપ ન માનવામાં આવે પરંતુ દુઃખધ્વંસસ્વરૂપ માનવામાં આવે તો વિવેકી મુમુક્ષુની સંન્યાસ વગેરેમાં પ્રવૃત્તિ જ નહીં થઈ શકે, કારણ કે સુખની ઇચ્છા વિના બુદ્ધિશાળી જીવોની પ્રવૃત્તિ થતી નથી જ.

चिकि० । અહીં એવી શંકા થાય કે—''જે રીતે રોગમૂલક દુઃખની નિવૃત્તિ માટે ચિકિત્સા વગેરેમાં પ્રવૃત્તિ થાય છે તે જ રીતે સાંસારિક દુઃખોની નિવૃત્તિ માટે મોક્ષમાં પ્રવૃત્તિ થઈ શકે છે. આથી મોક્ષમાં સુખ ન માનવામાં આવે તો પણ મોક્ષલક્ષી પ્રવૃત્તિનો વિવેકી મુમુક્ષુ ત્યાગ નહીં કરે.''—તો આ બરાબર નથી. કારણ કે ચિકિત્સા વગેરેમાં પણ જે પ્રવૃત્તિ થાય છે તે રોગજન્ય દુઃખની નિવૃત્તિ થયે છતે અવશ્યંભાવી ભાવી સુખ મળવાની આશાથી જ થાય છે. તેથી મોક્ષમાં સુખ માનવામાં ન આવે તો મુમુક્ષુની પ્રવૃત્તિનો ઉચ્છેદ થવાની આપત્તિ જડબેસલાક બની જશે.

न चै० । ''જો ચિકિત્સાસ્થળે દુઃખનિવૃત્તિના બદલે સુખની પ્રાપ્તિની આશાથી પ્રવૃત્તિ થાય છે એવું માનવામાં આવે તો સુખપ્રાપ્તિસ્થળમાં પણ કહી શકાય કે ત્યાં દુઃખાભાવની ઇચ્છાથી જ પ્રવૃત્તિ થાય છે, નહીં કે સુખપ્રાપ્તિની કામનાથી. આ બે વાતમાંથી કઈ વાતનો સ્વીકાર કરવો અને કઈ વાતનો ઇન્કાર કરવો ? તે વિષયમાં કોઈ નિર્ણાયક તર્ક નહીં મળે કે જેના બળથી વિવાદનો નિવેડો લાવી શકાય.''—આવી શંકા કરવી અયોગ્ય છે, કારણ કે સુખસ્થળમાં તમે દુઃખાભાવની ઇચ્છાથી પ્રવૃત્તિની આપત્તિ આપો છો. અહીં અમારે એ પૂછવું છે કે સુખસ્થળે પ્રવૃત્તિસંપાદક ઇચ્છાનો વિષય દુઃખાભાવ કયા સ્વરૂપે માન્ય છે ? (૧) દુઃખધ્વંસસ્વરૂપે (૨) દુઃખઅત્યન્તાભાવરૂપે કે (૩) દુઃખપ્રાગભાવસ્વરૂપે ? તેને દુઃખધ્વંસરૂપે તો માની ન જ શકાય, કારણ કે સુખસ્થળમાં દુઃખ અનુપસ્થિત હોવાથી દુઃખધ્વંસ ત્યાં અનાવશ્યક છે. તેથી દુઃખધ્વંસની ઇચ્છાથી ત્યાં પ્રવૃત્તિ માનવી સંગત નથી. પેટ ભરીને પેંડા ખાધા પછી તૃપ્ત થઈને દુઃખના ધ્વંસની ઇચ્છાથી ઘઉંને કોણ ગ્રહણ કરે ? ભાવી દુઃખનો તો ધ્વંસ થઈ શકતો નથી. દુઃખના અત્યંતાભાવની કે પ્રાગભાવની ઇચ્છાથી પણ સુખસ્થળે પ્રવૃત્તિ થવી અશક્ય છે, કારણ કે અત્યંતાભાવ અને પ્રાગભાવ અનાદિકાલીન હોવાથી અસાધ્ય છે, અસાધ્યની ઉદ્દેશીને વિવેકીની પ્રવૃત્તિ ન થાય.

किञ्च० । વળી, બીજી વાત એ છે કે મનુષ્યને સુખની હાનિ કોઈ પણ પરિસ્થિતિમાં ઇષ્ટ નથી. આથી એને જ્યારે એવું ભાન થશે કે મોક્ષ દુઃખાભાવસ્વરૂપ હોવાને લીધે મોક્ષદશામાં સુખ નથી તો પછી તેની મોક્ષસાધનામાં પ્રવૃત્તિ કેવી રીતે થશે ? કારણ કે સુખહાનિ અનિષ્ટ હોવાના

**सन्धानवद्वीतरागतया सुखहानेरनिष्टत्वाप्रतिसन्धानात् न प्रवृत्तिप्रतिबन्ध इति वाच्यम् । वैषयिकसुखेऽनिष्टत्वप्रतिसन्धानेऽपि मुमुक्षूणां प्रशमप्रभवसुखेऽनिष्टत्वाप्रतिसन्धानात् । न च तदिच्छया वैराग्यव्याहतिः, दुःखद्वेषेऽपि प्रशान्तत्वव्याहतिप्रसङ्गात् ।**

**( १९ ) एतेन योगर्द्धिसाध्यनिरतिशयानन्दमयीं जीवन्मुक्तिमुद्दिश्य प्रवृत्तः कारणवशात् परममुक्तिमासादयतीति न युक्तम्, विरक्तानां मोक्षेऽधिकारादिति**

---

લીધે કોઈ પણ ભોગે સહ્ય નથી અને સુખહાનિસ્વરૂપ મોક્ષમાં બલવાન અનિષ્ટની અનનુબંધિત =અપ્રાપકતાનું ભાન પણ અશક્ય છે. જો સુખહાનિમાં ઈષ્ટસાધનતાનું જ્ઞાન થાય કે બલવદનિષ્ટાનનુબંધિતાનું ભાન થાય તો જ વિવેકીની પ્રવૃત્તિ તેમાં શક્ય છે. પરંતુ તે અસંભવિત જ છે. આથી મોક્ષને દુઃખનાશ-સુખાભાવ-ગુણાભાવસ્વરૂપ માનવામાં આવે તો મુમુક્ષુની દીક્ષા વગેરેમાં પ્રવૃત્તિનો ઉચ્છેદ થવાની આપત્તિ આવશે.

### પ્રશમસુખેચ્છા વૈરાગ્યનાશક નથી—જૈન

न च रा० । "જે રીતે રાગાન્ધ હોવાના કારણે અવિવેકી માણસને પરસ્ત્રીગમનમાં દુઃખાનુબંધીપણાનું ભાન ન થવાને લીધે તેની તેમાં પ્રવૃત્તિ થાય છે તેમ વીતરાગી=વૈરાગી હોવાના લીધે મુમુક્ષુને સુખહાનિમાં અનિષ્ટત્વનું ભાન ન થવાથી દીક્ષા વગેરેમાં મુમુક્ષુની પ્રવૃત્તિ થવામાં કોઈ અડચણ નહીં આવે. માટે મોક્ષમાં સુખ ન માનવામાં આવે તો પણ વાંધો નથી."—આ નૈયાયિક માન્યતા તથ્યહીન હોવાનું કારણ એ છે કે મુમુક્ષુને વૈષયિક સુખમાં અનિષ્ટપણાનું ભાન થવા છતાં પ્રશમથી ઉત્પન્ન થનાર સુખમાં અનિષ્ટત્વનું ભાન થતું નથી. આથી વૈષયિકસુખની હાનિમાં મુમુક્ષુને ભલે અનિષ્ટતાનું ભાન થાય નહીં, પરંતુ પ્રશમરસજન્ય સુખની હાનિમાં તો વૈરાગીને પણ અનિષ્ટતાનું ભાન થશે જ. તેથી તેની પ્રવૃત્તિ દીક્ષામાં થઈ નહીં શકે. જો મોક્ષમાં પ્રશમજન્ય સુખ માનવામાં આવે તો જ તે સુખની કામનાથી મુમુક્ષુની તપશ્ચર્યા, ત્યાગ, અહિંસામાં પ્રવૃત્તિ થઈ શકશે. પ્રશમસુખની અભિલાષાથી મુમુક્ષુના વૈરાગ્યમાં ખામી આવવાનો સવાલ નથી રહેતો, કારણ કે જો પ્રશમજન્ય સુખની કામનાથી વૈરાગ્યમાં ન્યૂનતા માનવામાં આવે તો દુઃખદ્વેષ થયે છતે મુમુક્ષુના પ્રશાન્તપણામાં વ્યાઘાત માનવાની આપત્તિ આવે. આવું તો વિશિષ્ટ દુઃખધ્વંસને મોક્ષ માનનાર નૈયાયિકને પણ માન્ય નથી. માટે જેમ મોક્ષને દુઃખધ્વંસસ્વરૂપ માનીને દુઃખદ્વેષથી મોક્ષલક્ષી પ્રવૃત્તિ કરનાર મુમુક્ષુની પ્રશાન્તવાહિતામાં નૈયાયિકમતાનુસાર કોઈ ક્ષતિ પહોંચતી નથી તેમ મોક્ષને પરમાનન્દસ્વરૂપ માનીને પરમાનંદ=પ્રશમસુખની કામનાથી મોક્ષલક્ષી પ્રવૃત્તિ કરનાર મુમુક્ષુ વૈરાગ્યમાં જૈનમતાનુસાર કોઈ બાધા આવતી નથી. યુક્તિ તો બન્ને પક્ષે સમાન છે.

(૧૯) एतेन । કોઈક વિદ્વાનોનો મત એવો છે કે—યોગઋદ્ધિ દ્વારા પ્રાપ્ત થનાર ઉત્કૃષ્ટ આનંદમય જીવનમુક્તિને ઉદ્દેશીને પ્રવૃત્ત થયેલ માણસ કારણવશથી =પરમમુક્તિસામગ્રી પ્રાપ્ત થવાથી આત્યંતિક દુઃખાભાવાત્મક પરમમુક્તિને પામે છે. પરંતુ તેની પ્રવૃત્તિનું ઉદ્દેશ્ય તો અનુપમ આનંદમય અપરમુક્તિ જ હોય છે.—પરંતુ આ વાત અસંગત હોવાનું કારણ તત્ત્વચિંતામણિકાર એવું બતાવે છે કે—વિરક્ત પુરુષોનો જ મોક્ષમાં અધિકાર છે. ઉત્કૃષ્ટ સુખની પ્રાપ્તિની કામનાથી જો

**निरस्तम्, विषयसुखेच्छाविच्छेदस्यैव वैराग्यपदार्थत्वात् । परमप्रयोजनतया परं परममुक्तिमुद्दिश्यैव प्रवृत्तिरिति तु युक्तः पन्थाः ।**

**किञ्च दुःखे द्वेषमात्रादेव यदि तन्नाशानुकूलः प्रयत्नस्तदा मूर्च्छादावपि प्रवृत्तिः स्यात् । न च जायत एव बहुतरदुःखजर्ज्जरकलेवराणां मरणादौ प्रवृत्तिरिति वाच्यम्, तस्या अविवेकिप्रवृत्तित्वात् । 'पुरुषार्थत्वे विवेकानुपयोग' इति चेत् ? सत्यम्, नैयायिकपशूनामेव न तदुपयोगो न तु प्रेक्षावतां, यथावत् प्रयोजनं प्रमायैव तत्प्रवृत्तेः ।**

---

યોગપ્રવૃત્તિ કરવામાં આવે તો વૈરાગ્ય જ ખંડિત થઈ જાય છે. આથી તે મોક્ષનો જ અનધિકારી બની જાય છે. તેથી આનંદમય મોક્ષને ઉદ્દેશીને પ્રવૃત્તિ કરવાની વાત બરાબર નથી.

**વિષયસુખેચ્છાવિચ્છેદ =વૈરાગ્ય**

विष० । પરંતુ આના પ્રતિવાદમાં ગ્રંથકાર શ્રીમદ્જીનું કથન એ છે કે વૈરાગ્ય શબ્દનો અર્થ સુખમાત્રની ઈચ્છાનો વિચ્છેદ નથી પરંતુ વિષયસુખની કામનાનો વિલય છે. મોક્ષમાં પ્રશમજન્ય સુખની કામનાથી પ્રવૃત્તિ થવામાં વૈરાગ્ય ભાંગી નથી પડતો. માટે વિરક્તને મોક્ષાધિકારી માનવા છતાં પ્રશમસુખની કામનાથી યોગાભ્યાસમાં પ્રવૃત્તિ માનવી સંગત છે. હા, હજુ એમ કહી શકાય કે અપરમુક્તિ સ્વર્ગાદિની મુખ્ય કામનાથી પ્રવૃત્તિ કરવામાં નિર્વાણ અપુરુષાર્થ બનવાની આપત્તિ આવવાથી મુખ્યપ્રયોજનરૂપે તો માત્ર પરમમુક્તિ =નિર્વાણને ઉદ્દેશીને જ મુમુક્ષુની પ્રવૃત્તિ હોઈ શકે-એવું માનવું એ યુક્તિસંગત માર્ગ છે. પરંતુ પ્રશમસુખની કામનાથી મોક્ષલક્ષી યોગાભ્યાસાદિ પ્રવૃત્તિ તો અબાધિત જ રહે છે.

किञ्च० । વળી, પ્રસ્તુત સંદર્ભમાં આ પણ વિચારણીય છે કે જો એવું માનવામાં આવે કે—દુઃખના પ્રત્યે દ્વેષ હોવા માત્રથી જ મનુષ્ય દુઃખનાશ માટે પ્રયત્નશીલ રહે છે—તો પછી માણસે મૂર્ચ્છા વગેરે અવસ્થા માટે પણ પ્રવૃત્તિ કરવી જોઈએ, કારણ કે એ અવસ્થામાં પણ તેને દુઃખથી મુક્તિ મળી શકે છે. પરંતુ વાસ્તવમાં મનુષ્ય મૂર્ચ્છા લાવવા પ્રયત્ન કરતો નથી જ. માટે એવું માનવું ઉચિત છે કે મૂર્ચ્છામાં દુઃખ ન હોવા છતાં મનુષ્યને સુખનો અનુભવ થઈ શકતો નથી. આથી સુખાનુભવની બાધાને દૂર કરવા માટે માનવ દુઃખનાશ માટે પ્રયત્ન કરે છે. આવું માનવામાં આવે તો નિર્વિવાદરૂપે સિદ્ધ થઈ જાય કે સુખની કામના જ પુરુષપ્રવૃત્તિનું મૂળ છે. આથી મોક્ષને કેવળ દુઃખનિવૃત્તિરૂપ માનવામાં આવે તો મોક્ષદશામાં સુખપ્રાપ્તિની આશા ન રહેવાથી મોક્ષ માટે માનવની પ્રવૃત્તિ થવી જ અશક્ય થઈ જશે.

જો એમ કહેવામાં આવે કે—સંસારમાં એવા પણ માણસ દેખવામાં આવે છે કે જે ઘણા બધા દુઃખથી જર્જરિત થયે છતે મૃત્યુને પણ ભેટવા તૈયાર થઈને આત્મઘાતમાં પ્રવૃત્તિ કરે છે. આથી એમ કહેવામાં કોઈ દોષ નથી કે સુખપ્રાપ્તિની આશા ન હોવા છતાં કેવળ દુઃખથી છૂટવા માટે પણ મનુષ્યની પ્રવૃત્તિ સંભવ છે. તો આ વાત પણ બરાબર નથી, કારણ કે તે અવિવેકી માણસની પ્રવૃત્તિ છે. પ્રસ્તુત વિચાર વિવેકી માણસોની પ્રવૃત્તિના સંબંધમાં છે, નહીં કે તેવા અવિવેકી

**अतः सुष्ठूक्तम्-**

**दुःखाभावोऽपि नावेद्यः पुरुषार्थतयेष्यते ।**
**न हि मूर्च्छाद्यवस्थार्थं प्रवृत्तो दृश्यते सुधीः ॥ इति ॥**

**( २० ) 'दुःखं मा भूदि'त्युद्दिश्यैव प्रवृत्तेः दुःखाभाव एव पुरुषार्थः, तज्ज्ञानं त्वन्यथासिद्धमिति चेत् ? किमत्र माङोऽर्थो ध्वंसः प्रागभावो वा ? आद्ये मूर्च्छादावपि प्रवृत्त्यापत्तिः ज्ञानादिहानिरूपानिष्टानुसन्धाने तत्र प्रवृत्तिप्रतिबन्धे तु मुक्तावपि तथा-प्रसङ्गः । अन्त्ये मुक्तावप्रवृत्त्यापत्तिः, तत्र दुःखप्रागभावाभावात् ।**

---

માણસોની પ્રવૃત્તિના સંબંધમાં કે જે દુઃખથી ડરીને આત્મહત્યા કરવા તૈયાર થાય છે. તેઓ એવું નથી વિચારતા કે આત્મહત્યા તેમને દુઃખથી બચાવી નહીં શકે, પરંતુ તે સ્વયં એક નવું પાપ હોવાથી નવા જન્મમાં તેના માટે દુઃખનું કારણ બનશે. ('પુરુષાર્થની બાબતમાં વિવેક ઉપયોગી નથી. પુરુષની ઈચ્છાનો વિષય બને તે પુરુષાર્થ કહેવાય પછી ભલે તે અર્થ હોય કે કામ' આવી શંકા કરવી યોગ્ય નથી કારણ કે—પુરુષાર્થમાં વિવેકનો ઉપયોગ નૈયાયિક પશુને જ ન હોય. પ્રેક્ષાવાન્ = બુદ્ધિશાળીઓને તો હોય. કારણ કે બુદ્ધિશાળીઓ પ્રયોજનનું યથાર્થ જ્ઞાન કરીને જ પ્રવૃત્તિ કરે છે. સં.) આટલા માટે ઠીક કહ્યું છે કે દુઃખાભાવનો જો અનુભવ ન થાય તો તે પણ પુરુષાર્થ = પુરુષકામનાવિષય નહીં બની શકે. આટલા માટે જ મૂર્ચ્છા અવસ્થામાં દુઃખનો અભાવ હોવા છતાં પણ તેના અનુભવ માટે કોઈ વિવેકી માણસ પ્રયત્નશીલ થતો દેખાતો નથી.

(૨૦) दुःखं० । નૈયાયિક દ્વારા જો એમ કહેવામાં આવે કે—દુઃખ ન થાવ આ ઉદ્દેશથી જ માણસ દુઃખનિવારણના ઉપાયોમાં પ્રવૃત્તિ કરતો હોય છે, નહીં કે દુઃખાભાવનો અનુભવ થાવ એવા ઉદ્દેશથી. આથી દુઃખનો અભાવ જ પુરુષાર્થ છે નહીં કે દુઃખાભાવનો અનુભવ. તે આનુષંગિક હોવાથી પુરુષાર્થ નથી, પણ અન્યથાસિદ્ધ છે. તો આ વાત અસંગત છે. કારણ કે 'दुःखं मा भूत्'માં मा પદનો અર્થ શું છે ? એનો સંતોષકારક જવાબ નૈયાયિક દ્વારા બતાવી શકાતો નથી. मा નો અર્થ ધ્વંસ માનશો કે પ્રાગભાવ ? આ બન્ને વિકલ્પ અસંગત છે. જો मा નો અર્થ ધ્વંસ માનવામાં આવે તો 'दुःखं मा भूत्'નો અર્થ એવો થશે કે દુઃખનો નાશ થાવ. આવું માનવામાં આવે તો મૂર્છા વગેરેમાં પણ પ્રવૃત્તિ થવાની આપત્તિ આવશે, કારણ કે મૂર્છિત અવસ્થામાં દુઃખો નાશ થાય છે જ. મૂર્છામાં જ્ઞાનાદિ ગુણોની હાનિસ્વરૂપ અનિષ્ટનું ભાન થવાથી તેમાં પ્રવૃત્તિ થતી નથી આમ કહેવામાં આવે તો જ્ઞાનદુઃખાદિગુણોચ્છેદસ્વરૂપ મોક્ષમાં જ્ઞાનાદિગુણની હાનિસ્વરૂપ અનિષ્ટનું ભાન થવાથી મોક્ષલક્ષી પ્રવૃત્તિનો પણ ઉચ્છેદ થવાની આપત્તિ આવશે. જો मा પદનો અર્થ પ્રાગભાવ માનવામાં આવે તો 'दुःखं मा भूत्'નો અર્થ થશે 'દુઃખનો પ્રાગભાવ થાવ.' પરંતુ આ અર્થનો સ્વીકાર કરવામાં મુમુક્ષુની મોક્ષમાં પ્રવૃત્તિ નહીં થઈ શકે, કારણ કે મોક્ષમાં દુઃખનો પ્રાગભાવ નથી. ત્યાં દુઃખનો પ્રાગભાવ માનવામાં આવે તો ભાવિમાં દુઃખની ઉત્પત્તિ થવાની વિપત્તિ આવે. આવા ઉદ્દેશથી મોક્ષમાં પ્રવૃત્તિ થતી જ નથી આવું તો ન કહી શકાય, કારણ કે

**तथोद्देशेन तत्र न प्रवृत्तिरेवेति चेत् ? न, इच्छामात्रेणानुभवानपवादात् ।**

**( २१ ) एतेन चरमदुःखानुभवेऽनागतदुःखध्वंसोऽपि विषयस्तथाऽग्रिमक्षणे तद्ध्वंसस्तद्विषयकं च विनश्यदवस्थं ज्ञानमस्तीति वर्तमानोऽप्यचिरमनुभूयते इति निरस्तम्, तथावेद्यताया मूर्च्छाद्यवस्थायामपि सम्भवात् । तस्मात् 'दुःखं मा भूदि'-तीच्छायां दुःखकारणध्वंसो विषयः । तथा च सुखेच्छाधीनया दुःखद्वेषाधीनतत्साधन-कर्मद्वेषाधीनया वा कर्मक्षयेच्छया मुमुक्षुप्रवृत्तिरुपपद्यते इति मन्तव्यम् ।**

**प्रायश्चित्तस्थले तु द्वेषयोनिरेवोक्तोद्देशेन प्रवृत्तिः । अत एव प्रवृत्तिद्वैविध्य-मुपपद्यते इति न किञ्चिदनुपपन्नम् ।**

**( २२ ) यत्तु 'अशरीरं वावसन्तं प्रियाप्रिये न स्पृशतः' इति श्रुतेः मुक्तौ**

---

અનુભવના બલથી સિદ્ધ થતી વસ્તુનો પોતાની ઈચ્છામાત્રથી અપલાપ થઈ ના શકે.

### દુઃખાભાવ ક્ષણભર વેદ્ય છે-ચિંતામણિકાર

(૨૧) एतेन० । ગંગેશ ઉપાધ્યાયનું એવું કથન છે કે—ચરમ દુઃખનો અનુભવ થાય ત્યારે અનાગત =અનન્તર ક્ષણમાં થનાર દુઃખધ્વંસ પણ તે અનુભવનો વિષય થાય છે. તેમ જ આગળની ક્ષણે =બીજી ક્ષણે ચરમ દુઃખનો ધ્વંસ થાય છે અને તે જ ક્ષણે ચરમદુઃખધ્વંસવિષયક જ્ઞાન નાશ પામતી અવસ્થામાં હોય છે. આથી મોક્ષમાં વિદ્યમાન એવો પણ દુઃખધ્વંસ એક ક્ષણ માટે અનુભવાય છે. અર્થાત્ મોક્ષકાલમાં દુઃખાભાવની અનુભૂતિ નથી જ થતી-એવું નથી. મોક્ષમાં પણ દુઃખાભાવની અનુભૂતિ અવશ્ય થાય છે, પરંતુ તે સમયે દુઃખાભાવને અનુભવવાનાં સાધનો ક્ષણિક હોવાથી ક્ષણવાર માટે જ તે દુઃખાભાવ વેદાય છે. આથી ક્ષણ વાર માટે પણ આત્યન્તિક દુઃખાભાવની અનુભૂતિ કરવાના લોભથી અત્યન્ત દુઃખનિવૃત્તિસ્વરૂપ મોક્ષ માટે મનુષ્યની પ્રવૃત્તિ થઈ શકે છે.

तथावे० । પરંતુ તત્ત્વચિંતામણિકારની ઉપરોક્ત બાબત અસંગત હોવાનું કારણ બતાવતાં શ્રીમદ્જી એમ કહે છે કે દુઃખાભાવનો ક્ષણિક અનુભવ તો મૂર્ચ્છા અવસ્થામાં પણ સંભવિત છે. આથી મોક્ષ માટેના મહાન પ્રયાસની સાર્થકતા જો દુઃખાભાવના ક્ષણિક અનુભવમાં જ માન્ય હોય તો તે તો મૂર્છાના સમયે પણ શક્ય છે. આ પરિસ્થિતિમાં બનશે એવું કે મહાન =ઘણા પરિશ્રમથી સાધ્ય મોક્ષ માટે પ્રયત્નશીલ થવાને બદલે સ્વલ્પ પરિશ્રમથી સાધ્ય મૂર્ચ્છાઅવસ્થા માટે જ માણસ પ્રવૃત્તિ કરશે. માટે 'दुःखं मा भूत्' એવી કામનાનો વિષય દુઃખસાધનધ્વંસ માનવો પડશે. દુઃખપદની દુઃખસાધન અર્થમાં લક્ષણા કરીને મા પદનો અર્થ ધ્વંસ માન્ય કરવાથી ઉપરોક્ત અર્થ પ્રાપ્ય છે. આથી મુમુક્ષુ સુખેચ્છાધીન કર્મક્ષય ઈચ્છાથી અથવા દુઃખદ્વેષમૂલક એવા દુઃખસાધનીભૂત કર્મ ઉપરના દ્વેષથી પ્રયુક્ત કર્મક્ષયવિષયક ઈચ્છાથી યોગસાધનામાં પ્રવૃત્તિ કરી શકશે આવું માનવું ઉચિત છે. પ્રાયશ્ચિત્તસ્થલે તો દુઃખદ્વેષમૂલક જ દુઃખ ન થાવ એવા ઉદ્દેશથી પ્રવૃત્તિ થાય છે. માટે જ સુખેચ્છામૂલક અને દુઃખદ્વેષહેતુક એમ બે પ્રકારની પ્રવૃત્તિ પણ સંગત થઈ જશે. તેથી કોઈ અસંગતિ નથી.

### વાક્યભેદ આપત્તિનો પરિહાર

(૨૨) નૈયાયિક :- यत्तु० । 'अशरीरं वावसन्तं प्रियाप्रिये न स्पृशतः' અર્થાત્ શરીરહીન

**सुखाभावसिद्धिः । न च द्वन्द्वस्वरसात् मिलितसुख-दुःखोभयप्रतीतिः नोक्तार्थानुपातिनी एकैकनिषेधे च वाक्यभेदापत्तिरिति वाच्यम् । द्वित्वनैकरूपेणोपस्थितयोः प्रत्येकं निषेधान्वये वाक्यभेदाभावात् 'दवखदिरौ छिन्धि' इत्यत्र प्रत्येकं च्छिदान्वय इवेति, तन्न, घटवति भूतले 'घटपटौ न स्तः' इति वाक्याद् घटपटोभयत्वावच्छिन्नाभावबोधवत तात्पर्यवशाद् उक्तश्रुतेरपि मुक्तौ प्रियाप्रियोभयत्वा-**

---

જીવને પ્રિય અને અપ્રિય—સુખ અને દુઃખ સ્પર્શ કરતા નથી આ શ્રુતિના બલથી મોક્ષકાલમાં સુખાભાવ સિદ્ધ થાય છે. અહીં એવી શંકા થાય કે—'प्रियाप्रिये' શબ્દ દ્વંદ્વસમાસથી ઘટિત હોવાથી દ્વન્દ્વ સમાસના છેડે રહેલ દ્વિવચનાન્ત પ્રથમા વિભક્તિથી ઉપસ્થિત દ્વિત્વ સંખ્યાનો પ્રિય અને અપ્રિયમાં અન્વય થવાથી સુખ-દુઃખની ઉપસ્થિતિ ઉભયત્વ રૂપે જ થશે. જેથી મોક્ષમાં સુખ-દુઃખ ઉભયાભાવનું ભાન થશે. એકના અભાવથી પણ ઉભયાભાવથી સુખ-દુઃખની ઉપસ્થિતિ ઉભયત્વ રૂપે જ થશે. જેથી મોક્ષમાં સુખ-દુઃખ ઉભયાભાવનું ભાન થશે. એકના અભાવથી પણ ઉભયાભાવ સંભવિત હોવાથી દુઃખાભાવપ્રયુક્ત સુખ-દુઃખ ઉભયાભાવની પ્રતીતિ થશે. આ પ્રતીતિ 'મોક્ષમાં સુખાભાવ અને દુઃખાભાવ છે' આવા અર્થનું અનુસરણ નથી કરતી. સુખ અને દુઃખ પ્રત્યેકનો અલગ અલગ નિષેધ કરવામાં તો વાક્યભેદની =બે વાક્ય થઈ જવાની આપત્તિ આવશે—તો આનું સમાધાન એ છે કે જે રીતે 'ધવ-खदिरौ छिन्धि' અહીં દ્વિત્વરૂપે ઉપસ્થિત થયેલ ધવ અને ખદિર પ્રત્યેકનો છેદન ક્રિયામાં અન્વય થાય છે તેમ અહીં પણ દ્વિત્વરૂપ એક ધર્મથી ઉપસ્થિત થયેલ સુખ અને દુઃખ પ્રત્યેકમાં નિષેધનો અન્વય કરવામાં આવે તો વાક્યભેદ થવાની આપત્તિને અવકાશ નહીં રહે. જો સુખત્વરૂપે ઉપસ્થિત થયેલ સુખનો અને દુઃખત્વરૂપે ઉપસ્થિત થયેલ દુઃખનો પ્રતિયોગિતા સંબંધથી અભાવમાં અન્વય કરવામાં આવે તો સુખત્વાવચ્છિન્ન પ્રકારતા અને દુઃખાભાવાવચ્છિન્ન પ્રકારતા સ્વરૂપ બે મુખ્ય પ્રકારતાથી નિરૂપિત બે મુખ્ય વિશેષ્યતાનું ભાન થવાથી વાક્યભેદ થવાની આપત્તિ આવે, કારણ કે મુખ્યપ્રકારતાદ્વયનિરૂપિત મુખ્યવિશેષ્યતા-દ્વયવત્ત્વ એ વાક્યભેદનું લક્ષણ છે. પરંતુ ઉભયત્વરૂપે સુખ અને દુઃખનો પ્રતિયોગિતા સંબંધની અભાવમાં અન્વય કરવામાં ઉપરોક્ત વાક્યભેદની આપત્તિને અવકાશ નથી રહેતો, કારણ કે આવું માનવામાં ઉભયત્વાવચ્છિન્ન એક જ પ્રકારતાનું અવગાહન થાય છે. આવું તત્ત્વચિંતામણિકારને અભિમત છે.

### મુક્તિમાં એક સુખ-દુઃખોભયાભાવની સિદ્ધિ

સ્યાદ્વાદી :- तन्न० । પરંતુ ચિંતામણિકારની આ વાત બરાબર નથી, કારણ કે જેમ ભૂતલમાં ઘડો હોવા છતાં ભૂતલમાં ઘટપટ નથી આવો જ શબ્દપ્રયોગ થાય છે તેનાથી ત્યાં ઘટાભાવ અને પટાભાવ એમ બે અભાવનો બોધ નથી થતો, પરંતુ ઘટપટોભયત્વાચ્છિન્નપ્રતિયોગિતાક એક અભાવનું જ ભાન થાય છે, કારણ કે બે અભાવનું ભાન ત્યાં ઘટ હાજર હોવાથી બાધિત થાય છે. તે જ રીતે 'अशरीरं वावसन्तं प्रियाप्रिये न स्पृशतः' આ શ્રુતિથી પણ તાત્પર્યના બલથી મોક્ષમાં પ્રિયાપ્રિયોભયત્વાવચ્છિન્નપ્રતિયોગિતાક એક અભાવનું ભાન થાય છે, નહીં કે સુખાભાવ અને

**वच्छिन्नाभावस्यैव प्रत्ययात्, अन्यथा**

**'सुखमात्यन्तिकं यत्र बुद्धिग्राह्यमतीन्द्रियं ।**

**तं वै मोक्षं विजानीयाद् दुःप्रापमकृतात्मभिः ॥ ( )**

**इत्यादिसुखमयमुक्तिबोधकस्मृति-विरोधापत्तेः । न च तत्र सुखशब्दः औपचारिकः, बाधकाभावात् ।**

**( २३ ) न च शरीरादिकं विना सुखाद्यनुत्पत्तिर्बाधिका, शरीरादेर्जन्यात्म-विशेषगुणत्वावच्छिन्नं प्रत्येव हेतुत्वात्, तत्र च जन्यत्वस्य ध्वंसप्रतियोगित्वरूपस्येश्वर-ज्ञानादेरिव मुक्तिकालीनज्ञानसुखादेरपि व्यावृत्तत्वात् । न च तत्र कारणान्तरकल्पने**

---

દુઃખાભાવ એમ બે અભાવનું ભાન. આથી મોક્ષમાં દુઃખાભાવપ્રયુક્ત સુખદુઃખઉભયાભાવ માની શકાય છે. જો મોક્ષમાં સુખ-દુઃખોભયત્વાવચ્છિન્નપ્રતિયોગિતાક એક અભાવ માનવાના બદલે સુખાભાવ અને દુઃખાભાવ એમ બે અભાવ માનવામાં આવે તો 'सुखमात्यन्तिकं....' અર્થાત્ 'મોક્ષ તેને સમજવો જોઈએ જેમાં મનુષ્યને એવા આત્યન્તિક શાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે કે જે ઇન્દ્રિયવેદ્ય નહીં પણ બુદ્ધિવેદ્ય હોય છે તથા શાસ્ત્રોક્ત સત્કર્મ દ્વારા પોતાના આત્માની શુદ્ધિ નહીં કરનાર મનુષ્યોને માટે દુષ્પ્રાપ્ય હોય છે.' આ સ્મૃતિવચનનો વિરોધ આવશે કે જે સુખમય મુક્તિનું પ્રતિપાદક છે. મોક્ષને સુખમય બતાવનાર શાસ્ત્ર વચનોના અનુસારે મોક્ષઅવસ્થામાં સુખાભાવના બદલે સુખનું અસ્તિત્વ માનવું ન્યાયસંગત છે. મોક્ષમાં દુઃખ ન હોવાથી દુઃખાભાવમાં સુખશબ્દ ઔપચારિક માની ન શકાય, કારણ કે મોક્ષમાં સુખ માનવામાં કોઈ બાધક પ્રમાણ નથી.

### શરીર વિના પણ મોક્ષમાં સુખ-સ્યાદ્વાદી

(૨૩) न च श० । અહીં જો એમ કહેવામાં આવે કે—મોક્ષમાં સુખ યા સુખાનુભવ એટલા માટે માની નહિ શકાય કે તે અવસ્થામાં સુખ અને સુખાનુભવના ઉત્પાદક શરીર વગેરેનો અભાવ હોય છે—તો આ વાત બરાબર નથી, કારણ કે શરીર વગેરે તો આત્માના જન્ય વિશેષ ગુણના જ કારણ છે અને મોક્ષકાલીન સુખ અને સુખાનુભવ જન્ય નથી હોતા. આથી શરીર વગેરેના અભાવમાં પણ મોક્ષદશામાં સુખ અને સુખાનુભવ હોવામાં કોઈ બાધા નથી.

અહીં જો એવો પ્રશ્ન થાય કે—મોક્ષકાલીન સુખ અથવા સુખાનુભવ જો જન્ય ન હોય તો તે સદાતન =અનાદિકાલીન હોવાથી સંસારી અવસ્થામાં પણ રહેશે. ફલતઃ બંધન અવસ્થા અને મોક્ષ અવસ્થામાં કોઈ ફેર નહીં પડે. અથવા કોઈ ફેર પડે તો પણ મોક્ષ અવસ્થામાં જે પ્રાપ્તવ્ય છે તે સંસાર અવસ્થામાં પણ સુલભ હશે તો મોક્ષ માટેનો પ્રયત્ન વ્યર્થ બની રહેશે—તો એનું સમાધાન એ છે કે મોક્ષદશામાં સુખ કે અનુભવને જન્ય નહીં માનવાનો અર્થ એવો નથી કે તે સનાતન અનાદિપ્રકટ છે, એની ઉત્પત્તિ નથી થતી પરંતુ તેનો અર્થ એવો છે કે મોક્ષાવસ્થામાં જે સુખ અને સુખાનુભવ ઉત્પન્ન થાય છે તેનો અન્ય જન્યપદાર્થની જેમ ધ્વંસ થતો નથી, પરંતુ ઈશ્વરના જ્ઞાન વગેરે ગુણોમાં જેમ ધ્વંસ પ્રતિયોગિતાનો અભાવ છે તેમ મોક્ષકાલીન સુખ અને સુખાનુભવ ધ્વંસના પ્રતિયોગી નથી બનતા. માટે તે અનાશ્ય છે. અહીં પ્રશ્ન થાય કે—મોક્ષકાલીન સુખ અને

**गौरवम्, आगममूलत्वात् । न च जन्यभावस्य सतो ध्वंस आवश्यकः, अभावस्येव भावस्यापि कस्यचिदुत्पन्नस्याप्यविनाशसम्भवात्, जन्यभावत्वेन नाशहेतुत्वे मानाभावात्, नाशकारणानां नाश्यनिष्ठतयैव हेतुतया दोषाभावात्, कालिकसम्बन्धेन घटत्व-पटत्वादिमत्त्वरूपजन्यत्वस्य नानात्वात् ।**

**किञ्च जन्यभावत्वेन नाशहेतुत्वेऽपि कथं मुक्तौ सुखादिध्वंसः ? तव प्रतियोगितया योग्यात्मविशेषगुणनाशं प्रति ऐकाधिकरण्यावच्छिन्नस्वपूर्ववर्तित्वसम्बन्धेन**

---

સુખાનુભવનો ધ્વંસ ભલે ન થાય પરંતુ મોક્ષદશામાં તેની ઉત્પત્તિ થાય છે તે શરીર વગેરેની ગેરહાજરીમાં કેવી રીતે ઘટી શકે ? તો તેનો જવાબ એ છે કે જો દેહાદિને આત્માના પ્રાગભાવપ્રતિયોગી વિશેષ ગુણોનું કારણ માનવામાં આવે તો મોક્ષ અવસ્થામાં શરીર વગેરે ન હોવાથી સુખ અને સુખાનુભવની ઉત્પત્તિ જરૂર અસંભવિત થશે. પરંતુ ધ્વસંપ્રતિયોગી જન્ય આત્મવિશેષગુણો પ્રત્યે શરીર આદિને કારણ માનવામાં ઉપરોક્ત દોષને અવકાશ નથી રહેતો, કારણ કે મોક્ષકાલીન સુખ અને સુખાનુભવ ધ્વંસના અપ્રતિયોગી હોવાથી તેની ઉત્પત્તિ શરીર આદિની ગેરહાજરીમાં પણ થઈ શકશે. આથી શરીર વગેરેને આત્માના ધ્વંસપ્રતિયોગી વિશેષ ગુણોનું જ કારણ માનવું ઉચિત છે. અહીં એવી શંકા થાય કે—મુક્તિમાં સુખને પ્રાગભાવપ્રતિયોગી માનવામાં આવે તો તેના પ્રત્યે નવા કારણની કલ્પના આવશ્યક બનવાથી કાર્યકારણભાવમાં ગૌરવ થશે—તો એનું સમાધાન એમ છે કે મુક્તિમાં સુખ છે—આ વાત આગમ પ્રમાણથી સિદ્ધ હોવાથી મોક્ષકાલીન સુખ, જ્ઞાન વગેરે પ્રત્યે અન્ય કારણની કલ્પના એ આગમમૂલક હોવાથી તે ગૌરવ ફલમુખ =પ્રમાણસિદ્ધનું નિર્વાહક છે. તેથી તેના સ્વીકારમાં કોઈ દોષ નથી.

જે ભાવપદાર્થો જન્ય હોય તેનો ધ્વંસ અવશ્ય થાય છે. જેમ કે ઘટ, પટ વગેરે ભાવ પદાર્થો જન્ય હોવાથી ધ્વંસપ્રતિયોગી બને છે. આથી મુક્તિકાલીન સુખ, જ્ઞાન વગેરેને પ્રાગભાવપ્રતિયોગી =જન્ય માનવામાં આવે તો તેનો પણ ક્યારેક નાશ થવાની આપત્તિ આવશે. આ સમસ્યાનું સમાધાન એ છે કે જે રીતે ધ્વંસ જન્ય=પ્રાગભાવપ્રતિયોગી હોવા છતાં અવિનાશી છે તે રીતે મુક્તિસુખ વગેરે પણ જન્ય હોવા છતાં અવિનાશી સંભવી શકે છે. જન્યત્વ કાંઈ નાશ્યત્વનું વ્યાપ્ય નથી.—જન્યત્વ ભલે ધ્વંસપ્રતિયોગિતાનું વ્યાપ્ય ન હોય પરંતુ જન્યભાવત્વ તો ધ્વંસપ્રતિયોગિતાનું વ્યાપ્ય છે જ. ઘટાદિ સ્થલમાં આ નિયમ સિદ્ધ થયેલ છે. મુક્તિસુખ પણ જન્ય ભાવ હોવાથી નાશ્ય બનવાની આપત્તિ ઊભી જ રહેશે.—આ આપત્તિના પરિહારમાં એમ કહી શકાય કે જન્યભાવત્વ નાશ્યત્વવ્યાપ્ય છે એવી વાત અપ્રમાણિક છે. નાશ્યત્વવ્યાપ્યતાવચ્છેદકને જન્યત્વવિશિષ્ટ ભાવત્વત્વસ્વરૂપ માનવું કે ભાવત્વવિશિષ્ટ જન્યત્વત્વરૂપ માનવું ? તે બાબતમાં પણ વિનિગમનાવિરહ છે. બીજી વાત એ છે નાશકપદાર્થ નાશ્યમાં રહીને જ તેનો નાશ કરે છે આ વાત તો નૈયાયિકને પણ માન્ય છે. એથી જન્યભાવનો નાશ ન માનવામાં અજન્ય ભાવનો નાશ થવાની આપત્તિને અવકાશ નથી રહેતો, કારણ કે અજન્યભાવ પદાર્થમાં નાશક પદાર્થ રહી શકતો જ નથી. મુક્તિસુખ વગેરેનો પણ નાશ થવાનો અવકાશ નથી રહેતો, કારણ કે તેમાં નાશજનક પદાર્થ રહેતો નથી.

**योग्यविशेषगुणत्वेन हेतुत्वात्, मुक्तौ विशेषगुणानुत्पत्त्या पूर्वविशेषगुणनाशायोगात् । न च सुषुप्तिप्राक्कालीनज्ञाननाशे व्यभिचारवारणाय स्वपूर्ववृत्तित्वं स्वाधिकरणक्षण-प्रागभावाधिकरणक्षणवृत्तित्वं वाच्यं, अतश्चरमज्ञानसुखादेः द्वितीयक्षणविशिष्टस्य स्वस्यैव स्वनाशकत्वान्न व्यभिचार इति वाच्यम् । एवं सति अन्यत्रापि स्वस्यैव**

---

વળી, એક વાત એ છે કે જન્યભાવત્વને નાશ્યત્વનું વ્યાપ્ય માનવામાં આવે તો પણ અહીં સવાલ એ આવે કે નાશ્યત્વવ્યાપ્યતાવચ્છેદકીભૂત જન્યત્વનું સ્વરૂપ શું છે ? પ્રાગભાવ-પ્રતિયોગિત્વની અપેક્ષાએ કાલિકસંબંધથી ઘટત્વસ્વરૂપ જન્યત્વ લઘુશરીર હોવાથી અને કાલિકવિશેષણતા સંબંધથી ઘટત્વ કાર્યમાત્રમાં રહેવાથી કાલિકસંબંધથી ઘટત્વને જ જન્યત્વસ્વરૂપ માનવામાં આવે તો વિનિગમનાવિરહને લીધે કાલિકસંબંધથી પટત્વ, મઠત્વ વગેરેને પણ જન્યત્વરૂપ માની શકાય છે, કારણ કે તે બધા પણ કાર્યમાત્રમાં રહેવાને લીધે કાર્યતાસમનિયત છે. પણ આવું માનવા જતાં જન્યત્વ સ્વયં કાલિકવિશેષણતા સંબંધથી ઘટત્વ-પટત્વાદિમત્ત્વ સ્વરૂપ બનવાને લીધે બહુરૂપી બની જશે. જન્યત્વ અનેકવિધ બનવાને લીધે, પ્રતિયોગી હોવાથી નાશહેતુરૂપે સિદ્ધ થનાર જન્યભાવમાં રહેનાર નાશહેતુતા અવચ્છેદકીભૂત જન્યભાવત્વ પણ અનેકવિધ =અપરિમિત બની જશે. નાશકારણતાવચ્છેદક અનેકવિધ બનવાને લીધે કાર્યકારણભાવ પણ અનેકવિધ થવાથી મહાગૌરવ આવશે. આથી જન્યભાવત્વને નાશહેતુતાઅવચ્છેદકસ્વરૂપ માનવું અપ્રામાણિક છે—એમ સિદ્ધ થાય છે.

किञ्च० । વળી, બીજી વાત એ છે કે કદાચ જન્યભાવત્વને નાશહેતુતાઅવચ્છેદક માનવામાં આવે તો પણ મોક્ષમાં સુખ વગેરેનો ધ્વંસ નૈયાયિકમતાનુસાર કેવી રીતે થઈ શકે ? આનું કારણ એ છે કે નૈયાયિક મતાનુસારે પ્રતિયોગિતા સંબંધથી ઉત્પન્ન થનાર યોગ્ય આત્મવિશેષગુણના નાશ પ્રત્યે ઐકાધિકરણ્યઅવચ્છિન્ન સ્વપૂર્વવૃત્તિત્વસંબંધથી યોગ્યવિશેષગુણ કારણ છે. દા.ત. સંસારદશામાં ચૈત્રમાં જ્ઞાન ઉત્પન્ન થયા પછી ઈચ્છા ઉત્પન્ન થાય તો તે ઈચ્છા પૂર્વવૃત્તિ જ્ઞાનની નાશક બનશે, કારણ કે તે જ્ઞાન ઈચ્છાનું સમાનાધિકરણ અને ઈચ્છાની પૂર્વવૃત્તિ હોવાથી ઈચ્છાસામાનાધિકરણ્યવિશિષ્ટ-સ્વપૂર્વવૃત્તિત્વસંબંધથી જ્ઞાનમાં રહેશે તથા પ્રતિયોગિતા-સંબંધથી જ્ઞાનનાશ પણ જ્ઞાનમાં જ ઉત્પન્ન થશે. કાર્ય-કારણ વચ્ચે સામાનાધિકરણ્ય ઘટી જવાથી ઉપરોક્ત કાર્યકારણભાવ નૈયાયિકમતાનુસાર સંગત થાય છે. પરંતુ મુક્તિમાં તો વિશેષ ગુણની ઉત્પત્તિ ન થવાથી પૂર્વવૃત્તિ સુખાદિ વિશેષગુણનો નાશ કેવી રીતે થશે ? કેમ કે પૂર્વવૃત્તિ ગુણમાં સ્વસામાનાધિકરણ્યવિશિષ્ટ સ્વપૂર્વવૃત્તિતાસંબંધથી કોઈ વિશેષ ગુણ રહેતા જ નથી. કારણની ગેરહાજરીમાં કાર્ય કેવી રીતે ઉત્પન્ન થઈ શકે ?

નૈયાયિક :- न च सु० । અહીં કારણતાઅવચ્છેદકસંબંધમાં જે સ્વપૂર્વવૃત્તિતાનો નિવેશ કરવામાં આવેલ છે, તેનો અર્થ સ્વપ્રાગભાવાધિકરણક્ષણવૃત્તિતા કરવામાં આવે તો સુષુપ્તિ-પૂર્વકાલીન જ્ઞાનના નાશમાં વ્યતિરેક વ્યભિચાર આવશે. કારણ કે સુષુપ્તિમાં કોઈ વિશેષગુણ ઉત્પન્ન ન થવાથી સુષુપ્તિપૂર્વકાલોત્પન્ન જ્ઞાન કોઈ પણ સમાનાધિકરણ વિશેષગુણના પ્રાગભાવની

**स्वनाशकत्वप्रसङ्गाद्, अपेक्षाबुद्धेरपि तृतीयक्षणे ध्वंसप्रसङ्गात्, अनन्तक्षणाप्रवेश-लाघवात्, स्वप्रागभावाधिकरणक्षणवृत्तित्वरूपस्यैव स्वपूर्ववृत्तित्वस्य सम्बन्धमध्ये**

---

અધિકરણ ક્ષણમાં વૃત્તિ નહીં બને, જેના ફલરૂપે સામાનાધિકરણ્યવિશિષ્ટ સ્વપૂર્વવૃત્તિતા સંબંધથી કોઈ વિશેષગુણ સુષુપ્તિની પૂર્વક્ષણે ઉત્પન્ન થયેલ જ્ઞાનમાં નહીં રહે. પરંતુ સુષુપ્તિમાં પૂર્વોત્પન્ન જ્ઞાનાદિનો નાશ થાય છે એ તો નિશ્ચિત છે. આથી વિના કારણે કાર્ય ઉત્પન્ન થવાથી વ્યતિરેક વ્યભિચાર આવશે. આના નિવારણ માટે સ્વપૂર્વવૃત્તિતા = સ્વાધિકરણક્ષણપ્રાગભાવાધિકરણ-ક્ષણવૃત્તિતા એમ માનવું પડશે. અર્થાત્ પોતાના પ્રાગભાવની નહીં પણ પોતાની અધિકરણીભૂત એવી કોઈ પણ ક્ષણના પ્રાગભાવની અધિકરણીભૂત એવી ક્ષણમાં રહેવું તે જ સ્વપૂર્વવૃત્તિતાસ્વરૂપ છે. આવું માનવામાં આવે તો ઉપરોક્ત વ્યભિચાર દોષનું નિરાકરણ થઈ જશે. આનું કારણ એ છે કે સુષુપ્તિપૂર્વકાલોત્પન્ન જ્ઞાન બે ક્ષણ સ્થાયી હોવાથી સુષુપ્તિની પ્રથમ ક્ષણ પણ તેનું અધિકરણ બનશે. તેથી સ્વાધિકરણક્ષણ =સુષુપ્તિપ્રથમક્ષણ પણ થશે. સુષુપ્તિના પ્રથમ ક્ષણનો પ્રાગભાવ સુષુપ્તિ પૂર્વસમયે હાજર હોય છે. તેથી સ્વાધિકરણક્ષણપ્રાગભાવાધિકરણીભૂત ક્ષણ = સુષુપ્તિની પૂર્વની ક્ષણ બની શકશે. તે ક્ષણે તો સુષુપ્તિપૂર્વક્ષણોત્પન્ન જ્ઞાન હાજર છે જ. તેથી પોતાની ઉત્પત્તિની દ્વિતીય ક્ષણથી વિશિષ્ટ એવું નિદ્રાપ્રાક્ક્ષણોત્પન્ન જ્ઞાન સ્વાધિકરણક્ષણપ્રાગભાવાધિ-કરણક્ષણવૃત્તિતાસંબંધથી સુષુપ્તિપૂર્વક્ષણોત્પન્ન જ્ઞાનમાં રહેવાથી તેનું નાશક બની શકશે. આ રીતે માનવાનું આવશ્યક હોવાથી મુક્તિપૂર્વક્ષણોત્પન્ન સુખ, જ્ઞાન વગેરેનો નાશ પણ શક્ય બનશે, કારણ કે મુક્તિપૂર્વક્ષણોત્પન્ન જ્ઞાન સુખાદિ પણ દ્વિતીયક્ષણ-વિશિષ્ટ બને છતે પોતાના જ નાશક બની શકશે. તે આ રીતે—સ્વ =મુક્તિપૂર્વકાલીન જ્ઞાન-સુખાદિ, તેની અધિકરણીભૂત ક્ષણ = મુક્તિપ્રથમક્ષણ, તેના પ્રાગભાવની અધિકરણીભૂત ક્ષણ = મુક્તિપૂર્વવર્તી ક્ષણ. તે ક્ષણમાં મુક્તિપૂર્વકાલીન જ્ઞાન-સુખાદિ વૃત્તિ હોવાથી દ્વિતીયક્ષણવિશિષ્ટ મુક્તિપૂર્વકાલીન જ્ઞાન-સુખાદિ સ્વાધિકરણક્ષણપ્રાગભાવાધિકરણક્ષણવૃત્તિતાસંબંધથી મુક્તિ-પૂર્વકાલીન જ્ઞાન-સુખાદિમાં રહી જશે કે જે પોતાના સમાનાધિકરણ પણ છે જ. આમ વિવક્ષિત કારણતાઅવચ્છેદકસંબંધથી ચરમ જ્ઞાન સુખાદિમાં = મુક્તિપૂર્વકાલોત્પન્ન જ્ઞાન-સુખ આદિમાં કારણ રહેવાથી સ્વપ્રતિયોગિતાસંબંધથી ત્યાં અંતિમજ્ઞાન-સુખાદિધ્વંસ પણ રહેશે. અર્થાત્ મુક્તિપૂર્વક્ષણોત્પન્ન જ્ઞાન, સુખ વગેરેનો પણ મુક્તિમાં નાશ થઈ શકશે. આથી યોગ્ય વિભુવિશેષગુણને સ્વોત્તરવૃત્તિ વિશેષ ગુણથી નાશ્ય માનવામાં કોઈ બાધ નથી.

સ્યાદ્વાદી :- एवं स० । જો સુષુપ્તિપૂર્વક્ષણોત્પન્ન જ્ઞાનાદિને જ પોતાનો નાશક માનવામાં આવે તો અન્ય સ્થલે જાગ્રત અવસ્થામાં પણ ઉત્પન્ન થયેલ જ્ઞાનને ઉપરોક્ત રીતે પોતાના નાશક માનવાની આપત્તિ આવશે, કારણ કે ઉત્પત્તિની દ્વિતીય ક્ષણે તે જ્ઞાનાદિ ઉત્પત્તિકાલીન જ્ઞાનાદિમાં સ્વસામાનાધિકરણ્યવિશિષ્ટ સ્વાધિકરણક્ષણપ્રાગભાવાધિકરણક્ષણવૃત્તિતા સંબંધથી રહી શકે છે. સ્વ = સુષુપ્તિઉત્તરકાલીન જ્ઞાન, તેની અધિકરણ ક્ષણ =ઉત્પત્તિની પ્રથમક્ષણ અને દ્વિતીય ક્ષણ. તેમાંથી દ્વિતીય ક્ષણના પ્રાગભાવની અધિકરણીભૂતક્ષણ =ઉત્પત્તિની પ્રથમ ક્ષણ, તેમાં તે જ્ઞાન રહે છે જ. આ રીતે સર્વત્ર દ્વિતીયક્ષણવિશિષ્ટ જ્ઞાનાદિ પોતે જ પોતાના નાશક બનવાની આપત્તિ આવીને

**निवेशात्, तत्तज्ज्ञानभिन्नत्वस्य नाश्यतावच्छेदककोटौ निवेशात्, सुषुप्तौ प्रमाण-सिद्धतया ज्ञान-सुखादिनाशकान्तरस्वीकारेऽपि मुक्तौ तत्स्वीकारे प्रमाणाभावात् ।**

---

ઊભી રહેશે.

अपे० । તથા અપેક્ષાબુદ્ધિનો પણ અન્ય સામાન્ય જ્ઞાનાદિની જેમ તૃતીયક્ષણે નાશ થવાની આપત્તિ આવશે. આશય એ છે કે 'આ એક અને આ એક' આવી અપેક્ષાબુદ્ધિથી દ્વિત્વસંખ્યા ઉત્પન્ન થાય છે. દ્વિત્વસંખ્યાજનક અપેક્ષાબુદ્ધિ નૈયાયિકમતે ૩ ક્ષણ સુધી રહે છે. ચોથી ક્ષણે તેનો નાશ થાય છે. પરંતુ પ્રતિયોગિતાસંબંધથી થનાર આત્માના યોગ્યવિશેષગુણનાશ પ્રત્યે સ્વસામાનાધિ-કરણ્યવિશિષ્ટ સ્વાધિકરણક્ષણપ્રાગભાવાધિકરણક્ષણવૃત્તિતાસંબંધથી વિશેષગુણને કારણ માનવામાં આવે તો પોતાની ઉત્પત્તિની દ્વિતીય ક્ષણે અપેક્ષાબુદ્ધિ પણ ઉત્પત્તિકાલીન સ્વ =અપેક્ષાબુદ્ધિમાં ઉપરોક્ત સંબંધથી રહેવાના લીધે પોતાની ઉત્પત્તિની તૃતીય ક્ષણે અપેક્ષાબુદ્ધિનો નાશ થઈ જશે. સ્વાધિકરણક્ષણ તરીકે અપેક્ષાબુદ્ધિમાં ઉપરોક્ત સંબંધથી રહેવાના લીધે પોતાની ઉત્પત્તિની તૃતીય ક્ષણે અપેક્ષાબુદ્ધિનો નાશ થઈ જશે. સ્વાધિકરણક્ષણ તરીકે અપેક્ષાબુદ્ધિની દ્વિતીય ક્ષણ લેવાથી તેના પ્રાગભાવની અધિકરણીભૂત સ્વોત્પત્તિક્ષણમાં રહેનાર પોતાનામાં જ અપેક્ષાબુદ્ધિ ઉપરોક્ત સંબંધથી રહી શકશે. સ્વોત્પત્તિની દ્વિતીયક્ષણે પોતાનામાં નાશક રહેવાથી અપેક્ષાબુદ્ધિનો તૃતીય ક્ષણે નાશ થવાની આપત્તિ અનિવાર્ય બનશે.

अन० । બીજી વાત એ છે કે કારણતાઅવચ્છેદકસંબંધની અંદર ઘટકરૂપે જે સ્વપૂર્વ-વૃત્તિત્વનો નિવેશ કરેલ છે, તેને સ્વાધિકરણક્ષણપ્રાગ્ભાવાધિકરણક્ષણવૃત્તિત્વસ્વરૂપ માનવા કરતાં સ્વપ્રાગભાવાધિકરણક્ષણવૃત્તિત્વસ્વરૂપ માનવું ઉચિત છે. કારણ કે તેમ કરવામાં તત્ તત્ સ્વઅધિ-કરણક્ષણનો નિવેશ ન થવાથી લાઘવ છે. આવું માનવામાં અપેક્ષાબુદ્ધિનો દ્વિતીયક્ષણે નાશ થવાની આપત્તિનો અવકાશ રહે છે, જેના નિવારણ માટે તત્ તત્ જ્ઞાનભિન્નત્વનો અર્થાત્ અપેક્ષા-બુદ્ધિભેદનો નાશ્યતાઅવચ્છેદક કોટિમાં નિવેશ કરી શકાય છે. આથી સ્વનિરૂપિતપ્રતિયોગિતા-સંબંધથી અપેક્ષાબુદ્ધિભિન્નયોગ્ય આત્મવિશેષગુણનાશત્વાવચ્છિન્ન પ્રત્યે સ્વસામાનાધિકરણ્ય-વિશિષ્ટસ્વપ્રાગભાવાધિકરણક્ષણવૃત્તિત્વસંબંધથી વિશેષ ગુણ કારણ છે—આ પ્રકારનો કાર્યકારણભાવ ફલિત થશે. અપેક્ષાબુદ્ધિ નાશ્યકોટિથી બહિર્ભૂત થવાને લીધે તેનો દ્વિતીયક્ષણે નાશ થવાની આપત્તિ નહીં આવે.

सु० । પૂર્વે નૈયાયિકે કહેલ હતું કે—સ્વપૂર્વવૃત્તિત્વને સ્વપ્રાગભાવાધિકરણક્ષણવૃત્તિત્વ-સ્વરૂપ માનવામાં સુષુપ્તિમાં સુષુપ્તિપૂર્વક્ષણોત્પન્ન જ્ઞાનાદિનો નાશ થઈ નહીં શકે. તેના સમાધાનમાં એમ કહી શકાય કે—નિદ્રા અવસ્થામાં જ્ઞાનાદિ વિશેષગુણની ઉત્પત્તિ નથી થતી છતાં પણ નિદ્રાપૂર્વકાલીન જ્ઞાનાદિનો નાશ થાય છે—આ વાત પ્રમાણસિદ્ધ હોવાથી સુષુપ્તિ કાલમાં પૂર્વકાલીન જ્ઞાનાદિના નાશકરૂપે કોઈકની કલ્પના કરવી આવશ્યક છે. પ્રમાણસિદ્ધ વસ્તુસ્થિતિનું નિર્વાહક હોવાથી આ ગૌરવ નિર્દોષ છે. અહીં—સુષુપ્તિપૂર્વકાલોત્પન્ન જ્ઞાનાદિનો સુષુપ્તિમાં જે નાશક હશે તેને જ મુક્તિપૂર્વકાલીન જ્ઞાનાદિનો મુક્તિમાં નાશક માની શકાય છે.—આવું કથન

**( २४ ) यत्त्वेतत्क्षणोत्पन्नयोग्यविभुविशेषगुणत्वेन नाश्यता एतत्क्षणोत्तरक्षण-वृत्तित्वविशिष्टयोग्यविभुविशेषगुणत्वेन नाशकता, अपेक्षाबुद्धिनाशे द्वित्वप्रत्यक्षञ्च विशेषसामग्री, चरमज्ञानादिकन्तूत्तरक्षणवृत्तित्वविशिष्टं स्वयमेव स्वस्य नाशकमिति, तन्न, एतत्क्षणावृत्तियोग्यविभुविशेषगुणत्वेनैव नाशकत्वौचित्यात् ।**

---

અયોગ્ય છે, કારણ કે મોક્ષમાં પૂર્વકાલોત્પન્ન જ્ઞાનાદિના નાશકની કલ્પના કરવામાં કોઈ પ્રમાણ નથી. પ્રમાણ વિના પ્રમેયની કલ્પના કરવી અસંગત છે.

(૨૪) यत्त्वे० । અહીં અમુક નૈયાયિકોનું એવું કથન છે કે—ઉપરોક્ત કાર્યકારણભાવમાં સ્વનો નિવેશ કરેલ હોવાથી સ્વપદાર્થ બદલતાં કાર્યકારણભાવ બદલી જશે. ઘટક બદલતાં તેનાથી ઘટિત પદાર્થ પણ બદલી જાય છે. આથી સ્વપદાર્થભેદપ્રયુક્ત અનંત કાર્યકારણભાવ સ્વીકારવાની આપત્તિ આવશે. આના કરતાં એતત્ ક્ષણોત્પન્ન યોગ્ય વિભુવિશેષગુણને નાશ્ય માનવામાં અને એતત્ક્ષણોત્તરક્ષણવૃત્તિત્વવિશિષ્ટ યોગ્ય વિભુવિશેષગુણને નાશક માનવામાં લાઘવ છે. વર્તમાન ક્ષણમાં રહેનાર ચૈત્રીય જ્ઞાનાદિનો નાશ વર્તમાનક્ષણ પછીની ક્ષણમાં રહેનાર ચૈત્રીય જ્ઞાનાદિ દ્વારા થઈ શકશે. જો કે આવું માનવામાં અપેક્ષાબુદ્ધિનો પણ તૃતીયક્ષણે નાશ થવાની આપત્તિ ઊભી રહે છે, છતાં દ્વિત્વપ્રત્યક્ષને અપેક્ષાબુદ્ધિનાશની વિશેષ સામગ્રી માનીને તેનું નિરાકરણ કરી શકાય છે. અહીં પ્રક્રિયા એવી છે કે—ઘટ-પટ જોઈને પ્રથમ ક્ષણે 'अयमेकोऽयमेक:' આવા આકારવાળી અપેક્ષાબુદ્ધિ ઉત્પન્ન થાય છે. પછીની દ્વિતીય ક્ષણે ઘટ-પટમાં દ્વિત્વ સંખ્યા ઉત્પન્ન થાય છે. પછી તૃતીય ક્ષણે ઘટ-પટના વિશેષણીભૂત દ્વિત્વત્વનું નિર્વિકલ્પક પ્રત્યક્ષ ઉત્પન્ન થાય છે. આ દ્વિત્વત્વનું નિર્વિકલ્પક પ્રત્યક્ષ એ જ અપેક્ષાબુદ્ધિના નાશની વિશેષ સામગ્રી છે. આથી ચતુર્થ ક્ષણે દ્વિત્વત્વનું સવિકલ્પક પ્રત્યક્ષ અને અપેક્ષાબુદ્ધિનાશ ઉત્પન્ન થશે. પછીની ક્ષણે દ્વિત્વસંખ્યાનો નાશ થશે. આ રીતે વિશેષસામગ્રીની ઉપસ્થિતિ તૃતીયક્ષણે થવાથી અપેક્ષાબુદ્ધિનો નાશ ચતુર્થક્ષણે થશે. વિશેષસામગ્રીની ગેરહાજરીમાં સામાન્યસામગ્રીથી વિશેષ કાર્ય ઉત્પન્ન થઈ ના શકે. ભણાવવાનું કામ સામાન્ય શિક્ષક કરે છતાં પણ વિજ્ઞાન ભણવા માટે તો વિજ્ઞાનના શિક્ષકની જ જરૂર પડે, ઈતિહાસના શિક્ષક વિજ્ઞાન ન ભણાવી શકે. તથા મુક્તિની પૂર્વ ક્ષણે ઉત્પન્ન થયેલ ચરમ જ્ઞાન વગેરેનો નાશ ઉત્તરક્ષણવૃત્તિત્વવિશિષ્ટ સ્વ =ચરમજ્ઞાન વગેરે દ્વારા જ થશે. આથી અંતિમ જ્ઞાન ઉત્પન્ન થયા પછી અન્ય વિશેષગુણ મુક્તિમાં ઉત્પન્ન ન થવા છતાં મુક્તિમાં ચરમ જ્ઞાનાદિના નાશકનો દુકાળ નહીં પડે. આ રીતે મોક્ષમાં જ્ઞાનાદિનો નાશ સિદ્ધ થશે.

तन्न० । પરંતુ પ્રકરણકાર શ્રીમદ્જી ઉપરોક્ત નૈયાયિકવક્તવ્ય સાથે સહમત નથી. શ્રીમદ્જીનું આના પ્રતિવાદમાં એવું કથન છે કે એતત્ક્ષણઉત્તરક્ષણવૃત્તિત્વવિશિષ્ટ યોગ્ય વિભુવિશેષગુણને નાશક માનવામાં નાશકતાઅવચ્છેદકધર્મના શરીરમાં ગૌરવ આવી પડે છે. તેની અપેક્ષાએ એતત્ક્ષણઅવૃત્તિ યોગ્ય વિભુવિશેષગુણને નાશક માનવું ઉચિત છે, કારણ કે તેમ કરવામાં નાશકતાઅવચ્છેદક ધર્મનું શરીર લઘુ બને છે. આમ લાઘવ સહકારથી એતત્ક્ષણા-વૃત્તિયોગ્યવિભુવિશેષગુણત્વમાં નાશકતાઅવચ્છેદકતા સિદ્ધ થવાથી મુક્તિમાં ચરમ જ્ઞાનાદિનો નાશ થવાની આપત્તિ નહીં આવે, કારણ કે એતત્ક્ષણ =મુક્તિપૂર્વક્ષણમાં ચરમજ્ઞાનાદિ વૃત્તિ હોવાથી

**( २५ ) यत्त्वात्ममनोयोगादिनाशादेव मुक्तौ ज्ञानसुखादिनाश इति, तन्न, आत्ममनोयोगादिनाशस्य स्वप्रतियोगिजन्यज्ञानसुखादिनाशकत्वे ज्ञानसुखादीनां बहुक्षणावस्थायिताप्रसङ्गेन परस्य सिद्धान्तभङ्गप्रसङ्गात् ।**

**( २६ ) ऋजुसूत्रनयावलम्बिनस्त्वाहुः अखण्डज्ञानसुखसन्ततिरेव मोक्षः । न च सन्तत्यनुपपत्तिः, पूर्वपूर्वक्षणानामुत्तरोत्तरज्ञानोपादानत्वेन तदुपपत्तेः । न च संसारिषु सुषुप्त्याद्यवस्थायां ज्ञानादिविच्छेदात् सन्ततिविच्छेदः, तदाप्यव्यक्तज्ञानोपगमात् । न**

---

મુક્તિ અવસ્થામાં રહેલ મુક્તિપૂર્વક્ષણોત્પન્ન ચરમ જ્ઞાન આદિ સ્વયં મુક્તિપૂર્વક્ષણોત્પન્ન ચરમ જ્ઞાનાદિના નાશક નહીં બની શકે અને અન્ય કોઈ વિશેષ ગુણની મુક્તિમાં ઉત્પત્તિ થતી નથી, કે જે ચરમ જ્ઞાનાદિનો નાશ કરી શકે. આ રીતે મુક્તિમાં પૂર્વકાલીન સુખ, જ્ઞાન આદિ ગુણ અબાધિત રહેવાથી મુક્તિ વિજ્ઞાનાનંદમય સિદ્ધ થાય છે.

(૨૫) यत्त्वा० । અમુક નૈયાયિકોનું એવું કથન છે કે—આત્મમનોયોગ વગેરેના નાશથી જ મુક્તિમાં જ્ઞાન, સુખ વગેરેનો નાશ થાય છે. આથી મુક્તિને ચિદાનંદમય માની નહીં શકાય.—પરંતુ આ વાત યોગ્ય નથી, કારણ કે જે આત્મમનઃસંયોગથી જ્ઞાન, સુખ વગેરે ઉત્પન્ન થાય છે તે જ્ઞાન, સુખ વગેરેનો તે આત્મમનઃસંયોગના નાશથી નાશ માનવો પડશે. ગમે તે આત્મમનઃસંયોગથી તો ગમે તે જ્ઞાન, સુખ વગેરેનો નાશ તો માની ના જ શકાય, કારણ કે જ્યારે જ્યારે જ્ઞાન, સુખ વગેરે ઉત્પન્ન થાય છે ત્યારે ત્યારે પૂર્વઆત્મમનઃસંયોગનો નાશ હાજર હોવાથી ઉત્પન્ન થયેલ તે તે જ્ઞાન આદિ ગુણોનો બીજા સમયે જ નાશ થઈ જવાની આપત્તિ આવશે. આથી નાશના પ્રતિયોગી એવા આત્મમનઃસંયોગથી જન્ય જ્ઞાન, સુખ આદિ ગુણોનો સ્વજનક આત્મમનઃસંયોગના નાશથી નાશ માનવો પડશે. જો તેમ માનવામાં આવે તો જ્ઞાન, સુખ વગેરે ગુણો ઘણા કાળ સુધી સ્થિર રહેવાની આપત્તિ આવશે, કારણ કે જ્ઞાનાદિજનક આત્મમનઃસંયોગનો તૃતીય ક્ષણે નાશ થતો નથી. ઉત્સર્ગથી તે આત્મમનસંયોગ ચાર ક્ષણ રહેવાથી તેની દ્વિતીયક્ષણે ઉત્પન્ન થનાર જ્ઞાનાદિને પણ ચાર ક્ષણ સ્થિર રહેવાની આપત્તિ આવશે. આવું માનવામાં તો નૈયાયિકને અપસિદ્ધાન્ત દોષ આવશે.

### મોક્ષ અખંડજ્ઞાન સંતાનસ્વરૂપ છે—ઋજુસૂત્રનય

(૨૬) ऋ० । ઋજુસૂત્રનયના અનુયાયીનું એવું કથન છે કે—"અખંડ જ્ઞાન-સુખની સંતતિ એ જ મોક્ષ છે. જ્ઞાન-સુખ ક્ષણિક હોવા છતાં તેના પ્રવાહનો ઉચ્છેદ થવાની આપત્તિ નહીં આવે, કારણ કે પૂર્વ પૂર્વની જ્ઞાન ક્ષણો જ ઉત્તર ઉત્તર જ્ઞાન ક્ષણોનું ઉપાદાન કારણ =અંતરંગ કારણ હોવાથી પૂર્વજ્ઞાન ક્ષણ દ્વારા દ્વિતીય જ્ઞાનક્ષણ, તેના દ્વારા તૃતીય જ્ઞાનક્ષણ આ રીતે નૂતન ક્ષણિક જ્ઞાનક્ષણોની ધારા સર્વદા ચાલતી રહેશે.—સંસાર અવસ્થામાં નિદ્રા, મૂર્છા વગેરે અવસ્થામાં જ્ઞાનાદિનો વિચ્છેદ થવાથી જ્ઞાનાદિસંતાન અટકી પડશે.—આવી શંકા ન કરવી, કારણ કે નિદ્રા વગેરે અવસ્થામાં પણ અવ્યક્ત જ્ઞાનની ધારા ચાલતી હોવાથી જ્ઞાનાદિસંતાનનો વિચ્છેદ તે અવસ્થામાં અસિદ્ધ છે.—જો નિદ્રા અવસ્થામાં પણ જ્ઞાનાદિ ઉત્પન્ન થતા હોય તો જાગૃત અવસ્થા

**चैवं जाग्रत्सुषुप्त्यवस्थासङ्करः, व्यक्ताव्यक्तज्ञानयोगात् तदसाङ्कर्यात् । 'सुषुप्तौ सतो ज्ञानादेः कथमनुपलक्षणमि'ति चेत् ? अश्वविकल्पकाले गोदर्शनस्येवेति विभाव्यताम् । न च युगपज्ज्ञानद्वयानभ्युपगमात् तदा तदसम्भवः, सविकल्पाविकल्पयोर्युगपद्वृत्तेरनुभवाद्, अन्यथा 'यदा मया गौर्दृष्टः तदाऽश्वो विकल्पितः' इत्युत्तरकालं प्रतिसन्धानं न स्यात् ।**

---

અને સુષુપ્ત અવસ્થામાં ભેદ જ નહીં રહે. જાગૃત અવસ્થામાં જ્ઞાન ઉત્પન્ન થાય છે અને નિદ્રા દશામાં જ્ઞાન ઉત્પન્ન થતું નથી. આવું માનવામાં આવે તો જ બે અવસ્થામાં ભેદ ઘટી શકશે.—આ સમસ્યાનું સમાધાન એ છે કે ઋજુસૂત્રમતાનુસાર જાગૃત અવસ્થામાં વ્યક્ત જ્ઞાન ઉત્પન્ન થાય છે અને નિદ્રા અવસ્થામાં અવ્યક્ત જ્ઞાન ઉત્પન્ન થાય છે. જ્ઞાન બન્ને અવસ્થામાં ઉત્પન્ન થવા છતાં વ્યક્ત-અવ્યક્ત ભેદથી જ્ઞાનમાં ભેદ પડી શકે છે અને તેના નિમિત્તે જાગૃત અવસ્થા અને નિદ્રા દશામાં તફાવત રહી શકે છે.

સુ૦ । અહીં પ્રશ્ન ઉદ્ભવે છે કે—સુષુપ્તિ અવસ્થામાં જ્ઞાન હોવા છતાં તે અવ્યક્ત કેમ છે ? તેનું ભાન કેમ થતું નથી ?—જેના સમાધાનમાં ઋજુસૂત્રમતાવલંબીઓનું એવું કથન છે કે આ અશ્વ છે એવા વિકલ્પ સમયે ગાયનું દર્શન =નિર્વિકલ્પક પ્રત્યક્ષ થાય છે. તેથી એ બન્ને સાથે હોવા છતાં ગાયના દર્શન =નિર્વિકલ્પક પ્રત્યક્ષનું ભાન થતું નથી, કારણ કે નિર્વિકલ્પ જ્ઞાન અતીન્દ્રિય હોય છે. આ રીતે સુષુપ્ત દશામાં જ્ઞાન હોવા છતાં તે અતીન્દ્રિય =અવ્યક્ત હોવાના લીધે તેનું ત્યારે ભાન થતું નથી. અહીં ફરીથી એવો પ્રશ્ન થાય કે—એક સમયે બે જ્ઞાન માન્ય ન હોવાથી સવિકલ્પ અશ્વજ્ઞાન અને નિર્વિકલ્પ ગોદર્શન એક સાથે એકત્ર રહી જ કેવી રીતે શકે ?—તો તેનું સમાધાન તો આપણો અનુભવ જ આપે છે, કારણ કે અશ્વવિકલ્પ સમયે જ ગોદર્શનની હાજરી અનુભવાય છે. જો સવિકલ્પક જ્ઞાન અને નિર્વિકલ્પક જ્ઞાનને એક સાથે એકત્ર માન્ય કરવામાં ન આવે તો જ્યારે મેં ગાયને જોઈ તે જ સમયે ઘોડાનો મેં વિચાર કર્યો હતો આવું ઉત્તર કાલમાં અનુસંધાન થઈ ના શકે. આ અનુસંધાન જ સિદ્ધ કરી આપે છે કે ગોદર્શન સમયે પણ અશ્વવિકલ્પ હાજર છે. જ્ઞાનાદિ ક્ષણસ્વરૂપ છે આવું સિદ્ધ કરવાની જરૂર નથી, કારણ કે જ્ઞાનની ક્ષણિક સત્તા જ જ્ઞાનને ક્ષણાત્મક સિદ્ધ કરી આપે છે. ક્ષણસત્તા =ક્ષણિક સત્તા ક્ષણથી અભિન્ન છે તેમ ક્ષણસ્વરૂપમાં દેખાય છે. જ્ઞાનાદિની પણ સત્તા ક્ષણિક હોવાથી જ્ઞાનાદિ પણ ક્ષણથી ભિન્ન નથી પણ ક્ષણાત્મક જ છે. તથા સમર્થ ક્ષણ સજાતીય ક્ષણને ઉત્પન્ન કરે જ છે. આથી મુક્તિમાં પણ જ્ઞાન-સુખની ધારા ચાલતી રહેશે. અહીં એવી શંકા ના કરવી—મોક્ષમાં શરીરાદિ ગેરહાજર હોવાથી જ્ઞાનાદિ કેવી રીતે ઉત્પન્ન થઈ શકશે ?—કારણ કે શરીર વગેરે જ્ઞાનાદિના અપેક્ષાકારણ = સહકારી કારણ છે. સહકારી કારણ નિયત નથી હોતા. અંજન વગેરે ચાક્ષુષ પ્રત્યક્ષ પ્રત્યે સહકારી કારણ હોવા છતાં દરેક ચાક્ષુષ પ્રત્યક્ષની નિયત પૂર્વવર્તી હોય જ—એવો નિયમ ન હોવાથી અંજનાદિ વિના પણ જેમ ચક્ષુજન્ય સાક્ષાત્કાર ઉત્પન્ન થઈ શકે છે તેમ શરીર વગેરે જ્ઞાન, સુખ પ્રત્યે સહકારી કારણ હોવા છતાં દરેક જ્ઞાનાદિની પૂર્વક્ષણે તે ઉપસ્થિત હોય જ એવો નિયમ ન હોવાથી શરીરાદિ વિના પણ મુક્તિમાં

**ज्ञानादीनां क्षणरूपता च क्षणसत्तया सिद्धा क्षणसत्तायाः क्षणतादात्म्य-नियतत्वात्, क्षणस्वरूपे तथादर्शनात् । समर्थश्च क्षणः सजातीयक्षणमारभत एव, शरीराद्यपेक्षाकारणानामनियतत्वात् तद्विरहेऽपि मुक्तिकालीनज्ञानाद्युत्पत्त्यविरोधात्, विशिष्टदेशकालादेश्चापेक्षाहेतोस्तदाप्यक्षतत्वादिति ।**

**( २७ ) सङ्ग्रहनयावलम्बिनस्तु सङ्गिरन्ते कर्मक्षयाविर्भूतं सुखसंवेदनमेव मुक्तिः । तद्धि जीवस्य स्वभावः सेन्द्रियदेहाद्यपेक्षाकारणस्वरूपावरणेनाच्छाद्यते प्रदीपस्यापवरकावस्थितपदार्थप्रकाशकत्वस्वभाव इव तदावारकशरावादिना, तदपगमे**

---

પૂર્વજ્ઞાનાદિ ક્ષણ દ્વારા નૂતન જ્ઞાનાદિ ક્ષણનો જન્મ થવામાં કોઈ વાંધો નથી. બીજી વાત એ છે કે જ્ઞાનાદિના અન્ય અપેક્ષાકારણ = સહકારી કારણ વિશિષ્ટ દેશ, વિશિષ્ટ કાળ વગેરે તો મુક્તિમાં પણ હાજર છે જ. આથી મોક્ષમાં જ્ઞાનાદિની ધારા ચાલુ રહેવામાં કોઈ બાધા નથી. માટે મોક્ષ એ અખંડ =ક્યારેય જેમાં વિચ્છેદ = ભંગ ન પડે તેવી જ્ઞાન-સુખસંતતિ સ્વરૂપ જ છે—એમ નિશ્ચિત થાય છે.

### કર્મક્ષયાવિર્ભૂત સુખસંવેદન = મોક્ષ-સંગ્રહનય

(૨૭) સંગ્રહનયના અનુયાયીઓનું એવું વક્તવ્ય છે કે—કર્મક્ષયથી પ્રગટનાર સુખનું સંવેદન એ જ મોક્ષ છે. સુખસંવેદન એ જીવનો સ્વભાવ છે. પરંતુ ઈન્દ્રિય, દેહ વગેરે અપેક્ષાકારણસ્વરૂપ આવરણથી તે આચ્છાદિત થાય છે. આની સંગતિ માટે પ્રદીપનું દૃષ્ટાંત છે. ઓરડામાં રહેલ પ્રદીપનો સ્વભાવ છે કે ઓરડામાં રહેલ પદાર્થને પ્રકાશિત કરવા. છતાં જો દીવા ઉપર કોડિયું વગેરે ઢાંકવામાં આવે તો દીવાનો વસ્તુપ્રકાશનસ્વભાવ આવરાય છે. કોડિયું હટાવી લેવામાં આવે તો જેમ દીવાનો પ્રકાશસ્વભાવ વ્યક્ત થાય છે, તેને પેદા નથી કરવો પડતો. તેમ કર્મ, શરીર વગેરે આવરણ હટી જાય તો જીવનો વિશિષ્ટ પ્રકાશસ્વભાવ પ્રગટ થાય છે, બધા કર્મ ખસી ગયા પછી પ્રકાશસ્વભાવ =જ્ઞાનસ્વભાવને મેળવવા કોઈ પુરુષાર્થ કરવાની જરૂર નથી. અહીં એવી શંકા થાય કે—શરીર વગેરેની ગેરહાજરીમાં જ્ઞાનાદિ સંભવી જ કેમ શકે ?—તો આ શંકા વ્યાજબી નથી, કારણ કે જો શરીર, કર્મ વગેરેથી આવરાયેલ જ્ઞાનાદિનો શરીરાદિના ગેરહાજરીમાં મોક્ષમાં અભાવ માનવામાં આવે તો કોડિયા વગેરેથી ઢંકાયેલ પ્રદીપનો પણ કોડિયા વગેરેની ગેરહાજરીમાં અભાવ થવાની આપત્તિ આવશે. માટે કોડિયાની ગેરહાજરીમાં જેમ પ્રદીપનો પ્રકાશસ્વભાવ વ્યક્ત થાય છે તેમ શરીરાદિની ગેરહાજરીમાં આત્માનો જ્ઞાનસ્વભાવ પ્રગટ થાય છે—આમ માનવું યુક્તિસંગત છે. અહીં એવી શંકા કરવામાં આવે કે—કોડિયા વગેરે પ્રદીપાદિના આવારક છે, પરંતુ જનક નથી. તેથી કોડિયા વગેરેની ગેરહાજરીમાં દીવા વગેરેનો પ્રાદુર્ભાવ થઈ શકે છે. જ્યારે શરીરાદિ તો જ્ઞાનાદિના જનક હોવાથી તેની અનુપસ્થિતિમાં જ્ઞાનાદિનો સંભવ કેવી રીતે મુક્તિમાં હોઈ શકે ?—તો તેનું સમાધાન એ છે કે જ્યારે દીવાને કોડિયા વગેરેથી ઢાંકી દેવામાં આવે છે ત્યારે તેને દીવાના પ્રકાશસ્વભાવનો આવારક માનવામાં આવે છે—

**तु प्रदीपस्येव जीवस्यापि विशिष्टप्रकाशस्वभावोऽयत्नसिद्ध एवेति ।**

**शरीराभावे ज्ञानाद्यभावोऽप्रेर्य एव, अन्यथा शरावाद्यभावे प्रदीपादेरभाव-प्रसङ्गात् ।**

**शरावादेः प्रदीपाद्यजनकत्वान्नोक्तप्रसङ्ग इति चेत् ? न, तथाभूतप्रदीप-परिणत्यजनकत्वे शरावादेस्तदनावारकत्वप्रसङ्गादिति दिक् ।**

---

તેની ઉપપત્તિ તો જ થઈ શકે, જો કોડિયાને દીવાના સાવૃત પ્રકાશપરિણામનો જનક માનવામાં આવે. જ્યારે કોડિયાને દીવા સાથે કોઈ સંપર્ક નથી હોતો ત્યારે દીવાનો પ્રકાશ ચારે દિશામાં દૂર સુધી ફેલાય છે. પરંતુ જ્યારે દીવાને કોડિયાથી ઢાંકી દેવામાં આવે છે ત્યારે દીવાનો પ્રકાશ સાવૃત =નિયંત્રિત =મર્યાદિત થઈ જાય છે. જો દીવાની આ પરિણતિ પ્રત્યે કોડિયાને કારણ માનવામાં ન આવે તો કોડિયા વગેરે દીવાના આવારક જ નહીં બની શકે, કારણ કે દીવાના આવારક બનવાનો અર્થ એ જ છે કે પૂર્વે ઓરડામાં રહેલ સર્વ વસ્તુના પ્રકાશ કરવાના પ્રદીપના સ્વભાવને દબાવીને પ્રદીપની તે સર્વના અપ્રકાશનની પરિણતિને ઉત્પન્ન કરવી. આ વિષયમાં હજુ ઘણું આગળ વિચારી શકાય તેમ છે. આ તો એક દિગ્દર્શન માત્ર છે.

• • •

# मुक्तिद्वात्रिंशिका

कर्ता: महो. श्रीयशोविजयजीगणी
अनुवाद: पू.आ.श्रीवि.चन्द्रगुप्तसू.म.

# मुक्तिद्वात्रिंशिका

**( १ )** अनन्तरं कवलभोजित्वेऽपि कृतार्थत्वं केवलिनो व्यवस्थापितम् । सर्वथा कृतार्थत्वं चास्य मुक्तौ व्यवतिष्ठत इति बहुविप्रतिपत्तिनिरासेन मुक्तिरत्र व्यवस्थाप्यते–

**दुःखध्वंसः परो मुक्ति-र्मानं दुःखत्वमत्र च ।**
**आत्मकालान्यगध्वंस-प्रतियोगिन्यवृत्तिमत् ॥१॥**

**दुःखध्वंस** इति । परो दुःखध्वंसो मुक्तिः । परत्वं च समानकालीनसमानाधिकरणदुःखप्रागभावासमानदेशत्वं **वर्धमान**ग्रन्थे श्रूयते । तत्र च यद्यत्स्वसमानकालीनस्वसमानाधिकरणदुःखप्रागभावसमानदेशमिदानीन्तनदुःखध्वंसादि तत्तद्भेदो निवेश्यः । अन्यथा चरमदुःखध्वंसमानकालीनसमानाधिकरणदुःखप्रागभावाप्रसिद्धेः । वस्तुतः समानाधिकरणदुःखप्रागभावासमानकालीनदुःखध्वंसो मुक्तिरित्येकं लक्षणम्, अपरं च समानकालीनदुःखप्रागभावासमानाधिकरणो दुःखध्वंस इति लक्षणद्वये तात्पर्यम् । तेन

---

(૧) આ પૂર્વે ત્રીસમી બત્રીશીમાં શ્રી કેવલીપરમાત્માના કવલાહારથી પણ તેઓશ્રીમાં કૃતાર્થપણું સંગત છે - એ જણાવ્યું. સર્વથા કૃતાર્થત્વ તો મુક્તિમાં વ્યવસ્થિત છે. તેથી મુક્તિના વિષયમાં જે અનેક વિપ્રતિપત્તિઓ છે, તેનું નિરાકરણ કરવા વડે હવે મુક્તિનું વ્યવસ્થાપન કરે છે-

''અત્યંત દુઃખધ્વંસ મુક્તિ છે, એમાં પ્રમાણ એ છે કે - આત્મા અને કાલથી ભિન્નમાં રહેનાર ધ્વંસના પ્રતિયોગીમાં નહિ રહેનાર દુઃખત્વ (આ પક્ષ છે.)'' - આ પ્રમાણે પ્રથમ શ્લોકનો અક્ષરાર્થ છે. સાધ્ય અને હેતુ વગેરેનું વર્ણન આગળના શ્લોકથી કરાશે.

આશય એ છે કે—પર(અત્યંત) દુઃખધ્વંસ મુક્તિ છે. દુઃખનો ધ્વંસ તો દરેક આત્મામાં હોવાથી દરેકમાં મુક્તત્વ માનવાનો પ્રસંગ આવતો હોવાથી તેના નિવારણ માટે દુઃખધ્વંસમાં પરત્વ વિશેષણનો નિવેશ છે. દરેક આત્મામાં પરદુઃખધ્વંસ ન હોવાથી તેમાં મુક્તત્વ માનવાનો પ્રસંગ નહિ આવે. જે આત્મામાં દુઃખનો ધ્વંસ થયા પછી ક્યારે પણ તે આત્મામાં દુઃખની ઉત્પત્તિ થવાની ન હોય, તો તે આત્મામાં રહેલા દુઃખધ્વંસને પર દુઃખધ્વંસ કહેવાય છે. આપણા આત્મામાં દુઃખધ્વંસ હોવા છતાં દુઃખની ઉત્પત્તિ થતી હોવાથી એ(દુઃખધ્વંસ) પર નથી. મુક્તાત્માઓમાં દુઃખની ઉત્પત્તિ થતી ન હોવાથી તેમનામાં પર દુઃખધ્વંસ છે.

ન્યાયની પરિભાષામાં દુઃખધ્વંસના પરત્વનું વર્ણન કરતી વખતે વર્ધમાન ઉપાધ્યાયે પ્રકાશટીકામાં જણાવ્યું છે કે 'સ્વસમાનકાલીન સ્વસમાનાધિકરણ (પોતાના કાલમાં રહેનાર અને પોતાના અધિકરણમાં રહેનાર) જે દુઃખપ્રાગભાવ છે તેના અસમાન દેશમાં રહેનાર દુઃખધ્વંસને પરદુઃખધ્વંસ કહેવાય છે. અર્થાત્ દુઃખધ્વંસમાં તાદૃશ(સ્વસમાનકાલીન સ્વસમાનાધિકરણ દુઃખપ્રાગભાવ) અસમાન દેશત્વસ્વરૂપ પરત્વ છે. જેમ જેમ દુઃખ ભોગવાતું જાય તેમ તેમ દુઃખનો ધ્વંસ થતો જાય છે. એ વખતે ભવિષ્યમાં આવનારા દુઃખનો પ્રાગભાવ પણ હોય છે. આપણા સૌના

नासमानदेशत्वविवेचनेऽन्यतरविशेषणवैयर्थ्यम् । **मानं**=प्रमाणं **चात्र**=मुक्तौ दुःखत्वमिति पक्षः । **आत्मकालान्यग**=आत्मकालान्याकाशादिवृत्तिर्यो **ध्वंसः** शब्दादेस्तत्**प्रतियोगिनि** शब्दादाव**वृत्तिमद**वर्तमानं । शब्दादिवृत्तित्वेनार्थान्तरवारणार्थमेतत्पक्षविशेषणं, बाधास्फूर्तिदशायां तत्सिद्धिप्रसङ्गात्, नियतबाधस्फोरणेनैतत्साफल्याद् । अवृत्तिदुःखत्वमित्युक्तावसिद्धिः, दुःखत्वस्य दुःखवृत्तित्वाद् । ध्वंसेत्याद्युक्तावपि ध्वंसप्रतियोगिनि, कालान्यवृतीत्याद्युक्तावपि कालान्यात्मवृत्तिदुःखध्वंसप्रतियोगिनि, कालान्यत्वत्यागे चात्मान्यकालवृत्तिदुःखध्वंसप्रतियोगिनि दुःखे विद्यमानत्वात् सैवेति संपूर्णम् । आत्मकालपदेन तदुपाध्योरपि ग्रहाच्च न तस्यास्तादवस्थ्यम् ॥१॥

---

આત્મામાં આવો દુઃખધ્વંસ અને દુઃખપ્રાગભાવ બંન્ને હોય છે. તેથી તે દુઃખધ્વંસ સ્વ(દુઃખધ્વંસ) સમાનકાલીન અને સ્વસમાનાધિકરણ એવા દુઃખપ્રાગભાવનો સમાનદેશીય છે. મુક્તાત્માઓના આત્મામાં રહેલો દુઃખધ્વંસ, તેઓશ્રીના આત્મામાં દુઃખની ઉત્પત્તિ થવાની ન હોવાથી તાદશ દુઃખપ્રાગભાવનો અસમાનદેશીય છે તેથી મુક્તાત્માઓનો દુઃખધ્વંસ પર છે.

માત્ર સ્વસમાનકાલીનદુઃખપ્રાગભાવાસમાનદેશીય દુઃખધ્વંસને પરદુઃખધ્વંસ કહેવામાં આવે અર્થાત્ દુઃખપ્રાગભાવનું સ્વસમાનાધિકરણત્વં વિશેષણ આપવામાં ન આવે તો ચૈત્રાદિના આત્મામાં રહેલા દુઃખધ્વંસના સમાનકાલમાં તો મૈત્રાદિમાં રહેલો દુઃખપ્રાગભાવ પણ છે. તેથી તાદશ ચૈત્રાદિમાં વૃત્તિ(રહેનાર) દુઃખધ્વંસના સમાનકાલીન મૈત્રાદિવૃત્તિ દુઃખપ્રાગભાવનું અસમાનદેશિત્વ-(ભિન્નાધિકરણવૃત્તિત્વ-વ્યધિકરણત્વ) ચૈત્રાદિવૃત્તિ દુઃખધ્વંસમાં પણ હોવાથી ચૈત્રાદિમાં મુક્તત્વ માનવાનો પ્રસંગ આવશે. તેના નિવારણ માટે સ્વસમાનકાલીનદુઃખપ્રાગભાવ સ્વસમાનાધિકરણ વિવક્ષિત છે. તેથી ચૈત્રાદિવૃત્તિદુઃખધ્વંસ-સમાનકાલીન મૈત્રાદિવૃત્તિ દુઃખપ્રાગભાવ, સ્વ(ચૈત્રાદિવૃત્તિ-દુઃખધ્વંસ)સમાનાધિકરણ ન હોવાથી તેને(મૈત્રાદિવૃત્તિ દુઃખપ્રાગભાવને) લઈને ચૈત્રાદિમાં મુક્તત્વ માનવાનો પ્રસંગ નહિ આવે.

માત્ર સ્વસમાનાધિકરણ-દુઃખપ્રાગભાવાસમાનદેશત્વસ્વરૂપ પરત્વ માનવામાં આવે તો મુક્તાત્માઓને અમુક્ત માનવાનો પ્રસંગ આવશે. કારણ કે મુક્ત આત્માઓમાં સર્વથા દુઃખધ્વંસ તથા પૂર્વે દુઃખનો પ્રાગભાવ હતો. તેથી સ્વ(દુઃખધ્વંસ)સમાનાધિકરણ એ પૂર્વકાલીન પ્રાગભાવનું સમાનદેશિતત્વ જ મુક્તાત્માઓના દુઃખધ્વંસમાં છે. દુઃખપ્રાગભાવ, સ્વસમાનકાલીન જ વિવક્ષિત હોવાથી મુક્તાત્માઓમાં અમુક્તત્વ માનવાનો પ્રસંગ નહિ આવે. કારણ કે મુક્તાત્માઓનો દુઃખપ્રાગભાવ સ્વસમાનકાલીન(દુઃખધ્વંસસમાનકાલીન) નથી, ભિન્નકાલીન છે. તેથી તેને લઈને ઉપર જણાવ્યા મુજબ મુક્તાત્માઓમાં અમુક્તત્વ માનવાનો પ્રસંગ નહીં આવે. આથી સમજી શકાશે કે ચરમદુઃખધ્વંસ સ્વરૂપ મુક્તિ છે : એ તાત્પર્ય છે. ચરમદુઃખધ્વંસ અને પરદુઃખધ્વંસનું સ્વરૂપ ઉપર જણાવ્યા મુજબનું છે.

જો કે આ રીતે ''स्वसमानकालीनस्वसमानाधिकरणदुःखप्रागभावासमानदेशत्वं परत्वम्'' અહીં 'स्व' પદથી ચરમદુઃખધ્વંસનું અર્થાત્ જેમાં પરત્વ અભિમત હોય તે ધ્વંસનું ગ્રહણ કરાય છે. તેથી

ચરમધ્વંસ(દુઃખધ્વંસ) સમકાલીન દુઃખપ્રાગભાવ કોઈ પણ સ્થાને પ્રસિદ્ધ ન હોવાથી દુઃખધ્વંસના પરત્વની પણ અપ્રસિદ્ધિ થશે. પરંતુ દુઃખધ્વંસના પરત્વના લક્ષણનું તાત્પર્ય એ છે કે - 'જે જે સ્વસમાનકાલીન-સ્વસમાનાધિકરણ-દુઃખપ્રાગભાવના સમાનદેશમાં (સમાનાધિકરણમાં) રહેનાર વર્તમાન દુઃખધ્વંસાદિ છે તેના તેના ભેદથી વિશિષ્ટ એવા દુઃખધ્વંસને પર દુઃખધ્વંસ કહેવાય છે. આપણા આત્મામાં રહેલા દુઃખધ્વંસના કાળમાં રહેલો, આપણા આત્મામાં જે દુઃખપ્રાગભાવ છે, તેના સમાન દેશમાં રહેલો આપણા આત્મામાંનો જ દુઃખધ્વંસ છે. એ દુઃખધ્વંસથી ભિન્ન એવો દુઃખધ્વંસ, મુક્તાત્માઓના આત્મામાં છે. મુક્તાત્માઓના આત્મામાં દુઃખનો પ્રાગભાવ ન હોવાથી તાદશ દુઃખપ્રાગભાવવિશિષ્ટ દુઃખધ્વંસ તે મુક્તાત્માઓના આત્મામાં નથી. સંસારી આત્માઓમાં જ છે અને તેનાથી ભિન્નત્વ મુક્તાત્માઓના આત્માના દુઃખધ્વંસમાં છે જ.'

स्वसमानकालीनस्वसमानाधिकरणदुःखप्रागभावासमानदेशत्वं परत्वम् અહીં યદ્યપિ સ્વસમાનકાલીનત્વ અને સ્વસમાનાધિકરણત્વ : આ, દુઃખપ્રાગભાવનાં બંન્ને વિશેષણમાંથી કોઈ પણ એક વિશેષણ વ્યર્થ છે. કારણ કે સ્વસમાનકાલીન(ચરમદુઃખધ્વંસસમાનકાલીન) ચૈત્રાદિમાં રહેનાર દુઃખપ્રાગભાવનું અસમાનદેશત્વ, મુક્તાત્માઓના ચરમદુઃખધ્વંસમાં છે જ. તેમ જ સ્વસમાનાધિકરણ (ચૈત્રાદિમાં રહેલા દુઃખધ્વંસના અધિકરણ ચૈત્રાદિના આત્મામાં રહેનાર) દુઃખપ્રાગભાવનું પણ અસમાનદેશત્વ મુક્તાત્માઓના દુઃખધ્વંસમાં છે જ. ચૈત્રાદિના દુઃખધ્વંસમાં તાદશ અસમાનદેશત્વ નથી, સમાનદેશત્વ જ છે. તેથી અહીં પરત્વના સ્વરૂપમાં દુઃખપ્રાગભાવનાં બે વિશેષણમાં અન્યતર વિશેષણ વ્યર્થ છે. પરંતુ વર્ધમાન ઉપાધ્યાયનું તાત્પર્ય બે લક્ષણ જણાવવાનું છે.

स्वसमानाधिकरणदुःखप्रागभावाऽसमानकालीनदुःखध्वंसो मुक्तिः – આ એક લક્ષણ છે અને स्वसमानकालीनदुःखप्रागभावाऽसमानाधिकरणो दुःखध्वंसो मुक्तिः – આ બીજું લક્ષણ છે. જેનો આશય ઉપર જણાવ્યા મુજબ સ્પષ્ટ છે.

મોક્ષની સિદ્ધિ માટે અનુમાનનો ઉપન્યાસ કરાય છે - मानं दुःखत्वमत्र च....ઇત્યાદિ ગ્રંથથી. એનો આશય એ છે કે - "आत्मकालान्यगध्वंसप्रतियोगिन्यवृत्तिमद् दुःखत्वम्, असुखप्राग-भावानाधारगध्वंसप्रतियोगिवृत्तिमत् सत्कार्यमात्रवृत्तित्वाद् दीपत्ववद्" આ અનુમાનથી મોક્ષની જે રીતે સિદ્ધિ થાય છે, તે હવે પછીના શ્લોકોથી જણાવાશે. આ શ્લોકમાં અનુમાનના પક્ષની જ વિચારણા કરી છે. આત્મા અને કાળને છોડીને બીજા-આકાશાદિમાં વૃત્તિ (રહેનાર-વર્તમાન) શબ્દાદિનો જે ધ્વંસ છે, તેના પ્રતિયોગી શબ્દાદિ છે. (જેનો અભાવ, તે અભાવના પ્રતિયોગી છે.) એ શબ્દાદિમાં દુઃખત્વ અવૃત્તિ છે. (અવર્તમાન છે.) દુઃખત્વમાં તાદશ-આત્મકાલાન્યગધ્વંસપ્રતિયોગીમાં રહેલી અધિકરણતા-નિરૂપિત વૃત્તિતાનો અભાવ (તાદશાવૃત્તિત્વ) છે. ઉપર જણાવેલા અનુમાનમાં 'દુઃખત્વ' પક્ષ છે. શબ્દાદિવૃત્તિત્વને લઈને અર્થાંતરદોષ ન આવે - એ માટે आत्मकालान्यगध्वंस-प्रतियोगिन्यवृत्तिमत्त्व (प्रतियोग्यवृत्तित्व): આ વિશેષણનો નિવેશ પક્ષમાં છે. ત્યાં (પક્ષમાં) સત્કાર્યમાત્રવૃત્તિત્વ છે અને દુઃખપ્રાગભાવનો અનાધાર જે મહાકાળ છે તેમાં વૃત્તિ એવા દુઃખધ્વંસના પ્રતિયોગી દુઃખનિરૂપિતવૃત્તિત્વ(સાધ્ય) પણ છે.

આથી સમજી શકાશે કે અહીં દુઃખત્વસામાન્યમાં સાધ્યસિદ્ધિ અભિપ્રેત નથી. પરંતુ તાદશ

**( ૨ ) सत्कार्यमात्रवृत्तित्वात् , प्रागभावोऽसुखस्य यः ।**
**तदनाधारगध्वंस-प्रतियोगिनि वृत्तिमत् ॥२॥**

આત્મકાલાન્યવૃત્તિધ્વંસપ્રતિયોગ્યવૃત્તિત્વવિશિષ્ટ દુઃખત્વમાં સાધ્યસિદ્ધિ અભિપ્રેત છે. દુઃખત્વનું તાદૃશ પ્રતિયોગ્યવૃત્તિત્વ વિશેષણ ન આપીએ તો, આત્મા અને કાળને છોડીને અન્ય આકાશાદિમાં વૃત્તિ શબ્દાદિધ્વંસના પ્રતિયોગી શબ્દાદિવૃત્તિત્વસ્વરૂપે દુઃખત્વમાં સાધ્યસિદ્ધિ થવાથી અર્થાંતરદોષનો પ્રસંગ આવે છે. અભિપ્રેતાર્થસ્વરૂપથી ભિન્નસ્વરૂપે સાધ્ય-સિદ્ધિ થાય તો અર્થાંતરદોષ આવે છે. આત્મકાલાન્યવૃત્તિ-ધ્વંસપ્રતિયોગ્યવૃત્તિત્વ આ 'દુઃખત્વ' પક્ષનું વિશેષણ વિવક્ષિત હોય તો તે સ્વરૂપે જ સાધ્યની સિદ્ધિ થવાથી ઉપર જણાવ્યા મુજબ અર્થાંતર નહીં આવે.

યદ્યપિ દુઃખત્વમાં શબ્દાદિવૃત્તિત્વ બાધિત છે. (કારણ કે દુઃખત્વ દુઃખમાં રહે છે, શબ્દાદિમાં નહિ.) તેથી તે સ્વરૂપે દુઃખત્વમાં સાધ્યસિદ્ધિ થતી ન હોવાથી અર્થાંતરનો પ્રસંગ આવતો નથી, પરંતુ જ્યાં સુધી બાધનું સ્ફુરણ ન થાય ત્યાં સુધી અર્થાંતરદોષનો પ્રસંગ છે જ. ઉપર જણાવ્યા મુજબ વિશેષણનું ઉપાદાન કરવાથી ચોક્કસ જ બાધનું સ્ફુરણ થવાથી અર્થાંતરદોષ નહીં આવે. તેથી સ્પષ્ટ છે કે નિયત બાધનું સ્ફુરણ કરાવવા દ્વારા ઉપર જણાવેલું વિશેષણ સાર્થક છે...ઇત્યાદિ ભણાવનાર પાસેથી સમજી લેવું.

'अवृत्तिदुःखत्वम्' આ પ્રમાણે દુઃખત્વનું માત્ર અવૃત્તિત્વ વિશેષણ આપવામાં આવે તો દુઃખમાં દુઃખત્વ વૃત્તિ હોવાથી દુઃખત્વમાં અવૃત્તિત્વ અપ્રસિદ્ધ હોવાથી આશ્રયાસિદ્ધિદોષ આવશે. પક્ષતાવચ્છેદકના (પક્ષના વિશેષણના) અભાવવાળો પક્ષ હોય ત્યારે આશ્રયાસિદ્ધિ દોષ આવે છે. ध्वंसप्रतियोगिन्यवृत्तिमत्त्व માત્ર દુઃખત્વનું વિશેષણ આપવામાં આવે તોપણ આશ્રયાસિદ્ધિદોષ આવે છે. કારણ કે દુઃખધ્વંસના પ્રતિયોગી દુઃખમાં દુઃખત્વ વૃત્તિ જ છે. દુઃખત્વનું कालान्यवृत्तिध्वंस-प्रतियोगिन्यवृत्तिमत्त्व વિશેષણ આપવામાં આવે તો પણ આશ્રયાસિદ્ધિદોષ આવે છે. કારણ કે કાલાન્ય આત્મામાં વૃત્તિ દુઃખધ્વંસના પ્રતિયોગી દુઃખમાં દુઃખત્વ વૃત્તિ જ છે. આવી જ રીતે દુઃખત્વનું आत्मान्यवृत्तिध्वंसप्रतियोगिन्यवृत्तिमत्त्व વિશેષણ આપવામાં આવે તોપણ આશ્રયાસિદ્ધિ સ્પષ્ટ છે. કારણ કે આત્માને છોડીને અન્ય કાલાદિમાં કાલિકસંબંધથી દુઃખધ્વંસ વૃત્તિ છે. તેના પ્રતિયોગી દુઃખમાં દુઃખત્વ વૃત્તિ જ છે. તેથી દુઃખત્વનું आत्मकालान्यगध्वंसप्रतियोगिन्यवृत्तिमत्त्व - આ સંપૂર્ણ વિશેષણ આપ્યું છે. જેથી ઉપર જણાવ્યા મુજબ આશ્રયાસિદ્ધિ નહિ આવે. કારણ કે આત્મા અને કાળને છોડીને બીજે ક્યાંય દુઃખધ્વંસ વૃત્તિ નથી.

યદ્યપિ આત્મા અને કાળને છોડીને અન્ય શરીરાદિસ્વરૂપ આત્મોપાધિમાં અવચ્છેદકતા-સંબંધથી અને અનિત્ય ઘટપટાદિ સ્વરૂપ કાલોપાધિમાં કાલિકસંબંધથી દુઃખધ્વંસ વૃત્તિ હોવાથી તેને લઈને ઉપર જણાવ્યા મુજબ આશ્રયાસિદ્ધિદોષ અવસ્થિત જ છે. પરંતુ અહીં आत्मकाल પદથી આત્મોપાધિસ્વરૂપ શરીરાદિનું અને કાલોપાધિસ્વરૂપ અનિત્ય ઘટપટાદિનું પણ ગ્રહણ કર્યું છે. તેથી આત્મા, કાળ અને આત્મકાલોપાધિથી અન્ય આકાશાદિમાં દુઃખધ્વંસ વૃત્તિ ન હોવાથી આશ્રયાસિદ્ધિદોષ નહીં આવે....ઇત્યાદિ અન્યત્ર અનુસંધેય છે. ॥૩૧-૧॥

(૨) મોક્ષસાધક અનુમાનના પક્ષનું વિવેચન કરીને હવે તેના સાધ્ય અને હેતુનું નિરૂપણ કરાય છે-

**सदिति । असुखस्य**=दुःखस्य **यः प्रागभावस्तदनाधारो** महाप्रलयस्तत्र गच्छति यो **ध्वंसो** दुःखीयस्तत्**प्रतियोगिनि** दुःखं **वृत्तिमद्**िति साध्यं । वृत्तिमदित्युक्तौ सिद्धसाधनं, दुःखत्वस्य दुःखे विद्यमानत्वात् । प्रतियोगिवृत्तित्वोक्तावपि दुःखात्यन्ताभावप्रतियोगि-वृत्तित्वेन, तद्ध्वंसेत्याद्युक्तावपि दुःखध्वंसाङ्गीकारात्तदेव । प्रागभावानाधारवृत्तित्वस्य ध्वंसविशेषणत्वे दृष्टान्तासिद्धिः, प्रदीपावयवानां प्रदीपप्रागभावाधारत्वात्तदर्थं दुःखेत्यादि, प्रदीपावयवास्तु दुःखप्रागभावनाधारभूता इति दृष्टान्तसङ्गतिः । दुःखानधिकरणेत्यादिकरणे खण्डप्रलयेनार्थान्तरता स्यादिति दुःखप्रागभावनिवेशः । **सत्कार्यमात्रवृत्तित्वाद्**िति हेतुः । वृत्तित्वमात्मत्वे व्यभिचारि, कार्यवृत्तित्वमनन्तत्वे, ध्वंसाप्रतियोगित्वरूपस्य तस्याऽकार्ये

---

તાદૃશ (આત્મકાલાન્યગગનાદિવૃત્તિ ધ્વંસના પ્રતિયોગીમાં અવૃત્તિ) દુઃખત્વ - "દુઃખના પ્રાગભાવના અનધારમાં વૃત્તિ એવા ધ્વંસના પ્રતિયોગીમાં વૃત્તિ છે. કારણ કે તેવું દુઃખત્વ સત્કાર્યમાત્રમાં વૃત્તિ છે." - આ પ્રમાણે બીજા શ્લોકનો અક્ષરાર્થ છે. જેનો આશય સ્પષ્ટ કરતાં ટીકામાં ફરમાવ્યું છે કે - અસુખ એટલે દુઃખ, તેનો જે પ્રાગભાવ, તેનો અનાધાર(અનધિકરણ) મહાપ્રલયકાળ, એમાં રહેનારો જે ધ્વંસ તે દુઃખનો ધ્વંસ, તેના પ્રતિયોગી એવા દુઃખમાં દુઃખત્વ (તાદૃશ દુઃખત્વ) વૃત્તિ હોવાથી તાદૃશદુઃખત્વમાં દુઃખપ્રાગભાવાનાધારવૃત્તિધ્વંસપ્રતિયોગિનિરૂપિત વૃત્તિતા(સાધ્ય) છે. વૃત્તિતામાત્રને સાધ્ય માનીએ તો, દુઃખમાં દુઃખત્વ વિદ્યમાન હોવાથી તેને સિદ્ધ કરવામાં સિદ્ધસાધનદોષ પ્રાપ્ત થાય છે. 'પ્રતિયોગિવૃત્તિત્વ' માત્રને સાધ્ય માનીએ તોપણ સિદ્ધસાધન આવે છે. કારણ કે દુઃખના અત્યંતાભાવના પ્રતિયોગી દુઃખનિરૂપિત વૃત્તિતા દુઃખત્વમાં છે જ. 'ધ્વંસપ્રતિયોગિવૃત્તિત્વ'ને સાધ્યરૂપે માનવામાં આવે તોપણ સિદ્ધસાધન દોષ આવે છે. કારણ કે પ્રતિપક્ષી (મોક્ષ ન માનનારા) દુઃખધ્વંસને સ્વીકારતા હોવાથી તત્પ્રતિયોગિદુઃખનિરૂપિતવૃત્તિતા તાદૃશ દુઃખત્વમાં(પક્ષમાં) સિદ્ધ જ છે.

સાધ્યઘટક ધ્વંસના વિશેષણ તરીકે માત્ર પ્રાગભાવાનાધારવૃત્તિત્વનો નિવેશ કરવામાં આવે અર્થાત્ પ્રાગભાવાનાધારવૃત્તિ-ધ્વંસપ્રતિયોગિવૃત્તિત્વને સાધ્ય તરીકે માનવામાં આવે તો ત્રીજા શ્લોકમાં જણાવેલા દીપત્વ સ્વરૂપ દૃષ્ટાંતમાં અસિદ્ધિ આવે છે. અર્થાત્ દૃષ્ટાંત તરીકે દીપત્વને માની શકાશે નહિ. કારણ કે દીપધ્વંસના અધિકરણ પ્રદીપના અવયવોમાં પ્રદીપનો પ્રાગભાવ હોવાથી 'દીપત્વ'માં દીપપ્રાગભાવના આધારભૂત દીપાવયવવૃત્તિ દીપધ્વંસપ્રતિયોગિદીપનિરૂપિત વૃત્તિત્વ છે. પ્રાગભાવના અનાધારભૂતવૃત્તિધ્વંસપ્રતિયોગિવૃત્તિત્વ નથી. તેથી દૃષ્ટાંત દીપત્વમાં સાધ્યસિદ્ધિ ન હોવાથી દૃષ્ટાંતાસિદ્ધિ આવે છે. તેના નિવારણ માટે દુઃખપ્રાગભાવ....ઇત્યાદિનો નિવેશ છે. પ્રદીપના અવયવો દુઃખપ્રાગભાવના અનાધાર હોવાથી દૃષ્ટાંત સંગત છે.

યદ્યપિ દૃષ્ટાંતાસિદ્ધિના નિવારણ માટે દુઃખપ્રાગભાવના સ્થાને માત્ર દુઃખનો નિવેશ કરવાથી પણ ચાલે એવું છે. કારણ કે દુઃખના અનાધાર જ પ્રદીપના અવયવો છે. પરંતુ તેથી મહાપ્રલયના બદલે ખંડપ્રલયની સિદ્ધિ થવાથી અર્થાંતરદોષની પ્રાપ્તિ થાય છે. આશય એ છે કે અહીં મોક્ષની સિદ્ધિ માટે ઉપર જણાવેલા અનુમાનનો ઉપન્યાસ કર્યો છે. એ અનુમાનથી દુઃખપ્રાગભાવના અનાધાર

आत्मादौ कार्ये ध्वंसे च सत्त्वात् । कार्यमात्रवृत्तित्वमपि ध्वंसत्वे व्यभिचारावृत्तित्वे (व्यभिचारि तदर्थं भाववृत्तित्वे) सतीति विशेषणे दीयमानेऽपि न तदुद्धारः, प्रागभावध्वंसस्य प्रतियोगितद्ध्वंसस्वरूपत्वेन ध्वंसत्वस्यापि भाववृत्तित्वात् । ततः सदिति कार्य-विशेषणम् ॥२॥

---

સ્વરૂપે મહાપ્રલયની સિદ્ધિ થાય છે. એથી સર્વજીવોની મુક્તિ સિદ્ધ થાય છે. મહાપ્રલયના સ્થાને જો ખંડપ્રલયની સિદ્ધિ થાય તો બધા જીવોની મુક્તિ સિદ્ધ નહિ થાય. ખંડપ્રલયમાં દુઃખનો ધ્વંસ થતો હોવાથી દુઃખના અનાધારભૂત ખંડપ્રલયમાં વૃત્તિ એવા દુઃખધ્વંસના પ્રતિયોગિ-દુઃખનિરૂપિત વૃત્તિત્વ દુઃખત્વમાં છે જ. આ રીતે ખંડપ્રલયની સિદ્ધિ થવાથી અર્થાંતરની પ્રાપ્તિ થાય છે. ખંડપ્રલયમાં દુઃખોનો ધ્વંસ થતો હોવા છતાં ત્યાં ભવિષ્યમાં (સૃષ્ટ્યંતરમાં) ઉત્પન્ન થનારાં દુઃખોનો પ્રાગભાવ હોય છે. તેથી ખંડપ્રલય દુઃખોનો અનાધાર હોવા છતાં દુઃખપ્રાગભાવનો તે અનાધાર નથી. આથી સમજી શકાશે કે દુઃખપ્રાગભાવના નિવેશથી અર્થાંતર નહીં આવે.

ઉપર્યુક્ત અનુમાનમાં સાધ્યસાધક હેતુ 'सत्कार्यमात्रवृत्तित्व' છે. માત્ર 'વૃત્તિત્વ'ને હેતુ તરીકે રાખીએ તો આત્મનિરૂપિત વૃત્તિત્વ આત્મત્વમાં પણ છે અને ત્યાં દુઃખપ્રાગભાવાનાધારવૃત્તિ-ધ્વંસપ્રતિયોગિવૃત્તિત્વ સાધ્ય ન હોવાથી વ્યભિચાર આવે છે. 'कार्यवृत्तित्व'ને હેતુ માનીએ તો આત્મત્વમાં હેતુ ન હોવા છતાં 'અનંતત્વ'માં હેતુ છે અને ત્યાં સાધ્ય નથી તેથી વ્યભિચાર આવે છે. આશય એ છે કે અનંતત્વ 'ધ્વંસાપ્રતિયોગિત્વ' સ્વરૂપ છે. જેનો ધ્વંસ થતો નથી તેમાં અનંતત્વ રહે છે. અકાર્યસ્વરૂપ આત્માદિમાં અને કાર્યસ્વરૂપ ધ્વંસમાં અનંતત્વ વૃત્તિ છે. આ રીતે ધ્વંસાત્મક-કાર્યનિરૂપિત વૃત્તિત્વ (કાર્યવૃત્તિત્વ) અનંતત્વમાં છે અને તેમાં દુઃખપ્રાગભાવાનધિકરણવૃત્તિ-ધ્વંસપ્રતિયોગિવૃત્તિત્વસ્વરૂપ સાધ્ય નથી, તેથી વ્યભિચાર આવે છે. તેના નિવારણ માટે 'કાર્યમાત્ર-વૃત્તિત્વ'ને હેતુ માનવામાં આવે તો, 'અનંતત્વ' કાર્યમાં(ધ્વંસમાં) અને અકાર્ય(આત્માદિ)માં વૃત્તિ હોવાથી તેમાં કાર્યમાત્રવૃત્તિત્વ નથી. તેથી હેતુ અને સાધ્ય બંન્નેનો અભાવ અનંતત્વમાં હોવાથી વ્યભિચાર નહીં આવે. પરંતુ તેમ કરવાથી કાર્યમાત્રવૃત્તિ ધ્વંસત્વમાં હેતુ છે અને સાધ્ય ન હોવાથી વ્યભિચાર આવે છે. તેના નિવારણ માટે હેત્વંશમાં भाववृत्तित्वे सति આ વિશેષણ આપવામાં આવે અર્થાત્ 'भाववृत्तित्वविशिष्टकार्यमात्रवृत्तित्व'ની હેતુ તરીકે વિવક્ષા કરવામાં આવે તોપણ વ્યભિચારનો ઉદ્ધાર થશે નહિ. કારણ કે પ્રાગભાવનો ધ્વંસ પ્રાગભાવના પ્રતિયોગી(ઘટાદિ ભાવભૂત) સ્વરૂપ છે અને તેના ધ્વંસસ્વરૂપ છે. તેથી પ્રાગભાવના ધ્વંસમાં રહેનાર ધ્વંસત્વ પ્રાગભાવના પ્રતિયોગી એવા ભાવમાં પણ વૃત્તિ છે અને તેથી ધ્વંસત્વમાં ભાવવૃત્તિત્વવિશિષ્ટ કાર્યમાત્રવૃત્તિત્વ હોવાથી અને ત્યાં સાધ્ય ન હોવાથી વ્યભિચાર છે જ. તેના નિવારણ માટે હેત્વંશમાં 'સત્' આ કાર્યમાં વિશેષણ છે. સત્તાજાતિ (દ્રવ્ય ગુણ અને કર્મમાં રહેનારી)ના અધિકરણ દ્રવ્યાદિને 'સત્' કહેવાય છે. પ્રાગભાવનો ધ્વંસ સત્ (સત્તાવિશિષ્ટ) ન હોવાથી તે 'સત્કાર્ય' નથી તેથી ધ્વંસત્વમાં 'સત્કાર્યમાત્રવૃત્તિત્વ' હેતુનો અભાવ હોવાથી ત્યાં સાધ્ય ન હોવા છતાં વ્યભિચારદોષ આવતો નથી...ઇત્યાદિ ઉપયોગપૂર્વક સમજી લેવું. ॥૩૧-૨॥

**( ३ ) दीपत्ववदिति प्राहु-स्तार्किकास्तदसङ्गतम् ।**
**बाधाद् वृत्तिविशेषेष्टा-वन्यथार्थान्तराव्ययात् ॥३॥**

**दीपत्ववद्**िति । **दीपत्ववद्**िति दृष्टान्त **इति प्राहुस्तार्किका**=नैयायिकाः । इत्थं सर्वमुक्तिसिद्धौ चैत्रदुःखत्वादिकं पक्षीकृत्य तत्तन्मुक्तिसाधनोपपत्तेः । तत्तार्किकमत**मसङ्गतं** न्यायापेतम् । **वृत्तिविशेष**स्याभावीयविशेषणतया दुःखप्रागभावानाधारवृत्तित्वस्**येष्टौ** साध्य-कोटिनिवेशोपगमे **बाधात्** दुःखध्वंसस्य दुःखसमवायिन्येव तया वृत्तित्वस्य त्वयोपगमात् । **अन्यथा** सम्बन्धमात्रेण तदिष्टौ **अर्थान्तराव्ययाद्** अर्थान्तरानुद्धारात्, आकाशादावपि

---

(૩) મોક્ષસાધક ઉપર જણાવેલા અનુમાનમાં દૃષ્ટાંત જણાવાય છે-

आत्मकालान्यवृत्तिध्वंसप्रतियोगिन्यवृत्तिमद् दुःखत्वम्, दुःखप्रागभावनाधारवृत्ति-ध्वंसप्रतियोगिवृत्तिमत्, सत्कार्यमात्रवृत्तित्वात् - આ અનુમાનમાં "દૃષ્ટાંત દીપત્વ છે - આ પ્રમાણે તાર્કિકો નૈયાયિકો કહે છે, તે અસંગત છે. કારણ કે સાધ્યઘટક વૃત્તિતાવિશેષનો નિવેશ જો ઈષ્ટ હોય તો બાધ આવે છે અને વૃત્તિતાસામાન્યનો નિવેશ ઈષ્ટ હોય તો અર્થાંતર દોષ આવે છે." - આ પ્રમાણે ત્રીજા શ્લોકનો સામાન્ય અર્થ છે.

એનો આશય સ્પષ્ટ કરતાં ટીકામાં ફરમાવ્યું છે કે - જ્યાં જ્યાં સત્કાર્યમાત્રવૃત્તિત્વ છે ત્યાં ત્યાં દુઃખપ્રાગભાવના અનાધારમાં વૃત્તિ એવા ધ્વંસના પ્રતિયોગિનિરૂપિત વૃત્તિત્વ છે. દા.ત. દીપત્વ, સત્કાર્યદીપકનિરૂપિત વૃત્તિત્વ (સત્કાર્યમાત્રદીપકનિષ્ઠાધિકરણતા-નિરૂપિત વૃત્તિત્વ) દીપત્વમાં છે અને ત્યાં દુઃખપ્રાગભાવાનાધારવૃત્તિ(મહાપ્રલયકાલવૃત્તિ) દીપધ્વંસના પ્રતિયોગી દીપકમાં રહેલી અધિકરણતાનિરૂપિત વૃત્તિતા પણ છે. આ રીતે તાદૃશદુઃખત્વમાં સાધ્યની સિદ્ધિ થવાથી તદ્ઘટક મહાપ્રલયની સિદ્ધિથી બધા જીવોના મોક્ષની સિદ્ધિ થાય છે. ત્યાર પછી તે તે ચૈત્ર મૈત્ર ઈત્યાદિ જીવોના દુઃખત્વને પક્ષ બનાવી તે તે જીવોની મુક્તિને સિદ્ધ કરી શકાય છે - આ પ્રમાણે તાર્કિક-નૈયાયિકોનો મત છે. પરંતુ તે ન્યાયયુક્ત નથી. કારણ કે સાધ્યાંશમાં વૃત્તિવિશેષનો અર્થાત્ દુઃખપ્રાગભાવનિષ્ઠાધેયતાનિરૂપિતાધિકરણતાવદ્ભિન્નાધિકરણતાનિરૂપિત ધ્વંસનિષ્ઠાધેયતાનો અભાવીયવિશેષણતાત્મક સ્વરૂપસંબંધથી (સ્વરૂપસંબંધાવચ્છિન્નરૂપે) નિવેશ કરાય તો બાધ દોષ આવે છે. કારણ કે તાદૃશ અભાવીય વિશેષણતાત્મક સ્વરૂપસંબંધથી દુઃખનો ધ્વંસ, દુઃખના સમવાયિકારણ આત્મામાં જ નૈયાયિકોએ માન્યો છે. તેથી મહાપ્રલયકાળની સિદ્ધિ ન થવાથી તદ્ઘટિત સાધ્યની પણ સિદ્ધિ નહિ થાય, જેથી પક્ષમાં સાધ્ય બાધિત થવાથી બાધ આવે છે.

તે બાધદોષના નિવારણ માટે તાદૃશ દુઃખધ્વંસનિષ્ઠ વૃત્તિતા, કોઈ પણ સંબંધથી અર્થાત્ સંબંધસામાન્યાવચ્છિન્ન લેવામાં આવે તો અર્થાંતરદોષનો ઉદ્ધાર નહિ થાય. કારણ કે દુઃખપ્રાગભાવના અનાધારભૂત આકાશાદિમાં પણ વ્યભિચારિતાદિ-સ્વાભાવવત્ત્વાદિ સંબંધથી દુઃખધ્વંસ વૃત્તિ હોવાથી મહાપ્રલયકાલના બદલે આકાશાદિ પણ સિદ્ધ થશે. સ્વ=દુઃખધ્વંસ, સ્વાભાવ=દુઃખધ્વંસાભાવ, સ્વાભાવવત્=આકાશાદિ, સ્વાભાવવત્ત્વ આકાશાદિમાં હોવાથી સ્વાભાવવત્ત્વસંબંધથી દુઃખધ્વંસ પણ આકાશાદિમાં છે.

दु:खध्वंसस्य व्यभिचारितादिसम्बन्धेन वृत्तित्वात्प्रकृतान्यसिद्धेः । कालिकदैशिकविशेषणतान्यतरसम्बन्धेन वृत्तित्वोक्तावपि कालोपाधिवृत्तित्वेन तदनपायात् । कालिकेन दुःखप्रागभावानाधारत्वनिवेशे च दृष्टान्तासङ्गतेः । मुख्यकालवृत्तित्वविशिष्टकालिकसम्बन्धेन तन्निवेशेऽप्यात्मनस्तथात्वात् । उक्तान्यतरसम्बन्धेन तन्निवेशेऽपि तथासम्बन्धगर्भव्याप्त्यग्रहादिति भावः ॥३॥

---

યદ્યપિ ઉપર જણાવ્યા મુજબ તાદૃશદુઃખધ્વંસનિષ્ઠવૃત્તિતા સંબંધસામાન્યથી લેવાના બદલે કાલિક અને દૈશિક : એતદન્યતરવિશેષણતાત્મક (કાલિક અને સ્વરૂપ-એતદન્યતર) સંબંધથી લઈએ, અર્થાત્ તાદૃશાન્યતરસંબંધાવચ્છિન્ન લઈએ તો આકાશાદિની સિદ્ધિ નહિ થાય. કારણ કે આકાશાદિમાં કાલિક કે દૈશિક વિશેષણતાસંબંધથી તાદૃશ દુઃખધ્વંસ વૃત્તિ નથી. તેથી આકાશાદિથી અર્થાંતર નહીં આવે. પરંતુ દુઃખપ્રાગભાવના અનાધાર કાલોપાધિ સ્વરૂપ ઘટાદિમાં કાલિકવિશેષણતાત્મકસંબંધથી દુઃખધ્વંસ વૃત્તિ હોવાથી કાલોપાધિને લઈને અર્થાંતરદોષનો ઉદ્ધાર નહિ થાય. તેના ઉદ્ધાર માટે કાલિકસંબંધથી દુઃખપ્રાગભાવના અનાધારની(અનધિકરણની) વિવક્ષા કરીએ તો ઘટાદિમાં કાલિકસંબંધથી દુઃખપ્રાગભાવ વૃત્તિ જ હોવાથી ઘટાદિનું ગ્રહણ જ નહિ થાય. તેથી તેને લઈને અર્થાંતરદોષનો તો પ્રસંગ નહીં આવે. પરંતુ દૃષ્ટાંતાસિદ્ધિ દોષ આવશે. કારણ કે દીપકમાં કાલિકસંબંધથી દુઃખનો પ્રાગભાવ હોવાથી તેનું પણ ગ્રહણ નહીં થાય.

યદ્યપિ દૃષ્ટાંતાસિદ્ધિનું નિવારણ કરવા માટે દુઃખપ્રાગભાવનું અનધિકરણ મુખ્યકાલવૃત્તિત્વ-વિશિષ્ટ કાલિકસંબંધથી લઈએ તો તે સંબંધથી દુઃખપ્રાગભાવ કાળમાં જ વૃત્તિ છે. કાલોપાધિસ્વરૂપ દીપ વગેરેમાં તે વૃત્તિ નથી. તેથી દીપક દુઃખપ્રાગભાવનો અનાધાર હોવાથી દૃષ્ટાંતાસિદ્ધિ નહીં થાય. પરંતુ એ રીતે તો આત્મા સિદ્ધ થવાથી અર્થાંતરદોષ અવસ્થિત જ રહે છે. કારણ કે મુખ્યકાલવૃત્તિત્વવિશિષ્ટ કાલિકસંબંધથી દુઃખપ્રાગભાવનો આધાર કાલ જ છે, આત્મા નથી. તેથી દુઃખપ્રાગભાવના અનાધાર આત્મામાં દૈશિકવિશેષણતાત્મક (સ્વરૂપ) સંબંધથી વૃત્તિ એવા દુઃખધ્વંસના પ્રતિયોગી દુઃખમાં દુઃખત્વ વૃત્તિ હોવાથી મહાપ્રલયકાલના બદલે આત્માની સિદ્ધિ થશે. આ રીતે પ્રાપ્ત થયેલા અર્થાંતરના નિવારણ માટે મુખ્યકાલવૃત્તિત્વવિશિષ્ટ કાલિકવિશેષણતા અને દૈશિકવિશેષણતા : એતદન્યતર સંબંધથી દુઃખપ્રાગભાવના અનાધારની વિવક્ષા કરીએ તો ઉક્ત અન્યતર સંબંધથી આત્મા, દુઃખપ્રાગભાવનો અનાધાર ન હોવાથી અર્થાંતર નહીં આવે. પરંતુ તાદૃશાન્યતર સંબંધથી દુઃખપ્રાગભાવના અનાધાર તો ઘટપટાદિ પણ છે અને ત્યાં દૈશિક-કાલિકાન્યતરવિશેષણતાસંબંધથી દુઃખધ્વંસ વૃત્તિ છે. તેના પ્રતિયોગી દુઃખમાં દુઃખત્વ વૃત્તિ હોવાથી અર્થાંતરનો ઉદ્ધાર થતો નથી. આથી સ્પષ્ટ છે કે અર્થાંતરના નિવારણ માટે ઉક્તાન્યતર સંબંધનો નિવેશ કરીએ તોપણ તે સંબંધઘટિત વ્યાપ્તિના ગ્રહનો સંભવ નથી...ઈત્યાદિ અધ્યાપક પાસેથી સમજી લેવું. ॥૩૧-૩॥

**( ४ ) विपक्षबाधकाभावा-दनभिप्रेतसिद्धितः ।**
**अन्तैरैतदयोग्यत्वा-च्छंका ( त्वाशंका ) योगापहेति चेत् ॥४॥**

**विपक्षेति । विपक्षे** हेतुसत्त्वेऽपि साध्यासत्त्वे **बाध**कस्यानुकूलतर्कस्याभावात् । तथा चा**नभिप्रेत-सिद्धितो**ऽनिष्टसिद्धिप्रसङ्गात् । कालान्यत्वगर्भसाध्यं प्रत्यपि उक्तहेतोरविशेषात् । एतदुक्तसाध्य**मन्तरा** सर्वमुक्त्यसिद्धौ अयोग्यत्वाशङ्का । य एव न कदापि मोक्ष्यते तद्वदहं यदि स्यां, तदा मम विफलं परिव्राजकत्वमित्याकारा । **योगापहा** योगप्रतिबन्धिकेत्यद एव विपक्षबाधक**मिति चेत्** ॥४॥

---

(૪) ઉપર જણાવ્યા મુજબના વ્યાપ્તિગ્રહાસંભવને જ સ્પષ્ટ રીતે જણાવાય છે-

"વિપક્ષબાધક તર્કનો અભાવ હોવાથી અને અનભિપ્રેત સિદ્ધિ થવાથી (શ્લો.નં. ૩માં જણાવ્યા મુજબ) વ્યાપ્તિગ્રહ થતો નથી. 'પ્રકૃતસાધ્યની સિદ્ધિ વિના અયોગ્યત્વની શંકા યોગની સાધનાની પ્રતિબંધક બનશે.' - આ જ વિપક્ષબાધક છે. આ પ્રમાણે નૈયાયિકો કહે તો (તે બરાબર નથી...એ પાંચમા શ્લોકમાં જણાવાશે.)" - આ પ્રમાણે ચોથા શ્લોકનો અક્ષરાર્થ છે.

કહેવાનો આશય એ છે કે વિપક્ષમાં હેતુ હોય તોપણ સાધ્ય ન હોય ત્યારે સાધ્યાભાવનો બાધક અનુકૂળ તર્ક ન હોવાથી વ્યાપ્તિગ્રહ થતો નથી. પર્વતમાં ધૂમને લઈને જ્યારે વહ્નિને સિદ્ધ કરાય છે ત્યારે કોઈ એમ કહે કે પર્વતમાં ધૂમહેતુ ભલે રહ્યો પણ તેથી ત્યાં વહ્નિને માનવાની આવશ્યકતા નથી. અર્થાત્ સાધ્યાભાવવદ્(વિપક્ષ)માં હેતુ રહી શકે છે. આવી શંકાને દૂર કરવાનું કાર્ય તર્ક કરે છે. પર્વતમાં જો વહ્નિ ન હોય તો વહ્નિજન્ય ધૂમ પણ ન હોવો જોઈએ. અર્થાત્ વહ્નિ-ધૂમનો જન્યજનકભાવ(કાર્યકારણભાવ) નહિ મનાય : આ તર્ક છે, જે વ્યભિચારની શંકાને દૂર કરે છે. આવો વિપક્ષબાધક અનુકૂળ તર્ક પ્રકૃત સ્થળે નથી. તાદૃશ દુઃખત્વમાં સત્કાર્યમાત્રવૃત્તિત્વ ભલે રહ્યું પરંતુ તાદૃશદુઃખધ્વંસપ્રતિયોગિવૃત્તિત્વ માનવાની આવશ્યકતા નથી. આવી વ્યભિચારની શંકાદિના નિવારણ માટે કોઈ જ અનુકૂળ તર્ક નથી. તેથી વ્યાપ્તિમાં પણ શંકા જન્મે છે. જેથી પ્રકૃતાનુમાનના સ્થાને એવું પણ અનુમાન કરી શકાય છે કે તાદૃશ દુઃખત્વ, કાલાન્યવૃત્તિધ્વંસપ્રતિયોગીમાં વૃત્તિ છે, કારણ કે તે સત્કાર્યમાત્રમાં વૃત્તિ છે. दुःखत्वं कालान्यवृत्तिध्वंसप्रतियोगिवृत्ति सत्कार्यमात्रवृत्तित्वाद् दीपत्ववद् આ અનુમાનથી અભિપ્રેત પ્રલયકાલાદિથી અન્ય આત્માદિની સિદ્ધિ થવાથી સર્વજીવોની મુક્તિ સિદ્ધ નહીં થાય.

આ અંગે નૈયાયિકો દ્વારા એમ કહેવામાં આવે કે બધા જીવોની મુક્તિની સિદ્ધિ ન થાય તો પોતાના આત્માની અયોગ્યતાની આશંકા જન્મશે. 'જે જીવોનો ક્યારે ય મોક્ષ થવાનો નથી. તેમની જેમ જ હું પણ જો મોક્ષમાં જવાનો ના હોઉં તો મારું આ પરિવ્રાજકપણું નિષ્ફળ થશે.' આ આશંકા મુમુક્ષુ આત્માના યોગની સાધનાનો પ્રતિબંધ કરનારી બને છે. આવી શંકા જ મોક્ષની સિદ્ધિના અભાવની (વિપક્ષની) બાધક છે. આ પ્રમાણે નૈયાયિકોનું જે કથન છે તે બરાબર નથી : એ પ્રમાણે આગળ જણાવાય છે. ॥૩૧-૪॥

**( ५ ) नैवं शमादिसम्पत्त्या, स्वयोग्यत्वविनिश्चयात् ।**
**न चान्योऽन्याश्रयस्तस्याः, सम्भवात् पूर्वसेवया ।।५।।**

**नैवमिति । एवं न** यथोक्तं विपक्षबाधकं भवति । **शमा**दीनां शमदमभोगानभिष्वङ्गादीनां मुमुक्षुचिह्नानां **सम्पत्त्या स्वयोग्यत्व**स्य **विनिश्चया**त् , तेषां तद्व्याप्यत्वात् । **न चान्योन्याश्रयो** योगप्रवृत्तौ सत्यां शमादिसम्पत्तिस्ततश्चाऽधिकारविनिश्चयात्सेति सम्भावनीयं, **तस्याः** शमादिसम्पत्तेः **पूर्वसेवया** योगप्रवृत्तेः प्रागपि **सम्भवात्** योगप्रवृत्तेरतिशयितशमादिसम्पादकत्वेनैव फलवत्त्वात् । सामान्यतस्तु तत्र कर्मविशेषक्षयोपशम एव हेतुरिति न किञ्चिदनुपपन्नम् ।।५।।

---

(૫) નૈયાયિકોએ જણાવેલી વાતની અયુક્તતા જણાવાય છે -

આ પૂર્વે જણાવ્યા મુજબ યોગની સાધના અટકી ના પડે : એ માટે નૈયાયિકોએ સર્વ જીવોની મુક્તિનું સાધક પ્રમાણ જણાવ્યું છે. તેના જવાબમાં જણાવવાનું કે ‘‘એ વાત યુક્ત નથી. શમ, દમ વગેરે ગુણોની પ્રાપ્તિ દ્વારા પોતાની યોગ્યતાનો સારી રીતે નિશ્ચય થઈ જાય છે. યોગની પૂર્વસેવાથી શમાદિ ગુણોની પ્રાપ્તિ થતી હોવાથી અન્યોન્યાશ્રય દોષ પણ આવતો નથી.’’ આ પ્રમાણે પાંચમા શ્લોકનો સામાન્ય અર્થ છે.

આશય એ છે કે આ પૂર્વે વિપક્ષબાધક તરીકે યોગની સાધનાનો જે પ્રતિબંધક તમારા (નૈયાયિક) દ્વારા કહેવાયો છે તે બરાબર નથી. કારણ કે શમ, દમ અને ભોગોની અનાસક્તિ વગેરે મુમુક્ષુ આત્માઓનાં લક્ષણોની પ્રાપ્તિથી મોક્ષપ્રાપ્તિની પોતાની યોગ્યતાનો સારી રીતે નિશ્ચય થાય છે. કારણ કે સ્વયોગ્યતાની અપેક્ષાએ એ શમાદિ લક્ષણો વ્યાપ્ય છે અને યોગ્યતા વ્યાપક છે. વ્યાપ્યથી વ્યાપકનો નિશ્ચય થાય છે - એ સુપ્રતીત છે.

યોગની પ્રવૃત્તિ કરવાથી શમ, દમ વગેરે મુમુક્ષુ જનોનાં લક્ષણોની સંપત્તિ પ્રાપ્ત થાય છે અને એ સંપત્તિથી તેવા પ્રકારની યોગની યોગ્યતાનો વિનિશ્ચય થાય છે, જે યોગની પ્રવૃત્તિનું મહત્ત્વનું કારણ છે - આ રીતે અન્યોન્યાશ્રયદોષ આવે છે : આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે ગુરુદેવાદિ પૂજા, સદાચાર, તપ અને મુક્તિ પ્રત્યેનો અદ્વેષ....વગેરે સ્વરૂપ યોગની પૂર્વસેવાથી, યોગની પ્રવૃત્તિની પૂર્વે જ શમ(કષાયનો અભાવ), દમ(ઇન્દ્રિયોનો નિરોધ) અને ભોગોની આસક્તિનો અભાવ...ઇત્યાદિ મુમુક્ષુચિહ્નો પ્રાપ્ત થતાં હોય છે. તેથી અન્યોન્યાશ્રયદોષનો સંભવ રહેતો નથી.

યદ્યપિ આ રીતે યોગની પ્રવૃત્તિની પૂર્વે શમાદિ ગુણોની પ્રાપ્તિ થતી હોય તો યોગની પ્રવૃત્તિ કરવાની આવશ્યકતા જ રહેતી નથી. પરંતુ યોગની પૂર્વસેવાથી જે શમાદિ ગુણો પ્રાપ્ત થાય છે, તેના કરતાં વિશિષ્ટ કોટિના તે ગુણો યોગની પ્રવૃત્તિથી પ્રાપ્ત થાય છે. તેથી યોગની પ્રવૃત્તિ નિરર્થક નહીં બને. પ્રાથમિક કક્ષાના શમાદિ ગુણોની પ્રત્યે યોગની પૂર્વસેવા કારણ છે અને અતિશયયુક્ત એવા શમાદિ ગુણોની પ્રત્યે યોગની પ્રવૃત્તિ કારણ છે. શમાદિ-સામાન્યની પ્રત્યે કર્મનો (મોહનીયાદિ ઘાતિકર્મનો) ક્ષયોપશમવિશેષ જ કારણ છે. તેથી કોઈ જ અનુપપત્તિ નથી. ।।૩૧-૫।।

**( ६ ) शमाद्युपहिता हन्त, योग्यतैव विभिद्यते ।**
**तदवच्छेदकत्वेन, सङ्कोचस्तेन तस्य न ॥६॥**

**शमादीति** । **शमादि**भिर्मुमुक्षुलिङ्गै**रुपहिता हन्त योग्यतैव विभिद्यते** सामान्य-योग्यतातः समुचितयोग्यतायाः प्राग् भेदसमर्थनात् । तेन कारणेन **तदवच्छेदकत्वे**न योग्यतावच्छेदकत्वेन **तस्य** शमादेः सङ्कोचो **न** योग्यतावच्छेदकत्वलक्षणः, योग्यताविशेषस्यैव अतिशयितशमादौ तद्द्वारा च मोक्षे हेतुत्वात् ॥६॥

**( ७ )** ननु शमादावपि संसारित्वेनैव हेतुतेति सर्वमुक्त्याक्षेप इत्यत आह–

**संसारित्वेन गुरुणा, शमादौ च न हेतुता ।**
**भव्यत्वेनैव किं त्वेषे, त्येतदन्यत्र दर्शितम् ॥७॥**

---

(૬) અનાદિકાળથી દરેક જીવમાં મોક્ષે જવાની યોગ્યતા છે - એના નિશ્ચાયક તરીકે શમાદિ નથી. મોક્ષની પ્રાપ્તિ માટે શમાદિ સહકારી કારણ છે. શમાદિના કારણે યોગ્યતામાં સંકોચ કરવાનું ઉચિત નથી - આવી નૈયાયિકોની માન્યતાનું નિરાકરણ કરાય છે -

‘‘શમાદિ મુમુક્ષુલિંગોના કારણે ખરેખર જ યોગ્યતામાં જ ફરક પડે છે. તેથી યોગ્યતા-વચ્છેદકરૂપે શમાદિનો સંકોચ થતો નથી.’’ - આ પ્રમાણે છઠ્ઠા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે અનાદિકાળથી જીવમાં રહેલી મોક્ષમાં જવાની જે યોગ્યતા છે, તે શમાદિની પ્રાપ્તિ થવાથી ખરેખર જ ભિન્ન થાય છે. કારણ કે સામાન્ય યોગ્યતાથી(સ્વરૂપ-યોગ્યતાથી) સમુચિત યોગ્યતા (ફલોપધાયક યોગ્યતા-ફલોન્મુખયોગ્યતા) ભિન્ન છે. આ વાત આ પૂર્વે (૧૦મી બત્રીશીમાં) જણાવી છે. આથી યોગ્યતાના અવચ્છેદક(નિશ્ચાયક) તરીકે શમાદિને જણાવવા માત્રથી અનાદિકાલીન યોગ્યતા(સ્વરૂપયોગ્યતા)માં કોઈ ફરક પડતો નથી.

શમાદિની પ્રાપ્તિ થવાથી જીવની મોક્ષપ્રાપ્તિની યોગ્યતાનો(ફલોપધાયક યોગ્યતાનો) નિશ્ચય થાય છે. તેથી સ્વરૂપયોગ્યતા અને ફલોપધાયકયોગ્યતામાં વિશેષ(ભેદ) હોવાથી સ્વરૂપયોગ્યતાના અવચ્છેદકસ્વરૂપે શમાદિમાં સંકોચ થતો નથી. વિશિષ્ટ યોગ્યતા જ શમાદિની વિશેષતામાં કારણ છે અને તેની પ્રાપ્તિ દ્વારા મોક્ષની પ્રત્યે યોગ્યતાવિશેષ કારણ છે. આથી સમજી શકાશે કે શમાદિ સ્વરૂપયોગ્યતાના અવચ્છેદક (નિશ્ચય કરાવનાર) નથી. પરંતુ ફલોપધાયકયોગ્યતાના અવચ્છેદક છે. તેથી મોક્ષપ્રાપ્તિની સ્વરૂપયોગ્યતામાં કોઈ સંકોચ થતો નથી. દરેક જીવમાં એ સમાન છે. જે કોઈ ભેદ છે તે ફલોપધાયકયોગ્યતામાં છે, જેના અવચ્છેદક શમાદિ છે. ॥૩૧-૬॥

(૭) શમાદિની પ્રત્યે પણ સંસારીપણે સંસારી આત્માને કારણ માનવા જોઈએ. જેથી બધાની મુક્તિ થઈ શકશે, આ માન્યતાનું નિરાકરણ કરાય છે-

‘‘શમાદિની પ્રત્યે ગુરુભૂત એવા સંસારિત્વરૂપે સંસારીને હેતુ માનવાનું ઉચિત નથી. પરંતુ ભવ્યત્વરૂપે એ માનવાનું ઉચિત છે - આ વસ્તુ અન્યત્ર જણાવી છે.’’ - આ પ્રમાણે સાતમા શ્લોકનો અર્થ છે. જેનો આશય વર્ણવતાં ટીકામાં ફરમાવ્યું છે કે નિત્યજ્ઞાનાદિમદ્(પરમાત્મા)ભિન્નત્વસ્વરૂપ

**संसारित्वेनेति । संसारित्वे**न नित्यज्ञानादिमद्भिन्नत्वरूपेण **गुरुणा** नानापदार्थघटितेन **शमादौ च हेतुता न** तव कल्पयितुमुचितेति शेषः । **किं तु भव्यत्वेनैवैषा हेतु**ता, शमाद्यनुगतकार्यजनकतावच्छेदकतयात्मत्वव्याप्यजातिविशेषस्य कल्पयितुमुचितत्वात् । द्रव्यत्वादावप्यनुगतकार्यस्यैव मानत्वात् । आत्मत्वेनैव शमादिहेतुत्वे विशेषसामग्र्य-भावेनेश्वरेऽतिप्रसङ्गाभावे समर्थनीये**ऽन्यत्रा**पि तेन तस्य सुवचत्वाद्द्रव्यत्वाभव्यत्वशङ्कयैव भव्यत्वनिश्चयेन प्रवृत्त्यप्रतिबन्धादिति । **एतदन्यत्र** न्यायालोकादौ **दर्शितम्** ॥७॥

---

સંસારિત્વ છે. તે નાનાપદાર્થઘટિત (नित्यत्वज्ञान-मत्वर्थाधिकरणता અને भेद...વગેરે સ્વરૂપ અનેક પદાર્થઘટિત) હોવાથી ગુરુ છે. તેથી તે ગુરુભૂત સંસારિત્વરૂપે શમાદિની પ્રત્યે સંસારીમાં કારણતા માનવાનું તમારે-નૈયાયિકોને ઉચિત નથી. પરંતુ તાદશકારણતા ભવ્યત્વસ્વરૂપે જ માનવી જોઈએ.

"શમાદિનિષ્ઠકાર્યતાનિરૂપિત કારણતા, કોઈ એક ધર્મથી અવચ્છિન્ન છે, કારણ કે એમાં કારણતાત્વ છે. સંયોગાદિનિષ્ઠકાર્યતાનિરૂપિત કારણતા(સમવાયિકારણતા) જેમ દ્રવ્યત્વથી અવચ્છિન્ન છે..." ઇત્યાદિ અનુમાનથી ભવ્યત્વજાતિ સિદ્ધ થાય છે. શમ, દમ વગેરે અનુગત કાર્યની કારણતાના અવચ્છેદકરૂપે આત્મત્વની વ્યાપ્ય એવી ભવ્યત્વજાતિ સિદ્ધ થાય છે. આશય એ છે કે મુમુક્ષુ આત્માઓમાં શમ, દમ વગેરે ગુણોની ઉત્પત્તિ થાય છે. એની પ્રત્યે જે આત્મા કારણ છે તે બધામાં જે એક જાતિ છે તે ભવ્યત્વ છે. આત્મત્વ દરેક આત્મામાં વૃત્તિ છે અને ભવ્યત્વ આત્મવિશેષમાં વૃત્તિ છે. તેથી તે આત્મત્વની વ્યાપ્ય જાતિ છે. એ જાતિના અસ્તિત્વમાં શમાદિ અનુગત કાર્ય જ પ્રમાણ છે. દ્રવ્યત્વજાતિમાં જેમ સંયોગાદિ અનુગત કાર્ય પ્રમાણ છે તેમ અહીં પણ શમાદિ અનુગત કાર્ય જ ભવ્યત્વજાતિમાં પ્રમાણ છે.

"આત્મત્વવ્યાપ્ય ભવ્યત્વજાતિને કલ્પીને તે સ્વરૂપે શમાદિની પ્રત્યે આત્માને કારણ માનીએ એના કરતાં આત્મત્વસ્વરૂપે આત્માને કારણ માનીએ તો યદ્યપિ આત્મત્વ પરમાત્મામાં પણ હોવાથી ત્યાં શમાદિની ઉત્પત્તિ માનવાનો પ્રસંગ આવશે. પરંતુ ત્યાં અન્ય સહકારી કારણ કર્માદિનો અભાવ હોવાથી ત્યાં શમાદિની ઉત્પત્તિનો પ્રસંગ નહિ આવે. તેથી આત્મત્વરૂપે જ શમાદિની ઉત્પત્તિ પ્રત્યે આત્માને કારણ માનવા જોઈએ." - આ પ્રમાણે કહેવામાં આવે તો અન્યત્ર પણ એ રીતે સમાધાન કરી શકાય છે. સંયોગાદિ અનુગત કાર્યની પ્રત્યે દ્રવ્યત્વેન દ્રવ્યને કારણ માનવાના બદલે સત્તાવત્ત્વેન કારણ માનવાથી ગુણાદિમાં આવતા અતિપ્રસંગનું નિવારણ સામગ્રીના અભાવથી જ થઈ જશે. આથી સમજી શકાશે કે લઘુભૂત કારણતાવચ્છેદક સ્વરૂપે દ્રવ્યત્વની જેમ ભવ્યત્વજાતિની સિદ્ધિ આવશ્યક છે.

યદ્યપિ ભવ્યત્વ મારામાં છે કે નહિ આવી શંકાના કારણે ભવ્યત્વના નિશ્ચયના અભાવે મોક્ષની સાધનાની અનુપપત્તિ થશે, પરંતુ એવી શંકાથી જ ભવ્યત્વનો નિશ્ચય થઈ જતો હોવાથી મોક્ષસાધક પ્રવૃત્તિની અનુપપત્તિ નહીં થાય. કારણ કે શ્રી આચારાંગસૂત્રની શ્રી શીલાંકાચાર્ય ભગવંતકૃત ટીકામાં ફરમાવ્યું છે કે 'હું ભવ્ય છું કે અભવ્ય છું ?' - આવી શંકા ભવ્યને જ થાય છે. અભવ્યને એવી શંકા થતી નથી - આ વાત અન્યત્ર ન્યાયાલોકમાં અને સ્યાદ્વાદકલ્પલતામાં વિસ્તારથી ગ્રંથકારશ્રીએ જણાવી છે. ॥૩૧-૭॥

**(८) परमात्मनि जीवात्म-लयः सेति त्रिदण्डिनः ।**
**लयो लिङ्गव्ययोऽत्रेष्टो, जीवनाशश्च नेष्यते ॥८॥**

**परमात्मनीति । परमात्मनि जीवात्मलयः सा मुक्ति**रिति **त्रिदण्डि**नो वदन्ति । अत्रैतन्मते **लयो लिङ्ग**व्यय **इष्टो**ऽस्माकमप्यभिमतः । एकादशेन्द्रियाणि पञ्चमहाभूतानि च सूक्ष्ममात्रया सम्भूयावस्थितानि जीवात्मनि सुखदुःखावच्छेदकानि लिङ्गशब्देनोच्यन्ते, तद्**व्यय**श्च परमार्थतो नामकर्मक्षय एवेति । **जीवनाश**स्तु **नेष्य**ते, उपाधिशरीरनाशे औपाधिकजीवनाशस्याप्यकाम्यत्वात् ॥८॥

**(९) बौद्धास्त्वालयविज्ञान-सन्ततिः सेत्यकीर्तयन् ।**
**विनान्वयिनमाधारं तेषामेषा कदर्थना ॥९॥**

---

(૮) ત્રિદંડી-મતનું નિરૂપણ કરાય છે-

"પરમાત્મામાં જીવાત્માના લયને ત્રિદંડીઓ મુક્તિ કહે છે. લિંગવ્યયસ્વરૂપ લય એ મતમાં વર્ણવાય છે - તે ઇષ્ટ છે, જીવના નાશ સ્વરૂપ લય માત્ર ઇષ્ટ નથી." - આ પ્રમાણે આઠમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે પરમાત્મામાં જીવાત્માનું વિલીન થવું : એને ત્રિદંડીમતમાં મુક્તિ તરીકે વર્ણવાય છે. એ મતમાં જીવાત્માનો લય, લિંગના વ્યય સ્વરૂપ છે - એ અમારા જૈનોના મતમાં પણ માન્ય છે.

સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રવણ : આ પાંચ જ્ઞાનેન્દ્રિય છે. વાગ્, પાણિ, પાદ, પાયુ અને ઉપસ્થ : આ પાંચ કર્મેન્દ્રિયો છે અને મન-એમ અગિયાર ઇન્દ્રિયો છે. પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ - આ પાંચ મહાભૂતો છે. એ બધા, ભેગા થઈને સૂક્ષ્મમાત્રા વડે જીવાત્મા સુખ-દુઃખના અવચ્છેદક(ગ્રાહક) બને છે. તે બધાને એ મતમાં લિંગ કહેવાય છે. તેનો વ્યય થવાથી અર્થાત્ સ્વકાર્યથી નિવૃત્ત(ઉપરત) થવાથી મુક્તિ પ્રાપ્ત થાય છે. પરમાર્થથી નામકર્મનો ક્ષય થવાથી લિંગવ્યયસ્વરૂપ લય અમારા મતમાં સંગત છે. લિંગવ્યયસ્વરૂપ લય જીવનાશસ્વરૂપ માનવાનું ઇષ્ટ નથી. કારણ કે શરીરસ્વરૂપ ઉપાધિના નાશથી ઉપાધિવિશિષ્ટ જીવનો નાશ, કામનાનો વિષય નથી. તેથી તત્સ્વરૂપ મોક્ષ માની શકાશે નહિ. મોક્ષ તો પુરુષની કામનાનો વિષય(પુરુષાર્થ) છે. આથી સ્પષ્ટ છે કે લિંગવ્યયસ્વરૂપ જ (લિંગનાશ સ્વરૂપ જ) જીવલય છે. જીવનાશસ્વરૂપ જીવલય નથી. પરંતુ એ પ્રમાણે લિંગનાશ સ્વરૂપ જીવલયને મોક્ષ માનવામાં આવે તો ત્રિદંડીઓનો જૈનમતમાં કથંચિત્પ્રવેશ થઈ જશે. ॥૩૧-૮॥

(૯) બૌદ્ધમતનું નિરાકરણ કરાય છે-

"આલયવિજ્ઞાનની પરંપરાને મુક્તિ તરીકે બૌદ્ધોએ વર્ણવી છે. પરંતુ ત્રિકાલવૃત્તિ આત્માધાર વિના એ મુક્તિ તેમના માટે વિડંબનાસ્વરૂપ છે." - આ પ્રમાણે નવમા શ્લોકનો અક્ષરાર્થ છે. આશય એ છે કે બૌદ્ધોના મતે આલયવિજ્ઞાનની ધારા સ્વરૂપ મુક્તિ છે. પ્રવૃત્તિવિજ્ઞાન સ્વરૂપ ઉપપ્લવથી રહિત અને જ્ઞેય-ઘટ-પટાદિના આકારથી રહિત એવી જ્ઞાનાત્મક ક્ષણોની પરંપરાને

**बौद्धास्त्विति । बौद्धास्तु आलयविज्ञानसन्ततिः** प्रवृत्तिविज्ञानोपप्लवरहिता संहतज्ञेयाकारा ज्ञानक्षणपरम्परा सा मुक्तिरित्यकीर्तयन् । यथोक्तं-

*चित्तमेव हि संसारो रागादिक्लेशवासितम् ।*
*तदेव तैर्विनिर्मुक्तं भवान्त इति कथ्यते ॥*

न च शरीरादिनिमित्ताभावे तदनुपपत्तिः, पूर्वपूर्वविशिष्टक्षणानामेव तद्धेतुत्वाद्विशिष्टभावनात एव तेषां विसभागपरिक्षये प्रवृत्तेः । **तेषामन्वयिनं** त्रिकालानुगतात्मलक्षण**माधारं विना एषा**

---

આલયવિજ્ઞાનધારા કહેવાય છે.

બૌદ્ધોના મતે પ્રવૃત્તિવિજ્ઞાનધારા અને આલયવિજ્ઞાનધારા : આ બે પ્રકારની વિજ્ઞાનધારા છે. સામાન્ય રીતે બાહ્ય ઘટપટાદિ વિષયાકારને ગ્રહણ કરનારી વિજ્ઞાનધારા, પ્રવૃત્તિવિજ્ઞાનધારા છે અને તાદશ બાહ્ય વિષય સ્વરૂપ જ્ઞેયના આકારનો જેમાં અભાવ છે એવી માત્ર અહમ્(હું) પ્રત્યયવાળી વિજ્ઞાનધારા આલયવિજ્ઞાનધારા સ્વરૂપ છે. જાગ્રદવસ્થામાં પ્રવૃત્તિવિજ્ઞાનધારા હોય છે અને સુષુપ્ત્યવસ્થામાં આલયવિજ્ઞાનધારા હોય છે. સુષુપ્ત્યવસ્થા પછી જાગ્રદવસ્થામાં આલયવિજ્ઞાનથી પ્રવૃત્તિ-વિજ્ઞાન ઉત્પન્ન થાય છે. જે આલયવિજ્ઞાનની ધારાથી ભવિષ્યમાં ક્યારે પણ પ્રવૃત્તિવિજ્ઞાનની ધારા પ્રવર્તતી નથી, તે આલયવિજ્ઞાનની ધારા મુક્તિ છે. તેથી સુષુપ્તિ અવસ્થાની આલયવિજ્ઞાનધારાને મુક્તિસ્વરૂપ માનતા નથી. આ વસ્તુને જણાવવા માટે તેમને ત્યાં જણાવ્યું છે કે- 'રાગાદિક્લેશથી વાસિત ચિત્ત(જ્ઞાન) જ સંસાર છે અને રાગાદિક્લેશોથી રહિત એવું ચિત્ત જ ભવાંત-મોક્ષ કહેવાય છે.'

'મોક્ષમાં શરીરાદિનો અભાવ હોવાથી નિમિત્તના અભાવે મુક્તિમાં આલયવિજ્ઞાનની અનુપપત્તિ છે.' - આ પ્રમાણે નહિ કહેવું જોઈએ. કારણ કે પૂર્વ પૂર્વ વિશિષ્ટ જ્ઞાનાત્મક ક્ષણોથી ઉત્તરોત્તર વિશિષ્ટ વિશિષ્ટ વિજ્ઞાનાત્મક ક્ષણોની ઉત્પત્તિ થાય છે. વિશિષ્ટ ભાવનાથી વિસભાગનો પરિક્ષય થવાથી અર્થાત્ પ્રશાંતવાહિતા પ્રાપ્ત થવાથી આલયવિજ્ઞાનધારાની ઉપપત્તિ થાય છે. વિસભાગનો(સંક્લેશનો) પરિક્ષય, सर्वं दुःखं दुःखम्, सर्वं क्षणिकं क्षणिकम्, सर्वं स्वलक्षणं स्वलक्षणम् અને सर्वं शून्यं शून्यम् આ ચાર વિશિષ્ટ ભાવનાથી થાય છે...આ પ્રમાણે બૌદ્ધોની માન્યતા છે. પરંતુ ત્રણેય કાળમાં અનુગત એવા આત્માના (આત્માસ્વરૂપ) આધાર વિના બૌદ્ધો માટે આલયવિજ્ઞાનની ધારા સ્વરૂપ મુક્તિ માનવાની વાત કદર્થનાસ્વરૂપ છે. કારણ કે આત્મસ્વરૂપ આધાર વિના જ્ઞાન ક્યાં ઉત્પન્ન થાય ? 'વિજ્ઞાનની સંતતિ- (ધારાપરંપરા)માં જ્ઞાન ઉત્પન્ન થાય છે' - આ પ્રમાણે પણ કહી શકાય એવું નથી. કારણ કે તમારા મતે પૂર્વક્ષણનો સર્વથા નાશ થતો હોવાથી તાદશજ્ઞાનાત્મક ક્ષણની પરંપરા વાસ્તવિક મનાતી નથી. પરંતુ કાલ્પનિક મનાય છે. જે છે તે સર્વથા એક ક્ષણ સ્વરૂપ છે. તેથી બદ્ધ અને મુક્તની વ્યવસ્થા સંગત નહિ થાય. કારણ કે પ્રવૃત્તિવિજ્ઞાનધારામાં બદ્ધત્વનો વ્યવહાર થતો નથી. પરંતુ તેના સર્વથા વિનાશથી ઉત્તર ક્ષણની પરંપરામાં-આલયવિજ્ઞાનધારામાં મુક્તત્વનો વ્યવહાર થઈ શકશે નહિ. બૌદ્ધોના મતે બદ્ધ મુક્ત થતો નથી. બદ્ધ અને મુક્ત સર્વથા ભિન્ન છે. તેથી તેનો વ્યવહાર અસંગત થશે. કાલ્પનિક એવી

मुक्तिः **कदर्थना** । सन्तानस्यावास्तवत्वेन बद्धमुक्तव्यवस्थानुपपत्तेः । सर्वथाऽभावीभूतस्य क्षणस्योत्तरसदृशक्षणजननासामर्थ्यादिति ॥९॥

**( १० ) विवर्तमानज्ञेयार्था-पेक्षायां सति चाश्रये ।**
**अस्यां विजयतेऽस्माकं, पर्यायनयदेशना ॥१०॥**

**विवर्तमानेति-विवर्तमानाः** प्रतिक्षणमन्यान्यपर्यायभाजो ये **ज्ञेयार्था**स्तद-**पेक्षायामाश्रये** चान्वयिद्रव्यलक्षणे **सति । अस्या**मुक्तमुक्तौ । **अस्माकं पर्यायनयदेशना विजय**ते । प्रतिक्षिप्तद्रव्यस्य बौद्धसिद्धान्तस्य परमार्थतः पर्यायार्थिकनयान्तःपातित्वात् । तदुक्तं सम्मतौ-

*सुद्धोअणतणयस्स उ परिसुद्धो पज्जवविअप्पो* ( ३.४८ ) ॥१०॥

**( ११ ) स्वातन्त्र्यं मुक्तिरित्यन्ये, प्रभुता तन्मदः क्षयी ।**
**अथ कर्मनिवृत्तिश्चेत् , सिद्धान्तोऽस्माकमेव सः ॥११॥**

---

વિજ્ઞાનસંતતિમાં વાસ્તવિક બદ્ધત્વ-મુક્તત્વનો વ્યવહાર શક્ય નથી. તેમ જ સર્વથા અભાવરૂપ થયેલા પૂર્વક્ષણથી ઉત્તરક્ષણની ઉત્પત્તિ અશક્ય છે...ઈત્યાદિ, તેના જાણકારો પાસેથી સમજી લેવું જોઈએ. ॥૩૧-૯॥

(૧૦) બૌદ્ધોની માન્યતામાં જે રીતે મુક્તિ સંગત થઈ શકે તે જણાવાય છે-

“ક્ષણે ક્ષણે અન્ય અન્ય પર્યાયને ધારણ કરનારા જ્ઞેય પદાર્થોની અપેક્ષાએ જ્ઞાનનો આધાર હોતે છતે આલયવિજ્ઞાનધારા સ્વરૂપ મુક્તિ માનવામાં અમારી પર્યાયનયની દેશના વિજય પામે છે.” - આ પ્રમાણે દશમા શ્લોકનો સામાન્યાર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે, વિવર્તમાન અર્થાત્ પ્રત્યેક ક્ષણે બીજા બીજા પર્યાયના ભાજન બનનારા જે જ્ઞાનના વિષયભૂત પદાર્થો છે, તે પદાર્થોની અપેક્ષાએ અન્વયી (ત્રિકાલવૃત્તિ) દ્રવ્યસ્વરૂપ આશ્રય હોતે છતે, ઉપર જણાવ્યા મુજબ મુક્તિ(આલયવિજ્ઞાન-ધારાસ્વરૂપ મુક્તિ)ને માનવામાં અમારી(જૈનોની) માન્યતા પ્રમાણે પર્યાયનયની દેશના વિજય પામે છે. કારણ કે સર્વથા દ્રવ્યના અસ્તિત્વનું નિરાકરણ જેમાં છે એવા બૌદ્ધસિદ્ધાંતનો પરમાર્થથી પર્યાયાર્થિકનયમાં સમાવેશ થાય છે. એ પ્રમાણે સંમતિતર્કમાં જણાવ્યું છે કે - શુદ્ધોદન રાજાના પુત્ર એવા ગૌતમબુદ્ધનો મત એકાંતે પર્યાયનયમાં સમાવિષ્ટ છે. અર્થાત્ એ મત પર્યાયનયનો વિકલ્પ છે. ॥૩૧-૧૦॥

(૧૧) મુક્તિના વિષયમાં જ અન્ય મતનું નિરાકરણ કરાય છે -

શ્લોકાર્થ સ્પષ્ટ છે. કહેવાનો આશય એ છે કે કેટલાક વિદ્વાનો સ્વતંત્રતાને મોક્ષ કહે છે. એ સ્વતંત્રતા જો પ્રભુતા સ્વરૂપ હોય અર્થાત્ સ્વચ્છંદતાસ્વરૂપ હોય તો તે એક પ્રકારનો મદ (અહંકાર) છે. અને તે મદ ક્ષય પામવાનો છે. આવા ક્ષય પામવાના સ્વભાવવાળો મોક્ષ કોઈને પણ ઈષ્ટ નહિ બને. કર્મની નિવૃત્તિના કારણે કર્મની પરતંત્રતાનો અભાવ થવાથી તત્સ્વરૂપ સ્વતંત્રતાને ‘મોક્ષ’

स्वातन्त्र्यमिति-**स्वातन्त्र्यं मुक्तिरित्यन्ये** वदन्ति । **तत्** स्वातन्त्र्यं यदि **प्रभुता** तदा **मदः**, स च **क्षयी**। **अथ चेत् कर्मनिवृत्ति**स्तदा**ऽस्माकमेव स सिद्धान्तः** ॥११॥

**(१२) पुंसः स्वरूपावस्थानं, सेति साङ्ख्याः प्रचक्षते ।**
**तेषामेतदसाध्यत्वं, वज्रलेपोऽस्ति दूषणम् ॥१२॥**

**पुंस इति । पुंसः** पुरुषस्य **स्वरूपावस्थानं** प्रकृतितद्विकारोपधानविलये चिन्मात्रप्रतिष्ठानं **सा** मुक्तिरिति **साङ्ख्याः प्रचक्षते । तेषामेतस्या** मुक्ते**रसाध्यत्वं दूषणं वज्रलेपोऽस्ति** । एकान्तनित्यात्मरूपायास्तस्या नित्यत्वादुपचरितसाध्यत्वस्याप्रयोजकत्वात् ॥१२॥

**(१३) पूर्वचित्तनिवृत्तिः सा-ऽग्रिमानुत्पादसङ्गता ।**
**इत्यन्ये श्रयते तेषा-मनुत्पादो न साध्यताम् ॥१३॥**

---

માનવામાં આવે તો તે અમારો(જૈનોનો) જ સિદ્ધાંત છે. તેથી પરમતમાં પ્રવેશનો પ્રસંગ આવશે....ઇત્યાદિ સ્પષ્ટ છે. ॥૩૧-૧૧॥

(૧૨) સાંખ્યાભિમત મોક્ષના સ્વરૂપનું નિરાકરણ કરાય છે -

“પુરુષનું સ્વરૂપાવસ્થાન - એ મોક્ષ છે, એમ સાંખ્યો કહે છે. તેઓને મોક્ષ અસાધ્ય છે - એમ માનવાનું દૂષણ વજ્રલેપ છે.” - આ પ્રમાણે બારમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે - સાંખ્યદર્શનની માન્યતા મુજબ પુરુષ કૂટસ્થ નિત્ય છે. પ્રકૃતિ અને તેના વિકારાદિ ઉપાધિના કારણે પુરુષના અભેદગ્રહને લઈને પુરુષનો સંસાર છે. પરંતુ વિવેકખ્યાતિથી ભેદગ્રહ થવાથી ઔપાધિક સ્વરૂપનો વિલય થાય છે, જેથી પુરુષ માત્ર ચિદવસ્થામાં પ્રતિષ્ઠિત થાય છે. એ જ પુરુષની મુક્તાવસ્થા છે. તેને જ સાંખ્યો મોક્ષ કહે છે. પુરુષનું પોતાનું આ સ્વરૂપાવસ્થાન, પ્રકૃતિ અને તેના વિકાર બુદ્ધિ વગેરેના સાંનિધ્યની નિવૃત્તિથી થાય છે.

સાંખ્યોએ માનેલું એ મોક્ષનું સ્વરૂપ સંગત નથી. કારણ કે પુરુષ કૂટસ્થ નિત્ય હોવાથી પરમાર્થથી તો તે સદાને માટે સ્વભાવથી જ પોતાના સ્વરૂપમાં અવસ્થિત છે. પ્રકૃત્યાદિના સાંનિધ્યના કારણે વિભાવાવસ્થામાં અવસ્થિતિ તો વાસ્તવિક નથી, ઔપાધિક છે. તેથી ઔપાધિક-ઉપચરિત બદ્ધાદિ અવસ્થા છે. આવા પ્રકારના ઔપચારિક મોક્ષ માટે કોઈ પ્રયત્ન નહિ કરે, ઇચ્છા પણ નહિ કરે. ઉપચરિત સાધ્યત્વ વસ્તુની સિદ્ધિમાં ઉપયોગી ન બને. તેથી મોક્ષમાં પુરુષાર્થત્વનો અભાવ હોવાથી સાંખ્યોને અસાધ્યત્વ દૂષણ વજ્રલેપ છે. કોઈ પણ રીતે તે દૂર થાય એમ નથી...ઇત્યાદિ ઉપયોગપૂર્વક સમજી લેવું જોઈએ. ॥૩૧-૧૨॥

(૧૩) બૌદ્ધવિશેષની મોક્ષસંબંધી માન્યતાનું નિરાકરણ કરાય છે-

“અગ્રિમ ચિત્તની અનુત્પત્તિથી સહિત એવી પૂર્વચિત્તની નિવૃત્તિ-મુક્તિ છે : એમ કેટલાક લોકો(બૌદ્ધવિશેષ) કહે છે. પરંતુ તે વિદ્વાનોના મતમાં પણ અનુત્પાદ સાધ્યતાનો આશ્રય કરતો

**पूर्वेति । अग्रिमानुत्पादसङ्गता**ऽग्रिमचितानुत्पादविशिष्टा **पूर्वचित्तनिवृत्तिः सा** मुक्ति**रित्यन्ये । तेषामनुत्पादः साध्यतां न श्रयत** इति मुक्तेरपुरुषार्थत्वापत्तिरेव दोषः ॥१३॥

**(१४) साऽऽत्महानमिति प्राह, चार्वाकस्तत्तु पाप्मने ।**
**तस्य हातुमशक्यत्वा-त्तदनुद्देशतस्तथा ॥१४॥**

**सेति । आत्महानं सा** मुक्तिरिति **चार्वाकः प्राह । तत्तु** वचनं श्रूयमाणमपि **पाप्मने** भवति । **तस्या**त्मनो **हातुमशक्यत्वा**दसतो नित्यनिवृत्तत्वात्, सतश्च वीतरागजन्मादर्शनन्यायेन नित्यत्वात्, सर्वथा हानासिद्धेः । तथा पर्यायार्थतया तद्धानावपि **तदनुद्देश**त आत्महा-

---

નથી.'' - આ પ્રમાણે તેરમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે સામાન્ય રીતે વિજ્ઞાન(ચિત્ત)ની ધારા એકસરખી ચાલતી હોય છે. એમાં પૂર્વ પૂર્વ ચિત્તની નિવૃત્તિ થાય છે અને ઉત્તર ઉત્તર ચિત્તની ઉત્પત્તિ થતી હોય છે. જ્યારે પણ પૂર્વેના ચિત્તની નિવૃત્તિ થવા છતાં ઉત્તર ચિત્તની ઉત્પત્તિ થતી નથી ત્યારે તે અગ્રિમ ચિત્તના અનુત્પાદને મુક્તિ કહેવાય છે. અર્થાદ્ અગ્રિમચિત્તના અનુત્પાદથી વિશિષ્ટ પૂર્વચિત્તની નિવૃત્તિ મુક્તિ છે. આ પ્રમાણે કેટલાક બૌદ્ધોની માન્યતા છે. પરંતુ તેમની માન્યતામાં પણ મુક્તિમાં પુરુષાર્થત્વાભાવનો પ્રસંગ છે જ. કારણ કે અનુત્પાદ સાધ્ય નથી...ઈત્યાદિ સ્પષ્ટ છે. ॥૩૧-૧૩॥

(૧૪) ચાર્વાક-નાસ્તિકમતનું નિરાકરણ કરાય છે -

''આત્માની હાનિ(ધ્વંસ) મુક્તિ છે : એમ ચાર્વાક કહે છે. ચાર્વાકનું એ વચન સાંભળવાથી પણ પાપ લાગે છે. કારણ કે આત્માની હાનિ શક્ય નથી. તેમ જ તેનો ઉદ્દેશ પણ નથી.'' - આ પ્રમાણે ચૌદમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે ચાર્વાકો શરીરથી અતિરિક્ત આત્માને માનતા નથી. તેથી શરીરના ધ્વંસની સાથે જ શરીરસ્વરૂપ આત્માનો પણ ધ્વંસ થવાથી તત્સ્વરૂપ (આત્મહાનિસ્વરૂપ) મોક્ષ થાય છે. નાસ્તિકોના એ વચનનું શ્રવણ પણ પાપનું કારણ બને છે. કારણ કે શરીરથી અતિરિક્ત એવા સર્વજનપ્રસિદ્ધ આત્માનો જ જ્યાં સ્વીકાર ન હોય ત્યાં મોક્ષની વાત, માત્ર વાત જ છે.

આત્મા અસદ્ હોય તો શશશૃંગાદિની જેમ સદાને માટે તેનું અસ્તિત્વ હોતું જ નથી. કારણ કે અસદ્ સદાને માટે અસદ્ હોય છે. તેથી અસદ્ એવા આત્માની હાનિ સર્વથા અશક્ય છે. તેમ જ આત્મા સત્ હોય તો વીતરાગનો જન્મ થતો ન હોવાથી અને સરાગીનો જ જન્મ થતો હોવાથી આત્મા અનાદિકાલીન છે તે સિદ્ધ થાય છે. તેથી જ અનાદિભાવભૂત પદાર્થનો નાશ થતો ન હોવાથી આત્મા અનંત છે, તે સિદ્ધ થાય છે. આ રીતે આત્મા નિત્ય હોવાથી સર્વથા તેની હાનિ શક્ય નથી.

યદ્યપિ દ્રવ્યને આશ્રયીને તેની હાનિ શક્ય ન હોવા છતાં મનુષ્યત્વાદિ પર્યાયને આશ્રયીને તેનો નાશ શક્ય છે. પરંતુ તેવી હાનિનો ઉદ્દેશ ન હોવાથી મોક્ષ પુરુષાર્થસ્વરૂપ નહી બને. ''તે તે દુઃખકારણાદિ સ્વરૂપ પર્યાયના નાશનો ઉદ્દેશ હોવાથી તે સ્વરૂપે મોક્ષ પુરુષાર્થસ્વરૂપ બની શકે છે.'' - આ પ્રમાણે નહિ કહેવું જોઈએ. કારણ કે મોક્ષ અન્ય ઈચ્છાને અનધીન એવી ઈચ્છાનો વિષય

नानभिलाषात् । मुक्तिपदार्थस्य च निरुपधीच्छाविषयत्वात् ॥१४॥

**( १५ ) नित्योत्कृष्टसुखव्यक्ति-रिति तौतातिता जगुः ।**
**नित्यत्वं चेदनन्तत्व-मत्र तत्सम्मतं हि नः ॥१५॥**

**नित्येति । नित्यमुत्कृष्टं** च निरतिशयं यत्**सुखं** तद्**व्यक्ति**र्मुक्तिरिति **तौतातिता जगुः** । अत्र मते **नित्यत्वमनन्तत्वं चेत्तत्तदा नो**ऽस्माकं **हि** निश्चितं **सम्मतं** । सिद्धसुखस्य साद्यपर्यवसितत्वाभिधानात् । तस्य च मुक्तावभिव्यक्तेः ॥१५॥

**( १६ ) अथानादित्वमेतच्चे-त्तथाप्येष नयोऽस्तु नः ।**
**सर्वथोपगमे च स्या-त्सर्वदा तदुपस्थितिः ॥१६॥**

**अथेति । अथैत**न्मुक्तिसुखे नित्यत्व**मनादित्वं चेत्तथापि न एष नयोऽस्तु** संसार-दशायां कर्माच्छन्नस्यापि सुखस्य द्रव्यार्थतया शाश्वतात्मस्वभावत्वात् । **सर्वथोपगमे**

---

છે...ઈત્યાદિક અધ્યાપક પાસેથી સમજી લેવું જોઈએ. અહીં તો માત્ર ગ્રંથમાં પ્રતિપાદન કરાયેલા પદાર્થને સંક્ષેપથી સમજાવવાનું તાત્પર્ય છે, જે ઉપર જણાવ્યા મુજબ સમજી શકાય છે. ॥૩૧-૧૪॥

(૧૫) હવે તૌતાતિતની માન્યતાનું નિરાકરણ કરાય છે-

"નિત્ય ઉત્કૃષ્ટ સુખની અભિવ્યક્તિને તૌતાતિતો મુક્તિ તરીકે વર્ણવે છે. એમાં નિત્યત્વ અનંતત્વસ્વરૂપ હોય તો તે અમને સંમત જ છે." - આ પ્રમાણે પંદરમા શ્લોકનો અક્ષરાર્થ છે. એનો આશય ખૂબ જ સ્પષ્ટ છે. સર્વશ્રેષ્ઠ નિત્ય એવા સુખની જે અભિવ્યક્તિ છે એને તુતાત નામના વિદ્વાનના અનુયાયીઓ મુક્તિ કહે છે. તેમની માન્યતાના સુખનું નિત્યત્વ જો અનંતત્વસ્વરૂપ હોય તો ચોક્કસ જ તે અમને સંમત છે. કારણ કે અમારે ત્યાં શ્રી સિદ્ધપરમાત્માઓનું સર્વોત્કૃષ્ટ સુખ સાદિ-અપર્યવસિત(અનંત)સ્વરૂપે વર્ણવેલું છે. તે સુખની અભિવ્યક્તિ મોક્ષમાં થાય છે. ॥૩૧-૧૫॥

(૧૬) તૌતાતિતોની જ માન્યતાને અનુલક્ષીને જણાવાય છે-

નિત્ય ઉત્કૃષ્ટ એવા સુખની અભિવ્યક્તિને મુક્તિ માનનારાઓના મતમાં "આદિત્વસ્વરૂપ નિત્યત્વ હોય તોપણ તે અમારી-જૈનોની માન્યતાનો નય છે. સર્વથા અનાદિત્વસ્વરૂપ નિત્યત્વ માનવામાં આવે તો નિત્ય ઉત્કૃષ્ટ સુખની અભિવ્યક્તિ સર્વદા થયા જ કરશે." - આ પ્રમાણે સોળમા શ્લોકનો સામાન્યાર્થ છે. તેનો અર્થ સ્પષ્ટ કરતાં ટીકામાં ફરમાવ્યું છે કે, જો મુક્તિના સુખમાં રહેલું નિત્યત્વ, અનાદિત્વસ્વરૂપ હોય તો તે નય અમારો છે જ. કારણ કે સંસારની દશામાં કર્મથી આચ્છાદિત પણ સુખ દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ શાશ્વત આત્મસ્વભાવ રૂપ છે. આત્મા જેમ સર્વદા વિદ્યમાન છે, તેમ તેનું સુખ પણ સર્વદા વિદ્યમાન છે જ.

સર્વથા (અર્થાત્ પર્યાયાર્થિનયથી પણ) સુખમાં અનાદિત્વસ્વરૂપ નિત્યત્વ માની લેવામાં આવે તો તે નિત્ય ઉત્કૃષ્ટ સુખની અભિવ્યક્તિ સર્વદા થવાનો પ્રસંગ આવશે. યદ્યપિ તેના નિવારણ માટે એમ કહી શકાય છે કે નિત્યસુખના અભિવ્યંજક સર્વદા ન હોવાથી તે નિત્ય હોવા છતાં તેની

चैकान्ततोऽनादित्वाश्रयणे च **सर्वदा** संसारदशायामपि **तदुपस्थिति**र्मुक्तिसुखाभिव्यक्तिः स्यात्। अभिव्यञ्जकाभावेन तदा तदभिव्यक्तभावसमर्थने च घटादेरपि दण्डाद्यभिव्यङ्ग्यत्वस्य सुवचत्वे साङ्ख्यमतप्रवेशापातात् ॥१६॥

**(१७) वेदान्तिनस्त्वविद्यायां, निवृत्तायां विविक्तता ।**
**सेत्याहुः सापि नो तेषा-मसाध्यत्वादवस्थितेः ॥१७॥**

**वेदानन्तिनस्त्विति। वेदान्तिनस्तु अविद्यायां निवृत्तायां विविक्तता** केवलात्मावस्थानं **सा** मुक्तिरि**त्याहुः, सापि नो तेषां** युक्तेति शेषः। **अवस्थिते**र्विज्ञानसुखात्मकस्य ब्रह्मणः प्रागप्यवस्थानादसाध्यत्वात्। कण्ठगतचामीकरन्यायेन भ्रमादेव नात्र (नाऽ) प्रवृत्तिरिति तु भ्रान्तपर्षदि वक्तुं शोभत इति भावः ॥१७॥

---

અભિવ્યક્તિ સર્વદા થતી નથી. પંરતુ એમ કહેવાથી તો ઘટાદિને પણ સર્વથા નિત્ય માનીને દંડાદિ સ્વરૂપ અભિવ્યંજકના અભાવે તેની અભિવ્યક્તિ સર્વદા થતી નથી - આ પ્રમાણે પણ સારી રીતે કહી શકાય છે અને તેથી સાંખ્યમતમાં પ્રવેશનો પ્રસંગ આવશે. આથી સમજી શકાશે કે કથંચિદ્ અનાદિત્વ સ્વરૂપ નિત્યત્વ મુક્તિસુખમાં માનવું જોઈએ, જે અમારો-જૈનોનો માન્ય નય છે. ॥૩૧-૧૬॥

(૧૭) વેદાંતીઓના મતનું નિરાકરણ કરાય છે-

"અવિદ્યાની નિવૃત્તિ થયે છતે આત્માની સ્વ-સ્વરૂપમાં જે અવસ્થિતિ છે, તેને મુક્તિ તરીકે વેદાંતીઓ વર્ણવે છે. પરંતુ એ પણ યુક્ત નથી. કારણ કે અનાદિકાળથી આત્માની સ્વરૂપમાં અવસ્થિતિ હોવાથી મુક્તિમાં સાધ્યત્વ નથી." - આ પ્રમાણે સત્તરમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે વેદાંતીઓના મતે આત્માની બદ્ધાવસ્થા(સંસારદશા) અવિદ્યાના કારણે છે. એ અવિદ્યાની નિવૃત્તિ થયે છતે આત્મા અવિદ્યાથી વિવિક્ત થાય છે. આવી તેની કેવળ અવસ્થિતિને વેદાંતીઓ મુક્તિ કહે છે. પરંતુ તે યુક્ત નથી. કારણ કે વેદાંતીઓના મતે આત્મા અનાદિકાળથી શુદ્ધ જ છે. તેથી અવિદ્યાની નિવૃત્તિ પૂર્વે પણ આત્માનું કેવળ જ અવસ્થાન હોવાથી આત્માની મુક્તિ સિદ્ધ જ છે, જેથી મુક્તિમાં સાધ્યત્વ રહેતું નથી. બ્રહ્મસ્વરૂપ આત્માનો મોક્ષ અનાદિથી સિદ્ધ જ હોવાથી તેમાં સાધ્યત્વ(સિદ્ધિની ઇચ્છાનું વિષયત્વ-પુરુષાર્થત્વ) ન હોય એ સ્પષ્ટ છે.

યદ્યપિ ઉપર જણાવ્યા મુજબ બ્રહ્મનું કેવળ અવસ્થાન સિદ્ધ હોવા છતાં કંઠમાં રહેલા સુવર્ણના અલંકારને જેમ ભ્રમથી શોધવામાં આવે છે તેમ એ કંઠગત ચામીકરન્યાયથી આત્માને હું બંધાયેલો છું, અજ્ઞાની છું અને દુઃખી છું...ઇત્યાદિ ભ્રમ થાય છે. એની નિવૃત્તિ સ્વરૂપ અવસ્થાથી પ્રાપ્ત સ્વરૂપાવસ્થિતિ મુક્તિ છે અને તેથી તેમાં સાધ્યત્વ અનુપપન્ન નથી. એ ભ્રમથી જ મુમુક્ષુઓની સંન્યાસાદિમાં પ્રવૃત્તિ થાય છે...પરંતુ આ બધું ભ્રાંત પુરુષોની પર્ષદામાં કહેવાનું ઉચિત છે, વિદ્વાનોની પર્ષદામાં કહેવાનું ઉચિત નથી. ॥૩૧-૧૭॥

**( १८ ) कृत्स्नकर्मक्षयो मुक्ति-रित्येष तु विपश्चिताम् ।**
**स्याद्वादामृतपानस्यो-द्गारः स्फारनयाश्रयः ॥१८॥**

**कृत्स्नेति । कृत्स्नानां कर्मणां** ज्ञानावरणादीनां **क्षयो मुक्तिरित्येष तु विपश्चिता**मेकान्तपण्डितानां स्याद्वादामृतपानस्योद्गारः । **स्फारा** ये **नया**स्तत्तत्तन्त्र-प्रसिद्धार्थास्**तदाश्रयः** षड्दर्शनसमूहमयत्वस्य जैनदर्शने सम्मतत्वात् ॥१८॥

**( १९ )** नयानेवात्रा-भिव्यनक्ति-

**ऋजुसूत्रादिभिर्ज्ञान-सुखादिकपरम्परा ।**
**व्यङ्ग्यमावरणोच्छित्त्या, सङ्ग्रहेणेष्यते सुखम् ॥१९॥**

---

(૧૮) આ રીતે પરમતોનું નિરાકરણ કરીને હવે સ્વમતને જણાવાય છે-

સકળ કર્મોનો ક્ષય મુક્તિ છે - આ તો વિદ્વાનોનો તે તે સ્પષ્ટ નયોના આશ્રયે ઉત્પન્ન થયેલો, સ્યાદ્વાદરૂપ અમૃતના પાનનો ઉદ્ગાર છે. - આ પ્રમાણે અઢારમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જ્ઞાનાવરણીય....વગેરે સકળ કર્મોનો જે ક્ષય છે, તે મુક્તિ છે. આ તો એકાંતે પંડિત એવા પ્રાજ્ઞપુરુષોએ કરેલા સ્યાદ્વાદસ્વરૂપ અમૃતના પાનથી ઉત્પન્ન થયેલો ઉદ્ગાર છે, જે અત્યંત સ્પષ્ટપણે પ્રતીત થયેલા નયને આશ્રયીને ઉત્પન્ન થયેલો છે. કારણ કે ષડ્દર્શનસમૂહમયત્વ જૈનદર્શનમાં શાસ્ત્રસંમત છે....ઇત્યાદિ સ્પષ્ટ છે. ॥૩૧-૧૮॥

(૧૯) અહીં મોક્ષના વિષયમાં નયને જ જણાવાય છે-

"ઋજુસૂત્ર વગેરે નયો જ્ઞાન, સુખ વગેરેની પરંપરાને મુક્તિ માને છે અને આવરણનો ઉચ્છેદ થવાથી પ્રગટ થનારા સુખને મુક્તિ માને છે." - આ પ્રમાણે ઓગણીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. એના આશયને વર્ણવતાં ટીકામાં ફરમાવ્યું છે કે - ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત નય જ્ઞાન-સુખાદિની પરંપરાને મુક્તિ તરીકે વર્ણવે છે. શુદ્ધનયો ઉત્તરોત્તર વિશુદ્ધ પર્યાયમાત્રનો સ્વીકાર કરતાં હોવાથી જ્ઞાન-સુખાદિની પરંપરા સ્વરૂપ જ મુક્તિનો તે નયો સ્વીકાર કરે છે.

જ્ઞાનાદિ ક્ષણસ્વરૂપ છે : એ, જ્ઞાનાદિની ક્ષણિક સત્તાથી સિદ્ધ થાય છે. કારણ કે ક્ષણમાત્ર સત્તા, ક્ષણના અભેદ(તાદાત્મ્ય, સ્વરૂપ)ની વ્યાપ્ય છે. "જ્યાં જ્યાં ક્ષણિક સત્તા છે ત્યાં ત્યાં ક્ષણનો અભેદ છે. દા.ત. ક્ષણનું સ્વરૂપ." આ વ્યાપ્તિથી(નિયમથી) જ્ઞાનાદિ ક્ષણસ્વરૂપ સિદ્ધ થાય છે.

સંગ્રહનયની અપેક્ષાએ આવરણના વિચ્છેદથી અભિવ્યક્ત થનારા સુખને મુક્તિ કહેવાય છે. આ સુખસ્વરૂપ મુક્તિ જીવનો સ્વભાવ છે. એ સ્વભાવ ઇન્દ્રિયસહિત-શરીરાદિસ્વરૂપ અપેક્ષાકારણાત્મક આવરણથી આચ્છાદિત બને છે. આશય એ છે કે ઇન્દ્રિયાદિજન્ય જ્ઞાનની પ્રત્યે ઇન્દ્રિયસહિત શરીરાદિની અપેક્ષા છે. તેથી તે તેવા પ્રકારના જ્ઞાનની પ્રત્યે અપેક્ષા કારણ છે અને તે આત્માના સ્વભાવભૂત જ્ઞાનાદિની પ્રત્યે આવરણભૂત બને છે. અર્થાત્ તે શરીરાદિ આત્માના સ્વભાવભૂત જ્ઞાનાદિની પ્રત્યે પ્રતિબંધક છે. જેમ ઓરડામાં રહેલી ચીજોને પ્રકાશિત કરવાનો

**ऋजुसूत्रादिभिरिति । ऋजुसूत्रादि**भिर्नयै**र्ज्ञानसुखादिकपरम्परा** मुक्तिरिष्यते । शुद्धनयैस्तैरुत्तरोत्तरविशुद्धपर्यायमात्राभ्युपगमात् । ज्ञानादीनां क्षणरूपतायाः क्षणसत्तयापि सिद्धेः, तस्याः क्षणतादात्म्यनियतत्वात्, क्षणस्वरूपे तथादर्शनात् । **सङ्ग्रहेण** सङ्ग्रहनयेनावरणोच्छित्त्या व्यङ्ग्यं सुखं मुक्तिरिष्यते । तद्धि जीवस्य स्वभावः सेन्द्रियदेहाद्यपेक्षाकारणस्वरूपावरणेनाच्छाद्यते । प्रदीपस्यापवरकावस्थितपदार्थप्रकाशकत्वस्वभाव इव तदावारकशरावादिना । तदपगमे तु प्रदीपस्येव जीवस्यापि विशिष्टप्रकाशस्वभावोऽयत्नसिद्ध एवेति । शरीराभावे ज्ञानसुखाद्यभावोऽप्रेर्य एव, अन्यथा शरावाद्यभावे प्रदीपादेरभावप्रसङ्गात् । (शं) शरावादेः प्रदीपाद्यजनकत्वान्नोक्तप्रसङ्ग इति **चेन्न,** तथाभूतप्रदीपपरिणत्यजनकत्वे शरावादेस्तदनावरकत्वप्रसङ्गादिति ॥१९॥

**( २० ) क्षयः प्रयत्नसाध्यस्तु, व्यवहारेण कर्मणाम् ।**
**न चैवमपुमर्थत्वं, द्वेषयोनिप्रवृत्तितः ॥२०॥**

**क्षय इति । व्यवहारेण तु प्रयत्नसाध्यः कर्मणां क्षयो** मुक्तिरिष्यते, अन्वय-व्यतिरेकानुविधानेन तत्प्रवृत्तेः ज्ञानादीनां कर्मक्षये तदनुविधानात् । **न चैवं** कर्मक्षयस्य

---

પ્રદીપનો સ્વભાવ હોવા છતાં દીપક ઉપર કોડિયું ઢાંકી દેવામાં આવે તો તે તેવા પ્રકારના સ્વભાવનો પ્રતિબંધ કરે છે. દીપક ઉપરથી કોડિયું લઈ લઈએ તો પ્રદીપનો સ્વભાવ પ્રગટ થાય છે. તેમ જ ઇન્દ્રિયો અને શરીરાદિનો વિચ્છેદ થવાથી આત્માના જ્ઞાન, સુખ વગેરે ગુણો (સ્વભાવભૂત ગુણો) પ્રગટ થાય છે, જે પ્રયત્ન વિના જ સિદ્ધ છે.

યદ્યપિ આ રીતે તો શરીરાદિના અભાવમાં તો જ્ઞાનસુખાદિનો પણ અભાવ થશે. કારણ કે જ્ઞાનાદિની પ્રત્યે શરીરાદિ કારણ હોવાથી કારણના અભાવમાં કાર્યનો અભાવ થાય - એ સ્પષ્ટ છે. આવી શંકા કરી શકાય છે. પરંતુ તે બરાબર નથી. કારણ કે એવી શંકા કરવામાં આવે તો શરાવાદિ(કોડિયાદિ)ના અભાવમાં પ્રદીપાદિના અભાવનો પણ પ્રસંગ આવશે - એ પ્રમાણે પણ કહી શકાશે. ''શરાવાદિ પ્રદીપાદિનાં જનક ન હોવાથી શરાવાદિના અભાવે પ્રદીપાદિના અભાવનો પ્રસંગ નહીં આવે, પરંતુ શરીરાદિ તો જ્ઞાનાદિનાં જનક હોવાથી તેના અભાવમાં જ્ઞાનાદિના અભાવનો પ્રસંગ આવશે.'' - આ પ્રમાણે નહિ કહેવું જોઈએ. કારણ કે શરાવાદિને પણ તાદૃશ અવરુદ્ધ સ્વસ્વભાવવાળા પ્રદીપના પરિણામનાં જનક મનાય છે. અન્યથા શરાવાદિ તેવા પરિણામવાળા પ્રદીપાદિનાં જનક માનવામાં ન આવે તો શરાવાદિ પ્રદીપના પ્રકાશનાં આવારક બની શકશે નહીં....ઇત્યાદિ સ્પષ્ટ છે. ॥૩૧-૧૯॥

(૨૦) વ્યવહારનયથી મુક્તિનું સ્વરૂપ વર્ણવાય છે-

''પ્રયત્નથી સાધ્ય એવા કર્મક્ષયને વ્યવહારનય મુક્તિ માને છે. 'આથી મોક્ષમાં અપુરુષાર્થત્વ આવે છે.'...આ પ્રમાણે નહીં કહેવું. કારણ કે દ્વેષમૂલક અહીં પ્રવૃત્તિ થાય છે.'' - આ પ્રમાણે વીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે. વ્યવહારનયને આશ્રયીને પ્રયત્નથી સાધ્ય એવો જે કર્મોનો ક્ષય છે તેને મુક્તિ કહેવાય છે.

मुक्तित्वाभ्युपगमेऽ**पुमर्थत्वं, मुक्तेर्द्वेषयोनिप्रवृत्तितः** साक्षाद्दुःखहेतुनाशोपायेच्छाविषयत्वेन परमपुरुषार्थत्वाविरोधात् ॥२०॥

**( २१ ) दुःखद्वेषे हि तद्धेतून् , द्वेष्टि प्राणी नियोगतः ।**
**जायतेऽस्य प्रवृत्तिश्च, ततस्तन्नाशहेतुषु ॥२१॥**

**दुःखद्वेषे हीति । दुःखद्वेषे हि** सति **प्राणी तद्धेतून्** दुःखहेतून् **नियोगतो निश्चयतो द्वेष्टि । अस्य** दुःखहेतुद्विषश्च **ततस्तन्नाशहेतुषु** दुःखोपायनाशहेतुषु ज्ञानादिषु **प्रवृत्तिर्जायते** । दुःखद्वेष्य(षेऽ)स्य दुःखहेतुनाशोपायेच्छादुःखहेतुद्वेषयोस्तयोश्च दुःखहेतुनाशहेतुप्रवृत्तौ स्वभावतो हेतुत्वात् । अनुस्यूतैकोपयोगरूपत्वेऽपि क्रमानुवेधेन हेतुहेतुमद्भावाविरोधात् । क्रमिका-

---

સામાન્ય રીતે અન્વય અને વ્યતિરેકના નિયમને અનુસરીને વ્યવહારનયની પ્રવૃત્તિ છે. સત્ત્વને લઈને, જે નિયમ છે, તેને અન્વય કહેવાય છે, (જ્યાં ધૂમ છે ત્યાં અગ્નિ છે - આ અન્વય નિયમ છે.) અને વસ્તુના અસત્ત્વને લઈને જે નિયમ છે તેને વ્યતિરેક કહેવાય છે. (જ્યાં વહ્નિ નથી, ત્યાં ધૂમ નથી - આ વ્યતિરેક નિયમ છે.) આ અન્વય-વ્યતિરેકને આશ્રયીને વ્યવહારનયે જ્ઞાનાવરણીય કર્મોના ક્ષયના વિષયમાં અન્વય-વ્યતિરેકને અનુસરી જ્ઞાનાચારાદિની પ્રવૃત્તિ થાય છે. તેથી આ રીતે પ્રયત્નથી સાધ્ય એવાં કર્મોના ક્ષયને વ્યવહારનયની અપેક્ષાએ મુક્તિ કહેવાય છે.

યદ્યપિ આ રીતે કર્મક્ષયસ્વરૂપ મુક્તિ માનીએ તો તેમાં પ્રયત્નસાધ્યત્વ હોવા છતાં ઈચ્છાવિષયત્વસ્વરૂપ પુરુષાર્થત્વ નહીં રહે. (કારણ કે દુઃખધ્વંસની ઈચ્છા થાય પણ કર્મક્ષયની ઈચ્છા ન થાય) પરંતુ મુક્તિના વિષયમાં દ્વેષમૂલક પ્રવૃત્તિ થતી હોવાથી અર્થાત્ સાક્ષાત્ દુઃખનાશના ઉપાયભૂત કર્મનાશની ઈચ્છાનું વિષયત્વ કર્મનાશમાં હોવાથી મુક્તિમાં પરમપુરુષાર્થત્વનો કોઈ વિરોધ નથી...એ સમજી શકાય છે. ॥૩૧-૨૦॥

(૨૧) દુઃખનાશ માટે જ પ્રવૃત્તિ કરાય છે. કર્મનાશ માટે કોઈ પ્રવૃત્તિ ન કરે, તેથી કર્મધ્વંસસ્વરૂપ મોક્ષમાં કોઈ પ્રવૃત્તિ ન કરે તો તેમાં પુમર્થત્વની અનુપપત્તિ થશે : આ શંકાનું સમાધાન કરાય છે-

‘‘દુઃખની પ્રત્યે દ્વેષ આવે તો તે જીવ દુઃખના ઉપાયની પ્રત્યે અવશ્ય દ્વેષ કરવાનો છે. તેથી એવા જીવની દુઃખના નાશના હેતુઓને વિશે પ્રવૃત્તિ થાય છે.’’ - આ પ્રમાણે એકવીસમા શ્લોકનો અર્થ છે. એના આશયનું વર્ણન કરતાં ટીકામાં ફરમાવ્યું છે કે - દુઃખની પ્રત્યે દ્વેષ હોતે છતે પ્રાણી દુઃખના હેતુઓ ઉપર ચોક્કસ જ દ્વેષ કરે છે. આ દુઃખદ્વેષીની, દુઃખના ઉપાયભૂત કર્મના નાશના હેતુઓમાં અર્થાત્ જ્ઞાનાદિમાં પ્રવૃત્તિ થાય છે જ. કારણ કે દુઃખ પ્રત્યેનો દ્વેષ, દુઃખના હેતુઓના નાશના ઉપાયોની ઈચ્છા અને દુઃખના હેતુઓ પ્રત્યેનો દ્વેષ : એ બંન્નેની પ્રત્યે સ્વભાવથી જ કારણ છે અને એ બંન્ને સ્વભાવથી જ દુઃખહેતુના નાશના હેતુની પ્રવૃત્તિમાં કારણ છે. (જ્ઞાનાચારાદિની પ્રવૃત્તિમાં કારણ છે.) આથી સમજી શકાય એવું છે કે - દુઃખની પ્રત્યે દ્વેષ હોય એટલે દુઃખના હેતુઓ પ્રત્યે દ્વેષ થાય અને તેથી તેના નાશના ઉપાયની પણ ઈચ્છા થાય અને તેથી એ બંન્નેના કારણે દુઃખહેતુના નાશના ઉપાયભૂત જ્ઞાનાચારાદિમાં પ્રવૃત્તિ પણ થાય છે.

क्रमिकोभयस्वभावोपयोगस्य तत्र तत्र व्यवस्थापितत्वात् ॥२१॥

**(२२)** इत्थं चात्र दुःखं मा भूदित्युद्देशे दुःखहेतुनाशविषयकत्वं फलित-मित्येतदन्यत्राप्यतिदिशन्नाह–

**अन्यत्राप्यसुखं मा भू-न्माङोऽर्थेऽत्रान्वयः स्थितः ।**
**दुःखस्यैवं समाश्रित्य, स्वहेतुप्रतियोगिताम् ॥२२॥**

**अन्यत्रापीति । अन्यत्रापि** प्रायश्चित्तादिस्थलेऽपि **असुखं मा भूत् । अत्र माङोऽर्थे** ध्वंसे । **एव**मुक्तरीत्या **दुःखस्य स्वहेतुप्रतियोगितामाश्रित्यान्वयः स्थितः** । तत्पापजन्य-

---

યદ્યપિ દુઃખદ્વેષ અને દુઃખહેતુભૂતકર્મ પ્રત્યેનો દ્વેષઃ આ બંન્ને દીર્ઘ એક ઉપયોગથી સંબદ્ધ (પરસ્પર એકબીજામાં સંમિલિત) હોવાથી સમાનકાલીન બંન્નેમાં કાર્યકારણભાવ માનવાનું યોગ્ય નથી. પરંતુ તે દીર્ઘ એક ઉપયોગમાં ક્રમ પણ અનુવિદ્ધ હોવાથી એ બંનેનો પૂર્વાપરીભાવ પણ અનુભવાય છે. તેથી કાર્યકારણભાવની કોઈ અનુપપત્તિ નથી. આદિકાળથી દુઃખ પ્રત્યેનો દ્વેષ તો આત્મામાં પડેલો જ છે. પરંતુ જ્યારે દુઃખનું કયું કારણ છે, તેનું જ્ઞાન થાય એટલે દુઃખના કારણ પ્રત્યે દ્વેષ થતો હોય છે. તેથી દુઃખદ્વેષ દુઃખના હેતુના દ્વેષનું કારણ બને છે. આ પ્રમાણે એ બંન્નેમાં પૂર્વાપરીભાવ હોવાથી ક્રમિક અવસ્થાનો અનુભવ થતો હોય છે અને પાછળથી બંન્ને એકબીજાની સાથે મળી જવાથી સહભાવ-અક્રમિક અવસ્થાનો અનુભવ થાય છે. એક જ ઉપયોગમાં ક્રમિકાક્રમિકોભય એક સ્વભાવ પ્રતીત થતો હોવાથી તે પ્રમાણે માનવામાં કોઈ દોષ નથી....ઇત્યાદિ સ્યાદ્વાદકલ્પલતા ઇત્યાદિમાં જણાવ્યું છે, જે તેના અધ્યયનાદિથી જાણી લેવું જોઈએ. ॥૩૧-૨૧॥

(૨૨) ઉપર જણાવ્યા મુજબ એ નિશ્ચિત થયું કે - 'મને દુઃખ ન થાઓ' આવા પ્રકારનો જે ઉદ્દેશ છે, તેનો વિષય, દુઃખને ઉત્પન્ન કરનારાં કારણોનો નાશ છે. તેથી તેનો અન્યત્ર અતિદેશ જણાવાય છે-

''બીજે પ્રાયશ્ચિત્તાદિ સ્થળે પણ 'મને દુઃખ ન થાઓ' (असुखं मा भूद्) અહીં माङ् અવ્યયના અર્થ ધ્વંસમાં દુઃખનો અન્વય પોતાના હેતુમાં રહેલી પ્રતિયોગિતાને આશ્રયીને થાય છે.'' - આ પ્રમાણે બાવીસમાં શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે પાપનું પ્રાયશ્ચિત્ત વગેરે કરતી વખતે પ્રાયશ્ચિત્ત કરનારનો આશય એ છે કે 'મને દુઃખ ન થાય.' અહીં दुःखं मा भूद् અને असुखं मे मा भूद् ઇત્યાદિ વાક્યોમાં माङ् અવ્યયનો અર્થ ધ્વંસ છે. તેમાં દુઃખનો અન્વય(સંબંધ) છે. તે અન્વય 'પોતાના(સ્વ) હેતુ-નિષ્ઠ-પ્રતિયોગિતા-નિરૂપકત્વ' સંબંધથી સમજાય છે. પૂર્વે જણાવ્યા મુજબ મોક્ષ કર્મક્ષયસ્વરૂપ હોવાથી તેની પુમર્થતા જેમ દુઃખના હેતુના નાશના ઉપાયની ઇચ્છાના વિષયરૂપે છે તેમ અહીં પણ ધ્વંસમાં સાક્ષાત્ દુઃખનો સંબંધ નથી, પરંતુ દુઃખના હેતુને આશ્રયીને છે. આ અતિદેશ છે.

दुःखं मा भूद् અહીં [माङ्(मा)]નો અર્થધ્વંસ છે. એમાં દુઃખનો અન્વય 'स्वहेतुनिष्ठप्रति-योगितानिरूपकत्व' સંબંધથી છે. સ્વ-દુઃખ, તેનો હેતુ પાપ, તેમાં રહેલી પ્રતિયોગિતાનો નિરૂપક પાપધ્વંસ, તેમાં તાદૃશનિરૂપકત્વ છે. સ્વહેતુનિષ્ઠપ્રતિયોગિતાનિરૂપકત્વાત્મક સંબંધ ધ્વંસમાં છે. તેથી તે સંબંધથી સ્વ-દુઃખ ધ્વંસમાં છે. યદ્યપિ દુઃખનો અન્વય સ્વનિષ્ઠપ્રતિયોગિતાનિરૂપકત્વ

दुःखाप्रसिद्ध्या तद्ध्वंसस्यासाध्यत्वात् । अस्तु वा दुःखद्वेषस्यैवायमुल्लेखः । मुख्यप्रयोजनाविषयकेच्छाविषयत्वेन च मुख्यप्रयोजनत्वमविरुद्धमिति भावः ॥२२॥

**( २३ ) स्वतोऽपुमर्थताप्येव-मिति चेत् कर्मणामपि ।**
**शक्त्या चेन्मुख्यदुःखत्वं, स्याद्वादे किं नु बाध्यताम् ॥२३॥**

**स्वत इति । एवमपि स्वतोऽपुमर्थता** निरुपधिकेच्छाविषयत्वेन सुखदुःखहान्यन्यतरस्यैव स्वतः पुमर्थत्वादिति **चेत् कर्मणामपि शक्त्या चेन्मुख्यदुःखत्वं तदा स्याद्वादे किं नु बाध्यतां** ?

---

સંબંધથી ધ્વંસમાં થઈ શકે છે. સ્વનિષ્ઠપ્રતિયોગિતાના બદલે સ્વહેતુનિષ્ઠપ્રતિયોગિતાને આશ્રયને દુઃખનો અન્વય કરવાની આવશ્યકતા નથી. પરંતુ પાપના પ્રાયશ્ચિત્ત સ્થળે પાપ થયેલું છે અને દુઃખ તો ઉત્પન્ન થયેલું નથી. તેથી પ્રાયશ્ચિત્તથી અપ્રસિદ્ધ દુઃખનો ધ્વંસ શક્ય નથી. દુઃખના હેતુભૂત પાપનો ધ્વંસ શક્ય હોવાથી સાક્ષાત્ દુઃખનો અન્વય ન કરતાં તેના હેતુમાં રહેલી પ્રતિયોગિતાને આશ્રયીને ધ્વંસમાં દુઃખનો અન્વય કરવામાં આવે છે.

યદ્યપિ આ રીતે દુઃખનો અન્વય, સ્વહેતુનિષ્ઠપ્રતિયોગિતાનિરૂપકત્વ સંબંધથી કરવામાં આવે તો અન્વયિતાવચ્છેદક સંબંધ ગુરુભૂત બને છે, તેથી તે સંબંધથી અન્વય કરવાનું ઉચિત નથી પરંતુ તેથી अस्तु वा ઇત્યાદિ ગ્રંથથી કલ્પાંતરનું અનુસરણ કરાય છે. એનો આશય એ છે કે दुःखं मे मा भूद्...ઇત્યાદિ સ્થળે પ્રાયશ્ચિત્ત કરનારનો ઉદ્દેશ દુઃખદ્વેષનો હોવાથી તેનો જ ઉલ્લેખ છે. તેથી ઉપર જણાવ્યા મુજબ દુઃખનો અન્વય કરવામાં સંબંધનું ગૌરવ નહિ નડે. "દુઃખના કારણભૂત કર્મોના નાશ સ્વરૂપ મોક્ષને માનવાથી મોક્ષમાં મુખ્યપ્રયોજનત્વ નહિ મનાય. કારણ કે દુઃખનાશમાં જ પરમપ્રયોજનત્વ માનો. मा भूद् दुःखम्...ઇત્યાદિ સ્થળે દુઃખદ્વેષનો જ ઉલ્લેખ છે." - આ પ્રમાણે નહિ કહેવું જોઈએ. કારણ કે મુખ્યપ્રયોજન દુઃખ વિરહની ઇચ્છાનો વિષય, તેના સાધનભૂત સકળ કર્મનો ધ્વંસ છે. તેથી તે પણ મુખ્યપ્રયોજન છે...ઇત્યાદિ અધ્યાપક પાસેથી સમજી લેવું. ॥૩૧-૨૨॥

(૨૩) ઉપર જણાવ્યા મુજબ દુઃખધ્વંસના સાધન તરીકે કર્મક્ષયસ્વરૂપ મુક્તિમાં મુખ્યપ્રયોજનત્વ હોવા છતાં, તેમાં સ્વતઃ પુમર્થતાની અનુપપત્તિ થાય છે - આ શંકાનું સમાધાન કરાય છે -

કર્મક્ષયમાં ઉપર જણાવ્યા મુજબ મુખ્યપ્રયોજનત્વ સિદ્ધ થાય "તોપણ સ્વતઃ પુમર્થતા તેમાં નહિ આવે - આ પ્રમાણે કહેવામાં આવે તો સ્યાદ્વાદમતમાં, કર્મોમાં શક્તિસ્વરૂપે મુખ્ય દુઃખત્વ માની લેવામાં કોણ બાધક છે ? અર્થાત્ કોઈ નહિ." - આ પ્રમાણે ત્રેવીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. એનો આશય વર્ણવતાં ટીકામાં ફરમાવ્યું છે કે, આ પૂર્વે જણાવ્યા મુજબ દુઃખધ્વંસની ઇચ્છાનો વિષય કર્મક્ષયસ્વરૂપ મોક્ષ છે. તેથી મુખ્યપ્રયોજનવિષય (દુઃખવિરહવિષયક) ઇચ્છાનો વિષય કર્મક્ષય હોવાથી તેમાં મુખ્યપ્રયોજનત્વ મનાય તોપણ તેમાં સ્વતઃ પુમર્થતા નથી. કારણ કે ઉપાધિરહિત ઇચ્છાના વિષયમાં અર્થાત્ અન્યવિષયક ઇચ્છાને અનધીન ઇચ્છાના વિષયમાં પુમર્થતા સ્વતઃ મનાય છે. અન્યત્ર પરતઃ પુમર્થતા મનાય છે. સુખમાં અથવા દુઃખહાનિમાં જ સ્વતઃ પુમર્થતા મનાય છે. દુઃખવિરહની ઇચ્છાને આધીન એવી કર્મધ્વંસની ઇચ્છાનો વિષય કર્મક્ષય હોવાથી તેમાં સ્વતઃ પુમર્થતા(પુરુષની કામનાનું વિષયત્વ) નથી. આ પ્રમાણે શંકાકાર નૈયાયિકનું કહેવું છે. પરંતુ તે કથન

दुःखहेतोरपि कथंचिद् दुःत्वात्, दुःखक्षयत्वेन रूपेण कर्मक्षयस्य त्वन्नीत्यापि मुख्य-प्रयोजनत्वानपायाद् रूपान्तरेण तत्त्वस्य चाप्रयोजकत्वात् ॥२३॥

**( २४ ) स्वतः प्रवृत्तिसाम्राज्यं, किं चाखण्डसुखेच्छया ।**
**निराबाधं च वैराग्य-मसङ्गे तदुपक्षयात् ॥२४॥**

**स्वत इति । किं च** स्वतो निरुपधिकतया **प्रवृत्तिसाम्राज्यमखण्डसुखेच्छया**ऽखण्ड-सुखसंवलितत्वात् कर्मक्षयस्य । नन्वेवं सुखेच्छया वैराग्यव्याहतिरित्यत आह-**असङ्गे**ऽसङ्गानुष्ठाने **तदुपक्षयात्** सुखेच्छाया अपि विरमा**न्निराबाधं च वैराग्यं** ***''मोक्षे भवे च सर्वत्र निःस्पृहो मुनिसत्तमः''***( ) इति वचनात् । न चेदेवं सुखेच्छया वैराग्यस्येव दुःखद्वेषात् प्रशान्तत्वस्यापि व्याहतिरेवेति भावः ॥२४॥

---

યુક્ત નથી.

કારણ કે કર્મોમાં શક્તિસ્વરૂપે મુખ્યદુઃખત્વ જો માનીએ તો સ્યાદ્વાદમાં કોણ બાધક છે ? દુઃખના હેતુઓ પણ કથંચિદ્ દુઃખસ્વરૂપ છે. તેથી જ દુઃખક્ષયરૂપે કર્મક્ષયને તમારે ત્યાં (નૈયાયિકોને ત્યાં) પણ મુખ્યપ્રયોજન મનાય જ છે ને ? શક્તિરૂપે કર્મ દુઃખરૂપ હોવા છતાં વ્યક્તિસ્વરૂપે તો તે દુઃખસ્વરૂપ નથી. વ્યક્તિસ્વરૂપે જે દુઃખરૂપ છે, તેમાં જ મુખ્યપ્રયોજનત્વ મનાય છે. આ પ્રમાણે બીજી રીતે મુખ્યપ્રયોજનત્વ વર્ણવી શકાય એવું નથી. કારણ કે શક્તિ કે વ્યક્તિ સ્વરૂપે જે દુઃખસ્વરૂપ છે તેમાં (બંન્નેમાં) મુખ્યપ્રયોજનત્વ માનવામાં કોઈ દોષ નથી. ॥૩૧-૨૩॥

(૨૪) કર્મક્ષયસ્વરૂપ મોક્ષમાં સ્વતઃ પુમર્થતાનું નિરૂપણ પરમતથી કરીને હવે સ્વમતથી તેનું ઉપપાદન કરાય છે -

"તેમ જ અખંડ સુખની ઇચ્છાથી સ્વતઃ પ્રવૃત્તિ સંગત છે. અસંગાનુષ્ઠાનની પ્રાપ્તિ થયે છતે સુખની ઇચ્છાનો ક્ષય થવાથી વૈરાગ્ય નિરાબાધ જ હોય છે." - આ પ્રમાણે ચોવીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે ઉપાધિથી રહિત એવી અખંડ સુખની ઇચ્છાથી જ્ઞાનાચારાદિની પ્રવૃત્તિ સંગત છે. કર્મક્ષયસ્વરૂપ મોક્ષ, અખંડ સુખથી સંવલિત હોવાથી તાદૃશ અખંડ સુખથી સંવલિત કર્મક્ષય સ્વતઃ ઇચ્છાનો વિષય બને છે અને તેથી તેના સાધનભૂત જ્ઞાનાચારાદિમાં મુમુક્ષુઓની સારી રીતે પ્રવૃત્તિ થાય છે.

યદ્યપિ આ રીતે સુખની ઇચ્છાથી વૈરાગ્યની હાનિ થવાનો પ્રસંગ આવે છે. પરંતુ અસંગાનુષ્ઠાનની પ્રાપ્તિ થયે છતે, સુખની ઇચ્છા પણ વિરામ પામતી હોવાથી વૈરાગ્ય નિરાબાધ હોય છે. "મોક્ષ કે સંસારમાં શ્રેષ્ઠ મુનિભગવંતો નિસ્પૃહ હોય છે." - આ વચનથી અસંગાનુષ્ઠાનના કાળમાં વૈરાગ્યની કોઈ પણ રીતે હાનિ થથી નથી - એ સમજી શકાય છે. આ પ્રમાણે માનવામાં ન આવે તો સુખની ઇચ્છાથી જો વૈરાગ્યની હાનિ થતી હોય તો દુઃખના દ્વેષથી પ્રશાંત અવસ્થાની પણ હાનિ થાય છે - એમ માનવાનો પ્રસંગ આવશે. ॥૩૧-૨૪॥

**( २५ ) समानायव्ययत्वे च, वृथा मुक्तौ परिश्रमः ।**
**गुणहानेरनिष्टत्वा-त्ततः सुष्ठूच्यते ह्यदः ॥२५॥**

**समानेति । समानायव्ययत्वे च** सुखदुःखाभावाभ्यामभ्युपगम्यमाने **मुक्तौ वृथा परिश्रमः । गुणहानेरनिष्टत्वा**त्तदनुविद्धदुःखनाशोपायेऽनिष्टानुबन्धित्वज्ञानेन प्रेक्षावत्प्रवृत्तेरयोगात् । **ततो ह्यदः सुष्ठूच्य**ते ॥२५॥

**( २६ ) दुःखाभावोऽपि नावेद्यः, पुरुषार्थतयेष्यते ।**
**न हि मूर्छाद्यवस्थार्थं, प्रवृत्तो दृश्यते सुधीः ॥२६॥**

**दुःखाभावोऽपीति । दुःखाभावोऽपि न अवेद्यः** स्वसमानाधिकरणसमानकालीन-साक्षात्काराविषयः **पुरुषार्थतयेष्यते । न हि मूर्छाद्यवस्थार्थं सुधीः प्रवृत्तो दृश्यते** । अन्यथा तदर्थमपि प्रवृत्तिः स्यात् । अतो गुणहानेरनिष्टत्वेन दुःखाभावरूपायां मुक्तौ तदर्थप्रवृत्तिव्याघात

---

(૨૫) નૈયાયિકોની માન્યતા મુજબ મુક્તિમાં દુઃખની જેમ જ સુખાદિનો પણ ક્ષય થાય છે, એને અનુલક્ષીને જણાવાય છે-

“લાભ અને નુકસાન સમાન હોય તો મોક્ષ માટેનો પરિશ્રમ વ્યર્થ બનશે. કારણ કે ગુણનો નાશ કોઈને પણ ઈષ્ટ બનતો નથી. તેથી આ જે કહેવાય છે (છવ્વીસમા શ્લોકમાં જણાવ્યું છે તે) તે સારું છે.” - આ પ્રમાણે પચીસમા શ્લોકનો અર્થ છે. એનું તાત્પર્ય એ છે કે નૈયાયિકોની માન્યતા મુજબ મોક્ષમાં જેમ દુઃખ નથી તેમ સુખ પણ નથી. દુઃખનો નાશ કરીને મોક્ષની પ્રાપ્તિ થઈ તો સુખનો પણ નાશ થઈ ગયો. આ રીતે દુઃખનાશનો લાભ થયો તો સુખના નાશનું નુકસાન પણ થયું. સુખનો અભાવ અને દુઃખનો અભાવ : એ બંન્નેના કારણે આય અને વ્યયનું સામ્ય સ્વીકારવાથી મુક્તિને અનુલક્ષીને કરેલો પરિશ્રમ વ્યર્થ થશે. કારણ કે ગુણની હાનિ અનિષ્ટ છે. એ અનિષ્ટથી અનુવિદ્ધ એવા દુઃખનાશના ઉપાયમાં અનિષ્ટના અનુબંધિત્વનું જ્ઞાન થવાથી કોઈ પણ બુદ્ધિમાનની તેમાં (દુઃખનાશોપાયમાં) પ્રવૃત્તિ નહીં થાય. તેથી હવે પછી જે કહેવાય છે તે સારું કહેવાય છે. ॥૩૧-૨૫॥

(૨૬) પૂર્વે જણાવેલી વાતને સ્પષ્ટ કરાય છે -

“જેનો અનુભવ ન થાય એવો દુઃખાભાવ પણ પુરુષાર્થસ્વરૂપે ઈષ્ટ બનતો નથી. કારણ કે બેભાનાદિની અવસ્થા માટે પ્રયત્ન કરનાર કોઈ બુદ્ધિમાન દેખાતા નથી.” - આ પ્રમાણે છવ્વીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. તેનું તાત્પર્ય એ છે કે - દુઃખાભાવના અધિકરણમાં અને દુઃખાભાવના કાળમાં રહેનાર સાક્ષાત્કાર(અનુભવ)નો જે દુઃખાભાવ વિષય છે તે વેદ્ય દુઃખાભાવ છે અને તાદૃશ સાક્ષાત્કારનો જે વિષય બનતો નથી, તે દુઃખાભાવ અવેદ્ય છે. બેભાન અવસ્થામાં દુઃખાભાવ હોવા છતાં ત્યાં તેનો અનુભવ થતો ન હોવાથી તે અવેદ્ય છે.

નૈયાયિકોની માન્યતા મુજબ મુક્તાત્માઓમાં જ્ઞાનનો અભાવ હોવાથી તેમનો દુઃખાભાવ પણ અવેદ્ય છે. એવો દુઃખાભાવ પુરુષાર્થસ્વરૂપ (પુરુષની કામનાના વિષયસ્વરૂપ) માનતા નથી. કારણ કે મૂર્છાદિની અવસ્થાની પ્રાપ્તિ માટે કોઈ પણ બુદ્ધિમાન પ્રવર્તતા નથી. અવેદ્ય એવા પણ

एव दूषणमिति भावः ॥२६॥

**( २७ ) एतेनैतदपास्तं हि, पुमर्थत्वेऽप्रयोजकम् ।**
**तज्ज्ञानं दुःखनाशश्च, वर्तमानोऽनुभूयते ॥२७॥**

**एतेनेति । एतेन** गुणहानेरनिष्टत्वेन **हि** निश्चितं **एतदपास्तं** । यदुक्तं महानैयायिकेन **पुमर्थत्वे तज्ज्ञानं** पुमर्थज्ञान**मप्रयोजकं, दुःखनाशश्च वर्तमानोऽनुभूय**ते, विनश्यदवस्थेन योगिसाक्षात्कारेणेति ॥२७॥

**( २८ ) गुणहानेरनिष्टत्वं, वैराग्यान्नाथ वेद्यते ।**
**इच्छाद्वेषौ विना नैवं, प्रवृत्तिः सुखदुःखयोः ॥२८॥**

**गुणहाने**रिति । **अथ गुणहानेरनिष्टत्वं वैराग्यान्न वेद्य**ते कामान्धत्वादिव पारदार्ये बलवद्-

---

દુઃખાભાવને જો પુરુષાર્થરૂપે માનવામાં આવે તો મૂર્ચ્છાદિની અવસ્થાને પામવા માટે બુદ્ધિમાનની પ્રવૃત્તિ થવાનો પ્રસંગ આવશે. આથી સ્પષ્ટ છે કે ગુણહાનિ અનિષ્ટ હોવાથી દુઃખાભાવસ્વરૂપ મુક્તિને માનવામાં આવે તો તેના માટે કોઈની પણ પ્રવૃત્તિ નહિ થાય : એ જ નૈયાયિકોની માન્યતામાં દૂષણ છે...ઇત્યાદિ સ્પષ્ટ છે. ॥૩૧-૨૬॥

(૨૭) નૈયાયિકોની જ બીજી માન્યતામાં પણ નિરાકરણ થઈ ગયાનું જણાવાય છે-

"આથી ચોક્કસપણે આનું નિરાકરણ થાય છે કે - પુરુષાર્થત્વને વિશે પુમર્થનું જ્ઞાન પ્રયોજક નથી અને વર્તમાન દુઃખનાશ અનુભવાય છે."...આ પ્રમાણે સત્તાવીસમા શ્લોકનો સામાન્યાર્થ છે. એનો કહેવાનો આશય એ છે કે દુઃખાભાવસ્વરૂપ મોક્ષને માનવામાં આવે તો ઉપર જણાવ્યા મુજબ ગુણહાનિના પ્રસંગના કારણે તેમાં પુરુષાર્થત્વ નહિ આવે. તેના જવાબમાં મહાનૈયાયિક ગંગેશોપાધ્યાયે જણાવ્યું છે કે "દુઃખાભાવની પુરુષાર્થત્વ માટે તે પુરુષાર્થના જ્ઞાનની આવશ્યકતા નથી. વર્તમાન એવો દુઃખાભાવ, વિનાશ પામતા એવા યોગીસાક્ષાત્કારથી અનુભવનો વિષય બની જાય છે. તેથી દુઃખાભાવમાં પૂર્વે જણાવ્યા મુજબ સ્વસમાનાધિકરણ સ્વસમાનકાલીન સાક્ષાત્કારવિષયત્વ હોવાથી તેમાં પુરુષાર્થત્વ પણ રહે છે." - આ મહાનૈયાયિકનું કથન યુક્ત નથી. કારણ કે દુઃખાભાવની સાથે મોક્ષમાં સુખાભાવ પણ થવાથી પૂર્વે જણાવ્યા મુજબ ગુણહાનિ થાય છે અને તેથી અનિષ્ટના અનુબંધી એવા ઇષ્ટની પ્રાપ્તિ માટે કોઈ પ્રવૃત્તિ નહીં કરે...જે નૈયાયિકોની માન્યતામાં દૂષણ છે જ. ॥૩૧-૨૭॥

(૨૮) વૈરાગ્યના કારણે ગુણહાનિનું અનિષ્ટત્વ અનુભવાતું ન હોવાથી મોક્ષની સાધનામાં પ્રવૃત્તિની અનુપપત્તિ નહિ થાય - આવી નૈયાયિકની માન્યતાનું નિરાકરણ કરાય છે-

"વૈરાગ્યના કારણે ગુણહાનિનું અનિષ્ટત્વ અનુભવાતું ન હોવાથી મોક્ષની પ્રાપ્તિ માટે પ્રવૃત્તિ થઈ શકે છે. નૈયાયિકનું આ કથન યુક્ત નથી. કારણ કે સુખની ઇચ્છા અને દુઃખના દ્વેષ વિના પ્રવૃત્તિ શક્ય નથી." - આ પ્રમાણે અઠ્ઠાવીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ કરતાં ટીકામાં

दुःखानुबन्धित्वं, ततः प्रवृत्त्यव्याघात इति भावः । **एवं सति इच्छाद्वेषौ विना सुखदुःखयोः** प्राप्यनाश्ययोरिति शेषः । **प्रवृत्तिर्न** स्यात् । परवैराग्ये प्रवृत्तिकरणयोस्तयोर्निवृत्तेरपरवैराग्ये च गुणवैतृष्णस्यैवाभावाद् गुणहानेरनिष्टत्वाप्रतिसन्धानानुपपत्तेर्गुणहानेरनिष्टत्वे प्रतिसंहिते प्राक्तनप्रवृत्त्यनुपपत्तौ तत्संस्कारतोऽप्यसङ्गप्रवृत्तेर्दुर्वचत्वमिति न किञ्चिदेतत् ॥२८॥

**( २९ )** ननु श्रुतिबाधान्न मुक्तौ सुखसिद्धिरित्यत आह -

**अशरीरं वावसन्त-मित्यादिश्रुतितः पुनः ।**
**सिद्धो हन्त्युभयाभावो, नैकसत्तां यतः स्मृतम् ॥२९॥**

---

ફરમાવ્યું છે કે 'કામથી અંધ બનેલા પરસ્ત્રીનું સેવન કરતી વખતે જેમ બળવદ્ અનિષ્ટ(નરકાદિ)નું અનુબંધિત્વ જોતા નથી તેમ વૈરાગ્યના કારણે ગુણહાનિની અનિષ્ટતા અનુભવાતી નથી. તેથી પરસ્ત્રીના સેવનની જેમ જ મોક્ષની સાધનાની પ્રવૃત્તિમાં કોઈ જ વ્યાઘાત થતો નથી.' - આવી માન્યતા યુક્ત નથી.

કારણ કે ઈચ્છા અને દ્વેષ વિના પ્રાપ્ત કરવા યોગ્ય સુખમાં અને નાશ્ય દુઃખમાં પ્રવૃત્તિ શક્ય નથી. ઈચ્છાથી(સુખની ઈચ્છાથી) અને દ્વેષથી(દુઃખના દ્વેષથી) જ સુખની પ્રવૃત્તિ અને દુઃખનાશની પ્રવૃત્તિ થતી હોય છે. વૈરાગ્યની અવસ્થામાં પ્રવૃત્તિ જ શક્ય નથી. પર વૈરાગ્યની અવસ્થામાં પ્રવૃત્તિના કારણભૂત એવા સુખના રાગની અને દુઃખના દ્વેષની જ નિવૃત્તિ થઈ ગયેલી હોવાથી કારણના અભાવે કાર્યનો પણ અભાવ થાય છે. પરવૈરાગ્યના કાળમાં ગુણની તૃષ્ણાનો પણ અભાવ હોય છે. કર્મજન્ય હોવાથી તેના ક્ષયોપશમભાવની પણ અહીં ઈચ્છા હોતી નથી. અને અપર વૈરાગ્યમાં તો શબ્દાદિ વિષયોમાં તૃષ્ણા હોતી નથી. પરંતુ ગુણની તૃષ્ણાનો અભાવ ન હોવાથી (ગુણની તૃષ્ણા હોવાથી) ગુણની હાનિના અનિષ્ટત્વનું અપ્રતિસંધાન જ અનુપપન્ન છે અને તેથી ગુણહાનિમાં (આત્મવિશેષગુણો-જ્ઞાન, સુખાદિની હાનિમાં) અનિષ્ટત્વનું પ્રતિસંધાન થવાથી મોક્ષસાધક પ્રવૃત્તિ જ નહિ થાય. આથી સમજી શકાશે કે વૈરાગ્યના કાળમાં જ્યાં મોક્ષસાધક પ્રવૃત્તિ જ થઈ નથી, ત્યાં "પૂર્વસંસ્કારોથી (અનુવેધથી) અસંગાનુષ્ઠાનસ્વરૂપ પ્રવૃત્તિ થાય છે." - એ કહેવાનું શક્ય નથી....તેથી નૈયાયિકની વાતમાં તથ્ય નથી. ॥૩૧-૨૮॥

(૨૯) મોક્ષમાં સુખ માનવાથી શ્રુતિ-ઉપનિષદ્નો વિરોધ આવે છે તેથી મુક્તિમાં સુખ માનવામાં આવતું નથી, આવી નૈયાયિકની માન્યતાનું નિરાકરણ કરાય છે-

"अशरीरं वाव...ઈત્યાદિ શ્રુતિથી સિદ્ધ થયેલા ઉભયાભાવથી એકની સત્તાનો નિષેધ થતો નથી, જેથી કહેવાયું છે... (જે હવે પછી જણાવાશે)." - આ પ્રમાણે ઓગણત્રીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનો આશય એ છે કે 'अशरीरं वावसन्तं प्रियाप्रिये न स्पृशतः' અર્થાત્ 'હે મૈત્રેયી ! શરીરથી રહિત એવા મિથ્યાવાસનાથી શૂન્ય આત્માને પ્રિય અને અપ્રિય સ્પર્શતા નથી.'-આ શ્રુતિથી સુખદુઃખ ઉભયનો અભાવ સિદ્ધ થાય છે. એ ઉભયાભાવ એકની અર્થાત્ સુખની સત્તાને દૂર કરતો નથી. કારણ કે એકવત્માં પણ દ્વિત્વાવચ્છિન્નપ્રતિયોગિતાક અભાવની અર્થાત્ બેના અભાવની

**अशरीरमिति । अशरीरं वावसन्तमित्यादिश्रुतितो**ऽशरीरं वावसन्तं प्रियाप्रिये न स्पृशत इति श्रुतेः **पुनरुभयाभावः** सुखदुःखोभयाभावः **सिद्धः, एकसत्तां** सुखसत्तां **न हन्ति**। एकवत्यपि द्वित्वावच्छिन्नाभावप्रत्ययात् । अस्तु वा तत्राप्रियपदसन्निधानात् प्रियपदस्य वैषयिकसुखपरत्वमेवेत्यपि द्रष्टव्यं । **यतः स्मृतम्** ॥२९॥

**(३०) सुखमात्यन्तिकं यत्र, बुद्धिग्राह्यमतीन्द्रियम् ।**
**तं वै मोक्षं विजानीयाद् , दुःष्प्रापमकृतात्मभिः ॥३०॥**

**सुखमि**ति । स्पष्टः ॥३०॥

---

પ્રતીતિ થાય છે. ''प्रियाप्रिये न स्पृशतः અહીં ખરી રીતે પ્રિયનો અભાવ અને અપ્રિયનો અભાવ સિદ્ધ થાય છે. અર્થાત્ બે અભાવની સિદ્ધિમાં તાત્પર્ય છે. પ્રિય અને અપ્રિય : આ બંન્નેનો (ઉભયનો) એક અભાવ સિદ્ધ કરવાનું તાત્પર્ય નથી.''-આ પ્રમાણે કહેવામાં આવે તો, प्रियाप्रिये न स्पृशतः અહીં 'अप्रिय' પદના સાન્નિધ્યથી 'प्रिय' પદ વૈષયિકસુખપરક સમજવું. આથી સ્પષ્ટ છે કે તાદૃશ શરીર અને મિથ્યાવાસનાથી રહિત આત્માને પ્રિયાપ્રિય સ્પર્શતા ન હોવા છતાં આત્મિક સુખની હાનિનો પ્રસંગ નહિ આવે. કારણ કે હવે પછી જણાવાતી વાત સ્મૃતિમાં કહેલી છે. ॥૩૧-૨૯॥

સ્મૃતિમાં જણાવેલી વાત જણાવાય છે-

શ્લોકાર્થ સ્પષ્ટ છે. એનો આશય એ છે કે જ્યાં આત્યંતિક, અતીન્દ્રિય અને બુદ્ધિગ્રાહ્ય સુખ છે તેને મોક્ષ જાણવો, જે અકૃતાત્માઓ માટે દુષ્પ્રાપ્ય છે. જે લોકોએ શાસ્ત્રાનુસાર યોગની સાધના કરી નથી, એ બધા અકૃતાત્માઓ છે. વિષયજન્ય સુખ કાયમ માટે રહેનારું નથી, ઇન્દ્રિયજન્યપ્રત્યક્ષનો વિષય છે અને બુદ્ધિગ્રાહ્ય નથી, ઇન્દ્રિયગ્રાહ્ય છે. મોક્ષમાં એનાથી વિલક્ષણ એવું સુખ છે.

આથી સ્પષ્ટ છે કે નૈયાયિકોને માન્ય એવા વચનથી પણ મોક્ષમાં સુખ છે - એ સિદ્ધ છે. તેથી प्रियाप्रिये न स्पृशतः...ઇત્યાદિ સ્થળે વિષજન્યસુખપરક પ્રિય શબ્દ છે. મોક્ષમાં તાદૃશપ્રિયના અભાવની અને અપ્રિયના અભાવની સિદ્ધિ થાય છે...ઇત્યાદિ સમજી શકાય છે. ॥૩૧-૩૦॥

ઉપર જણાવેલી સ્મૃતિમાં 'સુખ' શબ્દ દુઃખાભાવમાં ઉપચરિત છે. તેથી મોક્ષમાં તાદૃશ વાસ્તવિક સુખની સિદ્ધિ થતી નથી...આ શંકાનું નિરાકરણ કરાય છે-

''અહીં દુઃખાભાવમાં 'સુખ' પદનો ઉપચાર કર્યો છે - આ પ્રમાણે નહિ કહેવું જોઈએ. કારણ કે અહીં મોક્ષમાં સુખને જણાવનારી नित्यं विज्ञानमानन्दं ब्रह्म....ઇત્યાદિ બીજી પણ શ્રુતિ પ્રમાણે છે.''-આ પ્રમાણે એકત્રીસમાં શ્લોકનો સામાન્ય અર્થ છે. એના આશયને સ્પષ્ટ કરતાં ટીકામાં ફરમાવ્યું છે કે, મોક્ષસુખનું પ્રતિપાદન કરનારી શ્રુતિમાં 'સુખ' પદનો દુઃખાભાવમાં ઉપચાર કરાતો નથી. અર્થાત્ દુઃખાભાવમાં 'સુખ' પદને અહીં લાક્ષણિક મનાતું નથી. મુખ્યાર્થ બાધિત હોય તો જ પદને લાક્ષણિક મનાય છે. અહીં 'સુખ' પદનો અર્થ મોક્ષમાં બાધિત ન હોવાથી તેને દુઃખાભાવમાં લાક્ષણિક મનાતું નથી.

''મોક્ષમાં સુખ માનવામાં આવે તો જન્યભાવભૂત પદાર્થનો નાશ થતો હોવાથી તેમાં

**( ३१ ) उपचारोऽत्र नाबाधात्, साक्षिणी चात्र दृश्यते ।**
**नित्यं विज्ञानमानन्दं, ब्रह्मेत्यप्यपरा श्रुतिः ॥३१॥**

**उपचार इति । अत्र** मुक्तिसुखप्रतिपादिकायामुक्तस्मृतौ **उपचारो न** दुःखाभावे सुखपदस्य लाक्षणिकत्वम् । **अबाधात्** तद्बाधाभावात्, जन्यस्याप्यभावस्येव भावस्यापि कस्यचिदनन्तत्वसम्भवात् । **अत्र** मुक्तिसुखे **'नित्यं विज्ञानमानन्दं ब्रह्मेति' अपरापि श्रुतिः साक्षिणी** वर्तते, तया नित्यज्ञानानन्दब्रह्माभेदबोधनादिति ॥३१॥

**( ३२ ) परमानं दलयतां, परमानं दयावताम् ।**
**परमानन्दपीनाः स्मः, परमानन्दचर्चया ॥३२॥**

**परमानमिति । परे**षामेकान्ताभिनिविष्टानां **मानं** कुहेतुं **दलयतां** स्याद्वादमुद्गरेण । किं भूतं ? **परः** प्रकृष्टो **मानो** दर्पो यस्मात्तत्तथा । **दयाव**तामनेकान्तप्रणयितया जगदुद्दिधीर्षावतां

---

અનંતત્વ માની શકાશે નહિ.'' - આ પ્રમાણે નહિ કહેવું જોઈએ. કારણ કે જન્ય એવા અભાવ(ધ્વંસ)ની જેમ કોઈ ભાવભૂત જન્ય પદાર્થ પણ અનંત સંભવી શકે છે. નૈયાયિકોની માન્યતા મુજબ જેમ જન્ય એવા ધ્વંસસ્વરૂપ અભાવનો નાશ થતો નથી, તેમ જૈનોની માન્યતા મુજબ જન્યભાવભૂત મોક્ષસુખનો પણ નાશ થતો નથી. એ મુજબ મોક્ષના સુખને જણાવનારી ''શુદ્ધાત્મા નિત્યવિજ્ઞાન અને આનંદ સ્વરૂપ છે.''....ઈત્યાદ્યર્થક नित्यं विज्ञानमानन्दं ब्रह्म-આ બીજી શ્રુતિ સાક્ષી(પ્રમાણ) છે. આ શ્રુતિ વડે નિત્યવિજ્ઞાન અને આનંદ તેમ જ બ્રહ્મ : એના અભેદનો બોધ કરાવાય છે...ઈત્યાદિ સમજી શકાય છે. ॥૩૧-૩૧॥

પ્રકરણાર્થનો ઉપસંહાર કરાય છે-

''નૈયાયિકાદિ પરવાદીઓના અત્યંત ગર્વને ઉત્પન્ન કરનારા કુહેતુઓનું (પ્રમાણાભાસનું) ખંડન કરનારા દયાવંત શ્વેતાંબર સાધુઓની પરમાનંદસ્વરૂપ મોક્ષની ચર્ચાથી અમે પરમાનંદથી પુષ્ટ બન્યા છીએ.'' - આ પ્રમાણે બત્રીસમા શ્લોકનો અર્થ છે. એનો કહેવાનો આશય એ છે કે એકાંતવાદના અભિનિવેશી એવા પરદર્શનીઓએ મોક્ષના વિષયમાં જે જે હેતુઓ(પ્રમાણ) જણાવ્યા, તે તે કુહેતુઓ(હેત્વાભાસો-દુષ્ટ હેતુઓ)નું સારી રીતે સ્યાદ્વાદસ્વરૂપ મુદ્ગરથી ખંડન કરનારા દયાવંત શ્વેતાંબર સાધુઓએ પરમાનંદ-મહોદયસ્વરૂપ મોક્ષની જે મીમાંસા કરી છે, તેનાથી અમે ઉત્કૃષ્ટ આનંદથી પુષ્ટ થયા છીએ.

અહીં એ સમજી લેવું જોઈએ કે, પરવાદીઓએ પોતાની માન્યતાને સિદ્ધ કરવા માટે જે અનુમાનોને પ્રમાણ તરીકે દર્શાવ્યાં છે, તે બધાં પ્રમાણાભાસ છે. કારણ કે તેમાં હેત્વાભાસોનો પ્રયોગ કરાયેલો છે. તેનું ખંડન કરવાનું કાર્ય શ્વેતાંબર સાધુભગવંતોએ કર્યું છે. ખંડન કરતી વખતે પણ એ મહાત્માઓનો દયાનો પરિણામ નાશ પામતો નથી. અનેકાંતવાદનો પ્રેમ હોવાથી જગતના જીવોને આ સંસારથી પાર ઉતારવાની ભાવનાને લઈને શ્વેતાંબર સાધુભગવંતોએ મોક્ષના સ્વરૂપ અંગે ખૂબ

सिताम्बरसाधूनां **परमानन्दच**र्चया महोदयमीमांसया **वयं परमे**णोत्कृष्टेना**नन्देन पीनाः** पुष्टाः **स्मः** ॥३२॥

**इति महोपाध्यायश्रीयशोविजयगणिकृता मुक्तिद्वात्रिंशिका ॥३१॥**

---

જ પ્રામાણિકપણે વિચારણા કરી છે. અન્યદર્શનીઓની વાતમાં જેટલો પણ સત્યાંશ જણાયો ત્યાં તેનું સમર્થન કરીને પોતાના હૈયાની નિર્મળતાનો પરિચય કરાવ્યો છે. શ્રીવીતરાગપરમાત્માના પરમતારક શાસનના પરમાર્થની પ્રાપ્તિ વિના એવી દયાને પામવાનું કોઈ પણ રીતે શક્ય નથી. પરસિદ્ધાંતનું ખંડન કરવું અને ત્યાં રહેલા સત્યાંશનું સમર્થન કરવું : એ ખૂબ જ કપરું કામ છે. પરંતુ જગતના જીવોની અજ્ઞાનદશાને દૂર કરવાની ઉત્કટ પવિત્ર ભાવનાથી શ્વેતાંબર સાધુઓએ એ કાર્ય ખૂબ જ સરળતાથી પરિપૂર્ણ કર્યું છે. તેઓશ્રીએ એ રીતે કરેલી મોક્ષની મીમાંસા અમારા પરમાનંદનું કારણ છે - એ પ્રમાણે ગ્રંથકારપરમર્ષિ ફરમાવે છે. પરમપદની ઉત્કૃટ ઇચ્છા પરમાનંદની ચર્ચાથી પરમાનંદનું કારણ બને : એ સમજી શકાય છે. અંતે ગ્રંથકારશ્રીની જણાવ્યા મુજબ શ્વેતાંબર સાધુમહાત્માઓ દ્વારા કરાયેલી મોક્ષના સ્વરૂપની મીમાંસાથી આપણે સૌ પરમાનંદના ભાજન બની રહીએ એ જ એક શુભાભિલાષા. ॥૩૧-૩૨॥

॥ इति श्रीद्वात्रिंशद्द्वात्रिंशिकायां मुक्तिद्वात्रिंशिका ॥

अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।
व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥

• • •

# ॥ प्राचीन-नवीन-मुक्तिवाद-सङ्क्षेपः ॥

( १ ) सालोक्यमथ सारूप्यं सार्ष्टिः सामीप्यमेव च ।
सायुज्यञ्चेति मुनयो मुक्तिं पञ्चविधां विदुः ॥

तत्र भगवता सममेकस्मिँल्लोके वैकुण्ठाख्येऽवस्थानं सालोक्यम् । सारूप्यञ्च भगवता सह समानरूपता, श्रीवत्स-वनमाला-लक्ष्मी-सरस्वती-युक्त-चतुर्भुज-शरीरावच्छिन्नत्वमिति यावत् । सालोक्येऽपि चतुर्भुजावच्छिन्नत्वमस्त्येव, वैकुण्ठ-वासिनां सर्वेषां चतुर्भुजत्वात्, परन्तु श्रीवत्सादि-रूपाशेषविशेषणविशिष्टत्वं न तत्रेति तदपेक्षया तस्याधिक्यम् । सार्ष्टिः भगवदैश्वर्यसमानैश्वर्यम्, कर्तुमकर्तुमन्यथा कर्तुं समर्थत्वात् । सामीप्यञ्च तथाभूतैश्वर्यादिविशेषणयुक्तत्वे सति भ गवतोऽतिसमीपे नियतमवस्थानम् । सायुज्यञ्च निर्वाणम् ।

( २ ) तच्च न्यायवैशिषिकादिमते आत्यन्तिकदुःखनिवृत्तिः । सालोक्यादिदशायां दुःखनिवृत्तिसत्त्वेऽपि नासावात्यन्तिकी, तस्याः क्षयितया तदनन्तरमन्त-तश्चरमदुःखस्यैवोत्पादादिति न तद्दशायामतिप्रसङ्गः । अतस्सालोक्यादेः स्वतः पुरुषार्थत्वाभावात् तदुत्तरं शरीरपरिग्रहेण बन्धसम्भवाच्च तेषां तुच्छतया निर्वाणमेवोद्देश्यम् । तत्त्वज्ञाने तान्त्रिकाणां प्रवृत्तेर्निर्वाणमेवापवर्गपदशक्यम्, अन्येषान्तु गौणमुक्तिपदप्रयोगविषयतेति ।

---

આ સંગ્રહમાં મુક્તિના સ્વરૂપનું એટલે કે લક્ષણનું સામાન્ય દિગ્દર્શન કરાવવામાં આવ્યું છે. સંગ્રહના કર્તા અજ્ઞાત છે. તેમાં સર્વપ્રથમ રામાનુજાચાર્યના મતે મુક્તિપદાર્થનું વર્ણન છે. વેદાંતનો આ સંપ્રદાય દ્વૈતવાદી છે. તેમના મતે મુક્તિ પાંચ પ્રકારની છે.

(૧) **સાલોક્ય મુક્તિ :–**વૈકુંઠ નામના લોકમાં ભગવાનની સાથે રહેવું.

(૨) **સારૂપ્ય મુક્તિ :–**ભગવાનની સાથે સમાનરૂપતા. ભગવાનના રૂપ જેવા રૂપની પ્રાપ્તિ. શ્રીવત્સ, વનમાલા, લક્ષ્મી અને સરસ્વતીથી યુક્ત ચારભુજાવાળું શરીર ભગવાનનું સ્વરૂપ છે. સારૂપ્ય મુક્તિમાં આ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. વૈકુંઠમાં ચારભુજા તો દરેકને હોય છે, સાલોક્ય મુક્તિમાં પણ ચારભુજાવાળું જ શરીર છે. છતાં શ્રીવત્સ વગેરે ભગવાનના તમામ વિશેષણ સાલોક્ય મુક્તિમાં નથી, સારૂપ્ય મુક્તિમાં છે. આ તેની વિશેષતા છે.

**अत्रात्यन्तिकत्वं स्वसमवायिसमवेतत्वकालिकविशेषणतोभयसम्बन्धेन दुःखप्रागभाववदन्यत्वम्, दुःखवदन्यत्वम् वा । *न* चैवमर्थसमाजग्रस्ततया नीलेतरघटत्वादिवत् मुक्तित्वं न कार्यतावच्छेदकमिति *वाच्यम्* । अर्थसमाज-ग्रस्तस्य हि कार्यतावच्छेदकत्वे प्रमाणाभाव एव बीजम्, प्रकृते च श्रुतिरूप-प्रमाणसत्त्वेनार्थसमाजग्रस्तस्यापि तस्य तत्त्वज्ञानजन्यतावच्छेदकत्वोपगमात् ।**

---

(૩) **સાર્ષ્ટિમુક્તિ :**—ભગવાનના ઐશ્વર્ય જેવા ઐશ્વર્યનો અનુભવ. નહીં બનેલાને બનાવવું, બનેલાનો નાશ કરવો. જે થયું છે તેને વિપરીત કરવું આ ઈશ્વરનું ઐશ્વર્ય છે.

(૪) **સામીપ્ય મુક્તિ :**—ઉપર કહ્યા તેવા ઐશ્વર્ય વગેરે વિશેષણોથી યુક્ત થઈ ભગવાનની અતિનિકટમાં નિયતરૂપે રહેવું.

(૫) **સાયુજ્ય મુક્તિ :**—નિર્વાણ. ન્યાયવૈશેષિક મતમાં જે આત્યંતિકી દુઃખનિવૃત્તિ છે તે સાયુજ્ય મુક્તિ કહેવાય.

સાલોક્ય વગેરે મુક્તિની દશામાં દુઃખનિવૃત્તિ છે પણ તે આત્યંતિકી નથી. કારણ કે આ દશાઓનો ક્ષય થાય છે.

**પ્રશ્ન :**—સાલોક્યાદિ દશા જો ક્ષય પામતી હોય તો આત્યંતિક દુઃખનિવૃત્તિ રૂપ નિર્વાણની અતિવ્યાપ્તિ થશે. બીજું ક્ષયી હોવાથી તે પુરુષાર્થ કેવી રીતે કહેવાશે ?

**જવાબ :**—ભોગકાળપૂર્ણ થયા પછી ફરી દુઃખ ઉત્પન્ન થાય છે. આ દુઃખ છેલ્લું હોય છે. ત્યાર પછી મુક્તિ થાય છે. આમ આત્યંતિકી દુઃખનિવૃત્તિને સાયુજ્ય મુક્તિ કહેવાથી સાલોક્યાદિ દશામાં અતિપ્રસંગ નથી. બીજું, સાયુજ્ય મુક્તિની અપેક્ષાએ સાલોક્યાદિ દશા તુચ્છ છે. સાલોક્યાદિ દશા અન્યેચ્છાનધીન ઈચ્છાનો વિષય નથી તેથી સ્વતઃ પુરુષાર્થ નથી. સાલોક્યાદિ દશા પૂર્ણ થયા પછી ફરી શરીર ધારણ કરવું પડે છે. તેથી ફરી કર્મબંધ થાય છે. માટે સાયુજ્ય મુક્તિરૂપ નિર્વાણ જ ઉદ્દેશ્ય છે.

**પ્રશ્ન :**—તો પછી સાલોક્યાદિ દશા મુક્તિ પદથી વાચ્ય શા માટે ગણાય છે ?

**જવાબ :**—શાસ્ત્રકારો તત્ત્વજ્ઞાનમાં જ પ્રવૃત્તિ કરે છે. તેથી તત્ત્વજ્ઞાનથી પ્રાપ્ત થતી સાયુજ્ય મુક્તિ જ અપવર્ગ પદનો શક્તિ દ્વારા પ્રાપ્ત થતો અર્થ છે. સાલોક્ય વગેરે મુક્તિ ભક્તિ વગેરે દ્વારા મળે છે તેમાં મુક્તિ પદનો પ્રયોગ ગૌણરૂપે જ થાય છે.

**પ્રશ્ન :**—આત્યંતિકી દુઃખનિવૃત્તિ નિર્વાણ છે. દુઃખનિવૃત્તિમાં આત્યંતિકત્વનો શું અર્થ છે ?

**જવાબ :**—સ્વસમવાયિસમવેતત્વ અને કાલિકવિશેષણતા આ ઉભય સંબંધથી દુઃખનો પ્રાગભાવ જ્યાં રહે છે, તેનાથી ભિન્ન નિવૃત્તિને આત્યંતિકી નિવૃત્તિ કહેવાય. દુઃખ આત્મામાં સમવાય સંબંધથી રહે છે. (સંબંધમાં સ્વપદથી દુઃખ અભિપ્રેત છે.) યત્કિંચિત્ દુઃખ નિવૃત્તિનું વારણ કરવા ઉભય સંબંધનો નિવેશ કરવામાં આવ્યો છે. અન્ય આત્માની દુઃખ નિવૃત્તિને ગ્રહણ કરી આવતી અતિવ્યાપ્તિનું વારણ કરવા સ્વસમવાયિસમવેતત્વ સંબંધનો નિવેશ છે. એક જ

**( ३ ) नवीनास्तु चरमदुःखध्वंस एव मोक्षः । चरमत्वञ्च लाघवात् तत्त्वज्ञान-नाश्यतावच्छेदकतया तादृशसम्बन्धेन दुःखवदन्यदुःखमात्रवृत्तिदुःखत्वव्याप्यो जातिविशेषः । *न च* गोवधादिजन्यतावच्छेदकतया जातिभिः सह साङ्कर्य-मिति *वाच्यम्* । तस्य तादृशजातीनां विरुद्धत्वात्, केवलस्यैव तज्जनक-त्वोपगमात् । तत्त्वज्ञानेनाहत्य चरमदुःखमुत्पाद्य तद्ध्वंसजननात्, तद्ध्वंसस्य चोत्कटेच्छाविषयतया तत्साधनत्वेन तत्प्रतियोगिनो दुःखस्यानुपादेयत्वात् । *न* चैवं दुःखपदवैयर्थ्यम् आत्यन्तिकनिवृत्तिरित्यस्यैव सम्यक्त्वादिति *वाच्यम्* । दुःखत्वव्याप्या जातिरिति परिचयाय तदुपादानात् । *एतेन* खड्गाभिघातादि-जन्यतावच्छेदकजातिभिः साङ्कर्यमपि *निरस्तम्* । तादृशजातेस्तत्तज्जाति-**

---

આત્મામાં વિભિન્ન કાળે મળતી આંશિક દુઃખનિવૃત્તિને ગ્રહણ કરી આવતી અતિવ્યાપ્તિનું વારણ કરવા કાલિક વિશેષણતા સંબંધનો નિવેશ છે.

ઉપરોક્ત ઉભય સંબંધથી દુઃખ જ્યાં રહે છે તેનાથી ભિન્ન દુઃખનિવૃત્તિને પણ આત્યંતિકી દુઃખનિવૃત્તિ કહી શકાય.

**પ્રશ્ન :—**આવી આત્યંતિકી દુઃખનિવૃત્તિ મુક્તિ હોય તો તન્નિષ્ઠ મુક્તિત્વ નીલેતરઘટત્વની જેમ અર્થસમાજગ્રસ્ત બને છે તેથી કાર્યતાવચ્છેદક નહીં બની શકે. (ગદાધરકૃત મુક્તિવાદમાં આ અંગે વિશેષ વિવરણ છે.)

**જવાબ :—**અર્થસમાજગ્રસ્ત ધર્મ કાર્યતાવચ્છેદક ન બની શકે આ નિયમનું બીજ 'પ્રમાણનો અભાવ' છે. નીલેતરઘટત્વાદિ સ્થળે તેને કાર્યતાવચ્છેદક માનવામાં કોઈ પ્રમાણ નથી માટે તે કાર્યતાવચ્છેદક બની શકે નહીં. પ્રકૃત સ્થળે 'दुःखेनात्यन्तं विमुक्तश्चरत्ति' ઇત્યાદિ શ્રુતિ રૂપ પ્રમાણ છે. તેથી અર્થસમાજગ્રસ્ત હોવા છતાં મુક્તિત્વ કાર્યતાવચ્છેદક મનાય છે.

(૩) નવ્ય નૈયાયિકો ચરમ દુઃખના ધ્વંસને જ મોક્ષ કહે છે. ચરમત્વ, દુઃખત્વની વ્યાપ્ય જાતિવિશેષ છે. ઉપર કહ્યા તે ઉભય સંબંધથી દુઃખના અધિકરણમાં રહેતા દુઃખથી ભિન્ન દુઃખમાત્રમાં રહેતી જાતિ છે. લાઘવથી તેને જ તત્ત્વજ્ઞાનની નાશ્યતાવચ્છેદક માનવામાં આવે છે.

**પ્રશ્ન :—**ગોવધાદિથી જન્ય દુરિતની જન્યતાવચ્છેદક જાતિ સાથે આ ચરમત્વ જાતિનું સાંકર્ય છે. (સાંકર્યનું વિવરણ ગદાધર કૃત મુક્તિવાદમાં છે)

**જવાબ :—**ચરમત્વજાતિ તાદશગોવધાદિજન્યતાવચ્છેદકજાતિ સાથે સમાનાધિકરણ નથી. કેવલ તત્ત્વજ્ઞાન જ ચરમદુઃખનું જનક છે. તત્ત્વજ્ઞાન ચરમદુઃખને ઉત્પન્ન કરીને તેનો ધ્વંસ પેદા કરે છે. છતાં દુઃખ એ ઇચ્છાના વિષયમાં ઉપાદેય નથી. મોક્ષના સાધન તરીકે દુઃખધ્વંસ જ ઉત્કટ ઇચ્છાનો વિષય બને છે. તેનું પ્રતિયોગી દુઃખ ઉપાદેય નથી.

**પ્રશ્ન :—**ચરમત્વની ઉપરોક્ત વ્યાખ્યા પ્રમાણે મુક્તિના લક્ષણમાં દુઃખ પદ વ્યર્થ સાબિત

**विरुद्धत्वोपगमात् । *न च* तत्त्वज्ञानस्यैव तादृशदुःखजनकत्वतन्नाशकत्वोपगमे तादृशदुःखस्य क्षणिकत्वापत्तिरिति *वाच्यम्* । प्रथमक्षणे तत्साक्षात्कारसामग्र्याः प्रतिबन्धेन द्वितीयक्षणे तन्नाशासम्भवात् । *न* चैवमेतादृशप्रतिबन्धकल्पने गौरवमिति *वाच्यम्* । काशीमरणादिरूपनानाविधोपायजन्यतायां भवन्मते तादृशदुःखवदन्यदुःखध्वंसत्वस्यावच्छेदकगौरवात्, तदपेक्षया विजातीयदुःखनाशम्प्रति प्रतियोगित्वलौकिकविषयत्वघटितसामानाधिकरण्यप्रत्यासत्त्या साक्षात्कारत्वेन एकप्रतिबन्धकताया न्याय्यत्वादि*त्याहुः* ।**

**(४) वेदान्तिनस्तु तत्त्वज्ञानादविद्यानिवृत्तौ विज्ञानसुखात्मकः केवलात्मा अपवर्गे वर्तते इति विवक्षितविवेकेन विद्यापनाश एव मोक्ष इति वदन्ति । तन्न ।**

---

થશે. કારણ કે તત્ત્વજ્ઞાન એકલા ચરમદુ:ખનું જ નાશક છે. ચરમત્વ દુ:ખ સિવાય અન્યત્ર પ્રસિદ્ધ નથી. તેથી ચરમનિવૃત્તિ અથવા આત્યંતિકનિવૃત્તિ આટલું જ મોક્ષનું લક્ષણ પર્યાપ્ત રહેશે.

**જવાબ :–**મોક્ષના લક્ષણમાં દુ:ખ પદની વ્યાવર્તક તરીકે જરૂર નથી છતાં ચરમત્વ દુ:ખત્વની વ્યાપ્ય જાતિ છે એવો પરિચય આપવા તેનું ઉપાદાન કર્યું છે.

તત્ત્વજ્ઞાનને કેવળ ચરમદુ:ખધ્વંસનું કારણ માનવાથી ખડ્ગાભિઘાત વગેરેની જન્યતાવચ્છેદક દુરિતત્વાદિ જાતિ સાથે તેનું સાંકર્ય પણ રહેતું નથી. કારણ કે ચરમત્વ જાતિ અને તાદૃશ દુરિતત્વ જાતિ સમાનાધિકરણ નથી.

**પ્રશ્ન :–**તત્ત્વજ્ઞાન જ ચરમદુ:ખનું જનક હોય અને તત્ત્વજ્ઞાન જ ચરમદુ:ખનું નાશક હોય તો ચરમદુ:ખને ક્ષણિક માનવાની આપત્તિ આવશે.

**જવાબ :–**તત્ત્વજ્ઞાન દ્વારા ચરમદુ:ખ ઉત્પન્ન થાય છે તે જ ક્ષણે તેના સાક્ષાત્કારની સામગ્રી પણ ઉપસ્થિત હોય છે. આ સામગ્રી દુ:ખનાશનો પ્રતિબંધ કરે છે તેથી બીજી જ ક્ષણે દુ:ખનાશ થતો નથી. આમ ચરમદુ:ખ ક્ષણિક નથી.

**પ્રશ્ન :–**આ રીતે સાક્ષાત્કારની સામગ્રીને પ્રતિબંધક માનવામાં ગૌરવ નથી ?

**જવાબ :–**તમારા (પ્રાચીનોના) મતે મોક્ષ તત્ત્વજ્ઞાન ઉપરાંત કાશીમરણ વગેરે અનેક ઉપાયથી જન્ય છે. આ તમામ દ્વારા થતા દુ:ખધ્વંસના સંગ્રહ માટે કાર્યતાવચ્છેદક તરીકે તાદૃશદુ:ખવદન્યદુ:ખધ્વંસત્વને અવચ્છેદક માનવું જરૂરી છે, આમ, અવચ્છેદક તરીકે ગુરુધર્મને માનવા કરતા વિજાતીય દુ:ખનાશ પ્રત્યે પ્રતિયોગિત્વ અને લૌકિકવિષયતા ઘટિત સામાનાધિકરણ્ય સંબંધથી સાક્ષાત્કારત્વેન એક પ્રતિબંધકતા માનવી યુક્તિ સંગત છે. આવું નવ્ય નૈયાયિકો કહે છે.

(૪) વેદાંતીઓ તો-તત્ત્વજ્ઞાનથી અવિદ્યાની નિવૃત્તિ થતાં મોક્ષમાં કેવળ વિજ્ઞાન અને સુખાત્મક આત્માનું અસ્તિત્વ હોય છે. આમ વિવક્ષિત વિવેક દ્વારા અવિદ્યાનો નાશ જ મોક્ષ છે–

अविद्या आत्मनि शरीराभेदावगाहिज्ञानं पदार्थान्तरम् वा ? उभयथापि सुखदुःखाभावतत्साधनेतरत्वेन तन्निवृत्तेरपुरुषार्थत्वात् उत्पन्नतत्त्वज्ञानिनः शुकादेः शरीरदुःखभोगदशायामपि अविद्यानाशसत्त्वान्मुक्तत्वप्रसङ्गाच्च ।

(५) त्रिदण्डिनस्तु आनन्दमयपरमात्मनि जीवात्मनो लयो मोक्षः । लयश्च लिङ्गशरीरापगमः । लिङ्गशरीरमेकादशेन्द्रियाणि पञ्चमहाभूतानि सूक्ष्ममात्रतया सम्भूयावस्थितानि जीवात्मनि सुखदुःखावच्छेदकानि । तथा च सुखदुःखावच्छेदकसूक्ष्मामात्रावच्छिन्नमिलितावस्थिततावदिन्द्रियसमुद्भूतप्रचयाधिष्ठानात्मकलिङ्गशरीरनाश एव मोक्ष इति पर्यवसित इत्याहुः । तन्न । तस्यापि स्वतोऽपुरुषार्थत्त्वात्तादृशलिङ्गशरीरे प्रमाणाभावाच्च ।

(६) *प्राभाकरास्तु* आत्यन्तिकदुःखप्रागभावो मुक्तिः । आत्यन्तिकत्वं च स्वसमानाधिकरणयावदधर्मनाशविशिष्टत्वम् तेन संसारितादशायां नातिप्रसङ्गः । *न च* प्रागभावस्यानादित्वेन सिद्धत्वादपुरुषार्थत्वम् । तस्य स्वतः कृत्य-

---

આવું કહે છે. તે યોગ્ય નથી. અવિદ્યા એટલે શું ? આત્મા અને શરીરના અભેદનું અવગાહન કરતું જ્ઞાન અવિદ્યા છે કે અન્ય પદાર્થ છે ? બંને રીતે તે તેની નિવૃત્તિ પુરુષાર્થ નથી. જે સુખનું સાધન હોય કે દુઃખાભાવનું સાધન હોય તે જ પુરુષાર્થ કહેવાય. અવિદ્યાની નિવૃત્તિ બંનેમાંથી એકનું પણ સાધન નથી માટે પુરુષાર્થ નથી. બીજું, જેમને તત્ત્વજ્ઞાન થઈ ગયું છે શુક વગેરે મહાત્માઓને શરીર અને તજ્જન્ય દુઃખો છે જ. આ દશામાં પણ તેમની અવિદ્યાનો તો નાશ થઈ ગયો છે તેથી તેમને મુક્ત માનવાની આપત્તિ આવશે.

(૫) ત્રિદંડીઓ આનંદમય પરમાત્મામાં જીવાત્માના લયને મોક્ષ કહે છે. લય એટલે લિંગશરીરનો નાશ. અગિયાર ઇંદ્રિયો (પાંચ જ્ઞાનેંદ્રિય, પાંચ કર્મેંદ્રિય, મન) અને પંચ મહાભૂત સૂક્ષ્મરૂપે એકસાથે રહે તે લિંગ શરીર છે. આ તત્ત્વો જીવાત્મામાં સુખદુઃખનો અનુભવ કરાવે છે. જીવના જે ભાગમાં લિંગ શરીર છે તે ભાગમાં સુખદુઃખ થાય છે. તેથી લિંગશરીર જીવાત્માના સુખદુઃખનું અવચ્છેદક બને છે. આમ, સુખદુઃખનાં અવચ્છેદક, સૂક્ષ્મ માત્રાથી અવચ્છિન્ન અને મિલિત થઈને રહેલી ઇન્દ્રિયોથી ઉત્પન્ન પ્રચયના અધિષ્ઠાન રૂપ લિંગશરીરનો નાશ જ મોક્ષ છે. આ મત પણ અયોગ્ય છે. કારણ કે લિંગ શરીરનો નાશ પણ સ્વતઃ પુરુષાર્થ નથી અને લિંગ શરીરના અસ્તિત્વમાં કોઈ પ્રમાણ નથી.

(૬) પ્રાભાકરો આત્યંતિક દુઃખ પ્રાગભાવને મુક્તિ કહે છે. દુઃખના અધિકરણમાં રહેતા તમામ અધર્મના નાશથી વિશિષ્ટ દુઃખના પ્રાગભાવને આત્યંતિક કહેવાય. સંસારી દશામાં દુઃખનો પ્રાગભાવ અધર્મ નાશથી વિશિષ્ટ હોતો નથી માટે તેમાં અતિપ્રસંગ નથી.

**પ્રશ્ન :—**પ્રાગભાવ તો અનાદિ છે તે પુરુષાર્થ કેવી રીતે બને ? જે સાધ્યત્વેન ઇચ્છાનો વિષય હોય તે પુરુષાર્થ કહેવાય. અનાદિ પદાર્થ અજન્ય હોવાથી સિદ્ધ જ છે. સાધ્ય નથી.

**नपेक्षितत्वेऽपि प्रतियोगिजनकाधर्मनाशमुखेन कृतिसाध्यत्वात् । तथा हि कृत्यधीनतत्त्वज्ञानादधर्मनाशे सति अग्रिमसमये दुःखप्रागभावस्वरूपमस्ति । कृत्या विनाऽधर्मेण दुःखजननान्न तत्प्रागभावस्वरूपमस्तीति मोक्षसाधारण-कृतिसाध्यत्वं प्रागभावेऽप्यक्षतम् । *न चैव*मावश्यकत्वाद्युगपदधर्मनाश एव मोक्षोऽस्तु युगपत्त्वं चैककालावच्छेदेनैकात्मवृत्तित्वं तेनेदीनान्तनाधर्मनाशे नातिप्रसङ्ग इति *वाच्यम्* । अधर्मध्वंसस्य स्वतः पुरुषार्थत्वविरोधात् इति व्याचक्षुः । तदपि *हेयम्* । प्रागभावस्य प्रतियोगिजनकत्वनियमेन मुक्तस्यापि दुःखोत्पादप्रसङ्गात् । प्रतियोग्यजनकत्वे प्रागभावे मानाभावात् तस्य**

---

**જવાબ :—**પ્રાગભાગ સ્વતઃ સાધ્ય નથી (જે કૃતિની અપેક્ષા રાખે તે સાધ્ય. કૃતિની અપેક્ષા ન હોય તે અસાધ્ય) છતાં પોતાના પ્રતિયોગી એવા દુઃખના કારણ અધર્મનો નાશ કરવા દ્વારા કૃતિસાધ્ય બને છે. આ રીતે તત્ત્વજ્ઞાન કૃતિને આધીન છે. તેનાથી અધર્મનો નાશ થાય છે. જે ક્ષણે અધર્મનો નાશ થાય છે તેની પછીની ક્ષણે દુઃખપ્રાગભાવ હોય છે. કૃતિ ન હોય તો તત્ત્વજ્ઞાન ન થાય. તત્ત્વજ્ઞાન વિના અધર્મનો નાશ ન થાય. અધર્મ તેની પછીની ક્ષણે દુઃખ ઉત્પન્ન કરે. તેથી દુઃખપ્રાગભાવ તે ક્ષણે મળે. માટે પ્રાગભાવ પણ કૃતિસાધ્ય છે. બીજી કૃતિઓની જેમ મોક્ષાનુકૂળ કૃતિનું સાધ્યત્વ પ્રાગભાવમાં પણ છે. તેથી પ્રાગભાવ પણ પુરુષાર્થ છે.

**પ્રશ્ન :—**પ્રાગભાવને પુરુષાર્થ માનવા માટે દુઃખના કારણ અધર્મનો નાશ માનવો આવશ્યક છે તો દુઃખ પ્રાગભાવને બદલે એક સાથે બધા જ અધર્મના નાશને મોક્ષ માની લો. સવાલ એ થશે કે—'યત્કિંચિત્ અધર્મનો નાશ તો સંસારી અવસ્થામાં પણ છે તેથી અતિપ્રસંગ થશે' તેનો જવાબ એ છે કે લક્ષણ ઘટક યુગપત્ પદનો અર્થ 'એકાકાલાવચ્છેદેન એક આત્મામાં રહેવું' આવો છે. સંસારી દશામાં થતો યત્કિંચિદ્ અધર્મનાશ એકકાલાવચ્છેદેન એક આત્મામાં રહેતા અધર્મનો નાશ નથી માટે અતિપ્રસંગ નથી.

**જવાબ :—**અધર્મનાશ આવશ્યક છે પણ સ્વતઃ પુરુષાર્થ નથી. તે દુઃખનાશની ઈચ્છાને આધીન છે. દુઃખ પ્રાગભાવ અન્ય ઈચ્છાને આધીન નથી તેથી સ્વતઃ પુરુષાર્થ છે.

આ પ્રાભાકરોનો મત છે. તે પણ હેય છે. કારણ કે પ્રાગભાવ પોતાના પ્રતિયોગી બનતા પદાર્થનું કારણ છે. 'જેનો પ્રાગભાવ છે તે પદાર્થને ઉત્પન્ન કરે છે' આવો નિયમ છે તેથી દુઃખનો પ્રાગભાવ મુક્તાત્મામાં દુઃખોત્પત્તિનું કારણ બનવાની આપત્તિ છે.

**પ્રશ્ન :—**અમે આ નિયમને માનતા નથી.

**જવાબ :—**પ્રાગભાવના અસ્તિત્વનું પ્રમાણ કેવળ તેના પ્રતિયોગીની ઉત્પત્તિ છે. પ્રાગભાવ જો પ્રતિયોગી જનક નહીં માનો તો પ્રાગભાવમાં જ કોઈ પ્રમાણ નહીં રહે.

**પ્રશ્ન :—**દુઃખપ્રાગભાવને પુરુષાર્થ નહીં માનો તો ભવિષ્યમાં દુઃખ ન આવે તે માટે પ્રાયશ્ચિત્તમાં કોઈ પ્રવૃત્તિ નહીં કરે.

प्रतियोगिमात्रप्रमाणकत्वात् । *न चैव*मपि प्रायश्चित्तेऽपि दुःखप्रागभावार्थितया प्रवृत्तिर्न स्यादिति *वाच्यम्* । इष्टत्वात् ।

(७) स्वातन्त्र्यं मृत्युर्वा मोक्ष इति चार्वाकाः ।

(८) आत्मोच्छेदो मोक्ष इति माध्यमिकाः ।

(९) धर्मिनिवृत्तौ निर्मलज्ञानोदयो महोदय इति विज्ञानवादिनः ।

(१०) आवरणमुक्तिर्मुक्तिरित्यार्हताः ।

(११) सर्वकर्तृत्वमेकं विहाय वासुदेवस्य सर्वज्ञत्वादीनां कल्याणगुणानां प्राप्तिमत्त्वे सति भगवद्याथात्म्यानुभवो मोक्ष इति रामानुजाः ।

(१२) जगत्कर्तृत्व-लक्ष्मीश्रीवत्सवर्जं विष्णोर्निरवधिकानन्दादिसदृशानन्दो मोक्ष इति माध्वाः ।

(१३) द्विभुजकृष्णेन सह स्वांशभूतानां जीवानां गोलोके लीलानुभव इति वल्लभीयाः ।

---

**જવાબ :–**દુઃખપ્રાગભાવ માટે પ્રાયશ્ચિત્તમાં કોઈ પ્રવૃત્તિ ન કરે તે ઈષ્ટ છે. પ્રાયશ્ચિત્તમાં દુઃખનાશ માટે પ્રવૃત્તિ થાય.

(૭) ચાર્વાકો સ્વતંત્રતા એટલે બંધનોના અભાવને મોક્ષ કહે છે. અથવા તો તેમના મતે મૃત્યુ જ મોક્ષ છે.

(૮) શૂન્યવાદી માધ્યમિકો નૈરાત્મ્યવાદી છે. તેઓ આત્માની ક્ષણસંતતિના ઉચ્છેદને જ મોક્ષ કહે છે.

(૯) વિજ્ઞાનવાદી બૌદ્ધોના મતે ધર્મિની નિવૃત્તિ થતા નિર્મળ જ્ઞાનનો ઉદય થાય છે તે જ મહોદય અર્થાત્ મોક્ષ છે.

(૧૦) કર્મના આવરણોથી મુક્તિ જૈનોના મતે મોક્ષ છે.

(૧૧) રામાનુજ સંપ્રદાયના અનુયાયીઓ ભગવાનની સદશતાના અનુભવને મોક્ષ કહે છે. મોક્ષ એટલે ભગવાન જેવા થવું. મોક્ષમાં સર્વકર્તૃત્વને છોડી ભગવાન વાસુદેવના બધા જ સર્વજ્ઞત્વ વગેરે કલ્યાણગુણો પ્રાપ્ત થાય છે.

(૧૨) માધ્વ વેદાંત પ્રમાણે ભગવાનના આનંદ જેવો નિરવધિ આનંદ મોક્ષ છે. મોક્ષમાં ભગવાન વિષ્ણુના જગત્કર્તૃત્વ, લક્ષ્મી, શ્રીવત્સ સિવાયના તમામ આનંદ હોય છે.

(૧૩) વાલ્લભ (વૈષ્ણવ) સંપ્રદાયની મોક્ષની વિભાવના આ પ્રમાણે છે. વિષ્ણુના અવતાર કૃષ્ણનું રૂપ બે ભુજાવાળું છે. (સકલ જીવો તેમનો જ અંશ છે. જીવકૃષ્ણનો અંશાંશિભાવ

(१४) चन्द्रचूडवपुषः सतः पार्वत्यालिङ्गनमिति कापालिकाः ।

(१५) पूर्णात्मतालाभ इति प्रत्यभिज्ञावादिनोऽभिनवगुप्तपादाः ।

(१६) पारदरसपानेन देहस्थैर्यं जीवन्मुक्तिरेव मोक्ष इति रसेश्वरवादिनो गोविन्द-भगवत्पादाचार्यादयः ।

(१७) पराख्यप्रथमवाणीदर्शनं मोक्ष इति वैयाकरणाः ।

(१८) प्रकृत्युपरमे पुरुषस्य स्वरूपेणावस्थानं मुक्तिरिति साङ्ख्याः ।

(१९) पुरुषस्य कैवल्येनावस्थानं कैवल्यमिति पातञ्जला इति ।

एतेषां मण्डनखण्डनप्रकारस्तु सुधीभिस्तत्तद्ग्रन्थेषु स्वयमूहनीयः ।

---

સંબંધ છે.) જે જીવો કૃષ્ણમય બને છે તે કૃષ્ણનો જ અંશ બની જાય છે. કૃષ્ણના અંશભૂત જીવોનો કૃષ્ણની સાથે ગોલોકમાં લીલાનો અનુભવ કરવો તે મોક્ષ છે.

(૧૪) શૈવમતના કાપાલિકોના મતે મોક્ષ એટલે ચંદ્રચૂડ = શંકરનું શરીર ધારણ કરી પાર્વતીનું આલિંગન અનુભવવું.

(૧૫) કાશ્મીર શૈવમતના પ્રત્યભિજ્ઞાવાદી અભિનવ ગુપ્ત કહે છે કે—પૂર્ણાત્મસ્વભાવની પ્રાપ્તિ મોક્ષ છે.

(૧૬) રસેશ્વરવાદી ગોવિંદભગવત્પાદ (જે ઔષધિશાસ્ત્રના જ્ઞાતા છે)ના મત મુજબ પારાનો રસ પીવાથી દેહ સ્થિર થાય છે. દેહની સ્થિરતા જ જીવંતમુક્તિ છે.

(૧૭) વૈયાકરણો ચાર પ્રકારની વાણી (પરા[૧] પશ્યંતી[૨] મધ્યમા[૩], વૈખરી[૪] )માં પહેલી પરા નામની વાણીનું દર્શન થવું એ જ મોક્ષ છે—એમ કહે છે.

(૧૮) સાંખ્યો કહે છે—પ્રકૃતિનો વિલય થતાં પુરુષ પોતાના સ્વરૂપમાં સ્થિર રહે તે મુક્તિ છે.

(૧૯) પાતંજલ યોગદર્શનવાદી કહે છે કે—પ્રકૃતિનો વિયોગ થતાં પુરુષ એકલો=પ્રકૃતિથી વિભક્ત રહે છે. પુરુષની આ કેવલતા જ મોક્ષ છે. તેને કૈવલ્ય સંજ્ઞા આપવામાં આવી છે.

આ તમામ મતોમાં ખંડનમંડન છે. તે વિદ્વાનોએ તે તે દર્શનોના ગ્રંથનું અવગાહન કરી સ્વયં વિચારી લેવું.

**આ પ્રમાણે પ્રાચીન નવીન મુક્તિપદના અર્થનો સંક્ષેપ સમાપ્ત થયો.**

• • •

## परिशिष्ट-१

### श्रीढुण्ढिराजशास्त्रीकृत 'चन्द्रिका' व्याख्या समेतः

# मुक्तिवादः

(१) प्रयोजनमुद्दिश्यैव पुमांसस्तदुपाये प्रवर्त्तन्ते, अतः शास्त्रस्य प्रयोजनं प्रथमतः प्रदर्शयन्ति शास्त्रकृतः ।

(२) तत्र स्वतःप्रयोजनं सुखं तद्भोगो दुःखाभावश्च । तत्त्वञ्चाऽन्येच्छानधीनेच्छाविषयत्वम्, न तु प्रयोजनान्तराजनकत्वे सति प्रयोजनत्वम्, सुखसाक्षात्काररूपभोगं प्रति विषयतया जनके सुखेऽव्याप्तेः । गौणप्रयोजनञ्चान्येच्छाधीनेच्छाविषयो भोजनादिः, तत्र सुखादिरूपफलानुसन्धानादेवेच्छोत्पत्तेः । दुःखासम्भिन्नसुखरूपतया स्वर्गस्येवाऽऽन्वीक्षिक्यादिशास्त्रफलस्याप्यपवर्गस्यात्यन्तिकदुःखनिवृत्तिरूपस्य स्वत एव प्रयोजनत्वम् ।

---

भूतिमानप्यभूतिर्यो भूतिं जगति तन्वति ।
तं वन्दे भवसंमोहहानयेऽखिलकारणम् ॥

नत्वा गुरुपदद्वन्द्वं नाथान्त्यबटुकाह्वयम् ।
क्रियते मुक्तिवादस्य विवृतिश्चन्द्रिकाभिधा ॥

(१) इह खलु शास्त्रकृतो मुनयोऽपि शास्त्रादावपवर्गं प्रायशः तत्प्रयोजनं दर्शनयन्ति तत् किमर्थमित्याशङ्कानिरासो **शास्त्रकृत** इत्यन्तेन ग्रन्थेनाविष्कृतः । **प्रयोजन**मिष्टम्, **उद्दिश्य**=तत्साधनत्वेन निर्णीय, **पुंमासः** कृतिसाध्यताज्ञानवन्तः समर्था इति यावत् । तेन स्त्रीणामपि सङ्ग्रहोऽन्यथा तासामपि तादृशप्रवृत्तिदर्शनात्तद्व्यावृत्त्या न्यूनता स्यात् । **शास्त्रकृतः**=गौतमादयः । शास्त्रप्रयोजनादर्शने प्रयोजनसाधनत्वाज्ञानेन परस्याप्रवृत्तौ परप्रतिपत्तिमात्रफलकशास्त्रकरणस्य निष्फलत्वापत्तेस्तथा चाधि-जिगांसूनां ग्रन्थापादनकप्रवृत्तिरेव प्रयोजनप्रदर्शनस्य फलमिति भावः । (प्र.) ननु तथापि नात्र प्रयोजनं प्रदर्शितं गदाधरेणेति न्यूनत्वमेवास्य ग्रन्थस्येति वाच्यम्, (उ.) एतद्ग्रन्थस्य भगवद्गौतमप्रणीत-शास्त्रपदार्थप्रतिपादकत्त्वात्तच्छास्त्रप्रयोजनमेवास्य प्रयोजनमिति ज्ञाप्यतेऽतो मुक्तिज्ञानद्वारा तत्प्रवर्तकस्य मुक्तिनिर्वचनस्याऽस्य ग्रन्थस्यापवर्गप्रयोजनत्वं स्फुटमेवेति न न्यूनतेति भावः ।

(२) अपवर्गे मुख्यप्रयोजनत्वं व्यवस्थापयितुं मुख्यं गौणञ्चप्रयोजनं लक्षयति-**तत्रेति । तत्र**=**तेषु** प्रयोजनेषु मध्ये **स्वतःप्रयोजनं**=स्वतः प्रयोजनपदार्थः । **सुखं तद्भोगो दुःखाभाव**श्चेति लक्ष्यनिर्देशः । **तद्भोगः** सुखसाक्षात्कारः । ननु सुखसाक्षात्कारः कथं मुख्यप्रयोजनम्, सुखं मे भवत्वितीच्छाया एव प्रवर्तकत्वात्, न तु सुखं जानीयामितीच्छायास्तथा च तस्य लक्ष्यत्वमसङ्गतमिति चेन्न, सुखेच्छाया इव तत्साक्षात्कारेच्छाया अपि अनुभवसाम्येन प्रवृत्तिजनकत्वात्, अन्यथा दुःखाभावस्यापि प्रवृत्त्यजन-कत्वापत्त्या स्वतःप्रयोजनत्वानुपपत्तिः, नित्यसुखसाक्षात्कारो मुक्तिरिति भट्टमतासङ्गतिश्च स्यात् । तस्य स्वतःप्रयोजनत्वाभावे तदुपाये योगाभ्यासादौ प्रवृत्त्यनुपपत्तेरति गदाधरभट्टाचार्याणामाशयः । **अन्येच्छानधीन** इति । स्वान्या स्वसमानाधिकरणा या इच्छा तदप्रयोज्याया इच्छायाः साध्यत्वेन या विषयता तदाश्रयत्वमित्यर्थः । स्वं=द्वितीयेच्छा ।

(३) मुक्तौ प्रमाणन्तु–दुःखत्वं देवदत्तदुःखत्वं वा स्वाश्रयाऽसमानकालीनध्वंसप्रतियोगिवृत्ति कार्यमात्रवृत्तित्वात् सन्ततित्वाद्वा एतत्प्रदीपत्ववत्। सन्ततित्वं च नानाकालीनकार्यमात्रवृत्तित्वम्। "**आत्मा ज्ञातव्यो न स पुनरावर्तत**" इति श्रुतिश्च प्रमाणम्। आवर्तते=शरीरीभवति इत्यर्थः।

---

अत्रायमनुगमप्रकारः। इच्छाविशिष्टेच्छाविषयत्वं स्वतःप्रयोजनत्वम्। वैशिष्ट्यञ्च स्वविशिष्टेच्छा-प्रयोज्यसम्बन्धावच्छिन्नस्वनिष्ठावच्छेदकताकभेदवत्त्वसम्बन्धेन। वैशिष्ट्यं स्वभिन्नत्वस्वसामानाधि-करणोभयसम्बन्धेन। स्वद्वयं प्रथमेच्छापरम्। ईश्वरेच्छाया ईश्वरेच्छाविशिष्टत्वेन तद्विषयत्वमादाय घटादावतिव्याप्तिचारणाय स्वभिन्नत्वनिवेशः। जीवेश्वरेच्छाभेदाङ्गीकारे तद्दोषतादवस्थ्यमतः सामानाधिकरण्येति। उभयसम्बन्धनिवेशे ईश्वरेच्छाया धर्तुमशक्यत्वान्न दोषः मम सुखं भूयादितीच्छाया आत्मादेर्विषयत्वमादाय तत्रातिव्याप्तिवारणाय साध्यत्वेन विषयत्वनिवेशश्चात्र द्रष्टव्यः। एतेन स्वत्वस्याननुगमान्न लक्षणासम्भवदोष इति। सुखस्यापि योग्यविभुविशेषगुणतया दुःखनाशं प्रति हेतुतया तत्राव्याप्तिवारणायान्तरेति। तदर्थश्च मुख्यप्रयोजनदुःखध्वंसभिन्नत्वम्। तथा च दुःखध्वंसभिन्नप्रयोजना-जनकत्वे सतीति लाभः। **प्रयोजनत्वमिति।** तच्च प्रवृत्त्युद्देश्यत्वं प्रवृत्तिजनकेच्छाविषयत्वमिति यावत्। दुःखाभावसाक्षात्कारादावतिव्याप्तिवारणाय तन्निवेशः। तत्प्रयोजनत्वस्य चाग्रे "दुःखं मे मा भूदित्युद्दिश्यैव प्रवर्तते न हि दुःखाभावं जानीयामि"त्यादिना मणिकारेण मुक्तिवादे खण्डितत्वात्। प्रवृत्त्युद्देश्ये घटादावतिव्याप्तिवारणाय सत्यन्तनिवेशः। **सुखेऽव्याप्तेरिति**। एतच्च स्वमतमादाय। प्राचीनमते सुखसाक्षात्कारस्याप्रयोजनत्वात्। एतच्च मुक्तिवादचिन्तामण्यादौ स्पष्टम्। **दुःखासम्भिन्नेति**। असंभिन्नम् असम्मिश्रम्। तत्त्वञ्च दुःखविशिष्टान्यत्वम्। वैशिष्ट्यञ्च स्वावच्छेदकीभूतशरीरावच्छिन्नत्त्वस्वाव्य-हितोत्तरत्वोभयसम्ब्धेन। अनन्तरजायमानदुःखाग्रस्तत्वम् इति यावत्। तथा चोक्तम्—

**यन्न दुःखेन सम्भिन्नं न च ग्रस्तमनन्तरम्।**
**अभिलाषोपनीतञ्च तत्सुखं स्वःपदास्पदम्॥** इति।

अभिलाषोपनीतत्वञ्च स्वप्रयोजककामनाप्रयोज्यत्वम्। अत्र दुःखासम्भिन्नत्वादिकं प्रत्येकं स्वर्गलक्षणम्, तेन नित्यसुखाभिव्यक्तिर्मुक्तिरिति मते नित्यसुखे नातिव्याप्तिरिति भावः।

(३) मुक्तौ मणिकारोक्तमनुमानं प्रमाणमाह–**दुःखत्वमित्यादिना**। दुःखत्वपक्षानुमाने निखिलप्राणिनां भोगनिवृत्त्या तज्जनकादृष्टनिवृत्त्या च दुःखध्वंसे दुःखत्वावच्छिन्नासामानाधिकरण्यं बोध्यम्। ननु सर्वः कालो भोगवानदृष्टवान् वा कालत्वादेतत्कालवदित्यनुमानेन सर्वदा भोगादृष्टादिसिद्धौ कथमुक्तासामानाधिकरण्यमित्यत आह–**देवदत्तदुःखत्वं वे**ति। एतेनाखिलजीवानां मोक्षसिद्धौ सर्वानुभवसिद्धभोगादृष्टादिप्रवाहस्यानन्तत्वभङ्गप्रसङ्गरूपं प्रथमपक्षे दूषणं निरस्तम्। अत्र स्वतादात्म्य-स्वविशिष्टध्वंसप्रतियोगिवृत्तित्वोभयसम्बन्धेन धर्मस्य साध्यतेति तात्पर्यम्। स्वपदं धर्मपरम्। ध्वंसे स्ववैशिष्ट्यञ्च स्वाश्रयसमानकालीनत्वसम्बन्धावच्छिन्नावच्छेदकताकभेदवत्त्वसम्बन्धेन। अन्यथा स्वत्वस्याननुगततया यदि स्वपदेन दुःखत्वं ध्रियते तदा एतत्प्रदीपत्वादेरपि दुःखत्वाश्रयसमान-कालीनध्वंसप्रतियोगिवृत्तित्वरूपसाध्यस्य सन्दिग्धतया दृष्टान्तत्वानुपपत्तिः। यदि चैतत्प्रदीपत्वं गृह्यते तदा सिद्धसाधनमर्थान्तरतापातश्चेति। प्राचामभिप्रेतमनुगतमखण्डोपाधिरूपं वा स्वत्वमप्रामाणिकतया दुर्वचमेव। पक्षतावच्छेदकहेतुतावच्छदेकसाधारणमिदं साध्यकोटिप्रविष्टमित्यपि न वाच्यम्

**( ४ ) न चा**पवर्गस्योक्तरूपस्य सुखविरोधितया न पुरुषार्थत्वसम्भवः, सुखाभावनियतत्वेऽपि दुःखाभावत्वेनात्यन्तिकत्वाविशेषितेन च तद्विशेषितेन च तत्तेच्छोत्पत्तौ बाधकाभावेन प्रयोजनत्वोपपतेः । **न च** सुखाभावनियतत्वेन द्वेषसम्भवात् तत्र नेच्छासम्भव इति **वाच्यम् ।** स्वतः प्रयोजनस्य द्वेषविषयत्वायोग्यत्वात् । **ननु** धर्मादिनाशकतत्त्वज्ञानद्वारा सुखनिवृत्तिसाधकत्वेन मोक्षोपाये योगाभ्यासादौ द्वेषसम्भवाद्विशेषदर्शिनां प्रवृत्त्यनुपपत्तिरिति **चेत् ।** सुखेषूत्कटरागवतां विषयिणां सुखाभावे उत्कटद्वेषोदयेन मोक्षोपाये न भवत्येव प्रवृत्तिः । तदुक्तं मणिकृता **''तस्मादविवेकिनः सुखमात्रलिप्सवो बहुतर-दुःखानुविद्धं सुखमुद्दिश्य ''शिरो मदीयं यदि याति यातु'' इति कृत्वा परदारादिषु प्रवर्तमाना**

---

पूर्वोक्तादृष्टान्ततादूषणस्य तादवस्थ्यात् । **कार्यमात्रवृत्तित्वादिति** । तच्च कार्येतरावृत्तित्वे सति कार्यवृत्तित्वम्, गुणत्वादौ व्यभिचारनिरासाय सत्यन्तं विशेषणम् । गगनत्वादौ व्यभिचारवारणाय च विशेष्यदलम् । ननु घटत्वादौ साध्यस्य सन्दिग्धतया व्यभिचारसन्देहेन व्याप्तिरेव कथं गृहीता स्यादित्यत आह-**सन्ततित्वाद्वेति** । सन्ततित्वं च जातिविशेषो तत्तद्वर्त्तिजन्यदीपसमुदायवृत्ति 'एष दीप' इत्यनुगत-प्रतीतिसाक्षिकः प्रसिद्ध एव । **नानेति** । स्वेतरत् स्वसमानाधिकरणं स्वोत्पत्तिक्षणोत्पत्तिकं च यत् तदवृत्तित्वे सति कार्यवृत्तित्वम् तदर्थः । कार्यपरगुणत्वादिकमादाय व्यभिचारवारणाय सन्त्यतम् । हेत्वसिद्धिं निराकर्तुं स्वेतरेति । अन्यदीयतत्कालोत्पन्नदुःखमादाय स्वरूपासिद्धिनिवारणाय स्वसमानाधिकरणेति । विभिन्नकालीनस्वसमानाधिकरणदुःखमादायोक्तदोषनिरासार्थं स्वोत्पत्तिक्षणेति । न चात्रानुमानेऽप्रयोजकत्वशङ्कापिशाची प्रसरति प्रधानकारणोच्छेदे सन्तत्याश्रयदीपादेरत्यन्तोच्छेददर्शनात्, प्रकृतेऽपि दुःखमूलस्यात्मनि शरीराद्यभेदवासनाया श्रवणादिभिरुच्छेदसम्भवेन तदुत्तरं दुःखसत्त्वे सन्ततित्वं यदि सन्तत्याश्रयासमानकालीनध्वंसप्रतियोगिवृत्तिवृत्तित्वव्यभिचारि स्यात् तदा चिरमूलोच्छेदकालीनवृत्तिवृत्ति स्यादिति प्रसङ्गस्यैव प्रयोजकत्वात् इति ध्येयम् । **आत्मेति** । लिङ्वत् तदर्थे विहितस्य तव्यप्रत्ययस्यापि स्वघटितवाक्योपस्थापितार्थवादबोध्यत्वरूपेष्टसाधनत्व-बोधकतानियमेनात्राऽपि अत्यन्तशरीरसम्बन्धाभावरूपेष्टसाधनज्ञानविषय आत्मेति तदर्थः । न स पुनरावर्तत इत्यादिनोक्तरूपेष्टसाधनत्वस्यैव बोधनात् । आवर्तत इत्यस्यार्थमाह-**शरीरीभवती**ति । न पुनर्देहेन्द्रियादिसम्बन्धादात्मनो भोग इत्यर्थः ।

(४) ननु गुरुजनसम्भाषणादौ यथा कामिनीसम्भोगजन्यसुखविरोधितया नेच्छा तथा सुखप्रतिबन्धिनि अपवर्गे नेच्छा स्यात् इत्याह-**न चेति** । उक्तरूपस्य दुःखध्वंसरूपस्य । **सुखविरोधितये**ति । सुखविरोधता च सुखावच्छेदककालावच्छिन्नतदधिकरणवृत्तित्वाभाव-रूपसुखाभावव्याप्यताबाधकाभावेन, कारणविरहासत्त्वेनेति तात्पर्यम् । समाधत्ते-**सुखाभावे**ति । साङ्ख्यमतेनाह-**तद्विशेषितेनेति** । तथा च साङ्ख्यसूत्रम् **''तदत्यन्तविमोक्षोऽपवर्गः''**। **प्रयोजनत्वोपपत्तेः**=प्रवर्तकेच्छाविषयत्वोपपत्तेः । **ननु** दुःखाभावत्वेनेच्छोत्पत्तावपि तत्र सुखाभावस्य नियततया द्वेषसम्भवान्नेच्छासम्भव इत्याशयेनाशङ्क्ते-**न चेति** । तत्र=दुःखध्वंसरूपमुक्तौ । द्वेषसामग्र्या इच्छां प्रति प्रतिबन्धकत्वादिति भावः । **द्वेषविषयत्वायोग्यत्वादिति** । स्वतःप्रयोजनस्य स्वतोद्विष्टप्रतियोगिकस्य स्वतोद्वेष्यत्वाभावात् भावाभावयोरेकधर्मकत्वासम्भवात् द्विष्टसाधनताज्ञानघटित-

**वरं वृन्दावने (रम्ये) शून्ये शृगालत्वं वृणोम्यहम् ।**
**न तु वैशेषिकीं मुक्तिं प्रार्थयामि कदाचन ॥**

**इत्यादि वदन्तो नात्राधिकारिणः ये च विवेकिनोऽस्मिन् संसारकान्तारे कियन्ति दुःखदुर्दिनानि कियती वा सुखखद्योतिका इति कुपितफणिफणामण्डलच्छायप्रतिममिदमिति मन्यमानाः सुखमपि हातुमिच्छन्ति तेऽत्राधिकारिणः''** इति । विवेकिनान्तु बहुतरदुःखानुविद्धतया सुखे नोत्कटराग इति तदभावेऽपि नोत्कटद्वेष इति बलवद्द्वेषविषयसाधनत्वस्यैव प्रवृत्तिविरोधितया मोक्षोपाये न प्रवृत्त्यनुपपत्तिः । स्वर्गेऽपि पातभयादिजन्यदुःखानुविद्धतया क्षयितया च न विवेकिनामुत्कटो रागः । रागद्वेषयोरुत्कटत्वं जातिविशेषः प्रवृत्तिनिवृत्तिभ्यां कल्पनीयः । तन्नियामिका च सामग्री तत्तज्ज्ञानव्यक्त्यादिघटिताऽननुगतैव, तुल्येऽपि बहुतरदुःखानुविद्धत्वादिज्ञाने सुखतदभावयोर्विषयिणामुत्कटरागोत्कटद्वेषोदयात् विवेकिनान्तदनुदयात् ।

---

सामान्यभावाच्च । नन्वपवर्गे मा भूद्द्वेषः किन्तु तत्साधकयोगाभ्यासादौ तु स्यादेव सुखसाधनधर्मनाशकतत्त्वज्ञानोत्पादनद्वारा सुखाभावरूपद्विष्टसम्पादकत्वात्, तथा चेच्छायां द्वेषसामग्र्याः प्रतिबन्धकत्वेन तत्रेच्छाऽसम्भवेन योगाभ्यासादौ प्रवृत्तिर्न स्यादित्याशयेनाशङ्कते-**नन्विति** । सुखेषूत्कटरागिणां तत्रेष्टापत्त्या परिहरति-**सुखेष्वित्यादि** । तेषां सुखाभावे द्वेषस्यावश्यम्भावेन मुक्त्युपाये योगाभ्यासादौ प्रवृत्तिप्रतिबन्ध एवेत्यर्थः । तत्रापसिद्धान्तत्वशङ्कां निराकर्तुं चिन्तामणिकारमतमाह-**तदुक्तमिति । तस्मादिति** । दुःखाभावदशायां सुखं नेति ज्ञानस्य दुःखाभावार्थिप्रवृत्तिप्रतिबन्धकत्वादित्यर्थः । अस्य **ते अत्राधिकारिण** इत्यत्रान्वयो बोध्यः । **बहुतरदुःखानुविद्धमि**ति । बहुतरदुःखजनकसामग्रीनियतसामग्रीसम्पाद्यत्वेन तत्संवलितमिति भावः । **शिर** इति।

**युष्मत्कृते खञ्जनमञ्जुलाक्षि । शिरो मदीयं यदि याति यातु ॥**
**नीतानि नाशं जनकात्मजार्थे । दशाननेनापि दशाननानि ॥** इति ॥

एतेन बहुतरदुःखानुविद्धत्वज्ञानमस्ति तत्रेति व्यञ्जितम् । **वैशेषिकीं**=वैशेषिकशास्त्रप्रसिद्धाम् । **वदन्त** इत्यनेन सुख एवोत्कटेच्छा प्रदर्शिता । स्यादेतत् सर्व एव शरीरिणो यदि सुखमेवेच्छन्ति तदेदृङ्मुक्तिनिरूपणं व्यर्थमापतितम् तद्विरोधिन्यपवर्गे कस्यापि कामनाऽनुदयेनाधिकारिणामेवाभावात् अत आह-**ये चेति** । **विवेकिनः**-सांसारिकसुखमोक्षयोः हेयत्वोपादेयत्वादिविवेचनसमर्थाः । **संसारकान्तारे**=संसार एव कान्तारं तस्मिन् स्त्रीपुत्रादिरूपदुर्गवर्त्मनि । दुर्गमत्वं चास्येष्टवियोगादिरूप कण्टकाद्यावृतत्वेन कामादिरूपदस्युमत्त्वेन च बोध्यम् । दुःखेषु दुःखेतरसाक्षात्काराद् व्यभिचारिकत्वमधिकतरत्वं च दुर्दिनसाम्यप्रयोजकम् सुखेषु इतरज्ञानानभिभावकत्वम् अल्पीयस्त्वं च खद्योतसाम्यनिर्वाहकं बोध्यम् । **खद्योतिका** इत्यनन्तरं ज्ञानेनेति पूरणीयम् । **तादृशज्ञानार्थकञ्चे**तिपदं **मन्यमाना** इत्यनेनान्वयनीयम् । **कुपितेत्यादि** । कुपितो यः फणी सर्पस्तस्य यत् फणामण्डलं तस्य छायया प्रतिमं तुल्यमित्यर्थः । कुपितपदेन यथा कश्चित् पान्थ इतस्ततो भूरिभ्रमणश्रान्तो दुःसहार्ककिरणसमूहसन्तापशान्तीच्छयोक्तविधच्छायामाश्रित्य दुःखातिशयाभिभूतो जायते तथैव संसारश्रितोऽपीति अवश्यम्भाविदशनजन्यदुःखभागित्वं व्यञ्जितम् । **अधिकारिण** इत्यन्तो मणिग्रन्थः । ननु विषयिणामिव विवेकिनामपि मोक्षोपाये प्रवृत्तिर्न जायेत सामग्रीसाम्येन फलोदयस्यानिवार्यत्वात्

**( ५ ) अथ दुःखाभावोऽपि नावेद्यः पुरुषार्थतयेष्यते ।**
**न हि मूर्छाद्यवस्थायां प्रवृत्तो दृश्यते सुधीः ॥**

इति न मुक्तिज्ञानं सम्भवतीति **चेन्न** । न हि दुःखाभावं जानीयामित्युद्दिश्य प्रवृत्तिः, किन्तु दुःखं मे माभूदित्युद्दिश्य स्वत एव बहुतरदुःखजर्जरकलेवरा दुःखाभावमुद्दिश्य मरणे प्रवर्तमाना दृश्यन्ते ।

**( ६ )** ***अथ*** दुःखनिवृत्तिः दुःखस्य ध्वंसरूपोऽभावः, न तु प्रागभावात्यन्ताभावौ नित्यत्वेनाऽसाध्यत्वात् ध्वंसस्य चाऽनन्तरोत्पन्नविशेषगुणादेव सम्भवेन न तत्त्वज्ञानाद्युपयोगः। **ननु** स्वसमानाधिकरणदुःखप्रागभावाऽसमानकालीनत्वरूपात्यन्तिकत्वाविशेषितदुःखध्वंसत्वरूपापवर्गत्वावच्छिन्नत्वस्य तत्त्वज्ञाननिरपेक्षकारणान्तरान्न निर्वाह इति **चेदे**वमपि न तादृशधर्मस्य तत्त्वज्ञानजन्यतावच्छेदकत्वसम्भवः । चरमदुःखध्वंसदशायां तद्वत्यात्मनि दुःखजनकाधर्मरूपकारणविरहेण दुःखानुत्पत्त्याऽर्थवशादेव तस्य स्वसमानाधिकरणदुःखाऽसमानकालीनत्वनिर्वाहात् । अर्थसमाजरूप-

---

इत्यतः सामग्रीं विभज्य विवेकिनान्तदभावं दर्शयति-**विवेकिनान्त्विति** । विवेकिनां दुःखबहुलतया सुखे नोत्कटराग इति तदभावेऽपि प्रवृत्तिप्रतिबन्धात् इति भावः । स्यादेतत्-ऐहिकं सुखं तावत् बहुतरदुःखानुविद्धतया विवेकिनां प्रवृत्त्यजनकमस्तु स्वर्गसुखस्य दुःखासम्भिन्नतया तत्रोत्कटेच्छा जायते एव इत्यत आह-**स्वर्गेऽपीति । क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्तीति** भगवदुक्तेः । **क्षयितयेति । 'दृष्टवदानुश्रविकः स ह्यविशुद्धिक्षयातिशययुक्त** इति कपिलोक्तेः । **प्रवृत्तिनिवृत्तिभ्यामिति** । कल्पना चात्रानुमानम् । तद्यथा रागनिष्ठप्रवृत्तिजनकत्वं किञ्चिदवच्छिन्नं जनकतात्वात्, घटजनकतावत् । न चेच्छात्वावच्छिन्नं तत्सम्भवति अनुत्कटेच्छायामिच्छात्वस्य तादृशजनकताव्यभिचारात् । तथा चेच्छात्वावच्छिन्नत्वस्य बाधनिश्चयात्तदवान्तरधर्मावच्छिन्नत्वसिद्धिः । स च धर्मो बाधकाभावाज्जातिरेवेति। **तन्नियामिकेति** । उत्कटरागद्वेषनियामिकेत्यर्थः । **तत्तज्ज्ञानव्यक्त्येति** । प्रतिबन्धकाभावरूपकारणस्य प्रतियोगिविधया बहुतरदुःखानुविद्धत्वादिज्ञानव्यक्त्येत्यर्थः । **अननुगतैवेति**। तथा च फलदर्शनादर्शनाभ्यां सामग्र्याः सत्त्वासत्त्वे कल्पनीये इति भावः । तादृशज्ञानाभावत्वेनाननुगतकारणताकल्पने बाधकमाह-**तुल्येऽपीति** । तथा च विवेकिनिष्ठबहुतरदुःखानुविद्धत्वपातभयादिजन्यदुःखानुविद्धत्वादिज्ञानव्यक्तेरेव सुखे उत्कटरागं तदभावे उत्कटद्वेषं च प्रति प्रतिबन्धकत्वं कल्पनीयम्, न तु विषयिनिष्ठतादृशज्ञानव्यक्तेरिति हृदयम् ।

(६) ननु अस्तु उक्तयुक्त्या मोक्षोपाये प्रवृत्तिः, किन्तु मोक्षो यदि क्लृप्तोपायसाध्यः स्यात्, भवेच्च यदि मुक्तित्वं जन्यतावच्छेदकं तदा तदुपाये योगाभ्यासादौ प्रवृत्तिरुपपद्यत इति आशयेनाशङ्कते-**अथेति** । अत्यन्तदुःखनिवृत्तिरूपमुक्तिपदार्थे दुःखनिवृत्तिशब्दार्थस्य कल्पत्रयेणासम्भवं दर्शयति-**ध्वंसरूपोऽभाव** इति । प्रागभावात्यन्ताभावयोः नित्यत्वेन प्रागभावाप्रतियोगित्वेनासाध्यत्वात् अजन्यत्वात् । तथा चाजन्यस्य प्रवृत्त्यनुद्देश्यत्वान्न तमुद्दिश्य योगाद्युपाये प्रवृत्तिरिति कल्पद्वयनिरासः । ध्वंसपक्षे तदव्यवहितोत्तरोत्पन्नविशेषगुणादेव दुःखध्वंससम्भवेन न तत्र तत्त्वज्ञानाद्युपायापेक्षेति भावः । कारणत्वकुक्षिप्रविष्टान्वयव्यतिरेकव्याप्तिघटितान्वयव्यतिरेकव्यभिचारासम्भवात् तत्त्वज्ञानस्यात्यन्तदुःखनिवृत्तिरूपापवर्गत्वावच्छिन्नं प्रति कारणत्वे को दोष इत्याशयेनाक्षिप्य समाधत्ते-**नन्विति** । स्वपदं दुःखध्वंसपरम् । प्रलयकालीनदुःखध्वंसानां पुरुषान्तरीयदुःखप्रागभावसमानकालीनतया तत्राव्याप्ति-

बाधकग्रस्तस्य कार्यतानवच्छेदकत्वात् । अन्यथा पुरुषान्तरीयदु:खासमानकालीनदु:खध्वंसत्वादेरपि किञ्चित्कारणकार्यतावच्छेदकत्वापातात् ।

**( ७ )** ***मैवम्*** । अर्थसमाजस्थले हि साधकाभाव एव कार्यतावच्छेदकत्वबाधकः उपदर्शितमुक्तित्वावच्छिन्नं प्रति तत्त्वज्ञानहेतुतायाः श्रुतिस्मृत्यादिसाक्षिकतया न बाधः । मा भूद्वा तादृशमुक्तित्वावच्छिन्नं प्रति कारणता तथापि तदवच्छिन्ने तत्त्वज्ञानस्य प्रयोजकत्वं दुर्वारमेव, तत्त्वज्ञानं विना पापप्रवाहविच्छेदस्यासम्भवेन दु:खानुवृत्तेरावश्यकतया दु:खध्वंसे दु:खसमानकालीनत्वानिर्वाहात् । येन विना यद्धर्मावच्छिन्नानिर्वाहस्तस्यैव तदवच्छिन्नप्रयोजकत्वात् । प्रयोजकत्वञ्च स्वरूपसम्बन्धविशेषः । इष्टप्रयोजकत्वाज्ञानमेवोपायेच्छाहेतुरिति मुमुक्षया तत्त्वज्ञानेच्छानिर्वाहः । **'दु:खेनात्यन्तं विमुक्तश्चरति' 'अशरीरं वाव सन्तं न प्रियाप्रिये स्पृशत'** इत्यादिश्रुतिवाक्यानि च तत्त्वज्ञानवतां दु:खात्यन्तविमुक्तिविबोधकानि विमुक्तिप्रयोजकत्वपराण्येवेति ।

**( ८ )** ***यत्तु*** दु:खानुत्पाद एव मोक्षः स च प्रागभावरूपतयाजन्योऽपि तत्त्वज्ञानादिसाध्यः, क्षेमसाधारणसाधनताज्ञानस्यैव च प्रवर्तकत्वम्, दु:खं मे मा भूदित्युद्दिश्य वैदिके प्रायश्चित्तादौ लौकिके

---

वारणाय-**स्वसमानाधिकरणेति** । इदानीन्तनदु:खध्वंसेऽतिव्याप्तिवारणार्थं **दु:खप्रागभावसमानकालीनेति** । **अर्थसमाजरूपे**ति । क्लृप्तसामग्रीसंवलनप्रयोज्यस्वघटकविशेषणविशिष्टक्लृप्तसामग्रीरूपार्थसमाजग्रस्ततया न तत्त्वज्ञानजन्यतावच्छेदकत्वमुक्तापवर्गत्वस्येति बाधकसत्त्वादेवोक्तकार्यकारणभावासम्भव इति तात्पर्यम् ।[1]

(७) सिद्धान्तमाह-**मैवमिति । न बाध इति** । स्वतन्त्रप्रमाणस्य श्रुतिस्मृतिरूपस्य शब्दस्य साधकत्वादिति भावः । साधकाभावरूपबाधकासत्त्वेऽपि निष्प्रयोजनत्वगौरवरूपबाधकद्वयमस्त्येवेत्याशङ्क्याह-**मा भूद्वेति । स्वरूसम्बन्धविशेष इति** । यथा दण्डाभावाद्घटाभाव इत्यादौ दण्डाभावाद्यन्वयी पञ्चम्यर्थः । तन्निष्ठान्यथासिद्धिभिन्नान्यथासिद्धिशून्यत्वे सति कार्याव्यवहितपूर्ववृत्तित्वमिति नव्याः । नन्वेवं तत्त्वज्ञानस्य मोक्षसाधनत्वप्रतिपादकश्रुतीनामप्रामाण्यप्रसङ्गः स्यादतस्तासामपि प्रयोजकत्वमेवेत्याशयेन समाधत्ते-**दु:खेनेत्या**दि । तृतीयार्थः प्रतियोगित्वम्। मुच्-धात्वर्थो नाशः । स्वसमानाधिकरणदु:खासमानकालीनार्थकात्यन्तपदं च क्रियाविशेषणम् । तथा च दु:खप्रतियोगिकात्यन्तनाशाश्रयश्चरति तिष्ठतीत्यर्थः । **अशरीरमिति** । वावेति सम्बोधनम् सन्तमात्मानम् । तथा च तत्त्वज्ञानादिना शरीररहितमात्मानं प्रियाप्रिये सुखदु:खे न स्पृशतः=न सम्बध्नीत इत्यर्थः । आचार्यास्तु वावसन्तमिति यङ्लुकि सिद्धम्, छान्दसत्वान्नकारागमश्च । तथा च शरीररहितं सत् अतिशयेन वसन्तं उत्तरावधिराहित्येन वसन्तमिति यावत् । तेन संसारिणोऽपि क्षणं शरीरराहित्येन स्थितिसम्भवेऽपि न क्षतिरित्याहुः । **प्रयोजकत्वपराण्येवेति** एतेन तत्त्वज्ञानकारणताबोधकवेदान्तिमतदूषणानामप्यसम्भवोऽत्र मते सूचितः ।

(८) दु:खध्वंस एव मुक्तिरिति प्रथमकल्परूपसिद्धान्तमतं दृढीकृत्य दु:खप्रागभाव एव मुक्तिरिति द्वितीयकल्पाक्षिप्तं प्राभाकरमतं निराकर्तुं तद्व्यवस्थापयति-**यत्त्विति** । साध्यः=निर्वाह्यः ।

---

१. अथेत्यादि दृश्यन्त इत्यन्तः पाठो मुद्रितपुस्तके नोपलभ्यते सरलश्चेति टीकायामुपेक्षितो वेदितव्यः ।

चाहिकण्टकापनयादौ प्रवृत्तिदर्शनात् । क्षेमरूपञ्च साधनत्वं लब्धपरिरक्षणं सिद्धस्योत्तरकालसत्त्व-निर्वाहकत्वम् प्रागभावस्याप्युत्तरोत्तरकालसम्बन्धः प्रतियोग्युत्पादविरोधिनिर्वाह्यः । दुःखोत्पादविरोधी च दुःखबीजीभूताधर्मनाशहेतुरात्मतत्त्वज्ञानमेवेति तत्साध्यत्वं दुःखप्रागभावस्येति प्राभाकाराणां मतम् ।

**( ९ ) *तदयुक्तम्*** । निर्विशेषितदुःखप्रागभावस्याप्युत्तरकालसम्बद्धस्य संसारदशासाधारणतया स्वसमानाधिकरणदुःखासमानकालीनदुःखध्वंसविशिष्ट एवासौ मोक्षरूपो वाच्यः । तादृशश्चाप्रसिद्धः मुक्तस्य दुःखानुत्पत्त्या मुक्तिदशायां तत्प्रागभावासत्त्वात् । अनागतस्यैव प्रागभावप्रतियोगित्वात् । दुःखं मे माभूदित्यादिकामना च उत्तरोत्तरकालसम्बन्धविशिष्टदुःखात्यन्ताभावविषयिण्येव, नित्यत्वेऽपि तस्य प्रागभाववत् साध्यत्वमक्षतमेव । दुःखप्रागभावाभावविशिष्टदुःखात्यन्ताभावो मोक्षः, सुषुप्त्यादिदशायां विशेषणाभावात् नातिप्रसङ्ग इति तु सुवचम् ।

---

